[illegible] ग्रन्थमाला [illegible]

ॐ

श्रीपञ्चप्रतिक्रमणसूत्रार्थः

सावचूरिकः

प्रकाशक:

श्री जैन श्रेयस्कर मंडळ,

म्हेसाणा.

૨૯

परोपकाराय सताम् विभूतयः

पञ्चप्रतिक्रमणानि-सूत्राणि

સંસ્કૃત અવચૂરિ, શબ્દાર્થ, ભાવાર્થ, ફુટનોટ,
હેતુ અને ઉપયોગી વિષયો સહિત.

સ્વધર્મી ભાઇઓ બ્હેનોને ભણવા નિમિત્ત

**શ્રી સુરતનિવાસી ઝવેરી નગીનચંદ કપુરચંદ
તરફથી ભેટ.**

રચી છપાવી પ્રસિદ્ધ કર્ત્તા
**શ્રી જૈન શ્રેયસ્કર મંડળ તરફથી
વેણીચંદ સુરચંદ શાહ—મ્હેસાણા**

વીર સંવત્ ૨૪૪૧. સને ૧૯૧૫. વિક્રમ સંવત્ ૧૯૭૧.

અમદાવાદ

શ્રી સત્યવિજય પ્રીન્ટીંગ પ્રેસમાં શા સાંકલચંદ હરિલાલે છાપ્યું.

કિંમત—પઠન પા. નુ.

આવૃત્તિ ૧ લી. પ્રત. ૨૦૦૦

अविहिकया वरमकयं, उस्सुअवयणं वयंति सव्वण्णू ।
पायच्छित्तं जम्हा, अकए गुरुअं कए लहुअं ॥ १ ॥

जहा विसं कुट्ठगयं, मंतमूलविसारया ।
विज्जा हणंति मंतेहिं, तो तं हवइ निव्विसं ॥ २ ॥
एवं अट्ठविहं कम्मं, रागदोससमज्जिअं ।
आलोअंता अ निंदंतो, खिप्पं हणइ सुसावओ ॥ ३ ॥

અર્થ—" અવિધિએ કરવા કરતાં નહિં કરવું એ શ્રેષ્ઠ," એ વચનને સર્વજ્ઞો ઉત્સૂત્ર વચન કહે છે, કારણકે નહિ કરનારને ગુરૂ પ્રાયશ્ચિત્ત અને અવિધિએ કરનારને લઘુ પ્રાયશ્ચિત્ત છે. ૧

મંત્ર મૂળના વિશારદ વૈદ્ય શરીરવ્યાપ્ત વિષને મંત્રોએ કરીને હણે છે, ત્યારે તે શરીર નિર્વિષ થાય છે. ૨

એજ પ્રમાણે ગુરૂની સમીપે પોતાના પાપ પ્રકાશતો વળી આત્મસાખે નિંદતો એવો ભલો શ્રાવક, રાગદ્વેષથી બાંધેલા એવા આઠે પ્રકારના કર્મને શીઘ્ર હણે છે. ૩

યદ્યપિ વિષાર્ત્ત પુરૂષ મણિ મંત્રાક્ષર ઓષધિના પ્રભાવ જાણતો નથી તોપણ તેનો પ્રભાવ અચિંત્ય છે તેથી તેનું વિષ ઉતરે છે, તેજ પ્રમાણે પ્રતિક્રમણ સૂત્રોના શબ્દોનો પણ અચિંત્ય મહિમા છે તેથી તેના અક્ષરના શ્રવણમાત્રથી પણ લાભ થાય છે.

પ્રસ્તાવના.

ઉગતી વયના પણ અધિકારી બાળકોને અને જ્ઞાન ક્રિયા ઉભયની રૂચી ધરાવનારા જીજ્ઞાસુઓને આચાર અને ક્રિયાકાંડના મૂળ સૂત્રો વિધિ, હેતુ અને અર્થના સ્ફુટ જ્ઞાન સાથેજ શીખવાય તો ધર્મક્રિયાનો મૂળ હેતુ જળવાઇ રહે અને તેના પ્રણેતાના ઉચ્ચ આશય, વિચારદ્રષ્ટિ અને સમાનભાવના અનુપમ ઉદ્દેશો સમજાય અને તેની સફળતા થાય.

ઘણેખરે ઠેકાણે પ્રાયઃ આ અમુલ્ય ક્રિયાઓ માત્ર ગતાનુગતિકપણે, શુષ્કભાવે અને માત્ર શુદ્ધાશુદ્ધ ઉચ્ચારમાં અમુક ટાઇમે ગગડાવી જઇ તે ક્રિયાની સાર્થકતા માનવામાં આવે છે અને તેના અતિ ઉચ્ચ ઉદ્દેશની સફળતા એટલામાંજ પૂર્ણ થયેલી મનાય છે. એ ખામીને અટકાવવાને ખાતર અને વિજાતિય ધર્મભાવનાથી સેળભેળ થઈ ગયેલા જનસમાજના ઉંડા હૃદયોમાં વધતી જતી નાસ્તિકતા અટકાવી તેને સ્થાને નિત્ય ક્રિયાના સૂત્રો અને તેનું તાત્વિક હાર્દ સમજાવી, તેનું વાસ્તવિક મૂલ્ય અને જરૂરીયાત દ્રઢાવવા માટે આ માર્ગે અમારા પ્રયત્નને જુદા જુદા રૂપમા આગળ વધારવાને અમો યત્નવાન થયા છીએ.

આ વિષયને લગતા અનેક આકારવાળા અને જમાનાને અનુકૂળ થઇ પડે તેવા અનેક ગ્રન્થો અમારા તરફથી બ્હાર પાડવામાં આવ્યા છે. તે સઘળાનો વધુ ને વધુ આદર થતો જાણી અમારા પ્રયત્નની સફળતામાં અમને સંતોષ થયો છે. પણ બિચારા માત્ર પાશ્ચિમાત્ય વાસના અને સંસ્કારમાંજ પોષાઇ વૃદ્ધિ પામેલા સેજાવાળા જૈનાભાસો આવા ક્રિયાકાંડના પુસ્તકો જાણી

અને તેના પ્રસિદ્ધ કરનારાઓ ભણી અનેક પ્રકારના અભિપ્રાયો બાંધી તેમને 'જુના વિચારના અને સુધારાથી વેગળા રહેલા' માનવા જેવી ભૂલ કરે છે, અમને તેમની દયા ઉપજે છે. જેઓ માત્ર પરભાષા કે જુદા જુદા ધર્મના ખંડ ખંડ ભાગને જેમ તેમ જાણીને પોતાને સુધારક પંક્તિમાં હોવાનો દાવો કરે છે તેવા અધુરાઓજ ખરી રીતે ખરી ધર્મભાવનાથી બેનસીબ રહે છે. જેના પ્રણેતા શ્રીમન્ **મહાવીરદેવ** મહાન્ સમર્થ અને સંપૂર્ણ જ્ઞાની નર હતા, તેમનાં કથેલાં આચાર અને ક્રિયા વગેરેના ફરમાનો ભલે સાધારણ બુદ્ધિના મગજને ઓછી કિમ્મતના લાગે, પણ વાસ્તવિક રીતે તેઓશ્રીના પ્રત્યેક શબ્દ, ઉપદેશ અને આદેશ પ્રાણીમાત્રના હિતને સાધવાને માટે સર્વાંશે અમોઘ છે, એ અમને તો નિર્વિવાદ સિદ્ધ થયું છે અને તેથીજ અમો આ બાબતની જરૂરીયાતને યથાશક્તિ પૂર્ણ કરવા અમારી ધારણામાં આગળ વધીએ છીએ. સંસ્કૃત ભાષાના શરૂઆતના અભ્યાસીઓને અને અન્ય જીજ્ઞાસુઓને પણ ઉપયોગી થઈ પડે તે માટે અમોએ વિદ્વાન્ અને શાસ્ત્રજ્ઞ મુનિ મહારાજાઓને વિનંતિ કરી પ્રતિક્રમણના મૂલ સૂત્રની અવચૂરિ પૂર્વાચાર્યકૃત અવચૂરિના આધારે તૈયાર કરાવી છે. અભ્યાસીઓને સરળતા ખાતર અમે મૂળ સુત્રના નીચે ગુજરાતી અર્થ અને ઉપર સંસ્કૃત છાયા (અવચૂરિ) ગોઠવી છે, જેથી પદેપદના અર્થનું સ્પષ્ટ ભાન થઈ શકે એમ છે. અવચૂરિને લીધે વિભક્તિની સ્પષ્ટ સમજ થવાથી શીખેલ અર્થ લાંબો વખત યાદ રહી શકે છે. શબ્દાર્થ જાણીને ભાવાર્થ જાણવાની આવશ્યક્તા હોવાથી ગાથા દીઠ અર્થ દાખલ કરેલ છે અને વિશેષ સમજને ખાતર ફુટનોટમાં અનેક ઉપ-

ચોગી બાબતો દાખલ કરેલ છે. એકંદરે આ પુસ્તક પ્રત્યેક જૈનશાળાઓ, જૈન કન્યાશાળાઓ અને જૈન હાઇસ્કુલોમાં પદ્ધતિપૂર્વક શીખવવાને બહુ ઉપયોગી થઇ પડે તેમ છે. માટે તેનો છુટથી સર્વ લાભ લઇ શકે તેવા હેતુથી યોગ્ય જીજ્ઞાસુઓને વિના મૂલ્યે કે અલ્પ મૂલ્યે આપવાના અમારા સાહિત્ય પ્રસિદ્ધિના ઉદ્દેશની સિદ્ધિ અર્થે અમોએ આ ગ્રન્થ અમારી ગ્રંથમાળાના ૨૯ મા મણુકા તરિકે બ્હાર પાડચો છે.

પ્રતિક્રમણુના સૂત્રોનો યથાર્થ અર્થ સમજવા સાથે તેનો હેતુ-રહસ્ય સમજવામાં આવે અને તે પ્રમાણે ક્રિયા કરવામાં આવે તો ઉત્તમ ભાવ ઉત્પન્ન થવાથી તદ્ધેતુ અથવા અમૃત ક્રિયા સાધ્યને પ્રાપ્ત કરી આપે, તે માટે અમો આરંભમાંજ હરેક ક્રિયાઓના હેતુ આપીએ છીએ; તે પ્રમાણે ભવ્યજીવો વર્તન રાખશે તો અમારો પ્રયાસ ઘણે અંશે સફળ થયેલો જણાશે.

આ ગ્રંથમાં બાળકોના મગજમાં ઉતરી શકે તેવી સરળ અને જમાનાને અનુસરતી ભાષામાં સમજીને મુખપાઠ કરી શકાય તેટલાજ સંક્ષિપ્ત અર્થ લખવામાં આવેલ છે.

આ ગ્રંથમાં શરૂઆતમાં દેવસિરાઇ પ્રતિક્રમણુના સૂત્રો સાર્થ અવચૂરી સાથે આપેલ છે. પછી સામાયિક લેવા પારવાનો વિધિ અને પ્રતિક્રમણુ વિધિ આપેલ છે. તે પછી પાક્ષિકાદિ પ્રતિક્રમણુના સૂત્રો અને નવ સ્મરણુ સાર્થ અવચરી સાથે આપેલ છે, તે પછી પચ્ચખ્ખાણુ, પખ્ખીખામણુા, ચૈત્યવંદનો, સ્તુતિઓ, સજ્ઝાયો, પોસહવિધિ, અને પ્રતિક્રમણુ વિધિ વગેરે આપેલ છે, ત્યારપછી પ્રતિક્રમણુને વિશેષ ઉપયોગી બાબતો જેવી કે ૧ મુદ્રા, ૨ સ્થાપના, ૩ મુહપત્તિ પ્રતિલેખના, ૪ સત્તર પ્રમાર્જના, ૫ વાંદણાંના ૨૫ આવશ્યક, ૬ વંદનથી

ઉપજતા છ ગુણ, ૭ ઇરિયાવહિના અઢાર લાખ ચોવીશ હજાર એકસો વીશ ભાંગા, ૮ પ્રતિક્રમણનો કાળ, ૯ પ્રતિક્રમણના આઠ પર્યાયો, ૧૦ આવશ્યકવડે આચાર વિશુદ્ધિ, ૧૧ પ્રતિક્રમણને વિષે ક્રિયા કર્મ અને કર્ત્તા, ૧૨ રાઇપ્રતિક્રમણ મંદ સ્વરે કરવું, ૧૩ પ્રતિક્રમણના સૂત્રોનું દરેક જણે મનન કરવુ, ૧૪ કાયોત્સર્ગની દૃષ્ટિ, ૧૫ પ્રતિક્રમણમાં દૃષ્ટિ કેમ રાખવી, ૧૬ પ્રતિક્રમણની ક્રિયા કેવા આસને કરવી, ૧૭ ચાર પ્રકારના અવગ્રહ, ૧૮ મુહપત્તિ વગેરેનું પ્રમાણ, ૧૯ પ્રતિક્રમણ કેવા અધ્યવસાયે કરવુ, ૨૦ તમસ્કાયની વૃષ્ટિ, ૨૧ છ નિમિત્ત, ૨૨"ચત્તારિ અઠ્ઠદસ દોય" એ ગાથાના ભિન્ન ભિન્ન અર્થો, ૨૩ ચાર પ્રકારના પાપકર્મો, ૨૪ છીંક સંબંધી વિચાર, ૨૫ ચરણસિત્તરિ, ૨૬ કરણસિત્તરિ, ૨૭ અઢાર હજાર શીલાંગ રથના ભેદની સમજ અને તેનું કોષ્ટક; એમ ૨૭ બાબતોનું સ્પુટ રીતે વર્ણન કરેલ છે.

તે પછી આવશ્યક સૂત્રમાંથી ઉદ્ધરીને મુનિમહારાજ શ્રીકર્પુરવિજયજીએ લખેલ આવશ્યકના સૂત્રો ન્યુનાધિક બોલવાથી કેવો અનર્થ થાય છે તેના (દ્રવ્ય આવશ્યકના) પ્રસિદ્ધ દૃષ્ટાંતો અને ભાવ આવશ્યકનું વર્ણન દાખલ કરેલ છે. તે ઉપર ખાસ ધ્યાન દેવા જરૂર છે.

આશા છે કે ભવ્ય સત્ત્વો આ ગ્રંથનો યથાવિધિ લાભ લઇ યોજકનો પ્રયાસ સફળ કરશે.

આ ગ્રંથની સામાયિક સૂત્ર પર્યંતની સંસ્કૃત અવચૂરિ એક વિદ્વાન્ મુનિવર્યે લખી આપેલ છે. સંપૂર્ણ અવચૂરી પન્યાસજી શ્રીમદ્ આનન્દસાગરજીએ તપાસીને સુધારી આપી છે, મુનિમહારાજ શ્રીમન્ કર્પૂરવિજયજીએ આવશ્યકના દ્રષ્ટાંતો લખી

આપ્યા છે અને શેઠ કુંવરજી આણંદજીએ પ્રુફશીટ જોવામાં સહાય આપી છે તથા અન્ય જે   વર્યે અને શ્રાદ્ધવર્યોએ પ્રેસકોપી અને પ્રુફ તપાસવામાં સહાય આપી છે; તે સર્વ સાહેબોનો અંતઃકરણથી આભાર માનવામાં આવે છે.

આ ગ્રંથમાં જે ફુટ નોટ લખવામાં આવેલ છે તે ઘણીખરી વૃંદારૂવૃત્તિ, સપ્તસ્મરણ ટીકા, અજિતશાંતિ મોટી ટીકા અને મન્હજિણાણ ટીકા આદિના આધારે લખેલ છે, માટે વિશેષાર્થીઓએ તે ગ્રંથો જોવા.

આ ગ્રંથમાં જે જે ઉત્તમ યોજના થઇ છે તે તે ઉપરોક્ત સહાયક મહાત્માઓને આભારી છે. અને જે જે ભૂલો રહી હશે તે અમારા મતિમંદતા આદિ દોષને લીધે સમજવી.

આ ગ્રંથમા મતિમાંદ્યાદિ કારણે શાસ્ત્રવિરૂદ્ધ લખાણ થયું હોય તેનો ત્રિવિધ મિથ્યા દુષ્કૃત દઇને પ્રાંતે દ્રવ્યની સહાય આપનારા સદ્‌ગૃહસ્થોનો અંત કરણથી આભાર માની વિરમીએછીએ.

પ્રસિદ્ધ કર્તા.

શુદ્ધિપત્રક.

પૃષ્ઠ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૩	૪	૦	'સમવસરણ ન હોય ત્યારે પણ આઠ પ્રાતિહાર્ય તો હોય જ છે.' એ વાક્ય વધારવું.
૩	૬	અને	તેનો
૫	૧૩	ચારિત્રનો	યથાખ્યાત ચારિત્રનો
૫	૧૪	રહે છે.	રહેછે, તેજ ત્યા ચારિત્ર છે.
૧૪	૨૦	ધળે	ધૂળે
૧૫	૬	(૮)	(૭)
२१	६	जिणं	जिनं
૨૪	૧૦	પૂર્વનુ	વર્ષનુ
૩૭	૧૮	૭-૮	૮-૯
૩૨	૪૩-૪૪-૪૫ એ ત્રણ ભાગા ત્રણ યોગને એક કરણના છે, તેના બદલે બે કરણને બે યોગના લેવા.		
૫૩	૧૭	(૧૫૬)	(૧૫૬) ગુરૂ (૨૦)
६६	१६	भावार्चिताय	भावार्चिते
७८	१३	तवाचारो	तवायारो
૧૦૧	૧૨	લેખ	લેખ અને
१४०	१०	दमिना	दमिनां
१४६	९	नमता	नमतां

,,	,,	शातये	ांतय
૨૪૬	૧૮	भक्तिमता	भक्तिमतां
૧૭૮	૧	हंसासा०	हंसांसा०
૧૯૮	૧૪	पज्ञापराधे	प्रज्ञापराधे
૨૧૩	૬	पक्कान	पक्कान्न
૨૫૫	૨	दूरपरिच्छिढ	दूरपरिच्छि ढ
૨૭૪	૧૭	सत्तधर	सत्तधरं
૩૨૭	૧૦	ચત્ર	ચૈત્ર
૩૨૯	૧૪	સર્ય	સૂર્ય
૪૧૯	૯	शाति–	शांति–
૪૪૪	૩	श्राद्ध०	न श्राद्ध०
૪૪૮	૧૮	मङ्गलक	मङ्गलैक
૪૭૩	૭	ગાતમ	ગૌતમ
૪૯૬	૩	પ્રધાનેરે	પ્રધાનોરે
૪૯૮	૧૫	ચદ્રપ્રભ	ચ દ્રપ્રભ
૪૯૯	૨૩	જણે	જીણે
૫૦૬	૨	ત્ય	ત્યાં
૫૨૦	૧૨	પ્રતિ	પ્રીતિ
૫૨૮	૧૧	મપક	મુપક

પ્રતિક્રમણના સામાન્ય હેતુઓ.

(દેવસિ પ્રતિક્રમણ હેતુ.)

પ્રથમ સામાયિક લેવું જોઇએ. "સમ" એટલે સમતા તેનો "આય" એટલે લાભ છે જેને વિષે તે "સામાયિક" કહેવાય. ધર્મનું મૂળ આજ્ઞા છે તેથી દરેક ક્રિયા ગુરૂ મહારાજની આજ્ઞાપૂર્વક તેમની સમીપે કરીએ, જેમ જિનને વિરહે જિનપ્રતિમાનું પૂજન વંદન ફળદાયી થાય છે તેમ તેમને (ગુરૂ મહારાજને) વિરહે [1]સ્થાપનાચાર્યની સમક્ષ આજ્ઞાપૂર્વક ક્રિયાઓ કરવી સફળ થાય છે. [2]ગુરૂસ્થાપના ન હોય તો (થોડા કાળ માટે) પુસ્તક અથવા નવકારવાળીની સ્થાપના સ્થાપીએ, તે સ્થાપવા માટે જમણો હાથ અવળો સ્થાપના સન્મુખ રાખીએ. આમ કરવાનું કારણ સ્થાપનામાં આચાર્યના ગુણોનું આહ્વાન કરવું તે છે. કારણકે આહ્વાન મુદ્રાની આકૃતિ તેવી છે. પછી "નવકાર તથા પંચિંદિઅ" કહેવા. "નવકાર" મહા મંગળ રૂપ છે અને "પંચિંદિઅ"માં આચાર્યના છત્રીશ ગુણનું વર્ણન છે. તેનું આરોપણ સ્થાપનામાં કરવાનું છે એ હેતુ છે. પછી "ખમાસમણુ" દેવું તે ગુરૂના વિનય અર્થે છે. પછી "ઇરિયાવહિયં" પ્રતિક્રમવા સંબંધી આદેશ માગવો, કેમકે આજ્ઞા એ ધર્મનું આરાધન છે. એમ આદેશ સંબંધી સર્વત્ર સમજવું. પછી "ઇરિયાવહિયં" પડિક્કમવા. તેનું કારણ એ કે તેની અંદર

---

૧ નવકારથી પંચપરમેષ્ઠિની અને પંચિંદિયથી ગુરૂની એમ બન્ને સ્થાપના એકી સાથે સ્થપાય છે કેમકે દેવવંદન સ્તવનાદિ વખતે પહેલી અને અન્ય સ્થાને બીજી ઉપયોગી છે. ૨ અક્ષાદિરૂપ યાવત્કથિક સ્થાપના.

પાપનું આલોચવું થાય છે. પછી "તસ્સ ઉત્તરી" કહેવી તે ઈરિયાવહિ પડિક્કમતાં અશુદ્ધ રહેલાં એવાં પાપની વિશુદ્ધિને અર્થે છે. પાપની વિશુદ્ધિ થવાથી સંવરક્રિયાઓ વિશેષ ફળીભૂત થાય છે. પછી શેષ પાપને ટાળવા અર્થે કાયોત્સર્ગ કરવો, તેના રક્ષણાર્થે ક્ષેત્રને વાડ હોય તેની પેઠે આગાર (છૂટ) રાખવાની જરૂર છે તે માટે "અન્નત્થ૦" કહેવું. પછી એક "લોગસ્સ"નો કાઉસ્સગ્ગ કરવો, તેનો હેતુ એ છે કે તેથી પ્રભુના નામોનું સ્મરણ—ધ્યાન થાય છે. તે કાઉસ્સગ્ગનું માન પચ્ચીશ શ્વાસોશ્વાસનું કહ્યું છે તેથી "ચંદેસુ નિમ્મલયરા" સૂધી પચ્ચીશ પદ થાય છે, તે એકેક પદે એકેક શ્વાસોશ્વાસ ગણતાં ત્યાં સુધી કાઉસ્સગ્ગ કરવો જોઇએ. "લોગસ્સ" ન આવડે તો ચાર "નવકાર" ગણવા; જો કે તેથી તો બત્રીશ શ્વાસોશ્વાસ થાય છે, પણ "લોગસ્સ" નથી આવડતો તેથી "નવકાર"થી ન છૂટકે—અપવાદરૂપે કામ ચલાવવું પડે છે. પછી પ્રગટ "લોગસ્સ" કહેવો, તેનું કારણ એ કે સામાયિક લેવા પૂર્વે દેવવંદન કરવું જોઇએ, તે સામાન્યત "લોગસ્સ" ના પાઠથી થઇ જાય છે. પછી "ખમાસમણ" દઇ મુહપત્તિ પડિલેહવાનો આદેશ માગી મુહપત્તિ પડિલેહવી, તેનું કારણ એ છે કે આગળ ખમાસમણ પૂર્વક આદેશો માગવાના છે, તે ખમાસમણ દેતાં પાંચે અંગ (બે હાથ, બે ઢીંચણ, મસ્તક) ભેળાં થાય ત્યાં જીવહિંસાનો સંભવ છે; તેથી તેમાં કોઇ જીવ રહેલ હોય તે પડિલેહણથી દૂર થાય, પછી બે "ખમાસમણ" પૂર્વક "સામાયિક સંદિસાવું" અને "સામાયિક ઠાઉં" એવા બે આદેશો માગવાના છે, પહેલાથી સામાયિક લેવા સંબંધી આદેશ (આજ્ઞા)

મંગાય છે, ને બીજાથી સામાયિકમાં સ્થિર થવા સંબંધી આદેશ મંગાય છે. પછી એક "નવકાર" ગણી ગુરૂ પાસે સામાયિક દંડક ઉચ્ચરવા સંબંધી પ્રાર્થના કરવામાં આવે છે, અત્ર ગુરૂ ન હોય તો સામાયિક લીધેલા કે લેતા જ્ઞાનવૃદ્ધ શ્રાવક પાસે તે પ્રમાણે પ્રાર્થના કરવામાં આવે છે, અને તે "કરેમિ ભંતે" ઉચ્ચરાવે છે, આ પ્રાર્થના ગુરૂના વિનયાર્થે છે. ગુરૂને અભાવે જે વડીલ શ્રાવક હોય તેની પાસે સૂત્રો બોલવા સંબંધી આદેશો માગવા, તેના પાર્યા પછી કાઉસ્સગ્ગ પારવો, સર્વ આદેશો તેમનેજ માગવા દેવા, અને બીજાઓએ તેમની નિશ્રાએ વર્ત્તવું, ઇત્યાદિ વિનયકરણી કરવી જરૂરની છે. જિનાજ્ઞા એવીજ છે, માટે તેનો ઉપયોગ પૂર્વક ખપ કરવો. પછી ચાર ખમાસમણ દેવાપૂર્વક ચાર આદેશો માગવામાં આવે છે. તેમાં "બેસણે સંદિસાવું" એ બેસવાની રજા માગવા સંબંધી છે, અત્ર ઉભો હોય તેજ બેસવાની આજ્ઞા માગે તેથી સામાયિક ઉભા ઉભા લેવું એમ સૂચવાય છે; બેઠેલો બેસવાની આજ્ઞા માગે તે જેમ હાસ્યપાત્ર થાય છે તેમ અત્ર પણ સમજવું. પછી "બેસણે ઠાઉ" એટલે બેસું છું. એજ પ્રકારે "સજ્ઝાય સંદિસાવું" એટલે સ્વાધ્યાય કરવાની આજ્ઞા આપો અને "સજ્ઝાય કરૂં" એટલે સ્વાધ્યાય (પઠન પાઠન)માં પ્રવર્ત્તું છું. પછી મંગલિક અર્થે ત્રણ નવકાર ગણવા. અહીંથી દેવસિ પ્રતિક્રમણનો આરંભ થાય છે. પ્રથમ પચ્ચખ્ખાણ લેવા માટે ગુરૂના વિનયાર્થે વાંદણા દેવામાં આવે છે, તેની પહેલાં ખમાસમણ દેવાપૂર્વક મુહપત્તિ પડિલેહવી. આ ખમાસમણ દેવાનો અધિકાર શ્રીસેનપ્રશ્નમાં છે. મુહપત્તિ પડિલેહી, વાંદણા દઇ,

પચ્ચખ્ખાણ લઇ, ખમાસમણ દઇ "ચૈત્યવંદન" કરવું, તે કરતી વખતે બન્ને ઢીંચણો[1] ભૂમિપર સ્થાપીને યોગમુદ્રાએ બેસવું. પછી જકિંચિ કહેવું. ચત્યવંદન અને જંકિંચિથી જિનનું સ્મરણ તથા વંદન થાય છે. હરકોઇ શુભકાર્યના આરંભમાં દેવવંદન કરવું જોઈએ, એ હેતુથી અત્ર પણ ચાર સ્તુતિએ દેવવંદન કરવામાં આવે છે. પહેલી સ્તુતિથી અમુક અરિહંતનું આરાધન, બીજીથી સર્વ અરિહંતનું આરાધન, ત્રીજીથી શ્રુતજ્ઞાનનું આરાધન અને ચોથીથી ધર્મકાર્યોમાં નડતાં વિઘ્નોને દૂર કરનારા શાસન દેવતાનું સ્મરણ થાય છે. આ દેવવંદનમાં બાર અધિકાર આવે છે, તે લખીએ છીએ.–"નમુથ્થુણુંથી જીઅભયાણું" સુધી પહેલો અધિકાર ગણાય છે, તેથી સમવસરણમાં વિરાજીત **ભાવઅરિહંત** ભગવાનની વંદના થાય છે. નમુથ્થુણુંની છેલ્લી ગાથાથી દ્રવ્યજિનને વંદના થાય છે. અનાગતકાળે થનારા તીર્થંકરો જેમના જીવો અત્યારે દેવલોક વિગેરેમાં છે તે, તેમજ સિદ્ધ સ્થાનમાં ગયેલા તીર્થંકરો પણ દ્રવ્યજિન કહેવાય છે. એ બીજો અધિકાર. "અરિહંત ચેઇઆણું" થી ત્રીજો અધિકાર ગણાય છે, અને તેથી એક ચૈત્યના સ્થાપનાજિન (પ્રતિમા) ને વંદન થાય છે. "લોગસ્સ" એ ચોથો અધિકાર છે, તેથી નામજિનને (જિનેશ્વરના નામોત્કિર્તનરૂપ) વંદના થાય છે. "સવ્વલોએ અરિહંત ચેઇઆણું" થી ત્રણ ભુવનના સ્થાપનાજિનને વંદન થાય છે. એ પાંચમો અધિકાર. "પુખ્ખરવરદીથી" વિહરમાન જિન (વિચરતા જિન શ્રી સીમંધરાદિ) ને વંદન

---

૧ ડાબો ઢીચણ ઉભો રાખી ચૈત્યવદન કરવામા નમ્રતા અને જમણો ઢીંચણ ઉભો રાખી વંદિત્તુ બોલવામાં વીરાસન બતાવવામાં આવે છે.

થાય છે એ છઠ્ઠો અધિકાર. " તમતિમિરપડલ " ઈત્યાદિ ત્રણ ગાથાથી શ્રુતજ્ઞાનને વંદન થાય છે એ સાતમો અધિકાર. "સિદ્ધાણું બુદ્ધાણું"થી સર્વ સિદ્ધને વંદન થાય છે; એ આઠમો અધિકાર. નવમા અધિકારમાં ' જો દેવાણુવિ દેવો " ઇત્યાદિ બે ગાથાથી તીર્થાધિપ શ્રીવીરસ્વામિની સ્તુતિ થાય છે. દશમે અધિકારે " ઉજ્જિંતસેલસિહરે " એ ગાથાથી રૈવતાચલમંડન શ્રી નેમિનાથને વંદન થાય છે. "ચત્તારિઅટ્ઠદસદોય" એ ગાથાથી અષ્ટાપદ પર્વતને વિષે સ્થાપેલા ચોવીશ જિનને તથા બીજી અનેક રીતે જિનેશ્વરોને વંદન થાય છે, એ અગ્યારમો અધિકાર અને છેલ્લે એટલે બારમા અધિકારે " વેઆવચ્ચગરાણું " ઇત્યાદિ પાઠથી સમ્યગ્દૃષ્ટિ દેવનું સ્મરણ થાય છે. એ પ્રકારે બાર અધિકારના સ્થાનકો જાણી તે તે સ્થાનકે ચૈત્યવંદન કરનારાઓએ ઉપયોગપૂર્વક વંદન કરવાનુ લક્ષ્યમા રાખવું જરૂરનું છે. વળી ચાર ખમાસમણપૂર્વક ચારને થોભવંદન કરવાનું છે. પહેલા ખમાસમણથી " ભગવાનહં " એ પદવડે અરિહંત ભગવાન અથવા ધર્માચાર્ય પણ લેવા એટલે જેનાથી ધર્મ પામ્યા હોઇએ તેને વંદન કરવું. બાકીના ત્રણ પાઠથી અનુક્રમે આચાર્ય, ઉપાધ્યાય અને સર્વ સાધુને વંદન થાય છે. અત્ર વળી " ઇચ્છકારી સમસ્તશ્રાવક વંદુ " એ પાઠથી સર્વ શ્રાવકોને વંદન કરાય છે. આ વિધિનો પ્રચાર થોડો હોવાથી તે પ્રમાણે વર્તવા અને અન્યને વર્તાવવા ઉપયોગ રાખવો. પછી દેવસિપ્રતિક્રમણ ઠાવાનો આદેશ માગી જમણો હાથ તથા મસ્તક ચરવળાપર સ્થાપી "સવ્વસ્સવિ દેવસિય " નો પાઠ કહેવો. અહીં ચરવળા ઉપર હાથ તથા મસ્તક સ્થાપવા તે ગુરૂનું ચરણસ્પર્શવારૂપ સમજવું, તથા સાથે

પાપ ભારથી નમવાનું થયું એમ પણ સમજવાનું છે. "સવ્વસ્સવિ દેવસિય" થી દિવસના પાપનું સામાન્યપણે આલોચન થાય છે, તે પ્રતિક્રમણનું બીજક સમજવું. પછી ઉભા થઇ "કરેમિભંતે" નો પાઠ કહેવો. અહિંથી પહેલું આવશ્યક શરૂ થાય છે, તે સમતાની વૃદ્ધિ અર્થે જાણવું. આવશ્યક એટલે અવશ્ય કરવા યોગ્ય કરણી. પછી કાંઇક સ્ફુટ રીતે પાપની આલોચનારૂપ 'ઇચ્છામિ ઠામિ' કહેવુ, પછી "તસ્સ ઉત્તરી" આદિ કહી અતિચારની આઠ ગાથાનો કાયોત્સગ કરવો. તે કાયોત્સર્ગની અંદર પંચાચાર સંબધી જે દૂષણો લાગ્યાં હોય, તે સમકિતની શુદ્ધિ માટે સંભારી કાઢવા; જેથી આગળ પાપને વિશેષ આલોચતી વખત સુગમ પડે. પછી "લોગસ્સ" કહેવો એ બીજું આવશ્યક. પછી ત્રીજા આવશ્યકની મુહપત્તિ પડિલેહીને વાદણાં બે દેવાં (અહીં મુહપત્તિના ૫૦ બોલ, વાંદણાના પચીશ આવશ્યક તથા સત્તર પ્રમાર્જના વિગેરે બાબતો ઉપર ધ્યાન રાખવાનું છે. આ સર્વ આજ પુસ્તકના છેવટના ભાગમાં આપેલ છે ત્યાંથી જોઇ લેવું), એ ત્રીજુ આવશ્યક. અહિંથી આગળ ચાલતાં છેક અબ્ભુટ્ઠિયો૦ " સુધી પ્રતિક્રમણ નામક ચોથું આવશ્યક જાણવું. અહી ગુરૂની સમક્ષ પાપ આલોચવું છે તેથી તેમના વિશેષ વિનયાર્થે દ્વાદશાવર્ત્ત વંદન કરવું, પછી "જો મે દેવસિયો અઇ-આરો કઓ" તથા "સાત લાખ અને અઢાર પાપસ્થાનક" ને આલોચવા, તે પાપની સામાન્ય આલોચના જાણવી. પછી "સવ્વસ્સવિ" કહેવું, તે ગુરૂ આગળ પ્રાયશ્ચિત્ત માગવારૂપ છે. અત્ર ગુરૂ "પડિક્કમેહ" એટલે 'પ્રતિક્રમણ કરો' એમ કહે. એ પ્રકારના દશ માંહેલાં બીજા પ્રાયશ્ચિત્તને ગ્રહણ કરી,

બેસીને મંગળિક અર્થે એક 'નવકાર' ગણે, સમતાની વૃદ્ધિને અર્થે "કરેમિભંતે" કહે. વારંવાર કરેમિભંતે કહેવાથી સમતાની વિશેષ વૃદ્ધિ થાય છે, જે અતિ આવશ્યક છે. પછી સામાન્ય પાપ આલોચવારૂપ "ઇચ્છામિ પડિક્કમિઉં જો મે દેવસિઓ" કહે, પછી "વંદિત્તુ" કહે તે વિશેષ સ્ફુટપણે પાપની આલોચનારૂપ છે. જે જે દોષ લાગ્યા હોય તે તે દોષોનું પ્રાયશ્ચિત્ત કરવા મહા પશ્ચાત્તાપ પૂર્વક મહાવૈરાગ્યભાવથી ચિંતન કરવાનું છે, જેવા સંકિલષ્ટ અધ્યવસાય પાપ બાંધતી વખતે આવ્યા હોય તેવાજ અગર તેથી વધારે વિશુદ્ધ અધ્યવસાય પાપને આલોચતી વખતે આવે તો તથાપ્રકારે યથાર્થ રીતે તે પાપનો ક્ષય થઇ શકે છે, અન્યથા પ્રતિક્રમણ કર્યા છતાં પણ પાપનો ક્ષય થતો નથી ઉપયોગ વગરની ક્રિયા નિષ્ફળપ્રાય થાય છે, માટે સાવધાનપણે આલોચના કરવા ખાસ ધ્યાનમાં રાખવું. વંદિત્તુ કહેતી વખતે ડાબો ઢીંચણ વાળીને જમીન ઉપર સ્થાપવો અને તે (ડાબા ઢીંચણ) ના તળીયા ઉપર જમણા પગની બાજુના પાછળના અધોભાગનો સર્વ ભાર આવે તેમ જમણો પગ ઉભો રાખી બેસવું, ખરી રીતે તો આ બે ઢીંચણ જેવી રીતે સ્થાપવાના કહ્યા છે તેવીજ રીતે ભૂમિપર ફક્ત બંને પગની અંગુલીજ સ્થાપીને ઉભડક બેસવાનું છે, તેમ ન બને તો ઉપર મુજબ બેસવું. આવા ઉત્કટ આસનથી ઉપયોગ એકાગ્ર થાય છે, અને તેથી અતિચારની ચિંતના બરાબર થાય છે. "તસ્સ ધમ્મસ્સ૦" ગાથાથી ઉભો થઇને શેષ "વંદિત્તુ" બોલે. આ વિધિ ભારને ઉતારીને હળવો થનાર મજુરની પેઠે શ્રાવક પણ પાપરૂપી ભારથી હળવો થયો એમ સૂચવવા અર્થે

છે. પછી ગુરૂનો અપરાધ ખમાવવા અર્થે બે વાંદણા પૂર્વક “ અબ્ભુટ્ઠિયો અબ્ભિંતર ” સૂત્રથી અપરાધ ખમાવે. પ્રતિક્રમણ કરવાથી પણ જે અશુદ્ધ રહ્યા હોય તેવા ચારિત્રાચારના અતિચારની શુદ્ધિને માટે કાઉસ્સગ્ગ કરવાનો છે તેથી પ્રથમ બે વાંદણા દે, અહિથી પાંચમું આવશ્યક શરૂ થાય છે. ચારિત્રાચારની વિશુદ્ધિ કષાયની ઉપશાંતિએજ થાય, તેથી આચાર્ય, ઉપાધ્યાય, સ્થવિરાદિ પ્રત્યે તથા સર્વ જીવ પ્રત્યે કરેલા અપરાધ ખમાવવા માટે “ આયરિય ઉવજ્ઝાએ ” સૂત્ર બોલે. તે પહેલાં વંદન કરે (બે વાંદણા દે) તેનું કારણ જેમ હરેક ક્રિયા પંચ પરમેષ્ઠિને નમસ્કાર કરીને કરવામાં આવે છે તેમ ગુરૂ સમીપની સર્વ ક્રિયા ગુરૂના બહુમાનાર્થે વંદન કરવા પૂર્વક કરવી તે છે. તેમજ આઠ કારણે વાંદણા દેવામાં આવે છે તેમાંનું કાયોત્સર્ગ પણ એક કારણ છે. અવગ્રહમાંથી પાછો ઓસરતો ઓસરતો “ આયરિય ઉવજ્ઝાએ” બોલે, તે જાણે પોતે કષાય ચતુષ્ટયથી પાછો નિવર્ત્તનો હોય એમ બતાવે છે. પછી સમતાની વૃદ્ધિ અર્થે “ કરેમિભંતે ” કહી પ્રથમ લખેલા હેતુ પ્રમાણે “ઇચ્છામિઠામિ, તસ્સ ઉત્તરી” ઇત્યાદિ કહી બે લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો. તેનું કારણ ચારિત્ર વિનાનું એકલું જ્ઞાન પાંગળું છે, ચારિત્ર સહિત જ્ઞાન સફળ થાય છે, બીજા આચારો કરતાં ચારિત્રાચારમાં વિશેષ દૂષણ લાગે છે, તેથી તેની વિશુદ્ધિ માટે પ્રથમ કાયોત્સર્ગ કરવો. પછી સમ્યગ્જ્ઞાનનું મૂળ દર્શન (શ્રદ્ધા-સમ્યક્ત્વ) છે, તેથી દર્શનાચારની વિશુદ્ધિ માટે એક લોગસ્સનો કાઉસ્સગ્ગ જ્ઞાનાચારથી પ્રથમ કરવો. તેને માટે ચતુ-

વિંશતિ જિનના ગુણોત્કિર્તનરૂપ "લોગસ્સ૦ સવ્વલોએ" ઇત્યાદિ કહીને કાઉસ્સગ્ગ કરે. પછી જ્ઞાનાચારની વિશુદ્ધિને અર્થે "પુક્ખર વરદી૦ સુઅસ્સ ભગવઓ" ઇત્યાદિ કહેતો એક લોગસ્સનો કાઉસગ્ગ કરે. પછી એ સર્વ આચારના નિરતિચારપણે સમ્યક્ આચરણથી ઉત્કૃષ્ટ ફળ પ્રાપ્ત કરનાર સર્વ સિદ્ધોને વંદન કરવારૂપ "સિદ્ધાણં બુદ્ધાણં" કહે. પછી શ્રુતજ્ઞાનથીજ સર્વ ધર્મનું સ્વરૂપ સમજાય છે, તે શ્રુતધર્મની વૃદ્ધિ શ્રુતદેવતાથી થતી હોવાથી તેના સ્મરણ અર્થે એક નવકારનો કાયોત્સર્ગ કરી, પારીને "સુઅદેવયાની" સ્તુતિ કહે. સ્વલ્પ પ્રયાસે દેવતા સાધ્ય હોવાથી આઠ શ્વાસોશ્વાસ (એક નવકારના આઠ શ્વાસોશ્વાસ થાય છે) નો કાયોત્સર્ગ કરવો. તેજ પ્રમાણે જે ક્ષેત્રમાં આપણે રહીએ છીએ તે દેવતા અનુકુળ હોય તો આપણું ધર્મકાર્ય નિર્વિઘ્નપણે પરિપૂર્ણ થાય તેથી તેના સ્મરણાર્થે પણ એક નવકારનો કાઉસગ્ગ કરી, પારીને "જીસે ખિત્તે સાહુ"ની થોય કહેવી. પછી મંગલાર્થે એક નવકાર ગણી, બેસીને મુહપત્તિ પડિલેહવી, તે હવે પછી ગુરૂને દ્વાદશાવર્ત્ત વંદન કરવું છે તેને અર્થે છે. લૌકિકમાં પણ રાજા અમુક કાર્ય બતાવે તે કર્યા બાદ પ્રણામ કરીને નિવેદન કરવાનું પ્રવર્તન છે, તેમ આ છેલ્લું વંદન સમજવું. પચ્ચક્ખાણરૂપી છઠ્ઠું આવશ્યક તો પહેલાંજ થઇ ગયું છે તેથી હવે તે કરવાનું નથી. પછી છ આવશ્યક સંભારવા, પછી "ઇચ્છામો અણુસટ્ઠિં" કહી બેસી ઉચ્ચ સ્વરે "નમો ખમાસમણાણં નમોઽર્હત્" ઇત્યાદિ પૂર્વક "નમોઽસ્તુ વર્દ્ધમાનાય" ની ત્રણ સ્તુતિ અને "નમુત્થુણં તથા સ્તવન" કહેવા, "ઇચ્છામો અણુસટ્ઠિ" એટલે અમે અનુ-

ચાસ્તિ-ગુરૂની આજ્ઞા-હિતશિક્ષાને ઇચ્છીએ છીએ,[1] તે આજ્ઞા પ્રમાણ કરવા રૂપ 'નમો ખમાસમણાણં'" ઇત્યાદિ પદથી ગુરૂને તથા પંચ પરમેષ્ઠિને નમસ્કાર થાય છે. અને ઉચ્ચ સ્વરે ત્રણ સ્તુતિ તથા નમુથ્થુણં અને સ્તવન કહેવાય છે, તે "ષડાવશ્યક નિર્વિઘ્ને પૂર્ણ થયા" તેનો હર્ષ ઉત્પન્ન થયેલો છે એ સૂચવવા અર્થે છે. "નમોડસ્તુ" તથા રાઇપ્રતિક્રમણમાં "વિશાલલોચન" ને બદલે સ્ત્રી "સંસાર દાવાની" ત્રણ ગાથા કહે; કારણ કે "નમોડસ્તુ, વિશાલ લોચન, નમોડર્હત્" એ પૂર્વાંતર્ગત છે, તેથી સ્ત્રી ન કહે, એમ કહેલું છે. પછી ઉત્કૃષ્ટ કાળે વર્તતા ૧૭૦ જિન વાંદવા અર્થે વરકનક કહે. તથા ચાર ખમાસમણ પૂર્વક ગુર્વાદિકને વંદન કરે, પછી અઢીદ્વીપમાં રહેલા મુનિઓના વંદન અર્થે "અઢ્ઢાઇજ્જેસુ" કહે. દરેક ક્રિયા દેવગુરૂના વંદન પૂર્વક શરૂ થાય અને દેવગુરૂના વંદનપૂર્વક પૂરી થાય, એ અર્થે અત્ર છેલ્લે પણ દેવગુરૂનું વંદન કરવામાં આવે છે. આ દેવ ગુરૂ વંદન મુનિને નમોડર્હતથી ચાર ખમાસમણ દેવા સુધી જાણવું અને શ્રાવકને અઢ્ઢાઇજ્જેસુ કહેવા પર્યંત જાણવું. પછી પ્રથમના "કાઉસ્સગ્ગ" કરતાં રહેલ અતિચારને ટાળવા અર્થે દૈવસિક પ્રાયશ્ચિત્ત વિશોધનાર્થે ચાર લોગસ્સનો કાઉસગ્ગ કરે, પછી મંગળાર્થે પ્રગટ લોગસ્સ કહી બે ખમાસમણ દેવા પૂર્વક સજ્ઝાયના બે આદેશ માગી, બેસી, એક નવકાર ગણી સજ્ઝાય કહે. ત્રણ આચારની વિશુદ્ધિ અર્થે કાઉસ્સગ્ગો કરવામાં આવ્યા

---

૧ અહી ગુરૂ મહારાજની આજ્ઞાપૂર્વક મે પ્રતિક્રમણ કર્યું છે એમ સંભાવના કરવાની મતલબ એ છે કે પ્રતિક્રમણ સબંધી હવે બીજા આદેશ ગુરૂમહારાજ પાસે માગવાના નથી.

છે અને તપઆચારની વિશુદ્ધિ માટે પચ્ચખ્ખાણ કર્યું છે, તેથી વિશુદ્ધિ થઇ ગઇ છે, તથા પ્રતિક્રમણ કરતાં જે વીર્ય ફોરવવું પડે તેથી વીર્યાચારની શુદ્ધિ થાય છે. સજ્ઝાય કહ્યા બાદ દુ:ખક્ષય કર્મક્ષય નિમિત્તે ચાર લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો. આ લોગસ્સ પૂરા કહેવા, બાકી સર્વ કાઉસ્સગ્ગો "ચંદેસુ નિમ્મલયરા" સુધી કરવા. કાઉસ્સગ્ગ કર્યા પછી પારીને મંગળાર્થે એક જણ "લઘુશાંતિ" કહે, બીજા કાયોત્સર્ગમાંજ સાંભળે. કાઉસ્સગ્ગ પારી પ્રગટ "લોગસ્સ" કહે. તે પછી ઇરિયાવહિ પ્રતિક્રમે તથા ચઉક્કસાયથી જયવીયરાય સુધી ચૈત્યવંદન કરી સામાયિક પારવા પર્યંત જે વિધિ છે તે સર્વ કરે. સજ્ઝાય પછીની વિધિની હકિકત મૂળ ગ્રંથમાં નથી. તે વર્તમાન પ્રવૃત્તિને અનુસારે લખી છે. ઇતિ.

રાઇપ્રતિક્રમણના સામાન્ય હેતુઓ.

પ્રથમ સામાયિક લઇ "કુસુમિણ[1] દુસુમિણ ઉહડ્ડાવણી રાઇ પાયચ્છિત્ત વિસોહણત્થં કરેમિ કાઉસ્સગ્ગ" ઇત્યાદિ કહી ચાર લોગસ્સનો ૧૦૮ શ્વાસોશ્વાસ પ્રમાણ એટલે 'સાગરવરગંભીરા" પદ સુધી ગણતાં એક લોગસ્સના ૨૭ પદ થાય તેને ચાર ગુણા કરતાં ૧૦૮ પદ થાય છે તેટલા કાયોત્સર્ગ કરવો. અત્ર એ વિશેષ છે કે કુસ્વપ્ન આવ્યું હોય અગર ન આવ્યું હોય તો ૧૦૦ શ્વાસોશ્વાસ (ચંદેસુ નિમ્મલયરા સુધી ચાર લોગસ્સ) નો કાયોત્સર્ગ કરે અને સ્વપ્નમાં સ્ત્રીસેવન થયું હોય તો ૧૦૮ શ્વાસોશ્વાસનો કાર્યાત્સર્ગ કરે પણ પ્રમાદવશાત્ કેવું સ્વપ્ન આવ્યું હતું તેની

---

૧ રાગાદિમય કુસ્વપ્ન અને દ્વેષાદિમય દુસ્વપ્ન.

સ્મૃતિ ન રહે, તેથી ૧૦૮ શ્વાસોશ્વાસ પ્રમાણનો કાયોત્સર્ગ કરવાનું પ્રવર્ત્તન છે. એ કાયોત્સર્ગથી રાત્રિ સંબંધી ઘણા પાપ દૂર થાય છે. પછી સર્વ ધર્માનુષ્ઠાન દેવગુરૂવંદન પૂર્વક કરવું, માટે પ્રથમ "જગચિંતામણિ" નું ચૈત્યવંદન "જયવીયરાય" પર્યંત કરવું. પછી "ભરહેસર"ની સજ્ઝાય ઉત્તમ પુરૂષો તથા સ્ત્રીઓનાં નામ સ્મરણાર્થે કહેવામાં આવે છે. પછી ગુરૂ મહારાજને સુખસાતા પૂછી રાઈપડિક્કમણુ ઠાઇને "શક્રસ્તવ" કહેવાય છે, તે પ્રતિક્રમણનો આરંભ થયો તેની પહેલા દેવવંદન કરવા અર્થે છે. પ્રથમ ચત્યવદન કર્યું પણ તે આવશ્યક બહારની ક્રિયા છે. પછી"કરેમિભંતે"કહે તે પહેલું આવશ્યક. પછી ચારિત્રાચાર, દર્શનાચાર તથા જ્ઞાનાચારની વિશુદ્ધિ અર્થે અનુક્રમે એક લોગસ્સ, એક લોગસ્સ[1] તથા આઠ ગાથાનો કાયોત્સર્ગ કરવામાં આવે છે. અત્ર ચારિત્રાચારનો એક લોગસ્સનો કાયોત્સર્ગ કરવામાં આવ્યો અને દૈવસિકમાં બે લોગસ્સનો કરવામાં આવે છે તેનું કારણ દિવસ કરતાં રાત્રીને વિષે પ્રવૃત્તિ ઓછી હોવાને લીધે પ્રાયઃ અલ્પ દોષ લાગે છે તે છે. દોષનું ચિંતવન ત્રીજા કાયોત્સર્ગમાં કરાય છે, અને પહેલા કાયોત્સર્ગમાં નહિ તેનું કારણ એ છે કે પહેલા કાયોત્સર્ગમાં નિદ્રાનો ઉદય હોય, તેથી દોષનું સંભારવું બરાબર ન થાય માટે ત્રીજામાં સંભારવામાં આવે છે. પહેલા કાઉસગ્ગ પછી "લોગસ્સ" કહેવાય છે, તે બીજું આવશ્યક. ત્રીજા આવશ્યકની મુહપત્તિ પડિલેહીને વાંદણા દેવાય છે, તે ત્રીજું આવશ્યક. વાંદણા દીધા પછી ઇચ્છા૦ રાઇઅં આલોઉં૦, સાત

---

૧ રાઈપ્રતિક્રમણનો કાઉસ્સગ્ગ ૫૦ શ્વાસોશ્વાસ પ્રમાણ કહેલો છે તેથી ચારિત્રાચાર અને દર્શનાચારના મળી બે લોગસ્સના કાઉસ્સગ્ગને પાંચમા આવશ્યક તરીકે ગણવું ઠીક લાગે છે.

લાખ, અઢાર પાપ સ્થાનક, વંદિત્તુ, અબ્ભુઠ્ઠીઓ વગેરે કહેવામાં આવે છે તે સર્વ ચોથા આવશ્યકની ક્રિયા છે, તેના હેતુ દૈવસિક પ્રતિક્રમણ પેઠે જાણવા. પછી પ્રથમ ત્રણ આચારોના કાયોત્સર્ગથી પણ અશુદ્ધ રહેલા અતિચારોની એકત્ર શુદ્ધયર્થે તપ ચિંતવનનો કાયોત્સર્ગ કરવાનો છે, તે ન આવડે તો સોલ નવકારનો કરે એમ પ્રવર્તન છે, પણ ખરી રીતે તો તપનું ચિંતવન કરવું જોઇએ. તેની વિધિ આ પ્રમાણે–" શ્રી વીર ભગવંતે છ માસી તપ કર્યો, હે ચેતન ! તે તું કરી શકીશ ? (અત્ર ઉત્તર મનમાં ચિંતવવો કે) શક્તિ નથી, પ્રણામ નથી. તો એક ઉપવાસ ઓછો કર ! શક્તિ નથી, પ્રણામ નથી. તો બે ઉપવાસ ઓછા કર, એમ યાવત્ ૨૯ ઉપવાસ ઓછા કરવા પર્યંત ચિંતવવું અને દરેક વખતે શક્તિ નથી, પ્રણામ નથી; એમ મનમાં બોલવું. પછી પંચ માસી કર, ચઉ માસી કર, ત્રીમાસી કર, દ્વિમાસી કર, માસ ક્ષપણ કર, અહીં પણ દરેક વખતે ઉત્તર મનમાં ચિંતવતા જવું. પછી એક દિવસન્યૂન, બેદિવસ ન્યૂન એમ તેર દિવસ ન્યૂન (૧૭ ઉપવાસ) સુધી વિચારવું. પછી ૩૪ ભક્ત (૧૬ ઉપવાસ) કરી શકીશ ? ૩૨ ભક્ત કર, ૩૦ ભક્ત કર, એમ બબે ભક્ત ઓછા કરતાં યાવત્ ચોથ ભક્ત સુધી કહેવું. પછી એક ઉપવાસ કર, આયંબિલ કર, નિવિ કર, એકાસણું કર, અવડ્ઢ કર, પુરિમડ્ઢ કર, સાડ્ઢપોરિસિ કર, પોરિસિ કર, નમુક્કારસી મુઠ્ઠિસહિઅં કર, અહીં સર્વ સ્થાનકે શક્તિ નથી, પ્રણામ નથી; એમ ચિંતવવું પણ જે તપ કર્યો હોય પણ અત્યારે કરવો ન હોય ત્યાં કહેવું કે શક્તિ છે પણ પ્રણામ નથી, અને છેલ્લે જે તપ કરવો હોય ત્યાં શક્તિ પણ

છે અને પ્રણામ પણ છે. એમ કહી કાયોત્સર્ગ પારીને લોગસ્સ કહેવો. પછી છઠ્ઠા આવશ્યકની મુહપત્તિ પડિલેહીને વાંદણા દેવા. પછી તીર્થવંદનાદિક કરી કાયોત્સર્ગમા જે પચ્ચખ્ખાણ કરવા ધાર્યું હોય તે અત્ર પ્રગટપણે લેવું, એ છઠ્ઠું આવશ્યક. પછી ષડાવશ્યક પૂરા થયા તેનો હર્ષ થયો તેથી વીરસ્તુતિરૂપ "વિશાલલોચન" કહે, પણ મંદસ્વરે કહે. કારણકે ઉચ્ચ સ્વરે બોલવાથી હિંસક જીવો જાગી હિંસામાં પ્રવર્તે તો, તેનો કારણિક પોતે થાય. આખું રાઇપ્રતિક્રમણ મંદ સ્વરેજ કરવું જોઇએ. પછી ચાર થોઇએ દેવવંદન કરે, પછી ચાર ખમાસમણ પૂર્વક ગુર્વાદિકને વાંદી, "અઢાઇજ્જેસુ" કહે. પછી સીમંધરસ્વામીનું તથા સિંદ્ધાચળજીનું ચૈત્યવંદન કરે. તે સમાચારી પ્રમાણે તથા સામાયકનો બે ઘડી કાળ પૂર્ણ કરવા માટે જાણવુ. એથી બે ઘડીથી ઓછા કાળમાં ઉઠી શકાય નહીં એમ સૂચન થાય છે. આ પ્રતિક્રમણમાં "જગચિંતામણિ" તથા વિશાલલોચન એમ બે ચૈત્યવંદનો આવે છે છતાં સીમંધર સ્વામી આદિના ચૈત્યવંદન કરીએ છીએ તે વિશેષ મંગળિકને અર્થે સમજવા. તેજ પ્રમાણે સાંજના પ્રતિક્રમણમાં "નમોઽસ્તુ વર્દ્ધમાનાય" તથા "ચઉક્કસાય" ચૈત્યવંદનો આવે છે, છતાં આરંભમાં દેવવંદન કરીએ છીએ, તે પણ વિશેષ મંગળિકના અર્થે સમજવું. ભગવાનાદિને વાંદ્યા પહેલા શ્રાવક પોષધમાં હોય તો તે "બહુવેલ સંદિસાવું" તથા "બહુવેલ કરશું" એવા આદેશો માગે, છુટા શ્રાવકને તેમ કરવાનું નથી. કયા આવશ્યકથી કયા આચારની શુદ્ધિ થાય છે તે આ પુસ્તકમાં પાછળ લખ્યું છે, ત્યાંથી જોઇ લેવું.

પખ્ખી, ચોમાસી અને સંવચ્છરી પ્રતિક્રમણના સામાન્ય હેતુઓ.

સૂક્ષ્મ અને બાદર અતિચારની વિશુદ્ધિ માટે દિવસ અને રાત્રીને છેડે દેવસી અને રાઇ પ્રતિક્રમણ કરવા છતાં, પક્ષ ચતુર્માસ અને સંવત્સરને અંતે પખ્ખી, ચોમાસી અને સંવચ્છરી પ્રતિક્રમણ વિશેષ પ્રકારે કરાય છે તે ઉત્તરીકરણ કરવાને અર્થે એટલે દેવસી રાઇ પ્રતિક્રમણ દરરોજ કરતાં છતાં પણ રહી ગયેલ દોષોનું નિવારણ કરવાને અર્થે સમજવું. જેમ શરીરને તૈલાદિ વડે સંસ્કાર કર્યા છતાં પણ ધૂપ, વિલેપન અને આભૂષણાદિકે કરીને વિશેષે શોભિત કરે છે તેમ અહીં પણ વિશેષ શુદ્ધિ કરે છે. તેને માટે શાસ્ત્રકાર દ્રષ્ટાંત આપે છે કે જેમ ઘરને હમેશા સાફ કરવામાં આવે છે તોપણ પર્વાદિકને વિષે વિશેષ પ્રકારે એટલે ચારે બાજુથી ખુણે ખોચરેથી સાફ કરવામાં આવે છે, તેમ અહીં પણ હંમેશ પ્રતિક્રમણ કરતા છતાં પખ્ખી આદિ પ્રતિક્રમણ વિશેષ શુદ્ધિને માટે કરવાનાં છે. વળી નિત્ય પ્રતિક્રમણ કરતાં કોઇક અતિચાર વિસ્મૃત થઇ ગયેલ હોય, સાંભર્યા છતાં ભયાદિકથી ગુરૂ સમક્ષ પ્રતિક્રમ્યો ન હોય અથવા તો પરિણામની મંદતાથી સમ્યક્ પ્રકારે પ્રતિક્રમેલ ન હોય, તેવા અતિચારને પ્રતિક્રમવા માટે પખ્ખી આદિ પ્રતિક્રમણ કરવાનાં છે.

પાક્ષિક (પખ્ખી) પ્રતિક્રમણમાં વંદિત્તા સુધી દેવસી પ્રતિક્રમણ પ્રમાણે વિધિ કરવાની છે તેથી તેના હેતુ દેવસી પ્રતિક્રમણ પ્રમાણે સમજી લેવા. ક્ષમા છે પ્રધાન જેમાં એવા સર્વ અનુષ્ઠાનો સફળ છે એમ જણાવવાને માટે **अब्भुट्ठिओहं संबुद्धाखामणेणं**

ઇત્યાદિ પાઠવડે સંબુદ્ધ જે ગુર્વાદિક તેમને ખમાવવામાં આવે છે. અને ગુર્વાદિકને ખમાવવા છે તે માટે તે અગાઉ દ્વાદશાવર્ત્ત વંદન (વાંદણા) દેવામાં આવે છે અને વાંદણા દેતાં વિશાધનાનો સંભવ છે તેથી વાંદણા અગાઉ શરૂઆતમાં પખ્ખિ મુહપત્તિ પડિલેહવાની છે. તે પછી સંક્ષેપ અને વિસ્તારથી પાપ આળાવવામાટે આલોચનસૂત્ર અને અતિચાર કહે અને પછી સ્રવ્વસ્સવિ પાખ્ખિય ઇત્યાદિ સૂત્ર કહીને ઉપવાસાદિરૂપ પ્રાયશ્ચિત્ત અંગીકાર કરે. પછી પ્રત્યેક ખામણાવડે સર્વને ખમાવે તેની પહેલાં ને પછી વિનયાર્થે ગુરૂમહારાજને દ્વાદશાવર્ત્ત વંદન કરે. પછી પાખી સુત્રને વંદિત્તા સૂત્ર કહ્યા પછી બાર લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવામાં આવે છે તે પ્રતિક્રમણ કર્યા છતાં અશુદ્ધ રહેલા અતિચારોની શુદ્ધિને અર્થે જાણવો. પછી સમ્મત્તખામણેણં ઇત્યાદિ વડે છેવટે ખમાવવામાં આવે છે, તે છેવટે કરેલા કાયોત્સર્ગમાં સ્થિત રહ્યા સતા શુભ એકાગ્ર ભાવવડે કાંઇક અપરાધાદિ સાંભર્યા હોય તેને ખમાવવા માટે જાણવું. અથવા અહીં સર્વથા પાખી પ્રતિક્રમણની સમાપ્તિ થાય છે તેથી પ્રથમના ક્ષામણક પછી કાંઇ અપ્રીતિકારી થયું હોય અથવા વિતથ (ખોટી) ક્રિયા થઇ હોય તો તે અહીં ખમાવવા માટે જાણવું. આ વિધિને ભગવંતે ત્રીજા વૈદ્યના ઔષધ સમાન કહી છે. પછી પખ્ખિખામણા ખામવાના છે તેનો હેતુ ખામણાના અર્થના પ્રસ્તાવે જણાવેલ છે ત્યાંથી જોઇ લેવો. ત્યાર પછી વંદિત્તા સૂત્ર પછીની વિધિ દેવસિ પ્રતિક્રમણ પ્રમાણે કરવાની છે માટે તેના હેતુ દેવસી પ્રતિક્રમણ પેઠે જાણી લેવા. એમાં એટલું વિશેષ છે જે શ્રુત દેવતાને પખ્ખીસૂત્રને પ્રાંતે

સંભારેલ હોવાથી તેના કાઉસ્સગ્ગને સ્થાને ભુવન દેવતાનો કાઉસ્સગ્ગ કરે. ક્ષેત્ર દેવતાની નિરંતર સ્મૃતિમાં ભુવનનું ક્ષેત્રાંતર્ગતપણું હોવાથી તત્ત્વથી તો ભુવનદેવતાની સ્મૃતિ પણ દરરોજ થઇ જાય છે, તોપણ પર્વ દિવસે તેનું વિશેષ બહુમાન કરવા માટે સાક્ષાત્ તેનો કાઉસ્સગ્ગ કરાય છે. આમાં પંચવિધ આચારની વિશુદ્ધિ આ પ્રમાણે જાણવી–જ્ઞાનાદિ ગુણવાનની પ્રતિપત્તિરૂપ હોવાથી વાંદણા અને સંબુદ્ધ ક્ષામણકથી જ્ઞાનાચારની, બાર લોગસ્સના કાઉસ્સગ્ગ પછી પ્રગટ લોગસ્સ (ચઉવિસત્થો) કહેવાવડે દર્શનાચારની, અતિચારની આલોચના, પ્રત્યેકક્ષામણક, પખ્ખીસૂત્ર અને સમાપ્તક્ષામણક વગેરેથી ચારિત્રાચારની, તપની પ્રતિપત્તિ અને બાર લોગસ્સના કાઉસગ્ગ વગેરે વડે બાહ્ય અભ્યંતર તપઆચારની અને એ સર્વ પ્રકાર વડે સમ્યક્ આરાધન કરવાથી વીર્યાચારની વિશુદ્ધિ જાણવી. આ પ્રમાણે ચાતુર્માસિક અને સાંવત્સરિક પ્રતિક્રમણમાં પણ સમજવું. સંવચ્છરી પ્રતિક્રમણમાં ૪૦ લોગસ્સ ઉપર એક નવકારનો કાઉસ્સગ્ગ કરાય છે તે નવકાર મંગળિક અર્થે સમજવો. આ "હેતુઓ" "પ્રતિક્રમણ ગર્ભ હેતુ" તથા "પ્રશ્નોત્તર રત્નચિંતામણિ" ગ્રંથને આધારે લખવામાં આવ્યા છે.

महोपाध्याय-श्रीयशोविजयगणि-स्तुत्यष्टकम्।

(वसन्ततिलकावृत्तम्)

श्री-जैनशासननयामृतपूरसिन्धौ,
य-श्चारुचन्द्रककलां कलयाञ्चकार ।
शो-भामनन्यसदृशं सुदृशां विधाता,
वि-द्यानिधिर्वरयशोविजयः स वन्द्यः ॥ १ ॥

ज-न्तूपकारकरणं करणाग्निवारि,
य-न्नाममन्त्रमनुसृत्य जनावलीयम् ।
जै-नोदयाय यतते सततं प्रवीणा,
न-म्रा न के भुवि यशोविजयं नमेयुः ? ॥ २ ॥

सं-बोधबन्धुरधुरीणहृदा मुदा सं-
स्कृ-त्याभियुक्तिनतिमागममार्गवृत्त्या ।
त-त्कालमद्भुतमतीन्विबुधान्विजेता,
पा-पोऽन्यथा किमु यशोविजयेन तुल्यः ? ॥ ३ ॥

ठ-प्रौढिमानमखिलं परिखण्डयन्तं,
शा-ठ्यौघमुत्तममतीनमनोहरन्तम् ।
ला-भप्रदं कृतवते यतमानसाय,
म-न्ये नतिं ननु यशोविजयाय कुर्याम् ॥ ४ ॥

हे-यप्रकाशनपटिष्ठ वरिष्ठबुद्धेः
शा-स्तुः प्रपञ्चपटुवादिवरेण्यबुद्धेः ।

न-म्राशगैर्बुधगणैर्नतपादपद्मात्,
पु-ष्टप्रभः किमु यशोविजयाद्द्वितोऽन्यः ॥ ५ ॥
रो-ऽयानियुक्तमनसो मतिशोधनस्य,
या-प्यप्रवृत्तिपवनस्य यशोधनस्य ।
चि-त्रप्रपूतचरितोचितधर्मवृत्ते-
रं-हो विनश्यति यशोविजयस्य नाम्ना ॥ ६ ॥
स-त्काव्यशक्तिवशसाधितवाणिमन्त्रे,
मे-धाप्रकर्षपरिभावितसर्वतन्त्रे ।
ध-र्माध्ववीरवरतानृपपूज्यतायां
तां-त्वं निबोधत यशोविजये गुणाळीम् ॥ ७ ॥
भू-भूषण ! प्रतनुकर्मकृतोपकार !
व-र्य ! प्रपन्नतपसां यतमानमुख्य !
ल-ब्धोदय ! प्रवरपण्डितमण्डितांह्रे !
ये-यं तवावतु यशोविजय ! प्रशस्तिः ॥ ८ ॥
इत्थं क्लेशविवर्जितोर्जितगुणग्रामो गुणिग्रामणी-
रुद्गीताद्भुतभूरिभाग्यविभवो वैदुष्यविद्याश्रयैः ।
कल्याणाङ्कुरवर्धने जळधरः प्रोद्यत्प्रभावाकरः,
श्रीमान्न्यायविशारदो विजयते स्वर्नाथमान्योऽधुना ॥ ९ ॥

इति मुनिप्रवरमुनिश्रीकेसरविजयचरणसरोजसेविना
मुनिकल्याणविजयेन विनिर्मितं महोपाध्याय-
श्रीयशोविजयगणिस्तुत्यष्टकम् ॥

અનુક્રમણિકા.

ॐ

॥ प्रतिक्रमणनां सूत्र ॥

॥ ॐ श्री मुनिसुव्रतस्वामिसर्वज्ञाय नमः ॥

॥ ॐ नमो गुरुभ्यः ॥

अर्हन्द्वादशभिर्गुणैर्विजयते सिद्धस्तु तैरष्टभिः
षट्त्रिंशद्भिरमीभिरत्र जयति श्रीयुक्त आचार्यराट् ।
श्रीमत्पाठकपुङ्गवो मुनिपतिस्तैः पंचसप्ताधिकैः
सद्भिर्विंशतिसंख्यकैरिति शत चाष्टोत्तरं श्रेयसे ॥ १ ॥
ॐ मुनिसुव्रतनाथो गुरुश्च सिद्धिं ददातु कार्येऽस्मिन ॥
यस्योत्कटप्रतापो जागर्त्त्यतिभीष्मकालेऽस्मिन् ॥ २ ॥

*अथ नवकार पंचमंगलरूप.

नमोऽर्हद्भ्यः नमः सिद्धेभ्यः ।

नमो अरिहंताणं नमो सिद्धाणं ।

નમસ્કાર હો અરિહંતોને, નમસ્કાર હો સિદ્ધોને,

---

* કેવળજ્ઞાન પામીને ભવ્ય જીવોને બોધ દેતા અગર બોધ દેવાને વિચરતા તીર્થંકર મહારાજા તે શ્રી **અરિહંત** તેમના બારગુણ આ પ્રમાણે ૧ **અશોક વૃક્ષ**-જ્યા ભગવતનુ સમવસરણ રચાય ત્યાં ભગવતના દેહથી બાર ગુણ આસોપાલવનુ વૃક્ષ દેવતા રચે છે જેના નીચે બેસી ભગવત

नम आचार्येभ्यः नम उपाध्यायेभ्यः ।

नमो आयरियाणं नमो उवज्झायाणं ।

નમસ્કાર હો આચાર્યોને, નમસ્કાર હો ઉપાધ્યાયોને,

ધર્મોપદેશ આપે છે તે

૨ **સુરપુષ્પવૃષ્ટિ**—એક યોજન પ્રમાણ સમવસરણ ભૂમિમાં જળ સ્થળમા ઉત્પન્ન થયેલા સુગધી પચવર્ણા સચિત ફુલોની વૃષ્ટિ ઢીચણ પ્રમાણ દેવતા કરે છે તે

૩ **દિવ્ય ધ્વની**—ભગવતની વાણીને માલવકોશ રાગ, વીણા, વાંસળી, આદિકના સ્વર વડે દેવતા પુરે તે

૪ **ચામર**—રત્નજડિત સુવર્ણની ડાડીવાળા ચાર જોડી શ્વેત ચામરો સમવસરણમા દેવતાઓ ભગવતને વીઝે છે તે

૫ **આસન**—ભગવતને બેસવાને રત્નજડિત સુવર્ણમય સિહાસન દેવતાઓ સમવસરણમા રચે છે તે

૬ **ભામંડળ**—ભગવતના મસ્તકની પાછળ શરદઋતુના સૂર્યના કિરણ-જેવુ ઉગ્ર તેજવાળુ ભામડળ (તેજનુ માડલુ) દેવતા રચે છે તે ભગવ-તના તેજને પોતાના તેજમા સહરી લે છે તે ન હોય તો ભગવતના મુખ સામુ જોઇ શકાય નહિ

૭ **દુંદુભિ**-ભગવતના સમવસરણ વખતે દેવતાઓ દેવદુદુભિ વગેરે વાજીત્રો વગાડે છે તે. એ **એમ સૂચવે છે** કે હે ભવ્યો ! તમે શીવપુરના સથવારા તુલ્ય આ ભગવતને સેવો ?

૮ **છત્ર**—સમવસરણમા ભગવતના મસ્તકઉપર ઉપરા ઉપર શરદ-ઋતુના ચંદ્રતુલ્ય ઉજ્વલ અને મોતિની હારોએ સુશોભિત ત્રણ ત્રણ છત્રો દેવતાઓ રચે છે તે ભગવત સમવસરણમા પૂર્વાભિમુખે બેસે છે અને બીજી ત્રણ દિશાઓમાં ભગવતના જેવા પ્રતિબિબો દેવતાઓ સ્થાપે છે, તે-થી બાર છત્ર સમવસરણમાં હોય એ એમ સૂચવે છે કે ત્રણ ભુવનના

नमो लोके सर्वसाधुभ्यः
नमो लोए सव्वसाहूणं ।
નમસ્કાર હો લોકમાં રહેલા સર્વ સાધુઓને,

સ્વામિ એવા આ ભગવતને તમે ભજ્યા એવો ‘

અતિશય એટલે ઉત્કૃષ્ટતા. વિશિષ્ટ ચમત્કારવાળો ગુણ આ મૂળ ચાર છે,

૧ **અપાયાપગમાતિશય**—(અપાય-ઉપદ્રવ અને અપગમ—નાશ) આ બે પ્રકારના છે

अ—સ્વાશ્રયી—એટલે પોતાના સબધમા અપાય એટલે ઉપદ્રવનો દ્રવ્યથી અને ભાવથી નાશ કર્યો છે તે

દ્રવ્ય ઉપદ્રવ.—સર્વ રોગો આ પોતાને ક્ષય થઇ ગયા હોય છે

ભાવ ઉપદ્રવ.—અતરગ એવા અઢાર દૂષણ આ અઢાર નીચે પ્રમાણે

(૧) દાનાતરાય (૨) લાભાતરાય (૩) વીર્યાતરાય. (૪) ભાગાતરાય (૫) ઉપભોગાતરાય (૬) હાસ્ય (૭) રતિ (૮) અરતિ (૯) ભય (૧૦) શોક (૧૧) જુગુપ્સા-નિંદા (૧૨) કામ (૧૩) મિથ્યાત્વ (૧૪) અજ્ઞાન (૧૫) નિદ્રા (૧૬) અવિરતિ (૧૭) રાગ (૧૮) દ્વેષ

આ રીતે સ્વાશ્રયી અપાયાપગમાતિશય

ब પરાશ્રયી અપાયાપગમ અતિશય—કે જેનાથી પારકાના ઉપદ્રવ નાશ પામે એટલે જ્યા ભગવાન્ વિચરે, ત્યા દરેક દિશામા મળીને સવાસો જોજન સુધીમા પ્રાય રોગ, મરકી, વૈર, અતિવૃષ્ટિ, દુકાળ આદિ થાય નહિ

૨—**જ્ઞાનાતિશય**—જેનાથી ભગવાન્ લોકાલોકનુ સ્વરૂપ સર્વ પ્રકારે જાણે છે તે, કારણ કે તેમને કેવળ જ્ઞાન છે તેથી કાઇ પણ તેમને અજ્ઞાન રહી શકતુ નથી

૩—**પૂજાતિશય**—જેનાથી શ્રી તીર્થંકર સર્વ પૂજ્ય છે એટલે ભગવતની પૂજા રાજા, બલદેવાદિ, દેવતા-ઇંદ્રઆદિ કરે છે અગર કરવાની અભિ

एष पंचनमस्कारः । सर्वपापप्रणाशनः

एसो पंचनमुक्कारो। सव्वपावप्पणासणो

એ પાંચેને કરેલો નમસ્કાર સર્વ પાપને સર્વથા નાશ કરનાર છે.

લાષા કરે છેતે

૪—**વચનાતિશય**—જેનાથી શ્રી તીર્થંકરની વાણી દેવ, મનુષ્ય અને તીર્યંચને પોત પોતાની ભાષામા સમજાય છે તે કારણ કે તેમની વાણી સસ્કારાદિક ગુણવાળી છે આ વાણી ૩૫ ગુણે સહિત છે તે ગુણો નીચે પ્રમાણે-

૧ સર્વ ઠેકાણે સમજાય તેવી ૨ યોજન પ્રમાણ સભળાય તેવી ૩ પ્રૌઢ ૪ મેઘ જેવી ગભીર ૫ શબ્દવડે સ્પષ્ટ ૬ સતોષકારક ૭ દરેક મનુષ્ય એમ જાણે જે મનેજ કહે છે એવી ૮ પુષ્ટ અર્થવાળી. ૯ પૂર્વાપર વિરોધરહિત ૧૦ મહા પુરૂષને છાજે એવી ૧૧ સદેહ વગરની ૧૨ દૂષણરહિત અર્થવાળી ૧૩ કઠણ વિષયને સહેલો કરે એવી ૧૪ જ્યા જેવુ શોભે તેવુ બોલાય એવી ૧૫ ષડ્ દ્રવ્ય અને નવ તત્વને પુષ્ટ કરે એવી ૧૬ પ્રયોજન સહિત ૧૭ પદ રચના સહિત ૧૮ છ દ્રવ્ય નવતત્વે પટુતા સહિત. ૧૯ મધુર. ૨૦ પારકો મર્મ જણાઇ ન આવે એવી ચતુરાઇવાળી ૨૧ ધર્મ-અર્થ પ્રતિબદ્ધ ૨૨ દીપ સમાન પ્રકાશ અર્થ સહિત ૨૩ પરનિદા અને પોતાના વખાણ વગરની ૨૪ કર્તા, કર્મ, ક્રિયા, કાળ, વિભક્તિ-સહિત ૨૫ આશ્ચર્યકારી. ૨૬ વક્તા સર્વગુણસપન્ન છે એવુ જેમા લાગે તેવી ૨૭ ધૈર્યવાળી ૨૮ વિલબ રહિત ૨૯ ભ્રાંતિ રહિત ૩૦ સર્વ પોતાની ભાષામા સમજે ૩૧ શિષ્ટ બુદ્ધિ ઉપજાવે એવી ૩૨ પદના અર્થને અનેકપણે વિશેષ આરોપણ કરી બોલે તેવી. ૩૩ સાહસિકપણે બોલે એવી. ૩૪ પુનરૂક્તિદોષ વગરની. ૩૫ સાંભળનારને ખેદ ન ઉપજે એવી

આઠ પ્રાતિહાર્યના આઠ અને ચાર મૂળ અતિશયના ચાર મળી કુલ ૧૨ ગુણ અરિહત ભગવાનના જાણવા.

આઠ કર્મનો ક્ષય કરીને સાધ્યુ છે મોક્ષપદ જેણે તે સિદ્ધ ભગવાનના

मंगलानां च सर्वेषां । प्रथमं भवति मंगलम् ॥
मंगलाणं च सव्वेसिं । पढमं हवइ मंगलं ॥ १ ॥
મંગલોમાં અને સર્વમાં પેહેલુ હોય છે મંગલ,

અર્થ-શ્રી અરિહંત (પરમાત્મા) ને નમસ્કાર થાઓ, શ્રી સિદ્ધ

આઠ ગુણ છે તે આ પ્રમાણે

૧ **અનંત જ્ઞાન**—જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય થવાથી આ ગુણ પ્રાપ્ત થાય છે આથી લોકાલોકના સ્વરૂપને સમસ્ત પ્રકારે જાણે છે.

૨ **અનંત દર્શન**—દર્શનાવરણીય કર્મનો ક્ષય થવાથી આ ગુણ પ્રાપ્ત થાય છે આથી લોકાલોકના સ્વરૂપને સમસ્ત પ્રકારે દેખે છે.

૩ **અવ્યાબાધ સુખ**—વેદનીય કર્મનો ક્ષય થવાથી સર્વ પ્રકારની પીડા રહિત-નિરૂપાધિકપણુ પ્રાપ્ત થાય છે

૪ **અનંત ચારિત્ર**—મોહનીય કર્મના ક્ષય થવાથી આ ગુણ પ્રાપ્ત થાય છે આમા ક્ષાયક સમ્યકત્વ અને ચારિત્રનો સમાવેશ થાય છે. આથી સિદ્ધ ભગવાન સ્વસ્વભાવમા સદા અવસ્થિત રહે છે.

૫ **અક્ષયસ્થિતિ**—આયુ કર્મનો ક્ષય થવાથી નાશ નહિ થાય એવી અનત સ્થિતિ પ્રાપ્ત થાય છે સિદ્ધની સ્થિતિની આદિ છે પણ અત નથી તેથી સાદિ અનત કહેવાય છે

૬ **અરૂપીપણું**—નામ કર્મનો ક્ષય થવાથી વર્ણ, ગધ, રસ અને સ્પર્શરહિત થાય છે કેમકે શરીર હોય તો એ ગુણો રહે છે. પણ સિદ્ધને શરીર નથી તેથી અરૂપીપણુ પ્રાપ્ત થાય છે

૭ **અગુરૂલઘુ**—ગોત્ર કર્મનો ક્ષય થવાથી આ ગુણ પ્રાપ્ત થાય છે તેથી ભારે હળવો અથવા ઉચ નીચપણાનો વ્યવહાર રહેતો નથી

૮ **અનંત વીર્ય**—અતરાયકર્મનો ક્ષય થવાથી અનત દાન, અનત લાભ, અનત ભોગ, અનત ઉપભોગ અને અનંત વીર્ય—શક્તિ પ્રાપ્ત થાય છે-સમસ્ત લોકને અલોક અને અલોકને લોક કરી શકે તેવી

શક્તિ સ્વાભાવિક સિદ્ધમા રહેલ છે, છતા તેવુ વીર્ય કદી ફેરવતા નથી અ ને ફેરવશે નહિ કેમકે પુદ્‌ગલ સાથેની પ્રવૃત્તિ એ તેમનો ધર્મ નથી એ ગુણથી-પોતાના આત્મિક ગુણોને છે તેવાને તેવા રૂપે ધારી રાખે, ફેરફાર થવા દે નહિ

પાચ આચારને પાળે અને બીજાને પળાવે એવા અને વળી ધર્મના નાયક છે તે **આચાર્ય** મહારાજાના છત્રીશ ગુણો છે તે નીચે પ્રમાણે

૧ સ્પર્શનેદ્રિય (ત્વચા-શરીર) ૨ રસનેદ્રિય (જીભ) ૩ ઘ્રાણેદ્રિય (નાક) ૪ નેત્રેદ્રિય (આખ) અને ૫ શ્રોતેદ્રિય (કાન) એ પાચ ઇંદ્રિયના ત્રેવીશ વિષયોમા મન ગમતા ઉપર રાગ અને અણગમતા ઉપર દ્વેષ આચાર્ય મહારાજ કરે નહિ

બ્રહ્મચર્યની નવ પ્રકારની ગુપ્તિ એટલે શીયલની નવ વાડોને જાળવી રાખે ક્ષેત્રનુ જેમ વાડથી રક્ષણ થાય છે તેમ આ નવ વાડોથી શીયળનુ રક્ષણ થાય છે

૧ સ્ત્રી પશુ નપુસક જ્યા ન હોય ત્યા વસે

૨ સ્ત્રીની સાથે રાગથી વાતો કરે નહિ

૩ સ્ત્રી બેઠી હોય તે આસને પુરૂષ બે ઘડી સુધી બેસે નહિ અને પુરૂષ બેઠો હોય તે આસને સ્ત્રી ત્રણ પહોર સુધી બેસે નહિ

૪ રાગ વડે સ્ત્રીના અગોપાગ જૂએ નહિ

૫ સ્ત્રી પુરૂષ સુતા હોય અગર કામભોગની વાત કરતા હોય ત્યા ભીતના આતરે રહે નહિ

૬ અગાઉ ભોગવેલા વિષયાદિને સભારે નહિ

૭ સ્નિગ્ધ આહાર કરે નહિ

૮ નીરસ એવો પણ અધિક આહાર કરે નહિ

૯ શરીરની શોભા ટાપટીપ કરે નહિ

સસારની પરપરા જેનાથી વધે તે **કષાય** તેના ચાર પ્રકાર છે ૧ ક્રોધ

ન નમસ્કાર થાઓ, શ્રી ઉપાધ્યાય (મહારાજ) ને નમસ્કાર

૨ માન, ૩ માયા અને ૪ લોભ એ ચાર કષાય આચાર્ય મહારાજ કરે નહિ.

મહાવ્રત એટલે મોટા વ્રત પાળવામા આકરા હોય તે **મહાવ્રત** પાચ છે

૧ **પ્રાણાતિપાત વિરમણ**-કોઇ જીવનો વધ કરવો નહિ

૨ **મૃષાવાદ વિરમણ**-ગમે તેવુ કષ્ટ આવી પડે તેમ હોય તોપણ અસત્ય વચન બોલવુ નહિ

૩ **અદત્તાદાન વિરમણ**—કોઇની અણ આપેલી નજીવી ચીજ પણ લેવી નહિ

૪ **મૈથુનવિરમણ**—મન વચન કાયાએ કરીને બ્રહ્મચર્ય પાળવુ વિષય સુખ ભોગવવા નહિ.

૫ **પરિગ્રહ વિરમણ**—કોઇપણ વસ્તુનો સગ્રહ કરવો નહિ તેમજ ધર્મોપકરણ પુસ્તક આદિ વસ્તુ પોતાની પાસે હોય તેના ઉપર મૂર્ચ્છા રાખવી નહિ. એ પાચ મહાવ્રત સાધુ મુનિરાજ પાળે છે

આચાર્ય મહારાજ જે પાચ આચારને પાળે છે તે આ પ્રમાણે-

૧ **જ્ઞાનાચાર**—જ્ઞાન ભણે ભણાવે, લખે લખાવે, જ્ઞાન ભડાર કરે કરાવે, ભણનારને સહાય આપે.

૨ **દર્શનાચાર**—શુદ્ધ સમ્યકત્વને પોતે પાળે, બીજાને પળાવે અને પડતાને સમજાવી સ્થીર કરે

૩ **ચારિત્રાચાર**—પોતે શુદ્ધ ચારિત્ર પાળે બીજાને પળાવે અને પાળનારને અનુમોદે

૪ **તપાચાર**—૬ બાહ્ય અને ૬ અભ્યંતર એમ બાર પ્રકારનો તપ પોતે કરે, કરાવે અને કરતાને અનુમોદન આપે.

૫ **વીર્યાચાર**—ધર્માનુષ્ટાન (ધર્મક્રિયા) કરવામા છતી શક્તિ ગોપવે નહિ તથા તમામ આચાર પાળવામાં વીર્ય શક્તિ સપૂર્ણ રીતે ફોરવે તે

ચારિત્ર ધર્મની રક્ષાને અર્થે મુનિને પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિરૂપી

થાઓ, (અઢીદ્વીપ પ્રમાણુ) લોકક્ષેત્રમધ્યેના સર્વ (પ્રકારના) સાધુઓને

આઠ પ્રવચનની માતાને પાળવાની જરૂર છે તે આ પ્રમાણે-

૧ **ઇર્યાસમિતિ**-સાડા ત્રણ હાથ મો આગળ દૃષ્ટિ નીચી રાખી-
ને ચાલવુ.

૨ **ભાષાસમિતિ**—સાવદ્ય વચન બોલવુ નહિ.

૩ **એષણાસમિતિ**—અપ્રાસુક આહાર પાણી આદિ વહોરવા નહિ

૪ **આદાન નિક્ષેપણસમિતિ**—વસ્ત્ર પાત્ર અણપુજી ભૂમિ ઉપર
લેવુ મૂકવુ નહિ

૫ **પારિષ્ઠાપનિકા સમિતિ**—મલ મૂત્ર અણપુજી જીવાકુલ ભૂમિએ
પરઠવવુ નહિ.

૧ **મનગુપ્તિ**—મનમા આર્ત રૌદ્ર ધ્યાન ધ્યાવા નહિ

૨ **વચનગુપ્તિ**—નિરવદ્ય વચન પણ કારણ વિના બોલવા નહિ

૩ **કાયગુપ્તિ**—શરીર અણપડિલેહ્યુ હલાવવુ નહિ

પાચ ઇંદ્રિયના વિષયને સવરનાર તેથી ૫ ગુણ, નવ પ્રકારની બ્રહ્મચર્યની ગુપ્તિને ધારણ કરનાર તેથી નવ, ચાર પ્રકારના કષાયરહિત તેથી ચાર, પાચ મહાવ્રતના પાચ, આચારના ૫, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ મળી અષ્ટ પ્રવચન માતાના આઠ, એમ સર્વ મળીને છત્રીશ ગુણ આચાર્ય મહારાજના થયા

સિદ્ધાત ભણે તથા બીજાઓને ભણાવે તે **ઉપાધ્યાય-પાઠક-વાચક** તેના ગુણ ૨૫ —

૧ આચારાગ ૨ સૂયગડાગ ૩ ઠાણાગ ૪ સમવાયાગ ૫ ભગવતી ૬ જ્ઞાતા-ધર્મકથા ૭ ઉપાશક દશાગ ૮ અતગડ ૯ અનુત્તરોવવાઇ ૧૦ પ્રશ્ન વ્યાકરણ અને ૧૧ વિપાક એ અગ્યાર અંગ અને ૧ ઉવવાઇ ૨ રાયપસેણી ૩ જીવાભિ-ગમ ૪ પન્નવણા ૫ જબૂદ્વીપ પન્નતિ ૬ ચદપન્નતિ ૭ સૂરપન્નત્તિ ૮ કપ્પિયા ૯ કપ્પવડસિયા ૧૦ પુપ્ફિયા ૧૧ પુપ્ફચૂલિયા અને ૧૨ વન્હિ-

નમસ્કારથાઓ, એ પાંચ નમસ્કાર, સર્વ પાપના નાશ કરનાર છે. વળી સર્વ મંગલોમાં, પ્રથમ મંગલ (કલ્યાણરૂપ) છે.

પદ (૯) સંપદા (૮) ગુરૂ (૭) લઘુ (૬૧) સર્વવર્ણ (૬૮).

ઇતિ નવકાર સૂત્ર. ૧

દશાંગ એ બાર ઉપાંગને ભણે ભણાવે તેથી ૨૩ ગુણ થયા. ૨૪ ચરણસિતરિ અને ૨૫ કરણસિતરિને પાળે એમ ૨૫ ગુણો થયા.

મોક્ષ માર્ગ સાધવા માટે યત્ન કરે તે સાધુ તેના ગુણ ૨૭ તે આ પ્રમાણે જાણવા.

૧ પ્રાણાતિપાત વિરમણ ૨ મૃષાવાદ વિરમણ ૩ અદત્તાદાન વિરમણ ૪ મૈથુન વિરમણ અને ૫ પરિગ્રહ વિરમણ એ પાચ મહાવ્રત અને ૬ રાત્રિ ભોજન વિરમણ એ ૭ વ્રતને પાળે તેથી ૭ ગુણ ૭ થી ૧૨ પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય અને ત્રસકાય એ છકાયની રક્ષા કરે તેથી ૭ ગુણ ૧૩ થી ૧૭ પાચ ઇંદ્રિયનો નિગ્રહ કરે એટલે તેના વિષયવિકારોને રોકે તેથી પાચ ગુણ ૧૮ લોભનો નિગ્રહ ૧૯ ક્ષમાનુ ધારણ કરવુ ૨૦ ચિત્તની નિર્મળતા રાખવી ૨૧ વિશુદ્ધ રીતે વસ્ત્રની પડિલેહણા કરવી ૨૨ સયમ યોગમા પ્રવૃત્ત રહેવુ (૫ સમિતિ ૩ ગુપ્તિ આદરવા, નિદ્રા, વિકથા અને અવિવેક ત્યજવા) ૨૩ અકુશળ મનનો સરોધ એટલે માઠા માર્ગે જતા મનને રોકવુ ૨૪ અકુશળ વચન સરોધ ૨૫ અકુશળ કાયાનો સરોધ ૨૬ શીતાદિ પરીસહ સહન કરવા અને ૨૭ મરણાદિ ઉપસર્ગ સહેવા એમ ૨૭ થયા

એ પ્રકારે અરિહતના ૧૨, સિદ્ધના ૮, આચાર્યના ૩૬, ઉપાધ્યાયના ૨૫, અને સાધુના ૨૭ મળી કુલ્લે ૧૦૮ ગુણ પચપરમેષ્ટિના જાણવા.

अथ पंचिंदिअ.

पंचेन्द्रियसंवरणः तथा नवविधब्रह्मचर्यगुप्तिधरः

पंचिंदिअसंवरणो तह नवविहबंभचेरगुत्तिधरो ।

પાંચ ઇંદ્રિયોને સંવરનાર, તેમજ નવ પ્રકારની બ્રહ્મચર્ય ગુપ્તિના ધરનાર,

चतुर्विधकषायमुक्त इति अष्टादशभिर्गुणैः संयुक्तः ।१।

चउविहकसायमुक्को इअ अट्ठारसगुणेहिं संजुत्तो ।१।

ચાર પ્રકારના કષાયે રહિત, એમ અઢાર ગુણોએ સહિત ।૧।

पंचमहाव्रतयुक्तः पंचविधाचारपालनसमर्थः

पंचमहव्वयजुत्तो पंचविहायारपालणसमत्थो ।

પાંચ મહાવ્રત સહિત, પાંચ પ્રકારના આચાર પાળવામાં સમર્થ,

पंचसमितः त्रिगुप्तः षट्त्रिंशद्गुणो गुरुर्मम ।२।

पंचसमिओ तिगुत्तो छत्तीसगुणो गुरू मज्झ ।२।

પાંચ સમિતિવાળા, ત્રણગુપ્તિવાળા, [1]છત્રીશગુણવાળા ગુરૂ મારા ।૨।

અર્થ—પાચ ઇંદ્રિયો (ના વિષયો) ને રોકનાર, તથા નવપ્રકારની બ્રહ્મચર્યની ગુપ્તિના ધરનાર, ચાર પ્રકારના કષાયથી મુક્ત, એ અઢાર ગુણોએ સહિત. ૧ પાચ મહાવ્રતે યુક્ત, પાચ પ્રકારના આચાર પાળવાને સમર્થ, પાચ સમિતિ એ સમિતા (અને)

૧ આ છત્રીસ ગુણોનુ વર્ણન નવકારની ફુટનોટમાંથી જોઇ લેવુ.

ત્રણ ગુપ્તિએ ગુપ્ત, (એ) છત્રીશ ગુણોએ સહિત (તે) મારા ગુરૂ (છે)

પદ (૮) ગાથા (૨) ગુરૂ (૧૦) લઘુ (૭૦) સર્વવર્ણ (૮૦)

ઇતિ પંચિંદિઅ સૂત્ર.[२]

अथ खमासमण वा प्रणिपातसूत्र.

इच्छामि क्षमाश्रमण वंदितुं यापनीयया

इच्छामि खमासमणो वंदिउं जावणिज्जाए

ઇચ્છુછું હે [२]ક્ષમાશ્રમણ! વાંદવાને શક્તિ મુજબ

नैषेधिक्या मस्तकेन वंदे

निसीहियाए मत्थएण वंदामि ॥

અન્ય વ્યાપાર તજી મસ્તકે કરી વાંદું છું.

અર્થ—હે ક્ષમા શ્રમણ ! મારા શરીરની શક્તિ સહિત તથા પાપવ્યાપાર તજીને (આપના ચરણકમલને) વાંદવાને ઈચ્છું છુ (અને) મસ્તકે કરી વાદુ છુ ૩

ગુરૂ (૩) લઘુ (૨૫) સર્વવર્ણ (૨૮)

॥ अथ सुगुरुने शाता सुखपृच्छा ॥

॥ इच्छकार, सुहराइ, सुहदेवसि, [१]सुखतप, शरीर निराबाध, सुख संजमजात्रा, निर्वहोछो जी,

---

૧ હે ક્ષમાસહિત તપસ્વી મુનિરાજ

स्वामी शाता छेजी? ज्ञात पाणीनो लाज्न देजो जी ॥ ४ ॥ इति.

અર્થ—(હે ગુરૂજી !) આપ સુખે રાત્રિ, સુખે દિવસ, સુખે તપશ્ચર્યામા, શરીર સંબંધી રોગરહિતપણામા, સુખે સંયમ યાત્રામા પ્રવર્ત્તા છો જી એમ ઇચ્છુછું. સ્વામી શાતા છે જી ? ભાત પાણીનો લાભ દેજો જી. ૪ ઇતિ.

अथ इरियावहि.

इच्छाकारेण संदिश हे भगवन्! ईर्यापथिकीं प्रतिक्रामामि

इछाकारेण संदिसह जगवन् इरियावहियं पमि्कमामि।

ઇચ્છાથી આજ્ઞા આપો! હે ભગવન્ ચાલતાં લાગેલા પાપને પડિક્કમુ.

અર્થ—આપની ઇચ્છાપૂર્વક હે જ્ઞાનવંત? (પૂજ્ય ?) આદેશ આપો તો ચાલવાના માર્ગમા જે પાપ લાગ્યું તે પાપથી નિવર્તું,-પ્રતિક્રમુ ! ત્યારે ગુરૂ આદેશ આપે કે પ્રતિક્રમો, પછી શિષ્ય કહે કે—

इच्छामि । इच्छामि प्रतिक्रमितुं ईर्यापथिक्या विराधनायाः ।

[1]इछं। इछामि पमिक्कमिउं। इरियावहियाए विराहणाए।

ઇચ્છુંછું ઇચ્છુંછું પડિક્કમવાને ચાલવાદિકે લાગેલી વિરાધનાને.

१ गुरोरादेशस्वीकारार्थमिदं वचनम्.

અર્થ—આપની આજ્ઞા પ્રમાણ છે. હું પાપ થકી નિવર્ત્ત-વાને ઇચ્છુંછું, ૧. જવા આવવાના માર્ગમા તથા સાધુ શ્રાવકના માર્ગમા જે વિરાધના (પાપ યુક્ત ક્રિયા) થઇ હોય. ૨ જેમકે

गमनागमने प्राणाक्रमणे बीजाक्रमणे हरिताक्रमणे

गमणागमणे । पाणक्कमणे बीअक्कमणे हरियक्कमणे

જતાં આવતાં, બે ઇંદ્રિય આદિને ચાંપતાં, બીજ ચાંપતાં, લીલું ઘાસ ચાંપતાં,

अवश्यायोत्तिंगपनकोदकमृत्तिकामर्कटसंतानसंक्रमणे

उसाउत्तिंगपणगदगमट्टीमक्कडासंताणासंकमणे ।

ઝાકળ કીડિનાં દર લીલફુલ પાણિ માટી કરોલિયાનાં ઘરને ચાંપવા-ભાંગવાદ્વારા.

અર્થ—એક સ્થાનકથી બીજે સ્થાનકે જતા આવતા, ૩ (બે ત્રણ અને ચાર ઇંદ્રિયવાળા) જીવોને પગેકરી ચાંપવાથી, ધાન્યના બીજને ચાપવાથી, લીલી વનસ્પતિને ચાપવાથી, આ-કાશમાંથી પડતા ઠારને, કીડીયોના નાગરાંને, પાચવર્ણી નીલ ફૂલને સચિત્ત માટીયુકત સચિત્ત પાણીને, કરોળીઆની જાળને પગે કરી ચાંપવાથી વા મસળવાથી, ૪

ये मया जीवा विराधिताः ।

जे मे जीवा विराहिया ।

જે મેં જીવો વિરાધ્યા.

અર્થ--જે જીવોની મેં વિરાધના કરી હોય અર્થાત જે જીવોને દુઃખી કર્યા હોય, ૫

તે કયા જીવો.

एकेन्द्रिया द्वीन्द्रियास्त्रीन्द्रियाः चतुरिन्द्रियाः पंचेन्द्रियाः।

एगिंदिया बेइंदिया तेइंदिया चउरिंदिया पंचिंदिया।

એકેંદ્રિય, બે ઇંદ્રિય, તે ઇંદ્રિય, ચઉરિંદ્રિય પંચેંદ્રિય.

અર્થ—એક ઇંદ્રિયવાળા, બે ઇંદ્રિયવાળા, ત્રણ ઇંદ્રિયવાળા, ચાર ઇંદ્રિયવાળા, પાચ ઇંદ્રિયવાળા, ૬

તેઓને કેવી રીતે વિરાધ્યા ?

अभिहता वर्त्तिताः श्लेषिताः

अभिहया वत्तिया लेसिया

લાતેમાર્યા, ધુલેઢાંકયા, ભૂમિસાથે ઘસ્યા,

संघातिताः संघट्टिताः परितापिताः क्लामिताः

संघाइया संघट्टिया परियाविया किलामिया

એકઠા કર્યા, સંઘટ્યા, પરિતાપ્યા, ખેદ પમાડ્યા,

अवद्राविताः स्थानात् स्थानं संक्रामिता जीवितात्

उद्दविया ठाणाउ ठाणं संकामिया जीवियाउ

ત્રાસ પમાડયા, એક ઠેકાણેથી બીજે ઠેકાણે મૂકયા, જીવિતથી

व्यपरोपिताः तस्य मिथ्या मम (मिथ्या करोमि) दुष्कृतम्

ववरोविया तस्स मिच्छामि दुक्कडं. ॥

માર્યા તે પાપનો મિચ્છામિ દુક્કડ (હો).

અર્થ—લાતેમાર્યાહોય, ધળેકરીઢાકયાહોય, ભૂમિસાથે

મસળ્યા હોય, માહોમાહે શરીરે શરીરે એકઠા કર્યા હોય, થોડા સ્પર્શથી દુહવ્યા હોય, પરિતાપ ઉપજાવ્યો હોય, મૃતપ્રાય કીધા હોય, ત્રાસ પમાડયા હોય, એક સ્થાનકથી બીજે સ્થાનકે મૂકયા હોય, જીવિતવ્યથી જુદા કર્યા હોય, તે સંબંધી જે પાપ લાગ્યું હોય તે પાપ મારૂં નિષ્ફળ થાઓ ! ૭

પદ (૨૧) સંપદા (૮) ગુરૂ (૧૪) લઘુ (૧૩૬) સર્વવર્ણ (૧૫૦)

ઇતિ ઇરિયાવહિયં સૂત્ર. ૫

अथ तस्स उत्तरी.

तस्य उत्तरीकरणेन प्रायश्चित्तकरणेन विशुद्धीकरणेन

तस्स उत्तरीकरणेणं पायच्छित्तकरणेणं विसोहीकरणेणं

તેની શુદ્ધિ માટે પ્રાયશ્ચિત્ત કરવાએ કરી, વિશુદ્ધિએ કરી,

विशल्यीकरणेन पापानां कर्म्मणां निघातनार्थाय (निघातनार्थम्)

विसल्लीकरणेणं पावाणं कम्माणं निग्घायणट्ठाए

શલ્યરહિતપણે, અશુભ કર્મોને નાશ કરવા

करोमि कायोत्सर्गम् ॥

ठामि काउस्सग्गं ॥

કરૂં છું કાઉસ્સગ્ગ.

અર્થ—[1]તેને વિશેષ શુદ્ધ કરવાને, ગુરૂ પાસે આલોયણા કરવાએ કરી આત્માના અંતરમેલને ટાળવાએ કરી આત્માને શલ્યથી

---

૧ પાપથી લેપાયેલ આત્મા ઇરિયાવહીથી શુદ્ધ થયેલ હોય છતાં પણ જેટલો અશુદ્ધ રહ્યો હોય તેને વિશેષ શુદ્ધ કરવાને

રહિત કરવાએ કરી અને તેથી સર્વ પાપકર્મોનું ઉચ્છેદન કરવાને માટે હું કાયવ્યાપારના ત્યાગ કરવારૂપ કાઉસ્સગ્ગ કરૂં છું. ૮ ઇતિ

પદ (૬) સંપદા (૧) ગુરૂ (૧૦) લઘુ (૩૯) સર્વવર્ણ (૪૯)

*अथ अन्नत्थ ऊससिएणं.

अन्यत्र उच्छ्वसितात् निःश्वसितात् कासितात् क्षुतात्

अन्नत्थ ऊससिएणं नीससिएणं खासिएणं छीएणं

શિવાય ઉંચો શ્વાસ, નીચો શ્વાસ, ખાંસી, છીંક,

* આ સૂત્રવડે કરવાનો કાઉસ્સગ્ગ ૧૯ દોષ વર્જીને કરવાનો છે તે દોષ આ પ્રમાણે—

૧ ઘોડાની પેઠે એક પગ ઉંચો રાખે, વાંકો પગ રાખે તે **घोटकदोष**

૨ જેમ વાયરાથી વેલડી હાલે તેમ શરીરને ધુણાવે તે **लतादोष**

૩ થાભલા પ્રમુખને આઠીગણ દઇ રહે તે **स्तंभादि दोष**

૪ ઉપર મેડી અથવા માળ હોય તેને મસ્તક ટેકાવી રહે તે **मालदोष**

૫ ગાડાની ઉધની પેઠે અંગુઠા તથા પાની મેળવીને પગ રાખે તે **उधिदोष**

૬ નિગડ (બેડી)મા પગ નાખ્યાની પેઠે પગ પહોળા રાખે તે **निगडदोष**

૭ નગ્ન ભિલ્લડીની પેરે ગુહ્ય સ્થાને હાથ રાખે તે **शबरिदोष**

૮ ઘોડાના ચોકડાની પેરે હાથ રજોહરણ યુક્ત આગળ રાખે તે **खलिणदोष**

૯ નવ પરણીત વધૂની પેરે માથુ નીચુ રાખે તે **वधूदोष**

૧૦ નાભિની ઉપર અને ઢીચણથી નીચે લાબુ વસ્ત્ર રાખે તે **लंबोत्तरदोष**

૧૧ ડાંસ મસાના ભયથી, અજ્ઞાનથી અથવા લજ્જાથી હૃદયને આચ્છાદન કરી સ્ત્રીની પેરે ઢાકી રાખે તે **स्तनदोष**

૧૨ શીતાદિકના ભયથી સાધ્વીની જેમ બને સ્કંધ ઢાકી રાખે એટલે સમગ્ર શરીર આચ્છાદિત રાખે તે **संयतिदोष**.

जृम्भितात् उद्गारितात् वातनिसर्गात् भ्रमर्या (अकस्माद्देहभ्रमेण)

जंभाइएणं उड्डुएणं वायनिसग्गेणं भमलीए

બગાસું, ઓડકાર, વાછુટ, ચકરી,

पित्तमूर्च्छया ।

पित्तमुच्छाए।

પિત્તનો ઉછાળો,

અર્થ—જે આગારોનુ વર્ણન કરૂં છું તે શિવાયના બીજે સ્થાનકે (કાયવ્યાપારનો ત્યાગ કરૂં છું.) તે બાર આગારોનાં નામ

ઉચોશ્વાસ લેવાવડે, નીચોશ્વાસ મૂકવાવડે, ઉધરસ આવવાથી, છીંક આવવાથી, બગાસુ આવવાથી, ઓડકાર આવવાથી, વા સંચરવાથી, ચકરી આવવાથી, પિત્તના પ્રકોપથી, ૧

सूक्ष्मैः अंगसंचालैः सूक्ष्मैः श्लेष्मसंचालैः

सुहुमेहिं अंगसंचालेहिं सुहुमेहिं खेलसंचालेहिं

સૂક્ષ્મ શરીરનું હાલવું, સૂક્ષ્મ શ્લેષ્મ (બળખા)નુ હાલવું

---

૧૩ આલાવો ગણવાને અર્થે અથવા કાયોત્સર્ગની સંખ્યા ગણવાને અંગુલી તથા પાંપણના ચાળા કરે તે **भमुहंगुलीदोष.**

૧૪ કાગડાની પેરે ડોળા ફેરવે તે **वायसदोष.**

૧૫ પહેરેલા વસ્ત્ર યૂકા અથવા પ્રસ્વેદે કરી મલીન થવાના ભયથી કોઠની પેરે ગોપવી રાખે તે **कपित्थ दोष.**

૧૬ યક્ષાવેશિતની પેરે માથુ ધૂણાવે તે **शिरकंपदोष.**

૧૭ મુગાની પેરે હુ હુ કરે તે **मूकदोष.**

૧૮ આલાવો ગણતા મદિરાનીપરે બડબડાટ કરે તે **मदिरादोष.**

૧૯ વાનરની પરે આસપાસ જોયા કરે, ઓષ્ઠ પુટ ચલાવે તે **प्रेक्ष्यदोष.**

सूक्ष्मैः दृष्टिसंचालैः । एवमादिभिः आकारैः ।

सुहुमेहिं दिट्ठिसंचालेहिं एवमाइएहिं आगारेहिं ।

સુક્ષ્મ નેત્રનું ચલાયમાન થવું, એ આદિ અપવાદોવડે,

अभग्नः अविराधितः भवतु मम कायोत्सर्गः

अभग्गो अविराहिउ हुज्ज मे काउस्सग्गो

નહિ ભાંગેલો નહીં વિરાધેલો હોય મારો કાઉસગ્ગ,

અર્થ—સૂક્ષ્મશરીરનો સંચાર થવાથી, સૂક્ષ્મ થુંક અથવા કફ ગળવાથી, સૂક્ષ્મદૃષ્ટિના સંચારથી ૨. પૂર્વોક્ત આગારો વિગેરે બીજા[૧](પણુચાર) આગારોથી, મારો કાયોત્સર્ગ, અખંડિત, અવિરાધિત, હોજો ! ૩

(કયાં સુધી ?)

यावत् अर्हतां भगवतां नमस्कारेण न पारयामि

जाव अरिहंताणं भगवंताणं नमुक्कारेणं न पारेमि

જ્યાં સુધી અરિહંત ભગવંતોને નમસ્કાર કરવાએ કરી, ન પારું,

---

૧. અગ્નિના ઉપદ્રવથી બીજે સ્થાનકે જવુ પડે, તથા વીજળીના પ્રકાશથી વસ્ત્રાદિ ઓઢવા પડે ૨ બિલાડી, ઉંદર વિગેરે આડા ઉતરતા હોય, તથા પંચેંદ્રિય જીવનુ છેદન ભેદન થતુ હોય તો બીજે સ્થાનકે જવું પડે ૩ અકસ્માત્ ચોરની ધાડ આવી પડે તેથી અથવા રાજાદિના ભયથી બીજે સ્થાનકે જવુ પડે ૪ સિંહ વિગેરે ઉપદ્રવ કરતા હોય, અથવા તો સર્પાદિક ડશ કરતા હોય, અથવા ભીંત પડે તેવી હોય તો બીજે સ્થાનકે જવુ પડે

અર્થ—જ્યાં સુધી અરિહંત ભગવાનને નમસ્કાર કરવા વડે ન પારૂં, ૪

तावत् कायं स्थानेन मौनेन ध्यानेन आत्मीयं व्युत्सृजामि

ताव कायं ठाणेणं मोणेणं झाणेणं अप्पाणं वोसिरामि.

ત્યાં સુધી, શરીરને, સ્થિર ઉભું રહેવાએ કરી, મૌને કરી, ધ્યાને કરી, પોતાની (કાયને) વોસરાવું છું.

અર્થ—ત્યા સુધી પોતાની કાયાને, સ્થાનકવડે, મૌન રેહેવા-વડે (અને) ધ્યાનવડે (પાપક્રિયાથી) વોસિરાવું છું. ૫ ઇતિ. સૂત્ર. ૬

પદ (૨૮) સંપદા (૫) ગુરૂ (૧૩) લઘુ (૧૨૭) સર્વવર્ણ (૧૪૦)

अथ लोगस्स वा नामस्तव.

लोकस्य उद्योतकरान् धर्म्मतीर्थकरान् जिनान्

लोगस्स उज्जोअगरे, धम्मतित्थयरे जिणे ।

લોકને પ્રકાશનાર ધર્મ્મ તીર્થંકર જિન

अर्हतः कीर्त्तयिष्यामि चतुर्विंशतिमपि केवलिनः

अरिहंते कित्तइस्सं, चउवीसंपि केवली । १ ।

અરિહંતને સ્તવું છું. ચોવિશે કેવલિ

અર્થ —લોકને (કેવળજ્ઞાન વડે) ઉદ્યોતના કરનારા, ધર્મતીર્થના કરનારા, (રાગદ્વેષના) જિતનારા, કર્મશત્રુને નાશ

કરનારા (અને) કેવળજ્ઞાની એવા ચોવીશે[1] તીર્થંકરો અને બીજાઓનું પણ કીર્તન કરીશ. ૧

ऋषभमजितं च वंदे संभवमभिनंदनं च सुमतिं च

उसन्नमजियं च वंदे, संन्नवमन्निणंदणं च सुमइं च ।

ઋષભદેવને અને અજિતનાથને વાંદુંછું. સંભવનાથને, અભિનંદનજીને અને સુમતિનાથને અને

---

૧ શ્રી **ઋષભદેવ**નો જન્મ વિનિતાનગરીમા થયો, તેમના **નાભિરાજા** પિતા અને **મરૂદેવી** માતા હતા. બધા તીર્થંકરોની માતાઓ પહેલા સ્વપ્ને સિહ દેખે પણ મરૂદેવા માતાએ પ્રથમ વૃષભ દીઠા, એવો ગર્ભનો મહિમા જાણી તેમનુ શ્રી ઋષભદેવ નામ રાખ્યુ, તથા ધર્મની આદિના પ્રવર્તાવનાર તેથી બીજુ **આ**દિનાથ નામ પણ કહીયે તેમનુ પાચશે ધનુષ્ય પ્રમાણ શરીર અને ચોરાશી લાખ પૂર્વનુ આયુષ્ય હતુ તેઓ સુવર્ણ વર્ણવાળા અને વૃષભ લાછનવાળા હતા તેમને સો પુત્ર હતા મોટાનુ નામ ભરત હતુ તેને આરિસાભુવનમા કેવળજ્ઞાન થયુ હતુ અને ૯૯ પુત્રો દીક્ષા લઇ કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા હતા

શ્રી અજિતનાથ અયોધ્યાનગરીમા જન્મ્યા, તેમના પિતા જીતશત્રુ રાજા અને તેમની માતાનુ નામ વિજયારાણી હતુ. તે રાજા રાણી પ્રથમ પાસાબાજી રમતા ત્યારે રાણી હારી જતી અને રાજાની જીત થતી હતી અને ભગવત ગર્ભે આવ્યા પછી રાણી જીતે અને રાજા હારે, એવો ગર્ભનો મહિમા જાણીને અજિતનાથ નામ દીધુ તેમનુ સાડાચારશે ધનુષ્ય પ્રમાણ શરીર, બહોંતેર લાખ પૂર્વનુ આયુ, સુવર્ણવર્ણ, અને લાછન હાથીનુ હતુ

શ્રી સંભવનાથનો શ્રાવસ્તિ નગરીમાં જન્મ હતો અને તેમના પિતા જીતારી રાજા અને સેના રાણી માતા હતાં દેશમા દુકાળ હતો, છતાં ભગવત ગર્ભે આવ્યાથી અણુચિંતવ્યો પૃથ્વીમા ધાન્યનો સભવ થયો, તેથી સભવનાથ નામ દીધુ. તેમનુ ચારસો ધનુષ્ય પ્રમાણ શરીર અને સાઠ લાખ પૂર્વનુ આયુ હતું. તેઓ સુવર્ણ વર્ણવાળા તથા લાંછન ઘોડાનુ હતું.

पद्मप्रभं सुपार्श्वं जिणं च चन्द्रप्रभं वंदे

पउमप्पहं सुपासं, जिणं च चंदप्पहं वंदे । २ ।

પદ્મપ્રભુને, સુપાર્શ્વનાથ જિનને અને ચંદ્રપ્રભુને વાંદુ છું.

અર્થ—(શ્રી) રીષભદેવ તથા અજિતનાથને વાંદું છું,

શ્રી અભિનંદન સ્વામીનો અયોધ્યા નગરીમા જન્મ હતો અને તેમના પિતા સવર રાજા અને સિદ્ધાર્થા રાણી માતા હતા ભગવત ગર્ભે આવ્યા પછી ઇંદ્રમહારાજ આવીને ભગવતની માતાને ઘણીવાર સ્તવી જતા હતા તે વારે રાજાપ્રમુખે જાણ્યું જે એ ગર્ભનોજ મહિમા છે. માટે અભિનદન નામ દીધુ સાડા ત્રણુશે ધનુષ્ય પ્રમાણ શરીર તથા પચાસ લાખ પૂર્વનુ આયુષ્ય હતુ લાછન વાનરનુ અને સુવર્ણ વર્ણવાળા હતા

શ્રી સુમતિનાથનો અયોધ્યા નગરીમા જન્મ હતો, તેમના પિતા મેઘરથ રાજા અને સુમગલા માતા હતા પ્રભુ ગર્ભમા રહ્યા પછી–તે ગામમા એક વણિકની બે સ્ત્રીઓ હતી, તેમા ન્હાનીને પુત્ર હતો અને મહોટી વધ્યા હતી, પણ તે છોકરાનુ પ્રતિપાલન બન્ને માતાઓ કરતી હતી એમ કરતા તે વાણીયો જ્યારે મરણ પામ્યો ત્યારે મહોટી સ્ત્રી ધનની લાલચે કહેવા લાગી જે "પુત્ર મારો છે, માટે જેનો પુત્ર હોય, તેનુ ધન થાય" તેમજ ન્હાનીનો તો દીકરો હતો તેથી તેણે કહ્યુ કે "એ પુત્ર મહારો છે અને ધન પણ મહારૂ છે" એમ બન્ને શોકયોનો ટટો થયો તે વઢતી વઢતી દરબારમા આવી, તે વારે ગર્ભના મહિમાથી રાણીને ચુકાદો કરવાની ભલી બુદ્ધિ ઉત્પન્ન થઇ, તેથી એ બન્નેને રાણીએ કહ્યુ કે "બન્ને મળીને ધન અર્દ્ધો અર્દ્ધ વહેચી લો અને છોકરાના પણ બે ભાગ કરી અર્દ્ધો અર્દ્ધ વહેચી લો!' તે સાભળી નાની સ્ત્રી બોલી કે "મારે દ્રવ્ય જોઇતુ નથી, છોકરાના કાંઇ બે વિભાગ થાય નહિ, એ છોકરો એનો છે તે મહરોજ છે." તે સાભળી રાણી બોલી કે "એ છોકરો ન્હાની સ્ત્રીનો છે. કેમકે પુત્રનું મૃત્યુ

સંભવનાથ, અભિનંદન સ્વામી તથા સુમતિનાથને, પદ્મપ્રભુ, રાગદ્વેષના જિતનારા સુપાર્શ્વનાથ તથા ચંદ્રપ્રભુને વાંદુ છું ૨.

થાય ત્યાંસુધી પણ મ્હોટી સ્ત્રીથી ના કહેવાણી નહી અને ન્હાની સ્ત્રીએ માર વાની મનાઇ કરી, માટે પુત્ર અને ધન એને હવાલે કરો અને મ્હોટી સ્ત્રીને ઘરથી બ્હાર કાઢો " ગર્ભના મહિમાથી ભગવતની માતાને એવી બુદ્ધિ ઉપની તે માટે સુમતિ નામ દીધુ તેમનુ ત્રણુશે ધનુષ્ય પ્રમાણુ શરીર, ચાળીશ લાખ પૂર્વનુ આયુષ્ય, સુવર્ણ વર્ણ તથા લાછન ક્રૌચ પક્ષીનુ હતું.

શ્રી પદ્મપ્રભ સ્વામીનો કૌશાબીનગરીમા જન્મ હતો, તેમના પિતા શ્રીધરરાજા અને સુસીમારાણી માતા હતા ભગવત ગર્ભે આવ્યા પછી માતાને કમલની સજ્જાએ સુવાનો ડોહલો ઉપન્યો (જે દેવતાએ પૂર્ણ કર્યો) તેથી અને ભગવતનુ શરીર પદ્મ (કમલ) સરખુ રક્ત વર્ણે હતુ તેથી પદ્મપ્રભ નામ દીધુ. તેમનુ અઢીશે ધનુષ્ય પ્રમાણુ શરીર, અને ત્રીશ લાખ પૂર્વનુ આયુષ્ય હતુ. લાછન પદ્મનુ હતુ તથા રક્ત વર્ણે હતા

શ્રી સુપાર્શ્વનાથનો વણારસી નગરીમા જન્મ હતો તેમના પિતા સુપ્રતિષ્ઠ રાજા અને પૃથ્વીરાણી માતા હતા માતાના બન્ને પાસા રોગે કરી વ્યાપ્ત હતાં, તે ભગવત ગર્ભે આવ્યા પછી બન્ને પાસા સુવર્ણવર્ણા અને ઘણાં સુકોમળ થયા, માટે સુપાર્શ્વ નામ દીધુ (એક પ્રતમા ભગવતના પિતાના બે પાસા કોઢ રોગવાળા હતા તેને ભગવતની માતાએ હાથ ફેરવ્યાથી સુકુમાળ નિરોગી થયાં એવો પાઠ લખ્યો છે) તેમનુ બશે ધનુષ્યપ્રમાણુ શરીર અને વીશ લાખ પૂર્વ આયુષ્ય હતુ સુવર્ણ વર્ણ અને લાછન સાથીયાનુ હતુ

શ્રી ચંદ્રપ્રભસ્વામી ચદ્રપુરી નગરીમા જન્મ્યા હતા, તેમના પિતા મ્હસેન રાજા અને લક્ષ્મણા રાણી માતા હતા ભગવત ગર્ભે આવ્યા પછી માતાને ચદ્રમાને પાન કરવાનો ડોહોલો ઉપન્યો (જે પ્રધાને બુદ્ધિએ કરી પૂર્ણ કરાવ્યો) એ ગર્ભનો પ્રભાવ જાણી ચદ્રપ્રભ નામ દીધુ તેમનુ એકસો

सुविधिं च पुष्पदन्तं शीतलश्रेयांसवासुपूज्यान् च

सुविहिं च पुप्फदंतं, सीयलसिज्जंसवासुपुज्जं च।

સુવિધિનાથને અને પુષ્પદં- શીતલનાથ, શ્રેયાંસનાથ, વાસુપૂજ્ય-
ત (અથવા) સ્વામિને અને

પચાસ ધનુષ્યપ્રમાણુ શરીર અને દશ લાખ પૂર્વનુ આયુષ્ય હતુ શ્વેત વર્ણ અને લાંછન ચદ્રનુ હતુ.

શ્રી સુવિધિનાથ (એનુ બીજુ નમ પુષ્પદત છે) તેમનો કાકદી નગરીમાં જન્મ હતો, તેમના પિતા સુગ્રીવરાજા અને શામા રાણી માતા હતાં ભગવત ગર્ભે આવ્યા પછી માતા તથા પિતા ભલી વિધિએ કરી ધર્મ કરવા લાગ્યા એવો ગર્ભનો પ્રભાવ જાણી સુવિધિનાથ નામ દીધુ, અને મચકુદના ફૂલની કલી સરખા પ્રભુના ઉજ્વળ દાંત હતા માટે બીજુ પુષ્પદત નામ દીધુ. તેમનુ એકસો ધનુષ્ય પ્રમાણુ શરીર, બે લાખ પૂર્વનુ આયુષ્ય, શ્વેત વર્ણ અને મગરમચ્છનુ લાછન હતુ

શ્રી શીતળનાથનો ભદ્દિલપુર નગરમા જન્મ હતો, તેમના પિતા દઢરથ રાજા અને નદા રાણી માતા હતા પિતાના શરીરે દાહજ્વર થયો હતો તે ભગવત ગર્ભે આવ્યા પછી રાજાના શરીરની ઉપર રાણીએ હાથ ફેરવ્યાથી શીતલતા થઇ, એવો ગર્ભનો મહિમા જાણી શીતળનાથ નામ દીધુ તેમનુ નેવુ ધનુષ્ય પ્રમાણુ શરીર અને એક લાખ પૂર્વનુ આયુષ્ય હતુ સુવર્ણ વર્ણ અને શ્રીવચ્છનું લાછન હતુ

શ્રી શ્રેયાંસજિનનો સિહપુરનગરમા જન્મ હતો, તેમના પિતા વિષ્ણુરાજા અને વિષ્ણુરાણીમાતા હતા કોઇ દેરાસરમા પરંપરાગત દેવતા અધિષ્ટિત સજ્જાની પૂજા થતી હતી તે સજ્જાએ જે બેસે અથવા સુવે તેને ઉપદ્રવ ઉપજે. તે ભગવત ગર્ભે આવ્યા પછી માતાના મનમા આવ્યુ જે દેવ ગુરૂની પ્રતિમાની પૂજા થાય તે તો ખરૂં છે, પણુ સજ્જાની પૂજા તો ક્યાંયે સા

विमलमनंतं च जिनं धर्म्मं शान्तिं च वंदे

विमलमणंतं च जिणं, धम्मं संतिं च वंदामि । ३ ।

વિમલનાથને, અનંતનાથને અને જિન ધર્મનાથને અને શાંતિ-નાથને વાંદું છું.

ભળી નથી, એમ ચિંતવી સજ્જાના રક્ષા કરનાર પુરૂષે મનાઇ કર્યા છતા પણ પ્રભુની માતા તે સજ્જા ઉપર બેઠા તથા સુતા, તે છતા ગર્ભના પ્રભાવથી અધિષ્ઠિત દેવતા ઉપદ્રવ ન કરી શકયો અને સજ્જા મૂકી જતો રહ્યો ત્યાર પછી રાજા પ્રમુખે તે સજ્જા વપરાશમા લીધી એવો ગર્ભનો મહિમા જાણી શ્રેયાસ નામ દીધુ તેમનુ એશી ધનુષ્ય પ્રમાણ શરીર ને ચોરાશી લાખ પૂર્વનુ આયુષ્ય હતુ સુવર્ણ વર્ણ હતો અને લાછન ગેડીનુ હતુ

શ્રી વાસુપૂજય સ્વામીનો ચપાનગરીમા જન્મ હતો તેમનો પિતા વસુપૂજ્યરાજા અને જયારાણી માતા હતા ભગવત ગર્ભે આવ્યા પછી ઇંદ્રમહારાજ વારવાર આવી વસુ એટલે રત્નની વૃષ્ટિ કરી માતા પિતાની પૂજા કરતા તેથી વાસુપૂજ્ય નામ દીધુ તેમનુ સિત્તેર ધનુષ્ય પ્રમાણ શરીર, અને બહોતેર લાખ વર્ષનુ આયુષ્ય હતુ રક્ત વર્ણ અને લાછન પાડાનુ હતુ

શ્રી વિમળનાથનો કપિલપુર નગરમા જન્મ હતો, તેમના પિતા કૃતવર્મરાજા અને શ્યામારાણી માતા હતા ભગવત ગર્ભે આવ્યા પછી તેમના નગરમા કોઇ સ્ત્રીભર્તાર દેહરે આવી ઉતર્યા, ત્યા કોઇ વ્યતરી દેવી રહેતી હતી. તેણે તે પુરૂષનુ સુદર રૂપ દીઠુ, તેથી તેને કામક્રીડા કરવાની અભિલાષા થઇ પછી તેની સ્ત્રીના જેવુ પોતાનુ રૂપ વિકુર્વિ વ્યતરી તેની પાસે સુતી પ્રભાતે બન્ને સ્ત્રી સમાન દેખી પુરૂષે કહ્યુ જે 'આમા મહારી સ્ત્રી કોણ છે ?' ત્યારે પહેલી બોલી કે એ મહારો ભર્ત્તાર છે અને બીજી બોલી કે એ મહારો ભર્ત્તાર છે. એમ વઢતાં વઢતાં સર્વ રાજાપાસે આવ્યાં રાજા તથા પ્રધાન બેહુ સ્ત્રીને સમાન દેખી કોઇ રીતે નિવેડો કરી શકયા નહિ, પણ રાણીએ પુરૂષને

અર્થ—(શ્રી) સુવિધિનાથ (બીજુ નામ) પુષ્પદંતને, શીતલનાથને, શ્રેયાંસનાથને અને વાસુપૂજ્યસ્વામીને, વિમલનાથને, અનંતનાથને અને રાગદ્વેષના જિતનારા ધર્મનાથને તથા શાંતિનાથને હું વંદના કરૂં છું ૩

દૂર ઉભો રાખ્યો અને બન્ને સ્ત્રીઓને પણ દૂર ઉભી રાખીને કહ્યુ કે "જે પોતાના સત્યના પ્રભાવથી ભર્ત્તારને સ્પર્શ કરે, તેનો એ ભર્ત્તાર જાણવો" તે સાભળી વ્યતરીએ દેવશક્તિના પ્રભાવે પોતાનો હાથ લાબો કરી ભર્ત્તારને સ્પર્શ કર્યો તેવોજ રાણીએ તેનો હાથ પકડી લઇને કહ્યુ કે તુ તો વ્યતરી છે, માટે તારે સ્થાનકે જતી રહે ' એવી રીતે ચુકાદો થવાથી વિમળમતિવાળી રાણી કહેવાણી તે ગર્ભનોજ પ્રભાવ જાણી વિમળનાથ નામ દીધુ તેમનુ સાઠ ધનુષ્ય પ્રમાણ શરીર અને સાઠલાખ વર્ષનુ આયુષ્ય જાણવુ સુવર્ણ વર્ણ અને શકર (ભુડ) નુ લાછન જાણવુ.

શ્રી અનંતનાથનો અયોધ્યાનગરીમા જન્મ હતો, તેમના પિતા સિહસેન રાજા અને સુયશા રાણી માતા હતા વળી સ્વપ્નમા જેનો અત ન આવે એવું એક મ્હોટુ ચક્ર ભમતુ રાણીએ આકાશને વિષે દીઠુ અને અનત રત્નની માલા દીઠી તથા અનત ગાઠના દોરા કરી બાધ્યા, તેથી લોકોના તાવ ગયા, એવો ગર્ભનો પ્રભાવ જાણી અનતનાથ નામ દીધુ તેમનુ પચાસ ધનુષ્ય પ્રમાણ શરીર અને ત્રીશલાખ વર્ષનુ આયુષ્ય જાણવુ સુવર્ણ વર્ણ તથા લાંછન સિચાણાનુ જાણવુ

શ્રીધર્મનાથ સ્વામી રત્નપુર નગરમા જન્મ્યા હતા તેમના પિતા ભાનુરાજા અને સુવ્રતા રાણી માતા હતા વળી રાજા રાણીને પૂર્વે ધર્મ ઉપર અલ્પ રાગ હતો તે ભગવત ગર્ભે આવ્યા પછી બન્નેને ધર્મ ઉપર અત્યંત રાગ થયો એવો ગર્ભનો મહિમા જાણી ધર્મનાથ નામ દીધું તેમનુ ૪૫ ધનુષ્ય પ્રમાણ શરીર અને દશ લાખ વર્ષનું આયુષ્ય જાણવુ. સુવર્ણ વર્ણ તથા. લાંછન વજ્રનુ જાણવુ

कुन्थुं अरं च मल्लिं, वंदे मुनिसुव्रतं नमिजिनं च

कुंथुं अरं च मल्लिं, वंदे मुणिसुव्वयं नमिजिणं च ।

કુંથુનાથને, અરનાથ- વાંદું છું. મુનિસુવ્રત સ્વામિને, નમિનાથ
ને અને મલ્લિનાથને જિનને અને

શ્રી શાંતિનાથનો ગજપુર નગરમાં જન્મ હતો. તેમના પિતા વિશ્વસેન રાજા અને અચિરા રાણી માતા હતા વળી તે દેશમા મરકીનો ઉપદ્રવ ઘણો હતો તે ભગવત ગર્ભે આવ્યા પછી માતાએ અમૃત છાંટયુ તેથી મરકીની શાંતિ થઇ. એવા પ્રભાવથી શાતિનાથ નામ દીધુ તેમનુ ચાલીશ ધનુષ્ય પ્રમાણ શરીર અને એક લાખ વર્ષનુ આયુષ્ય જાણવુ સુવર્ણ વર્ણ તથા લાછન મૃગનુ જાણવુ

શ્રી કુંથુનાથનો હસ્તિનાગપુર નગરમા જન્મ હતો અને તેમના પિતા સૂર રાજા અને શ્રી રાણી માતા હતાં વળી ભગવત ગર્ભે આવ્યા પછી માતાજીએ સ્વપ્નમા રત્નનો થુભ પૃથ્વીને વિષે દીઠો તથા શત્રુ હતા તે કુંથુઆની જેવા ન્હાના થયા અથવા કુંથુઆ પ્રમુખ ન્હાના મહોટા જીવોની જયણા દેશમા પ્રવર્તી, તેથી કુંથુનાથ નામ દીધુ તેમનું પાત્રીશ ધનુષ્યનુ શરીર અને પચાણુ હજાર વર્ષનુ આયુષ જાણવુ સુવર્ણ વર્ણ તથા લાછન છાગ (બોકડા) નું જાણવુ

શ્રી અરનાથનો ગજપુર નગરમા જન્મ હતો, તેમના પિતા સુદર્શન રાજા અને દેવી રાણી માતા હતા ભગવત ગર્ભે આવ્યા પછી રાણીએ સ્વપ્નમા રત્નમય આરો તથા થુભ દીઠાં, એવો ગર્ભનો મહિમા જાણી અરનાથ નામ દીધુ તેમનુ ત્રીશ ધનુષ્ય શરીરનુ માન અને ચોરાશી હજાર વર્ષનુ આયુષ્ય જાણવુ સુવર્ણ વર્ણ તથા લાછન નંદ્યાવર્ત્તનુ જાણવુ.

શ્રી મલ્લીનાથ મિથિલાનગરીમા જન્મ્યા હતા તેમના પિતા કુંભરાજા અને પ્રભાવતી રાણી માતા હતા. વળી ભગવત ગર્ભે આવ્યા પછી

वंदे अरिष्टनेमिं पार्श्वं तथा वर्द्धमानं च
वंदामि रिठ्ठनेमिं, पासं तह वद्धमाणं च । ४ ।
વાંદુ છું. નેમિનાથને, પાર્શ્વનાથને તેમજ વર્દ્ધમાન સ્વામિને અને

અર્થ—(શ્રી) કુંથુનાથને તથા અરનાથને, મલ્લિનાથને, મુનિસુવ્રતસ્વામીને તથા રાગદ્વેષના જિતનારા નમિનાથને વાંદું છું. (શ્રી) અરિષ્ટનેમિને તથા પાર્શ્વનાથને અને વર્દ્ધમાન સ્વામિને હું વંદના કરૂં છું. ૪

માતાને એક રાત્રીએ, છએ રૂતુના ફુલની શય્યાએ સુવાનો દોહલો ઉપન્યો તે દેવતાએ પૂર્યો. એવો ગર્ભનો પ્રભાવ જાણી શ્રી **મલ્લીનાથ** નામ દીધુ. તેમનુ પચીશ ધનુષ્ય શરીરનુ માન અને પચાવન હજાર વર્ષનુ આયુષ્ય જાણવું નીલ વર્ણ તથા લાંછન કુંભનુ જાણવુ.

શ્રી મુનિસુવ્રત સ્વામીનો રાજગૃહનગરમા જન્મ હતો, તેમના પિતા સુમિત્ર રાજા અને પદ્મા રાણી માતા હતા. ભગવત ગર્ભે આવ્યા પછી માતાપિતા મુનિરાજની પેરે ભલા બારવ્રત શ્રાવકના સાચવવા લાગ્યા, એવો ગર્ભનો પ્રભાવ જાણી મુનિસુવ્રત નામ દીધુ તેમનુ વીશ ધનુષ્ય શરીરમાન અને ત્રીશહજાર વર્ષનુ આયુષ્ય જાણવુ. કૃષ્ણ વર્ણ તથા લાછન કાચબાનુ જાણવુ

શ્રી નમિજિન મિથિલા નગરીમા જન્મ્યા હતા, તેમના પિતા વિજય રાજા અને વપ્રા રાણી માતા હતા ભગવત ગર્ભે આવ્યા પછી સીમાડિયા રાજા ભગવતના પિતાના શત્રુ હતા તે ચઢી આવ્યા ગામના કિલ્લાને ચારે બાજુ લશ્કરનો પડાવ નાખી વિટી લીધુ રાજાને ઘણી બીક લાગી પણ રાણીએ કિલ્લાઉપર ચઢીને શત્રુઓને વાકી નજરે જોયા રાણીનુ તેજ વૈરી રાજાઓથી ખમાયુ નહિ, તેથી સર્વ આવીને ભગવતની માતાને નમસ્કાર કરી કહેવા લાગ્યા કે અમારા ઉપર સૌમ્યદષ્ટીએ જુઓ. રાણીએ તેમના ઉપર

एवं मया अभिष्टुता विधूतरजोमलाः प्रक्षीणजरामरणाः

एवं मए अभिथुआ, विहुअरयमला पहीणजरमरणा ।

આમ મેં સ્તવ્યા, ક્ષય કર્યાં છે સર્વ કર્મ જેમણે એવા, સર્વથા નાશ પામ્યા છે જરામરણ જેમનાં એવા,

---

સૌમ્ય નજરે જોઈ માથે હાથ મુકયો સર્વ રાજાઓ રાણીને પગે લાગી આજ્ઞા માગી પોતપોતાને નગરે ગયા એવો પ્રભાવ જાણી નમિનાથ નામ દીધુ તેમનુ પન્નર ધનુષ્ય શરીરનુ માન અને દશ હજાર વર્ષનુ આયુષ્ય જાણવુ અને સુવર્ણ વર્ણ લાંછન નીલા કમળનુ જાણવુ

શ્રી અરિષ્ટનેમિ પ્રભુનો સૌરીપુરનગરમા જન્મ હતો તેમના પિતા સમુદ્રવિજય રાજા અને શિવાદેવી રાણી માતા હતા પ્રભુ ગર્ભે આવ્યા પછી માતાએ સ્વપ્નમા અરિષ્ટ એટલે કાળા રત્નની રેલ દીઠી તથા આકાશમા ચક્રઉછળતુ દીઠુ, એવો પ્રભાવ જાણી અરિષ્ટનેમિ નામ દીધુ બીજુ નામ શ્રી નેમિનાથ. તેમનુ દશ ધનુષ્ય શરીરમાન અને એક હજાર વર્ષનુ આયુષ્ય, શ્યામ વર્ણ અને લાંછન શંખનુ હતુ

શ્રી પાર્શ્વનાથ સ્વામીનો વણારસીનગરીમા જન્મ હતો, તેમના પિતા અશ્વસેનરાજા અને વામારાણી માતા હતા વળી ભગવંત ગર્ભે આવ્યા પછી માતાએ અંધારી રાત્રે પોતાની પાસે સર્પ જતો દીઠો તે સર્પના જવાના માર્ગની વચમા રાજાનો હાથ દેખી રાણીએ ઊંચો કીધો, તેથી રાજા જાગી ઉઠ્યો ને બોલ્યો કે શા માટે હાથ ઊંચો કીધો? રાણીએ સર્પ દીઠાનુ કહ્યુ, રાજા કહે તમે જુઠુ બોલો છો પછી દીપક મગાવી જોયુ તો સર્પ દીઠો તેવારે વિસ્મય પામી રાજાયે વિચાર્યુ જે મે ન દીઠો ને રાણીએ દીઠો એ ગર્ભનો પ્રભાવ છે, એમ જાણી શ્રી પાર્શ્વનાથ નામ દીધુ તેમનુ નવહસ્ત પ્રમાણ શરીર અને એકસો વર્ષનુ આયુષ્ય જાણવુ. નીલવર્ણ તથા લાંછન સર્પનુ જાણવુ

चतुर्विंशतिरपि जिनवराः तीर्थकराः मम प्रसीदंतु

चउवीसंपि जिणवरा, तित्थयरा मे पसीयंतु । ५ ।

ચોવીશે જિનવર તીર્થંકરો મારા ઉપર પ્રસન્ન હો.

અર્થ—એ પ્રકારે મેં (નામ પૂર્વક) સ્તવ્યા, ચોવીશે તીર્થંકરો તથા બીજા પણ તીર્થંકરો જેઓએ (કર્મરૂપ) રજ તથા મલને ટાળ્યા છે (તથા જેમણે) જરા અને મરણ અતિશયે કરીને ક્ષય કર્યા છે (તથા જે) સામાન્ય કેવળીઓથી શ્રેષ્ઠ છે એવા તે તીર્થંકરો મારા ઉપર પ્રસન્ન થાઓ । ૫

कीर्त्तितवन्दितमहिता ये एते लोकस्य उत्तमाः सिद्धाः

कित्तियवंदियमहिया, जेए लोगस्स उत्तमा सिद्धा।

સ્તવ્યા, વાંદ્યા, પૂજ્યા. જે એ લોકમાં ઉત્તમ સિદ્ધો (તે)

શ્રી વર્દ્ધમાનસ્વામીનો ક્ષત્રિયકુંડનગરમા જન્મ હતો તેમના પિતા સિદ્ધાર્થ રાજા અને ત્રિશલારાણી માતા હતા ભગવંત ગર્ભે આવ્યા પછી માતાપિતા સમસ્ત ઋદ્ધિએ વૃદ્ધિ પામ્યા, ધન ધાન્યાદિકના ભંડાર તથા દેશ નગરાદિકની વૃદ્ધિ થઇ સર્વ રાજા આજ્ઞામા વર્તવા લાગ્યા. એવો પ્રભાવ જાણી વર્દ્ધમાન નામ દીધુ વળી બાલ્યાવસ્થામા મેરૂપર્વત અંગુઠે ચાપ્યો તથા આમલકી ક્રીડા કરતાં દેવતા હાર્યો, માટે ઇંદ્ર મહારાજે શ્રી મહાવીર એવુ બીજુ નામ દીધુ તેમનુ સાત હાથ શરીર અને બહોતેર વર્ષનુ આયુષ્ય જાણવુ. સુવર્ણ વર્ણ અને લાંછન સિંહનુ જાણવુ મહાવીર સ્વામિ ૨૪ મા તીર્થંકર થયા ત્યાર પછી કોઇપણ તીર્થંકર ભગવાન થયા નથી, તેમજ આ અવસર્પિણી કાળમા થવાના પણ નથી હાલમા જે જૈનધર્મ પ્રવર્તે છે તે વીર પ્રભુનુજ શાસન સમજવુ. તેમની પાટે સુધર્માસ્વામિ ગણધર થયા, હાલમાં જે સાધુઓ જૈન ધર્મને માનનારા છે તે સઘળા તેઓની આ-જ્ઞાદના સમજવા.

आरोग्यबोधिलाभं समाधिवरं उत्तमं ददतु

आरुग्गबोहिलाभं, समाहिवरमुत्तमं दिंतु । ६ ।

નિરોગીપણું, બોધિનો લાભ, શ્રેષ્ઠ સમાધિ ઉત્તમ આપો!

અર્થ—(જેમને ઇંદ્રાદિએ) સ્તવ્યા છે, વાંદ્યા છે, પૂજ્યા છે અને જેઓ લોકને વિષે ઉત્તમ સિદ્ધ (ભગવાન) થયા છે, તેઓ (મને) આરોગ્યતા, સમ્યગ્ દર્શનનો લાભ અને પ્રધાન ઉત્તમ સમાધિ આપો ! ૬

चंद्रेभ्यो निर्म्मलतराः आदित्येभ्यः अधिकं प्रकाशकराः

चंदेसु निम्मलयरा, आइच्चेसु अहियं पयासयरा ।

ચંદ્રોથી અતિ નિર્મળ, સૂર્યોથી અધિક પ્રકાશ કરનારા,

सागरवरगम्भीराः सिद्धा सिद्धिं मम ददतु

सागरवरगंभीरा, सिद्धा सिद्धिं मम दिसंतु । ७ ।

શ્રેષ્ઠ સમુદ્રના જેવા ગંભીર, સિદ્ધો સિદ્ધિ મને આપો.

અર્થ—ચંદ્રસમુદાયથી વિશેષ નિર્મળ, સૂર્યસમુદાયથી વિશેષ પ્રકાશકરનાર (અને) (સ્વયંભૂરમણ) સમુદ્ર જેવા ગંભીર એવા સિદ્ધ (પરમાત્મા) મને મોક્ષ આપો ! ૭

પદ (૨૮) સંપદા (૨૮) ગુરૂ (૨૭) લઘુ (૨૨૯) સર્વવર્ણ (૨૫૬)

ઇતિ નામસ્તવ[1] સૂત્ર. ૮

---

૧ નામપૂર્વક તીર્થંકરોની સ્તવના કરેલ છે તેથી નામસ્તવ.

॥ अथ करेमि भंते सूत्र वा सामायिक

पच्चख्खाण.

करोमि हे भगवन्! सामायिकं। सावद्यं योगं प्रत्याख्यामि।
करेमि भंते! सामाइयं[1]। सावज्जं जोगं पच्चक्खामि।
કરૂં છું હે ભગવાન્! સામાયિક,[1] પાપ સહિત વ્યાપારનું પચ્ચખાણ કરૂં છું.

यावत् नियमं पर्युपासे द्विविधं त्रिविधेन।
जाव नियमं पज्जुवासामि दुविहं तिविहेणं।
પર્યંત નિયમ સેવું. બે કરણ ત્રણ જોગે કરી.

અર્થ—હે ભગવંત! હું (રાગદ્વેષના અભાવરૂપ) (જ્ઞાનાદિ ગુણના લાભરૂપ) સામાયિક કરૂ છું (અર્થાત્) પાપયુક્ત વ્યાપારનું પચ્ચખ્ખાણ કરૂં છું. (નિષેધ કરૂં છું) જ્યાં સુધી તે નિયમનું સેવન કરૂં ત્યાં સુધી, બે કરણ અને ત્રણ જોગથી-

मनसा वाचा कायेन। न करोमि न कारयामि।
मणेणं वायाए काएणं। न करेमि न कारवेमि।
મને વચને કાયાએ, ન કરૂં ન કરાવું.

---

૧ **સમ** એટલે સરખું છે મોક્ષ સાધન પ્રત્યે સામર્થ્ય જેનું એવા જ્ઞાન દર્શનનો **આય** એટલે લાભ છે જેમા તે અથવા **સમ** એટલે મધ્યસ્થ ભાવ તેનો લાભ જેમા થાય છે તે અથવા **સમ** એટલે સમાનભાવ—સર્વ જીવને મિત્ર તરિકે લેખવારૂપ લાભ જેમ થાય છે તે સામાયક તેના ભાગા

तं(अतीतं) हे भगवन् प्रतिक्रामामि निन्दामि गर्हे
तस्स भंते पडिक्कमामि निंदामि गरिहामि
તે (પૂર્વે કરેલા) ને હે ભગવાન્! પડિક્કમું નિંદું ગર્હું.

૪૯ તે આ પ્રમાણે —
૧ મને કરવુ
૨ મને કરાવવુ
૩ મને અનુમોદવુ
૪ વચને કરવુ
૫ વચને કરાવવુ
૬ વચને અનુમોદવુ
૭ કાયાએ કરવુ
૮ કાયાએ કરાવવુ
૯ કાયાએ અનુમોદવુ
૧૦ મન વચને કરવુ
૧૧ મન વચને કરાવવુ
૧૨ મન વચને અનુમોદવુ.
૧૩ મન કાયાએ કરવુ
૧૪ મન કાયાએ કરાવવુ
૧૫ મન કાયાએ અનુમોદવુ.
૧૬ વચન કાયાએ કરવુ
૧૭ વચન કાયાએ કરાવવુ
૧૮ વચન કાયાએ અનુમોદવુ.
૧૯ મન વચન કાયાએ કરવુ
૨૦ મન વચન કાયાએ કરાવવુ.
૨૧ મન વચન કાયાએ અનુમોદવુ
૨૨ મને કરવુ, કરાવવુ
૨૩ વચને કરવુ, કરાવવુ
૨૪ કાયાએ કરવુ, કરાવવુ
૨૫ મને કરવુ, અનુમોદવુ
૨૬ વચને કરવુ, અનુમોદવુ.
૨૭ કાયાએ કરવુ, અનુમોદવું.
૨૮ મને કરાવવુ, અનુમોદવુ
૨૯ વચને કરાવવુ, અનુમોદવુ.
૩૦ કાયાએ કરાવવુ, અનુમોદવુ
૩૧ મને કરવુ કરાવવુ, અનુમોદવુ
૩૨ વચને કરવુ કરાવવુ, અનુમોદવુ
૩૩ કાયાએ કરવુ કરાવવુ, અનુમોદવુ
૩૪ મન વચને કરવુ, કરાવવુ
૩૫ મન કાયાએ કરવુ, કરાવવુ
૩૬ વચન કાયાએ કરવુ, કરાવવુ
૩૭ મન વચને કરવુ, અનુમોદવુ
૩૮ મન કાયાએ કરવુ, અનુમોદવુ
૩૯ વચન કાયાએ કરવુ, અનુમોદવુ
૪૦ મન વચને કરાવવુ, અનુમોદવુ.
૪૧ મન કાયાએ કરાવવુ, અનુમોદવુ
૪૨ વચન કાયાએ કરાવવુ, અનુમોદવુ
૪૩ મન વચન કાયાએ કરવુ
૪૪ મન વચન કાયાએ કરાવવુ.
૪૫ મન વચન કાયાએ અનુમોદવુ
૪૬ મન વચન કાયાએ કરવુ, કરાવવુ
૪૭ મન વચન કાયાએ કરવુ અનુમોદવુ.
૪૮ મન વચન કાયાએ કરાવવુ, અનુમોદવું.
૪૯ મન વચન કાયાએ કરવુ, કરાવવું અનુમોદવુ.

आत्मानं व्युत्सृजामि
अप्पाणं वोसिरामि ॥

(હુંં) આત્માને વોસરાવું છું.

અર્થ—મન, વચન અને કાયા (એ ત્રણ પ્રકાર) વડે ન કરૂં (તથા) ન કરાવું, હે ભગવંત ! તે સંબંધી .(પૂર્વે કરેલા) અપરાધને હું પ્રતિક્રમું છું,(આત્મસાક્ષીએ) નિંદું છું, (ગુરૂસાક્ષીએ) વિશેષે નિંદું છું (અને) આત્માને વોસરાવું છું ૧ ઈતિ. ૯

ગાથા-૧ ગુરૂ (૭) લઘુ (૬૯) સર્વવર્ણ (૭૬)

अथ सामाइयवयजुत्तो.

सामायिकव्रतयुक्तः यावत् मनसि भवति नियमसंयुक्तः
सामाइयवयजुत्तो, जाव मणे होइ नियमसंजुत्तो ।
સામાયિક વ્રત સહિત જ્યાં સુધી મનમાં હોય નિયમ સહિત.
छिद्यते अशुभं कर्म्म सामायिकं यावतो वारान्
(च करोति तावत्)
छिन्नइ असुहं कम्मं, सामाइय जत्तिआ वारा ।१।
છેદાય અશુભ કર્મ. સામાયિક જેટલા વખત (કરે તેટલા વખત).

અર્થ—સામાયકવ્રતથી યુક્ત, જ્યા સુધી મનમાં તે નિયમથી સંયુક્ત હોય ત્યાં સુધી, જેટલીવાર સામાયિક કરે તેટલીવાર અશુભ કર્મનો નાશ કરે છે.

सामायिके तु कृते श्रमण इव श्रावकः भवति यस्मात्

[1] सामाइयंमि उ कए, समणो इव सावउ हवइ जम्हा।

સામાયિક વળી કરતાં સાધુની પેઠે શ્રાવક હોય જે હેતુ માટે.

एतेन कारणेन बहुशः सामायिकं कुर्यात्

एएण कारणेणं, बहुसो सामाइयं कुज्जा। २।

એ કારણે કરી ઘણી વખત સામાયિક કરે.

અર્થ—જે માટે, સામાયિક કરતી વખત શ્રાવક, સાધુ સમાન હોય, તે કારણથી (તત્વના જાણનાર) બહુવાર સામાયિક કરે । ૨

---

૧ સામાયિક–બત્રીશ દોષ વર્જીને કરવાનુ છે, તે દોષ આ પ્રમાણે

મનના દશ—૧ વૈરી દેખી દ્વેષ કરે ૨ અવિવેક ચિંતવે ૩ અર્થ ન ચિંતવે ૪ મનમાં ઉદ્વેગ ધરે ૫ યશની વાંછા કરે ૬ વિનય ન કરે ૭ ભય ચિંતવે ૮ વ્યાપાર ચિંતવે ૯ ફળનો સંદેહ રાખે ૧૦ નિયાણું કરે

વચનના દશ - ૧ કુવચન બોલે ૨ હુંકારા કરે ૩ પાપ આદેશ આપે ૪ લવારો કરે ૫ કલહ કરે ૬ આવો જાઓ કહે ૭ ગાળ બોલે ૮ બાલક રમાડે ૯ વિકથા કરે ૧૦ હાંસી કરે

કાયાના બાર—૧ આસન ચપળ ૨ ચારે દિશાએ જુએ ૩ સાવદ્ય કામ કરે ૪ આળસ મરડે ૫ અવિનયે બોલે ૬ ઓઠું લઇ બેસે ૭ મેલ ઉતારે ૮ ખરજ ખણે ૯ પગ ઉપર પગ ચઢાવે ૧૦ અંગ ઉઘાડું મુકે ૧૧ અંગ ઢાંકે ૧૨ ઉંઘે

એ સર્વ મળી બત્રીશ દોષ સામાયિકમાં અજતનાથી લાગે છે તે તજવા.

सामायिक विधे लीधुं, विधे पार्युं, विधि करतां, जे कोइ अविधि हुउं होय, ते सवि हुं मन, वचन, कायाए करी मिछामि डुक्कडं ॥

દશ મનના, દશ વચનના, બાર કાયાના એ બત્રીશ દોષમાં જે કાંઇ દોષ લાગ્યો હોય; તે સવિ હું મન, વચન, કાયાએ કરી મિચ્છામિ દુક્કડં.

ગાથા (૨) ગુરૂ (૭) લઘુ (૬૭) સર્વવર્ણ (૭૪)

ઇતિ સામાયિક પારવાનું સૂત્ર. ૧૦

अथ चैत्यवंदन.

इछाकारेण संदिसह जगवन् चैत्यवंदन करूं ? इछं.

અર્થ—સુગમ છે.

हे जगच्चिन्तामणयः जगन्नाथाः जगद्गुरवः

[1] जगचिंतामणि जगनाह जगगुरु ।

જગતમાં ચિંતામણિ સમાન, જગતના નાથ, જગતના ગુરૂ,

जगद्रक्षकाः जगद्बांधवाः जगत्सार्थवाहाः

जगरक्कण जगबंधव जगसत्थवाह

જગતના રક્ષક, જગતના બંધુ, જગતના સાર્થવાહ,

जगद्भाववि[illegible]णाः अष्टापदसंस्थापितमूर्त्तयः
[illegible]भावविअरकण, अ[illegible]वयसंठवियरूव,
જગતના સમગ્રભાવ જાણનાર, [2]અષ્ટાપદઉપર જેમની મુર્ત્તિઓ છે એવા,

कर्म्माष्टकविनाशनाः
कम्म[illegible]वि[illegible]ासण,
આઠ કર્મનો નાશ કરનાર,

चतुर्विंशतिरपि जिनवराः जयंतु अप्रतिहतशासनाः
चउवीसंपि जिणवर जयंतु, अप्पडिहयसासण । १।
ચોવીશે તીર્થંકરો જયવંતા વર્ત્તો, અસ્ખલિત જેમની આજ્ઞા છે.

અર્થ—ભવ્ય જીવોને ચિંતામણિરત્ન સમાન, નિકટ ભવ્ય જીવોના નાથ, સમસ્ત લોકના હિતોપદેશક, છ જીવનિકાયના રક્ષક, સમાન બોધવંતના ભાઈ, મોક્ષાભિલાષીના સાર્થવાહ, ષટ્દ્રવ્ય તથા નવતત્વનું સ્વરૂપ કહેવામાં વિચક્ષણ, અષ્ટાપદ પર્વત ઉપર સ્થાપન કર્યા છે બિંબ જેના, અષ્ટકર્મના નાશ કરનારા

---

૧ ગૌતમસ્વામિ અષ્ટાપદજી યાત્રા માટે ગયા ત્યારે ત્યા તેમણે આ ચૈત્યવંદન બનાવ્યુ છે.

૨ અષ્ટાપદ ઉપર શ્રી ઋષભદેવના પુત્ર ભરત ચક્રીએ ચોવીશે તીર્થંકરની પ્રતિમા મણિમય સ્થાપન કરેલ છે તે દરેક તીર્થંકરોની પોતપોતાની કાયાના માપે પ્રતિમા છે; સૌની નાસિકા સરખી લાઇનમાં છે, બેઠકની પાટલી નીચા ઉંચી છે.

એવા ચોવીશે તીર્થંકરો જયવંતા વર્તો, જેનું શાસન કોઇથી હણાય નહીં તેવું છે. ૧

कर्म्मभूमौ कर्म्मभूमौ प्रथमसंहनिनां उत्कृष्टतः
कम्मभूमिहिं कम्मभूमिहिं, पढमसंघयणि, उक्कोसय
કર્મભૂમિમાં કર્મભૂમિમાં, પેહેલા સંઘયણવાળા, ઉત્કૃષ્ટ

सप्ततिशतं जिनवराणां विहरतां लभ्यते नवकोट्यः
सत्तरिसय, जिणवराण विहरंत लब्भइ, नवकोडिहिं
એકસોસિત્તેર તીર્થંકરો વિચરતા પામીએ. નવક્રોડ

केवलिनां नवसहस्रकोट्यः साधवो गम्यंते (विहरन्तः)। संप्रति
केवलिण, कोडिसहस्सनव साहु गम्मइ, संपइ
કેવલિઓ, નવ હજારક્રોડ સાધુઓ પામીએ, હમણાં

जिनवरा विंशतिः मुनीनां द्वे कोटी वरज्ञानिनः (केवलिनः)
जिणवर वीस मुणि, बिहुंकोडिहिं वरनाण,
તીર્થંકર [2]વીશ, મુનિઓ બેક્રોડ કેવલી,

* ૫ ભરત ૫ ઐરવત અને ૫ મહાવિદેહની પૂર્વ પશ્ચિમની મળી ૧૬૦ વિજય એમ ૧૭૦ ઠેકાણે એકેક તીર્થંકર ઉત્કૃષ્ટ કાળે હોય શ્રી અજીત-નાથ સ્વામીના વારે તે પ્રમાણે હતા

૨ જઘન્યકાળે વીશ તીર્થંકરો હોય તે દરેક મહાવિદેહની ૭-૮-૨૪-૨૫ મી વિજયમા એકેક હોય એટલે જંબૂદ્વીપમા ચાર, ધાતકી ખંડમાં (બે મહાવિદેહ માટે) ૮ અને પુષ્કરવરાર્દ્ધમા ૪ મળી ૨૦ હોય. હાલ તે પ્રમાણે છે. વિજયના આંક દરેક વખતે આ પ્રમાણેજ હોય એ નક્કી નથી.

श्रमणानां कोटीसहस्रद्वयं स्तूयंते नित्यं प्रभाते
समणह कोडिसहसदुअ, थुणिज्जइ निच्च विहाणि ।२
સાધુઓ બે હજારક્રોડ સ્તવીએ. હમેશ પ્રભાતે,

અર્થ—અસિ, મષી અને કૃષિકર્મ જ્યાં વર્તે છે એવા, કર્મભૂમિના ક્ષેત્રોને વિષે, પ્રથમ સઘયણુવાળા ઉત્કૃષ્ટપણે એકસો સિતેર તીર્થકરો વિચરતા પામિયે, કેવલજ્ઞાની નવક્રોડ (અને) નવ હજાર ક્રોડ સાધુઓ (હોય એમ સિદ્ધાંતથી) જાણીએ, વર્ત્તમાનમા (શ્રી સીમંધરસ્વામિ પ્રમુખ) વીશ તીર્થંકર (અને) પ્રધાન કેવળજ્ઞાનના ધરનારા બે ક્રોડ મુનિ, (તથા) બે હજાર ક્રોડ સાધુઓ (હોય) તેઓની નિરંતર પ્રભાતે સ્તવના કરીએ ૨

जयतु हे स्वामिन् । जयतु हे स्वामिन् ।
जयउ सामिय जयउ सामिय,
જયવંતા વર્ત્તો હે સ્વામિ ! જયવંતા વર્ત્તો હે સ્વામિ !

ऋषभ शत्रुंजये. हे उज्जयन्ते प्रभो नेमिजिन !
रिसह सत्तुंजि, उज्जिंति पहु नेमिजिण,
ઋષભદેવ સિદ્ધાચલમાં, ગિરિનારે રહેલા પ્રભુ નેમિનાથ !

जयतु हे वीर ! सत्यपुरीमंडन ! भृगुकच्छे
जयउ वीर सच्चउरिमंडण, भरुअच्छहिं
જયવંતા વર્ત્તો. હે મહાવીર ! સાચોરના શણગાર, ભરૂચમાં

हे मुनिसुव्रत ! मुखरिग्रामे हे पार्श्व !
मुणिसुव्वय, मुहरिपास
મુનિસુવ્રતસ્વામી, મુહરિગામમાં પાર્શ્વનાથ.[1]

दुःखदुरितखंडकाः अपरे विदेहे
दुहदुरियखंडण, अवरविदेहिं
દુઃખ અને દુરિતના નાશ કરનાર, બીજા મહાવિદેહમાં રહેલા

तीर्थकराः चतसृषु दिक्षु विदिक्षु ये केऽपि
तित्थयरा, चिहुं दिसि विदिसि जिं केवि,
તીર્થંકરો, ચારે દિશામાં વિદિશામાં જે કોઇપણ

अतीतानागतवर्त्तमानान् (च) वन्दे जिनान् सर्वानपि ।
तीआणागयसंपइय, वंदू जिण सव्वेवि । ३ ।
અતીત અનાગત અને વર્ત્ત- વાંદું તીર્થંકર સર્વને પણ.
માન (કાળે થયેલા)

અર્થ—જયવંતા વર્ત્તો, શ્રી શત્રુંજય ઉપર શ્રી ઋષભદેવ. જયવંતા વર્ત્તો, શ્રી ગીરિનારજી ઉપર પ્રભુ નેમનાથ તીર્થંકર, (અને) સાચોર (સત્યપુરી) નગરના આભૂષણરૂપ શ્રી વીરસ્વામી જયવંતા વર્ત્તો, ભરૂચમાં શ્રી મુનિસુવ્રતસ્વામી (અને) મુહરિ ગામમાં શ્રી પાર્શ્વનાથ (એ પાંચે જીનવરો) દુ ખ અને પાપના નાશ કરનારા છે. બીજા (પાંચ) મહાવિદેહને વિષે જે તીર્થ- કરો, (છે તથા) ચાર દિશાઓ અને ચાર વિદિશાઓમા જે

---

૧ ટીંટોઇ નામના ગામમા **મુહરી પાર્શ્વનાથ** બીરાજે છે તે સભવે છે.

કોઈ પણ, અતીતકાળ, અનાગતકાળ અને વર્તમાનકાળ સંબંધી તીર્થંકરો છે; તે સર્વને પણ હું વંદના કરૂં છું. ૩

सप्तनवतिः सहस्राः, लक्षाः षट्पंचाशत् अष्टकोटीः

सत्ताणवइसहस्सा, लक्खा छप्पन्न अ-कोडिओ

સત્તાણુહજાર, લાખ છપ્પન, આઠક્રોડ,

द्वात्रिंशच्छतं द्व्यशीतिं लोकत्रिके चैत्यानि वन्दे ।

बत्तिसय बासियाइं, तियलोए चेइए वंदे ।४।

બત્રીશેં (ને) બ્યાસી (એટલા) ત્રણ લોકમાં ચૈત્યોને વાંદું.

અર્થ—આઠ ક્રોડ, છપ્પન લાખ, સતાણું હજાર, બત્રીશ સો ને બાસી, (૮૫૭૦૦૨૮૨) ત્રણલોકને વિષે જિનપ્રાસાદ છે તેને હુ વાંદું છું ૪

पंचदश कोटिशतानि, कोटीः द्विचत्वारिंशतं, लक्षान् अष्टपंचाशतं,

पन्नरस कोडिसयाइं, कोडी बायाल, लक्ख अडवन्ना ।

પંદરશેં ક્રોડ, બેંતાલીશક્રોડ. અઠ્ઠાવનલાખ,

षट्त्रिंशत्सहस्रान्, अशीतिं, शाश्वद्बिंबानि प्रणमामि ।

छत्तीससहस असिइं, सासयबिंबाइं पणमामि ।५।

છત્રીશહજાર, એંશી (એટલા), શાશ્વતબિંબોને પ્રણામ કરૂં.

અર્થ—પંદરસો ક્રોડ (પંદરઅબજ) બેંતાલીશ ક્રોડ, અઠ્ઠાવન લાખ, છત્રીશ હજાર, એંશી (પૂર્વોક્ત જિનપ્રાસાદને વિષે) શાશ્વતા જિનબિંબો છે તેઓને હું વંદના કરૂં છું. ૫ ઇતિ ૧૧.

अथ जंकिंचि.

यत् किंचित् नाम तीर्थं स्वर्गे पाताले मानुषे लोके
जं किंचि नाम¹ तित्थं, सग्गे पायालि माणुसे लोए ।
જે કંઈક સંભાવનાએ તીર્થ સ્વર્ગમાં, પાતાલમાં, મનુષ્ય લોકમાં.

यानि जिनबिम्बानि तानि सर्वाणि वन्दे
जाइं जिणबिंबाइं, ताइं सव्वाइं वंदामि । १ ।
જે જિનબિંબો તે સર્વ વાંદું.

અર્થ—સ્વર્ગનેવિષે, પાતાળનેવિષે (અને) મનુષ્યલોક નેવિષે, જે તીર્થંકરના બિંબો છે તે સર્વને (તેમજ) જે કાંઇ નામ રૂપ તીર્થો છે (તેને) હુ વંદના કરૂં છું. ૧.

ગાથા (૧) પદ (૪) સંપદા (૪) ગુરૂ (૩) લઘુ (૨૯) સર્વવર્ણ (૩૨)

---

૧ **વર્તમાન તીર્થોના નામ**—શ્રી શત્રુંજય, ગિરિનાર, અર્બુદાચળ (દેલવાડા અચળગઢ), સમ્મેત શિખર, શંખેશ્વરજી, કુંભારીયાજી, અંતરિક્ષ પાર્શ્વ-નાથ, મક્ષીજી, તારંગતીર્થ, અજારવા પાર્શ્વનાથ, વરકાણા, રાણકપુર, બામણવાડા, જીરાઉલા પાર્શ્વનાથ, પાવાપુરી, ચંપાપુરી, રાજગૃહી, માંડવગઢ, કાકંદી, ક્ષત્રીકુંડ, બનારસ, અયોધ્યા, અલ્હાબાદ, હસ્તિનાગપુર, ધુલેવા (કેશરીયાજી), ભોયણી, પાનસર, વગેરે.

अथ नमुथ्थुणं वा [1]शक्रस्तव.

नमोऽस्तु	अरिहंतृभ्यः	भगवद्भ्यः	
नमुत्थुणं	**[2]अरिहंताणं**	**भगवंताणं**	**।१।**
નમસ્કાર હો	અરિહંતને	ભગવંતને.	૧.

અર્થ—નમસ્કાર હો, (શ્રી) અરિહંતને, ભગવંતને, ૧

---

૧ શક્ર એટલે ઇંદ્ર તેની કરેલ સ્તુતિ તે શક્રસ્તવ

૨ અરિહંત ભગવાનને ચોત્રીશ અતિશય હોય છે તે આ પ્રમાણે—

૧ શરીર અનંતરૂપમય, સુગંધમય, રોગરહિત, પરસેવા રહિત અને મલરહિત હોય

૨. રૂધિર તથા માંસ, ગાયના દૂધસમાન ધોળા અને દુર્ગંધ વગરના હોય

૩ આહાર તથા નિહાર, ચર્મચક્ષુથી અદૃશ્ય હોય

૪ શ્વાસોચ્છ્વાસમા કમળ જેવી સુગંધ હોય

આ (૧-૪) ચાર અતિશય જન્મથીજ હોય માટે સ્વાભાવિક-**સહજાતિશય** અથવા **મૂલાતિશય** કહેવાય છે

૫ યોજન પ્રમાણ સમવસરણમા મનુષ્ય, દેવ, અને તિર્યંચની કોડાકોડ સમાય અને તેમને બાધા થાય નહિ

૬ પચીશ યોજન એટલે બશે ગાઉ સુધી પુર્વોત્પન્ન રોગ ઉપશમે અને નવા રોગ થાય નહિ

૭ વૈરભાવ જાય

૮ મરકી થાય નહિ

૯ અતિવૃષ્ટિ એટલે હદ ઉપરાન્ત વરસાદ થાય નહિ

૧૦. અનાવૃષ્ટિ એટલે વરસાદનો અભાવ થાય નહિ.

૧૧. દુર્ભિક્ષ એટલે દુકાળ ન પડે.

आदिकरेभ्यः तीर्थकरेभ्यः स्वयंसंबुद्धेभ्यः

आइगराणं तित्थयराणं सयंसंबुद्धाणं । २ ।

તીર્થની આદિ કરનારને, તીર્થંકરને, પોતાની મેળે બોધ પામેલાને. ૨.

અર્થ—(ધર્મની) આદિના કરનારને, તીર્થના સ્થાપનારને, પોતાની મેળે બોધ પામનારને, ૨

---

૧૨ સ્વચક્ર અને પરચક્રનો ભય ન હોય

૧૩ ભગવતની ભાષા મનુષ્ય, તિર્યચ, અને દેવતા સર્વ પોતપોતાની ભાષામા સમજે (વાણી પાત્રીશ ગુણવાળી હોય છે તે ગુણ નવકારની નોટમાંથી જોવા)

૧૪. એક યોજન સુધી સરખી રીતે ભગવતની વાણી સભળાય.

૧૫ સૂર્યથી બારગણુ તેજવાળુ ભામડળ હોય.

આ અગીયાર (૫–૧૫) અતિશયો કેવળજ્ઞાન થાય ત્યારે થાય તેથી તે **કર્મક્ષયજાતિશય** કહેવાય છે ૬–૧૨ મા જણાવેલા રોગાદિક સાત ઉપદ્રવો તે ભગવત વિહાર કરે ત્યારે પણ ચારે દિશાએ ફરતા પચીશ યોજન સુધી ન હોય.

૧૬ આકાશમા ધર્મચક્ર હોય

૧૭ બારજોડી (ચોવીશ) ચામર અણવીજ્યા વીજાય

૧૮. પાદપીઠ સહિત સ્ફટિક રત્નનુ ઉજ્વલ સિહાસન હોય

૧૯. ત્રણ છત્ર દરેક દિશાએ હોય

૨૦. રત્નમય ધર્મધ્વજ હોય (તેને ઇંદ્રધ્વજ પણ કહે છે)

૨૧ નવ સુવર્ણ કમળ ઉપર ચાલે (બે ઉપર પગ મુકે અને સાત પાછળ રહે. તેમાથી વારા ફરતી બે બે આગળ આવે)

૨૨. મણિ, સુવર્ણ અને રૂપાના એ રીતે ત્રણ ગઢ હોય.

૨૩. ચાર મુખે કરી ધર્મ દેશના દે, (બાકીના ત્રણ પ્રતિબિબ દેવ કરે)

(पु)रुषोत्तमेभ्यः (पु)रुषसिंहभ्यः पुरुषवरपुंडरीकेभ्यः

पुरिसुत्तमाणं पुरिससीहाणं पुरिसवरपुंडरीयाणं

પુરૂષોમાં ઉત્તમને, પુરૂષોમાં સિંહ સમાનને, પુરૂષોમાં સુંદર કમલ સમાનને,

पुरुषवरगन्धहस्तिभ्यः

पुरिसवरगंधहत्थीणं । ३ ।

પુરૂષોમાં શ્રેષ્ઠ ગંધહસ્તિ સમાનને. ૩

અર્થ—પુરૂષને વિષે ઉત્તમને, પુરૂષને વિષે સિંહ સમાનને, પુરૂષને વિષે ઉત્તમ પુંડરીક કમળ સમાનને, પુરૂષને વિષે ગંધહસ્તિ સમાનને. ૩

---

૨૪ સ્વશરીરથી બારગણુ ઉચુ અશોકવૃક્ષ છત્ર, ઘટ, પતાકા આદિથી યુક્ત હોય

૨૫ કાટા અધોમુખ એટલે અવળા થઇ જાય.

૨૬ ચાલતી વખતે સર્વ વૃક્ષ નમી પ્રણામ કરે.

૨૭ આકાશમા દુદુભિ ચાલતી વખતે વાગે.

૨૮ યોજન પ્રમાણ અનુકૂળ વાયુ હોય

૨૯ મોર વગેરે શુભ પક્ષીઓ પ્રદક્ષિણા કરતાં ફરે.

૩૦ સુગધ જળની વૃષ્ટિ થાય

૩૧ જળ સ્થળમા ઉપજેલા પાચ વર્ણવાળા ફુલની ઢીચણ સુધી વૃષ્ટિ થાય

૩૨ કેશ, દાઢી, નખ, વધે નહિ (સયમ લીધા પછી).

૩૩. જઘન્યપણે ચાર નિકાયના ક્રોડ દેવતા પાસે રહે

लोकोत्तमेभ्यः लोकनाथेभ्यः

लोगुत्तमाणं लोगनाहाणं

લોકમાં ઉત્તમને, લોકના નાથને,

लोकहितेभ्यः लोकप्रदीपेभ्यः लोकप्रद्योतकरेभ्यः

लोगहियाणं लोकपईवाणं लोगपज्जोअगराणं ।४।

લોકના હિતકારીને, લોકનાદીવાસમાનને, લોકના અતિશયેપ્રકાશનારને.

અર્થ—લોકને વિષે ઉત્તમને, લોકના નાથને, લોકના હિત કરનારને, લોકને વિષે દીવા સમાનને, લોકમા પ્રકાશ કરનારને. ૪

अभयदयेभ्यः चक्षुर्दयेभ्यः मार्गदयेभ्यः

अभयदयाणं, चक्खुदयाणं मग्गदयाणं

અભય આપનારને. શ્રુતરૂપચક્ષુ આપનારને, માર્ગ બતાવનારને,

शरणदयेभ्यः बोधिदयेभ्यः

सरणदयाणं बोहिदयाणं । ५ ।

શરણ આપનારને, બોધિ આપનારને,

અર્થ—અભયદાનના આપનારને, (શ્રુતજ્ઞાનરુપ) ચક્ષુના આપનારને, (મોક્ષ) માર્ગના આપનારને, શરણ આપ નારને, સમકિત આપનારને, ૫.

---

૩૪. સર્વ ઋતુઓ અનુકૂલ રહે.

આ છેલ્લા ૧૬-૩૪ એટલે ઓગણીશ અતિશયો દેવતા કરે. તેથી તે **દેવકૃતાતિશય** કહેવાય છે. આ ચોત્રીશ અતિશયનો જે ચાર અતિશયમાં સમાવેશ થાય છે તે અરિહંતના ગુણનું વર્ણન કરતાં અગાઉ જણાવી ગયા છીએ તે સમજવા.

धर्म्मदयेभ्यः धर्म्मदेशकेभ्यः धर्म्मनायकेभ्यः

धम्मदयाणं धम्मदेसयाणं धम्मनायगाणं

ધર્મ આપનારને, ધર્મના ઉપદેશકને, ધર્મના નાયકને,

धर्म्मसारथिभ्यः धर्म्मवरचातुरन्तचक्रवर्तिभ्यः

धम्मसारहीणं धम्मवरचाउरंतचक्कवट्टीणं । ६ ।

ધર્મના સારથીને, ધર્મમાં શ્રેષ્ઠ ચારે ગતિનો અંત કરનાર ચક્રવર્ત્તીને.

અર્થ—ધર્મના દાતાને, ધર્મના ઉપદેશ કરનારને, ધર્મના નાયકને, ધર્મના સારથીને, ચાર ગતિનો અંત કરનાર ઉત્તમ ધર્મચક્રવર્ત્તીને, ૬

अप्रतिहतवरज्ञानदर्शनधरेभ्यः व्यावृत्तच्छद्मभ्यः,

अप्पडिहयवरनाणदंसणधराणं. वियट्टछउमाणं ।७।

અસ્ખલિત શ્રેષ્ઠ જ્ઞાનદર્શન ધારણ કરનારને. ઘાતીકર્મ રહિતને. ૭.

અર્થ—કોઇથી હણાય નહીં એવા ઉત્તમ જ્ઞાન (કેવળજ્ઞાન) અને દર્શન (કેવળદર્શન) ના ધારણ કરનારને, નિવર્ત્યું છે છદ્મસ્થપણુ તેમને; ૭

जिनेभ्यः, जापकेभ्यः, तीर्णेभ्यः, तारकेभ्यः,

जिणाणं जावयाणं तिन्नाणं तारयाणं

જિનોને, જય કરાવનારને, તરેલાને, તારકોને,

बुद्धेभ्यः, बोधकेभ्यः, मुक्तेभ्यः, मोचकेभ्यः ।

बुद्धाणं बोहयाणं मुत्ताणं मोअगाणं । ८ ।

બોધ પામેલાને, બોધ કરનારાને, મુક્તોને, મુકાવનારાઓને,

અર્થ--રાગદ્વેષના જિતનારને (તથા) જિતાડનારને, (સંસારથી) તરનારને (તથા) તારનારને, તત્ત્વના જાણનારને (તથા) જણાવનારને, (કર્મથી) મુક્તને (તથા) મુકાવનારને; ૮

सर्वज्ञेभ्यः, सर्वदर्शिभ्यः, शिवं अचलं अरुजं अनन्तं अक्षयं
सव्वन्नूणं सव्वदरिसीणं सिवमयलमरुअमणंतमक्खय-
સર્વજ્ઞને, સર્વદર્શીને, નિરૂપદ્રવ, નિશ્ચળ, રોગરહિત, અ-નંત, અક્ષય,

अव्याबाधं अपुनरावृत्ति सिद्धिगतिनामधेयं स्थानं
मव्वाबाह–मपुणरावित्ति सिद्धिगइनामधेयं ठाणं
અવ્યાબાધ, જ્યાંથી ફરી પાછું આવવું નથી એવા, સિદ્ધિગતિ નામના સ્થાનને

संप्राप्तेभ्यः । नमः जिनेभ्यः जितभयेभ्यः ।
संपत्ताणं । नमोजिणाणं, जियभयाणं । ९ ।
પામેલાને. નમસ્કારહો જિનોને, ભય જેમણે જીત્યા છે તેઓને.

અર્થ--સર્વજ્ઞને, સર્વદર્શીને, કલ્યાણરુપ, અચળ, રોગરહિત, અનત, અક્ષય, અવ્યાબાધ, અપુનરાગમન એવી સિદ્ધિ ગતિ છે નામ જેનું, એવા સ્થાનને પામેલાને, રાગદ્વેષના ક્ષય કરનાર તથા સર્વ ભયના જિતનારને નમસ્કાર હો; ૯

ये च अतीताः सिद्धाः, ये च भविष्यन्ति अनागते काले,
जे य अईआ सिद्धा, जे अ भविस्संतणागए काले ।
જે વળી અતીત સિદ્ધો, જે વળી થનારા અનાગત કાળમાં

संप्रति च वर्त्तमानाः, सर्व्वान् त्रिविधेन वन्दे ।

संपइ अ वट्टमाणा, सव्वे तिविहेण वंदामि ।१।

વર્ત્તમાનમાં વળી વર્ત્તતા, સર્વને ત્રિવિધે વાંદું છું.

અર્થ—જેઓ અતીતકાળે સિદ્ધ થયા, જેઓ અનાગત કાળે સિદ્ધ થશે (અને) વર્ત્તમાન કાળે વિદ્યમાન એવા સર્વ (દ્રવ્યજિનો) ને હું ત્રિવિધે વંદના કરૂં છું. ૧૦

પદ (૩૩) સંપદા (૯) ગાથા (૧) ગુરૂ (૩૩) લઘુ (૨૬૪) સર્વવર્ણ (૨૯૭)

ઇતિ નમુત્થુણં સૂત્ર. ૧૩.

अथ जावंति चेइआइं.

यावन्ति चैत्यानि ऊर्ध्वे च अधश्च तिर्यग्लोके च ।

जावंति चेइआइं, उड्ढे अ अहे अ तिरियलोए य ।

જેટલાં ચૈત્યો ઉર્ધ્વ, વળી અધો, વળી તીર્છા લોકમાં છે વળી

सर्वाणि तानि वन्दे इह सन् तत्र सन्ति (विद्यमानानि)

सव्वाइं ताइं वंदे, इह संतो तत्थ संताइं ।१।

સર્વ તે વાંદું; અહિં છતો ત્યાં રહેલાંને.

અર્થ—ઉર્ધ્વલોકને વિષે તથા અધોલોકને વિષે અને

તિરછા લોકને વિષે જેટલી જિનપ્રતિમાઓ છે, તે સર્વને, હું અહીં છતો, ત્યાં છે તેને વંદના કરૂં છું. ૧ ઇતિ.

સંપદા (૪) ગાથા (૧) પદ (૪) ગુરૂ (૩) લઘુ (૩૨) સર્વવર્ણ (૩૫)

अथ जावंत केवि साहू.

यावन्तः केऽपि साधवः भरतैरावतमहाविदेहेषु च

जावंत केवि साहू, भरहेरवयमहाविदेहे य ।

જે કેટલાક સાધુઓ ભરત એરવત મહાવિદેહમાં અને

सर्वेभ्यः तेभ्यः प्रणतः [1]त्रिविधेन त्रिदंडविरतेभ्यः

सव्वेसिं तेसिं पणओ, तिविहेण तिदंमविरयाणं ।१।

સર્વ તેઓને નમ્યો. ત્રિવિધે. ત્રણ દંડથી વિરમેલાને.

અર્થ—(પાચ) ભરત (પાચ) ઐરવત અને (પાચ) મહાવિદેહ ક્ષેત્ર ને વિષે જેટલા કોઈ સાધુઓ, મન વચન કાયાએ કરીને ત્રણ દંડથી નિવર્ત્તેલા છે, તેઓ સર્વેને નમ્યો. ઇતિ.

પદ (૪) સંપદા (૪) ગાથા (૧) લઘુ (૩૭) સર્વવર્ણ (૩૮)

---

१ करणकारणानुमतिरूपेण.

अथ नमस्कार.

नमोऽर्हत्सिद्धाचार्योपाध्यायसर्वसाधुभ्यः ।

નમસ્કાર હો અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સર્વ સાધુઓને.

अथ उवसग्गहरं.[1]

उपसर्गहर पार्श्व (पार्श्वयक्षं) पार्श्वं वन्दे कर्म्मघनमुक्तं

उवसग्गहरं पासं, पासं वंदामि कम्मघणमुक्कं ।

ઉપસર્ગ નાશ કરનાર પાર્શ્વયક્ષ છે જેને એવા પાર્શ્વનાથને વાંદું છું.-કર્મરૂપ મેઘે મુક્ત (અથવા કર્મ સમૂહથી મુક્ત)

---

૧ વરાહમિહરનો જીવ મરીને વ્યંતર થવાથી તેણે સઘમા મરકીનો ઉપદ્રવ કર્યો તેની શાંતિને અર્થે સઘની વિનંતિથી શ્રી **ભદ્રબાહુસ્વામિએ** સાત ગાથાનુ આ સ્તોત્ર રચ્યુ. તે ભણવા, ગણવા તથા સાભળવાથી મરકી શાંત થઇ, આથી લોકો નિરતર આ સ્તોત્ર ગણવા લાગ્યા તેથી ધરણેદ્રને પ્રત્યક્ષ આવવુ પડતુ માટે ધરણેદ્રની વિનતિથી ગુરૂમહારાજે છેલ્લી બે ગાથા ભડારી મૂકી અને હાલ છે તે પાચ ગાથા કાયમ રાખી આ સ્તોત્રમા શ્રી પાર્શ્વનાથજી તથા તેમના યક્ષ પાર્શ્વ અને પદ્માવતી, ધરણેદ્રની દ્રી અર્થી સ્તુતિ છે. તે જાણવાની ઇચ્છાવાળાએ ટીકા જેવી દરેક ગાથાના પહેલા પદનો અર્થ એકત્ર કરતા પચ પરમેષ્ઠીને નમસ્કાર થાય છે તે આ પ્રમાણે- **૧ उव**-ઉપાધ્યાય ૨ **विस**-એ બે અક્ષરવડે સાધુઓ લેવા, સર્વ **રસમય** વિષને દેખાડનાર તે સાધુઓ ૩ **चिट्ठ** પદવડે આચાર્ય લેવા તીર્થંકર મોક્ષ ગયે છતે જ્યા સુધી શાસન રહે ત્યા સુધી રહે તે અથવા તત્ત્વથી એકત્ર કરેલ દ્રવ્ય ગુણ પર્યાયના સ્વરૂપમા રહેવાવાળા. ૪ **तुह** પદવડે અરિહંત લેવા, **तोहंति अर्हयन्ति** અર્થાત ઘાતી કર્મને અને સકળ સશયને નાશ

विषधरविषनिर्णाशकं मंगलकल्याणावासम् ।

[1] विसहरविसनिन्नासं, मंगलकल्लाणआवासं । १ ।

વિષધરના વિષને નાશ કરનાર (અને) મંગલ કલ્યાણના નિવાસ.

અર્થ—ઉપસર્ગનો હરનાર પાર્શ્વ નામનો યક્ષ સેવક છે જેનો એવા શ્રી પાર્શ્વનાથ ભગવાન્ જે કર્મના સમૂહથી મુક્ત છે, (તથા) જે સર્પના ઝેરને અતિશયે કરીને નાશ કરનાર છે (વલી) જે મંગળ અને કલ્યાણના ઘર છે તેમને હું નમસ્કાર કરૂંછું ૧

विषधरस्फुलिंगमंत्रं कंठे धारयति यः सदा मनुजः

विसहरफुलिंगमंतं, कंठे धारेइ जो सया मणुउं[2]।

વિષધરસ્ફુલિંગનામના મંત્રને ગળામાં (કંઠે કરે છે) ધારેછે જે નિરંતર મનુષ્ય

કરે તે અરિહત ૫ **इअ** પદવડે સિદ્ધ-ભગવત લેવા **इणुक् गतौ** અર્થાત્ અપુનરાવૃત્તિમાં-મોક્ષમાં ગયા તે સિદ્ધો. અહી પરમેષ્ઠીનો ક્રમ આ પ્રમાણે કર્યો તેનો હેતુ આ પ્રમાણે જાણવો સૂત્ર ઉપાધ્યાયની પાસે ભણાય તેથી પ્રથમ ઉપાધ્યાયને નમસ્કાર કર્યો, ઉપાધ્યાય સમીપે અભ્યાસ કરતા સાધુઓને સાધુ સહાય કરે, માટે બીજો સાધુને નમસ્કાર કર્યો ભણેલ સૂત્રનો અર્થ આચાર્યો કહે તેથી ત્રીજો આચાર્યને નમસ્કાર કર્યો, આચાર્યના ઉપદેશથી અરિહંતપણાનું જ્ઞાન થાય માટે ચોથો અરિહતને નમસ્કાર કર્યો.

૧ **विष** એટલે મિથ્યાત્વ કષાયાદિ તેને ધારણ કરનાર જીવોના વિષ એટલે મિથ્યાભાવને નાશ કરનાર, અથવા **विषगृह**-વિષ-એટલે પાણી ઉપલક્ષણથી મણિકર્ણિકા નદીનુ પાણી ત્યાં ગૃહ એટલે નિવાસ છે જેનો એવો કમઠમુનિ તેના વિષ એટલે પંચાગ્નિ પ્રમુખ ધર્મને નાશ કરનારા.

૨ **मनुगो**-મંત્રને જાણનાર માંત્રિક.

तस्य ग्रहरोगमारीदुष्टज्वराः यान्ति उपशमम् ।

तस्स गहरोगमारी-दुट्ठजरा जंति उवसामं । २ ।

તેના ગ્રહ, રાગ, મરકી, દુષ્ટ જ્વરા પામે છે શાંતિને.

અર્થ—જે મનુષ્ય નિરંતર (શ્રી પાર્શ્વનાથના નામ-ગર્ભિત) વિષધરસ્ફુલિંગનામના મંત્રને કંઠને વિષે ધારણ કરે છે, તેના (દુષ્ટ) ગ્રહ, રાગ, મરકી (અને) દુષ્ટ જ્વર (તાવ) શાંતપામે છે. ૨

तिष्ठतु दूरे मंत्रः तव प्रणामोऽपि बहुफलो भवति,

चिट्ठउ दूरे मंतो, तुज्झ पणामोवि बहुफलो होइ ।

રહો દૂર મંત્ર, તારો પ્રણામ પણ ઘણા ફળવાળો હોય છે.

नरतिरश्चोरपि जीवा प्राप्नुवन्ति न दुःखदौर्गत्यम् ।

नरतिरिएसुवि जीवा, पावंति न दुक्खदोगच्चं[1] । ३ ।

મનુષ્ય તિર્યંચગતિમાં પણ, જીવો પામતા નથી દુઃખદારિદ્રતાને.

અર્થ—(એ) મંત્ર દૂર રહો, તમને નમસ્કાર કરવો તે પણ ઘણું ફળ આપનાર થાયછે. (તે) જીવો મનુષ્ય અને તિર્યંચને વિષે પણ દુઃખ અને દારિદ્ર પામતા નથી. ૩

तव सम्यक्त्वे लब्धे चिन्तामणिकल्पपादपाभ्यधिके

तुह संमत्ते लद्धे, चिंतामणिकप्पपायवब्भहिए ।

તારૂં સમ્યક્ત્વ પામ્યે છતે, ચિંતામણિ અને કલ્પવૃક્ષથી અધિક મહિમાવાળું

---

१ दोहग्गं इति पाठान्तरं.

प्राप्नुवन्ति अविघ्नेन जीवा अजरामरं स्थानम् ।

पावंति अविग्घेणं, जीवा अयरामरं ठाणं. । ४ ।

પામે છે નિર્વિઘ્નપણે જીવો અજરામર સ્થાનને.

અર્થ— ચિંતામણિ રત્ન અને કલ્પવૃક્ષથી અધિક મહિમા-વાળું એવું તમારૂં સમ્યગ્દર્શન (સમકિત) પામે છતે, (ભવ્ય) જીવો અજર અમર (મોક્ષ) સ્થાનને નિર્વિઘ્નપણે પામેછે. ૪

इति संस्तुतः हे ! महायशः । भक्तिभरनिर्भरेण हृदयेन

इअ संथुअ महायस, भत्तिब्भरनिब्भरेण हियएण ।

આ રીતે સ્તવેલો હે મહાયશસ્વી ! ભક્તિસમૂહે ભરપૂર હૃદયે કરી

ततः हे देव ! देहि बोधिं भवे भवे हे पार्श्वजिनचन्द्र !

ता देव दिज्ज बोहिं, भवे भवे पासजिणचंद ।५।

તે માટે હે દેવ ! આપો બોધિ. ભવોભવમાં, હે પાર્શ્વ જિનચંદ્ર !

અર્થ—હે મહાયશ ! ભક્તિના સમૂહથી પૂર્ણ ભરેલા અંતઃકરણથી આ સ્તવના કરી, તે કારણથી હે દેવ ! શ્રીપાર્શ્વજિનચંદ્ર ! (મને) જન્મોજન્મને વિષે બોધિ બીજ (સમ્યગ્દર્શન) આપો. ૫ ઇતિ.

લઘુ (૧૫૬) સર્વ વર્ણ (૧૮૫) ગાથા (૫)

अथ जय वीयराय.

ाय वीतराग! जगद्गुरो! भवतु मम तव प्रभावतः भगवन्!

ाय वीयराय जगगुरु, होउ ममं तुह पभावओ भयवं।

જયવં-હે વીત-જગતના હો, મને તમારા પ્રભાવથી હે ભગવન્!
ાવર્ત્તો રાગ! ગુરૂ!

ावनिर्वेदः मार्गानुसारिता इष्टफलसिद्धिः

ावनिव्वेओ मग्गा-णुसारिया इठफलसिद्धी।१।

પંસારથી વૈરાગ્ય, માર્ગાનુસારિપણું, ઈષ્ટફલની સિદ્ધિ,

અર્થ—હે વીતરાગ! હે જગતના ગુરૂ! (તમે) જય-ાંતા વર્તો. હે ભગવંત! મને તમારા પ્રભાવથી ભવનુ ઉદ્દાસપણું, માર્ગાનુસારીપણુ (અને) ઈષ્ટ ફળ (શુદ્ધ આત્મધર્મ)ની સિદ્ધિ હોજો.

ाकविरुद्धत्यागः गुरुजनपूजा परार्थकरणं च

ोगविरुद्धच्चाओ, गुरुजणपूआ परत्थकरणं च।

ોકવિરૂદ્ધનો ત્યાગ, ગુરૂજનની પૂજા, પર ઉપગાર અને

ुभगुरुयोगः तद्वचनसेवना आभवम् अखंडा।

ुहगुरुजोगो तव्वय-णसेवणा आभवमखंडा[1]।२।

ુભગુરૂનો યોગ, તેના વચનની સેવા, મોક્ષ પ્રાપ્તિ સુધી અખંડ.

અર્થ—લોક વિરૂદ્ધનો ત્યાગ, (માતપિતાદિ) ગુરૂજ-

---

૧ આ સૂત્ર પ્રાર્થના સ્વરૂપ છે, પાછળની ગાથા ક્ષેપક છે.

નની પૂજા તથા પરોપકાર કરવાપણું, શુદ્ધ ગુરૂનો મેલાપ, તેમના વચનનું અંગીકરણ (તેસર્વ) જ્યાં સુધી મારે ભવ કરવા પડે ત્યાં સુધી (મોક્ષ પ્રાપ્તિ સુધી) અખંડ હોજો. ૨

वार्यते यद्यपि निदानबन्धनं वीतराग तव समये

वारिज्जइ जइवि निया–णबंधणं वीयराय तुह समए ।

નિવારાય છે જો કે નિયાણુ કરવું હે વીતરાગ! તારા આગમમાં

तथापि मम भवतु सेवा भवे भवे तव चरणानाम्

तहवि मम हुज्ज सेवा, नवे भवे तुम्ह चलणाणं।३।

તો પણ મને હો સેવા, ભવોભવમાં તારા ચરણની.

અર્થ—હે વીતરાગ ! તમારા સિદ્ધાંતમા જો કે નિયાણાનું બાંધવું નિષેધ્યું છે, તો પણ મને ભવોભવને વિષે તમારા ચરણોની સેવા હોજો. ૩

दुःखक्षयः कर्म्मक्षयः समाधिमरण च बोधिलाभश्च

दुक्खखउ कम्मखउ, समाहिमरणं च बोहिलान्नो अ।

દુઃખનો નાશ, કર્મનો નાશ, સમાધ મરણ અને બોધિલાભ અને

संपद्यताम् मम एतत् तव (तुभ्यं) नाथ प्रणामकरणेन ।

संपज्जउ मह एअं, तुह नाह पणामकरणेणं ॥४॥

પ્રાપ્તહો મને એ. તને હે નાથ! પ્રણામ કરવાએ કરી.

અર્થ—હે નાથ ! તમને પ્રણામ કરવાથી, મને દુઃખનો ક્ષય, કર્મનો ક્ષય, સમાધિ મરણ તથા બોધિનો લાભ, એ (ચાર) સંપ્રાપ્ત થાઓ. ૪

सर्वमंगलमांगल्यं, सर्वकल्याणकारणं ।

સર્વ મંગલમાં પેહેલું મંગલ, સર્વ કલ્યાણનું કારણ,

प्रधानं सर्वधर्म्माणां, जैनं जयति शासनम् । ५ ।

પ્રધાન સર્વ ધર્મોમાં (એવું) જિનેશ્વરનું જયવંતું વર્ત્તે છે. શાસન

અર્થ--સર્વ મંગળીકમાં મંગળીક, સર્વ કલ્યાણનું કારણ (અને) સર્વ ધર્મોમા પ્રધાન (એવું) જૈન શાસન જયવંતુ વર્ત્તે છે. ૫ ઇતિ.

સંપદા (૨૦) ગાથા (૫) પદ (૨૦) ગુરૂ (૧૯) લઘુ (૧૭૨) સર્વવર્ણ (૧૯૧)

अथ अरिहंतचेइयाणं वा चैत्यस्तवं.

अर्हच्चैत्यानां करोमि कायोत्सर्गं ।

अरिहंतचेइयाणं करेमि काउस्सग्गं । १ ।

અરિહંત ચૈત્ય (આરાધવા) કરૂં છું કાઉસગ્ગ

અર્થ—અરિહંતની પ્રતિમાને (વંદનાદિ અર્થે) હું કાયોત્સર્ગ કરૂં છું. ઇતિ.

वन्दनप्रत्ययं (निमित्तं), पूजनप्रत्ययं, सत्कारप्रत्ययं,

वंदणवत्तियाए पूअणवत्तियाए सक्कारवत्तियाए

વંદન નિમિત્તે, પૂજન નિમિત્તે, સત્કાર નિમિત્તે,

---

૧ આ સૂત્રવડે સ્થાપનાજિનની સ્તુતિ થાય છે.

सन्मानप्रत्ययं, बोधिलाभप्रत्ययं,

सम्माणवत्तियाए बोहिलाभवत्तियाए

સન્માન નિમિત્તે, બોધિની પ્રાપ્તિ નિમિત્તે,

निरुपसर्गप्रत्ययं,

निरुवसग्गवत्तियाए । २ ।

ઉપસર્ગ રહિતપણા નિમિત્તે.

અર્થ—વાંદવાને નિમિત્તે, પૂજા કરવાને નિમિત્તે, સત્કારને નિમિત્તે, સન્માનને નિમિત્તે, બોધિ લાભને નિમિત્તે (અને) ઉપસર્ગરહિત (મોક્ષ) સ્થાન પામવા નિમિત્તે, ૨

श्रद्धया, मेधया, धृत्या, धारणया, अनुप्रेक्षया,

सद्धाए मेहाए धिइए धारणाए अणुप्पेहाए ।

શ્રદ્ધાએ બુદ્ધિએ ધીરજે ધારણાએ વિચારણાએ

वर्द्धमानया, करोमि कायोत्सर्गम् ।

वड्ढमाणीए ठामि काउस्सग्गं ॥ ३ ॥

વર્દ્ધમાનપણે કરૂં છું કાઉસગ્ગ

અર્થ—વૃદ્ધિ પામતી શ્રદ્ધાથી, નિર્મળ બુદ્ધિપૂર્વક, ચિત્તની સ્થિરતાએ, ધારણા પૂર્વક, અને વારંવાર વિચારણા પૂર્વક, હું કાયોત્સર્ગ કરૂં છું. ૩ (વૃદ્ધિ પામતી એ પદ શ્રદ્ધાદિ પાંચ સાથે જોડવું.)

સંપદા (૩) પદ (૧૫) ગુરૂ (૧૬) લઘુ (૭૩) સર્વવર્ણ (૮૯).

[1]कल्लाणकंदंनी स्तुतिः

कल्याणकंदं प्रथमं जिनेन्द्रं शांतिं ततः नेमिजिनं मुनींद्रं

कल्लाणकंदं पढमं जिणिंदं, संतिं तओ नेमिजिणं मुणिंदं

કલ્યાણના શ્રી પ્રથમ જીનેંદ્રને, શ્રી શાં- તથા નેમિ જિનને, મુનિના
મૂળ તિનાથને ઇંદ્ર

पार्श्वं प्रकाशकं सुगुणैकस्थानं भक्त्या वंदे श्रीवर्द्धमानम्

पासं पयासं सुगुणिक्कठाणं, भत्तीइ वंदे सिरि वद्धमाणं

પાર્શ્વના- પ્રકાશ- સારા ગુણોનું ભક્તિવડે વાંદું શ્રી વર્દ્ધમાન સ્વા-
થને કરનારા, એકસ્થાન છું. મિને

અર્થ—કલ્યાણના મૂળ શ્રી પ્રથમ જિનેંદ્રને, શ્રી શાંતિ-નાથને તથા મુનિઓના ઇંદ્ર શ્રી નેમિજિનને (ત્રણ ભુવનને) પ્રકાશ કરનારા (અને) સારા ગુણોના એક સ્થાનક શ્રીપાર્શ્વનાથને (તથા) શ્રી વર્દ્ધમાનસ્વામીને હું ભક્તિપૂર્વક વાદુ છું ૧

अपारसंसारसमुद्रपारं प्राप्ताः शिवं ददतु शुच्येकसारं

अपारसंसारसमुद्दपारं–पत्ता सिवं दिंतु सुइक्कसारं।

અપાર સંસારરૂપ સમુદ્રના- પામેલા, મોક્ષ આપો. પવિત્ર વસ્તુને
પારને વિશે એક સારરૂપ

---

૧ દરેક થોઇ જોડામા પહેલી સ્તુતિ અમુક તીર્થંકર અગર તીર્થંકરોની હોય, બીજી સર્વ જિનોની, ત્રીજી જ્ઞાન અગર સિદ્ધાંતની અને ચોથી શાસનના અધિષ્ઠાયક યક્ષ યક્ષણીની હોય છે

सर्व्वे जिनेंद्राः सुरवृंदवंद्याः कल्याणवल्लीनाम् विशालकंदाः

सव्वे जिणिंदा सुरविंदवंदा, कल्लाणवल्लीण विसालकंदा १

બધા જિનેંદ્રો દેવતાના સમૂહથી કલ્યાણરૂપ વેલ- વિશાળ મૂળરૂપ
વંદાયેલા ડીના

અર્થ—નથી છેડો જેનો એવા સંસાર રૂપ સમુદ્રના પારને પામેલા (તથા) દેવતાઓના સમૂહથી વંદાએલા (અને) કલ્યાણ રૂપ વેલના વિશાળ મૂળ એવા સર્વ જિનેંદ્રો, સર્વ પવિત્ર વસ્તુઓને વિષે સારરૂપ એવું મોક્ષ (મને) આપો ૨

निर्व्वाणमार्गे वरयानकल्पं प्रणाशिताशेषकुवादिदर्प्पं

निव्वाणमग्गे वरजाणकप्पं, पणासियासेसकुवाइदप्पं।

મોક્ષમાર્ગને વિષે ઉત્તમ રથસમાન, નાશ કર્યો છે સમસ્ત કુવા-
દિઓનો અહંકાર જેણે

मतं जिनानां शरणं बुधाना नमामि नित्यं त्रिजगत्प्रधानम्

मयं जिणाणं सरणं बुहाणं, नमामि निच्चं तिजगप्पहाणं

મતને જીનેશ્વરોના શરણ- તત્વવે-નમું છું. નિરંતર ત્રણ જગતને
ભૂત ત્તાઓને વિષે પ્રધાન

અર્થ—મોક્ષમાર્ગને વિષે પ્રધાન રથ સમાન (અને) સમસ્ત કુવાદિયોના અહંકારને નાશ કરનાર, તત્ત્વવેત્તાઓને આ-ધારભૂત (અને) ત્રણ જગતને વિષે પ્રધાન એવા જિનેશ્વરોના મતને હું નિરંતર નમસ્કાર કરૂં છું ૩

कुंदेंदुगोक्षीरतुषारवर्णा सरोजहस्ता कमले निषण्णा

कुंदिंदुगोक्खीरतुसारवन्ना, सरोजहत्था कमले निसन्ना

મચકુંદના ફુલ, ચંદ્રમા, ગાયનું- હાથમાં કમળવાળી, કમળમા બેઠેલી,
દુધઅને હિમના સરખાંવર્ણવાળી,

वागिश्वरी ्स्तकव्यग्रहस्ता सुखाय सा नः सदा प्रशस्ता
वाएसिरि पुत्थयवग्गहत्था, सुहाय सा अम्ह सया पसत्था
શ્રુતદેવી પુસ્તકવડે વ્યગ્રહસ્ત- સુખને તે અમને નિરંતર પ્રશસ્ત
વાળી માટે

અર્થ—મચકુંદના પુલ, ચંદ્રમા, ગાયનું દુધ (અને) હિમ એ (ચાર) ના વર્ણ જેવો રંગ છે જેનો, હાથમા કમલ વાળી, કમલને વિષે બેઠેલી, પુસ્તકનો સમૂહ જેના હાથમાં છે અથવા પુસ્તકવડે ભરેલ (વ્યગ્ર) છે હસ્ત જેનો એવી; તથા ઉત્તમ એવી તે શ્રુતદેવી, નિરંતર અમને સુખને અર્થે થાઓ. ૪ ઇતિ સ્તુતિ

॥ अथ संसारदावानी स्तुति॥[1]

इंद्रवज्राछंद.

संसारदावानलदाहनीरं, संमोहधूलीहरणे समीरं ॥
સંસારરૂપી દાવાનળના તાપ- અજ્ઞાનરૂપ ધૂળને હ- પવન સમાન
ને ઓલવવા પાણી સમાન, રણ કરવામાં

---

૧ આ સ્તુતિ શ્રી હરિભદ્રસૂરિએ રચી છે. તે સમ સંસ્કૃત ભાષામાં છે.

मायारसादारणसारसीरं, नमामि वीरं गिरिसारधीरम्

કપટરૂપ પૃથ્વીને ખોદવાને નમું છું. વીરપ્રભુને, મેરૂ પર્વત જેવ
તીક્ષ્ણ હળ સમાન ધીરજવાળા,

અર્થ—સંસાર રૂપી દાવાનળના તાપને ઓલવવાને પાણી સમાન, અજ્ઞાનરૂપ ધૂળને હરણ કરવાને પવન સમાન, કપટ રૂપી પૃથ્વીને ખોદવાને તીક્ષ્ણ હળ સમાન અને મેરૂપર્વતની જેવા ધૈર્યતાવાળા એવા વીરપ્રભુને હું નમસ્કાર કરૂં છું. ૧

वसंततिलका वृत्त.

भावावनामसुरदानवमानवेन,-

ભાવવડે નમેલા દેવ, દાનવ અને મનુષ્યના સ્વામી-

चूलाविलोलकमलावलिमालितानि ॥

તેના મુગટ ઉપરના દેદીપ્યમાન કમળની શ્રેણીઓવડે પૂજાયેલા.

संपूरिताभिनतलोकसमीहितानि,

રૂડે પ્રકારે પૂર્યા છે ભક્તજનોના વાંચ્છિતાર્થ જેણે

कामं नमामि जिनराजपदानि तानि ॥२॥

અત્યંત નમું છું. જિનેશ્વરના ચરણોને તે

અર્થ—ભાવ પૂર્વક નમસ્કાર કર્યો છે જેણે એવા દેવ, દાનવ અને મનુષ્યના સ્વામી તેના મસ્તકને વિષે રહેલા મુગટ ઉપરના દેદીપ્યમાન કમલોની શ્રેણિઓવડે જે પૂજાયેલા છે તથા

સમ્યક્‌રીતે પૂર્ણ કર્યા છે નમસ્કાર કરનારા લોકોના મનોવાંછિત જેણે, એવા જિનેશ્વર ભગવાનના તે ચરણો પ્રત્યે હું સ્વેચ્છાએ નમસ્કાર કરૂં છું.

मंदाक्रांतावृत्तम्.

बोधागाधं सुपदपदवीनीरपूराभिरामं,

જ્ઞાનવડેગંભીર, સુંદરપદની રચનારૂપ પાણીના પૂરવડે મનોહર,

जीवाहिंसाविरललहरीसंगमागाहदेहम् ॥

જીવદયારૂપ આંતરા રહિત તરંગોના પરસ્પર મળવા થકી અગાધ છે દેહ જેનું,

चूलावेलं गुरुगममणीसंकुलं दूरपारं,

ચૂલિકારૂપી વેલો છે જેમાં- મોટા આલાવારૂપી- રત્નોથી ભરેલો દૂર છે કાંઠો જેનો.

सारं वीरागमजलनिधिं सादरं साधु सेवे ॥ ३ ॥

પ્રધાન, વીર ભગવાનના આગમરૂપી સમુદ્રને આદરવડે રૂડે પ્રકારે સેવું છું.

અર્થ—ગંભીર છે જ્ઞાન જેને વિષે તથા સુદર પદોની રચના રૂપ પાણીના સમૂહે કરી મનોહર, તથા જીવોની રક્ષારૂપ, આંતરારહિત તરંગોના પરસ્પર મળવા થકી અગાધ છે દેહસ્વરૂપ જેનું, વળી સિદ્ધાંતોની ચૂલિકારૂપી વેલો છે જેને વિષે તથા મોટા એવા સરખા પાઠરૂપ રત્નોથી ભરેલો, અત્યંત દૂર છે

કાંઠો તે જેનો એવા તથા પ્રધાન એવા શ્રી વીર પરમાત્માના આગમ-
રૂપ સમુદ્રને આદરસહિત સમ્યક્ પ્રકારે હું સેવુ છું. ૩

स्रग्धरावृत्तम्.

आमूलालोलधूलीबहुलपरिमलालीढलोलालिमाला,—

મૂળ સુધી ડોલતું, મકરંદના સુગંધી કણીયાની અત્યંત સુગંધને
વિષે આસક્ત ચપલ ભ્રમરની શ્રેણિના-

झंकारारावसारामलदलकमलागारभूमीनिवासे ॥

ગુંજાર શબ્દોએ શોભતું વળી નિર્મળ પાંદડાવાળું કમળ તેની
ઉપર ભુવનના મધ્ય ભાગની ભૂમિમાં નિવાસ કરનારી.

छायासंभारसारे वरकमलकरे तारहाराभिरामे

કાંતિના સમૂહવડે સુશોભિત   સુંદર કમળ છે હાથને વિષે એવી   દેદીપ્યમાન હારવડે મનોહર

वाणीसंदोहदेहे भवविरहवरं देहि मे देवि सारम् ॥४॥

વાણીના સમૂહરૂપી શરીર છે જેનું   મોક્ષરૂપી વરદાન   આપ મને હે દેવી ! પ્રધાન

અર્થ—મૂળસુધી ડોલતું તથા મકરંદના સુગંધી કણીઆની અત્યંત સુગંધને વિષે આસક્ત એવા ચપલ ભમરાઓની શ્રેણિના ગુંજારના શબ્દોએ કરીને શોભતું એવુ, વળી નિર્મળ પાંદડાવાળું એવુ કમલ તેની ઉપર ભુવનના મધ્યભાગની ભૂમિને વિષે નિવાસ છે જેનો એવી, તથા કાંતિના સમૂહવડે

સુશોભિત એવી; તથા સુંદર કમળ છે જેના હાથને વિષે એવી; તથા દેદીપ્યમાન હારે કરી મનોહર એવી; દ્વાદશાંગીરૂપ વાણીના સમૂહરૂપી શરીર છે જેનું એવી, હે શ્રુતદેવિ ! મને પ્રધાન મોક્ષરૂપી વરદાન આપો ! ૪

ગાથા (૪) પદ (૧૬) સંપદા (૧૬) સર્વ (લઘુ) વર્ણ (૨૫૨)

अथ पुख्खरवरदी वा श्रुतस्तवं[1] सूत्रम्

आर्यागीति.

पुष्करवरद्वीपार्धे धातकीखंडे च जंबूद्वीपे च

पुक्खरवरदीवड्ढे, धायइसंडे अ जंबुदीवे अ

અર્ધ પુષ્કરવરદ્વીપમાં ધાતકીખંડમાં અને જંબુદ્વીપમાં અને

भरतैरावतविदेहेषु धर्मादिकरान नमस्यामि

भरहेरवयविदेहे, धम्माइगरे नमंसामि ॥ १ ॥

ભરત ઐરવત અને ધર્મની આદિ નમસ્કાર કરૂં છું.
મહાવિદેહમાં કરનારાને

અર્થ—પુષ્કરવર નામના દ્વીપના અર્ધ ભાગમા ધાતકી ખંડમાં તથા જંબુદ્વીપમાં–પાંચ ભરત, પાચ ઐરવત અને

---

૧ આ સૂત્રવડે સિદ્ધાંતની સ્તુતિ કરી છે તેથી શ્રુતસ્તવ પહેલી ગાથાવડે ભાવ અરિહતની સ્તુતિ કરી છે અને પાછળની ત્રણ ગાથાવડે શ્રુતની સ્તુતિ કરી છે

પાંચ મહાવિદેહ મધ્યેના ધર્મની આદિના કરનારને હુ નમ-
સ્કાર કરૂં છું. ૧

तमस्तिमिरपटलविध्वंसनं सुरगणनरेंद्रमहितम्

तमतिमिरपडलविद्धं-सणस्स सुरगणनरिंदमहियस्स।

અજ્ઞાનરૂપ અંધકારના સમૂહને ના- દેવતાના સમૂહ અને મનુષ્ય-
શ કરનાર ના ઇંદ્રોથી પૂજીત

सीमाधरं वंदे प्रस्फोटितमोहजालम्

सीमाधरस्स वंदे, पप्फोडीअमोहजालस्स॥ २ ॥

(આત્માને) મર્યા- વાંદુંછું. તોડી નાંખી છે મોહજાળ જેણે એવા
દામાં રાખનારને

અર્થ—અજ્ઞાનરૂપી અંધકારના સમૂહનો નાશ કરનાર તથા દેવતાના સમૂહ અને મનુષ્યના ઇંદ્રોથી પૂજીત વળી (આત્માને) મર્યાદામા રાખનાર અને મોહરૂપી જાળને ત્રોડી નાખનાર એવા (સિદ્ધાતને) હુ વાદુંછુ, ૨

वसंततिलका.

जातिजरामरणशोकप्रणाशनस्य

जाईजरामरणसोगपणासणस्स,

જન્મ, ઘડપણ, મરણ અને શોકનો અતિશયે નાશ કરનાર

कल्याणपुष्कलविशालसुखावहस्य

कल्लाणपुक्खलविसालसुहावहस्स ।

કલ્યાણ અને સંપૂર્ણ વિશાળ (મોક્ષ) સુખને આપનાર

को देवदानवनरेंद्रगणार्चितस्य

को देव ।णवनरिंदगणच्चिअस्स,

કોણ, દેવદાનવ અને મનુષ્યના ઇંદ્રોથી પૂજીત

धर्म्मस्य सार-मुपलभ्य कुर्यात् प्रमादं

धम्मस्स सारमुवलब्भ करे पमायं ॥ ३ ॥

શ્રુતધર્મના સારને પામીને કરે ? પ્રમાદ

અર્થ—જન્મ, જરા, મૃત્યુ અને શોકનો અતિશયે કરીને નાશ કરનાર, કલ્યાણ અને સંપૂર્ણ વિશાળ એવા મોક્ષના સુખને આપનાર, દેવ દાનવ અને મનુષ્યના ઇંદ્રોના સમૂહથી પૂજીત, એવો શ્રુતધર્મનો સાર પામીને કોણ પ્રમાદ કરે ? ૩

शार्दूलविक्रीडित-त्तम्

सिद्धाय भो प्रयतः नमो जिनमताय नंदिः सदा संयमे

सिद्धे त्भो पयओ णमो जिणमए नंदी सया संजमे,

(નય પ્રમાણથી) સિદ્ધ, હે, આદરવડે, નમસ્કાર કરૂં છું. જિનમતને, વૃદ્ધિ, નિરંતર, ચારિત્ર ધર્મને વિષે

देवनागसुवर्णकिन्नरगणसद्भूतभावार्चिताय

देवंनागसुवन्नकिन्नरगण-स्स ॰ अभावच्चिए ।

વૈમાનિક, ભવનપતિ, જ્યોતિષી અને વ્યંતર દેવોના સમૂહથી સત્ય ભાવે પૂજાયેલ

लोको यत्र प्रतिष्ठितः जगदिदं त्रैलोक्यमर्त्यासुरं

लोगो जत्थ पइट्ठिउं जगमिणं तेलुक्कमच्चासुरं,

ત્રણ કાળ સંબંધિજ્ઞાન જેમાં રહેલું છે આ જગત મનુષ્ય ભવનપતિ આદિ ત્રણ લોકરૂપ

धर्म्मो वर्द्धतां शाश्वतः विजयतः (विजयेन) धर्म्मोत्तरं वर्द्धतां.

धम्मो वड्ढउ सासओ विजयओ धम्मुत्तरं वड्ढउ ॥४॥

શ્રુતધર્મ વૃદ્ધિ પામો,શાશ્વતો,વિજયવંત, ચારિત્ર ધર્મની વૃદ્ધિ થાઓ (વિજયવડે)

श्रुतस्य भगवतः करोमि कायोत्सर्गं वंदनप्रत्ययं इत्यादि

सुअस्स भगवओ करेमि काउस्सग्गं वंदणवत्तियाए॰

શ્રુત ધર્મને, પવિત્ર, કરૂં છું. કાઉસ્સગ્ગ વંદન ફલ નિમિત્તે (આરાધવાને)

અર્થ—હે જ્ઞાનવંતલોકો! (સર્વનય પ્રમાણુથી) સિદ્ધ એવા જિનમત (સિદ્ધાત) ને હું આદરસહિત નમસ્કાર કરૂં છું. તે જિનમતના પ્રસાદથી મને ચારિત્ર ધર્મને વિષે નિરંતર વૃદ્ધિ થાઓ. તે ચારિત્રધર્મ, વૈમાનિક દેવો, ભવનપતિ દેવો, જ્યોતિષી દેવો અને વ્યંતર દેવોના સમૂહથી સત્ય ભાવે કરીને પૂજાએલો છે. વળી જે જિનમતને વિષે ત્રણકાળનું જ્ઞાન તથા ત્રણલોક સંબંધી અર્થાત્ મનુષ્ય, ભવનપતિ પ્રમુખ સર્વ દેવતા અને ઉપલક્ષણથી તિર્યંચ અને નારકી એ સર્વ લોકરૂપ આ જગતનું જ્ઞાન પ્રતિષ્ઠ્યું છે, એવો સિદ્ધાંતરૂપ શ્રુતધર્મ વૃદ્ધિ પામો! તે

શ્રુતધર્મ શાસ્વતો તથા વિજયવંત છે. તે શ્રુતધર્મ ચારિત્રધર્મનું પ્રધાનપણું થાય તેમ વૃદ્ધિ પામો. ૪ હે ભગવંત! તે પવિત્ર શ્રુતધર્મને આરાધવા હું કાઉસ્સગ્ગ કરૂં છું વંદન નિમિત્તે વિગેરે૦

પદ (૧૬) સંપદા (૧૬) ગાથા (૪) ગુરૂ (૩૪) લઘુ (૧૮૨)
સર્વવર્ણ (૨૧૬)

ઇતિ શ્રુતસ્તવ સૂત્ર

[1]अथ सिद्धाणं बुद्धाणं वा सिद्धस्तव सूत्रम्

सिद्धेभ्यो	**बुद्धेभ्यः**	**पारगतेभ्यः**	**परंपरागतेभ्यः**
[2]सिद्धाणं	**बुद्धाणं,**	**पारगयाणं**	**परंपरगयाणं ।**
સિદ્ધોને	**બુદ્ધોને**	**સંસાર સમુદ્રના પાર પામેલાને**	**ગુણસ્થાનના ક્રમે મોક્ષ પામેલાને**

---

૧ આ સૂત્રવડે સિદ્ધ ભગવંતોની સ્તુતિ કરેલ છે તેથી સિદ્ધસ્તવ. પહેલી ગાથાવડે સકળ સિદ્ધોને, બીજી અને ત્રીજી ગાથાવડે તીર્થાધિપ શાસનનાયક વીરજિનને, ચોથી ગાથાવડે ગિરિનાર પર્વત ઉપર રહેલા નેમિનાથને અને પાંચમી ગાથાવડે અષ્ટાપદ પર્વત ઉપર રહેલા ચોવિશ તીર્થંકરોને સ્તવ્યા છે. તથા એ ગાથાવડે જુદી જુદી રીતે વંદના કરેલ છે, તે જાણવાની ઇચ્છાવાળાએ ચૈત્યવંદન ભાષ્યનો અર્થ જોવો.

૨ चतुर्थी स्थाने षष्ठी प्राकृतत्वात्.

लोकाग्रमुपगतेभ्यो नमः सदा सर्वसिद्धेभ्यः

लोअग्गमुवगयाणं, नमो सया सव्वसिद्धाणं ॥ १ ॥

લોકના અગ્રભાગને પામેલાને નમસ્કાર હો નિરંતર સર્વ સિદ્ધ ભગવંતોને

અર્થ—સિદ્ધને, બુદ્ધને, સંસાર સમુદ્રના પાર પામેલાને, ગુણ સ્થાનકના ક્રમે ચડી મોક્ષે પહોંચેલાને, લોકના અગ્રભાગને પામેલાને એવા સર્વ સિદ્ધોને હું નિરંતર નમસ્કાર કરૂં છું. ૧

यो देवानामपि देवः यं देवाः प्रांजलयो नमस्यंति

जो देवाणवि देवो, जं देवा पंजली नमंसंति ।

જે દેવતાઓના પણ દેવ (છે. ને) જેને દેવતા- હાથજોડીને નમસ્કાર કરે છે ઓ

तं देवदेवमहितं शिरसा वंदे महावीरम्

तं देवदेवमहिअं, सिरसा वंदे महावीरं ॥ २ ॥

તે દેવના દેવ (ઇંદ્ર) થી પૂજાયેલા, મસ્તકવડે વાંદુછું. મહાવીર સ્વામીને

અર્થ—જે દેવોના પણ દેવ છે, જેને દેવતાઓ હાથ જોડીને નમસ્કાર કરે છે, વળી દેવોના દેવ (ઇંદ્ર) થી જે પૂજાયેલા છે તે મહાવીર સ્વામીને મસ્તકે કરીને હું વાંદું છું. ૨

एकोपि नमस्कारो जिनवरवृषभाय वर्द्धमानाय (क्रियमाणः)

इक्कोवि नमुक्कारो, जिणवरवसहस्स वद्धमाणस्स ।

એક પણ નમસ્કાર, (કરેલો) જિનવરમાં વૃષભતુલ્ય વર્દ્ધમાનસ્વામીને

संसारसागरात्   तारयति नरं वा नारीं वा

संसारसाग राउ, तारेइ नरं व नारिं वा ॥ ३ ॥

સંસાર સાગર થકી, તારે છે, પુરૂષ વળી સ્ત્રી   અથવા નપુંસકને

અર્થ—એકપણ નમસ્કાર, જિનવરમાં વૃષભ સમાન એવા વર્દ્ધમાન સ્વામીને (કરવામા આવ્યો હોય તે) સંસાર સમુદ્રથી પુરૂષ, વળી સ્ત્રી વા (કૃત્રિમ) નપુસકને પણ તારે છે. ૩

उज्जयंतशैलशिखरे   दिक्षा   ज्ञानं   नैषेधिकी   यस्य

उज्जितसेलसिहरे, दिरका नाणं निसीहिआ जस्स ।

ગિરિનાર પર્વતના શિખરઉપર, દીક્ષા, જ્ઞાન, મોક્ષ કલ્યાણક, જેના

तं धर्मचक्रवर्तिनम् अरिष्टनेमिं   नमस्यामि

तं धम्मचक्कवट्टीं, अरिठनेमिं नमंसामि ॥ ४ ॥

તે ધર્મ ચક્રવર્તી   શ્રીઅરિષ્ટનેમિને નમસ્કાર કરૂંછું.

અર્થ—ગિરિનાર પર્વતના શિખર ઉપર જેના દીક્ષા, જ્ઞાન અને મોક્ષ કલ્યાણક થયાં છે, તે ધર્મ ચક્રવર્ત્તી શ્રી અરિષ્ટનેમિને હું નમસ્કાર કરૂંછું. ૪

चत्वारः अष्ट दश द्वौ च वंदिता   जिनवराः चतुर्विंशतिः

चत्तारि अठ दस दो, अ वंदिआ जिणवरा चउव्वीसं ।

ચાર   આઠ દશ બે અને વંદાયેલા છે જિનેશ્વરો ચોવિશ

परमार्थनिष्ठितार्थाः   सिद्धाः सिद्धिं मम ददतु

परमठनिठिअठा, सिद्धा सिद्धिं मम दिसंतु ॥५॥

પરમાર્થથી કૃતકૃત્યથયેલા સિદ્ધભગ- મોક્ષ   મને   આપો.

વંતો

અર્થ—ચાર, આઠ, દશ અને બે એવા ચોવીશ જિન-વરો જે (ઇંદ્રાદિથી) વંદાયેલા છે, વળી પરમાર્થથી જેઓ કૃતકૃત્ય થયા છે, જેઓ સિદ્ધ થયા છે, તે મને મોક્ષ આપો. પ. પદ (૨૦) સંપદા (૨૦) ગાથા (૫) ગુરૂ (૨૫) લઘુ (૧૫૧) સર્વ વર્ણ (૧૭૬)

ઇતિ સિદ્ધસ્તવ સૂત્ર.

॥ अथ वेआवच्चगराणं सूत्रम् ॥

वैयावृत्यकरेषु शांतिकरेषु सम्यग्दृष्टिसमाधिकरेषु

वेआवच्चगराणं संतिगराणं सम्मद्दिट्ठिसमाहिगराणं

વેયાવચ્ચ કરનારા, શાંતિ કરનારા, સમ્યગ્ દૃષ્ટિ જીવોને સમાધિ (શ્રી જિનશાસનની) કરનારા, દેવો આશ્રીને

करोमि कायोत्सर्गम्

करेमि काउस्सग्गं अन्नत्थ०

કરૂંછું. કાઉસગ્ગ

અર્થ—શ્રી જિનશાસનની વૈયાવચ્ચના કરનાર, શાંતિના કરનાર અને સમ્યગ્દૃષ્ટિ જીવોને સમાધિના કરનાર દેવોને (સંભારવા નિમિત્તે) આશ્રીને; હું કાઉસ્સગ્ગ કરૂં છું. ઇતિ

अथ भगवानादि वंदन.

[1]भगवान्हं आचार्यहं उपाध्यायहं सर्वसाधुहं

ભગવાન (ધર્માચાર્ય)ને, આચાર્યને, ઉપાધ્યાયને, સર્વ મુનિરાજને (વાંદુંછું.)

---

૧ અહીં સર્વત્ર હ મૂકેલ છે તે ષષ્ઠી વિભક્તિનો નિપાત છે.

॥ अथ प्रतिक्रमणस्थापन सूत्रम् ॥

इच्छाकारेण संदिसह भगवन्! देवसिअ पडिक्कमणे ठाउं? इच्छं.

सर्वस्यापि दैवसिकस्य दुश्चिंतितस्य दुर्भाषितस्य

सव्वस्सवि देवसिअ, दुच्चिंतिअ दुब्भासिअ

સર્વે પણ દિવસ સંબંધીનું દુષ્ટ ચિંતવનનું, દુષ્ટ ભાષણનું,

दुश्चेष्टितस्य मिथ्या (मिथ्या करोमि) मम दुष्कृतं

दुच्चिट्ठिअ मिच्छामि दुक्कडं

દુષ્ટ ચેષ્ટાનું ફોગટ કરૂં છું. મારા દુષ્કૃતને

અર્થ—સર્વે પણ દિવસ સબંધીનુ દુષ્કૃત (અતિચાર) દુષ્ટ ચિંતવન કરવાથી, દુષ્ટ ભાષણ કરવાથી, દુષ્ટ ચેષ્ટા કરવાથી લાગ્યું હોય તે મારૂં પાપ મિથ્યા થાઓ!

॥ अथ इच्छामि ठामि सूत्रम् ॥

इच्छामि (कायोत्सर्गं कर्त्तुं) स्थापयामि कायोत्सर्गम्

इच्छामि ठामि काउस्सग्गं

ઇચ્છું છું. (કાઉસ્સગ્ગ કરવા) કરૂં છું. કાઉસ્સગ્ગ

અર્થ—હુ કાઉસ્સગ્ગ કરવા ઇચ્છું છું, કાઉસ્સગ્ગ કરૂં છું.

यो मया दैवसिको ऽतिचारः

जो मे देवसिउ अइयारो

જે મેં દિવસ સંબંધી અતિચાર

कृतः कायिको वाचिको मानसिकः

कओ काइओ वाइओ माणसिओ

કર્યો. કાયા સંબંધી વચન સંબંધી મન સંબંધી

અર્થ—જે મેં દિવસ સંબંધી અતિચાર કર્યો હોય, જેમ કે–કાયાસંબંધી, વચન સંબંધી, મન સંબંધી,

उत्सूत्रः उन्मार्गः अकल्प्यो ऽकरणीयः

उस्सुत्तो उम्मग्गो अकप्पो अकरणिज्जो

ઉત્સૂત્ર ભાષણ, ઉન્માર્ગ સેવન, અકલ્પ્ય, અકરણીય આચરણ

दुर्ध्यातः दुर्विचिंतितो ऽनाचारो ऽनेष्टव्यः

दुज्झाओ दुव्विचिंतिओ अणायारो अणिच्छिअव्वो

દુર્ધ્યાનથી, દુષ્ટ ચિંતવનથી, અનાચારથી, નહિ ઈચ્છવા યોગ્ય ઇચ્છવાથી

अश्रावकप्रायोग्यः

असावगपाउग्गो

શ્રાવકને અનુચિત કરવાથી

અર્થ—જિનાગમથી વિરૂદ્ધ બોલવાથી, ઉન્માર્ગને સેવવાથી ઉત્પન્ન થયો જે અકલ્પ્ય અર્થાત્ ચરણ વ્યાપારથી રહિત તે અકલ્પ્યપણાથી ઉત્પન્ન થયો જે અકરણિય–નહિ કરવા યોગ્ય, તે કરવે કરીને,

(ઉપરના અતિચાર કાયા અને વચન સંબંધીના કહ્યા.

હવે મન સંબંધી અતિચારનું સ્વરૂપ કહે છે.)

દુર્ધ્યાન ધ્યાવવાથી (અને તેથીજ) દુષ્ટચિંતવન કરવાવડે કરીને અનાચાર (જેથી વ્રતાદિકનો સર્વથા ભંગ થાય,) તેથી જે કે ઈચ્છિવા યોગ્ય નથી અને શ્રાવકને ઉચિત નથી તેવું અનુચિત કરવાથી થયેલા અતિચાર–

શાને વિષે લગાડ્યા હોય તે કહે છે.

ज्ञाने दर्शने चारित्राचारित्रे श्रुते सामायिके

नाणे दंसणे चरित्ताचरित्ते सूए सामाइए

જ્ઞાનને વિષે દર્શનને વિષે દેશવિરતિ શ્રાવક ધર્મને વિષે સૂત્રને વિષે સામાયિકને વિષે

(भेदेनाह)तिसृणां गुप्तीनां चतुर्णां कषायाणां पंचानामनुव्रतानां

तिण्हं गुत्तीणं चउण्हं कसायाणं पंचण्हमणुव्वयाणं

ત્રણ ગુપ્તિનાં, ચાર કષાયોનાં, પાંચ અનુવ્રતોનાં

त्रयाणां गुणव्रतानां चतुर्णां शिक्षाव्रतानां

तिण्हं गुणव्वयाणं चउण्हं सिक्खावयाणं

ત્રણ ગુણ વ્રતોનાં, ચાર શિક્ષા વ્રતોનાં

(सर्व मीलने) द्वादशविधस्य श्रावकधर्मस्य यत् खंडितं

बारसविहस्स सावगधम्मस्स जं खंडिअं

(સર્વ મળી) બાર પ્રકારના શ્રાવક ધર્મનું જે દેશથકી ખંડિત કર્યું.

यद् विराधितं तस्य मिथ्या मे दुष्कृतं
जं विराहिअं तस्स मिच्छामि दुक्कडं
જે સર્વથકી ભાંગ્યું તે મિથ્યા કરૂં છું. મારૂં દુષ્કૃત.

અર્થ—જ્ઞાનનેવિષે, દર્શનને વિષે, દેશવિરતિરૂપ શ્રાવક ધર્મને વિષે, શ્રુત સિદ્ધાંતને વિષે, સામાયિકને વિષે, ત્રણ ગુપ્તિને વિષે, ચાર કષાયે કરી, પાંચ અણુવ્રત મધ્યેથી, ત્રણ ગુણવ્રત મધ્યેથી અને ચાર શિક્ષાવ્રતમધ્યેથી (અર્થાત) બાર પ્રકારના વ્રત રૂપ જે શ્રાવક ધર્મ તે માંહેથી જે દેશ થકી ખંડ્યું હોય તથા જે સર્વથકી વિરાધ્યું હોય, તે મારૂં પાપ નિષ્ફલ થાઓ.

ગુરૂ (૨૯) લઘુ (૧૩૮) સર્વ વર્ણ (૧૬૭)

ઇતિ ઇચ્છામિ ઠામિ દેવસિઅં આલોઉ સૂત્ર.[1]

॥ अथ अतिचारगाथाः ॥

ज्ञाने दर्शने च चरणे तपसि तथा च वीर्ये
नाणंमि दंसणंमि अ, चरणंमि तवंमि तह य वीरियंमि।
જ્ઞાનને વિષે, દર્શનને વિષે અને ચારિત્રને તપને તેમજ વીર્યને વિષે
વિષે વિષે

---

૧ આ સૂત્રવડે દિવસ સબધી મન વચન કાયાવડે શ્રાવક ધર્મને વિષે કરેલા પાપની આલોચના થાય છે, માટે બોલતી વખત ઉપયોગ રાખીને પોતે આખા દિવસમા જે જે પાપાચરણ સેવ્યા હોય તે તે યાદ લાવીને શુદ્ધ અંત કરણથી પશ્ચાતાપ કરવો.

आचरणं आचारः इति एषः पंचधा भणितः

આયરણં आयारो, इअ एसो पंचहा भणिओ ॥ १ ॥

આચરણ આચાર, એ પ્રકારે આ પ્ર- પાંચ પ્રકારે કહ્યો છે.
માણે

અર્થ—જ્ઞાનને વિષે, દર્શનને વિષે, ચારિત્રને વિષે. તપને વિષે તેમજ વીર્યને વિષે જે આચરણ તે આચાર કહેવાય. એ પાચ આચાર આ પ્રમાણે કહ્યો છે ૧

काले विनये बहुमाने उपधाने तथा अनिह्नवने

काले विणए बहुमाणे, उवहाणे तह अनिन्हवणे।

કાળને વિનયને બહુ માનને ઉપધાનમાં, તેમજ અનિન્હવપણામાં
વિષે, વિષે, વિષે,

व्यञ्जनेऽर्थे तदुभये अष्टविधो ज्ञाने आचारः

वंजणअत्थ तदुभए, अठविहो नाण[1]—मायारो ॥२॥

વ્યંજનોચ્ચા- તે બંનેમાં-આઠ પ્રકારે જ્ઞાનને આચાર
રમાં, અર્થમાં, વિષે

અર્થ—જે કાળે જે ભણવાની આજ્ઞા હોય તે કાળે તે ભણવુ તે કાળ આચાર, જ્ઞાનીના વિનય, વદન પ્રમુખ સાચવવા તે વિનય આચાર, જ્ઞાની ઉપર અતરંગ પ્રેમ તે બહુમાન, સૂત્રો ભણવા તપ વિશેષ કરવો તે ઉપધાન, તેમજ ભણાવનાર ગુરૂને ન ઓલવવો તે અનિણ્હવણુ, સૂત્ર અક્ષરનો શુદ્ધ ઉચ્ચાર કરવો

---

१ सप्तमिस्थाने द्वीतीया

તે વ્યંજન, સાચો અર્થ કરવો તે અર્થ, સૂત્ર તથા અર્થ બંને શુદ્ધ ભણવા તે તદુભય, એ આઠ પ્રકારે જ્ઞાનાચાર કહ્યો છે. ૨

निःशंकितः निष्कांक्षितः निर्विचिकित्सा अमूढदृष्टिश्च

निस्संकिअ, निक्कंखिअ निव्वितिगिच्छा अमूढदिट्ठी अ।

શંકારહિતપણું,આકાંક્ષારહિત, નિવિતિગિચ્છા, અમુઢ દ્રષ્ટિ અને (ધર્મનાફળનો નિર્ણય) (પ્રવિણપણું)

उपबृंहः स्थिरीकरणम् वात्सल्यं प्रभावना अष्ट

उववूह थिरीकरणे, वच्छल्ल पभावणे अट्ठ ॥ ३ ॥

ગુણપ્રશંસા,સ્થિરીકરણ, વાત્સલ્યતા, પ્રભાવના આઠ (દર્શનાચાર)

અર્થ—વીતરાગના વચનમાં શકા ન કરવી તે નિશંકિત, જિનમતવિના અન્યમતની ઇચ્છા ન કરવી તે નિ:કાંક્ષિત, સાધુ સાધ્વીના મલિન વસ્ત્ર, ગાત્ર દેખી દુગછા ન કરવી તે નિવિતિગિચ્છા—વા ધર્મના ફલમા સંદેહ ન આણવો તે નિવિતિગિચ્છા, મિથ્યાત્વીના કષ્ટ, મંત્ર, ચમત્કાર દેખી તેનાથી વ્યામોહિત ન થવું તે અમૂઢદ્રષ્ટિ, સમકિતધારીના અલ્પ ગુણની પણ શુદ્ધ મનથી પ્રશંસા કરવી તે ઉપબૃંહક, જિન ધર્મમાં જોડવા તથા તે પામેલાને સ્થિર કરવા તે સ્થિરીકરણ, સાધર્મી બંધુનું અનેક પ્રકારે હિતચિંતવન તે વાત્સલ્ય અને અન્યદર્શની પણ જૈનશાસનની અનુમોદના કરે તેવા કાર્ય કરવા તે પ્રભાવના; આ આઠ લક્ષણો દર્શનાચારના જાણવા. ૩

प्रणिधानयोगयुक्तः पंचभिः समितिभिः तिसृभिः गुप्तिभिः

पणिहाणजोगजुत्तो, पंचहिँ समिईहिँ तीहिँ गुत्तीहिं।

મન વચન કાયાના એકા- પાંચ સમિતિએ ત્રણ ગુપ્તિએ ગ્રપણાએ સહિત

एषः चारित्राचारः अष्टविधो भवति ज्ञातव्यः

एस चरित्तायारो, अठविहो होइ नायव्वो ॥ ४ ॥

એમ ચારિત્રાચાર આઠ પ્રકારે હોય છે (તે) જાણવો.

અર્થ—પ્રણિધાન યોગ અર્થાત્ એકાગ્ર–સાવધાન પણે કરી મન, વચન, કાયાના સર્વ યોગ, ચારિત્ર પાળવાને વિષે યુક્ત, એવો ચારિત્રાચાર તે પાચ સમિતિ અને ત્રણ ગુપ્તિએ કરી આઠ પ્રકારનો છે એમ જાણવું. ૪

द्वादशविधेऽपि तपसि साभ्यंतरबाह्ये कुशलदिष्टे

बारसविहंमिवि तवे, सब्भिंतरबाहिरे कुशलदिठे ।

બાર પ્રકારના પણ તપને વિષે અભ્યંતર અને બાહ્ય તીર્થંકરોએ ઉપદેશેલ

अग्लान्या अनाजीवी ज्ञातव्यः स तपआचारो

अगिलाइ अणाजीवी, नायव्वो सो तवाचारो ॥५॥

અગ્લાનપણે અનાજીવિકાએ જાણવો. તે તપાચાર

અર્થ—બાર પ્રકારના તપને વિષે પણ તે તપાચાર (નિશ્ચયથી) જાણવો. તે તપાચાર દુગંચ્છા ભાવ રહિતપણે તથા હું તપ કરૂં તો મારી આજીવિકા ચાલે એવા દોષ રહિતપણે છ અભ્યંતર અને છ બાહ્ય એમ બાર પ્રકારથી, તીર્થંકરોએ ઉપદિશ્યો છે. ૫

अनशनमवमोदर्यं वृत्तिसंक्षेपणं रसत्यागः

अणसणमूणोअरिया, वित्तीसंखेवणं रसच्चाउ ।

અનશન, ઉણોદરી, વૃત્તિ સંક્ષેપ, રસ ત્યાગ,

कायक्लेशः संलीनता च बाह्यो तपो भवति
कायकिलेसो संली–णया य बझो तवो होइ ॥ ६ ॥
કાયક્લેશ, સંલીનતા અને બાહ્ય તપ હોય છે.

અર્થ—ચારે પ્રકારના આહારનો અલ્પ વા બહુ કાળ સુધી ત્યાગ તે અનશન; વસ્ત્ર પાત્ર ઓછા રાખવા–વા–પાંચ સાત કોળીઆ ઓછા જમવા તે ઉણોદરિ; દ્રવ્યાદિનો સંક્ષેપ તે વૃત્તિ સંક્ષેપ; વિગય પ્રમુખ રસનો થોડો વા અધિક ત્યાગ અથવા લોલુપતાનો ત્યાગ તે રસત્યાગ, કાયાને કષ્ટ આપવું, લોચ કરાવવો ઇત્યાદિ તે કાય ક્લેશ; વિષયાદિ ઉદીરવા નહીં તેમજ અંગોપાંગ સંકોચી રાખવા તે સંલીનતા; એ છ પ્રકારે બાહ્ય તપ છે. ६

प्रायश्चित्तं विनयो वैयावृत्यं तथैव स्वाध्यायः
प्रायच्छित्तं विणओ, वेयावच्चं तहेव सज्झाओ ।
પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ તેમજ સ્વાધ્યાય,

ध्यानम् उत्सर्गोऽपि च अभ्यंतरं तपो भवति
झाणं उस्सग्गोऽवि अ, अब्भिंतरओ तवो होइ ॥ ७ ॥
ધ્યાન, કાયોત્સર્ગ પણ અને અભ્યંતર તપ હોય.

અર્થ—લાગેલા દોષને ગુરૂ પાસે પ્રકાશ કરી તેના નિવારણાર્થે ગુરૂ જે આલોયણ આપે તે કરવી તે પ્રાયશ્ચિત; જ્ઞાન તથા જ્ઞાનીનો વિનય કરવો તે વિનય તપ, ગુરૂ પ્રમુખની આહારાદિકથી ભક્તિ કરવી તે વૈયાવચ્ચ, તેમજ વાંચના, પૃચ્છના પ્રમુખ પાંચ પ્રકારથી અભ્યાસ કરવો તે સ્વાધ્યાય; આર્ત્ત

તથા રૌદ્ર ધ્યાન નિવારી, ધર્મ અને શુકલધ્યાનમાં પ્રવર્તવું તે ધ્યાન; અને કર્મ ક્ષય અર્થે કાયાને વોસરાવવી તે કાયોત્સર્ગ. નિશ્ચયથી એ છ પ્રકારે અભ્યંતર તપ છે ૭

अनिगूहितबलवीर्यः पराक्रमते यो यथोक्त-मुद्युक्तः
अणिगूहिअबलवीरिउं, परक्कमइ जो जहुत्त-माउत्तो
પ્રગટ છે બલવીર્ય જેનું પરાક્રમ કરે જે તીર્થંકર દેવે કહ્યા છે. મુજબ ઉદ્યમ કરે

योजयति च यथाशक्ति ज्ञातव्यो वीर्याचारः
जुंजइ अ जहाथामं नायव्वो वीरिआयारो ॥ ८ ॥
વાપરે છે અને યથાશક્તિ જાણવો. વીર્યાચાર

અર્થ—પ્રગટ છે બળ વીર્ય જેનું, વળી જે જેમ શ્રી તીર્થંકર દેવે કહ્યુ છે તેમજ પરાક્રમ કરે છે અર્થાત્ સર્વ પ્રકારથી ધર્મને વિષે ઉદ્યમ કરે છે વળી સાવધાનપણે પોતાની શક્તિને અનુસારે ધર્મકાર્યને વિષે પ્રવર્તે તે વીર્યાચાર જાણવો.

ઇતિ અતિચાર ગાથાઃ[1]

---

૧ આ સૂત્રમા જ્ઞાનાચાર, દર્શનાચાર ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર એ પાચ આચારની આચરણાના ભેદ જણાવ્યા છે તે આચરણામાં જે સ્ખલના-પ્રમાદ તે અતિચાર જાણવા જેટલી આચારણા તેટલાજ તેના અતિચાર હોય તેથી, આચારની ગાથાને અતિચાર ગાથા કહી છે.

अथ सुगुरुवंदन सूत्रम्.*

इच्छामि (हे) क्षमाश्रमण ! वंदितुं यापनीयया नैषेधिक्या ।

इच्छामि खमासमणो वंदिउं जावणिज्जाए निसीहिआए १।

ઇચ્છું છું હે ક્ષમાશ્રમણ વાંદવાને, શરીરની શક્તિવડે અન્યવ્યાપારતજી

અર્થ—હે ક્ષમાશ્રમણ ! શક્તિએ સહિત (જીવ હિંસાદિક નિવૃત્તિરૂપ પ્રયોજનવાળા) મારા શરીર વડે (આપને) વાંદવાને ઇચ્છું છું. (ગુરૂ વંદાવવાને તૈયાર હોય તો **છંદેણ** કહે)

---

* આ સૂત્રવડે આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્તક, સ્થવીર અને રત્નાધિક એ પાચપદસ્થ ગુરૂમહારાજને વદન કરાય છે તેથી સૂત્રનુ નામ સુગુરૂવાંદણા. જ્યારે ગુરૂમહારાજ શાન્ત ચિત્તે, સન્મુખ આસને બેઠા હોય અને વદન દેવરાવવામા ઉજમાળ હોય ત્યારે તેઓની આજ્ઞા માગીને વદન કરવુ પણ વ્યાક્ષિપ્ત ચિત્ત હોય, અવળા મુખે બેઠા હોય, આહાર નીહાર કરતા હોય અગર કરવાને ઇચ્છતા હોય, ત્યારે વદન કરવુ નહિ કેમકે તેથી તેમનો અનાદર અને આશાતના થાય છે એ વાત લક્ષ્યમા રાખવી પ્રતિક્રમણ કરતાં, વાચના લેતા, કાઉસ્સગ્ગ કરતા, અપરાધ ખમાવતાં, પ્રાહુણા સાધુજી આવે ત્યારે, આલોચના લેતા, પચ્ચખ્ખાણ કરતા, અને અત સમય અનશન આદરતા વદન અવશ્ય કરવુ જોઇએ.

મસ્તક નમાવવાવડે વદન થાય તે **ફીટ્ટાવંદન**, બે ખમાસમણ દેવાવડે વદન થાય તે **થોભવંદન** અને બે વાદણાં દેવાવડે **દ્વાદશાવર્તવંદન** થાય છે એ ત્રણ વદનના અનુક્રમે જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એમ ત્રણ ભેદ ગણાય.

આ વાંદણાં દેતાં પચ્ચીશ આવશ્યક સાચવવાં જોઇએ તે ન સાચવે તો વદન કરનાર પણ નિર્જરા ફળ પામે નહિ તે આવશ્યક આ પ્રમાણે—

अनुजानीत मम मितावग्रहं

अणुजाणह मे मिउग्गहं ॥ २ ॥

આજ્ઞા આપો. મુજને મિતઅવગ્રહમાં પેસવાની

અર્થ—મિતઅવગ્રહ (સાડાત્રણ હાથ પ્રમાણ ક્ષેત્ર) માં પ્રવેશ કરવાની મને રજા આપો, (ગુરૂ કહે **અણુજાણામિ**) હું આજ્ઞા આપું છું.

'ઇચ્છામિ ખમાસમણો' પ્રમુખ 'અણુજાણહ' પર્યંત બોલતાં પોતાનુ અર્ધું શરીર નમાડી દેવામાં આવે તે પ્રથમ **અવનત** અને ફરી બીજીવાર પણ તેમજ કરતાં બીજુ **અવનત** જાણવુ જન્મ થતી વખતે અથવા દીક્ષા યોગ આદરતી વખતે જેવી મુદ્રા હોય તેવી નમ્ર મુદ્રા (બે હાથ જોડી લલાટે લગાડવા રૂપ) વંદન કરતી વખતે ધારણ કરવી તે **યથાજાત** જાણવુ 'અહો કાય, કાય' રૂપ ત્રણ અને 'જત્તા ભે, જવણિજ્જ ચ ભે' રૂપ બીજા ત્રણ એમ ૭, એક વખતના વંદનમા અને તે ૭ બીજી વખતના વંદનમાં મળી ૧૨ **આવર્ત** (ગુરૂ ચરણે હાથનાં તળા લગાડી પછી તે પોતાના લલાટે લગાડવા રૂપ) થાય છે. 'કાય સંફાસ' કહેતા સ્વ મસ્તક ગુરૂચરણે નમાડવું તથા 'ખામેમિ ખમાસમણો' કહેતાં ફરી સ્વમસ્તક નમાડવુ એવી રીતે બીજીવાર વંદન કરતાં બે વખત મસ્તક નમાડવુ એમ સર્વ મળી ચાર વખત **શિર નમન** થાય છે, મન વચન અને કાયાને અન્ય વ્યાપારથી નિવર્તાવી વંદન કરતી વખતે સારી રીતે ગોપવી રાખવા રૂપ ત્રણ **ગુપ્તિ** જાણવી. 'અણુજાણહ મે મિઉગ્ગહ' કહી બંને વખત વંદન કરતાં ગુરૂ–આજ્ઞા પામીને અવગ્રહમાં પ્રવેશ કરવો તે બે **પ્રવેશ** જાણવા. અને પ્રથમ વંદન કરતી વખતે 'આવસ્સિઆએ' કહીને અવગ્રહમાંથી બાહેર નીકળવુ તે એક **નિષ્ક્રમણ** સમજવું એવી રીતે દ્વાદશાવર્ત વંદન કરતી વખતે પચ્ચીશ આવસ્યક સાચવવાંજ જોઇએ.

निषेधयामि (नैषेधिक्या प्रविश्यो- पविश्य च विधिना) अधः कायं, कायेन संस्पर्शं (करोमि)

निसीहि **अहो-कायं काय-संफासं**

અન્ય વ્યાપાર નિષેધ્યો છે જેણે એવો (શિષ્ય અવગ્રહમાં પ્રવેશ કરીને વિધિવડે બેસીને) ચરણને ઉત્તમાંગવડે સ્પર્શ કરૂં છું.

क्षमणीयः भवद्भिः क्लमः अप्र(अल्प) क्लान्तानां बहुशुभेन

खमणिज्जो भे किलामो अप्पकिलंताणं बहुसुभेण

ખમજો આપ ખેદ અલ્પગ્લાનિવાળાનો ઘણારૂડાભાવે

भवतां दिवसो व्यतिक्रान्तः

भे दिवसो वइक्कंतो ॥ ३ ॥

આપનો દિવસ વ્યતિક્રમ્યો ?

અર્થ—પછી શિષ્ય-માત્ર ગુરૂ વંદન શિવાય અન્ય ક્રિયા-રૂપ વ્યાપાર નિષેધ્યો છે જેણે એવો છતો અવગ્રહમાં પેસીને, વિધિપૂર્વક બેસી, સાધુ ડાબા ઢીંચણ ઉપર અને શ્રાવક ચરવળા ઉપર મુહપત્તિ મુકી બે હાથ લલાટે લગાડી, ગુરૂના ચરણોને સ્પર્શ કરતો આ પ્રમાણે કહે—

" અહો, કાયં, કાય સંફાસં "

અર્થ—અધઃકાયં અર્થાત્ આપના પગોને મારા હાથ અને લલાટે કરી રૂડી રીતે સ્પર્શ કરવાને મને આજ્ઞા આપો. (ગુરૂની આજ્ઞાને પામીને ગુરૂના ચરણ પ્રત્યે પોતાના હાથ તથા મસ્તકે કરી સ્પર્શે. પછી મસ્તકે બે હાથ લગાડી, ગુરૂની સન્મુખ દ્રષ્ટિ રાખી.)

" ખમણિજ્જો ભે " ઇત્યાદિ પદો કહે.

અર્થ—હે ભગવંત કાંઈ ખેદ ઉપજાવ્યો હોય તે ખમજો. અલ્પ ગ્લાનિવાળા એવા આપને ઘણાં સમાધિભાવે કરીને (આપનો) દિવસ વીત્યો ?

ગુરૂ કહે " **તહત્તિ** " તેમજ વ્યતીત થયો છે.

પછી શિષ્ય કહે.

यात्रा भवतां

जत्ता भे ॥ ४ ॥

સંજમજાત્રા આપની

અર્થ—હે કરૂણા સમુદ્ર ! આપને તપ, નિયમ, સંયમ, સ્વાધ્યાય રૂપ યાત્રા અવ્યાબાધપણે વર્તે છે ?

ગુરૂ કહે " **તુજ્ઝંપિ વટ્ટએ** " તમને પણ વર્તે છે. ?

પછી શિષ્ય કહે.

यापनीयं च भवतां

जवणिज्जं च भे ॥ ५ ॥

ઇંદ્રિય નોઇંદ્રિય અને આપની

અર્થ—ઇંદ્રિય અને નો ઇંદ્રિયથી પીડા નહીં પામતું એવું આપનું શરીર છે ?

ગુરૂ કહે " **એવં** " એમજ છે.

क्षमयामि क्षमाश्रमण ! दैवसिकं व्यतिक्रमं

खामेमि खमासमणो देवसियं वइक्कम्मं ॥ ६ ॥

ખામુંછું. હે ક્ષમાશ્રમણ ! દિવસસંબંધી અપરાધને

અર્થ—હે ક્ષમાશ્રમણ ! દિવસ સંબંધી મારા અપરાધ પ્રત્યે હું ખામું છું. તે પછી શિષ્ય ઉભો થઈ નીચે પ્રમાણે કહે.

आवश्यिक्या   प्रतिक्रामामि   क्षमाश्रमणानां

आवस्सियाए   पडिक्कमामि   खमासमणाणं

આવશ્યક ક્રિયા સંબંધી અતિચારથકી } નિવર્ત્તું છું.   ક્ષમાશ્રમણોની

दैवासिक्या   आशातनया

देवसिआए   आसायणाए

દિવસ સંબંધી   આશાતનાવડે

અર્થ—અવશ્ય કર્ત્તવ્ય જે ચરણ સિત્તરી અને કરણ સિત્તરી આદિ સેવતાં પાલતાં જે અતિચાર લાગ્યા હોય તે થકી હું નિવર્ત્તું છું. (વળી) ક્ષમાશ્રમણ સંબંધી દિવસને વિષે થઈ એવી આશાતનાએ કરીને,

કેવી આશાતનાએ કરીને ?

त्र्यस्त्रिंशदन्यतरया   यत्किंचित्

तित्तीसन्नयराए   जं किंचि

[1]તેત્રીશ માંહેની કોઈ પણ વડે. જે કોઈ

---

૧ ગુરુ મહારાજ સબંધી તેત્રીશ આશાતના અવશ્ય વર્જવી જોઇએ. તે આ પ્રમાણે—

૧–ગુરૂ મહારાજની ૧ અગાડી, ૨ પડખે (બંને પાસે) તેમજ અત્યંત ૩ નજદીક અડકીને ૧ ચાલતા, ઉભા રહેતા અને ૩ બેસતાં આશાતના

मिथ्यया मनोदुःष्कृतया वचोदुष्कृतया कायदुष्कृतया

मिच्छाए मणदुक्कडाए वयदुक्कडाए कायदुक्कडाए

મિથ્યાભાવ મન દુષ્કૃતવાળી,-વચન દુષ્કૃતવાળી-કાય દુષ્કૃતવાળી
વાળી- -આશાતનાવડે

અર્થ—તેત્રીશ આશાતના મધ્યેથી જે કાંઇ મિથ્યાભાવ-રૂપ આશાતના થઈ હોય તેણે કરીને, મન સંબંધી પાપ તે રૂપ આશાતનાએ કરીને, વચન સંબંધી પાપ તે રૂપ આશાતનાએ કરીને, શરીર સંબંધી પાપ તે રૂપ આશાતનાએ કરીને,

---

લાગે છે પરંતુ જો ખાસ અગત્યના કારણુસર તેમ કરવુ પડે, તો આશય શુદ્ધિથી અને અધિક લાભના કારણથી આશાતના દોષ ગણાતો નથી. એમ દરેકના ત્રણ ત્રણ ભેદ કરતા તેના ૯ ભેદ થઇ શકે છે ૧૦ ગુરૂ મહારાજ પહેલા ભોજન વખતે ચલુ કરી લેવાથી કે આચમન લેવાથી દોષ લાગે ૧૧બાહેરથી ગુરૂ સાથે આવ્યા છતા જો ગુરૂ મહારાજ થકી પહેલા ગમણાગમણે આલોવે એ ટલે ' ઇરિયાવહી ' પડિક્કમે તો ગુરૂનો અનાદર—વિનયભગ કરવાથી દોષ લાગે. ૧૨ રાત્રીસથારો કર્યા બાદ ગુરૂ મહારાજ કઈ પુછે કે બોલાવે ત્યારે સાંભ ળ્યુ નહિ સાભળ્યુ કરી કશો ઉત્તર નહિ આપતાં કેવળ મૌનજ ધારી રહે તો આશાતના લાગે ૧૩ ગુરૂ પાસે આવેલા કોઈ ગૃહસ્થાદિકને વશ કરી લેવા ગુરૂ મહારાજ તેમને બોલાવે તે પહેલા પોતે બોલાવી લે, તો ગુરૂઆ-શાતના લાગે ૧૪ ભિક્ષાવૃત્તિથી આણેલા આહાર પાણી પ્રમુખ ગુરૂ મહા-રાજ પાસેજ પ્રથમ હાજર કરી દેવા જોઇએ અને ગોચરી પણ ત્યાંજ આ-લોવવી જોઇએ, તેને બદલે તેમ નહિ કરતા તે સબધી ઇચ્છા મુજબ વ-ર્તતા એટલે ગુરૂ પહેલા ઉતાવળ કરી આવેલી ગોચરી કોઇ સાધુ જોઇ લે તેમજ તે બીજા સાધુ પાસે આળોવી લે, તો ગુરૂ આશાતના લાગે. ૧૫ આવેલી ગો-ચરી ગુરૂ પહેલાં બીજાને બતાવી દે, તો દોષ લાગે. ૧૬ આવેલાં આહાર પાણી વાપરવા બીજાને નિમત્રણ કરીને પછી ગુરૂ મહારાજને નિમત્રણ કરે

क्रोधया	मानया	मायया	लोभया
कोहाए	**माणाए**	**मायाए**	**लोन्नाए**
ક્રોધરૂપ-	**માનરૂપ-**	**માયારૂપ-**	**લોભરૂપ આશાતના વડે**

અર્થ—ક્રોધરૂપ, માનરૂપ માયારૂપ, અને લોભરૂપ આશાતનાએ કરીને.

તો તેથી અનાદરદોષ લાગે ૧૭ ખાદ્ય મધુર પદાર્થ ભિક્ષામા આવેલો જાણી આપઈચ્છાએ ગુરૂને પૂછ્યા વગર પોતાને ગમે તેને આપી દેવાથી આશાતના લાગે ૧૮ સરસ સ્નિગ્ધ પદાર્થ આવેલો હોય તો તે ગુર્વાદિકને નહિ આપતા પોતેજ આરોગી જાય, તો ગુરૂઆશાતના લાગે. ૧૯ ગુરૂ મહારાજ સાદ કરી બોલાવે ત્યારે બહેરાની પેરે કશો પણ ઉત્તર પાછો ન આપે, શૂન્યવત્ બેસી રહે, તો દોષ લાગે ૨૦ જ્યારે કોઇ વડીલ સાધુ સાદ કરે ત્યારે સામા થઇ જેમ આવે તેમ બોલે—આ મારીજ કેડે લાગ્યા છે, મનેજ દેખ્યો છે, આમની સાથે ક્યાથી પાના પડ્યા, ઇત્યાદિક કટુ ભાષણ કરતાં દોષ લાગે ૨૧ ગુરૂ પાસે જઇ નમ્રપણે જવાબ દેવાને બદલે પોતાના આસને બેઠા બેઠા ઉત્તર આપવાથી ગુરૂઆશાતના લાગે ૨૨ શુ કહો છો ? શુ છે ? કહોને! ઇત્યાદિક વિનયરહિત ભાષણ ગુરૂ સાથે કરતા આશાતના લાગે ૨૩ કઇ કામ કરવા ગુરૂમહારાજ શિષ્યને બોલાવે ત્યારે તોછડાઇ ભરેલી રીતે બોલે કે તમેજ કરોને ? મને શા માટે કહો છો ? અથવા તુકારાદિ દેતાં ગુરૂઆશાતના લાગે ૨૪ વાહ ! અમનેજ દીઠા છે ને ! તમે જાતે કેમ કરતા નથી અથવા બીજા શિષ્યને કરવા કેમ કહેતા નથી ? એમ ગુરૂમહારાજની તર્જના કરતા ગુરૂઆશાતના લાગે ૨૫ ગુર્વાદિક વડીલ સાધુઓને વ્યાખ્યાન પ્રમુખ કરતાં દેખી શિષ્ય દુમણો થાય પણ પ્રમુદિત ન થાય, તો ગુરૂઆશાતના લાગે અથવા ગુર્વાદિક વડીલનો કોઇ રાગી હોય તેને દેખી દુમણો થાય તો તેથી પણ ગુરૂઆશાતના લાગે. ૨૬ ગુરૂમહારાજ વ્યાખ્યાનાદિક કરતા હોય ત્યારે 'એ તમે ભુલી ગયા છો, આ વાત તમને યાદ નથી, એનો અર્થ એ

सर्वकालिक्या सर्वमिथ्योपचारया सर्वधर्मातिक्रमणया
सव्वकालियाए सव्वमिच्छोवयाराए सव्वधम्माइक्कमणाए
સર્વ કાળ સંબધી, સર્વ મિથ્યા ઉપચાર સંબંધી- સર્વ ધર્મ અતિક્રમણ સંબંધી

आशातनया यो मया अतिचारः कृतः
आसायणाए जो मे अइयारो कओ
આશાતના વડે જે મેં અતિચાર કર્યો

तं (हे) क्षमाश्रमण, प्रतिक्रामामि निंदामि
तस्स खमासमणो पडिक्कमामि निंदामि
તેને હે ક્ષમાશ્રમણ પ્રતિક્રમું છું નિંદું છું.

ન હોય ' ઇત્યાદિક અનુચિત વચન બોલતા ગુરૂઆશાતના લાગે ૨૭ અથવા એ બાબત હુ તમને પછી સારી રીતે સમજાવીશ એમ આપ ડહાપણુ બતાવવા સભા સમક્ષ બોલી, ચાલતી કથાનો ભગ કરે, તો તેથી ગુરૂઆશાતના લાગે ૨૮ અથવા એવે અવસરે આવીને શિષ્ય કહે કે મહારાજ ! પોરસી વેળા કે આહાર વેળા થઇ ગઇ છે એમ કહીને પર્ષદાનો ભગ કરે તો ગુરૂઆશાતના લાગે ૨૯ અથવા પર્ષદા ઉઠી ગઇ ન હોય એટલામાં આપ ડહાપણ બતાવવા માટે ગુરૂમહારાજે વ્યાખ્યાનમા કહેલીજ વાત વધારે વિસ્તારી બતાવે તો ગુરૂઆશાતના લાગે ૩૦ ગુરૂ સબધી શય્યા-સથારા પ્રમુખને પોતાના પગ વિગેરેથી સઘટ્ટ કરી પાછુ ખમાવે નહિ તો આશાતના લાગે ૩૧ ગુરૂની શય્યા કે સથારાદિક ઉપર પોતે બેસે કે આળોટે કે અસભ્ય રીતે તેનો સ્પર્શ કરે તો ગુરૂઆશાતના લાગે ૩૨ ગુરૂ થકી ઉચા આસને બેસે, અથવા ગાદી કરી બેસે અથવા ગુરૂ જેવા કે તેથી અધિક મુલ્યવાળાં વસ્ત્ર વાપરે તો દોષ લાગે ૩૩ ગુરૂ જેવા સમાન આસન ઉપર બેસે અથવા ગુરૂ જેવાં સમાન વસ્ત્ર લઇ વાપરે તો ગુરૂ આશાતના લાગે.

गर्हे आत्मानं व्युत्सृजामि
गरिहामि अप्पाणं वोसिरामि ॥ ७ ॥
ગુરૂશાખે ગર્હું છું. પોતાનો (આત્માનો) ત્યાગ કરૂં છું

અર્થ—સર્વ કાળ સંબંધી, સર્વ મિથ્યા ઉપચાર અર્થાત્ કુડકપટરૂપ આશાતનાએ કરીને તેમજ અષ્ટ પ્રવચન માતારૂપ સર્વ ધર્મ કરણીને અતિક્રમવા રૂપ આશાતનાએ કરીને, જે મારા જીવે અતિચાર કર્યો હોય તે સંબંધી હે ક્ષમાશ્રમણ! આપની સમીપે હું પડિક્કમું છું, ગુરૂની સાક્ષીએ વિશેષ નિંદું છું, અને પાપિષ્ઠ આત્માને વોસરાવું છું અર્થાત્ છોડાવું છું.

બીજી વારના વાંદણાએ "આવસ્સિઆએ" પદ ન કહેવું અને રાઈ પડિક્કમણામાં **राइ वइक्कंता**, પખ્ખીએ **पक्खो वइक्कंतो** અને ચઉમાસીએ **चउमासी वइक्कंता** સંવચ્છરીએ **संवच्छरो वइक्कंतो** એવી રીતે પાઠ કહેવો.

પદ (૫૮) ગુરૂ (૨૫) લઘુ (૨૦૧) સર્વ વર્ણ (૨૨૬)

ઇતિ સુગુરૂવાંદણા સૂત્ર.

॥ अथ आलोचना सूत्रम् ॥

इच्छाकारेण संदिश हे भगवन् दैवसिकं आलोचयामि
इच्छाकारेण संदिसह भगवन् देवसिअं आलोउं
ઇચ્છાએ કરીને આજ્ઞા આપો! હે ભગવંત! દિવસ સંબંધી (પાપને) આલોઉં છું.

(तथेति) इच्छामि आलोचयामि यो मया इत्यादि

इच्छं आलोएमि जो मे॰

(તહત્તિ) ઈચ્છું છું. આલોઉંછું. જે મેં

અર્થ—હે ભગવંત! આપની ઈચ્છાએ કરીને આજ્ઞા આપો. હું દિવસ સંબંધી પાપને આલોઉંછું (પ્રકાશુછું). ગુરૂમહારાજ આજ્ઞા આપે એટલે 'તમારૂં વચન પ્રમાણ છે' કહી આ પ્રમાણે કહે-હું આલોઉછું. જે મે વગેરે. ઈચ્છામિ ઠામિ સૂત્રમાં કહ્યા મુજબ બધો પાઠ બાકીનો સમજવો

ઇતિ દેવસિઅં આલોઉં સૂત્ર.

॥ अथ सात लाख सूत्र.[1] ॥

सात लाख पृथिवीकाय, सात लाख अप्काय, सात्त लाख तेउकाय, सात लाख वाउकाय, दश ला-

---

૧ યોની એટલે જીવને ઉપજવાના સ્થાનક તે બધા જીવોનાં મળીને ૮૪ લાખ ઉત્પત્તિ સ્થાન છે ગ્થાનક તો તે કરતા પણ વધારે છે પણ વર્ણ, ગંધ, રસ અને ગ્પર્શવડે કરી જેટલા સ્થાનક સરખા હોય તે એક સ્થાનક ગણાય, તેની ગણુતરી આ પ્રમાણે છે-પૃથ્વીકાયના મૂળભેદ ૩૫૦ તેને પાંચ વર્ણે ગુણુતા ૧૭૫૦) થયા, તેને બે ગંધે ગુણુતા ૩૫૦૦) થયા, તેને પાંચ રસે ગુણુતાં ૧૭૫૦૦) થયા, તેને આઠ સ્પર્શે ગુણુતા ૧૪૦૦૦૦) થયા, તેને પાંચ સંસ્થાને ગુણુતાં સાત લાખ ભેદ પૃથ્વી કાયના થાય, એમ બધાની ગણુતરી કરવી ઉપગોક્ત ૮૪ લાખ જીવયોની માહે ઉત્પન્ન થયેલ હરકોઈ જીવને હણ્યો હોય, હણાવ્યો હોય, અગર હણુતાને અનુમતિ આપી હોય તે સંબંધી મિથ્યા દુષ્કૃત આ સૂત્રવડે દેવાનુ છે

ख प्रत्येक वनस्पतिकाय, चौद लाख साधारण वनस्पतिकाय, बे लाख बेइंद्रिय, बे लाख तेइंद्रिय, बे लाख चौरिंद्रिय, चार लाख देवता, चार लाख नारकी, चार लाख तिर्यंच पंचेंद्रिय,चौद लाख मनुष्य, एवंकारे चोराशी लाख जीवयोनि मांहे, महारे जीवे जे कोइ जीव हण्यो होय, हणाव्यो होय, हणतां प्रत्ये अनुमोद्यो होय, ते सर्वे, मने, वचने, कायाए करी, तस्स मिछामि दुक्कडं ॥ इति.

અર્થ—સુગમ છે.

॥ अथ अढार पापस्थानक सूत्र.

पेहेले प्राणातिपात, बीजे मृषावाद, त्रीजे अदत्तादान, चोथे मैथुन, पांचमे परिग्रह, छठे क्रोध, सातमे मान, आठमे माया, नवमे लोभ, दसमे राग, अगियारमे द्वेष, बारमे कलह, तेरमे अभ्याख्यान, चौदमे पैशुन्य, पंदरमे रति अरति, सोलमे परपरिवाद, सत्तरमे मायामृषावाद, अढारमे मिथ्यात्व शल्य, ए अढार पाप स्थानक मांहे, महारे

जोवे, जे कोइ पाप सेव्युं होय, सेवराव्युं होय, सेवतां प्रत्ये अनुमोद्युं होय, ते सर्वे मने, वचने, कायाए करी, तस्स मिच्छामि दुक्कडं ॥ इति.

અર્થ—પરજીવના પ્રાણનો નાશ ચિંતવવો તે પ્રાણાતિપાત; અસત્ય બોલવાના પરિણામ તે મૃષાવાદ; પારકી વસ્તુ ધણીની સંમતિ વિના લઈ લેવાની વૃત્તિ તે અદત્તાદાન, વિષયભોગની વાંચ્છા રૂપ પરિણામ તે મૈથુન, નવપ્રકારે બાહ્ય અને ચૌદ પ્રકારે અભ્યંતર વસ્તુ આદિની વાંચ્છા અથવા મૂર્છા તે પરિગ્રહ; પરની ઉપર તીવ્ર પરિણામે મુખાદિ અવયવને તપાવવા તે ક્રોધ, પ્રાપ્ત વા અપ્રાપ્ત વસ્તુનો અહંકાર તે માન, ગુપ્તપણે સ્વાર્થવૃત્તિ સિદ્ધ કરવાની વાચ્છા તે માયા, ધનાદિ સંપત્તિને એકઠાં કરી સંગ્રહ રાખવાની મનોવૃત્તિ તે લોભ; પૌદ્ગલિક વસ્તુ ઉપર પ્રીતિ તે રાગ; અણગમતા જીવાદિ પદાર્થો ઉપર અરૂચિ તે દ્વેષ, પરની સાથે વિષવાદ કરવાની વૃત્તિ તે કલહ, પરજીવને નહીં દીઠેલુ, નહી સાભળેલું આળ દેવું તે અભ્યાખ્યાન, પર જીવના દોષની ચાડી ખાવી તે પૈશુન્ય, સુખ દુખ આવે હર્ષ, શોક કરવો તે રતિ અરતિ, ગુણી વા નિર્ગુણી જીવની નિંદા કરવી તે પરપરિવાદ; કપટવૃત્તિથી અસત્ય બોલી છળ કરીને લોકોને ઠગવાના પરિણામ તે માયામૃષાવાદ, વ્યવહારથી કુદેવ કુગુરૂ અને કુધર્મ સેવવાની અભિલાષા અને નિશ્ચયથી આત્મસ્વરૂપના અનુભવને વિઘ્ન રુપ આત્માના પરિણામ તે મિથ્યાત્વ શલ્ય. એ અઢાર પ્રકારે જીવને ચિત્તમાં જે પાપરૂપ ભાવ ઉત્પન્ન થાય તે **ભાવ પાપ** અને તે ભાવની ચિકાશથી જીવને કર્મનાં દળીયાં લાગે તે **દ્રવ્ય પાપ** કહેવાય છે, **ઇતિ અઢાર પાપ સ્થાનક સુત્ર.**

अथ सव्वस्सवि.

स-स्सवि देवसिअ दुच्चिंतिअ दुप्भासिअ दुच्चि-
ठिअ इछाकारेण संदिसह नगवन्! इछं ॥ तस्स
मिछामि दुक्कडं इति.

આ સૂત્રનો અર્થ પ્રથમ પ્રતિક્રમણ સ્થાપન સૂત્રમા આવી ગયો છે ત્યાંથી જાણી લેવો.

અથ વંદિતા સૂત્ર.*

वंदित्वा सार्वसिद्धान् धर्माचार्यान् च सर्वसाधूंश्च

वंदित्तु सव्वसिद्धे, धम्मायरिए अ सव्वसाहू अ।

વાંદીને તીર્થંકર અને સિદ્ધાને ધર્માચાર્યને અને સર્વ સાધુઓને

इच्छामि प्रतिक्रमितुं श्रावकधर्मातिचारात्

इछामि पडिक्कमिउं[1], सावगधम्माइआरस्स[2] ॥१॥

ઇચ્છુંછું પાછા ફરવાને શ્રાવક ધર્મને વિષે લાગેલા અતિચારથકી

---

* શ્રાવકને દિવસ સબધી લાગેલા અતિચારને આલોચવાને અર્થે આ સુત્ર સાંજરે અર્ધ સુર્ય અસ્ત પામેલો હોય તે વખતે કહેવાનુ છે શ્રાવકના બાર વ્રત વગેરેમાં લાગેલા ૧૨૪ અતિચાર આ સૂત્રવડે આલોવવામા આવે છે.

१ स्वस्थानात् यत्परस्थान, प्रमादस्य वशाद् गत. ।
तत्रैव क्रमण भूय, प्रतिक्रमणमुच्यते ॥

२ पंचमीस्थाने षष्ठी यद्वा कर्मणि षष्ठी.

અર્થ—સર્વજ્ઞ એવા તીર્થંકર તથા સિદ્ધ ભગવંતને વળી ધર્માચાર્ય, ઉપાધ્યાય અને સર્વ સાધુને વાંદીને, શ્રાવક ધર્મને વિષે લાગેલા અતિચાર થકી પ્રતિક્રમવાને હું ઇચ્છુંછું. ૧

સામાન્યથી સર્વ વ્રતના અતિચાર.

यो मम व्रतातिचारो ज्ञाने तथा दर्शने चारित्रे च

जो मे वयाइयारो, नाणे तह दंसणे चरित्ते अ ।

જે મને વ્રતને વિષે અતિચાર } જ્ઞાનમાં તથા દર્શનમાં ચારિત્રમાં અને

सूक्ष्मो वा बादरो वा तं निंदामि तं च गर्हे

सुहुमो अ बायरो वा, तं निंदे तं च गरिहामि ॥२॥

સૂક્ષ્મ અથવા બાદર અથવા તેને નિંદુંછું તેને અને ગર્હું છું.

અર્થ—જ્ઞાનને વિષે તથા દર્શનને વિષે તથા ચારિત્રને વિષે અને ચ શબ્દથકી તપને વિષે તથા વીર્યને વિષે અને સંલેખનાને વિષે (વળી) જે અતિચાર મને વ્રતોને વિષે સૂક્ષ્મ વા બાદર લાગ્યો હોય, તેને નિંદુ છું અને ગુરૂની સમક્ષ ગર્હું છું. ૨

પરિગ્રહના અતિચાર.

द्विविधे परिग्रहे सावद्ये बहुविधे च आरंभे

दुविहे परिग्गहंमी, सावज्ज बहुविहे अ आरंभे ।

બે પ્રકારના પરિગ્રહને વિષે-પાપવાળા બહુપ્રકારના અને આરંભને વિષે

कारणे च करणे प्रतिक्रमामि दैवसिकं[1] सर्व्वं
कारावणे अ करणे, पडिक्कमे देसिअं[2] सव्वं ॥३॥
કરાવવામાં અનુમોદવામાં } કરવામાં પ્રતિક્રમું છું. દિવસ સંબંધી } સર્વને

અર્થ—બે પ્રકારનો પરિગ્રહ છે. ૧ સચિત ૨ અચિત, વળી તે સાવદ્ય-પાપવાળો અને બહુ પ્રકારનો તથા આરંભ; તેને કરાવવાથી પોતે કરવા થકી અને બીજા કરનારાઓને અનુમોદવા થકી, જે અતિચાર લાગ્યા હોય તે દિવસ સંબંધી સર્વ અતિચાર પ્રત્યે પ્રતિક્રમું છું. ૩

જ્ઞાનના અતિચાર

यद् बद्धमिंद्रियैः चतुर्भिः कषायैः अप्रशस्तैः
जं बद्धमिंदिएहिं, चउहिं कसाएहिं अप्पसत्थेहिं ।
જે બાંધ્યું ઇંદ્રિયોવડે ચાર અપ્રશસ્ત કષાયોવડે

रागेण वा द्वेषेण वा तत् निंदामि त—च्च गर्हे
रागेण व दोसेण व, तं निंदे तं च गरिहामि॥४॥
રાગવડે અથવા દ્વેષવડે અથવા તેને નિંદું છું. તેને અને ગર્હું છું.

અર્થ—ઇંદ્રિયોવડે કરી તથા ચાર કષાયે કરી, અપ્રશસ્ત ભાવે કરી, રાગે કરી વા દ્વેષ વડે કરી જે અતિચારરૂપ અશુભ કર્મ બાંધ્યું હોય તેને આત્માની સાખે નિંદું છું અને ગુરૂની સાખે ગર્હું છું. ૪

---

१ रात्रिक, पाक्षिकं, चातुर्मासिक, सांवत्सरिक, वा यथायोग्यं
२ आर्षत्वाद् यकार लोपः

સમ્યગ્દર્શન, અને ચક્ષુદર્શનના અતિચાર.

आगमने निर्गमने स्थाने चंक्रमणे अनाभोगे

आगमणे निग्गमणे, ठाणे चंकमणे अणाभोगे ।

આવતાં જતા તે ઠેકાણે ફરતાં અણજાણપણે

अभियोगे च नियोगे प्रतिक्रामामि दैवसिकं सर्व्वं

अभिओगे अ निओगे, पडिक्कमे देसिअं सव्वं ॥५॥

રાજાદિના આગ્રહે અને આધકારી-પણે પ્રતિક્રમું છું દિવસ-સંબંધી સર્વને

અર્થ—ઉપયોગરહિતપણે રાજાના વા ઘણા લોકના આગ્રહ થકી તથા પરાધીનતાના કારણથી (મિથ્યાત્વીના મંદિરાદિકને વિષે) જતા આવતા, તેમના સ્થાનકે ઉભા રહેતાં, ત્યાંજ આમ તેમ ફરતા, જે અતિચારરૂપ પાપકર્મ બાંધ્યું હોય, તે દિવસ સંબંધી સર્વને પડિક્કમુ છુ.

સમ્યક્ત્વના અતિચાર.

शंका कांक्षा विचिकित्सा प्रशंसा तथा संस्तवः कुलिंगिषु

संका कंख विगिच्छा, पसंस तह संथवो कुलिंगीसु।

વીતરાગ-ભાષિત-ધર્મમાંશંકા, } પરમત વાંછા, } ફળ સંદેહ, પ્રશંસા, તેમજ પરિચય કુલિંગાયાને વિષે

सम्यक्त्व च अतिचारान् (आश्रित्य यद्बद्धं) प्रतिक्रामामि

सम्मत्तस्सइआरे, पडिक्कमे

સમ્યકત્વના અતિચાર સંબંધી (જે બાંધ્યું હોય તેને) પ્રતિક્રમુ છું.

दैवासिकं सर्व्वं

देसिअं सव्वं ॥ ६ ॥

દિવસ સંબંધી સર્વને

અર્થ—જિન વચનમાં શંકા, અન્યમતની વાંચ્છા, ધર્મના ફળનો સંદેહ વા સાધુ સાધ્વીના મલિન ગાત્ર તથા વસ્ત્ર દેખી દુગંચ્છા કરવી, મિથ્યાત્વીની પ્રશંસા તથા તેમનો પરિચય, એ સમ્યક્ત્વના અતિચાર મધ્યે દિવસસંબંધી જે પાપ બાંધ્યું હોય તે સર્વને પડિક્કમું છું. ૬

સામાન્યથી આરંભ દોષ.

षट्कायसमारंभे पचने च पाचने च ये दोषाः

छक्कायसमारंभे, पयणे अ पयावणे अ जे दोसा।

છકાય જીવોના આરંભ સમારંભમાં, રાંધતાં અને રંધાવતાં અનુમોદતાં જે દોષો

आत्मार्थं च परार्थं उभयार्थं चैव तान् निंदामि

अत्तट्ठा य परट्ठा, उभयट्ठा चेव तं निंदे ॥७॥

પોતાને અર્થે અને પરને માટે, બંનેને માટે, નિશ્ચે, તેને નિંદું છું.

અર્થ—પોતાને અર્થે તથા પરને અર્થે વળી પોતાને તથા પરને એ બન્નેને અર્થે (અશનાદિ આહારને) પોતે રાંધતાં, બીજા પાસે રંધાવતાં, અને બીજા રાધતા હોય તેને અનુમોદન દેતાં, છકાયના સમારંભને વિષે પ્રવર્તવા થકી જે (કર્મબંધરૂપ) દોષ લાગ્યા હોય તેને હું નિંદું છું. ૭

સામાન્યથી બાર વ્રતના અતિચાર.

पञ्चानामनुव्रतानां[1] गुणव्रतानां[2] च त्रयाणाम् अतिचारान्

पंचण्हमणुव्वयाणं, गुणव्वयाणं च तिण्हमइयारे ।

પાંચ અનુવ્રતોનાં અને ત્રણ ગુણવ્રતોનાં અતિચારોને

शिक्षाव्रताना[3] च चतुर्णां प्रतिक्रामामि दैवसिकं सर्व्वं

सिक्खाणं च चउण्हं, पडिक्कमे देसिअं सव्वं॥८॥

અને ચાર શિક્ષા વ્રતોનાં પ્રતિક્રમું છું. દિવસ સંબંધી સર્વને

અર્થ—પાંચ અણુવ્રતને વિષે, ત્રણ ગુણવ્રતને વિષે, ચાર શિક્ષાવ્રતને વિષે, અને તપ સંલેષણાદિને વિષે જે અતિચાર લાગ્યા હોય તે દિવસસંબંધી સર્વ અતિચારને હું પડિક્કમું છું. ૮

---

૧ સમ્યકત્વની પ્રાપ્તિ થયા પછી પ્રાપ્ત થાય માટે **અનુવ્રત** અને મહાવ્રતની અપેક્ષાએ ન્હાના માટે **અણુવ્રત** તે પાંચ છે. તે પાંચ મૂળ ગુણ છે.

૨ મૂળ ગુણોને વિશેષ ગુણ કરવાવાળા તેથી **ગુણવ્રત** તે ત્રણ છે.

૩ શિષ્યને વિદ્યા ગ્રહણની પેઠે વારવાર સેવન કરવા યોગ્ય હોવાથી **શિક્ષાવ્રત**, તે ચાર છે. બાર વ્રત માંહિલા પહેલા આઠ વ્રતો યાવત્કથિત (કાયમના) અને આ ચાર વ્રત ઇત્વરકાલિક (થોડાકાળ માટેના) સમજવા.

પહેલા વ્રતના અતિચાર.

प्रथमे अणुव्रते स्थूलकप्राणातिपातविरतितः (विरतिमाश्रित्य)

पढमे अणुव्वयंमि, थूलगपाणाइवायविरईओ ।

પહેલા અણુવ્રતને વિષે, સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ સંબંધી

(आचरितं) अतिचरितं अप्रशस्तेन अत्र प्रमादप्रसंगेन

आयरिअ-मप्पसत्थे, इत्थ पमायप्पसंगेणं ॥ ९ ॥

(આચરણ) અતિક્રમણ કર્યું હોય } માઠા ભાવે, } અહિં પ્રમાદના પ્રસંગવડે

અર્થ—અહીં પહેલા અણુવ્રતને વિષે, પ્રમાદના પ્રસંગથકી અપ્રશસ્ત ભાવે વર્તતા થકાં, સ્થૂલ પ્રાણાતિપાતની નિવૃત્તિનું ઉલ્લંઘન કરીને જે આચરણ સેવ્યાં હોય તે જેમ કે-૯

वधः बंधः छविच्छेदः अतिभारः भक्तपानव्यवच्छेदः

[1]वह बंध छविच्छेए, अइभारे भत्तपाणवुच्छेए ।

વધ, બંધન, છવીછેદ, અતિ ભારારોપણ, ભાત પાણિનો વિછોહ

---

૧ અહિં કોઇ શંકા કરે કે પ્રાણાતિપાત વિરમણ વ્રતવાળાને વધાદિ અતિચાર લાગે નહિ કારણ કે પ્રાણાતિપાત શબ્દે વધાદિનું ગ્રહણ થઇ શકે નહિ તેથી અતિચાર ન લાગે! તેને માટે ઉત્તર આપે છે કે-મુખ્યતાએ પ્રાણાતિપાતનુંજ પચ્ચખ્ખાણ થાય છે તો પણ વધાદિક પ્રાણાતિપાતના હેતુ હોવાથી તેનું પણ પચ્ચખ્ખાણ આવી ગયું માટે વધાદિક કરવાથી અતિચાર લાગે.

प्रथमव्रतस्य अतिचारान् प्रतिक्रामामि दैवसिकं सर्व्वं

पढमवयस्सइआरे, पडिक्कमे देसिअं सव्वं ॥ १० ॥

પહેલા વ્રતના અતિચારોને પ્રતિક્રમું છું. દિવસ સંબંધી સર્વને

અર્થ—(દ્વિપદાદિ જીવને) મારવો, દોરડાવડે બાંધવો તેના અવયવને છેદવા, તેના ઉપર ઘણો ભાર ભરવો, તેને ભાતપાણી, ચારાનો અંતરાય કરવો; આ પહેલા વ્રતના અતિચાર મધ્યે જે અતિચાર દિવસસબંધી લાગ્યા હોય તે સર્વને હું પડિક્કમું છું. ૧૦

બીજા વ્રતના અતિચાર.

द्वितीये अणुव्रते परिस्थूलकअलीकवचनाविरातितः

बीए अणुव्वयंमी, परिथूलगअलियवयणविरईओ ।

બીજા અણુવ્રતને વિષે સ્થૂલ મૃષાવાદ વિરમણ સંબધી

---

૧ મોટા જૂઠાણા પાંચ છે તે આ પ્રમાણે–૧ દ્વેષાદિવડે અવિષ કન્યાને વિષકન્યા કહેવી વગેરે કન્યા સબધી ફેરફાર બોલવુ તે **કન્યાલીક** ૨ થોડા દુધવાળી ગાય (ઉપલક્ષણથી દુઝણા જનાવર) ને ઘણા દુધવાળી અને ઘણા દુધવાળી ને થોડા દુધવાળી કહેવી ઈત્યાદિ કહેવુ તે **ગવાલીક** ૩ પારકી ભૂમિને પોતાની ભૂમિ કહેવી વિગેરે **ભૂમ્યલીક** ૪ ધન ધાન્યાદિ પારકી થાપણ રાખી હોય છતાં નથી રાખી એમ જૂઠુ બોલી ઓળવવી તે **ન્યાસાપહાર** (અદત્ત વસ્તુને રાખવાથી અદત્તાદાન લાગે છે છતાં વચનની મુખ્યતા હોવાથી અહીં મૃષાવાદપણુ પણ ગણ્યું છે) અને ૫ લાંચ લઇને અગર મત્સરવડે ખોટી સાક્ષી પૂરવી તે **કૂટ સાક્ષિત્વ.** આ પાંચ પૈકી પહેલામાં દ્વિપદ સર્વ સબંધી અને બીજામાં ચતુષ્પદ સર્વ સબધી અલીકનો સમાવેશ છે. ન્યાસાપહાર તથા કૂટસાક્ષિત્વ એ બે દ્વિપદાદિના જૂઠાણામાં અતર્ભાવ થાય છે છતાં પણ લોકમાં અત્યંત નિદિત હોવાથી જુદા ગણ્યાં છે.

अतिचरितं अप्रशस्तेन अत्र प्रमा प्रसंगेन

आयरिअमप्पसत्थे, इत्थ पमायप्पसंगेणं ॥ ११ ॥

અતિક્રમણ કર્યું, અપ્રશસ્ત ભાવે, અહીં, પ્રમાદના પ્રસંગવડે

અર્થ—અહીં બીજા અણુવ્રતને વિષે, પ્રમાદના પ્રસંગ થકી અપ્રશસ્ત ભાવે વર્તતાં થકાં, અતિશયે કરીને મોટા જૂઠાંની વિરતિનું ઉલ્લંઘન કરીને જે આચરણ કરેલું હોય તે જેમકે—૧૧

सहसाभ्याख्याने, रहस्याभ्याख्याने, (स्व) दारमन्त्रभेदे, मृषोपदेशे च कूटलेखे च

सहसा रहस्स दारे, मोसुवएसे अ कूडलेहे अ।

અણુવિચાર્યે આળ દેતાં, ગુપ્ત વાતનું ખોટું આળ મૂકતાં, પોતાની સ્ત્રીની છાની વાત પ્રગટ કરતાં; ખોટી સલાહ દેતાં; અને કુડો લેખ લખતાં

द्वितीयव्रतस्य अतिचारान् प्रतिक्रामामि दैवसिकं सर्व्वं

बीयवयस्स इआरे, पडिक्कमे देसिअं सव्वं ॥१२॥

બીજા વ્રતના અતિચારોને પ્રતિક્રમું છું. દિવસ સંબંધી સર્વને

અર્થ—અણુવિચારે કોઈના ઉપર આળ મુકતાં, એકાંતે છાની વાત કરનાર ઉપર રાજ્ય વિરૂદ્ધ ગુન્હો મુકતાં, સ્ત્રીએ કહેલી વાત પ્રગટ કરતાં, ખોટો ઉપદેશ આપતાં અને જુઠા દસ્તાવેજ કરતાં, બીજા વ્રતને વિષે જે કોઈ અતિચાર લાગ્યા હોય તે દિવસ સંબંધી સર્વ અતિચારને હું પડિક્કમું છું. ૧૨

ત્રીજા વ્રતના અતિચાર.

तृतीये अणुव्रते स्थूलकपरद्रव्यहरणविरतितः

तइए अणुव्वयंमी, थूलगपरदव्व-हरणविरईओ ।

ત્રીજા અણુવ્રતને વિષે સ્થૂલ પરદ્રવ્ય હરણ વિરમણ સંબંધી

आतिचारितं अप्रशस्तेन अत्र प्रमादप्रसंगेन

आयरिय-मप्पसत्थे, इत्थ पमायप्पसंगेणं ॥ १३ ॥

અતિક્રમણ કર્યું, માઠા ભાવે, અહીં પ્રમાદના પ્રસંગે

અર્થ—અહીં, ત્રીજા અણુવ્રતને વિષે પ્રમાદના પ્રસંગ થકી, અપ્રશસ્ત ભાવે વર્તતા થકા, બાદરપણે પરદ્રવ્યના હરણની વિરતિનું ઉલ્લંઘન કરીને જે આચરણ સેવ્યું હોય તે જેમકે—૧૩

स्तेनाहृतप्रयोगे तत्प्रतिरूपे विरुद्धगमने च

तेनाहडप्पओगे, तप्पडिरूवे विरुद्धगमणे अ ।

ચોરની આણેલી વસ્તુ લેતાં, ચોરને સહાય દેતાં } ભેળસંભેળ કરતાં, } રાજ્યવિરૂદ્ધ દેશમાં ગમન કરતાં (રાજ્ય વિરૂદ્ધ આચરણ કરતાં), અને

कूटतुलकूटमानयोः प्रतिक्रामामि दैवासिकं सर्व्वम्

कूडतुल कूडमाणे, पडिक्कमे देसिअं सव्वं ॥ १४ ॥

ખોટા તોલ ખોટા માપ રાખતાં, } પ્રતિક્રમું છું. દિવસ સંબંધી } સર્વને

અર્થ—ચોરની આણેલી વસ્તુ અર્થાત્ ચોરીનો માલ લેવો, ચોરને સહાય આપવી, ખોટી વસ્તુ ખરી જેવી કરી (ઠરાવી) વેચવી, દાણચોરી પ્રમુખ રાજ્યવિરૂદ્ધ આચરવા અગર શત્રુ રાજાના દેશમાં રાજ્ય તરફથી જવાનો નિષેધ કર્યો હોય છતાં વ્યાપારાદિ પ્રસંગે જતાં, ખોટા તોલ રાખવા, ખોટા માપ રાખવા; તેથી જે પાપ લાગ્યું હોય તે દિવસસંબંધી સર્વને હું પડિક્કમું છું-૧૪

ચોથા વ્રતના અતિચાર.

चतुर्थे अणुव्रते नित्यं परदारगमनविरतितः,

चउत्थे अणुव्वयंमि, निच्चं परदारगमणविरईओ ।

ચોથા અણુવ્રતને વિષે, નિરંતર પરસ્ત્રી ગમન વિરમણ સંબંધી

अतिचारितं अप्रशस्तेन अत्र प्रमादप्रसंगेन

आयरिय-मप्पसत्थे, इत्थ पमायप्पसंगेणं ॥१५॥

અતિક્રમણ કર્યું, માઠા ભાવે, અહીંયાં પ્રમાદના પ્રસંગવડે

અર્થ—અહીં ચોથા અણુવ્રતને વિષે, પ્રમાદના પ્રસંગ થકી, અપ્રશસ્ત ભાવે વર્તતાં થકાં, નિરતર પરદારા સાથે ગમન કરવાની વિરતિનું ઉલ્લંઘન કરીને જે આચરણ સેવ્યું હોય તે જેમકે—૧૫

अपरिगृहीतागमनं इत्वरपरिगृहीतागमनं अनंगक्रीडा परविवाहः

अपरिग्गहिआ इत्तर, अणंग विवा-

કોઇએ નહિ ગ્રહણ કરેલી સ્ત્રીનું સેવન	બીજાની થોડા કાળ માટે રાખેલ સ્ત્રીનું સેવન	અનંગ ક્રિડા	પારકા વિવાહ કરાવવા

तीव्रानुरागः (एतानाश्रित्य) चतुर्थव्रतातिचारान्
तिव्व अणुरागे । [1]चउत्थवयस्स इआरे,
તીવ્ર વિષયાભિલાષ, ચોથા વ્રતના અતિચારોને

प्रतिक्रामामि दैवासिकं सर्वम्
पडिक्कमे देसियं सव्वं ॥ १६ ॥
પ્રતિક્રમું છું. દિવસ સંબંધી સર્વને

અર્થ– અપરિગ્રહીતા અર્થાત્ કુંવારી કન્યા કે વેશ્યાની સાથે મૈથુન કરવું, બીજાએ થોડા વખત માટે રાખેલી વેશ્યાની સાથે મૈથુન કરવુ, અનંગ ક્રીડા કરવી (સૃષ્ટિ નિયમ વિરૂદ્ધ અંગથી વિષય ક્રિડા કરવી) પોતાના પુત્ર પુત્રી શિવાય બીજાના વિવાહ કરવા, કામભોગને વિષે તીવ્ર અનુરાગ કરવો (આ પાંચ) ચોથા વ્રતના અતિચાર મધ્યેથી જે કોઇ અતિચાર દિવસ સંબંધી મને લાગ્યો હોય તે સર્વને હું પડિક્કમુ છું. ૧૬

પાંચમા વ્રતના અતિચાર.

इतः अणुव्रते पंचमे आचरितं अप्रशस्ते
इत्तो अणुव्वए पंचमंमि, आयरिय-मप्पसत्थंमि ।
એ પછી પાંચમા અણુવ્રતને વિષે આચરણ કર્યું અપ્રશસ્ત ભાવે

---

૧ આ ચોથું વ્રત બે પ્રકારે ગ્રહણ થઇ શકે છે, તેથી સ્વદારા સંતોષીને છેલ્લા ત્રણ અતિચાર અને પહેલા બે સેવાય તો વ્રત ભંગજ થાય અને પરસ્ત્રીગમન વિરમણવાળાને પાંચ અતિચાર સમજવા. અહીં પુરૂષને સ્ત્રી આશ્રયી કહ્યું છે તે પ્રમાણે સ્ત્રીને પુરૂષ આશ્રયી અતિચાર અનાચાર વગેરે સમજી લેવુ.

परिमाणपरिच्छेदे अत्र प्रमादप्रसंगेन

परिमाणपरिछेए, इत्थ पमायप्पसंगेणं ॥ १७ ॥

પરિગ્રહ પરિમાણનો ભંગ કરતાં, અહીં, પ્રમાદના પ્રસંગ વડે

અર્થ—એ પછી, અહીં પાંચમા અણુવ્રતને વિષે પ્રમાદના પ્રસંગ થકી, અપ્રશસ્ત ભાવે વર્તતાં થકાં પરિગ્રહના પ્રમાણનો પરિચ્છેદ કરવા થકી જે આચરણ સેવ્યું હોય તે જેમકે—૧૭

धनधान्ययोः क्षेत्रवास्तुनोः रूप्यसुवर्णयोः कुप्यपरिमाणे

धणधन्न खित्तवत्थू, रूप्पसुवन्ने अ कुविअपरिमा॰ ।

[1]ધન ધાન્યના,ક્ષેત્ર ઘરહાટના,રૂપા સોનાનાં અને પીતળ વગેરે બીજી ધાતુના પરિમાણમાં

द्विपदचतुष्पदयोः प्रतिक्रामामि दैवसिकं सर्वम्

दुपए चउप्पयंमिय, पडिक्कमे देसिअं सव्वं ॥१८॥

બેપગાં ચોપગાં જીવોનાં, પ્રતિક્રમું છું. દિવસ સંબંધી સર્વને

અર્થ—ધન-ધાન્ય, ખેતર-ઘરહાટ, રૂપું-સોનું અને રૂપા સોના શિવાય બીજી ધાતુની વસ્તુઓને પરિમાણ ઉપરાંત રાખવાથી તથા દાસ-દાસી વિગેરે બે પગવાળાં, ઘોડા વિગેરે ચાર

---

૧ ધન ચાર પ્રકારનુ છે. તે આ પ્રમાણે. ગણી શકાય તે **ગણિમ** સોપારી નાળીએર વગેરે. ૨ તોળી શકાય તે **ધરિમ** ગોળ, ઘી. વગેરે. ૩ માપી શકાય તે **મેયં** કાપડ જમીન તેલ દુધ વગેરે અને પરીક્ષા કરવા યોગ્ય તે **પારિછેદ્ય** માણેક મોતી રૂપા નાણું વગેરે.

પગવાળાં પ્રાણીઓને પરિમાણ ઉપરાંત રાખવાથી લાગેલા, દિવસ સંબંધી સર્વ અતિચારને હું પડિક્કમું છું. ૧૮

છઠ્ઠા વ્રતના અતિચાર.

गमनस्य च परिमाणे दिक्षु उर्ध्वं अधश्च तिर्यक् च

गमणस्स य परिमाणे, दिसासु उड्ढं अहे अ तिरिअं च।

ગમનનું અતિક્રમણ કર્યું } પરિમાણમાં દિશામાં ઉર્ધ્વ અધો અને તિર્છી

वृद्धिः स्मृत्यंतर्द्धा प्रथमे गुणव्रते निंदामि

वुड्ढि सइअंतरद्धा, पढमंमि गुणव्वए निंदे ॥ १९ ॥

વધારતાં, વિસ્મૃતિ થવાથી વધારે જતા, } પહેલા ગુણવ્રતને વિષે } નિંદું છું.

અર્થ—ઉર્ધ્વદિશિ, અધોદિશિ અને તિર્છી દિશિમાં જવાના પરિમાણથી અધિક જતાં, એક દિશિમા જવાનુ ઘટાડી બીજી દિશિમાં તે પરિમાણ વધારતાં અને કરેલ પ્રમાણની વિસ્મૃતિ થવાથી વધારે જતાં, પહેલાં ગુણવ્રતને વિષે જે અતિચાર લાગ્યા હોય તેને આત્માની સાખે નિંદું છું. ૧૯

સાતમા વ્રતના અતિચાર.

मद्ये च मांसे च पुष्पे च फले च गन्धमाल्ये च

मज्जंमि अ मंसंमि अ, पुप्फे अ फले अ गंधमल्ले अ।

મદિરામાં અને માંસમાં અને ફુલમાં અને ફળમાં અને સુગંધી દ્રવ્ય અને માળામાં

उपभोगपरिभोगयोः द्वितीये गुणव्रते निन्दामि

उवभोगपरीभोगे, बीयंमि गुणव्वए निंदे ॥ २० ॥

ભોગ ઉપભોગ કરતાં બીજા ગુણવ્રતનેવિષે નિંદુછું.

અર્થ—મદિરા તથા માંસ અને બીજા પણ નહીં ખાવા યોગ્ય પદાર્થ તથા પુષ્પ, ફળ બરાસપ્રમુખ ગંધ અને પુષ્પની માળાને ભોગવવાથી, ઉપભોગ પરિભોગ નામના બીજા ગુણવ્રતને વિષે લાગેલા અતિચારને હું નિંદુ છું ૨૦

सचित्तस्य सचित्तप्रतिबद्धस्य अपक्कस्य दुष्पकस्य च आहारात्

सच्चित्ते पडिबद्धे, अपोल दुप्पोलिअं[1] च आहारे।

સચિત્તના, સચિતના સંબંધ વાળીના | કાચી વસ્તુના, અર્ધ કાચી પાકી વસ્તુના | અને ખાવા થકા

तुच्छौषधिभक्षणात् प्रतिक्रामामि दैवासिकं सर्व्वम्

तुच्छोसहिभक्खणया, पडिक्कमे देसिअं सव्वं ॥ २१ ॥

તુચ્છ ઔષધિનાભક્ષણ થકી, પ્રતિક્રમુંછું. દિવસ સંબંધી સર્વને.

અર્થ—સચિત્તનો ત્યાગ વા પરિમાણ છતા પ્રમાદના વશથી અધિક સચિત્ત વાપરવા, સચિત્ત સાથે જોડાયેલી વસ્તુ વાપરવી, નહીં પકાવેલા પદાર્થ વાપરવા, અર્ધપાકા તથા અર્ધ-કાચા પદાર્થ વાપરવા અને તુચ્છ પદાર્થ ભક્ષણ કરવા એ સચિ-ત્ત ત્યાગ સંબંધી પાંચ અતિચાર મધ્યેથી જે અતિચાર લાગ્યા હોય તે દિવસસંબંધી સર્વને હું પડિક્કમુંછું. ૨૧

---

१ दुप्पोलिय अ (प्रत्यन्तरे)

अंगार- वन- शकट- भाटिक- स्फोट- सुवर्जयेत् -कर्म्म

इंगाली वण साडी, भाडी फोडी सुवज्जए कम्मं ।

અંગારકર્મ, વનકર્મ, શકટ ભાટિક સ્ફોટકર્મ, અત્યંતવર્જવા
કર્મ, કર્મ,

वाणिज्यं चैव दंत-लाक्षा-रस-केश-विष-विषयम्

वाणिज्जं चेव दंत–लक्खरसकेसविसविसयं ॥ २२ ॥

કુવેપારને પણ વર્જવા } દંત વાણિજ્ય, લાખ વાણિજ્ય, રસવાણિજ્ય, કેશ-વાણિજ્ય, વિષ વિષય વાણિજ્ય,

અર્થ—કુંભાર અને ભાડભુંજા વિગેરેના અગ્નિસંબંધી કર્મ તે અંગારકર્મ, પુષ્પ, ફળ, વનસ્પતિ, અનાજ વિગેરે ઉગાડવા તથા છેદવા તે વનકર્મ, ગાડાં, બેલ વિગેરે વેચવા, વેચાવવા તે શકટકર્મ, ઘોડા ઊંટ, બળદ વિગેરે ભાડે આપવા તે ભાટિક કર્મ, કુવા વાવ વિગેરે ખોદવા ખોદાવવા તે સ્ફોટિક કર્મ-આ પાંચ કર્મ શ્રાવકે અત્યતપણે વર્જવા વળી નિશ્ચયે પાંચ કુવાણિજ્ય તેમાં હાથી દાંત, મુક્તાફળ વિગેરે જ્યા નિપજતાં હોય તે સ્થાનકે જઇ ખરીદ કરવાં તે દંત કુવાણિજ્ય; લાખ, કસુંબો, હરતાલ વિગેરેનો વ્યાપાર તે લાખ કુવાણિજ્ય; ઘી, તેલ, ગોળ, વિગેરેનો વ્યાપાર તે રસ કુવાણિજ્ય; મોર, પોપટ અને મનુષ્ય તથા પશુનો વ્યાપાર તે કેશ કુવાણિજ્ય; અફીણ, સોમલ વિગેરે તથા શસ્ત્રાદિનો વ્યાપાર તે વિષવિષય કુવાણિજ્ય; એ પાંચ કુવાણિજ્યને શ્રાવકે વર્જવા. ૨૨

एवं निश्चयेन यंत्रपीडाकर्म निर्लांछनं च दवदानम्

एवं खु जंतपिल्लण-कम्मं निल्लंछणं च दवदाणं।

એ પ્રકારે નિશ્ચે ઘંટી ચરખા પીલાવવા } નાક કાન વિંધવા અને અગ્નિ-દાહ દેવો

सरोह्रदतडागशोषं असतीपोषं च वर्जयेत्

सरदहतलायसोसं, असईपोसं च वज्जिज्जा॥ २३ ॥

સરોવર દ્રહ તળાવ શોષણ કરાવવાં } અસતિ પોષણને અને વર્જવાં.

અર્થ—એ પ્રમાણે નિશ્ચયથી ઘંટી ચરખા પ્રમુખ યંત્રમાં શેરડી તલ વિગેરે પીલાવવાં, નાક કાન વીંધવા, વીંધાવવા, અગ્નિદાહ દેવો; સરોવર, દ્રહ અને તળાવ વિગેરેને સુકાવી નાંખવા, હિંસક જીવો તથા વ્યભિચારી સ્ત્રી વિગેરેનું પોષણ કરવું; આ પાંચ સામાન્ય કર્મને શ્રાવકે વર્જવાં. ૨૩

આઠમા વ્રતના અતિચાર.

शस्त्राग्नि मुशळ यंत्रक तृणकाष्ठ मंत्रमूळ भैषजम्

सत्थग्गि मुसल जंतग, तणकट्ठमंतमूलभेसज्जे ।

સસ્ત્ર, અગ્નિ, સાંબેલું, યંત્ર, ઘાસ લાકડા, મંત્ર, જડીબુટ્ટી, ગોળી ચુરણ,

दत्तं दापितं वा प्रतिक्रामामि दैवसिकं सर्वम्

दिन्ने दवाविए वा, पडिक्कमे देसिअं सव्वं ॥२४॥

દીધાં, અપાવ્યાં, અનુમોધાં, પ્રતિક્રમું. દિવસ સંબંધી સર્વને

અર્થ—શસ્ત્ર, અગ્નિ, મુશલ, યંત્ર, તૃણ કાષ્ટ, સર્પ વિગેરેને ખીલવવાના મંત્ર, નાગદમણી પ્રમુખ જડીબુટ્ટી, અને ગોળી ચુરણ વિગેરે ઉપદ્રવકારી વસ્તુઓ બીજાને આપવાથકી, બીજાનીપાસેથી અપાવવાથકી અને આપનારને અનુમોદવાથકી જે અતિચાર લાગ્યા હોય તે દિવસ સંબંધી સર્વ અતિચારને હું પડિક્કમું છું. ૨૪

स्नानोद्वर्त्तनवर्णकविलेपने शब्दरूपरसगंधे

न्हाणुव्वट्टणवन्नग-विलेवणे सद्दरूवरसगंधे ।

નહાવું, મેલ ઉતારવો, રંગ લગાવવો } વિલેપન કરવું તેમાં } શબ્દ, રૂપ, રસ, ગંધના ભોગોપભોગમા

वस्त्रासनाभरणे प्रतिक्रामामि दैवसिकं सर्व्वम्

वत्थासणआभरणे, पडिक्कमे देसिअं सव्वं ॥ २५ ॥

વસ્ત્ર આસન ઘરેણાના ભોગમા, } પ્રતિક્રમું છું. } દિવસ સંબંધી } સર્વને

અર્થ—અણગળ પાણી વિગેરેથી ન્હાવું, પીઠી વિગેરે ચોળી શરીરનો મેલ ઉતારવો, અબીલ ગુલાલ અલતાદિક તથા કેશર ચંદનાદિનું વિલેપન કરવું; શબ્દ, રૂપ, રસ, ગંધ, વસ્ત્ર, આસન, આભરણ ઇત્યાદિ અનેક ઉપભોગ સંબંધી જે અતિચાર લાગ્યા હોય તે દિવસસંબંધી સર્વ અતિચારને હું પડિક્કમું છું. ૨૫

कंदर्प्पः कौक्रुच्यं मौखर्य्यं अधिकरणता भोगातिरिक्तता

[illegible] कुक्कुइए, मोहरि अहिगरण भोगअइरित्ते ।

કામભોગનીકથા, } કામચેષ્ટા, વાચાળપણું, શસ્ત્ર સજ્જ કરાવવા, } ખપ ઉપરાંત ભોગોપભોગની વસ્તુ રાખવી

अनर्थदंडे तृतीये गुणव्रते निंदामि
दंडंमि अणट्ठाए, तइयंमि गुणव्वए निंदे ॥ २६ ॥
[1]અનર્થદંડ નામે ત્રીજા ગુણવ્રતને વિષે નિંદું છું.

અર્થ—કામભોગની કથા કરવી, લોકોને હાસી આવે એવી કાય ચેષ્ટા કરવી, વાચાળપણે અઘટિત વચન બોલતાં, શસ્ત્ર વિગેરે સજ્જ કરવાં, ઉપભોગ પરિભોગની વસ્તુ ખપ કરતાં વિશેષ રાખવી; અનર્થ દંડ વિરમણ નામના ત્રીજા ગુણવ્રતને વિષે જે અતિચાર લાગ્યા હોય તેને હું નિંદું છું. ૨૬

નવમા વ્રતના અતિચાર.

त्रिविधे दुष्प्रणिधाने अनवस्थाने तथा स्मृतिविहीने
तिविहे दुप्पणिहाणे, अणवट्ठाणे तहा सइविहूणे ।
ત્રણ પ્રકારના દુઃપ્રણિધાને ઓછા વખતે પારતાં તેમજ સ્મૃતિ વિહીન થતાં

सामायिके वितथे कृते प्रथमे शिक्षाव्रते निंदामि
सामाइय वितहकए, पढमे सिक्खावए निंदे ॥२७॥
સામાયિક ખોટી રીતે કર્યે છતે પહેલા શિક્ષાવ્રતને વિષે નિંદું છું.

અર્થ—મન, વચન, કાયા એમ ત્રણ પ્રકારના દુઃપ્રણિધાન અર્થાત્ દુષ્ટ વ્યાપારના ત્રણ અતિચાર, અવિનયપણે બે ઘડી

---

૧ જેથી આત્મા નિરર્થક દંડાય તે અનર્થ દંડ તેના પાંચ અતિચાર આ ગાથામાં જણાવ્યા છે અને કેવા કેવા કારણે અનર્થ દંડ થાય છે તે ૨૪, ૨૫ ગાથામાં વર્ણવેલ છે.

કરતા ઓછા વખતે સામાયિક પારવું, પ્રમાદથી સામાયિક લીધું છે કે નહીં તે યાદ ન રહેવું, એવી રીતે સામાયક વિતથપણે અર્થાત્ ખોટી રીતે કરતાં, પ્રથમ શિક્ષાવ્રતને વિષે જે અતિચાર લાગ્યા હોય તેને હું નિંદું છું. ૨૭

દશમા વ્રતના અતિચાર.

आनयनं प्रेषणं शब्दो रूपं च पुद्गलक्षेपः

आणवणे पेसवणे, सद्दे रूवे अ पुग्गलक्खेवे।

બાહેરથી મંગાવવું-મોકલવું } શબ્દ કરવા } રૂપ દેખાડવું અને પુદ્ગલ ફેંકવા

देशावकाशिके द्वितीये शिक्षाव्रते निंदामि

देसावगासिअंमी, बीए सिक्खावए निंदे ॥ २८ ॥

દેશાવગાસિક નામે બીજા શિક્ષાવ્રતને વિષે નિંદું છું.

અર્થ—નિયમિત ભૂમિમાં બહારથી કાઇ ચીજ મંગાવવી, પરિમાણ ઉપરાંત ભૂમિને વિષે પોતાના કાર્ય માટે બીજાને મોકલવા, પરિમાણ ઉપરાંત ભૂમિએ રહેલાને ખોંખારાદિથી જણાવવું, તેને રૂપ દેખાડવું, તેવે સ્થળે કાંઇક પદાથ નાંખી પોતાપણું જણાવવું, આ પાચ અતિચાર માંહેથી દેશાવગાસિક નામના બીજા શિક્ષાવ્રતને વિષે જે અતિચાર લાગ્યા હોય તેને હું નિંદું છુ. ૨૮

અગીયારમા વ્રતના અતિચાર.

संस्तारकउच्चारविधिप्रमादः (अप्रत्युपेक्षितदुष्प्रत्युपेक्षिताप्रमार्जित-दुष्प्रमार्जिततया)

संथारुच्चारविही–पमाए

સંથારા અને મલમૂત્ર પરઠવવાની વિધિ માહે પ્રમાદ

तथा चैव भवत्यनाभोगः (भोजनाभोगः) [1]पौषधविधिवैपरीत्ये

तह चेव भो(य)अणाभोए । पोसहविहिविवरीए,

તેમજ નિશ્ચે, અનાભોગ થાય, પૌષધ વિધિનુ વિપરીતપણું
(ભોજનની ચિંતા) કર્યે છતે

तृतीये शिक्षाव्रते निंदामि

तइए सिक्खावए निंदे ॥ २९ ॥

ત્રીજા શિક્ષાવ્રતને વિષે નિંદું છું.

અર્થ—સંથારા સંબંધી બે પ્રકારના અર્થાત્ સંથારાને ન પડિલેહે તથા પડિલેહે તો કાંઇક કરે અને કાઇક ન કરે અને લઘુનીતિ તથા વડીનીતિ સંબંધી બે પ્રકારના અર્થાત્ લઘુનીતિ અને વડીનીતિને પરઠવવાની ભૂમિને ન પડિલેહે અને પડિલેહે તો કાંઇકિ કરે અને કાઇક ન કરે, એમ ચાર, તથા (ભોજન સંબંધી ચિંતા કરવી,) પોષધ લીધો છે કે નહિ તે યાદ ન રહેવું. એ રીતે પોસહનો વિધિ વિપરીત કરવાથી ત્રીજા શિક્ષા વ્રતને વિષે જે અતિચાર લાગ્યા હોય તેને હું નિંદું છું. ૨૯

બારમા વ્રતના અતિચાર.

सचित्ते निक्षेपणं (तेन)पिधानं व्यपदेशः मत्सरश्चैव

सच्चित्ते निक्खिवणे, पिहिणे ववएस मच्छरे चेव ।

સચિત વસ્તુ ઉપર મુકવી, સચિતવડે ઢાંકવી, } માલિકીનો ફેરફાર કરવો } મચ્છર નિશ્ચે કરવો

[1] ધર્મની પુષ્ટિકરે તે પૌષધ.

कालातिक्रमदान [1]चतुर्थे शिक्षाव्रते निंदामि

कालाइक्कमदाणे, चउ(त्थे)थे सिक्खावए निंदे ॥३०॥

કાળ વિત્યા પછી દાન દેવું, ચોથા શિક્ષાવ્રતને વિષે નિંદું છું.

અર્થ—સાધુને દેવાયોગ્ય ભોજન ઉપર સચિત્તવસ્તુ મુકવી; દેવાયોગ્ય વસ્તુને સચિત્ત પદાર્થ વડે ઢાકવી; નહીં દેવાની બુદ્ધિએ પોતાની વસ્તુને પારકી કહેવી, અને દેવાની બુદ્ધિએ પરની વસ્તુને પોતાની કહેવી, ક્રોધ, અભિમાન, ઈર્ષ્યા કરતાં દાન દેવુ; ગોચરીનો કાળ વીતી જતા મુનિને આમંત્રણ કરવું; ચોથા શિક્ષાવ્રતને વિષે પૂર્વોક્ત અતિચાર મધ્યેથી જે અતિચાર લાગ્યા હોય તેને હું નિંદુ છુ. ૩૦

सुहितेषु च (सुखितेषु) दुःखितेषु च या मया अस्वंयतेषु (असंयतेषु) अनुकंपा

सुहिएसु अ दुहिएसु अ, जा मे अस्संजएसु अणुकंपा।

સુવિહિતને વિષે (સુખીને વિષે) { દુ:ખીને વિષે અને જે મેં (અસંયતિને વિષે) અસ્વેચ્છાચારિને વિષે } અનુકંપા

रागेण वा द्वेषेण वा तत् निंदामि तच्च गर्हे

रागेण व दोसेण व, तं निंदे[2] तं च गरिहामि॥३१॥

રાગવડે અથવા દ્વેશવડે, તેને નિંદું છું, તેને વળી ગર્હું છું.

---

૧ તિથિ પર્વાદિ લૌકિક વ્યવહારનો ત્યાગ કરે તે **અતિથિ** તેને આત્માર્થે નિર્દોષ અન્નાદિનુ દાન કરવુ તેને **અતિથિ સંવિભાગ** નામે ચોથું શિક્ષાવ્રત કહે છે. ૨ અહીં અનુકંપાને નિંદી નથી પણ રાગ દ્વેષની નિંદા કરવાની છે.

અર્થ—જ્ઞાનાદિને વિષે હિત છે જેનું એવા સુવિહિતને વિષે, તથા વ્યાધિથી પીડાયેલા, તપે કરીને દુર્બલ એવા દુઃખીને વિષે, તથા ગુરૂનિશ્રાએ વિચરનારા સુસાધુને વિષે, રાગથી વા દ્વેષથી મને જે અનુકંપા થઇ હોય તેને, હું નિંદુ છું અને ગુરૂની સાખે ગર્હું છું. અથવા વસ્ત્રાદિકે સુખી, રોગવડે દુઃખી એવા અસંયતી પાસથ્થાદિકને વિષે રાગથી અથવા દ્વેષથી જે મને દયા થઈ હોય તેને નિંદુ છું અને ગુરૂની સાખે ગર્હું છું. ૩૧.

साधुषु संविभागो न कृतः तपश्चरणकरणयुक्तेषु

साहूसु संविभागो, न कओ तवचरणकरणजुत्तेसु।

સાધુને વિષે આતિથ્ય ન કર્યું તપ, ચરણસિત્તરી અને કરણસિત્તરીએ સહિત

सति प्रासुकदाने तं निन्दामि तच्च गर्हे

संते फासुयदाणे, तं निंदे तं च गरिहामि ॥३२॥

છતે પ્રાસુક દાન તેને નિંદુંછું. તેને અને ગર્હુંછું.

અર્થ—તપ તથા ચરણસિત્તરી અને કરણસિત્તરીએ સહિત એવા સાધુઓને વિષે, નિર્દોષ અશનાદિક હોવા છતાં મારે જીવે સંવિભાગ (આતિથ્ય) ન કીધો હોય તેથી જે અતિચાર લાગ્યો હોય તેને હું નિંદુ છું અને ગુરૂની સાખે ગર્હું છું. ૩૨

સંલેષણાના અતિચાર.

इहलोके परलोके जीविते मरणे च आशंसाप्रयोगे

इहलोए परलोए, जीविअ मरणे अ आसंसपओगे।

આ લોકે પરલોકે જીવતરની મરણની અને વાંચ્છા કર્યે છતે

पंचविधो ऽतिचारो मा मम भूयात् मरणांते

पंचविहो अइआरो, मा मज्झ हुज्ज मरणंते ॥३३॥

પાંચ પ્રકારનો અતિચાર ન મુજને હોજો. મરણ સમયે

અર્થ—ધર્મના પ્રભાવથી આ લોકને વિષે સુખની વાંચ્છા; તથા પરલોકમાં દેવેંદ્રાદિના સુખની વાંચ્છા, અનશનને લીધે સન્માન દેખી જીવવાની વાંચ્છા, તથા દુઃખ આવે મરવાની વાંચ્છા, અને ચ શબ્દ થકી, કામભોગને વિષે તીવ્ર વાંચ્છા; સંલેષણા (અનશન) સંબંધી આ પાંચ પ્રકારના અતિચાર મને મરણાંત સુધી ન હોજો. ૩૩

ત્રણ યોગવડે સર્વ વ્રતના અતિચાર.

कायेन कायिकस्य प्रतिक्रामामि वाचिकस्य वाचया

काएण काइयस्स, पडिक्कमे वाइअस्स वायाए ।

શરીરવડે શરીર સંબંધી પાપને { પ્રતિક્રમું છું. વચન સંબંધીને } વાચાવડે

मनसा मानसिकस्य सर्वस्य व्रतातिचारस्य

मणसा माणसिअस्स, सव्वस्स वयाइआरस्स॥३४॥

મનવડે મન સંબંધીને (એમ) સર્વ વ્રતના અતિચારને

અર્થ—કાયાથી વધાદિક કરાયેલા અતિચારને કાયોત્સર્ગાદિ જે કાયાના શુભ વ્યાપાર તેણે કરી; આળ પ્રમુખ દેવાના વચ-

નના અતિચારને જિનસ્તવનાદિ શુભ વચનના વ્યાપારે કરીને; અને દેવતત્ત્વાદિ વિષે શંકા પ્રમુખ મનના અતિચારને અનિત્યાદિ ભાવનાના શુભ ચિંતવને કરીને; એમ સર્વ વ્રતના અતિચારને હું પડિક્કમું છું. ૩૪

वंदन[१]-व्रत[२]-शिक्षा[३]-गौरवेषु[४]　　संज्ञा[५]-कषाय[६]-दंडेषु[७]

वंदण-वय-सिक्खा-गा-रवेसु सन्ना-कसायदंडेसु ।

બે પ્રકારના વંદન, બાર પ્રકારના વ્રત, બે પ્રકારની શિક્ષા, અને ત્રણ ગારવને વિષે;
ચાર સંજ્ઞા, ચાર કષાય અને ત્રણ દંડને વિષે;

---

૧ ચૈત્યવંદન અને ગુરૂવંદન ૨ સ્થૂલપ્રાણાતિપાત વિરમણ આદિ શ્રાવકનાં બાર વ્રત ૩ ગ્રહણ અને આસેવનરૂપ બે પ્રકારની શિક્ષા તેમાં શ્રાવક સામાયિક આદિ સૂત્રાર્થ શીખે તે ૧ **ગ્રહણશિક્ષા** અર્થાત્ જઘન્યથી અષ્ટ પ્રવચન માતા અને ઉત્કૃષ્ટથી **દશ વૈકાળિકના** છજ્જીવણીઆ અધ્યયનસુધી અર્થસાથે શીખે ૨ **આસેવનશિક્ષા** તે નવકારથી માંડી શ્રાવકના દિવસ સંબંધી સર્વ ધર્માનુષ્ઠાન સેવે પાળે તે. અર્થાત્ ઉઠતી વખત નવકાર ગણીને જાગે, પછી પોતાનું સ્વરૂપ વિચારે ઇત્યાદિ શ્રાદ્ધદિનકૃત્ય આદિ ગ્રંથોમાં કહેલા શ્રાવકના અનુષ્ઠાનો પાળે, ૪ રસ ગારવ, ઋદ્ધિ ગારવ અને શાતા ગારવ. ૫ ચાર, દશ અથવા પંદર સંજ્ઞા. ૬ કષ એટલે સંસાર તેનો આય એટલે લાભ જેનાથી થાય તે કષાય ચાર છે, ક્રોધ માન, માયા અને લોભ ૭ જેનાવડે ધર્મધનથી આત્મા દંડાય તે દંડ ત્રણ છે. મન, વચન અને કાયા અથવા મિથ્યાત્વ શલ્ય, માયા શલ્ય અને નિયાણ શલ્યરૂપ.

गुप्तिषु च समितिषु च यो ऽतिचारस्तकं निंदामि

गुत्तीसु अ समिईसु अ, जो अइआरो [1]तयं निंदे॥३५॥

ગુપ્તિને વિષે { અને સમિતિને વિષે } અને જે અતિચાર તેને નિંદું છું.

અર્થ—બે પ્રકારના વંદન, બાર પ્રકારના વ્રત, બે પ્રકારની શિક્ષા, (ગ્રહણ અને આસેવન રૂપ) ત્રણ ગારવ, ચાર સંજ્ઞા, ચાર કષાય, ત્રણ દંડ, ત્રણ ગુપ્તિ, પાંચ સમિતિ અને ચ શબ્દથી શ્રાવકની અગિયાર પડિમા તેને વિષે જે અતિચાર લાગ્યો હોય તેને હું નિંદુ છું.

सम्यग्दृष्टिर्जीवो यद्यपि निश्चयेन पापं समाचरति किंचित्

सम्मद्दिट्ठी जीवो, जयवि हु पावं समायरइ किंचि।

સમ્યગ્ દ્રષ્ટી જીવ જો કે નિશ્ચે પાપને આચરે થોડું

अल्पः [2]तस्य भवति बंधो येन न निर्दयं कुरुते

अप्पो सि होइ बंधो, जेण न निद्धंधसं कुणइ ॥३६॥

અલ્પ તેને હોય બંધ જે કારણથી ન નિર્દયપણે કરે

અર્થ—સમ્યગ્દૃષ્ટિ જીવ જો કદી થોડું પણ પાપ કરે, તો તેને અલ્પ બંધ હોય, કારણ કે તે નિર્દયપણે, હિંસાદિ વ્યાપાર કરતો નથી. ૩૬

---

१ अतं इति पाठान्तरे. २ श्रावकस्य.

तदपि च सप्रतिक्रमणं सपरितापं सोत्तरगुणं च

तंपि हु सपडिक्कमणं, सप्पाऽऽवं सउत्तरगुणं च ।

તેને પણ નિશ્ચે } પ્રતિક્રમણ કરવે, પશ્ચાતાપ કરવે, પ્રાયશ્ચિત કરવે, અને

क्षिप्रं उपशमयति व्याधिमिव सुशिक्षितो वैद्यः

खिप्पं उवसामेई, वाहिव्व सुसिक्खिओ विज्जो ॥३७॥

શીઘ્ર શાંત કરે વ્યાધિ જેમ સુશિક્ષિત વૈદ્ય

અર્થ—પ્રતિક્રમણ કરવે કરી, વળી પશ્ચાતાપ કરવે કરી, તેમજ ગુરૂએ દીધેલા પ્રાયશ્ચિત્તને કરવે કરી યુક્ત શ્રાવક જેમ રૂડી રીતે શિખેલો વૈદ્ય વ્યાધિને ઉપશમાવે છે તેમ નિશ્ચયથી તે અલ્પ કર્મના બંધને પણ શિઘ્રપણે ઉપશમાવે છે. ૩૭

यथा विषं कोष्ठगतं मंत्रमूलविशारदाः

जहा विसं कुट्ठगयं, मंतमूलविसारया ।

જેમ વિષને શરીરમાં ગયેલ, મંત્રબુટ્ટીના જાણનારા

वैद्याः घ्नंति मंत्रैः ततः तत् भवति निर्विषम्

विज्जा हणंति मंतेहिं, तो तं हवइ निव्विसं॥३८॥

વૈદ્યો નાશ કરેછે. મંત્રોવડે, ત્યારે તે હોય છે. નિર્વિષ

અર્થ—જેમ શરીરમાં વ્યાપેલા સર્પાદિકના વિષને મંત્ર મૂળના જાણનારા વૈદ્યો, મંત્રોએ કરીને નાશ કરે છે, ત્યારે તે શરીર વિષરહિત થાય છે. ૩૮

एवं अष्टविधं कर्म रागद्वेषसमार्जितं

एवं अठविहं कम्मं, रागदोससमज्जिअं ।

એ પ્રકારે આઠ પ્રકારના કર્મને રાગ દ્વેષવડે ઉપાર્જન કરેલાં

आलोचयन् च निन्दन् क्षिप्रं हन्ति सुश्रावकः

आलोअंतो अ निंदंतो, खिप्पं हणइ सुसावउ ॥३९॥

આલોવતો અને નિંદતો શીઘ્ર હણે છે. ભલો શ્રાવક

અર્થ—એજ પ્રમાણે ગુરૂની સમીપે પોતાના પાપ પ્રકાશતો વળી આત્મસાખે નિંદતો એવો ભલો શ્રાવક, રાગ દ્વેષથી બાંધેલા એવા આઠે પ્રકારના કર્મને શિઘ્ર હણે છે. ૩૯

कृतपापोऽपि मनुष्यः आलोचितनिंदितपापः गुरुसकाशे (पार्श्वे)

कयपावोवि मणुस्सो,आलोइअ निंदिअ गुरुसगासे ।

કર્યું છે પાપ જેણે એવો પણ } મનુષ્ય, આલોચતો નિંદતો ગુરૂ સન્મુખ

भवति अतिरेकलघुकः अपहृतभर इव भारवाहकः

होइ अइरेगलहुओ, ओहरिअभरुव्व भारवहो॥४०॥

હોય છે અત્યંત હળવો ભાર ઉતારેલ હોય તેમ મજુર

અર્થ—જેમ ભારનો વહન કરનાર ભારને ઉતારીને હળવો થાય છે તેમ કરેલાં પાપ છે જેણે એવો મનુષ્ય પણ ગુરૂની

સમીપમાંજ પાપને પ્રકાશ કરતો થકો તથા આત્મ સાખે કરતો થકો પાપથી અત્યંત હળવો થાય છે. ૪૦

आवश्यकेन एतेन श्रावको यद्यपि बहुरजाः भवति

आवस्सएण एएण, सावओ जइवि बहुरओ होइ।

આવશ્યક વડે એ શ્રાવક જો કે બહુ પાપવાળો હોય

दुःखानामंतक्रियां करिष्यति·अचिरेण कालेन

दुक्खाणमंतकिरिअं, काही अचिरेण कालेण ॥४१॥

દુઃખોનો નાશ કરશે થોડા કાળમાં

અર્થ—જો કે આરંભ તથા પરિગ્રહે કરી ઘણું પાપવાળો શ્રાવક હોય તોપણ આ પડિક્કમણાદિ આવશ્યક કરવાથી થોડા કાળમાંજ તે પાપ રૂપ દુઃખોનો વિનાશ કરશે. ૪૧

વિસ્મૃત થયેલ અતિચાર.

आलोचना बहुविधा न च स्मृता प्रतिक्रमणकाले

आलोयणा बहुविहा, न य संभरिआ पडिक्कमणकाले।

આલોયણ બહુપ્રકારે ન વળી સાંભરી; પ્રતિક્રમણ વખતે

मूलगुणउत्तरगुणे तां निंदामि तां च गर्हे

मूलगुणउत्तरगुणे, तं निंदे तं च गरिहामि ॥ ४२ ॥

મૂળ ગુણ ઉત્તર ગુણને વિષે, તેને, નિંદું છું. તેને અને ગહુંછું.

અર્થ—ગુરૂ પાસે પાપ આલોવવાની રીતિ ઘણા પ્રકારની છે. પ્રતિક્રમણ કરવાના અવસરે જે ન સાંભર્યા હોય તેવા મૂળગુણને વિષે તથા ઉત્તર ગુણને વિષે જે અતિચાર લાગ્યા હોય તેને આત્મ સાખે નિંદું છુ અને ગુરૂની સાખે ગર્હું છું. ૪૨

तस्य धर्म्मस्य केवलि-प्रज्ञप्तस्य अभ्युत्थितोऽस्मि

तस्स धम्मस्स केवलि-पन्नत्तस्स अब्भुट्ठिओमि

તે ધર્મની કેવળીએ ભાખેલ ઉઠયો છું.

आराधनाय विरतोऽस्मि विराधनायाः

आराहणाए। विरओमि विराहणाए,

આરાધના માટે નિવર્ત્યો છું. વિરાધના થકી

त्रिविधेन प्रतिक्रांतो वंदे जिनान् चतुर्विंशतिं

तिविहेण पडिक्कंतो वंदामि जिणे चउव्वीसं ॥४३॥

ત્રિવિધે પ્રતિક્રમતો વાંદુંછું. જિનોને ચોવીશ

અર્થ—તે કેવળીભાષિત શ્રાવક ધર્મની આરાધનાને માટે હું ઉઠયો છું વળી તે ધર્મની વિરાધના થકી હું નિવર્ત્યો છું; ત્રિવિધે કરી પાપ થકી નિવર્ત્યો થકો ચોવીશ જિનને હું વાંદું છું. ૪૩

સર્વ ચૈત્યવંદન.

जावंति चेइआइं, उड्ढे अ अहे अ तिरि अ लोए आ॥

सव्वाइं ताइं वंदे, इह संतो तत्थ संताइं ॥ ४४ ॥

અર્થ—પૂર્વે લખેલ છે. ૪૪

સર્વ સાધુ વંદન.

जावंत केवि साहू, भरहेरवयम ।विदेहे अ ॥
सव्वेसिं तेसिं पणओ, तिविहेण तिदंडविरयाणं॥४५॥

અર્થ—પૂર્વે લખેલ છે. ૪૫

શુભ ભાવની પ્રાર્થના.

चिरसंचितपापप्रणाशिन्या भवशतसहस्रमथिन्या

चिरसंचिय-पाव-प ।सणीइ, भवसयस -स्समहणीए।

લાંબાકાળથી એકઠાંકરેલાં પાપનોનાશકરનારી, લાખો ભવને હણનારી

चतुर्विंशतिजिनविनिर्गतकथया व्रजंतु मम दिवसाः

चउवीसजिणविणिग्गयक ाइ, वोलंतु मे दिअहा॥४६॥

ચોવીશ જિનના મુખથકી નીકળેલી કથાઓવડે, {પસાર થાઓ} મારા દિવસો

અર્થ—ચિરકાળથી એકઠાં કરેલાં પાપને નાશ કરનારી શત સહસ્ત્ર અર્થાત્ લક્ષ ભવને હણનારી એવી ચોવીશ તીર્થંકરોના મુખથી નિકળેલી કથા કરવે કરીને મારા દિવસો વ્યતીત થાઓ. ૪૬

मम मंगलमर्हंतः सिद्धाः साधवः श्रुतं च धर्मश्च

मम मंगलमरिहंता, सिद्धा साहू सुअं च धम्मो अ।

મુજને મંગલ (હોજો) અરિહંતો } સિધ્ધો સાધુઓ, સિદ્ધાંત અને ધર્મ અને

¹सम्यग्दृष्टयः देवाः ददतु समाधिं च बोधिं च

सम्मद्दिठ्ठी देवा, दिंतु समाहिं च बोहिं च ॥४७॥

સમકિત દ્રષ્ટિ દેવતા આપો સમાધ અને સમકિત અને

અર્થ—શ્રી અરિહંત, સિદ્ધ ભગવાન વળી સાધુ મહારાજા, શ્રુત ધર્મ તથા ચારિત્ર ધર્મ એ મારે મંગલરૂપ છે. વળી સમ્યગ્ દૃષ્ટિ દેવતાઓ મને ધર્મને વિષે ચિત્તની સ્થિરતા તથા પરભવે સમ્યકત્વ (જિનધર્મની પ્રાપ્તિ) આપો. ૪૭

---

૧ અહિ કોઇ શકા કરે કે દેવો સમાધિ, બોધિ આપવાને સમર્થ છે કે નહિ ? સમર્થ હોય તો સર્વને શામાટે નથી આપતા ? અને અસમર્થ હોય તો પ્રાર્થના કરવી ફોગટ છે કદાચ યોગ્યતાવાળાને જ આપે એમ કહેશો તોપછી બકરીના ગળાના આચળ માફક તેમની પ્રાર્થના કરવે કરીને શુ ? તેનુ શાસ્ત્રકાર સમાધાન કરેછે કે—સર્વત્ર યોગ્યતા એજ પ્રમાણ છે પરંતુ જેમ ઘડો બનાવવાને માટીની યોગ્યતા છે ખરી તોપણ કુંભાર, ચક્ર, ચીવર, દંડાદિક સર્વ તેનાં સહકારી કારણ છે તેમ અહીં પણ ભવ્ય જીવની યોગ્યતા છતાં કુંભાર ચક્રાદિ કારણની પેઠે બીજાની સહાયની જરૂર પડે છે. એટલે નડતા વિઘ્નોનુ નિવારણ કરી દેવતાઓ સમાધિ, બોધિ આપી શકે છે માટે પ્રાર્થના કરવી યોગ્ય છે

કયા કારણે પ્રતિક્રમણ કરવું.

प्रतिषिद्धानां करणे कृत्यानामकरणे प्रतिक्रमणं[२]
पडिसिद्धाणं करणे, किच्चाणमकरणे पडिक्कमणं ।
નિષેધવાયોગ્યને કરવે કરવાયોગ્યને નહિ કરવે, પ્રતિક્રમણ (કરવું)

अश्रद्धाने च तथा विपरीतप्ररूपणायां च
असद्दहणे अ तहा, विवरीअपरूवणाए य॥४८॥
અણુસદ્દહણ કરવે અને તથા વિરૂદ્ધ પ્રરૂપણા કરવે કરીને અને

અર્થ—નિષેધવા યોગ્ય (શંકા વધાદિ અશુભ કાર્યને) કરવે કરી તથા કરવા યોગ્ય (દેવપૂજા સામાયિકાદિ શુભ કાર્યને) ન કરવે કરી, વળી (નિગોદાદિ સૂક્ષ્મ વિચારને) અણુસર્દ્દહવે કરી અને જિનાગમથી વિરૂદ્ધ પ્રરૂપણા કરવે કરી જે પાપ લાગ્યું હોય તે દૂર કરવાને પ્રતિક્રમણ (કરવાનુ) છે. ૪૮

સર્વ જીવ પ્રત્યે ક્ષામણા.

क्षमयामि सर्वजीवान् सर्वे जीवाः क्षाम्यंतु मे (दुष्कृतं)
खामेमि सव्वजीवे, सव्वे जीवा खमंतु मे ।
ખામું છું. સર્વ જીવોને, સર્વે જીવો ખમો! મારા અપરાધને

---

૨ આ ગાથાથી વ્રતધારી અને અવ્રતી સર્વને અવશ્ય પ્રતિક્રમણ કરવું જોઇએ એમ સિદ્ધ થાય છે.

मैत्रि मे सर्व्वभूतेषु वैरं मम न केनचित्

मित्ती मे सव्वभूएसु, वेरं मज्झ न केणई ॥ ४९ ॥

મૈત્રી મારે સર્વ જીવોને વેરભાવ મારે નથી કોઈ સાથે
વિષે,

અર્થ—સર્વ જીવોને હું ખમાવું છું. સર્વે જીવો મારા અપરાધને ખમજો–માફ કરજો. મારે સર્વ જીવોની સાથે મૈત્રીભાવ છે. કોઈ જીવની સાથે મારે વેરભાવ નથી. ૪૯

एवमहं आलोच्य निंदित्वा गर्हित्वा जुगुप्सितं सम्यग्

एवमहं आलोइअ, निंदिअ गरहिअ दुगंछिअं सम्मं।

એ પ્રકારે હું આલોવીને નિંદીને ગર્હીને દુગંછિતને રૂડે પ્રકારે

त्रिविधेन प्रतिक्रान्तो वंदे जिनान् चतुर्विंशतिम्

तिविहेण पडिक्कंतो, वंदामि जिणे चउव्वीसं ॥५०॥

ત્રિવિધે પ્રતિક્રમતો વાંદું છું. જિનોને ચોવીશને

અર્થ—આ પ્રમાણે સમ્યક્ પ્રકારે પાપ આલોચ્યું, આત્મસાખે નિંદા કરી, ગુરૂસાખે ગર્હણા કરી અને દુગંચ્છા કરી અને ત્રિવિધે પડિક્કમતો થકો ચોવીશ જિનને હું વાંદું છું. ૫૦

ઇતિ વંદિતા સૂત્ર.

॥ अथ अब्भुट्ठिओ (गुरुखामणा) सूत्र.

इच्छाकारेण संदिश भगवन् ! अभ्युत्थितोऽहं दिवसाभ्यंतरिकं
इच्छाकारेण संदिसह भगवन् अब्भुट्ठिओहं अब्भिंतर-
ઈચ્છાથી આજ્ઞા આપો હે ભગવાન્! તત્પર થયો છું. હું દિવસ
(अतिचारं) क्षमयितुं. इच्छामि क्षमयामि दैवसिकं
देवसिअं खामेउं। इच्छं खामेमि देवसिअं ।
દરમ્યાનના (દોષને) ખામવા; ઈચ્છું છું. ખામું છું. દિવસના દુષણને

અર્થ—હે ભગવાન્! ઇચ્છા પૂર્વક આપ મને આદેશ આપો, હું દિવસમાં કરેલા અપરાધને ખામવાને ઉઠચો (તત્પર થયો) છું. ગુરૂ કહે (ખામેહ) ખમાવો. શિષ્ય કહે (ઇચ્છં) હું એજ ઇચ્છું છું. (અને) દિવસ સંબંધી અપરાધ પ્રત્યે ખામું છું.

यत् किंचित् अप्रीतिकं, पराप्रीतिकं, भक्ते, पाने, विनये,
जं किंचि अपत्तिअं, परपत्तिअं भत्ते, पाणे, विणए,
જે કંઈ અપ્રીતિથી, અતિશય અપ્રીતિથી, ભોજનમાં, પાણીમાં, વિનયમાં,

वैयावृत्त्ये, आलापे, संलापे, उच्चासने, समासने,
वेयावच्चे, आलावे, संलावे, उच्चासणे, समासणे,
વૈયાવચ્ચમાં, આલાપમાં, સંલાપમાં, ઉંચે આસને બેસતાં, સમઆસને બેસતાં,

अंतर्भाषायां, उपरिभाषायां,

अंतरभासाए, उवरिभासाए,

વચ્ચે બોલતાં, અધિક બોલતાં,

અર્થ—જે કાંઇ અપ્રીતિભાવ કે વિશેષ અપ્રીતિભાવ ઉપજાવ્યો હોય-(શેને વિષે) ભોજનને વિષે, પાણીને વિષે વિનયને વિષે, વેયાવચ્ચને વિષે, એક વાર બોલવાને વિષે, વારંવાર બોલવાને વિષે, ગુરૂથી ઉંચા આસને બેસવાને વિષે, ગુરૂની બરાબર આસને બેસવાને વિષે, ગુરૂ બોલતા હોય તેની વચ્ચે બોલવામાં, ગુરૂએ કહેલી વાત વિશેષપણે કહેવામાં,

यत् किंचित् मम विनयपरिहीनं सूक्ष्मं

जं किंचि मज्झ विणयपरिहीणं, सुहुमं

જે કંઇ મને વિનયરહિતપણે સૂક્ષ્મ

वा बादरं वा यूयं जानीथ अहं न जाने

वा, बायरं वा, तुब्भे जाणह, अहं न याणामि,

કે બાદર કે, તમે જાણો છો, હું નથી જાણતો

तस्य मिथ्या मे दुष्कृतम् ।

तस्स मिच्छामि दुक्कडं ॥

તેનો મિચ્છામિદુક્કડ હો.

અર્થ—જે કાંઈ મારે (જીવે) સૂક્ષ્મ વા સ્થૂલ વિનય રહિતપણું કર્યું હોય તે તમે જાણો છો, હું જાણતો નથી, તે પાપ મારૂં મિથ્યા થાઓ. ॥ ૧ ॥ ઇતિ ॥

ગુરૂ (૧૫) લઘુ (૧૧૧) સર્વ વર્ણ (૧૨૬)

अथ आयरिय उवज्झाए सूत्र.*

आचार्य उपाध्यायः शिष्यः साधर्मिकः कुलं गणश्च

आयरिय उवज्झाए, सीसे साहम्मिए कुल गणे अ।

આચાર્ય ઉપાધ્યાય શિષ્ય સાધર્મિક કુળ ગણુ અને

ये मया केऽपि कषायिताः (तान्) सर्व्वान् त्रिविधेन क्षमयामि

जे मे केइ कसाया, सव्वे तिविहेण खामेमि ॥ १ ॥

જે મેં કોઇ પણ પ્રકારે { કષાય કર્યો હોય } તે સર્વને ત્રિવિધે ખામું છું.

અર્થ—આચાર્ય, ઉપાધ્યાય, તેમના શિષ્ય, સાધર્મી, એક આચાર્યના પરિવાર તથા ઘણા આચાર્યના પરિવાર તે સર્વેના ઉપર જે કોઈ પણ પ્રકારનો કષાય મારે જીવે કર્યો હોય તે સર્વેને ત્રિવિધે કરી ખામુ છું ॥ ૧ ॥

सर्व्वस्य श्रमणसंघस्य भगवतः अंजलीं कृत्वा शिरसि

सव्वस्स समणसंघस्स, भगवउ अंजलिं करिअ सीसे।

સર્વ શ્રમણ સંઘરૂપ ભગવતના અંજલી કરીને મસ્તકે (કરેલ અપરાધને)

---

* આ સૂત્રવડે આચાર્ય, ઉપાધ્યાય, શિષ્ય, સાધુસમુદાય, સઘ અને સર્વ જીવોની સાથે ક્ષામણા થાય છે, માટે સૂત્ર બોલતી વખત બરાબર ઉપયોગ રાખવામાં આવે તો કર્મ નિર્જરા થાય.

सर्व्वं क्षमयित्वा क्षाम्यामि सर्व्वस्य अहमपि (अपराधं)

सव्वं खमावइत्ता, खमामि सव्वस्स अहयंपि ॥ २ ॥

સર્વને ખમાવીને ખમુંછું. સર્વના હું પણ (અપરાધને)

અર્થ—સર્વ શ્રમણુસઘરૂપ ભગવંતના સંબંધમાં કરેલ જે અપરાધ તે સર્વ અપરાધને, મસ્તકની ઉપર બે હાથ જોડીને ખમાવીને તે સર્વના કરેલા અપરાધને હું પણ ખમું છું.

सर्व्वस्य जीवराशेः (अपराधं) भावतः धर्मानिहितनिजचित्तः

सव्वस्स जीवरासिस्स, भावओ धम्मनिहिअनियचित्तो।

સર્વ જીવરાશિના અપરાધને ભાવથકી ધર્મને વિષેસ્થાપ્યું છે પોતાનું ચિત્ત જેણે એવો

सर्व्वं क्षमयित्वा क्षाम्यामि सर्व्वस्य अहमपि

सव्वं खमावइत्ता, खमामि सव्वस्स अहयंपि ॥ ३ ॥

સર્વને ખમાવીને ખમુંછું. સર્વને હું પણ

અર્થ—ભાવથી ધર્મને વિષે સ્થાપ્યું છે પોતાનુ ચિત્ત જેણે એવો હું સર્વ જીવોના સમૂહના સંબંધમાં કરેલા અપરાધ પ્રત્યે, સર્વને ખમાવીને, હું પણ સર્વ પ્રત્યે ખમું છું. ॥ ૩ ॥ ગાથા (૩) પદ (૧૨) ગુરૂ (૧૯) લઘુ (૯૧) સર્વવર્ણ (૧૧૦)

ઇતિ ખામણા સૂત્ર.

॥ अथ नमोस्तु वर्द्धमानाय* ॥

इच्छामः अनुशास्तिं नमः क्षमाश्रमणेभ्यः

इच्छामो अणुसट्ठिं नमो खमासमणाणं। नमोऽर्हत्; ॥

ઇચ્છીએછીએ. ગુરૂઆજ્ઞાને. નમસ્કાર થાઓ! ક્ષમાશ્રમણોને,

અર્થ—અમે ગુરૂ આજ્ઞાને ઇચ્છીએ છીએ; ક્ષમાશ્રમણોને નમસ્કાર થાઓ.

नमोऽस्तु वर्द्धमानाय, स्पर्द्धमानाय कर्म्मणा ॥

નમસ્કાર થાઓ, વર્ધમાનસ્વામીને, સ્પર્ધા કરનાર, કર્મની સાથે

तज्जयावाप्तमोक्षाय, परोक्षाय कुतीर्थिनाम् ॥ १ ॥

તે (કર્મ) નો જય કરીને પ્રાપ્ત કર્યું છે મોક્ષ જેમણે, } પરોક્ષ કુલિંગીઓને

અર્થ—કર્મની સાથે સ્પર્દ્ધાના કરનાર, તે કર્મનો જય કરીને મોક્ષ પ્રાપ્ત કરનાર અને કુતીર્થિયોથી પરોક્ષ એવા વર્દ્ધમાન સ્વામીને નમસ્કાર થાઓ. ॥ ૧ ॥

येषां विकचारविंदराज्या, ज्यायः क्रमकमलावलिं

જેઓની, વિકસ્વર કમળશ્રેણી, પ્રશંસનીય ચરણકમલની શ્રેણીને

---

* સંધ્યા પ્રતિક્રમણ કરતી વખત છ આવસ્યક પુરા થયા પછી તેના હર્ષ નિમિત્તે આ શ્રી વીર પરમાત્માની સ્તુતિ બોલાય છે. તે સંસ્કૃત ભાષામાં હોવાથી અવચૂરિ લખી નથી.

दधत्या ॥ सदृशैरिति संगतं प्रशस्यं,

ધારણ કરતી સરખા સાથે, એમ, મેળાપ, પ્રશંસનીય,

कथितं संतु शिवाय ते जिनेंद्राः ॥ २ ॥

કહેલું છે; થાઓ! મોક્ષનેઅર્થે તે જિનેશ્વરો.

અર્થ—જે જિનેંદ્રોની પ્રશંસનીય ચરણ કમળની શ્રેણીને (પોતાની ઉપર) ધારણ કરતી એવી વિકસ્વર કમળોની શ્રેણી, (તેનું) સરખાની સાથે મળવુ એ પ્રકારે અતિ પ્રશંસનીય કહેલું છે, તે જિનેંદ્રો મોક્ષને અર્થે થાઓ. ॥ ૨ ॥

कषायतापार्दितजंतुनिर्वृतिं, करोति यो

કષાયરૂપ તાપવડે પિડિત પ્રાણીઓને શાંતિને, કરે છે. જે

जन[illegible]खांबुदो[illegible]तः ॥ स शुक्रमासोद्भववृष्टिसन्निभो,

ગણધરના મુખરૂપ મેઘથકી ઉત્પન્ન થયેલ છે, } તે, જયેષ્ઠ માસમાં થયેલ વર્ષાદ સરખોછે;

दधातु तुष्टिं मयि विस्तरो गिराम् ॥ ३ ॥

કરો! સંતોષ, મારે વિષે, વિસ્તાર, વાણીનો.

અર્થ—જે ગણધર મહારાજના મુખરૂપી મેઘથકી નીકળેલો વાણીનો વિસ્તાર, કષાય રૂપ તાપથી પિડિત એવા પ્રાણીઓને શાંતિ કરે છે, વળી જે જયેષ્ઠ માસમાં ઉત્પન્ન થયેલા વર્ષાદ સરખો છે તે (સિદ્ધાંત રૂપ વાણીનો વિસ્તાર) મારે વિષે તુષ્ટિ કરો. ૩ ઇતિ.

अथ विशाललोचन वा प्राभातिकवीरस्तुतिः*

विशाललोचनदलं, प्रोद्यद्दंतांशुकेसरम् ।

વિશાળ નેત્રરૂપ પત્રવાળું, ઝળહળતા દાંતના કિરણરૂપ કેસરવાળું

प्रातर्वीरजिनेन्द्रस्य, मुखपद्मं पुनातु वः ॥ १ ॥

પ્રભાતે વીરજિનેશ્વરનું મુખકમળ પવિત્ર કરો. તમોને

અર્થ—જે મુખ કમળને વિષે વિશાળ નેત્રોરૂપ પત્ર છે. તથા અત્યંત ઝળહળતા એવા દાંતના કિરણરૂપ કેસર–સુગંધના કણીયા છે, એવુ વીર જિનેંદ્રનું મુખકમળ પ્રભાત સમયે તમને પવિત્ર કરો. ૧

येषामभिषेककर्म कृत्वा, मत्ता हर्षभरात् सुखं सुरेन्द्राः।

જેઓની સ્નાત્રક્રિયા કરીને, મગ્ન,હર્ષના સમૂહથી,સુખરૂપ, દેવેંદ્રો

तृणमपि गणयंति नैव नाकं, प्रातः संतु शिवाय

તૃણમાત્ર ગણતા નથીજ દેવલોકને,પ્રભાતે થાઓ.મોક્ષને અર્થે

ते जिनेन्द्राः ॥ २ ॥

તે જિનેશ્વરો,

અર્થ—જે જિનેંદ્રોના અભિષેક કાર્યને કરીને, હર્ષના સમૂહ થકી મગ્ન થયેલા એવા દેવેંદ્રો, દેવલોક સંબંધી સુખને

---

* પ્રભાત સમયે રાઇ પ્રતિક્રમણના છ આવશ્યક પછી આ સ્તુતિ બોલાય છે માટે **પ્રાભાતિક વીર સ્તુતિ**.

તૃણ તુલ્ય પણ ગણુતા નથીજ, તે જિનેદ્રો પ્રભાત સમયે મોક્ષને અર્થે થાઓ ! ૨

कलंकनिर्मुक्तममुक्तपूर्णतं, कुतर्कराहुग्रसनं सदोदयम्।

કલંકરહિત, નથી મૂકાણી પૂર્ણતા જેની એવું | કુતર્કરૂપ રાહુને ગ્રસનાર, સદા ઉદય પામેલ

अपूर्वचंद्रं जिनचंद्रभाषितं, दिनागमे नौमि

અપૂર્વચંદ્ર તુલ્ય જિનેશ્વરના આગમને પ્રભાતે સ્તુતિ કરૂં છું.

बुधैर्नमस्कृतम् ॥ ३ ॥

પંડિતોવડે નમસ્કાર કરાયેલ

અર્થ—જે જિનચંદ્રનું આગમ કલક રહિત છે, નથી મુકાણી પૂર્ણતા જેની એવુ છે, કુતર્ક કરનારા પરદર્શની રૂપ રાહુને ભક્ષણ કરનાર છે, નિરતર ઉદય પામેલા અપૂર્વ ચંદ્ર સમાન છે અને જેને પંડિતોએ નમસ્કાર કરેલો છે તે જિનચંદ્રના આગમને હું પ્રભાત સમયે નમસ્કાર કરૂં છું. ઇતિ. ૩

अथ श्रुतदेवतानी स्तुति.

श्रुतदेवतायै करोमि कायोत्सर्गं

सुअदेवयाए करेमि काउस्सग्गं । अन्नत्थ०[1]

શ્રુત દેવતાને સંભારવા માટે, કરૂં છું. કાઉસ્સગ્ગને

---

૧ અહીં વંદણવત્તિયાએ ન કહેતા અન્નથ ઊસસિએણં કહેવુ તેનું કારણ એ છે કે દેવતાઓ અવિરતિ હોવાથી તેમને વંદન પૂજન થાય નહિ સ્મરણ પ્રાર્થના તો થાય તે વાત વંદિત્તાની ફુટનોટમાં જણાવેલ છે.

श्रु[illegible]ता भगवती ज्ञानावरणीयकर्म्मसंघातम्

सुअदेवया भगवई, नाणावरणी कम्मसंघायं ।

શ્રુત દેવી ભગવતી જ્ઞાનાવરણીય કર્મના સમૂહને

तेषाम् क्षपयतु सततं येषाम् श्रुतसागरे भक्तिः

तेसिं खवेउ सययं, जेसिं सुअसायरे भत्ती ॥ १ ॥

તેઓના ખપાવો, નિરંતર જેઓની શ્રુત સમુદ્રને વિષે ભક્તિ (છે)

અર્થ—શ્રુત દેવતાને અર્થે કાઉસ્સગ્ગ કરૂં છું. ભગવતી શ્રુત દેવતા (સરસ્વતી), જેઓની શ્રુતસાગરને વિષે નિરંતર ભકિત છે તેઓના જ્ઞાનાવરણીય કર્મના સમૂહને ક્ષય કરો । ૧ ઇતિ.

ગાથા (૧) પદ (૪) સંપદા (૪) ગુરૂ (૨) લઘુ (૩૫) સર્વવર્ણ(૩૭)

अथ क्षेत्रदेवतानी स्तुतिः

यस्याः क्षेत्रे साधवः दर्शनज्ञानाभ्यां चरणसहिताभ्याम्

जीसे खित्ते साहू, दंसणनाणेहिं चरणसहिएहिं ।

જેના ક્ષેત્રનેવિષે સાધુઓ દર્શન જ્ઞાનવડે ચારિત્ર સહિત.

साधयंति मोक्षमार्गं सा देवी हरतु दुरितानि

साहंति मुक्खमग्गं, सा देवी हरउ दुरिआइं ॥ १ ॥

સાધે છે; મોક્ષ માર્ગને તે દેવી હરણ કરો. પાપોને

અર્થ—જેના ક્ષેત્રને વિષે સાધુ-મુનિરાજ દર્શન, જ્ઞાન

અને ચારિત્ર સહિત મોક્ષ માર્ગને સાધે છે તે દેવી દુરિત (પાપ) નું હરણ કરો ! ૨

ગાથા (૧) પદ (૪) સંપદા (૪) લઘુ (૩૩) ગુરૂ (૩) સર્વ વર્ણ (૩૬)

अथ कमलदल स्तुतिः*

कमलदलविपुलनयना, कमलमुखी कमलगर्भसमगौरी,

કમળપત્ર સમાન વિસ્તીર્ણ નેત્રવાળી | કમળ જેવા મુખવાળી | કમળના મધ્યભાગ સમાન ગૌરવર્ણવાળી

कमले स्थिता भगवती, ददातु श्रुतदेवता सिद्धिम् ।१।

કમળમાં બેઠેલી ભગવતી આપો ! શ્રુતદેવી સિદ્ધિ

અર્થ--કમળના પત્ર સરખા વિસ્તીર્ણ નેત્રોવાળી, કમળના જેવા મુખવાળી, કમળના ગર્ભની જેવા ગૌરવર્ણવાળી, અને કમળને વિષે રહેલી એવી ભગવતી શ્રુતદેવતા સિદ્ધિ આપો ! ૧

ગાથા (૧) પદ (૪) સંપદા (૪) લઘુ (૪૦) ગુરૂ (૪) સર્વવર્ણ (૪૪)

* આ થોય સ્ત્રીઓએ સુઅદેવયાની સ્તુતિના બદલે કહેવાની છે તે પ્રાકૃતસમ સંસ્કૃત ભાષામાં છે

अथ अड्ढाइज्जेसु (मुनि वंदन*) सूत्रम्.

अर्धतृतीयेषु द्वीपेषु द्वयोः समुद्रयोः पंचदशसु कर्मभूमिषु

अड्ढाइज्जेसु दीवसमुद्देसु, पनरससु कम्मभूमीसु ।

અઢી દ્વીપ અને બે સમુદ્ર સંબંધી, પન્નર કર્મ ભૂમિને વિષે

यावंतः केचन साधवो रजोहरणगुच्छकपतद्ग्रहधारिणः

जावंत केवि साहू, रयहरणगुच्छपडिग्गहधारा ।

જેટલા કોઈ સાધુઓ રજોહરણ, ગુચ્છા અને પાત્રને ધારણ કરનારા

અર્થ--અઢીદ્વીપ તથા બે સમુદ્ર સંબંધી પંદર કર્મ-ભૂમિને વિષે જેટલા કોઇ સાધુ રજોહરણ (ઓઘો) પાત્રાની ઝોળી અને પાત્રા વિગેરે ધર્મોપકરણના ધારણ કરનારા, વળી,

पंचमहाव्रतधारिणः अष्टादशसहस्रशीलांगधारिणः

पंचमहव्वयधारा, अट्ठारससहस्ससीलंगधारा ।

પંચમહાવ્રતને ધારણ કરનારા, અઢારહજાર શીલાંગને ધારણકરનારા

अक्षताचारचारित्राः तान् सर्वान् शिरसा मनसा

अक्खुयायारचरित्ता, ते सव्वे सिरसा मणसा

સંપૂર્ણઆચારરૂપ ચારિત્રવાળા તે સર્વને મસ્તકે મને કરીને

---

* આ સૂત્રવડે અઢી દ્વીપ અને બે સમુદ્રમાં રહેલા સર્વ પ્રકારના મુનિ મહારાજને વંદન થાય છે, માટે **મુનિવંદન સૂત્ર.**

मस्तकेन वंदे (अखंडोवन्दनार्थः)

मत्थ॒एण वंदामि

વાંદું છું.

અર્થ-પાંચ મહાવ્રતને ધારણ કરનારા, અઢાર હજાર શીલ-ચારિત્રના અંગના ધરનારા, સંપૂર્ણ આચાર રૂપ ચારિત્રના પાળનારા, તે સર્વને મસ્તકે કરીને, મને કરીને, હું વાંદું છું ૨ ઇતિ.

લઘુ (૭૨) ગુરૂ (૧૩) સર્વ વર્ણ (૮૫)

॥ अथ वरकनक (एकसो सित्तेर जिन स्तुति) सूत्र* ॥

वरकनकशंखविद्रुम-मरकतघनसन्निभं विगतमोहम्।

ઉત્તમ સુવર્ણ શંખ પરવાળા લીલમ અને વર્ષાદ સરખા વર્ણવાળા } મોહ વિનાના

सप्ततिशतं जिनानां, सर्वामरपूजितं वंदे ॥ १ ॥

એકસોસિત્તેર જિનોને સર્વ દેવતાઓથી પૂજિત, વાંદું છું.

અર્થ--ઉત્તમ સુવર્ણ, શંખ, પરવાળા, લીલમ અને સજળ મેઘના જેવા વર્ણવાળા અને મોહવિનાના તેમજ સર્વ દેવતાઓથી પૂજિત એવા એકસો સિત્તેર તીર્થંકરોને હું વંદના કરૂં છું ૧ ઇતિ.

---

૧ આ સૂત્રવડે જગચિંતામણિની ફુટનોટમા વર્ણવ્યા મૂજબ ઉત્કૃષ્ટ કાળે વિચરતા ૧૭૦ જિનોને તેમના વર્ણવડે સ્તવેલા છે.

॥ अथ *लघुशांतिस्तवः ॥

शांतिं शांतिनिशांतं, शांतं शांताशिवं नमस्कृत्य ॥

શાંતિનાથને શાંતિના સ્થાન,	રાગદ્વેષ રહિત	શાંત થયા છે ઉપદ્રવ જેના	નમસ્કાર કરીને

---

* વૃહદ્ગચ્છીય પ્રસિદ્ધ પ્રભાવી શ્રી **માનદેવસૂરિ** શ્રી **નાડૂલ** નગર મધ્યે ચોમાસુ હતા તે વખતે શ્રી **શાકંભરી** નગર મધ્યે શ્રી સંઘ, શાકિની-એ કરેલ મરકીના ઉપદ્રવથી પીડાતાથી, તે શ્રીસંઘે માણસો મોકલી શ્રી માન-દેવસુરિને હકીકત જાહેર કરીને ઉપદ્રવ નિવારવા માટે વિનંતિ કરી. તેથી પદ્મા, જયા, વિજયા અને અપરાજીતા એ ચાર દેવીઓનુ સાન્નિધ્ય છે જેને એવા અને અત્યંત કરૂણા ભાવે કરીને સહિત એવા તે **સૂરિએ** ઉપદ્રવ નિવારવા અર્થે આ **લઘુશાંતિસ્તવ**ની રચના કરીને શાકંભરીના સંઘને મોકલ્યુ. તેથી. આ સ્તવને પોતે ભણવાથી અગર અન્ય પાસે સાંભળવાથકી અને સ્તવવડે મંત્રિત જળના છાંટવાથી ઉપદ્રવ નાશ પામ્યો અને શાંતિ થઇ. આ પ્રમાણે આ સ્તોત્રની રચના શ્રી **નાડૂલ** મધ્યે શ્રી **માનદેવસૂરિ**એ કરી શાકંભરીના સંઘનો ઉપદ્રવ શાંત થયો તેથી સર્વત્ર શાંતિને અર્થે આ સ્તોત્ર ગણાય છે. હાલમા દૈવસિક પ્રતિક્રમણના અંતે પણ બોલાય છે. આ **શાંતિ** પ્રતિક્રમણમાં ક્યારે દાખલ થઇ તે વિષે વૃદ્ધવાદ એવો છે કે શ્રીમાનદેવસૂરિએ બનાવ્યા પછી મંગલિક અર્થે સર્વત્ર ગણાતી. પાછળથી એટલે આજ-થી લગભગ ૫૦૦) વર્ષ અગાઉ એક યતિજી શ્રી **ઉદેપુર**માં હતા તેમની પાસે શ્રાવકો હર વખત મંગલિક અર્થે શાંતિ સાંભળવા આવતા લોકો વારવાર કંટાળો દેવા લાગ્યા તેથી તેમણે ' પ્રતિક્રમણમા દુખ્ખખ્ખય કમ્મ-ખ્ખયના કાઉસ્સગ્ગને અંતે શાંતિ કહેવી જેથી સૌના સાંભળવામા આવે ' એવો ઠરાવ કર્યો. ત્યારથી તે રીવાજ પ્રચલિત થયો.

स्तोतुः शांतिनिमित्तं, मंत्रपदैः शांतये स्तौमि ॥१॥

સ્તુતિકરનારની શાંતિ હેતુ મંત્રપદોવડે શાંતિનેમાટે સ્તુતિકરૂંછું.

અર્થ--શાંતિના સ્થાન રૂપ, રાગ દ્વેષ વિનાના અને શાંત થયા છે અકલ્યાણકારી ઉપદ્રવો જેનાથી એવા શ્રી શાંતિનાથને નમસ્કાર કરીને, સ્તુતિ કરનારની શાંતિના હેતુ રૂપ છે, તેથી શાંતિને અર્થે, મંત્રોના પદોવડે હું સ્તુતિ કરૂં છું. ૧

ॐमिति निश्चितवचसे, नमो नમો भगवतेऽर्हते पूजा ॥

ૐ એ પ્રકારે નિશ્ચય કરેલું છે વચન જેનું એવા } નમસ્કાર હો, નમસ્કાર હો, ભગવન્તને, પૂજાને યોગ્ય

शांतिजिनाय जयवते,यशस्विने स्वामिने दमिनाम् ॥२॥

શાંતિજિનને જયવંત યશવાળા સ્વામિ સાધુઓના

અર્થ—ૐ એવું નિશ્ચયાત્મક વાચક પદ છે જેમનું એવા, સમગ્ર ઐશ્વર્યવાળા, પૂજાને યોગ્ય, રાગાદિને જીતનારા, યશવાળા, અને ઇંદ્રિયોને દમન કરનારા (મુનિરાજ) ના સ્વામી એવા શાંતિનાથને નમસ્કાર વારંવાર થાઓ. ૨

सकलातिशेषकमहा,-संपत्तिसमन्विताय शस्याय ॥

સઘળા અતિશયરૂપ મહા ઋદ્ધિએ સહિત, પ્રશંસવા લાયક

त्रैलोक्यपूजिताय च, नमो नमः शांतिदेवाय ॥३॥

ત્રણલોકવડે પૂજાયેલા, અને નમસ્કારહો, નમસ્કારહો, શાંતિદેવને

અર્થ--સમસ્ત ચોત્રીશ અતિશય રૂપ મહાન સંપત્તિ વાળા, પ્રશંસા યોગ્ય, અને ત્રણ લોકના જીવોથી પૂજીત એવા શ્રી શાંતિનાથને વારંવાર નમસ્કાર થાઓ. ! ૩

सर्वामरसुसमूह–स्वामिकसंपूजिताय न जिताय ॥

સર્વદેવતાના રૂડાસમૂહના સ્વામિવડે રૂડેપ્રકારે પૂજાયેલા; કોઈથી નહિ જીતાયેલા

भुवनजनपालनोद्यत–तमाय सततं नमस्तस्मै ॥४॥

ત્રણ ભુવનના મનુષ્યને પાળવાને વિશેષ ઉદ્યમવંત, } નિરંતર નમસ્કાર હો. તેને

અર્થ--સમસ્ત દેવતાઓના સુંદર સમૂહ સહિત તેમના સ્વામિ જે ચોસઠ ઇંદ્રો તેમનાથી પૂજાયેલા, દેવતાઓથી પણ નહીં જીતાયેલા, ત્રણ ભુવનના લોકોનું પાલન કરવામાં સાવધાન એવા તે (શાંતિનાથ) ને નિરંતર નમસ્કાર થાઓ ! ૪

सर्वदुरितौघनाशन–कराय सर्वाशिवप्रशमनाय ॥

સર્વ પાપ સમુહના નાશ કરનારા, સર્વ ઉપદ્રવને શાંત કરનારા

दुष्टग्रहभूतपिशाच–शाकिनीना प्रमथनाय ॥ ५ ॥

દુષ્ટ ગ્રહ ભૂત પિશાચ શાકિનીને, અત્યંત નાશ કરનારા

અર્થ—સર્વ પાપના સમૂહનો નાશ કરનારા, સર્વ ઉપદ્રવને પ્રકર્ષે કરી શાત કરનારા, દુષ્ટ ગ્રહ, ભૂત, પિશાચ અને શાકિનીના ઉપદ્રવોને નાશ કરનારા એવા શાંતિનાથને નમસ્કાર થાઓ ! ૫

यस्येतिनाममंत्र–प्रधानवाक्योपयोगकृततोषा ॥

જેના એ પ્રકારે નામ મંત્રરૂપ શ્રેષ્ઠ વચનના ઉપયોગમાં કર્યો છે સંતોષ જેણે એવી

विजया कुरुते जनहित-मिति च नुता नमत तं शांतिं॥६

વિજયાદેવી, કરે છે, જનહિતને, એ રીતે, વળી, સ્તવેલી, તમે નમો ! તે શાંતિનાથને

અર્થ—જે શાંતિ જિનનો પૂર્વોક્ત નામ રૂપ મંત્ર તેણે કરી સર્વોત્તમ પવિત્ર એવુ જે વચન તેના ઉપયોગે કરી કર્યો છે ચિત્તને વિષે સંતોષ જેણે એવી જે વિજયા દેવી, જે મનુષ્યનું હિત કરેછે તથા આગળ કહેશે એ પ્રકારે સ્તુતિ કરાયેલી છે તે શાંતિનાથને હે ભવ્યજનો ! તમે નમસ્કાર કરો. ૬

भवतु नमस्ते भगवति, विजये सुजये परापरैरजिते ॥

હો, નમસ્કાર તને પવિત્ર વિજયા, સુજયા, બીજા દેવોથી નહિ જીતાયેલી અજીતા

अपराजिते जगत्यां, जयतीति जयावहे भवति ॥७॥

અન્યથી નહિ પરાભવ પામેલી અપરાજીતા, જગતમાં, જયવંતી વર્તો એમ સ્તુતિકરનારને જયનેઆપનારી,એવી હે દેવીઓ તમો

અર્થ—હે ભગવતિ વિજયા, સુજયા બીજા દેવોથી નથી જીતાયેલી એવી હે અજીતા, કોઈ ઠેકાણે પરાભવ ન પામેલી એવી હે અપરાજીતા, તમો પૃથ્વીને વિષે જયવંતા વર્તો એમ સ્તુતિ કરતે છતે સ્તુતિ કરનાર ભક્તજનને જયની આપનારી થાય છે; એવી હે તમે દરેક દેવીઓ ! તમોને નમસ્કાર થાઓ. ૭

सर्वस्यापि च संघस्य, भद्रकल्याणमंगलप्रददे ॥

સર્વ પણ અને સંઘને, સુખ કલ્યાણ મંગલ વિશેષે આપનાર

साधूनां च सदा शिव–सुतुष्टिपुष्टिप्रदे जीयाः ॥८॥

મુનિઓના વળી સદા, નિરૂપદ્રવ રૂડી તુષ્ટિ પુષ્ટિ દેવાવાળી હે દેવી ! } જયવંતી હો

અર્થ--ચતુર્વિધ સર્વ સંઘને સૌખ્ય, નિરૂપદ્રવપણું અને મંગળને પ્રકર્ષે કરી આપનારી હે દેવી ! વળી મોક્ષને સાધનાર મુનિઓને નિરંતર નિરૂપદ્રવપણું, ચિત્તની શાંતિ અને ધર્મની વૃદ્ધિ આપનારી હે દેવી ! તમે જયવંતી હો. ૮

भव्यानां कृतसिद्धे, निर्वृतिनिर्वाणजननि सत्त्वानाम् ॥

ભવ્યોને કરી છે સિદ્ધિ જેણે એવી } સમાધિ અને મોક્ષ ઉત્પન્ન કરનારી, પ્રાણીઓને

अभयप्रदाननिरते, नमोऽस्तु स्वस्तिप्रद तुभ्यं ॥९॥

નિર્ભયપણુ દેવાને તત્પર, નમસ્કાર હો, કલ્યાણ આપનારી તને

અર્થ—ભવ્ય જીવોને કરી છે સિદ્ધિ જેણે એવી તથા પ્રાણીઓને ચિત્તની સમાધિ તથા મોક્ષ ઉત્પન્ન કરનારી એવી તથા ઉત્કૃષ્ટ રીતે નિર્ભયપણું દેવાને તત્પર એવી તથા પ્રકર્ષે કરી કલ્યાણને આપનારી એવી હે દેવી ! તને નમસ્કાર હો. ૯

भक्तानां जंतूनां, शुभावहे नित्यमुद्यते देवि ॥

ભક્ત પ્રાણીઓને, કલ્યાણ પમાડવામાં નિરંતર તત્પર હે દેવી !

सम्यगदृष्टीनां धृति-रतिमतिबुद्धिप्रदानाय ॥ १० ॥

સમ્યગ્ દૃષ્ટિઓને ધીરજ, પ્રીતિ મતિ બુદ્ધિ પ્રકર્ષે આપવાને

અર્થ--ભક્તજીવોને નિરંતર કલ્યાણ પમાડવામા તત્પર તથા સમ્યગ્ દ્રષ્ટિ જીવોને ધૈર્યતા, પ્રીતિ, મતિ તથા બુદ્ધિ પ્રકર્ષે કરી આપનાર, હે દેવી તમે છો. ૧૦

जैनशासननिरतानां,शांतिनताना च जगति जनतानां॥

જિનશાસનને વિષે રક્ત, શાંતિનાથને નમસ્કાર કરનારા } અને જગતમધ્યેના જન-સમુદાયને

श्रीसंपत्कीर्तियशो-वर्द्धनि जयदेवि विजयस्व ॥११॥

લક્ષ્મી સંપત્તિ કીર્તિ અને યશ વધારનારી, જયાદેવી, વિજય પામો.

અર્થ--જિનશાસનને વિષે રક્ત અને શ્રી શાંતિનાથને નમસ્કાર કરનારા જગત મધ્યેના જનસમુદાયને લક્ષ્મી સંપત્તિ, કીર્તિ અને યશને વધારનારી એવી હે જયા દેવી ! તમે જય પામો. ૧૧

सलिलानलविषविषधर-दुष्टग्रहराजरोगरणभयतः॥

પાણી અગ્નિ ઝેર સર્પ દુષ્ટ ગ્રહ રાજા રોગ અને લડાઈના ભયથકી

राक्षसरिपुगणमारी-चौरेतिश्वापदादिभ्यः ॥ १२ ॥

રાક્ષસ શત્રુસમૂહ મરકી ચોર ઈતિ અને શિકારી પશુઓ વગેરેથકી

---

૧ ધૃતિ એટલે સંતોષ, **મતિ** એટલે દીર્ઘ દ્રષ્ટિ ૨ એક દેશ વ્યાપી ખ્યાતી તે **કીર્ત્તિ** અને સર્વ દિગ્વ્યાપી ખ્યાતી તે **યશ.**

અર્થ—પાણી, અગ્નિ, સર્પ, ઝેર, માઠાગ્રહ, રાજા, રોગ, લડાઇના ભય, થકી (અને) રાક્ષસ, શત્રુઓનો સમૂહ, મરકી, ચોર, સાત [1]ઇતિ અને મદોન્મત ફાડી ખાનારા પ્રાણીઓના ભયથી–૧૨

अथ रक्ष रक्ष सुशिवं, कुरु कुरु शांतिं च कुरु कुरु सदेति।

હવે રક્ષણકર, રક્ષણકર, અતિશય નિરૂપદ્રવપણું કર, કર, શાંતિને પણ કર કર હમેશા કર એમ

तुष्टिं कुरु कुरु पुष्टिं, कुरु कुरु स्वस्तिं च कुरु कुरु त्वं॥१३॥

તુષ્ટિ કર કર પુષ્ટિ કર કર કલ્યાણ અને કર, કર, તું

અર્થ—હવે રક્ષણ કર, રક્ષણ કર, અતિશય નિરૂપદ્રવપણુ કર, કર, વળી શાંતિ કર કર અને નિરંતર એજ પ્રમાણે કર, તુષ્ટિ કર કર, પુષ્ટિ કર કર અને કલ્યાણ કર, એટલા વાના તું કર કર ૧૩

भगवति गुणवति शिवशांति, तुष्टि पुष्टि स्वस्तीह

હે ભગવતિ,હે ગુણવાળી,હે શિવશાંતિરૂપ,તુષ્ટિ, પુષ્ટિ, કલ્યાણ,અહિં

कुरु कुरु जनानां ॥ ॐमिति नमो नमो

કર, કર, મનુષ્યોને જ્યોતિ સ્વરૂપિણી દેવી, નમસ્કાર થાઓ,

ह्राँ ह्रीँ ह्रूँ ह्रः यः क्षः ह्रीं फुट् फुट् स्वाहा ॥१४॥

મંત્રાક્ષર છે

---

૧ અતિવૃષ્ટિ (ઘણો વરસાદ,), અનાવૃષ્ટિ (વરસાદ ન થાય તે), ઉંદર, તીડ, પોપટ, સ્વચક્ર (પોતાના રાજાના સૈન્યનો) ભય તથા પરચક્ર ભય એ સાત પ્રકારે ઇતિ જાણુવી

અર્થ--હે ભગવતિ ! હે ગુણવતિ ! હે શિવશાંતિ રૂપ ! આ પૃથ્વીને વિષે તું મનુષ્યોને તુષ્ટિ, પુષ્ટિ અને કલ્યાણ કર કર. જ્યોતિસ્વરૂપિણી એવી હે દેવી ! તને નમસ્કાર થાઓ, નમસ્કાર થાઓ ! હ્રાં-હ્રીં હ્રૂં-હ્રૂઃ-ય -ક્ષઃ-હ્રીં-ફુટ્-ફુટ્-સ્વાહા આ સર્વે મંત્રાક્ષર છે તેમાં પ્રથમના સાત શાંતિ મંત્રના બીજ છે. અને બાકીના ત્રણ વિઘ્નના વિનાશ કરનારા મંત્ર બીજ છે १४

एवं यन्नामाक्षर–पुरस्सरं संस्तुता जयादेवी ॥

એ પ્રમાણે જેના નામાક્ષર પૂર્વક, સ્તુતિ કરાયેલી જયાદેવી

कुरुते शांतिं नमता, नमो नमः शांतये तस्मै ॥१५॥

કરે છે.શાંતિનાથને નમસ્કાર કરનારને } નમસ્કાર હો નમસ્કાર હો, } શાંતિનાથને તે

અર્થ--એ પ્રમાણે જેના નામાક્ષર મંત્રપૂર્વક સ્તુતિ કરાયેલી એવી જયા નામની દેવી શ્રીશાંતિનાથ પ્રભુને નમસ્કાર કરનારાઓને શાંતિ કરે છે (પાઠાંતરે શાંતિની હેતુરૂપ થાય છે) તે શાંતિનાથને વારંવાર નમસ્કાર થાઓ. १५

इतिपूर्वसूरिदर्शित–मंत्रपदविदर्भितः स्तवः शांतेः ॥

એ પ્રકારે પૂર્વાચાર્યે બતાવેલ મંત્રપદ ગર્ભિત, સ્તોત્ર, શાંતિનાથનું

सलिलादिभयविनाशी, शांत्यादिकरश्च भक्तिमता१६

પાણી આદિકેના ભય નાશ કરનાર અને શાંતિ આદિ કરનાર } થાઓ. } ભક્ત-જનોને

અર્થ—એ પ્રમાણે પૂર્વાચાર્યે બતાવેલા એવા મંત્રના પદથી ગર્ભિત એવું શાંતિનાથનું સ્તવ તે ભક્તિ કરનારા મનુષ્યોને જલ પ્રમુખના ભયનું નાશ કરનાર થાઓ. અને શાંતિ આદિ સુખનું કરનાર થાઓ. ૧૬

यश्चैनं पठति सदा, शृणोति भावयति वा यथायोगम् ॥
જે એને ભણે છે સદા સાંભળે છે ભાવે છે અથવા સાવધાનપણે
स हि शांतिपदं यायात्, सूरिः श्रीमानदेवश्च ॥१७॥
તે નિશ્ચે શાંતિપદને પામે છે. સૂરિ શ્રીમાનદેવ પણ

અર્થ—જે માણુસ આ સ્તવને નિરંતર ભણે છે, સાવધાન યોગ રાખી જે સાભલે છે, વા મનમાં સ્મરણુ કરે છે તે માણુસ અવશ્ય શાંતિપદ પામે છે [પાઠાંતરે કલ્યાણુ અને શાંતિનું સ્થાન પામે) શ્રીમાનદેવસૂરિ પણુ તે પદ પામે. ૧૭

उपसर्गाः क्षयं यांति, छिद्यंते विघ्नवल्लयः ॥
ઉપસર્ગો ક્ષયને પામે છે, છેદાય છે વિઘ્નની વેલડીઓ
मनः प्रसन्नतामेति, पूज्यमाने जिनेश्वरे ॥ १८ ॥
મન પ્રસન્નતા પામે છે પૂજ્યે છતે જિનેશ્વરને

અર્થ—શ્રી જિનેશ્વર ભગવાનને પૂજતાં થકાં, ઉપસર્ગો નાશ પામે છે, વિઘ્નરૂપી વેલો છેદાય છે, મન પ્રસન્નતા પામે છે. ૧૮

सवमंगलमांगल्यं, सर्वकल्याणकारणं ॥

સર્વ મગળમાં મંગળભૂત સર્વ કલ્યાણનું કારણ

प्रधानं सर्वधर्माणां, जैनं जयति शासनं ॥ १९ ॥

શ્રેષ્ઠ, સર્વ ધર્મોમાં, જિનનું જયવંત વર્તે છે શાસન

અર્થ—સર્વ મંગલોમા મગલિક, સર્વ કલ્યાણનું કારણ, સર્વ ધર્મમાં મુખ્ય જૈનશાસન જયવંતુ વર્ત્તે છે.

ઇતિ શ્રી લઘુશાંતિ સ્તવઃ

अथ चउक्कसाय सूत्र.*

चतुष्कषायप्रतिमल्लोल्लूरणः (उच्छेदक.)

चउक्कसायपडिमल्लुल्लूरणु,

ચાર કષાયના નાશ કરનારા

दुर्जयमदनबाणभञ्जनः (छेदकः)

दुज्जयमयणबाणमुसुमूरणू।

દુર્જય કામબાણને છેદી નાંખનારા

* રાત્રીએ સથારા પોરિસીમા આ સૂત્ર ચૈત્યવદન તરિકે બોલવામાં આવે છે દરેક શ્રાવક સથારા પોરિસી ભણાવી શકતા નથી તેથી દેવસિ પ્રતિક્રમણના અતે સામાયક પાળતી વખત લોગસ્સ કહ્યા પછી કહેવાનો વિધિ શ્રાવકોને માટે છે.

सरसप्रियंगुवर्णः गजगामी
सरसपियंगुवन्नु गयगामिउ,
નીલી રાયણના જેવા વર્ણવાળા હસ્તિની જેવી ગતિવાળા

जयतु पार्श्वः भुवनत्रयस्वामी
जयउ पासु भुवणत्तयसामिउ ॥ १ ॥
જયવંત વર્તો પાર્શ્વનાથ ભુવન ત્રણના સ્વામી.

અર્થ—ચાર કષાય રૂપ વેરીના ઉચ્છેદનાર, દુ:ખે જિતાય એવા કામદેવના બાણુને તોડનાર, સ્નિગ્ધ, નીલા એવા રાયણના (જેવા શરીરના) વર્ણવાળા, અને હસ્તિની જેવી ગતિવાળા, ત્રણ ભુવનના સ્વામી શ્રી પાર્શ્વનાથ પ્રભુ જયવંતા વર્તો! ૧

यस्य तनुकांतिकलापः स्निग्धः
जसु तणुकंतिकडप्प सिणिद्धउ,
જેની શરીરની કાંતિનો સમૂહ, સ્નિગ્ધ

शोभते फणिमणिकिरणालीढः
सोहइ फणिमणिकिरणालिद्धउ ।
શોભે છે. સર્પની મણિના કિરણોએ વ્યાપ્ત

ननु नव जलधरतडिल्लतालांछितः
नं नव जलहरतडिल्लयलंछिउ,
નિશ્ચે વીજળીની લતાએ સહિત નવીન મેઘ જેવા

स जिनः पार्श्वः प्रयच्छतु वांछितम्

सो जिणु पासु पयछउ वंछिउ ॥ २ ॥

તે જિન પાર્શ્વ આપો વાંછિતને.

અર્થ—જેના શરીરની કાન્તિને સમૂહ સ્નિગ્ધ છે, વળી જે નાગેંદ્રની ફણના ઉપર રહેલી મણિના કિરણોથી વ્યાપ્ત છે વળી જે વીજલીની લતાએ કરી સહિત એવા નવા મેઘની જેમ શોભે છે તે શ્રી પાર્શ્વનાથ પ્રભુ મારા વાછિત પૂર્ણ કરે. ૨. ઇતિ. ॥

*अथ भरहेसरनी सज्झाय.

भरतेश्वरः बाहुबली अभयकुमारश्च ढण्ढणकुमारः

भरहेसर बाहुबली, अभयकुमारो अ ढंढणकुमारो ।

ભરતેશ્વર બાહુબલી અભયકુમાર અને ઢંઢણકુમાર

श्रीयकः अर्णिकापुत्रः अतिमुक्तकः नागदत्तश्च

सिरिउ अणिआउत्तो, अइमुत्तो नागदत्तो अ ॥१॥

શ્રીયક અર્ણિકાપુત્ર અતિમુક્ત નાગદત્ત અને

અર્થ—શ્રી ભરતેશ્વર, બાહુબલજી, અભયકુમાર તથા

* આ સજઝાયમાં શીયલ વ્રતને દૃઢતાથી પાળનાર ઉત્તમ સત્ત્વશાલી પુરૂષો અને સતીઓનુ નામોચ્ચાર પૂર્વક સ્મરણ થાય છે

ઢંઢણુકુમાર, શ્રી સ્થૂલિભદ્રજીના નાનાભાઇ શ્રીયક, અગ્નિકાપુત્ર આચાર્ય, અતિમુક્તકુમાર, તથા નાગદત્ત; ૧

मेतार्यः स्थूलभद्रः वज्रर्षिः नंदिषेणः सिंहगिरिः

मेअज्ज थूलिभद्दो, वयररिसी नंदिसेण सिंहगिरी ।

મેતાર્ય સ્થૂલભદ્ર વયરસ્વામિ નંદિષેણ સિંહગિરિ

कृतपुण्यश्च सुकोशलः पुंडरीकः केशी करकंडूः

कयवन्नो अ सुकोसल, पुंडरिअ केसि करकंडू ॥२॥

કયવન્નો અને સુકોશલ પુંડરીક કેશી કરકંડુ

અર્થ—મેતાર્યમુનિ, સ્થૂલિભદ્રજી, વજ્રઋષિ, નંદિષેણજી, સીંહગિરિ મહારાજ (શ્રી વજ્રસ્વામીના ગુરૂ), કૃતપુણ્ય કુમાર, સુકોશલમુનિ, પુંડરિક સ્વામી, કેશીકુમાર, કરકંડુ પ્રત્યેકબુદ્ધ,૨

हल्लः विहल्लः सुदर्शनः शालः महाशालः शालिभद्रश्च

हल्ल विहल्ल सुदंसण, साल महासाल सालिभद्दो अ ।

હલ્લ વિહલ્લ સુદર્શન શાલ મહાશાલ શાલિભદ્ર અને

भद्रबाहुः दशार्णभद्रः प्रसन्नचंद्रश्च यशोभद्रः

भद्दो दसण्णभद्दो, पसण्णचंदो अ जसभद्दो ॥ ३ ॥

ભદ્રબાહુ દશાર્ણભદ્ર પ્રસન્નચંદ્ર અને યશોભદ્ર

અર્થ—હલ્લ અને વિહલ્લ બંને શ્રેણિકના પુત્ર, સુદર્શન શેઠ, શાલમુનિ, મહાશાલમુનિ, શાલિભદ્ર (પ્રસિદ્ધ ભોગી),ભદ્રબાહુ-

સ્વામિ, દશાર્ણભદ્ર, પ્રસન્નચંદ્ર રાજર્ષિ તથા શ્રી યશોભદ્રસૂરિ, ૩

जंबूप्रभुः वंकचूलो गजसुकुमालः अवंतीसुकुमालः

जंबुपहु वंकचूलो, गयसुकुमालो अवंतिसुकुमालो।

જંબૂપ્રભુ વંકચૂલ ગજસુકુમાલ અવંતિ સુકુમાલ

धन्यः इलाचीपुत्र चिलातीपुत्रश्च युगबाहुर्मुनि

धन्नो इलाइपुत्तो, चिलाइपुत्तो अ बाहुमुणी ॥ ४ ॥

ધન્નો ઇલાચીપુત્ર ચિલાતીપુત્ર અને યુગબાહુ મુનિ

અર્થ—જંબૂસ્વામિ, વંકચૂલ રાજકુમાર, ગજસુકુમાલ, અવન્તિસુકુમાલ, ધન્નાશેઠ, એલાચીપુત્ર, ચિલાતિપુત્ર અને યુગબાહુ મુનિ, ૪

आर्यमहागिरिः आर्यरक्षितः आर्यसुहस्ती उदायनः मनकः

अज्जगिरि अज्जरक्खिय, अज्जसुहत्थी उदायगो मणगो।

આર્યમહાગિરિ આર્યરક્ષિત આર્યસુહસ્તિ ઉદાયન મનક

कालिकसूरिः शांबः प्रद्युम्नः मूलदेवश्च

कालयसूरी संबो, पज्जुण्णो मूलदेवो अ ॥ ५ ॥

કાલિકસૂરિ શાંબ પ્રદ્યુમ્ન મૂળદેવ અને

અર્થ—આર્યમહાગિરિજી, આર્યરક્ષિતસૂરિ, આર્યસુહસ્તિસૂરિ, ઉદાયી રાજા, મનક પુત્ર, કાલિકાચાર્ય, સાબકુમાર, પ્રદ્યુમ્નકુમાર અને મૂલદેવ રાજા, ૫

प्रभवा विष्णुकुमारः आर्द्रकुमारः दृढप्रहारी च

पभवो विन्हुकुमारो, अद्दकुमारो दढप्प.ारो अ ।

પ્રભવ વિષ્ણુકુમાર આર્દ્રકુમાર દ્રઢપ્રહારી અને

श्रेयांसः कूरघटश्च शय्यंभवः मेघकुमारश्च

सिज्जंस कूरगड्डू अ, सिज्जंभव मेहकुमारो अ ॥६॥

શ્રેયાંસ અને કુરઘટઋષિ શય્યંભવ અને મેઘકુમાર

અર્થ—પ્રભવસ્વામિ, વિશ્નુકુમાર, આર્દ્રકુમાર, તથા દ્રઢપ્રહારી ચોર, શ્રેયાંસકુમાર, કુરગડુસાધુ, સિજ્જંભવ સ્વામિ અને મેઘકુમાર, ૬

एवमादयः महासत्त्वाः ददतु सुखं गुणगणैः संयुक्ताः

एमाइ महासत्ता, दिंतु सुहं गुणगणेहिं संजुत्ता ।

એ વગેરે મહાસત્વવંત પુરૂષો, આપો, સુખને, ગુણસમૂહે સહિત

येषां नामग्रहणेन पापप्रबंधाः विलयं यान्ति

जेसिं नामग्गहणे, पावपबंधा विलय जंति ॥ ७ ॥

જેઓનાં નામ ગ્રહણકરવાવડે પાપનાબંધ નાશ પામે છે

અર્થ—ઇત્યાદિ બીજા પણ મહા પરાક્રમી પુરૂષો, જ્ઞાનાદિ ગુણોના સમૂહે કરી સહિત એવા, અમને સુખ આપો; જેમના નામસ્મરણથી પાપના બંધ વિનાશ પામે છે ૭

सुलसा चंदनबाला मनोरमा मदनरेखा दमयन्ती

सुलसा चंदनबाला, मणोरमा मयणरेहा दमयंती ।

સુલસા ચંદનબાલા મનોરમા મદનરેખા દમયન્તી

नर्मदासुंदरी सीता नंदा भद्रा सुभद्रा च

नमयासुंदरि सीया, नंदा भद्दा सुभद्दा य ॥ ८ ॥

નર્મદાસુંદરી સીતા નંદા ભદ્રા સુભદ્રા અને

અર્થ—સુલસા, ચંદનબાલા, મનોરમા, મદનરેખા, દમયન્તી, નર્મદાસુંદરી, સીતા, નંદા, ભદ્રા શેઠાણી, સુભદ્રા, ૮

राजीमती ऋषिदत्ता पद्मावती अंजना श्रीदेवी

राइ(य)मई रिसिदत्ता, पउमावइ अंजणा सिरीदेवी ।

રાજીમતી ઋષિદત્તા પદ્માવતી અંજના શ્રીદેવી

ज्येष्ठा सुज्येष्ठा मृगावती प्रभावती चेल्लणादेवी

जिठ सुजिठ मिगावइ, पभावई चिल्लणादेवी ॥९॥

જયેષ્ઠા સુજયેષ્ઠા મૃગાવતી પ્રભાવતી ચેલણા દેવી

અર્થ—રાજીમતી, ઋષિદત્તા, પદ્માવતી, અંજનાસુંદરી, શ્રીદેવી, જયેષ્ટા, સુજયેષ્ટા, મૃગાવતી, પ્રભાવતી, ચેલણા રાણી, ૯

ब्राह्मी सुंदरी रुक्मिणी रेवती कुन्ती शिवा जयंती च

बंभि सुंदरि रुप्पिणी, रेवइ कुंती सिवा जयंती य ।

બ્રાહ્મી સુંદરી રૂકિમણી રેવતી કુંતી શીવાદેવિ જયંતી અને

देवकी द्रौपदी धारिणी कलावती पुष्पचूला च

देवइ दोवइ धारणी, कलावइ पुप्फचूला य ॥१०॥

દેવકી દ્રૌપદી ધારિણી કલાવતી પુષ્પચૂલા અને

અર્થ—બ્રાહ્મી, સુંદરી, રૂક્ષમણી, રેવતી, કુન્તી, શિવા અને જયન્તી, દેવકી, દ્રૌપદી, ધારણી, કલાવતી તથા પુષ્પચૂલા. ૧૦

पद्मावती च गौरी गांधारी लक्ष्मणा सुसीमा च

पउमावई य गोरी, गंधारी लक्कमणा सुसीमा य।

પદ્માવતી અને ગૌરી ગંધારી લક્ષ્મણા સુસીમા અને

जांबूवती सत्यभामा रुक्मिणी कृष्णस्याष्ट महिष्यः

जंबुवई सच्चन्नामा, रुप्पिणि कण्हट्ठ महिसीउ ॥११॥

જાંબુવતી સત્યભામા રૂક્ષ્મિણી કૃષ્ણની આઠ પટ્ટરાણીઓ

અર્થ—પદ્માવતી, તથા ગોરી, ગાંધારી, લક્ષ્મણા તથા સુસીમા, જંબુવતી, સત્યભામા, રૂક્ષ્મણી, આ આઠ શ્રી કૃષ્ણની પટરાણીઓ છે. ૧૧

यक्षा च यक्षदत्ता भूता तथा चैव भूतदत्ता च

जक्का य जक्कदिन्ना, नूआ तह चेव नूअदिन्ना य।

યક્ષા અને યક્ષદત્તા ભૂતા તેમજ નિશ્ચે ભૂતદત્તા અને

सेणा वेणा रेणा भगिन्यः स्थूलभद्रस्य

सेणा वेणा रेणा, नयणीउ थूलिन्नदस्स ॥ १२ ॥

સેણા વેણા રેણા બહેનો સ્થૂલભદ્રની

અર્થ—જક્ષા, યક્ષદત્તા, ભૂતા, તથા વળી નિશ્ચયથી ભૂતદત્તા, સેણા, વેણા, રેણા, આ સાત સ્થૂલિભદ્રજીની બહેનો છે. ૧૨

इत्याद्याः महासत्यः जयंति अकलंकशीलकलिताः

इच्चाइ महासइउ, जयंति अकलंकसीलकलिआउ ।

ઈત્યાદિ મહાસતીઓ જયવંત વર્તે છે. નિષ્કલંક શીલગુણે સહિત

अद्यापि वाद्यते यासां यशःपटहः त्रिभुवने सकले

अज्जवि वज्जइ जासिं, जसपडहो तिहुअणे सयले१३॥

આજ પણ વાગે છે. જેઓનો યશ ડંકો ત્રિભુવનમાં સકળ

અર્થ—ઈત્યાદિ મોટી સતીઓ નિર્મલ શિયળગુણે કરી સહિત જયવંતી વર્ત્તે છે. વળી જેનો આજ પણ સકલ ત્રિભુવનને વિષે યશનો ડંકો વાગે છે. ૧૩

ઇતિ સત્તા સતીઓની સજ્ઝાય.

॥ अथ तीर्थ वंदना.* ॥

सकलतीर्थ वंदुं करजोड, जिनवर नामे मंगल कोड ॥ पहेले स्वर्गे लाख बत्रीश, जिनवर चैत्य नमुं निशदिश ॥ १ ॥ बीजे लाख अठावीश कह्यां, त्री-

* આ તીર્થવંદના ગુજરાતી ભાષામાં હોવાથી સુગમ છે માટે અર્થ લખ્યો નથી આ સૂત્રવડે ત્રણ લોકમાં રહેલા શાસ્વતા અને અશાસ્વતા જિનચૈત્ય તથા જિનબિંબોને વંદના કરાય છે.

जे बार लाख सद्दह्यां ॥ चोथे स्वर्गे अड लाख धार, पांचमे वंदुं लाखज चार ॥ २ ॥ छठे स्वर्गे स-स पच्चास, सातमे चालीस सहस प्रासाद ॥ आठमे स्वर्गे छ हजार, नव दशमे वंदुं शतचार ॥ ३ ॥ अग्या बारमे त्रणशें सार, नव ग्रैवेयके त्रणशें अढार ॥ पांच अनुत्तर सर्वे मली, लाख चोराशी अधिकां वली ॥ ४ ॥ सहस सत्ताणुं त्रेवीश सार, जिनवर भुवन तणो अधिकार॥ लांबां सो जोजन विस्तार, पच्चास उंचां बहोंतेर धार ॥ ५ ॥ एकसो एंशी बिंब प्रमाण, [1]सभासहित एक चैत्ये जाण ॥

---

१ બાર દેવલોક સુધીના ઇંદ્રોને દરેક વિમાને ૧ મર્જ્જન સભા ૨ અલંકાર સભા ૩ જ્ઞાન સભા ૪ સિદ્ધાયતન સભા અને ૫ વ્યવસાય સભા એમ પાચ પાંચ સભા હોય છે દરેક સભા ત્રણ ત્રણ દ્વારવાળી હોય છે અને દરેક દ્વારે એકેક ચોમુખજી એટલે ચાર ચાર પ્રતિમાજી હોય એટલે એક સભાના બાર અને ૫ સભાના ૬૦ પ્રતિમાજી મહારાજ થયા. મૂલ ચૈત્ય ત્રણ દ્વારવાળા હોય છે તેના ગભારામાં ૧૦૮ પ્રતિમાજી અને ત્રણ દ્વારના ત્રણ ચોમુખજીના ૧૨ મળી ૧૨૦) પ્રતિમાજી તેમાં હોય. તેમા પાંચ સભાના ૬૦ મેળવતા ૧૮૦) પ્રતિમાજી સભા સહિત એક ચૈત્યમાં સમજવા. નવ ગ્રૈવેયક અને પાચ અનુત્તરમા ઇંદ્રો નથી તેથી સભાઓ નથી માટે ત્યાંના ૩૨ ચૈત્યોમા ૧૨૦) પ્રતિમાજી દરેકના ગણવા અને ૮૪૯૬૭૦૦ ચૈત્યમા ૧૮૦ પ્રતિમાજી દરેકમા ગણવા જેથી અહી બતાવેલ સંખ્યા મળી રહેશે.

सो कोड बावन कोड संभाल, लाख चोराणुं स-स चौंआल ॥ ६ ॥ सातशें उपर साठ विशाल, सवि बिंब प्रणमुं त्रण काल ॥ सात कोमने बहोंतेर लाख, भुवनपतिमां देवल भाख ॥ ७ ॥ एकसो एंशी बिंब प्रमाण, एक एक चैत्ये संख्या जाण ॥ तेरशें कोम नेव्यासी कोम, साठ लाख वंदुं करजोड ॥ ८ ॥ बत्रीशें ने ओगणसाठ, तीर्च्छा[1] लोकमां चैत्यनो पाठ ॥ त्रणलाख एकाणुं हजार, त्रणशें वीश ते बिंब जुहार ॥ ९ ॥ व्यंतर ज्योतिषीमां वली जेह, शाश्वता जिन वंदुं तेह ॥ रुषभ चंद्रानन वारिषेण, वर्धमान नामे गुणसेण ॥ १० ॥ समेतशिखर वंदुं जिन वीश, अष्टापद वंदुं चोवीश ॥ विमलाचल ने गढ गीरनार, आबु उपर जिनवर जुहार ॥ ११ ॥ शंखेश्वर केसरियो सार, तारंगे श्री अजित जुहार

---

૧ તીર્ચ્છા લોકમા નદીશ્વર દ્વીપના ૫૨ ચૈત્ય, રૂચક દ્વીપના ૪ ચૈત્ય, અને કુડલ દ્વીપના ૪ ચૈત્ય મળી ૬૦ ચૈત્ય ચાર દ્વારવાળાં છે અને બાકી-નાં ૩૧૯૯ ચૈય ત્રણ દ્વારવાળાં છે તેથી ચાર દ્વારવાળાંમાં ૧૨૪) અને ત્રણ દ્વાર વાળામા ૧૨૦) પ્રતિમાજી છે.

॥ अंतरिक वरकाणो पास, जीरावलो ने थंभण पास
॥ १२ ॥ गाम नगर पुर पाटण जेह, जिनवर चैत्य
नमुं गुण गेह ॥ विहरमान वंदु जिन वीश, सिद्ध
अनंत नमुं निशदिश ॥ १३ ॥ अढी द्वीपमां जे
अणगार, अढार सहस सीलांगना धार॥ पंच महा-
व्रत समिति सार, पाले पलावे पंचाचार ॥ १४ ॥
बाह्य अभ्यंतर तप उजमाल, ते मुनि वंदुं गुणमणि-
माल ॥ नित नित उठी कीर्त्ति करुं, जीव कहे
भव सायर तरूं ॥ १५ ॥

*मन्नह जिणाणंनी सज्झाय.

मन्यस्व जिनानां आज्ञां मिथ्यात्वं परिहर धारय सम्यक्त्वम्
मण्हं जिणाणं आणं, मिच्छं परिहरह धरह सम्मत्तं।
માનવીજિનેશ્વરોનીઆજ્ઞાને, મિથ્યાત્વનેપરિહરવું, ધારણ કરવું } સમ્યકત્વને

* આ સજઝાયમાં શ્રાવકને યોગ્ય સદાચારના છત્રીશ પ્રકારના કૃત્યો-નું વર્ણન છે. દરેક શ્રાવકે તે કરવામા યથાશક્તિ ઉદ્યમવત થવા જરૂર છે.

१ मन्नह जिणाणमाणं.

षड्विधावश्यके, उद्युक्तः भवति प्रातिदेवसम्

छव्विहआवस्सयंमि, उज्जुत्तो होइ पइदिवसं ॥ १ ॥

છ પ્રકારના આવશ્યકને વિષે ઉદ્યમવંત હોય હમેશા

અર્થ—જિનેશ્વર ભગવાનની આજ્ઞા માનવી, મિથ્યાત્વનો ત્યાગ કરવો, સમ્યક્ત્વ ધારણ કરવુ, છ પ્રકારના આવશ્યકમાં પ્રતિ દિવસ ઊદ્યમવત થવુ. ૧

पर्वसु पौषधव्रतं दानं शीलं तपश्च भावश्च

पव्वेसु पोसहवयं, दाणं सीलं तवो अ भावो अ।

પર્વ દિવસોમાં પોષધવ્રત દાન શીયલ તપ અને ભાવના અને

स्वाध्यायः नमस्कारः परोपकारश्च यतना च

सज्झाय नमुक्कारो, परोवयारो अ जयणा अ ॥२॥

સ્વાધ્યાય નમસ્કાર પરોપકાર અને જયણા અને

અર્થ—પર્વ દિવસને વિષે પોસહ વ્રત કરવુ, દાન, શિયળ, તપ અને ભાવના, સ્વાધ્યાય, નમસ્કાર અને પરોપકાર તથા જયણા રાખવી. ૨

जिनपूजा जिनस्तवनं गुरुस्तवः साधर्मिकाणां वात्सल्यम्

जिणपूआ जिणथुणणं,गुरुथुअ साहम्मिआण वच्छल्लं।

જિનપૂજા જિનનું સ્તવન ગુરૂસ્તુતિ સાધર્મિકોની વાત્સલ્યતા

व्यवहारस्य च शुद्धिः रथयात्रा तीर्थयात्रा च

ववहारस्स य सुद्धी, रहजत्ता तित्थजत्ता य ॥३॥

વ્યવહારની વળી શુદ્ધિ રથયાત્રા તીર્થયાત્રા અને

અર્થ—જિનેશ્વર ભગવાનની પૂજા, જિનેશ્વર ભગવાનની સ્તુતિ, ગુરૂની સ્તુતિ, અને સાધર્મીને વિષે વાત્સલ્ય, વ્યવહારની શુદ્ધિ, રથયાત્રા અને તીર્થયાત્રા, ૩

उपशमो विवेकः संवरः भाषासमितिः षट्जीवकरुणा च

उवसम विवेग संवर, भासासमिई छजीवकरुणा य।

ઉપશમ વિવેક સંવર ભાષાસમિતિ છકાયજીવાની દયા અને

धार्मिकजनसंसर्गः करणदमः चरणपरिणामः

धम्मिअजणसंसग्गो, करणदमो चरणपरिणामो ॥४॥

ધાર્મિક પુરૂષોનો સમાગમ ઇંદ્રિયદમન ચારિત્રના પરિણામ

અર્થ—ઉપશમ, વિવેક, સંવર, ભાષા સમિતિ અને છકાય જીવોની દયા, ધાર્મિક માણસનો સંસર્ગ, ઇંદ્રિયોનું દમન અને ચારિત્રના પરિણામ, ૪

संघोपरि बहुमानः पुस्तकलिखनं प्रभावना तीर्थस्य

संघोवरि बहुमाणो, पुत्थयलिहणं पभावणा तित्थे

સંઘઉપર બહુમાન પુસ્તક લખાવવાં પ્રભાવના તીર્થની

श्राद्धाना कृत्यमेतद् नित्यं सुगुरूपदेशेन (ज्ञातव्यम्)

सड्ढाण किच्चमेअं, निच्चं सुगुरूवएसेणं ॥ ५ ॥

શ્રાવકોનું કામ એ પ્રકારે નિરંતર સદ્ગુરૂના ઉપદેશવડે (જાણવું)

અર્થ—શ્રી સંઘ ઉપર બહુમાન, પુસ્તક લખાવવા, તીર્થની પ્રભાવના કરવી, શ્રાવકનાં આ કૃત્ય છે, તે નિરંતર સદ્ગુરૂના ઉપદેશથી જાણવાં. ૫. ઇતિ.

ઇતિ શ્રાવક દિનકૃત્ય સજ્ઝાય.

---

१ क २ य जीव.

अथ पोसहनुं पच्चक्खाणं.

करोमि हे भयान्त ! पौषधं आहारपौषधं देशतः सर्व्वतः

करेमि ×भंते ! पोसहं, आहारपोसहं देसओ सव्वओ,*

કરૂં છું હે ભયનો નાશ કરનાર (ભગવંત) } પોષધ, આહાર પોષધ-દેશથકી, સર્વ થકી

---

* આ સૂત્રવડે પોસહનુ પચ્ચખ્ખાણ લેવાય છે પ્રત્યાખ્યાન શબ્દનો અર્થ ત્યાગ કરવુ અને પાલવુ—સેવન કરવું, એમ બને પ્રકારે થાય છે તેથી **આહાર પોસહ** એટલે આહારનો ત્યાગ કરવા રૂપ પોસહ કરૂ છું એમ અર્થ થાય છે તેવીજ રીતે **સરીર સક્કાર પોસહ** એટલે શરીરની શોભા ન કરવા રૂપ પોસહ કરૂ છુ, એ બને બાબત ત્યાગ કરવાની છે **બંભચેર પોસહ** અને **અવ્વાવાર પોસહ** એટલે બ્રહ્મચર્યને પાળવા રૂપ અને અ-બ્યાપાર (મન વચન અને કાયાના સાવદ્ય યોગના ત્યાગકરણરૂપ) ને પાળવા રૂપ પોસહ કરૂ છુ. એમ બને પદનો અર્થ પાલન કરવાનો થાય છે સામાયિક અને પોસહમાં ત્રણ કાળ સંબધી પચ્ચખ્ખાણ થાય છે તે આ પ્રમાણે —**કરેમિ** પદ વડે વર્તમાન કાળે સાવદ્ય યોગનો ત્યાગ કરવા રૂપ પચ્ચખ્ખાણ થાય છે. **તસ્સ** પદ વડે અતીત કાળે (ભૂતકાળે) કરેલા સાવદ્ય યોગનુ પ્રતિક્રમણ થાય છે અને સામાયિકમાં **પચ્ચખ્ખામિ** પદ વડે અનાગત કાળે (નિયમ પર્યંતના ભવિષ્ય કાળે) સાવદ્ય યોગ નહિ કરીશ એમ પચ્ચ-ખ્ખાણ થાય છે અને પોસહમાં **ઠામિ** પદ વડે અનાગત કાળે બે બાબતનો ત્યાગ અને બે બાબતનુ પાલન કરીશ એ પ્રકારનો (ધર્મની પુષ્ટી આપે તે) પોસહ કરીશ એમ પચ્ચખ્ખાણ કરાય છે.

× **ભંતે** એ પદના ભદંત (કલ્યાણકારી), ભયાન્ત (ભયનો અંત કરનાર) અને ભવાન્ત (ભવનો અંત કરનાર) એવા ત્રણ અર્થ થાય છે. **ભંતે** એ પ્રકારે ભગવંતને આમન્ત્રણ કરવા વડે કરીને ગુરૂકુલવાસનુ સૂચન થાય છે અર્થાત્ સાધુઓએ ગુરૂનિશ્રાએ રહેવું અને ગૃહસ્થે ગુરૂ મહારાજ પાસે સામાયિક ઉચ્ચરવું.

शरीरसत्कारपौषधं सर्वतः ब्रह्मचर्यपौषधं सर्वतः
सरीरसक्कारपोसहं सव्वउ,[2] बंभचेरपोसहं सव्वउ,[3]
શરીર સત્કાર પોષધ સર્વ થકી, બ્રહ્મચર્ય પોષધ સર્વ થકી,

अव्यापारपौषधं सर्वतः चतुर्विधं पौषधं करोमि
अव्वावारपोसहं सव्वउ,[4] चउव्विहं पोसहं ठामि,
અવ્યાપાર પોષધ સર્વ થકી,(એ) ચાર પ્રકારના પોષધને કરૂં છું.

यावद्दिवसं अहोरात्रं पर्युपासे
जाव दिवसं अहोरत्तं पज्जुवासामि
દિવસ પર્યંત દિનરાત પાળું છું.

અર્થ—હે ભગવંત ! હું પોસહ કરૂં છું, આહારનો પોસહ–દેશથી વા સર્વથી, શરીરસત્કાર ન કરવાનો પોસહ સર્વથી, બ્રહ્મચર્યનો પોસહ સર્વથી, અવ્યાપારનો પોસહ સર્વથી, આ ચાર પ્રકારના પોસહને હું કરૂં છું, તે આખો દિવસ અથવા રાત અને દિવસ પાળું છું (પાળીશ.)

द्विविधं त्रिविधेन मनसा वाचा कायेन न करोमि न
दुविहं तिविहेणं मणेणं वायाए काएणं न करेमि न
બે કરણ ત્રણ યોગવડે મને વચને કાયાએ ન કરૂં ન

कारयामि तस्मात्(तं) भवान्त ! प्रतिक्रामामि निंदामि
कारवेमि तस्स भंते पडिक्कमामि निंदामि
કરાવું તે કારણ માટે તેને હે ભવનો નાશ કરનાર (ભગવંત) પ્રતિક્રમું છું નિંદું છું

गर्हे आत्मानं व्युत्सृजामि
गरिहामि अप्पाणं वोसिरामि ॥
ગર્હું છું. પોતાની કાયને ત્યાગ કરૂં છું

અર્થ—બે પ્રકારે અને ત્રણ પ્રકારે, મન, વચન અને કાયાવડે એમ ત્રણ પ્રકારે, ન કરૂં તથા ન કરાવુ એમ બે પ્રકારે, હે ભગવંત તે (અતીતકાળના પાપને) હુ પ્રતિક્રમુ છું, આત્માની સાખે નિંદુ છુ, ગુરૂની સાખે ગર્હુંછુ અને આત્માને પાપથી વોસરાવું છું. ૧ ઇતિ.

अथ पोसह पारवानुं सूत्र.

सागरचंद्रः कामः चंद्रावतंसः सुदर्शनो धन्यः
सागरचंदो कामो, चंदवडिंसो सुदंसणो धन्नो ।
સાગરચંદ્ર કામદેવ ચંદ્રાવતંસક સુદર્શન ધન્ય
यैः पौषधप्रतिमा न खंडिता जीवितांतेऽपि
जेसिं पोसहपडिमा, अखंडिआ जीवियंतेवि ॥ १ ॥
જેઓએ પોષધ પ્રતિમા નખંડન કરી. મરણાન્ત કષ્ટ પ્રાપ્ત થતાં પણ

અર્થ—સાગરચંદ્ર કુમાર, કામદેવજી, ચંદ્રાવતંસ રાજા, સુદર્શન શેઠ, તેઓને ધન્ય છે કે જેઓની પોષધ પ્રતિમા, જી-

વિતના અંત સુધી (મરણાંત કષ્ટ પ્રાપ્ત થતાં) પણ અખંડિત રહી. ૧

धन्याः श्लाघनीयाः सुलसा आनंदकामदेवाश्च

धन्ना सलाहणिज्जा, सुलसा आणंदकामदेवा य ।

ધન્ય છે પ્રશંસાપાત્ર સુલસા આણંદ કામદેવ અને

येषाम् प्रशंसति भगवान् दृढव्रतत्वं महावीरः

जास पसंसइ भयवं, दढवयत्तं महावीरो ॥ २ ॥

જેઓના વખાણે છે. ભગવંત દૃઢવ્રતપણાને મહાવીરપ્રભુ

અર્થ—ધન્ય છે તે મનુષ્યોને અને તેઓ જ પ્રશંસાપાત્ર છે, સુલસા શ્રાવિકા, આણંદ અને કામદેવ શ્રાવક જેમના દૃઢ વ્રતપણાને ભગવંત શ્રી મહાવીર સ્વામિ વખાણે છે. ૨

पोसह विधे लीधो, विधे पार्यो, विधि करतां जे कांइ अविधि हुउं होय, ते सवि हुं मन, वचन, कायाए करी मिच्छामि दुक्कडं॥पोसहना अढार दोष मांहे जे कोइ दोष लाग्यो होय ते सवि हुं मन, वचन कायाए करी मिच्छामि दुक्कडं ॥ इति ॥

અથ સામાયિક લેવાનો વિધિ.

પ્રથમ સ્થાપનાચાર્યજી ન હોય તો ઉંચે આસને પુસ્તક આદિ જ્ઞાનાદિનું ઉપકરણ મુકીને શ્રાવક તથા શ્રાવિકાએ કટાસણું મુહપત્તિ અને ચરવળો લઈ, શુદ્ધ વસ્ત્ર સહિત થઈ, જગ્યા પુંજી કટાસણું પાથરી, તે ઉપર બેસી, મુહપત્તિ ડાબા હાથમાં મુખ પાસે રાખી, તે વડે મુખ ઢાંકી, જમણો હાથ ઉંધો સ્થાપનાજી સન્મુખ રાખીને એક નવકાર તથા પંચિંદિય કહેવા. પછી ખમાસમણ દઈ ઇરિયાવહિ તસ્સ ઉત્તરી અન્નથ્થ ઊસસિએણં કહી એક લોગસ્સનો ચંદેસુનિમ્મલયરા સુધી (લોગસ્સ ન આવડે તો ચાર નવકારનો) કાઉસ્સગ્ગ કરવો. નમો અરિહંતાણં પદ બોલી કાઉસ્સગ્ગ પારી લોગસ્સ કહેવો. પછી ખમાસમણ દઈ "ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્, સામાયિક મુહપત્તિ પડિલેહું ?" કહી કાંઈક વિરામ લઈ 'ઇચ્છં' કહી પચાસ બોલ ચિંતવવા સાથે મુહપત્તિ પડિલેહવી. પછી ખમાસમણ દઈ "ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ સામાયિક સંદિસાહુ ?" 'ઇચ્છં' કહી ખમાસમણ દઈ "ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ સામાયિક ઠાઉં ?" 'ઇચ્છં' કહી બે હાથ જોડી એક નવકાર ગણી "ઇચ્છકારિ ભગવન્ પસાય કરી સામાયિક દંડક ઉચ્ચરાવોજી" કહી ગુરૂ અથવા વડિલ હોય તો તેઓની પાસે કરેમિભંતે ઉચરવું. નહિતર પોતાની મેળે કરેમિભંતેનો પાઠ બોલવો. પછી ખમાસમણ દઈ "ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ બેસણે સંદિસાહું ?" 'ઇચ્છં' કહી, પછી ખમાસમણ દઈ; "ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ બેસણે ઠાઉં ?" 'ઇચ્છં' કહેવું. પછી ખમાસમણ દઈ "ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ સજ્ઝાય સંદિસાહું ?" 'ઇચ્છં' કહી ખમાસમણ દઈ "ઇચ્છાકારેણ સંદિસહ ભગવન સજ્ઝાય કરૂં?"

'ઈચ્છં' કહી ત્રણ નવકાર ગણવા. પછી બે ઘડી વાંચવા ભણવા આદિએ કરી ધર્મ ધ્યાન કરવું અથવા નવકારવાળી ગણવી. વિકથાદિ પ્રમાદમાં પડવું નહિ.

અથ સામાયિક પારવાનો વિધિ.

પ્રથમ ચરવળો લઇ ઉભા થઈ ખમાસમણ દઇ ઇરિયાવહિ પડિક્કમી યાવત્ કાઉસ્સગ્ગ કરી લોગસ્સ કહી ખમાસમણ દઇ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ મુહપત્તિ પડિલેહું ? ઈચ્છં કહી મુહપત્તિ પડિલેહી ખમાસમણ દઇ, 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ સામાયિક પારૂં[1] ?' 'યથાશક્તિ' કહી ખમાસમણ દઈ, "ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ સામાયિક[2]પાર્યું" કહી કંઈક વિસામા પછી 'તહત્તિ' કહી, પછી જમણો હાથ ચરવળા ઉપર અથવા કટાસણા ઉપર થાપી, એક નવકાર ગણી 'સામાઇયવયજુત્તો' કહેવો. પછી જમણો હાથ સ્થાપના સામે સવળો રાખીને એક નવકાર ગણવો. અહીં ઉપરા ઉપર ત્રણ સામાયિક કે બે સામાયિક કરવાં હોયતો દરેક સામાયિક લેતાં લેવાની વિધિ કરવી પણ વખતો વખત પારવું નહી. બે સામાયિક કરવા હોય તો બે પૂરા થયે ને ત્રણ સામાયક કરવા હોય તો ત્રણ પૂરા થયે એક વાર પારવું. એવી પ્રવૃત્તિ છે. એક સામટા આઠ દશ સામાયિક કરવાં હોય તો ત્રણ ત્રણ સામાયિક સુધી આ વિધિ જાણવો.[3]

---

૧ અહીં ગુરૂ 'પુણોવિ કાયવ્વો' કહે. ૨ અહી ગુરૂ 'આયારો ન મોત્તવ્વો કહે.

૩ લગોલગ સામાયિક લેવુ હોય ત્યારે બીજુ ત્રીજુ સામાયિક લેતાં 'સજ્ઝાય કરૂં' ના બદલે 'સજ્ઝાયમાં છુ' એમ કહી ત્રણ નવકાર બદલે એક નવકાર ગણવો

॥ અથ ચૈત્યવંદન કરવાનો વિધિ ॥

પ્રથમ ત્રણ ખમાસમણ દઇને પછી “ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ચૈત્યવંદન કરૂ?” કહી, ‘ઇચ્છં’ કહી, ચૈત્યવંદન, જંકિંચિ કહી, પછી બે કુણી પેટ ઉપર રાખી બે હાથ જોડી અંજલી કરી ‘નમુત્થુણં’ કહેવું. પછી મુક્તાસુક્તિ મુદ્રાએ (બે હાથ પોલા જોડી, માથા સુધી ઉંચા રાખી) ‘જાવંતિ ચેઈઆઇં’ કહી, ખમાસમણ દઈ તેજ મુદ્રાએ ‘જાવંત કેવિ સાહૂ’ કહી, પછી અંજલી કરી ‘નમોઽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ’ કહી ઉવસગ્ગહર અથવા ગમે તે સુવિહિતનું કરેલું સ્તવન કહેવું. પછી મુક્તાસુક્તિ મુદ્રાએ જય વીયરાય પુરા કહેવા; પછી ઉભા થઇ બે પગ વચ્ચે ચાર આંગળ અંતર રાખી બે હાથે અંજલી કરી “અરિહંત ચેઇઆણં કરેમિ કાઉસ્સગ્ગં, અન્નત્થ ઊસસિએણં” કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરવો. પછી નમો અરિહંતાણં કહી, નમોઽર્હત સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ કહી, થાય જોડા માંહેની પહેલી થાય કહેવી.

અથ ગુરુ વંદન કરવાનો વિધિ.

પ્રથમ બે ખમાસમણ દઈ નીચે મુજબ સુખશાતા પૂછવી. ‘ઇચ્છકાર સુહરાઇ[1], સુહદેવસિ[2], સુખ તપ, શરીર નિરાબાધ, સુખ સંજમ જાત્રા નિર્વહો છોજી? સ્વામિ શાતા છેજી? ભાત પાણીનો લાભ દેજોજી.’

પછી ખમાસમણ દઇ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ અભુઠ્ઠિઓમિ અબ્ભિંતર રાઇયં[3] ખામેઉં? કહી અભુઠ્ઠિઓ કહેવો.

---

૧ બપોર પહેલાના વખતમાં કહેવુ. ૨ બપોર પછીના વખતમાં કહેવુ.
૩ બપોર પછીના વખતમાં દેવસિય કહેવુ.

॥ અથ દેવસિ પ્રતિક્રમણ વિધિ ॥

પ્રથમ પૂર્વની રીતિએ સામાયિક લેવું. પછી પાણી વાપર્યું હોય તો ખમાસણ દઈ "ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ મુહપત્તિ પડિલેહું? ઇચ્છં" એમ કહી બેસીને ફક્ત મુહપત્તિ પડિલેહવી અને જો આહાર વાપર્યો હોય તો બે વાંદણાં દેવાં; ત્યાં બીજા વાંદણામાં "આવસ્સિયાએ" એ પદ ન કહેતાં અવગ્રહમાં જ ઉભા રહીને "ઇચ્છકારી ભગ૦ પસાય કરી પચ્ચખ્ખાણનો આદેશ દેશોજી" એમ કહેવું પછી વડીલ પચ્ચખ્ખાણ કરાવે યા પોતે યથાશક્તિ પચ્ચખ્ખાણ કરે. પછી ખમાસમણ દઈ ઉભા થઇ "ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ ચૈત્યવંદન કરૂં?" એમ કહેવું; પછી બેસીને વડીલ ચૈત્યવંદન કરે. વડીલ ન હોય તો પંચાંગ પ્રણિપાતથી (બંને ઢીચણ જમીન ઉપર સ્થાપી) પોતે કરે. પછી "જંકિંચિ" કહેવું. પછી નમુથ્થુણં કહિ ઉભા થઈ અરિહંત ચેઇઆણં કહી અન્નથ્થ૦ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારી, નમોઽર્હત્૦ કહી, પહેલી થોય કહેવી. પછી લોગસ્સ, સવ્વલોએ અરિહંત ચેઇઆણ, અન્નથ્થ૦ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારી, બીજી થોય કહેવી. પુખ્ખરવરદી, સુઅસ્સ ભગવઓ કરેમિ કાઉસ્સગ્ગં વંદણવત્તિઆએ૦ કહી અન્નથ્થ૦ કહી એક નવકારનો કાઉસગ્ગ કરી, પારી, ત્રીજી થોય કહેવી. પછી સિદ્ધાણં બુદ્ધાણં કહી, વેયાવચ્ચગરાણં, અન્નથ્થ૦ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારી, નમોઽર્હત્૦ કહી ચોથી થોય કહેવી. પછી બેસીને નમુથ્થુણ કહેવું. પછી ઉભા થઈ ચાર ખમાસણ દેવાં પૂર્વક "ભગવાનહં, આચાર્યહં, ઉપાધ્યાયહ, સર્વ સાધુહ" એમ કહેવું. પછી 'ઈચ્છાકાર સમસ્ત શ્રાવકને વાંદુ' એમ કહેવુ. પછી "ઈચ્છા૦ સંદિ૦ ભગ૦ દેવસિઅ પડિક્કમણે ઠાઉં? ઈચ્છં" એ આદેશ માગીને બેસી

જમણો હાથ ચરવલા ઉપર યા ભૂમિ ઉપર સ્થાપી "સવ્વસ્સવિ દેવસિઅ દુચ્ચિતિઅ, દુબ્ભાસિઅ, દુચ્ચિટ્ઠિઅ, મિચ્છામિ દુક્કડ" એ પાઠ કહેવો. (પ્રતિક્રમણમાં દરેક આદેશ વડીલજ માગે, તે ન હોય તો શ્રાવક પોતે માગે. આ વાત પિઠીકા રૂપે સર્વત્ર યોજવી.) પછી ઉભા થઇ કરેમિભંતે૦ ઇચ્છામિઠામિ કાઉસ્સગ્ગં જો મે દેવસિઓ અઇયારો૦ કહી તસ્સઉત્તરી૦ અન્નત્થ૦ કહી, અતિચારની આઠ ગાથાનો, અને તે ન આવડે તો આઠ નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારી, પ્રગટ લોગસ્સ કહેવો. પછી બેસીને ત્રીજા આવશ્યકની મુહપત્તિ પડિલેહવી. પછી ઉભા થઇને બે વાંદણાં દેવાં તેમાં બીજા વાંદણા વખતે અવગ્રહ બહાર નીકળવું નહિં. બીજુ વાંદણું પૂરૂં થયે "ઇચ્છા૦ સં૦ ભ૦ દેવસિયં આલોઉં? ઇચ્છં" કહી જો મે દેવસિઓ અઇઆરોનો પાઠ કહેવો. પછી 'સાત લાખ' અને 'અઢાર પાપસ્થાનક' કહેવા. પછી 'સવ્વસ્સવિ દેવસિઅ દુચ્ચિંતિય દુબ્ભાસિય દુચ્ચિટ્ઠિય ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ ઇચ્છ તસ્સ મિચ્છામિ દુક્કડં' એમ કહી વીરાસને અથવા ન આવડે તો જમણો ઢીંચણ ઉંચો રાખી એક નવકાર કરેમિં૦ કહી, ઇચ્છામિ પડિક્કમિઉં, જો મે દેવસિઓ અઇઆરો કહી, સંપૂર્ણ વંદિત્તુ કહેવું૦ પણ તેમાં "તસ્સ ધમ્મસ્સ કેવલીપન્નત્તસ્સ અબ્ભુટ્ઠિઓમિ" એ પદ બોલતાં ઉભા થવું ને અવગ્રહની બહાર જઇને વંદિત્તુ પૂરૂ કરવુ. પછી બે વાંદણાં દેવાં. બીજા વાંદણામાં અવગ્રહમાં ઉભા હોઇએ ત્યાં "ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ અબ્ભુટ્ઠિઓમિ અબ્ભિતરં દેવસિઅ ખામેઉં? ઇચ્છ ખામેમિ દેવસિઅં" કહીને જમણો હાથ ચરવલા ઉપર સ્થાપી જંકિંચિ અપત્તિઅ ઇત્યાદિ પાઠ બોલતાં અબ્ભુટ્ઠિઓ ખામવો. પછી અવગ્રહ બહાર નીકળીને બે વાંદણાં દેવાં. બીજું વાંદણું પૂરૂં થાય ત્યારે અવગ્રહની બહાર નીકળી આયરિય

ઉવજ્ઝાએ કહેવું. પછી કરેમિભંતે, ઈચ્છામિઠામિ, તસ્સ ઉત્તરી, અન્નત્થ૦ કહી, બે લોગસ્સ અથવા ન આવડે તો આઠ નવકારનો કાઉસ્સગ્ગ કરવો. (શાંતિ કે ખરાબ સ્વપ્નના કાઉસ્સગ્ગ શિવાય બીજી બધી જગોએ લોગસ્સનાં જ્યાં જ્યાં કાઉસ્સગ્ગ આવે ત્યાં ત્યાં ચંદેસુ નિમ્મલયરા સુધીજ ગણવાનું ધ્યાનમાં રાખવું) પછી પારીને લોગસ્સ, સવ્વલોએ અરિહંત ચેઈ૦.અન્નત્થ૦. કહી, એક લોગસ્મ યા ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારી, પુખ્ખરવરદી, સુઅસ્સ ભગવઓ કરેમિ૦ વંદણ૦ અનથ્થ૦ કહી એક લોગસ્સ યા ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારી, સિદ્ધાણં બુદ્ધાણં કહેવું. પછી " સુઅદેવયાએ કરેમિ કાઉસ્સગ્ગં અન્નત્થ૦" કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારી, નમોઽર્હત૦ કહી પુરૂષે સુઅદેવયાની થોય (અહી સ્ત્રી હોય તો તે કમલદલની સ્તુતિ કહે) કહેવી, પછી 'ખિત્તદેવયાએ કરેમિ કાઉસ્સગ્ગં અન્નથ્થ૦" કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારી, નમોઽર્હત૦ કહી જીસે ખિત્તે સાહૂ૦ ની થોય કહેવી. (અહીં પણ સ્ત્રી હોય તો તે યસ્યાઃ ક્ષેત્ર૦ ની થોય કહે) પછી એક નવકાર ગણી બેસીને મુહપત્તિ પડિલેહવી. પછી બે વાંદણાં દેવાં. પછી અવગ્રહમાં જ ઉભા ઉભા " સામાયિક, ચઉવ્વિસથ્થો, વાંદણાં, પાડક્કમણું, કાઉસ્સગ્ગ, પચ્ચખ્ખાણ કર્યું છેજી. ઈચ્છામો અણુસટ્ઠિં " એમ કહી બેસીને " નમો ખમાસમણાણં, નમોઽર્હત્૦ ઈત્યાદિ " પાઠ કહી, નમોસ્તુ વર્દ્ધમાનાય૦ કહેવું. (અહીં સ્ત્રી હોય તો તે સંસારદાવા૦ની ત્રણ થોય કહે) પછી નમુથ્થુણ કહી " ઈચ્છાકારેણ સદિ૦ ભગ૦ સ્તવન ભણું ? ઇચ્છં " એમ કહી સ્તવન કહેવુ. (સ્તવન પૂર્વાચાર્યનું બનાવેલું ઓછામાં ઓછુ પાંચ ગાથાનું હોવું જોઇએ) પછી વરકનક૦ કહી પૂર્વની પેઠે ભગવાનાદિ ચારને ભગવાન્હં વિગેરે કહી ચાર ખમાસમણવડે થોભ વંદન કરવુ. પછી જમણો હાથ ચરવલા યા ભૂમિપર સ્થાપી

અઢ્ઢાઈજ્જેસુ કહેવું. પછી ઉભા થઈ " ઈચ્છા૦ સંદિ૦ ભગ૦ દેવસિઅ પાયચ્છિત્ત વિસોહણથ્થં કાઉસ્સગ્ગ કરૂં ? ઇચ્છં દેવસિઅ પાયચ્છિત્ત વિસોહણથ્થ કરેમિ કાઉસ્સગ્ગં અન્નત્થ૦ કહી ચાર લોગસ્સ યા સોલ નવકારને કાઉસ્સગ્ગ કરી, પારી, પ્રગટ લોગસ્સ કહેવો પછી બે ખમાસમણ દેવાં પૂર્વક "સજઝાય સંદિસાવું ? ઈચ્છં" તથા " સજઝાય કરૂ ? ઈચ્છં " એવી રીતે બે આદેશ માગી બેસી એક નવકાર ગણીને વડિલ અગર તેને આદેશ માગી પોતે સજઝાય કહે. પછી એક નવકાર ગણી ઉભા થઇ ખમાસમણ દઈ "ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ દુખ્ખખ્ખય કમ્મખ્ખય નિમિત્તં કાઉસ્સગ્ગ કરૂ ? ઇચ્છ દુખ્ખખ્ખય કમ્મખ્ખય નિમિત્તં કરેમિ કાઉસ્સગ્ગ" એમ કહી અન્નથ્થ૦ કહી સંપૂર્ણ ચાર લોગસ્સ યા સોલ નવકારને કાઉસ્સગ્ગ કરી, પારી, નમોઽર્હત્ કહી, એક જણ 'લઘુશાંતિ' કહે; અને બીજા કાઉસ્સગ્ગમાં સાંભળે. પછી કાઉસ્સગ્ગ પારી, લોગસ્સ કહી ખમાસણ દઈ ઇરિયાવહિ, તસ્સઉત્તરી, અન્નથ્થ૦ કહી, એક લોગસ્સ યા ચાર નવકારને કાઉસ્સગ્ગ કરી, પારી, લોગસ્સ કહેવો. પછી બેસી ચઉક્કસાય, નમુથ્થુણં, જાવંતિ ચેઈયાઇં કહી ખમાસણ દઈ જાવ ત કેવિ સાહૂ, નમોઽર્હત્, ઉવસગ્ગહરં, કહી બે હાથ લલાટે લગાડી જયવીયરાય કહી ખમાસમણ દઈ "ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ મુહપત્તિ પડિલેહું ? ઈચ્છં" કહી મુહપત્તિ પડીલેહવી. પછી ઉભા થઈ બે ખમાસમણ દેવા પૂર્વક "ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ સામાયિક પારૂં ?" "યથાશક્તિ" તથા "ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ સામાયિક પાર્યું" "તહત્તિ" કહી, સામાયિક પારવાની વિધિ પ્રમાણે સામાઈય વયજુત્તો કહેવા પર્યંત સર્વ કહેવું. પછી સ્થાપના સ્થાપી હોય તો જમણો હાથ સવળો સ્થાપનાજી સન્મુખ રાખી એક નવકાર ગણવો. ઇતિ.

અથ રાઇ પ્રતિક્રમણ વિધિ.

પ્રથમ પૂર્વ રીતિએ સામાયિક લેવું, પછી ખમાસમણ દઈ "ઇચ્છાકારેણ સંદિસહ ભગવન કુસુમિણ દુસ્મિણ [1]ઉહ્રાવણી રાઈપાયચ્છિત્ત વિસોહણથ્થ કાઉસ્સગ્ગ કરૂં? ઇચ્છં, કુસુમિણ દુસુમિણ ઉહ્રાવણી રાઈપાયચ્છિત્ત વિસોહણથ્થં કરેમિ કાઉસ્સગ્ગં" એમ કહી અન્નથ્થ૦ કહી કામભોગાદિના તે રાત્રીએ દુઃસ્વપ્ન આવ્યાં હોય તો સાગરવરગંભીરા[2] સુધી અને બીજાં દુઃસ્વપ્ન [3]આવ્યા હોય તો ચંદેસુ નિમ્મલયરા સુધી ચાર લોગસ્સ યા સોલ નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારી, પ્રગટ લોગસ્સ કહેવો. પછી ખમાસમણ દઇ "ઇચ્છાકારેણ સંદિ૦ ભગ૦ ચૈત્યવંદન કરૂં? ઇચ્છં" એમ કહી બેસીને પંચાંગ પ્રાણુપાતે જગચિંતામણિનું ચૈત્યવંદન જય વીયરાય પર્યંત કરવું. પછી ભગવાનાદિ ચારને થોભવંદન કરવું. પછી ઉભા થઈ બે ખમાસમણ દેવા પૂર્વક સજ્ઝાયનો આદેશ માગી બેસીને એક નવકાર ગણી, ભરહેસરનાં સજ્ઝાય કહેવી. પછી નવકાર કહી, ઇચ્છકાર સુહરાઈ સુખ તપનો પાઠ કહેવો, પછી "ઇચ્છાકારેણ સંદિ૦ ભગ૦ રાઇપડિક્કમણે ઠાઉં? ઇચ્છં" એમ કહી જમણો હાથ ઉપધિ ઉપર સ્થાપી સવ્વસ્સવિ રાઇય દુચ્ચિંતિઅ૦ નો પાઠ કહેવો. પછી નમુત્થુણં કહી ઉભા થઈ કરેમિભંતે, ઇચ્છામિઠામિ, તસ્સ ઉત્તરી૦ અન્નથ્થ૦ એક લોગસ્સ યા ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરવો. પછી લોગસ્સ૦ સવ્વલોએ અરિ૦ અન્નત્થ૦ કહી એક લોગસ્સ યા ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરવો. પછી પુખ્ખરવરદી૦ સુઅસ્સ ભગવઓ૦ વંદણ૦ અન્નથ્થ૦ કહી આઠ ગાથાનો યા આઠ નવકારનો કાઉસ્સગ્ગ કરવો.

---

૧ ઓહડાવણી અગર ઉડ્ડાવણી ૨ કામ ભોગાદિ કુસ્વપ્ન આવ્યાં હોય તો ચંદેસુનિમ્મલયરા સુધી ચાર લોગસ્સ અને એક નવકારનો કાઉસ્સગ્ગ કરવાનો પણ વિધિ છે. ૩ ન આવ્યાં હોય તો પણ.

પછી સિદ્ધાણં બુદ્ધાણં કહી બેસીને ત્રીજા આવશ્યકની મુહપત્તિ પડિલેહવી. પછી ઉભા થઈ વાંદણાં બે દેવાં. પછી " ઇચ્છાકારેણ સંદિ૦ ભગ૦ રાઇયં આલોઉં ? ઇચ્છં, આલોએમિ જો મે રાઇયો૦ " નો પાઠ કહેવો; પછી સાતલાખ, અઢાર પાપસ્થાનક, " સવ્વસ્સવિ રાઈય૦ " દેવસિ પ્રતિક્રમણની પેઠે કહેવું. પછી બેસીને વિરાસન ન આવડે તો જમણો ઢીંચણ ઉભો રાખી નવકાર, કરેમિભંતે, ઇચ્છામિ પડિક્કમિઉં જો મે રાઈઓ૦ કહી વંદિત્તુ કહેવું. ૪૩ મી ગાથામાં "અબ્ભુટ્ઠિઓમિ" પદ કહેતાં ઉભા થઈ વંદિત્તુ પુરૂ કહી વાંદણાં બે દેવાં. પછી અવગ્રહમાંજ રહી આદેશ માગી અબ્ભુટ્ઠિઓમિ૦ ખામીને અવગ્રહ બહાર નીકળી વાંદણાં બે દેવાં, પછી આયરિય ઉવજ્ઝાયે૦ કહેવું. પછી કરેમિ ભંતે ઇચ્છામિ ઠામિ૦ તસ્સ૦ અન્નત્થ૦ કહી સોલ નવકારનો કાઉસ્સગ્ગ કરી, (અત્ર તપચિંતવણીનો કાઉસ્સગ્ગ કરવાનો છે) પારી, પ્રગટ લોગસ્સ કહી બેસીને છઠ્ઠા આવશ્યકની મુહપત્તિ પડિલેહી ઉભા થઈને વાંદણા બે દેવાં. પછી અવગ્રહની અંદર રહીને સકલ તીર્થ કહેવું. પછી આદેશ માગી યથાશક્તિ પચ્ચખ્ખાણ કરવું. પછી છ આવશ્યક દેવસિઅની પેઠે સંભારવાં, પછી " ઇચ્છામો અણુસટ્ઠિં " કહી બેસીને નમો ખમાસમણાણં નમોઽર્હત્૦ કહી વિશાલ લોચનદલં૦ કહેવું, (અહીં સ્ત્રીએ સંસાર દાવાની ત્રણ થોય કહેવી) પછી નમુત્થુણં કહી ઉભા થઈ અરિ૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારી, નમોઽર્હત૦ કહી કલ્લાણકંદંની પ્રથમ થોય કહેવી. પછી લોગસ્સ૦ પુખ્ખરવરદી૦ સિદ્ધાણ બુદ્ધાણં૦ કહેવા પૂર્વક દેવવંદન કરીએ છીએ તે વિધિએ દેવસિ પ્રતિક્રમણની પેરે કલ્લાણ કંદંની ચોથી થોય કહેવા પર્યંત સર્વ વિધિ કરવી. પછી બેસીને નમુત્થુણં કહી ભગવાનાદિ ચારને થોભવંદન કરવું. પછી જમણો હાથ ઉપધિ ઉપર સ્થાપી, અઢાઈજ્જેસુ કહેવું. પછી બને ઢીંચણ ભૂમિપર સ્થાપી ઇશાનકોણ સન્મુખ

બેસી યા તે દિશા મનમાં ચિંતવીને ખમાસમણ દઈ શ્રી સીમંધર સ્વામિનું ચૈત્યવંદન, સ્તવન, જયવીયરાય, થોય પર્યંત વિધિ પૂર્વક કરવું; તેમાં અરિહંત ચેઈ૦ થી ઉભા થઇને વિધિ કરવી. તેજ પ્રમાણે ખમાસમણ દઇ શ્રી સિદ્ધાચલજીનું ચૈત્યવંદન, સ્તવન, જયવીયરાય, થોય પર્યંત વિધિ પૂર્વક કરવુ. પછી સામાયિક પારવાની વિધિનાં રીતિએ સામાયિક પારવુ. ઇતિ.

તા. ક. ગુરૂમહારાજ હોય ત્યારે તેઓ જેમ આદેશ માગે છે, તેઓ કાઉસ્સગ્ગ પારે ત્યારે આપણે પારીયે છીએ, કંઈ સૂત્ર કહેવું હોય ત્યારે તેઓની પાસે કહેવાનો આદેશ માગીએ છીએ; તેજ પ્રકારે તેમને વિરહે કરેમિભંતે ઉચ્ચરાવનાર જ્ઞાનવૃદ્ધ પ્રત્યે પણ પ્રતિક્રમણ કરતી વખતે વિનયથી વર્તવું યોગ્ય છે.

અથ પચ્ચખ્ખાણ પારવાનો વિધિ.

૧ પ્રથમ "ઇરિયાવહિ" પડિક્કમી, યાવત્ "જગચિંતામણિ" નું ચૈત્યવદન "જયવીયરાય" સુધી કરવું. પછી "મન્હજિણાણં" ની સજ્ઝાય કહી મુહપત્તિ પડિલેહવી. પછી ખમાસમણ દઈ "ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ પચ્ચખ્ખાણ પારૂં ? યથાશક્તિ." "ઇચ્છામિં૦ ઇચ્છા૦ પચ્ચખ્ખાણ૦ પાર્યું. તહત્તિ" એમ કહી જમણો હાથ કટાસણા અથવા ચરવલા ઉપર થાપી એક નવકાર ગણી, પચ્ચખ્ખાણ કર્યું હોય, તેનું નામ કહીને પારવું. તે લખીએ છીએ-"ઉગ્ગએ સૂરે નમુક્કારસહિઅં, પોરિસિં, સાઢપોરિસ, ગંઠસહિઅં, મુટ્ઠિસહિઅં પચ્ચખ્ખાણ કર્યું, ચઉવ્વિહાર. આયબિલ, નિવિ, એકાસણું, બેઆસણું કર્યું, તિવિહાર; પચ્ચખ્ખાણ ફાસિઅ, પાલિઅં, સોહિઅં, તીરિઅં, કિટ્ટિઅં, આરાહિઅં, જં ચ ન આરાહિઅં, તસ્સ મિચ્છામિ દુક્કડં." એમ કહી એક નવકાર ગણવો. ॥ ઇતિ ॥

अथ पंचमीनी स्तुति.

(शार्दूलविक्रीडित वृत.)

॥ पंचानंतकसुप्रपंचपरमा–नंदप्रदानक्षमं ॥ पंचानुत्तरसीमदिव्यपदवी–वश्याय मंत्रोपमं ॥ येन प्रोज्वलपंचमीवरतपो व्याहारि तत्कारणं ॥ श्रीपंचाननलाञ्छनः स तनुतां श्री वर्द्धमानः श्रियं ॥१॥ ये पंचाश्रवरोधसाधनपराः पंचप्रमादाहराः ॥ पंचाणुव्रतपंचसुव्रतविधि–प्रज्ञापनासादराः ॥ कृत्वा पंचहृषीकनिर्ज्जयमथो प्राप्ता गतिं पंचमीं ॥ तेऽमी संयमपंचमीव्रतभृतां तीर्थंकराः शंकराः ॥ २ ॥ पंचाचारधुरीणपंचमगणा–धीशेनसंसूत्रितं ॥ पंचज्ञानविचारसारकलितं पंचेषुपंचत्वदं ॥ दीपाभं गुरुपंचमारतिमिरे एकादशीरोहिणी—पंचम्यादिकुलप्रकाशनपटुं ध्यायामि जैनागमं ॥ ३ ॥ पंचानां परमेष्ठिनां स्थिरतया श्रीपंचमेरुश्रियं ॥ भक्तानां भविनां गृहेषु बहुशो यः पंचदिव्यं व्यधात् ॥ प्रह्वे पंच जगन्मना मतिकृतौ स्वा त्वपांचालिका ॥ पंचम्यादितपोवतां भवतु सा सिद्धायिका त्रायिका ॥४॥ इति ॥

॥ अथ स्नातस्यानी स्तुति ॥

શ્રી વીરજિન સ્તુતિ.

शार्दूलविक्रीडितवृत्तं.

स्नातस्याप्रतिमस्य मेरुशिखरे, शच्या विभोः शैशवे ॥

ન્હવરાવેલા અને નિરૂપમ } મેરૂપર્વત ઉપર, ઇંદ્રાણીએ પ્રભુના બાળપણમાં

रुपालोकनविस्मयाहृतरसभ्रांत्या भ्रमच्चक्षुषा ॥

રૂપના આલોકનના વિસ્મયવડે ભોગવેલ રસની ભ્રાંતિવડે } ભમતિ ચક્ષુવાળી

उन्मृष्टं नयनप्रभाधवलितं, क्षीरोदकाशंकया ॥

લૂંછેલું, નેત્રની કાંતિવડે ઉજ્જવલ થયેલું, } ક્ષીર સમુદ્રના જળની આશંકાવડે

वक्त्रं यस्य पुनः पुनः स जयति, श्रीवर्द्धमानो जिनः॥१॥

મુખ, જેનું, વારંવાર, તે જયવતવર્તે છે. શ્રી વર્દ્ધમાન જિન

અર્થ—બાળપણમાં મેરૂપર્વતના શિખર ઉપર ન્હવરાવેલા અને નિરૂપમ પ્રભુના રૂપને જોવાથી થયેલાના વિસ્મયવડે ભોગવેલ રસની ભ્રાતિવડે ભમતી (અરહી પરહી થાતી) છે ચક્ષુ જેની એવી ઇંદ્રાણીએ, નેત્રની કાંતિવડે ઉજ્જવલ કરેલું, તેને ક્ષીર-સમુદ્રના જળની આશંકાવડે લૂંછેલું જે ભગવંતનું મુખ છે; તે શ્રી વર્દ્ધમાનજિન વારંવાર જયવંત વર્તે છે. ૧

સર્વ જિન સ્તુતિ.

हंसासाहृतपद्मरेणुकपिश ीरार्णवाम्भोभृतैः ॥

હંસની પાંખવડે ઉડાડેલી કમળની રજવડે પીળા થયેલ ક્ષીર સમુદ્રના જળથી ભરેલા

कुंभैरप्सरसां पयोधरभरप्रस्पर्द्धिभिः कांचनैः ॥

કળશોવડે, અપ્સરાના, સ્તનના સમૂહની અતિ સ્પર્દ્ધા કરનારા } સુવર્ણના

येषां मन्‍ररत्नशैलशिखरे, जन्माभिषेकः कृतः ॥

જેઓનો મેરૂપર્વતના શિખર ઉપર, જન્મ અભિષેક કરેલો છે.

सर्वैः सर्वसुरासुरेश्वरगणैस्तेषां नतोऽहं क्रमान् ॥२॥

સર્વ સમગ્રસુર અસુરના ઇંદ્ર સમુદાયવડે, તેઓનાં, } નમ્યો. હું, ચરણોને

અર્થ—સર્વ પ્રકારના સમગ્ર સુર અને અસુરના ઇન્દ્ર સમુદાયે, મેરૂ પર્વતના શિખર ઉપર રાજહંસોની પાખોવડે ઉડેલી કમળની રજવડે પીળું થયેલ જે ક્ષીર સમુદ્રનું પાણી તેનાવડે ભરેલા, અપ્સરાના સ્તનના સમૂહની સાથે અતિ સ્પર્દ્ધા કરનારા અને સુવર્ણના કળશોવડે જે તીર્થંકરોનો જન્માભિષેક કરેલ છે તેઓના ચરણ કમળોને હું નમ્યો છું ૨

શ્રુત-સિદ્ધાંત સ્તુતિ.

स्रग्धरावृत्तं.

अर्हद्वक्त्रप्रसूतं गणधररचितं द्वादशांगं वि ालं,

અર્હંતના મુખથકી પ્રગટ થયેલ, } ગણધરોએરચેલ, બાર અંગરૂપ, વિશાળ

चित्रं बह्वर्थयुक्तं मुनिगणवृषभैर्धारितं बुद्धिमद्भिः।

આશ્ચર્ય- ઘણા અર્થ- સાધુ સમુદાયના નાયકોવડે, } બુદ્ધિમાન
કારી યુક્ત ધારણ કરેલું }

मोक्षाग्रद्वारभूतं व्रतचरणफलं ज्ञेयभावप्रदीपं,

મોક્ષના અગ્રદ્વાર સમાન, વ્રત અને } જાણવાયોગ્ય ભાવોને દીપક
ચારિત્રનું ફળ છે જેમાં એવા } સમાન

भक्त्या नित्यं प्रपद्ये श्रुतमहमखिलं सर्वलोकैकसारम् ३

ભક્તિવડે નિરંતર અંગી- સિદ્ધાંતને, હું, } સર્વ લોકને વિષે અદ્વિતીય
કાર કરૂં છું. સમસ્ત, } સારભૂત

અર્થ—અર્હતના મુખ થકી પ્રગટ થયેલ, ગણધરોએ રચેલ, દ્વાદશ અંગરૂપ, વિશાળ, આશ્ચર્યકારી, ઘણા અર્થ યુક્ત, બુદ્ધિમંત સાધુ સમુદાયના નાયકો (આચાર્યો) એ ધારણ કરેલ, મોક્ષના અગ્રદ્વાર તુલ્ય, વ્રત અને ચારિત્રનું ફળ છે જેમાં એવા, જાણવા યોગ્ય ભાવોને દીપક સમાન અને સર્વ લોકને વિષે અદ્વિતીય સારભૂત સમસ્ત સિદ્ધાંતને હું નિરંતર ભક્તિવડે અંગીકાર કરૂં છું. ૩

સર્વાનુભૂતિ યક્ષ સ્તુતિ.

निष्पंकव्योमनीलद्युतिमलसदृशं [1]बालचंद्राभदंष्ट्रं,

વાદળ રહિત આકાશ જેવા નીલવર્ણવાળા, } બીજના ચંદ્રની કાંતિ
મદ ઘૂર્ણિત નેત્રવાળા, } જેવી દાઢાવાળા

---

૧ આ સ્તુતિ શ્રીમદ્ હેમચન્દ્રાચાર્યના કૃતઘ્ન શિષ્ય બાલચંદ્રાચાર્યે બનાવી છે. પ્રથમ સંઘે માન્ય કરી નહોતી પણ બાલચદ્ર કાળ કરીને વ્યંતર થવાથી તેણે સંઘને ઉપદ્રવ કર્યો તેથી તથા અવિરૂદ્ધ વચન હોવાથી સંઘે માન્ય કરીને ચતુર્દશીના પ્રતિક્રમણમાં દાખલ કરી એવો વૃદ્ધવાદ છે. બાલચંદ્ર શબ્દે કર્તાનું નામ પણ સૂચવ્યુ છે.

मत्तं घंटारवा॥ प्रसृतमदजलं पूरयंतं समंतात् ॥

મહોન્મત્ત, ઘંટાના શબ્દે, પ્રસરતા મદરૂપ પાણીને } પૂરાવતા સર્વ બાજુએ

आरूढो दिव्यनागं विचरति गगने कामदः कामरूपी,

બેઠેલ, દિવ્યહસ્તિઉપર, વિચરે છે; આકાશમાં, મનોવાાચ્છત આપનાર } સ્વેચ્છાચારી

यक्षः सर्वानुभूतिर्दिशतु मम सदा सर्वकार्येषु सिद्धिम् ४

યક્ષ સર્વાનુભૂતિ, આપો! મને હુમેશ સર્વ કાર્યમાં સિદ્ધિ

અર્થ—વાદળ રહિત આકાશ જેવા નીલવર્ણવાળા, મદ ઘૂર્ણિત નેત્રવાળા, બીજના ચંદ્રની કાંતિ જેવી ઉજ્જવલ દાઢા (દંતુશળ) વાળા, ઘંટાના શબ્દવડે મહોન્મત્ત, પ્રસરતા મદરૂપ પાણીને સર્વ બાજુએ પૂરાવતા એવા દિવ્ય હસ્તિ ઉપર બેઠેલ, મનોવાંચ્છિત આપનાર, સ્વેચ્છાચારી સર્વાનુભૂતિ નામને યક્ષ આકાશમાં વિચરે છે; તે મુજને હંમેશ સર્વ કાર્યમાં સિદ્ધિ આપો ૪

ઇતિ શ્રી મહાવીર જિન ચતુર્દશી સ્તુતિઃ

अथ भुवणदेवस्तुतिः ॥

भुवनदेवतायै करोमि कायोत्सर्गम्

भुवणदेवयाए करेमि काउस्सग्गं॰

ભુવન દેવતાને આશ્રીને, કરૂંછું. કાઉસ્સગ્ગ,

ज्ञानादिगुणयुतानां, नित्यं स्वाध्यायसंयमरतानाम्।
જ્ઞાનાદિક ગુણયુક્ત, હમેશા, સ્વાધ્યાય અને સંયમમાં આસક્ત
विदधातु भुवनदेवी, शिवं सदा सर्वसाधूनाम् ॥१॥
કરો ! ભુવનદેવી કલ્યાણ નિરંતર સર્વ સાધુઓનું

અર્થ—ભુવન દેવતાને આશ્રયીને કાઉસ્સગ્ગ કરૂંછું. જ્ઞાનાદિ ગુણયુક્ત, હમેશા સ્વાધ્યાય અને સંયમમાં રક્ત સર્વ સાધુઓનું કલ્યાણ ભુવનદેવી નિરંતર કરો ! ૧

अथ क्षेत्रदेवस्तुतिः ॥

यस्याः क्षेत्रं समाश्रित्य, साधुभिः साध्यते क्रिया ।
જેણીના ક્ષેત્રને આશ્રય કરીને, સાધુઓવડે સધાય છે, ધર્મ ક્રિયા
सा क्षेत्रदेवता नित्यं, भूयान्नः सुखदायिनी ॥ १ ॥
તે ક્ષેત્રદેવી નિરંતર, થાઓ ! અમને, સુખ આપનારી

અર્થ—જે દેવીના ક્ષેત્રને આશ્રય કરીને સાધુઓવડે ધર્મ ક્રિયા સધાય છે તે ક્ષેત્રદેવી અમોને નિરંતર સુખ આપનારી થાઓ ! ૧

॥ अथ सकलार्हत् ॥

* આ ચૈત્યવદન પાખી, ચોમાસી અને સંવચ્છરી પ્રતિક્રમણના આરંભમા કહેવામાં આવે છે. કલિકાળ સર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્યે પોતે કરેલા ત્રિષષ્ટિ શલાકા પુરૂષ ચરિત્ર નામના પ્રથમા ૨૬મા શ્લોક શિવાય કૃતાપરાધે૦ પર્યંત ૨૬ શ્લોક મગલાચરણ તરિકે રચેલા છે, તેથી આ ચૈત્યવંદનના કર્તા ઉક્ત આચાર્યજી છે એમ નિર્ણય થાય છે.

सकलार्हत्प्रतिष्ठान-मधिष्ठानं शिवश्रियः ॥

સમગ્રને પૂજવાનું સ્થાન, સ્થાનક મોક્ષ લક્ષ્મીનું

भूर्भुवःस्वस्त्रयीशान-मार्हन्त्यं प्रणिदध्महे ॥१॥

પાતાળ મૃત્યુ અને સ્વર્ગ- રૂપ ત્રણ લોકના સ્વામી } અરિહંતના સમૂહને } ધ્યાન કરીએ છીએ.

અર્થ—સર્વને પૂજાના સ્થાનરૂપ, મોક્ષ લક્ષ્મીના નિવાસ રૂપ અને પાતાળ, ભૂમિ (મર્ત્ય) અને સ્વર્ગલોકના ઇશ્વર એવા અર્હંતના સમૂહનું અમે ધ્યાન કરીએ છીએ. ૧

नामाकृतिद्रव्यभावैः, पुनतस्त्रिजगज्जनं ॥

નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ (નિક્ષેપ)વડે } પવિત્ર કરનારા, ત્રણ જગતના મનુષ્યોને

क्षेत्रे काले च सर्वस्मि-न्नर्हतः समुपास्महे ॥२॥

ક્ષેત્રમાં કાળમાં અને સર્વ, અર્હંતોને સેવીએ છીએ.

અર્થ—સર્વ ક્ષેત્રને વિષે અને સર્વ (ભૂત, ભવિષ્ય તથા વર્ત્તમાન) કાળને વિષે નામ નિક્ષેપ, સ્થાપના નિક્ષેપ, દ્રવ્ય નક્ષેપ અને ભાવ નિક્ષેપવડે કરીને ત્રણ જગત્ના લોકોને પવિત્ર કરનારા અર્હંત પ્રભુઓને રૂડે પ્રકારે (વંદન સત્કાર અને સન્માનાદિકથી) સેવીએ છીએ. ૨

आदिमं पृथिवीनाथ-मादिमं निष्परिग्रहं ॥

પહેલા, પૃથ્વીના નાથ (રાજા), પહેલા નિષ્પરિગ્રહી (સાધુ)

आदिमं तीर्थनाथं च, ऋषभस्वामिनं स्तुमः ॥ ३ ॥

પહેલા તીર્થંકર અને, ઋષભસ્વામીને સ્તવીએ છીએ.

અર્થ—પ્રથમ પૃથ્વીના પતિ (રાજા), પ્રથમ પરિગ્રહ ત્યાગી (સાધુ) અને પહેલા તીર્થંકર **ઋષભસ્વામીની** સ્તુતિ કરીએ છીએ. ૩

अर्हंतमजितं विश्व–कमलाकरभास्करं ॥

પૂજ્ય અજીતનાથને, વિશ્વરૂપ કમળના સમૂહવાળા સરોવરને સૂર્ય સમાન

अम्लानकेवलादर्श–संक्रांतजगतं स्तुवे ॥ ४ ॥

નિર્મલ કેવલ જ્ઞાનરૂપ દર્પણમા સંક્રમણ કર્યું છે જગત જેણે એવા } સ્તવું છુ.

અર્થ—આ વિશ્વરૂપી કમળવાળા સરોવરમાં સૂર્યના જેવા અને જેણે પોતાના નિર્મળ કેવળજ્ઞાનરૂપી દર્પણમાં ત્રણ જગત પ્રતિબિંબિત કરેલું છે એવા પૂજન કરવા યોગ્ય **અજિતનાથ** ભગવાનની હું સ્તુતિ કરૂં છું. ૪

विश्वभव्यजनाराम–कुल्यातुल्या जयंति ताः ॥

સમસ્ત ભવ્ય જનરૂપ બગીચાને પાણીની નીક તૂલ્ય } જયવંતી વર્તે છે. તે

देशनासमये वाचः, श्रीसंभवजगत्पतेः ॥ ५ ॥

ધર્મોપદેશ વખતે, વાણીઓ, શ્રી સંભવ જગત્પતિની

અર્થ—સર્વ જગત્‌ના પતિ એવા **શ્રી સંભવનાથ** પ્રભુની

ધર્મોપદેશ વખતે, સર્વ જગત્‌ના ભવ્યજનોરૂપી ઉદ્યાનને સિંચન કરવામાં પાણીની નીક જેવી તે વાણીઓ જયવંતી વર્ત્તે છે. ૫

अनेकान्तमताम्भोधि–समुल्लासनचन्द्रमाः ॥

સ્યાદ્વાદમતરૂપ મહાસાગરને ઉલ્લાસ કરવાને ચંદ્ર તૂલ્ય

दद्यादमंदमानंदं, भगवानभिनंदनः ॥ ६ ॥

આપો, ઘણો હર્ષ, ઐશ્વર્યવાળા અભિનંદન (સ્વામી)

અર્થ—સ્યાદ્વાદ મતરૂપી સમુદ્રને ઉલ્લાસ કરવામાં ચંદ્રરૂપ **શ્રી અભિનંદન** ભગવાન્ ઘણો આનંદ આપો. ૬

द्युसत्किरीटशाणाग्रो–त्तेजितांघ्रिनखावलिः ॥

દેવતાઓના મુકુટરૂપ શરાણના અગ્રભાગવડે અત્યંત તેજવંત થઈ છે જેના ચરણના નખની શ્રેણી એવા

भगवान् सुमतिस्वामी, तनोत्वभिमतानि वः ॥ ७ ॥

ભગવાન્ સુમતિનાથ, વિસ્તારો. વાંછીતોને, તમારાં

અર્થ—દેવતાઓના મુગટરૂપી શરાણના અગ્રભાગવડે જેમના ચરણની નખપંક્તિ તેજવંત થયેલી છે. એવા **સુમતિ સ્વામી** ભગવાન્ તમારા વાંછિતોનો વિસ્તાર કરો. ૭

पद्मप्रभप्रभोर्देह–भासः पुष्णंतु वः श्रियं ॥

પદ્મપ્રભ પ્રભુની શરીરની કાંતિ, પોષણ કરો. તમોને, લક્ષ્મીને

अंतरंगारिमथने, कोपाटोपादिवारुणाः ॥ ८ ॥

અંતરંગ શત્રુને મથન કરવામાં, ક્રોધના આટોપથકી જાણે લાલ હોય નહિ ! એવી

અર્થ—અંતરંગ શત્રુઓ (કામ ક્રોધાદિ) ને મથન (દૂર) કરવાને કરેલા કોપના પ્રબળપણાથી જાણે લાલ થઇ હોય ! તેવી **પદ્મપ્રભ** પ્રભુના દેહની (અરૂણ) કાંતિઓ, તમારી (તમોને) મોક્ષ લક્ષ્મીને પોષણ કરો. ૮

श्रीसुपार्श्वजिनेंद्राय, महेंद्रमहितांघ्रये ॥

શ્રી સુપાર્શ્વ જિનેંદ્રને, મ્હોટા ઇંદ્રોએ પૂજ્યા છે ચરણ જેમના એવા

नमश्चतुर्वर्णसंघ–गगनाभोगभास्वते ॥ ९ ॥

નમસ્કાર હો, ચતુર્વિધ સંઘરૂપ આકાશ મંડળમાં સૂર્ય સમાન

અર્થ—સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ ચતુર્વિધ સંઘરૂપી આકાશના વિસ્તારમાં સૂર્ય જેવા અને જેના ચરણોને મોટા ઇંદ્રે પૂજ્યા છે એવા **શ્રી સુપાર્શ્વનાથ જિનેંદ્રને** નમસ્કાર હો. ૯

चंद्रप्रभप्रभोश्चंद्र–मरीचिनिचयोज्ज्वला ॥

ચંદ્રપ્રભ પ્રભુની, ચંદ્રના કિરણના સમૂહ જેવી શ્વેત

मूर्त्तिर्मूर्त्तसितध्यान–निर्मितेव श्रियेऽस्तु वः ॥१०॥

પ્રતિમા,સાક્ષાત્ શુકલ ધ્યાનવડે નિર્માણ કરાયેલ હોય તેવી } લક્ષ્મીને માટે હો, તમોને

અર્થ—ચંદ્રના કિરણોના સમૂહથકી ઉજ્જવળ, જાણે મૂર્ત્તિમંત (સાક્ષાત્) શુકલ ધ્યાનવડે કરીને બનાવી હોય તેવી **ચંદ્રપ્રભ** પ્રભુની મૂર્ત્તિ, તમને જ્ઞાન લક્ષ્મીને માટે થાઓ. ૧૦

करामलकवद्विश्वं, कलयन् केवलश्रिया ॥

હસ્તમાં રહેલ નિર્મલ } જગતને, જાણતા, કેવળજ્ઞાનરૂપ લક્ષ્મીવડે
જળ (આમળા)ની પેઠે, }

अचिंत्यमाहात्म्यनिधिः, सुविधिर्बोधयेऽस्तु वः ॥११॥

અચિંત્ય માહાત્મ્યના ભંડાર, સુવિધિનાથ સમ્યકત્વ- } થાઓ. તમોને
ને અર્થે, }

અર્થ—પોતાની કેવળજ્ઞાનરૂપી લક્ષ્મીવડે સર્વ વિશ્વને હાથમાં રહેલા નિર્મળ જળની માફક જાણનારા અને અચિંત્ય માહાત્મ્યના નિધાનરૂપ **સુવિધનાથ** ભગવાન્ તમારા બોધિ (સમ્યકત્વ) ને માટે થાઓ. ૧૧

सत्त्वानां प मानंद–कंदोद्भेदनवांबुदः ॥

પ્રાણીઓને, ઉત્કૃષ્ટ આનંદના અંકુરને પ્રગટ કરવામાં નવીન મેઘતુલ્ય

स्याद्वादामृतनिस्यंदि, शीतलः पातु वो जिनः ॥१२॥

અનેકાંત મતરૂપ અમૃતને ઝરનારા,શીતલનાથ,રક્ષણ કરો. તમોને,જિન

અર્થ—પ્રાણીઓના ઉત્કૃષ્ટ આનંદના અંકુરને પ્રગટ થવામાં નવીન મેઘ જેવા અને સ્યાદ્વાદ મતરૂપી અમૃતને ઝરનારા **શ્રી શીતળ** તીર્થંકર તમારી રક્ષા કરો. ૧૨

भवरोगार्त्तजंतूना–मगदंकारदर्शनः ॥

સંસારરૂપ રોગે પીડિત પ્રાણીઓને વૈદ્યસમાન છે દર્શન જેમનું

निःश्रेयसश्रीरमणः, श्रेयांसः श्रेयसे ऽस्तु वः ॥१३॥

મોક્ષરૂપ લક્ષ્મીના ધણી, શ્રેયાંસનાથ, કલ્યાણને અર્થે, થાઓ. તમારા

અર્થ—જેમનું દર્શન (સમ્યકત્વ) સંસારરૂપી રોગથી પીડાએલા જીવોને વૈદ્ય સમાન છે અને જે મોક્ષરૂપી લક્ષ્મીના સ્વામી છે એવા **શ્રી શ્રેયાંસનાથ** ભગવાન્ તમારા કલ્યાણને અર્થે થાઓ. ૧૩

विश्वोपकारकीभूत–तीर्थकृत्कर्मनिर्मितिः ॥

વિશ્વના ઉપકારભૂત તીર્થંકર નામ કર્મની ઉત્પત્તિ કરી છે જેણે એવા

सुरासुरनरैः पूज्यो, वासुपूज्यः पुनातु वः ॥ १४ ॥

સુર અસુર મનુષ્યવડે, પૂજ્ય, વાસુપૂજ્ય સ્વામી } પવિત્ર કરો. તમોને

અર્થ—જેણે સર્વ વિશ્વને ઉપકાર કરનાર એવા તીર્થંકર નામકર્મને નિષ્પન્ન કરેલું છે. અને જે દેવ અસુર અને મનુષ્યોવડે પૂજવા લાયક છે. એવા **શ્રી વાસુપૂજ્ય** સ્વામી તમોને પવિત્ર કરો.૧૪

विमलस्वामिनो वाचः, कतकक्षोदसोदराः ॥

વિમલ સ્વામીની વાણીઓ, કતકચૂર્ણ સરખી

जयंति त्रिजगच्चेतो–जलनैर्मल्यहेतवः ॥ १५ ॥

જયવંત વર્તે છે, ત્રણ જગતના ચિત્તરૂપ પાણીને નિર્મલપણાના કારણભૂત

અર્થ—કતક[1] ફળના ચૂર્ણ જેવી, ત્રણ જગત્‌ના ચિત્તરૂપી જળને નિર્મળ કરવામાં કારણરૂપ **શ્રી વિમલ** સ્વામીની વાણીઓ જયવંતી વર્તે છે. ૧૫

---

૧ ગમે તેવા મલિન જળમા કતક ચૂર્ણ નાંખ્યુ હોય તો જળને સ્વચ્છ કરે છે તેમ પ્રભુની વાણી જગતના ચિત્તને નિર્મળ કરે છે.

स्वयंभूरमणस्पर्द्धि–करुणारसवारिणा ॥

સ્વયંભૂરમણ સમુદ્રની સ્પર્દ્ધા કરે એવા કરૂણારસરૂપ જળવડે

अनंतजिदनंतां वः, प्रयच्छतु सुखश्रियं ॥ १६ ॥

અનંતજિન, અનંત, તમોને, આપો. (મોક્ષ) સુખરૂપ લક્ષ્મીને

અર્થ—સ્વયંભૂરમણ (છેલ્લા) સમુદ્રની હરીફાઇ કરનાર કરૂણારસરૂપી જળવડે **શ્રી અનંતનાથ** ભગવાન્ તમને અનંત (જેનો અંત નથી એવી) મોક્ષના સુખરૂપ લક્ષ્મીને આપો. ૧૬

कल्पद्रुमसधर्म्माण–मिष्टप्राप्तौ शरीरिणां ॥

કલ્પવૃક્ષ સમાન ધર્મવાળા, ઇચ્છિત પ્રાપ્તિમાં શરીરધારીઓને

चतुर्द्धाधर्म्मदेष्टारं, धर्म्मनाथमुपास्महे ॥ १७ ॥

ચાર પ્રકારના ધર્મને દેખાડનાર, ધર્મનાથને, ઉપાસના કરીએ છીએ.

અર્થ—પ્રાણીઓને વાંછિત ફળની પ્રાપ્તિમાં કલ્પવૃક્ષની જેવા અને દાન શીલ તપ તથા ભાવરૂપ ચાર પ્રકારના ધર્મને બતાવનારા **શ્રી ધર્મનાથની** અમે ઉપાસના કરીએ છીએ. ૧૭

सुधासोदरवाग्ज्योत्स्ना–निर्म्मलीकृतदिङ्मुखः ॥

અમૃતસરખી વાણીરૂપ ચાંદનીવડે નિર્મલ કર્યા છે દિશાઓના મુખ ભાગને જેમણે

मृगलक्ष्मा तमःशान्त्यै, शांतिनाथजिनोऽस्तु वः ॥१८॥

મૃગનું ચિન્હ છે જેને એવા } અજ્ઞાનની શાંતિને માટે } શાંતિનાથજિન થાઓ તમારા

અર્થ—પોતાની અમૃતના જેવી વાણીરૂપી ચંદ્રિકાવડે જેણે દિશાઓના મુખ ભાગોને નિર્મલ કર્યા છે અને જેને મૃગનું ચિન્હ છે એવા **શ્રી શાંતિનાથ** જિન તમારા અજ્ઞાનની શાંતિને માટે થાઓ. ૧૮

श्रीकुंथुनाथो भगवान्, सनाथोऽतिशयर्द्धिभिः ॥

શ્રી કુંથુનાથ ભગવાન્, સહિત, અતિશયરૂપ લક્ષ્મીવડે

सुरासुरनृनाथाना–मेकनाथोऽस्तु वः श्रिये ॥ १९ ॥

સુર અસુર અને મનુષ્યના સ્વામીના એકનાથ, હો, તમોને, કલ્યાણરૂપ લક્ષ્મીને અર્થે

અર્થ—અતિશયોની સમૃદ્ધિઓવડે કરી યુક્ત અને દેવ, અસુર તથા મનુષ્યોના સ્વામીઓ (ઇન્દ્ર, ચક્રવર્તી વિગેરે) ના અદ્વિતીય પતિ **શ્રી કુંથુનાથ** ભગવાન્ તમારી કલ્યાણરૂપી લક્ષ્મીને અર્થે હો. ૧૯

अरनाथस्तु भगवाँ–श्चतुर्थारनभोरविः ॥

અરનાથ વળી ભગવાન્ ચોથા આરારૂપ આકાશમાં સૂર્ય સમાન

चतुर्थपुरुषार्थश्री–विलासं वितनोतु वः ॥२०॥

ચોથા પુરૂષાર્થ (મોક્ષ) રૂપ લક્ષ્મીના વિલાસને } વિસ્તારો. તમોને

અર્થ—ચોથા આરારૂપી આકાશમાં સૂર્ય સમાન **શ્રી અરનાથ** ભગવાન્ વળી તમોને ચોથા પુરૂષાર્થ (મોક્ષ) ની લક્ષ્મીના વિલાસને વિસ્તારો. ૨૦

सुरासुरनराधीश–मयूरनववारिदं ॥
દેવ દાનવ મનુષ્યના સ્વામીરૂપ મોરને (ઉલ્લાસ કરવાને) નવીન મેઘ તુલ્ય

कर्म्मद्रून्मूलने हस्ति–मल्लं मल्लीमभिष्टुमः ॥२१॥
કર્મરૂપ વૃક્ષને ઉખેડવામાં, ઐરાવત હસ્તિસમાન } મલ્લિનાથને અમે સ્તવીએ છીએ.

અર્થ—સુર, અસુર અને મનુષ્યોના પતિ (ઇન્દ્ર, ચક્રવર્ત્યાદિક) રૂપી મયૂરોને (ઉલ્લાસ કરવાને) નવીન મેઘ સમાન અને કર્મરૂપી વૃક્ષને ઉખેડી નાંખવામાં ઐરાવત્ હસ્તિરૂપ શ્રી મલ્લિનાથની અમે સ્તુતિ કરીએ છીએ. ૨૧

जगन्महामोहनिद्रा–प्रत्यूषसमयोपमं ॥
જગતની મહા મોહરૂપ નિદ્રાને (દૂર કરવાને) પ્રભાતકાળ સમાન છે ઉપમા જેને એવી

मुनिसुव्रतनाथस्य, देशनावचनं स्तुमः ॥ २२ ॥
મુનિસુવ્રત સ્વામીની, દેશનાની વાણીને અમે સ્તવીએ છીએ.

અર્થ—સર્વ જગતના લોકોની મોહનીય કર્મરૂપી નિદ્રાને દૂર કરવાને પ્રભાત કાળની ઉપમાવાળા શ્રી મુનિસુવ્રતનાથના દેશના વચનની અમે સ્તુતિ કરીએ છીએ. ૨૨

लुठंतो नमतां मूर्ध्नि, निर्मलीकारकारणं ॥
લોટતાં, નમસ્કાર કરનારના, મસ્તકમાં, નિર્મલ કરવાના હેતુભૂત

वारिप्लवा इव नमेः, पांतु पादनखांशवः ॥ २३ ॥
જળપ્રવાહ, પેઠે, નમિનાથના, રક્ષણ કરો. ચરણના નખના કિરણો

અર્થ—નમસ્કાર કરતા એવા પ્રાણીઓના મસ્તક ઉપર પડતા અને જળના પ્રવાહની માફક નિર્મળ કરવાના કારણરૂપ **શ્રી નમિ** ભગવાનના ચરણના નખના કિરણો તમારી રક્ષા કરો.

यदुवंशसमुद्रेन्दुः, कर्म्मकक्षहुताशनः ॥

યદુવંશરૂપ સમુદ્રને ચંદ્રતુલ્ય, કર્મરૂપ વનખંડને અગ્નિ સમાન

अरिष्टनेमिर्भगवान्, भूयाद्वो ऽरिष्टनाशनः ॥ २४ ॥

અરિષ્ટનેમિ ભગવાન્, થાઓ તમોને, ઉપદ્રવ નાશ કરનારા

અર્થ—યદુવંશરૂપી સમુદ્રમાં ચંદ્ર સમાન અને કર્મરૂપી (શુષ્ક) વનમાં અગ્નિ સમાન **શ્રી અરિષ્ટનેમિ** ભગવાન્ તમારા ઉપદ્રવને નાશ કરનારા થાઓ. ૨૪

कमठे धरणेन्द्रे च, स्वोचितं कर्मकुर्वति ॥

કમઠ અને ધરણેંદ્ર ઉપર, પોતાને ઉચિત, કર્મને કરનારા

प्रभुस्तुल्यमनोवृत्तिः, [1]पार्श्वनाथः श्रियेऽस्तु वः ॥२५॥

પ્રભુ, તુલ્ય મનોવૃત્તિવાળા, પાર્શ્વનાથ લક્ષ્મીને અર્થે હો. તમોને

અર્થ—પોત પોતાને યોગ્ય કર્મ કરતા કમઠ અને ધરણેંદ્ર ઉપર જેમની મનોવૃત્તિ સરખી છે એવા **શ્રી પાર્શ્વનાથ** પ્રભુ તમારી જ્ઞાન લક્ષ્મીને માટે થાઓ. ૨૫

श्रीमते वीरनाथाय, सनाथायाद्भुतश्रिया ॥

શ્રીમાન્ વીરસ્વામીને, સહિત, અદ્ભુત લક્ષ્મીવડે

---

૧ કમઠાસુરે જળ વગેરેનો ઉપદ્રવ કર્યો અને ધરણેંદ્રે તે ઉપસર્ગ નિવારી પ્રભુની સેવા કરી છતાં પ્રભુનો બને ઉપર સમાન ભાવ હતો.

म[illegible]ानंदसरोराज–मरालायार्हते नमः ॥ २६ ॥

મહા આનંદરૂપ સરોવરને વિષે રાજહંસ સમાન, પૂજ્ય. નમસ્કાર હો.

અર્થ--(ચોત્રીશ અતિશયરૂપ) અદ્ભુત લક્ષ્મીએ કરી સહિત, મહા આનંદરૂપ સરોવરને વિષે રાજહંસ સમાન અને પૂજ્ય(અરિહંત)એવા શ્રીમાન્ **વીરસ્વામીને** નમસ્કાર થાઓ.૨૬

[illegible]તાપરાધે ऽपि जने, कृपामंथरतारयोः ॥

અપરાધી પણ મનુષ્ય ઉપર, કૃપાવડે નમેલી છે કીકીઓ જેની એવાં

ईषद्बाष्पार्द्रयोर्भद्रं, [1]श्रीवीरजिननेत्रयोः ॥ २७ ॥

જરા જળજળીયાંથી ભીંજાએલા	કલ્યાણ હો	શ્રી વીરજિનના બે નેત્રોનું

અર્થ--અપરાધ કરનારા માણસ ઉપર પણ દયાવડે નમેલી કીકીઓવાળા અને (તેવી દયાવડેજ) જરા અશ્રુથી ભીંજાયેલા **શ્રી વિરજિનના** બે નેત્રોનુ કલ્યાણ થાઓ. ૨૭

जयति विजितान्यतेजाः, सुरासुराधीशसेवितःश्रीमान् ।

જયવંત, વિશેષ પ્રકારે અન્યના તેજને જીતનાર	દેવ દાનવના સ્વામીવડે સેવાયેલ,	શ્રીમાન્ (કેવલ્ય લક્ષ્મીવાન)

---

૧ **સંગમ** નામના દેવે પ્રભુ ઉપર ઘણા ઉપસર્ગો કર્યા તોપણ પ્રભુ ચલાયમાન થયા નહિ ત્યારે થાકીને તે સ્વસ્થાનકે જતો હતો તેવખતે પ્રભુ અત્યત કરૂણાવાળા હોવાથી નેત્રમા સહેજ અશ્રુ આવ્યા તે એટલા માટે કે મારાથી આ જીવને કાંઇ પણ ઉપગાર થયો નહિ પ્રભુને વાંદનાર અને ઉપસર્ગ કરનાર દરેકને પ્રભુના દર્શનથી સમ્યકત્વ પ્રાપ્ત થતુ હતુ પણ સગમ અભવ્ય હતો તેથી તેને પ્રાપ્ત થયુ નહિ. એવા અપરાધિ ઉપર પણ કરૂણા ભાવ દર્શાવ્યો તે પ્રભુની અત્યત કરૂણા સમજવી.

विमलस्त्रासविरहित-स्त्रिभुवनचूडामणिर्भगवान् ॥२८॥
નિમલ, ત્રાસથી રહિત, ત્રણ ભુવનમાં મુકુટસમાન, ભગવંત

અર્થ--વિશેષ પ્રકારે અન્યના તેજને જીતનારા, દેવ દાનવના સ્વામીવડે સેવાયલા, કેવળજ્ઞાનરૂપ લક્ષ્મીવાળા, નિર્મળ, વિશેષ પ્રકારે ભયથી રહિત અને ત્રણ ભુવનમા મુકુટ સમાન ભગવત (વીરસ્વામી) જયવંત વર્તે છે ૨૮

***वीरः सर्वसुरासुरेंद्रमहितो वीरं बुधाः संश्रिताः,**
વીર સર્વદેવદાનવનાઇંદ્રવડેપૂજીત(છે)-વીરને પડિતો આશ્રય કરી રહેલા છે.

वीरेणाभिहतः स्वकर्मनिचयो वीराय नित्यं नमः ॥
વીરવડે હણાયો છે; પાતાના કર્મસમૂહ-વીરને નિરતર નમસ્કારહો.

वीरात्तीर्थमिदंप्रवृत्तमतुलं वीरस्य घोरं तपो,
વીરથકી આ તીર્થ પ્રવર્ત્યું.અતુલ વીરનું કઠણ તપ (છે)

वीरे श्रीधृतिकीर्तिकांतिनिचयः श्रीवीर ! भद्रं दिश ॥२९॥
વીરમાં લક્ષ્મીધિરજકીર્ત્તિકાંતિનોસમૂહ(છે,હેશ્રીવીર ! કલ્યાણ આપો.

અર્થ--વીરભગવંત સર્વ દેવ દાનવના ઇંદ્રોવડે પૂજાયેલ છે, વીરસ્વામીને પડિતો આશ્રય કરી રહેલા છે, વીરસ્વામીને હમેશ નમસ્કાર થાઓ, વીરસ્વામી થકી આ (વર્તમાન) તીર્થ

---

१ त्रिलोकचूडामणि.

* આ શ્લોકમા વીર શબ્દને જુદી જુદી આઠ વિભક્તિઓ લગાડીને શ્રી મહાવીર દેવની સ્તુતિ કરેલ છે

પ્રવર્ત્યું છે, વીરસ્વામીનું તુલના થઇ ન શકે તેવું આકરૂં તપ છે, વીરસ્વામીને વિષે લક્ષ્મી, ધૈર્ય, કીર્તિ અને કાંતિનો સમૂહ છે. હે શ્રીવીર ! અમને કલ્યાણ આપો. ૨૯

[1]अवनितलगतानां, कृत्रिमाकृत्रिमानां;
પૃથ્વી તલને વિષે રહેલાં, અશાશ્વતાં અને શાશ્વતાં
वरभवनगतानां, दिव्यवैमानिकानां ॥
પ્રધાન ભવનને વિષે રહેલાં, દિવ્ય વૈમાનિકોનાં,
इह मनुजकृतानां, देवराजार्चितानां;
આ લોકમાં મનુષ્યોએ કરેલાં, ઇંદ્રોએ પૂજિત,
जिनवरभवनानां, भावतोऽहं नमामि ॥ ३० ॥
જિનેશ્વરના ચૈત્યો-પ્રતિમાઓને ભાવથકી હું નમુછું.

અર્થ—પૃથ્વીતલને વિષે રહેલાં, અશાશ્વતા અને શાશ્વતા, શ્રેષ્ઠ (ભવનપત્યાદિના) ભવનને વિષે રહેલા, દિવ્ય વૈમાનિકોનાં, આ લોકમાં મનુષ્યોએ કરેલા અને ઇંદ્રોએ પૂજિત એવા જિનેશ્વરના ચૈત્યો (પ્રતિમાઓ) ને ભાવથકી હું નમુંછું. ૩૦

सर्वेषां वेधसामाद्य-मादिमं परमेष्ठिनाम् ॥
સર્વ જ્ઞાતાઓમા પ્રથમ, પ્રથમ પરમેષ્ઠીઓમાં,
देवाधिदेवं सर्वज्ञं, श्रीवीरं प्रणिदध्महे ॥ ३१ ॥
દેવના દેવ, સર્વજ્ઞ, શ્રીવીરને અમે ધ્યાન કરીએ છીએ.

---

૧ આ શ્લોકમા શાશ્વતી અને અશાશ્વતી પ્રતિમાઓને નમસ્કાર કરવાવડે સ્થાપનાજિનને નમસ્કાર કરેલ છે.

અર્થ--સર્વ જ્ઞાતાઓમાં પ્રથમ, (પંચ) પરમેષ્ઠિઓમાં પ્રથમ, દેવોના દેવ અને સર્વજ્ઞ એવા **શ્રી મહાવીર સ્વામીનું** અમે ધ્યાન કરીએ છીએ. ૩૧

[1]देवोऽनेकभवार्जितोर्जितमहापापप्रदीपानलो,
દેવ છે, અનેકભવમાં સંચેલા ઘણા મહાપાપને પ્રકર્ષે બાળવાને અગ્નિ સમાન

देवः सिद्धिवधूविशालहृदयाऽलंकारहारोपमः ॥
દેવ છે, મોક્ષ લક્ષ્મીના વિશાળ હૃદયમાં અલંકાર હારની ઉપમાવાળા

देवोऽष्टादशदोषसिंधुरघटानिर्भेदपंचाननो,
દેવ છે, અઢાર દોષરૂપ હસ્તિઘટાને ભેદવાને કેસરીસિંહ સમાન

भव्यानां विदधातु वांछितफलं श्रीवीतरागो जिनः॥३२॥
ભવ્યોનાં આપો. ઇચ્છિત ફલને શ્રી વીતરાગ જિન

અર્થ--(જે) દેવ અનેક ભવમાં ઉપાર્જન કરેલાં ઘણા મોટા પાપને પ્રકર્ષે બાળવાને અગ્નિ સમાન છે, (જે) દેવ મોક્ષ લક્ષ્મીના વિશાળ હૃદયમાં અલંકાર હાર (સદૃશ) ની ઉપમા વાળા છે, (જે) દેવ અઢાર દોષરૂપ હાથીના સમુદાયને ભેદવાને કેસરિસિંહ તુલ્ય છે, એવા શ્રી વીતરાગજિન ભવ્યજનોને ઇચ્છિત ફળ આપો ! ૩૨

---

૧ આ શ્લોકવડે **ભાવજિન**ની સ્તુતિ કરવામા આવી છે અને ૩ થી ૨૯ શ્લોકવડે **નામજિન**ની સ્તુતિ કરવામા આવી છે.

[1] ख्यातोऽष्टापदपर्वतो गजपदः संमेतशैलाभिधः,
પ્રસિદ્ધ, અષ્ટાપદ પર્વત, ગજપદ, સમ્મેતશિખરનામા,
श्रीमान् रैवतकः प्रसिद्धमहिमाशत्रुंजयो मंडपः ॥
શ્રીમાન્ ગિરિનાર, પ્રસિદ્ધમહિમાવાળો શત્રુંજય, માંડવગઢ,
वैभारः कनकाचलोऽर्बुदगिरिः श्रीचित्रकूटादय-
વૈભારગિરિ, મેરૂપર્વત, આબુ પર્વત, શ્રીચિત્રકૂટ વગેરે
स्तत्र श्रीऋषभादयो जिनवराः कुर्वंतु वो मंगलं॥३३॥
ત્યાં શ્રીઋષભાદિક જિનેશ્વરો કરો. તમોને કલ્યાણ

અર્થ—પ્રસિદ્ધ અષ્ટાપદ પર્વત, ગજપદ પર્વત, સમેતશિખર નામે પર્વત, શ્રીમાન્ ગિરિનાર પર્વત, પ્રસિદ્ધ માહાત્મ્યવાળો શત્રુંજયગિરિ, વૈભારગિરિ, મેરૂ પર્વત, અર્બુદાચળ અને શ્રી ચિત્રકૂટ (ચિતોડ) વગેરે, ત્યાં (બિરાજમાન) ઋષભાદિક જિનેશ્વરો તમોને કલ્યાણ કરો. ૩૩

ઇતિ સકલાર્હત્.

॥ अथ श्री पाक्षिकादि अतिचार ॥

॥ नाणंमि दंसणंमि अ, चरणंमि तवंमि तह य विरियंमि॥ आयरणं आयारो, इय एसो पंच-

---

૧ આ શ્લોકવડે ભરતક્ષેત્રમા આવેલા અશાશ્વતા તીર્થ ઉપર વિરાજમાન જિનપ્રતિમાઓની સ્તુતિ થાય છે એમા કનકાચળ કહેલ છે તે તે કોઇ અશાશ્વત તીર્થ હોવુ જોઇએ, મેરૂ પર્વત હોવા સભવ નથી

* શ્રાવકના સમ્યકત્વ સહિતબાર વ્રતના ૧૨૪ અતિચારો વદિતા સૂત્રમા જે સામાન્યથી વર્ણવ્યા છે તેજ અતિચારોનુ વિશેષ સ્વરૂપ અહી આપ-

हा जणिउं ॥ १ ॥ ज्ञानाचार, दर्शनाचार, चारित्राचार, तपाचार, वीर्याचार; ए पंचविध आचारमांहि अनेरो जे कोइ अतिचार पक्ष दिवसमां सूक्ष्म बादर जाणतां अजाणतां हुउं होय, ते सवि हुं मने, वचने, कायाए करी मिछामि डुक्कडं ॥१॥

तत्र 'ज्ञानाचार' आठ अतिचार॥ ×काले विणए बहुमाणे, उवहाणे तह य निन्हवणे ॥ वंजण अत्थ तदुजए, अठविहो नाणमायारो ॥ १ ॥ ज्ञान काल वेलाए जण्यो गुण्यो नहीं, अकाले जण्यो. विनयहीन, बहुमानहीन, योग उपधानहीन, अनेराकन्हे जणी अनेरो गुरु कह्यो. देव गुरु वांदणे, पडिक्कमणे, सज्झाय करतां, जणतां, गुणतां,

---

વામા આવેલ છે પખ્ખી, ચોમાસી અને સંવચ્છરી પ્રતિક્રમણમા આ અતિચારો બોલવાનો વિધિ છે માટે તેનુ નામ પાક્ષિકાદિ અતિચાર રાખેલુ છે અતિચાર ગુજરાતી ભાષામા હોવાથી તેનો અક્ષરશ અર્થ લખેલ નથી પણ કઠણ શબ્દોનો અર્થ ફુટનોટમા લખેલ છે

× આ ગાથાવડે જ્ઞાનાચારના આઠ આચારોના નામ કહેલા છે તેમા જે પ્રમાદ ત અતિચાર એ પ્રમાણે દર્શનાચાર અને ચારિત્રાચારની ગાથાઓ માટે પણ સમજવુ તેવીજ રીતે બીજા અતિચારોનુ વર્ણન જે જે ગાથાઓમા આવેલુ છે તે ગાથાનુ પ્રથમ પદ માત્ર મૂકીને તે પછી તેનુ વિશેષ વર્ણન સૂત્રકારે આપ્યુ છે

कूडो अक्षर काने मात्राए अधिको ओछो भण्यो, सूत्र कूडुं कह्युं. अर्थ कूडो कह्यो. [1]तदुभय कूडां कह्यां. भणीने विसार्यां. साधुतणे धर्मे काजो अणउद्धर्ये, डांडो अणपडिलेहे, [2]वसति अणशोधे, [3]अणपवेसे, असझाइ, अणोझायमांहे श्री दशवैकालिक प्रमुख सिद्धांत भण्यो गुण्यो. श्रावकतणे धर्मे थविरावलि, पडिक्कमणां, उपदेशमाला प्रमुख सिद्धांत भण्यो गुण्यो. कालवेला काजो [4]अणउद्धर्ये पढ्यो. ज्ञानोपगरण, पाटी, पोथी, ठवणी, कवली, नोकारवाली, सापडा, सापडी, दस्तरी[5], [6]वही, [7]ओलिया प्रमुख प्रत्ये पग लाग्यो, थूंक लाग्युं, थूंके करी अक्षर मांज्यो, [8]ओशीसे धर्यो. कने छतां आहार [9]निहार कीधो. ज्ञानद्रव्य भक्षतां उपेक्षा कीधी. [10]प्रज्ञापराधे [11]विणाश्यो. विणसतो उवेख्यो.[12]

---

૧ સૂત્ર અને અર્થ ૨ ઉપાશ્રય ૩ યોગોદ્વહનાદિ ક્રિયાવડે સિદ્ધાન્ત ભણવામા પ્રવેશ કર્યાવિના ૪ કાઢ્યાવિના ૫ દફતર ૬ ચોપડા ૭ લખેલા કાગળના વીટા ૮ ઓશિંક ૯ ઝાડા ૧૦ ઓછી સમજને લીધે. ૧૧ નાશ કર્યો ૧૨ ઉપેક્ષા કરી

छती शक्तिए सार संभाळ न कीधी. ज्ञानवंतप्रत्ये द्वेष, मत्सर चिंतव्यो. अवज्ञा आशातना कीधी. कोइप्रत्ये भणतां, गणतां अंतराय कीधो. आपणा जाणपणातणो गर्व चिंतव्यो. मतिज्ञान, श्रुत ज्ञान, अवधिज्ञान, मनःपर्यवज्ञान, केवळज्ञान, ए पंच-विध ज्ञानतणी असद्दहणा कीधी. कोइ तोतलो बो-बलो [1]हस्यो, वितर्क्यो, [2]अन्यथा प्ररूपणा कीधी॥ ज्ञानाचार विषइउं अनेरो जे कोइ अतिचार पक्ष दिवस० ॥ १ ॥

दर्शनाचारे आठ अतिचार ॥ निस्संकिय निक्कंखिय, निव्वितिगिच्छा अमूढदिट्ठी अ ॥ उववू-ह थिरीकरणे, वच्छल्ल पभावणे अठ ॥ १ ॥ देव गुरु धर्मतणे विषे निःशंकपणुं न कीधुं तथा एकांत निश्चय न कीधो. धर्म संबंधीया फळतणे विषे निः-संदेह बुद्धि धरी नहीं. साधुसाध्वीनां मल मलिन गात्र देखी दुगंछा निपजावी. कुचारित्रीया देखी चारित्रीया उपर अभाव हुउं. मिथ्यात्वीतणी पूजा

---

१ મશ્કરીમા હસ્યા २ સૂત્ર વિરૂદ્ધ

प्रभावना देखी मूढदृष्टिपणुं कीधुं. तथा संघमांहे गुणवंततणी अनुपबृंहणा[1] कीधी. अस्थिरीकरण,[2] अवात्सल्य, अप्रीति, अभक्ति निपजावी. अबहुमान कीधुं. तथा देवद्रव्य, गुरुद्रव्य, ज्ञानद्रव्य, साधारणद्रव्य, भक्षित उपेक्षित प्रज्ञापराधे विणाश्या, विणसता उवख्या. छती शक्तिए सार संभाल न कीधी. तथा साधर्मिकसाथे कलह कर्मबंध कीधो. अधोती, अष्टपड मुखकोश पाखे देवपूजा कीधी. [3]बिंबप्रत्ये वासकूंपी, धूपधाणुं, कलशतणो ठबको लाग्यो बिंब हाथथकी पाड्युं. उसासनिःसास लाग्यो. देहरे, उपाश्रये, मलश्लेष्मादिक लोह्युं. देहरामांहे हास्य, खेल, [4]केलि, कुतूहल, आहार निहार कीधां. पान, सोपारी, [5]निवेदीआं खाधां. [6]ठवणायरिय हाथथकी पाड्या. पडिलेहवा विसार्या. जिनभवने चोराशी आशातना, गुरु गुरुणी प्रत्ये तेत्रीश आशातना कीधी होय गुरुवचन

---

૧ ગુણની પ્રશસા ન કરવી તે ૨ સમ્યકત્વથી પડતાને સ્થિર નહિ કરવો તે ૩ જિન પ્રતિમાને ૪ રમત ૫ નૈવેદ્ય ૬ સ્થાપનાચાર્ય

तहत्ति करी [1]पडिवज्युं नहीं ॥ दर्शनाचार विषइयो अनेरो जे कोइ अतिचार पक्ष दिवस० ॥३॥

चारित्राचारे आठ अतिचार॥ पणिहाणजोगजुत्तो, पंचहिँ समईहिँ तीहिं गुत्तीहिं॥एस चरित्तायारो, अठविहो होइ नायवो ॥ १ ॥ ईर्यासमिति* ते अणजोए हिंड्या. भाषा समिति ते सावद्य वचन बोल्या. एषणा समिति ते [2]तृण, [3]डगल, अन्न पाणी असूझतुं लीधुं. आदानभंडमत्तनिखेवणा समिति ते आसन, शयन, उपकरण, मातरुं प्रमुख अणपुंजी जीवाकुल भूमिकाए मूक्युं लीधुं. पारिष्ठापनिका समिति ते मल मूत्र [4]श्लेष्मादिक अणपुंजी [5]जीवाकुल भूमिकाए परठव्युं. मनोगुप्ति, मनमां आर्त्त रौद्र ध्यान ध्यायां. वचनगुप्ति, सावद्य[6] वचन बोल्यां.

---

૧ અગીકાર કર્યું * અહી ઇરિયાસમિતિ એટલે ઇરિયાસમિતિ સબધી અતિચાર એમ સમજવાનુ છે કેમકે ગાથામા આચારના નામ આપ્યા છે તે પ્રમાણે અહી પાચ સમિતિ અને ત્રણ ગુપ્તિના નામ અનુક્રમે આપીને તેના અતિચારની સમજ આપી છે અહિ અતિચારનો વિષય ચાલે છે માટે ભાષા સમિતિ આદિ દરેક ઠેકાણે એ મતલબ સમજવી.

૨ ઘાસ ૩ અચિત્ત માટીના ઢેફા ૪ બડખો, લીટ ૫ ઘણા જીવ જતુવાળી ૬ પાપવાળા.

कायगुप्ति, शरीर अणपडिलेह्युं हलाव्युं; अणपुंजे बेठा. ए अष्टप्रवचन माता साधुतणे धर्मे सदैव अने श्रावकतणे धर्मे सामायिक पोसह लीधे, रुडी- पेरे पाल्यां नहीं, खंडणा विराधना हुइ ॥ चारित्राचार विषइउं अनेरो जे कोइ अतिचार पक्ष दिवसमांही सूक्ष्म बादर जाणतां अजाणतां हुउं होय, ते सवि हुं मने वचने कायाए करी मिच्छामि दुक्कडं ॥ ३ ॥

*विशेषतः श्रावकतणे धर्मे श्री [1]सम्यक्त्वमूल बारव्रत, सम्यक्त्व तणा पाच अतिचार ॥ संकाकंखविगिच्छा० ॥ शंका–श्रीअरिहंततणा बल, अतिशय, ज्ञानलक्ष्मी, गांभीर्यादिकगुण, शाश्वती प्रतिमा, चारित्रीयानां चारित्र, श्रीजिनवचन तणो संदेह

---

* પાચ આચારો પૈકી જ્ઞાનાચાર, દર્શનાચાર અને ચારિત્રાચાર એ ત્રણ આચારની વાત સાધુ અને શ્રાવક બનેને એક સરખી રીતે સામાન્ય લાગુ પડતી હોવાથી ઉક્ત ત્રણ આચારના અતિચારોનુ વર્ણન પ્રથમ સામાન્ય આપ્યુ, હવે અહીથી શ્રાવક યોગ્ય અતિચારનુ વર્ણન કરે છે તેથી **વિશેષત** કહ્યુ

૧ જીવાદિ નવ તત્ત્વના યથાર્થ રહસ્યનુ શ્રદ્ધાન

कीधो ॥ आकांक्षा—ब्रह्मा, विष्णु, महेश्वर, क्षेत्रपाल, [१]गोगो, आसपाल, [२]पादरदेवता, गोत्रदेवता, ग्रहपूजा, [३]विनायक, हनुमंत, सुग्रीव, वाली, नाह, इत्येवमादिक देश, नगर, गाम, गोत्र, नगरी जूजूआ* देव, देहेरांना प्रभाव देखी रोग आतंक कष्ट आव्ये इहलोक परलोकार्थे पूज्या मान्या. सिद्ध विनायक जीराउलाने[४] मान्युं, इच्छ्युं. बौद्ध सांख्यादिक संन्यासी, [५]भरडा, भगत, [६]लिंगिया, जोगीया, जोगी, [७]दरवेश, अनेरा दर्शनीयातणो कष्ट, मंत्र, चमत्कार देखी परमार्थ जाण्या विना भूलाव्या,× मोह्या. कुशास्त्र शीख्यां, सांभल्यां. श्राद्ध, [८]संवछरी, होलि, बलेव, माहिपूनम, अजापडवो, प्रेतबीज, गौरीत्रीज, विनायक चोथ, नागपांचमी, झिलणाछठी, शीलसातमी, ध्रुवआठमी. नौली नौमी, अहवा दशमी, व्रतअग्यारशी, वछबारशी, धनतेरशी, अनंतचउद-

---

१ નાગદેવ—સર્પ २ ગામની દેવી ३ ગણેશ * જૂદા જૂદા ४ અન્યમતિ દેવ વિશેષ ५ બ્રાહ્મણ ६ વેષધારી ७ ફકીર × ભોળવાણા ८ મરી ગયેલા પાછળ તેના મરણ તિથિ સબંધી ભોજન અગર જ્ઞાતિભોજન કરાવે છે તે

शी, अमावास्या, आदित्यवार, उत्तरायण, नैवेद्य कीधां. नवोदक, याग, भोग, उतारणां कीधां, कराव्यां, अनुमोद्यां. पिपले पाणी घाल्यां, घलाव्यां. घर बाहिर क्षेत्र, खले, कूवे, तलावे, नदीए, द्रहे, वाविए, समुद्रे, कुंडे, पुण्यहेतु स्नान कीधां, कराव्यां, अनुमोद्यां. दान दीधां. ग्रहण, शनिश्चर, माहमासे, नवरात्री, न्हायां. अजाणना थाप्यां[1] अनेराइ व्रत व्रतोलां कीधां, कराव्यां ॥ वितिगिछा—धर्म संबंधीआ फलतणे विषे संदेह कीधो. जिन अरिहंत धर्मना आगर, विश्वोपकार सागर, मोक्षमार्गना दातार, इस्या गुण भणी न मान्या, न पूज्या. महासती,[2] माहात्मानी[3] इहलोक परलोक संबंधीया भोग वांछित[4] पूजा कीधी. रोग, आतंक, कष्ट आव्ये खीण[5] वचन भाग मान्या. माहात्माना भात, पाणी, मल शोभा तणी निंदा कीधी. कुचारित्रिया देखी चारित्रिया उपर कुभाव हुओ. मिथ्यात्वी तणी पूजा प्रभावना

---

૧ અજાણુ માણુસાએ સ્થાપેલા એવા ૨ સાધ્વી ૩ સાધુ મુનિરાજ ૪ ભોગપ્રાપ્ત્યર્થે ૫ દીન

देखी प्रशंसा कीधी, प्रीति मांमी, दाक्षिण्य लगे तेहनो धर्म मान्यो, कीधो ॥ श्री सम्यक्त्व विषयिउ अनेरो जे कोइ अतिचार, पक्ष दिवसमांहि०

पहेले स्थूलप्राणातिपातविरमणव्रते पांच अतिचार ॥ वहबंधछविच्छेए० द्विपद चतुष्पद प्रत्ये रीसवशे गाढो घाव घाल्यो,[1] गाढे बंधने बांध्यो. अधिक भार घाल्यो. निर्लांछन[2] कर्म कीधां. चारापाणीतणी वेलाए सारसंभाल न कीधी. लेहेणे देहेणे किणहि प्रत्ये लंघाव्यो, तेणे भूखे आपणे जम्या. कन्हे रही मराव्यो. बंधीखाने घलाव्यो. सल्यां धान्य तावडे[3] नांख्यां, दलाव्यां, भरमाव्यां, शोधी न वावर्यां. इंधण, छाणां अणशोध्यां बाल्यां. तेमांहि साप, विंछी, खजूरा, सरवला, मांकम, जूआ, गिंगोडा [4]साहतां मुआ, दुहव्या, रुडेस्थानके न मुक्या. कीडि मकोडिनां इंडां विछोह्यां. लीख फोडि.[5] उदेही, कीडी, मकोडि, घीमेल, कातरा, चूडेल, पतंगिया,

---

१ ગાઢો—આકરો, ઘાવ—પ્રહાર, ઘાલ્યો—કર્યો, સખ્ત માર માર્યો ૨ નાક, કાન વિંધવા, ઘોડા બળદ ખાશી કરવા ૩ તડકે ૪ ઝાલતા—પકડતા ૫ લીખના બે ટુકડા કર્યા.

देडकां, अलसीयां, इअल, कुंतां, ऊांस, मसा, बगतरा, माखी, तीड प्रमुख जीव विणठा. माला हलावतां हलावतां पंखी, चडकलां, कागतणां इंडां फोड्यां. अनेरा एकेंद्रियादिक जीव विणास्या, चांप्या, डुहव्या. कांइ हलावतां, चलावतां, पाणी छांटतां अनेरा कांइ कामकाज करतां [१]निध्वंसपणुं कीधुं, जीवरक्षा रूडी न कीधी. संखारो सूकव्यो. रूडुं गलणुं न कीधुं. अणगलपाणी वावर्युं. रूडी जयणा न कीधी. अणगल पाणीए [२]झील्यां, लुगडां धोयां. खाटला ता[३]वडे नाख्या, झाटक्या. जीवाकुल भूमि लींपी. वाशी गार राखी. दलणे, खांडणे, लींपणे, रूडी जयणा न कीधी. आठम चउदशना नियम भांग्यां. धूणी करावी ॥ पहेले स्थूलप्राणातिपातविरमणव्रत विषइउं अनेरो जे कोइ अतिचार पक्ष दिवसमांहि० ॥ १ ॥

बीजे स्थूलमृषावादविरमणव्रते पांच अति-

---

१ નિર્દયતા २ ન્હાયા. ૩ તડકે

चार ॥ सहसारहस्सदारे० ॥ सहसात्कारे कुणह प्रत्ये अजुगतुं आल अभ्याख्यान दीधुं. स्वदारा मंत्र नेद कीधो. अनेरा कुणहनो मंत्र, आलोच मर्म प्रकाश्यो. कुणहने अनर्थे[1] पाडवा कुडी बुद्धि दीधी. कूडो लेख लख्यो. कुडो साख भरी. थापण-[2]मोसो कीधो. कन्या, गौ, ढोर, भूमिसंबंधि लेहणे देणे व्यवसाये वाद वढवाड करतां मोटकुं जूठुं बोल्या. हाथ पग तणी गाली दीधी. कडकडा मोड्या. मर्म वचन बोल्या ॥ बीजे स्थूलमृषावादविरमणव्रत विषइउ अनेरो जे कोइ अतिचार पड्यो० ॥ २ ॥

त्रीजे स्थूलअदत्तादानविरमणव्रते पांच अतिचार ॥ तेनाहडप्पउगे० ॥ घर बाहिर खेत्र, खले पराइ वस्तु अणमोकली लीधी, वावरी. चोराइ वस्तु [3]वोहोरी. चोर धाड प्रत्ये संकेत कीधो. तेहने [4]संबल दीधुं. तेहनी वस्तु लीधी. विरुद्ध रा-

---

१ કષ્ટમાં-નુકશાનીમાં ૨ પોતાને ત્યા મૂકેલ થાપણનો ઇનકાર કરવો.
૩ ખરીદ કરી ૪ ભાતુ.

ज्यातिक्रम कीधो. नवा, पुराणा, सरस, विरस, सजीव, निर्जीव वस्तुना भेल संभेल कीधा. कूडे काटले, तोले, माने, मापे वहोर्यां. दाणचोरी कीधी. कुणहने लेखे [1]वरांस्यो. साटे लांच लीधी कूडो करहो काढयो. विश्वासघात कीधो, परवंचना कीधी. पाशग कूडां कीधां. डांडी चढावी. लहके त्रहके कूडां काटलां मान मापां कीधां. माता, पिता, पुत्र, मित्र, [2]कलत्र, [3]वंची कुणहिने दीधुं. जूदी गांठ कीधी. थापण उलवी. कुणहिने लेखे पलेखे भूलव्युं. पडी वस्तु उलवी लीधी ॥ त्रीजे स्थूलअदत्तादानविरमणव्रत विषयिउ अनेरो जे कोई अतिचार पक्ष दिवस० ॥ ३ ॥

चोथे स्वदारासंतोष, परस्त्रीगमनविरमण व्रते पांच अतिचार ॥ अपरिग्गहियाइत्तर० ॥ [4]अपरिगृहीतागमन, [5]इत्वरपरिगृहीतागमन कीधुं. विधवा, वेश्या, परस्त्री, कुलांगना, स्वदाराशोकतणे

---

१ છેતર્યા ૨ સ્ત્રી ૩ ઠગી ૪ વેસ્યાગમન ૫ થોડા કાળ માટે કોઇએ રાખેલી સ્ત્રી સાથે ગમન

विषे दृष्टि विपर्यास कीधो. सराग वचन बोल्यां. आठम, चउदश, अनेरी पर्वतिथिना नियम लइ भांग्या. घरघरणा+ कीधां, कराव्यां. वरवहु वखाण्यां. कुविकल्प चिंतव्यो. [1]अनंगक्रीडा कीधी. स्त्रीनां अंगोपांग निरख्यां. पराया विवाह जोड्या. ढिंगला ढिंगली परणाव्यां. कामभोगतणे विषे तीव्र अभिलाष कीधो. *अतिक्रम, व्यतिक्रम, अतिचार, अनाचार सुहणे स्वप्नांतरे हुआ. कुस्वप्न लाध्यां, नट, विट, स्त्रीशुं हांसुं कीधुं ॥ चोथे स्वदारा संतोष व्रत विषयिउ अनेरो जे कांइ अतिचार पक्ष० ॥ ४ ॥

पांचमे परिग्रहपरिमाणव्रते पांच अतिचार ॥ धणधन्न खित्तवत्थू० ॥ धन, धान्य, क्षेत्र, [2]वास्तु,

---

+ નાતરૂ–પુનર્લગ્ન [1] વ્યવહાર વિરૂદ્ધ અંગોવંડે કામક્રિડા કરવી

* અતિક્રમ, વ્યતિક્રમ અતિચાર અને અનાચાર. આ ચારે દોષ એક એકથી ચઢીયાતા છે. તેનુ દ્રષ્ટાંત આ પ્રમાણે–જેમ કોઇને રાત્રી ભોજનનુ પચ્ચખાણ છે, તે માણસને રાત્રીએ ખાવાની ઇચ્છા થાય તે અતિક્રમ, ખાવાનુ લેવા જવાનો પ્રયત્ન તે વ્યતિક્રમ, ખાવાનુ હાથમા લીધુ ત્યા અતિચાર અને ખાધુ એટલે અનાચાર [2] ઘર વગેરે ઇમારત, ઘરવકરી

रूप्य, सुवर्ण, [1]कुप्प, [2]द्विपद, [3]चतुष्पद, ए नवविध परिग्रह तणा नियम उपरांत वृद्धि देखी मूर्छा लगे संक्षेप न कीधो. माता, पिता, पुत्र, स्त्रीतणे लेखे कीधो. परिग्रह प्रमाण लीधुं नहीं. लेइने पढिउं* नहीं. पढवुं विसार्युं. अलीधुं मेल्युं. नियम विसार्या ॥ पांचमे परिग्रह परिमाणव्रत विषयिउ अनेरो जे कोइ अतिचार पक्ष दिवसमांहि० ॥ ५ ॥

छठे दिग्परिमाणव्रते पांच अतिचार ॥ गमणस्स उ परिमाणे० ॥ ऊर्ध्वदिशि, अधोदिशि, तिर्यग्दिशिए जावा आववातणा नियम लइ भांग्यां. [4]अनाभोगे विस्मृत लगे अधिक भूमि गया. [5]पाठवणी आघीपाछी मोकली. वहाण व्यवसाय कीधो. वर्षाकाले [6]गामतरुं कीधुं. भूमिका एकगमा संक्षेपी, बीजीगमा वधारी ॥ छठे दिग्परिमाण व्रत विषयिउ अनेरो जे कोइ अतिचार पक्ष दिवसमांहि० ॥ ६ ॥

---

૧ ત્રાબુ પિતળ વગેરે ધાતુ ૨ દાસ, દાસી વગેરે એ પગવાળા ૩ ચાર પગવાળા પશુ * સભાર્યું. ૪ અજાણતાં ૫ મોકલવાની ચીજ ૬ બીજે ગામ જવુ તે

.सातमे भोगोपभोगविरमणव्रते भोजन आश्री पांच अतिचार अने कर्म हुंती पंदर अतिचार, एवं वीश अतिचार ॥ सचित्ते पडिबद्धे० ॥ सचित्त नियम लीधे अधिक सचित्त लीधुं ॥ अपकाहार, डुपकाहार, तुच्छौषधि तणुं भक्षण कीधुं. ओला, ओंबी, पोंक, पापडी खाधां ॥ सच्चितदव्वविगई-वाणहतंबोलवत्थकुसुमेसु ॥ वाहणसयणविलेव-

---

આ ગાથાવડે ચૌદ નિયમો વર્ણવ્યા છે તે આ પ્રમાણે— ૧ સચિત્ત, ૨ દ્રવ્ય (ખાવાના પદાર્થ) ૩ વિગઈ (ઘીઃ, તેલ, ગોળ, કડી, દુધ અને કડા વિગઇ), ૪ વાણી (જોડા). ૫ તંબોલ (મુખવાસ તરિકે વપરાતા પદાર્થ), ૬ વસ્ત્ર, ૭ કુસુમ (સુંઘવાના પદાર્થ) ૮ વાહન (ઘોડા, ગાડી, રેલ્વે, વહાણ, ઉંટ વગેરે), ૯ શયન (પાટ, પાટલા પથારી વગેરે), ૧૦ વિલેપન (શરીરે ચોપડવાના સુગંધિ પદાર્થ), ૧૧ બ્રહ્મચર્ય, ૧૨ દિશા (ચાર દિશા, ચાર વિદિશા, ઉર્ધ્વ અને અધો દિશા મળી ૧૦), ૧૩ સ્નાન (ન્હાવું) અને ૧૪ ભાત પાણી (ખાવા પીવાની વસ્તુ) એ ચૌદ પ્રકારે ભોગોપભોગ યોગ્ય વસ્તુની મર્યાદા રાખવી આ પ્રમાણે મર્યાદા રાખવાથી તે ઉપરાતની જે આશ્રવની શ્રેણી અપ્રત્યાખ્યાનીકી ક્રિયાને યોગે આવે છે તે બંધ થાય છે જે વસ્તુનો કદિ ઉપભોગ કર્યો નથી અને કરવામાં આવતો નથી તેમ કરવાની ઇચ્છા પણ નથી તેની પણ જ્યા સુધી પ્રત્યાખ્યાન લેવામા ન આવે ત્યા સુધી આશ્રવની રાવી આવ્યે જાય છે. માટે દરેક ભવ્યોએ આ ચૌદ નિયમની હકીકત ગુરૂગમથી સમજીને હરહમેશા ધારવાની ટેવ પાડવી જેથી પરિણામે બહુ હિતકર્તા થશે.

ण-बंभदिसिन्हाणभत्तेसु ॥ १ ॥ ए चउद नियम दिनगत, रात्रिगत लीधां नहीं, लइने भांग्यां. बावीश अभक्ष्य, बत्रीश अनंतकायमांहि आदु, मूला, गाजर, पिंडू, पिंडालू, कचूरो, सूरण, [1]कुलि आंबली, गलो, वाघरडां खाधां. वाशी कठोल, पोली, रोटली, त्रण दिवसनुं [2]ओदन लीधुं. मधु, महुडा, माखण, माटी, वेंगण, पोलुं, पोचु, पंपोटा, विष, हिम, करहा, घोलवडां, अजाण्यां फल, टिंबरु, गुंदा, महोर, अथाणुं, [3]आम्बलबोर, काचुं मोठुं, तिल, खसखस, कोठिंबडां खाधां. रात्रि भोजन कीधां. लगभग वेलाए वालु कीधुं, दिवस विणउगे शीराव्या. तथा कर्मतः पन्नर कर्मादान–[4]इंगालकम्मे, वणकम्मे, साडिकम्मे, भाडिकम्मे, फोडिकम्मे, ए पांच कर्म ॥ दंतवाणिज्जे, लक्खवाणिज्जे, रसवाणिज्जे, केसवाणिज्जे, विसवाणिज्जे, ए पांच वाणिज्य ॥

---

૧ કુણું-કુમળી-કાચી ૨ દહીં નાખેલ ભાત ૩ ખાટા ૪ આ પન્નર કર્માદાનનો અર્થ વંદિત્તા માંહેની **इंगालिवण** ઇત્યાદિ બે ગાથાના અર્થથી સમજી લેવો.

जंतपिल्लणकम्मे, निल्लंछणकम्मे, दवग्गिदावणया, सरदहतलायसोसणया, असइपोसणया, ए पांच सामान्य ॥ ए पांच कर्म्म, पांचवाणिज्य, पांच सामान्य एवं पन्नर कर्मादान बहुसावद्य महारंभ, रांगण[1] लीहाला[2] कराव्या. इंट निभाडा पचाव्या. धाणी, चणा, पक्वान करी वेच्या. वाशी माखण तवाव्यां. तिल वोहोर्यां, फागणमास उपरांत राख्या. दलोदो कीधो. अंगीठा कराव्या. श्वान, बिलाडा, सूडा, सालहि पोष्या. अनेरा जे कांइ बहु सावद्य खरकर्मादिक समाचर्यां. वाशी गार राखी. लींपणे, गूंपणे, महारंभ कीधो. अणशोध्या चूला [3]संधुक्या. घी, तेल, गोल, छाशतणां भाजन उघाडां [illegible]क्यां. तेमांहि माखी, कुंति, उंदर, गीरोली पडी. कीडी चडी, तेनी जयणा न कीधी ॥ सातमे भोगोपभोग विरमण व्रतविषयिउ अनेरो जे कोइ अतिचार पक्ष दिवसमांहि० ॥ ७ ॥

आठमे अनर्थदंडविरमणव्रते पांच अतिचार

૧ રંગાવવાનુ કામ ૨ કાયલા ૩ સળગાવ્યા.

॥ कंदप्पे कुक्कुइए० ॥ कंदर्प्पलगे विटचेष्टा, हास्य, खेल, कुतूहल कीधा. पुरुष स्त्रीना हाव भाव, रूप, शृंगार, विषयरस वखाण्या. राजकथा, भक्तकथा,[1] देशकथा, स्त्रीकथा कीधी. पराइ तांत[2] कीधी, तथा पैशून्यपणुं कीधुं. आर्त्त रौद्रध्यान ध्यायां. खांडा, कटार, कोश, कूहाडा, रथ, उखल,[3] मुशल,[4] अग्नि, घरंटी, निसाहे,[5] दातरडां, प्रमुख अधिकरण मेली[6] दाक्षिण्य लगे माग्यां आप्यां. पापोपदेश दीधो, अष्टमी चतुर्दशीए खांडवा दळवातणा नियम भांग्या. मूखरपणा[7] लगे असंबंध वाक्य बोल्या. प्रमादाचरण सेव्यां. अंघोले, नाहणे, दातणे, पग धोअणे, खेल[8] पाणि तेल छांट्यां. झीलणे झील्या, जुवटे रम्या, हिंचोले हिंच्या, नाटक प्रेक्षणक[9] जोयां. कण,[10] कुवस्तु, ढोर लेवराव्यां. कर्कश[11] वचन बोल्या. आक्रोश कीधा. अबोला लीधा. करकडा मो-

૧ ભોજન આશ્રી કથા. ૨ વાત ૩ ખાણીયા ૪ સાંબેલુ ૫ દાણ વાટવાની છીપર ૬ એકઠા કરી ૭ વાચાળપણાને લીધે ૮ શ્લેષ્મ ૯ ગમ્મત ૧૦ હલકી વસ્તુ ૧૧ આકરા

ग्या. मछर धर्यो. संजेड्या[1] लगाड्या. आप दीधा. भेंसा, सांढ, हुडु,[2] कूकडा, श्वानादिक जूझार्या, जूझतां जोयां, खादिलगे अदेखाइ चिंतवी. माटी, मीठुं, कण, कपाशीया, काजविण चांप्या, तेउपर बेठा. आली[3] वनस्पति खुंदि. सूइ, शस्त्रादिक निपजाव्यां. घणी निद्रा कीधी. राग द्वेष लगे एकने ऋद्धि परिवार वांछी, एकने मृत्यु हानी वांछी ॥ आठमे अनर्थदंडविरमणव्रत विषइउं अनेरो जे कोइ अतिचार पक्षदिवसमांहि० ॥ ८ ॥

नवमे सामायिकव्रते पांच अतिचार ॥ तिविहे डुप्पणिहाणे० ॥ सामायिक लीधे मने आहट्ट, दोहट्ट[4] चिंतव्युं. सावद्य वचन बोल्यां. शरीर अणपडिलेह्युं हलाव्युं. छती वेलाए सामायिक न लीधुं. सामायिक लइ उघाडे मुखे बोल्या. उंघ आवी. वात विकथा घरतणी चिंता कीधी. वीज, दीवा तणी उज्जेहि[5] हुइ. कण, कपाशीया, माटी,

---

१ એક બીજાને સાચા જૂઠુ સમજાવીને વઢવાડ કરાવી. ૨ ઓકડા ૩ લીલી ૪ આર્ત્ત, રૌદ્રધ્યાનમાં પ્રવર્ત્યા ૫ અજવાળુ શરીર ઉપર પડ્યુ

मीठुं, खडी, धावडी, अरणेटो पाषाण प्रमुख चांप्या. पाणी, नील, फूल, सेवाल, हरीयकाय, बीयकाय इत्यादिक 'आभड्यां. स्त्री तिर्यंच तणा निरंतर[2] परंपर संघट्ट हुआ. मुहपत्तियो[3] सघट्टो. सामायिक अणपूग्युं पार्युं, पारवुं विसार्युं ॥ नवमे सामायिक व्रत विषयिउ अनेरो जे कोइ अतिचार पक्ष दिवस० ॥ ए ॥

दशमे देशावगाशिक व्रते पांच अतिचार ॥ आणवणे पेसवणे० ॥ आणवणप्पउगे, पेसवणप्पउगे, सद्दाणुवाइ, रूवाणुवाइ, बहियापुग्गलपरकेवे ॥ नियमित भूमिकामांहि बाहेरथी कांई अणाव्युं, आपण कन्हथकी बाहेर कांइ मोकल्युं, अथवा रूप देखाडी, कांकरो नाखी, साद करी आपणपणुं छतुं जणाव्युं ॥ दशमे देशावगाशिक व्रत विषयिउ अनेरो जे कोइ अतिचार पक्ष दिवसमांहि० ॥ १० ॥

---

१ સ્પર્શ્યાં २ અનન્તર ૩ સ્ત્રી પુરૂષનો મુહપત્તિવડે સઘટ્ટ થયો

अग्यारमे पौषधोपवास व्रते पांच अतिचार ॥

संथारुच्चारविहि० ॥ अप्पडिलेहिय दुप्पडिलेहिय सज्जासंथारए ॥ अप्पडिलेहिय दुप्पडिलेहिय उच्चार पासवण भूमि ॥ पोसह लीधे संथारा तणी भूमि न पुंजी. बाहिरला [1]लहुडां वडां स्थंडिल दिवसे शोध्यां नहीं, पडीलेह्यां नहीं. मातरूं अणपुंज्युं हलाव्युं, अणपुंजी भूमिकाए परठव्युं. परठवतां "[2]अणुजाणह, जस्सग्गो" न कह्यो, परठव्या पुंठे वार त्रण "[3]वोसिरे वोसिरे" न कह्यो. पोसहशालामांहि पेसतां "निसिही[4]" निसरतां "आव[5]स्सहि" वार त्रण भणी नहीं. पुढवी, अप्, तेउ, वाउ, वनस्पति, त्रसकाय तणा संघट्ट, परिताप, उपद्रव हुआ. संथारापोरिसि तणो विधि भणवो विसार्यो. पोरिसीमांहे[6] उंघ्या. अविधे संथारो पाथर्यो.

---

૧ લઘુનીતિ-પેશાબ અને વડી નીતિ-ઝાડો તે બન્નેની જગ્યા દિવસે શોધી રાખી નહિ ૨ જે અધિષ્ઠાયક દેવની આ જગ્યા હોય તે દેવ મને આ જગ્યા વાપરવાની આજ્ઞા આપો ૩ પરઠવવાયોગ્ય પદાર્થનો ત્યાગ કરૂં છું ૪ અન્યવ્યાપારનો ત્યાગ કરૂં છું ૫ બીજી અવશ્ય કરવાની ક્રિયાઓ બાકી છે માટે બહાર નિકળું છું ૬ રાત્રિને પહેલે પહોરે

पारणादिकतणी चिंता कीधी. कालवेलाए देव न वांद्या. पडिक्कमणुं न कीधुं. पोसह असूरो लीधो, सवेरो पार्यो. पर्वतिथे पोसह लीधो नहीं ॥ अग्यारमे पौषधोपवासव्रत विषइउं अनेरो जे कोई अतिचार पक्ख० ॥ ११ ॥

बारमे अतिथि संविभाग व्रते पांच अतिचार ॥ सच्चित्ते निक्खिवणे० ॥ सचित्त वस्तु हेठ उपर छतां महात्मा महासती प्रत्ये असूझतुं[1] दान दीधुं. देवानी बुद्धे असूझतुं फेरी सूझतुं कीधुं, परायुं फेडी आपणुं कीधुं. अणदेवानी बुद्धे सूझतुं फेरी असूझतुं कीधुं, आपणुं फेरी परायुं कीधुं. वोहोरवा वेला टली[2] रह्या, असुर[3] करी महात्मा तेड्या. मच्छर धरी दान दीधुं. गुणवंत आव्ये भक्ति न साचवी. छती शक्ते स्वामी वात्सल्य न कीधुं. अनेरा धर्मक्षेत्र [4]सीदाता छती शक्तिए उद्धर्यां नहीं.

---

१ અનેષણીય-સાધુને લઇ ન શકાય તેવું-અશુદ્ધ २ બીજે કામે ગયા ૩ ગોચરી કાળ વિત્યા પછી ૪ દુખી થતા

दीने दीणे प्रत्ये अनुकंपादान न दीधुं ॥ बारमे अतिथिसंविन्नागव्रत विषयिउ अनेरो जे कोइ अतिचार पक्ष दिवसमांहि० ॥ १२ ॥

संलेषणातणा पांच अतिचार ॥ इहलोए परलोए० ॥ इहलोगासंसप्पउंगे, परलोगासंसप्पउंगे, जीवियासंसप्पउंगे, मरणासंसप्पउंगे, कामन्नोगासंसप्पउंगे ॥ इहलोके धर्मना प्रन्नावलगे राजऋद्धि, सुख, सौन्नाग्य, परिवार वांठ्या. परलोके देव, देवेंद्र, विद्याधर, चक्रवर्ती तणी पदवी वांठी. सुख आव्ये जीवितव्य वाठ्युं. दुःख आव्ये मरण वांठ्युं. कामन्नोगतणी वांठा कीधी ॥ [3]संलेषणा व्रत विषयिउ अनेरो जे कोइ अतिचार पक्ष दिवसमांहि ॥१३॥

तपाचार बार न्नेद ठ बाह्य, ठ अभ्यंतर ॥ अणसणमूणोयरिआ ॥ अणसण न्नणी उपवासविशेष पर्वतिथे ठती शक्तिए कीधो नहीं. उणोदरीव्रत ते कोलिया पांच सात उणा रह्या नहीं. वृ-

---

१ निर्धन २ दुःखी ३ અનશન

त्तिसंक्षेप ते द्रव्य जणी सर्व वस्तुनो संक्षेप कीधो नहीं. रसत्याग ते विगयत्याग न कीधो. कायक्लेश लोचादिक कष्ट कर्यां नहीं. संलीनता अंगोपांग संकोची राख्यां नहीं. पच्चरकाण भांग्या. पाटलो डग मगतो फेड्यो नहीं. गंठसी, पोरिसि, साढपोरिसि, पुरिमद्ध, एकासणुं, बेआसणुं, नीवि, आंबिल प्रमुख पच्चरकाण पारवुं विसार्युं. बेसतां नवकार न भण्यो. उठतां पच्चरकाण करवुं विसार्युं. गंठसीउं भांग्युं. नीवि, आंबिल, उपवासादिक तप करी काचुं पाणी पीधुं. वमन हुउं. बाह्यतप विषयिउं अनेरो जे कोइ अतिचार पक्ष० ॥ १४ ॥

अभ्यंतरतप ॥ पायछित्तं विणउ० ॥ मनशुद्धे गुरु कन्हे आलोअण लीधी नहीं, गुरुदत्त प्रायश्चित तप लेखा शुद्धे पहुंचाड्यो नहीं. देव, गुरु, संघ, साहामी प्रत्ये विनय साचव्यो नहीं. बाल, वृद्ध, ग्लान, तपस्वी प्रमुखनुं वैयावच्च न कीधुं. वांचना, पृछना, परावर्त्तना, अनुप्रेक्षा, धर्मकथा लक्षण

---

૧ સ્નિગ્ધ રસ (વિગય) ના ત્યાગ-લોલુપતાનો ત્યાગ

पंचविध स्वाध्याय न कीधो. धर्मध्यान शुक्लध्यान न ध्यायां, आर्त्तध्यान रौद्रध्यान ध्यायां. कर्मक्षय निमित्ते लोगस्स दश वीशनो काउस्सग्ग न कीधो॥ अभ्यंतर तप विषयिउ अनेरो जे कोइ अतिचार पक्ष दिवसमांहि० ॥ १५ ॥

वीर्याचारना त्रण अतिचार ॥ अणिगूहिअब-लविरिउ० ॥ पढवे, गुणवे, विनय, वैयावच्च, देवपूजा सामायिक, पोसह, दान, शील, तप, भावनादिक धर्मकृत्यने विषे मन वचन कायातणुं छतुं [1]बल, छतुं [2]वीर्य गोपव्युं. रूडा पंचांग खमासमण न दीधां. वांदणातणा आवर्त्तविधि साचव्या नहीं. [3]अन्यचित्त निरादरपणे बेठा. उतावलुं देववंदन, पडिक्कमणुं कीधुं ॥ वीर्याचार विषयिउ अनेरो जे कोई अति-चार पक्ष० ॥ १६ ॥

[4]नाणाइअठ पइवय, सम संलेहण पण पन्नर क-

---

૧ ઇંદ્રિયજન્ય શક્તિ ૨ આત્મિક શક્તિ ૩ શુન્ય ચિત્તે ૪ જ્ઞાનાદિ આચાર (જ્ઞાનાચાર, દર્શનાચાર અને ચારિત્રાચાર) ના આઠ આઠ, (એટલે ૨૪) પ્રત્યેક વ્રત (શ્રાવકના બાર વ્રત), સમ્યક્ત્વ અને સંલે-

म्मेसु ॥ बारसतप विरिअतिगं, चउवीसंसय अइ-
यारा ॥ पडिसिद्धाणं करणे० ॥ प्रतिषेध अजक्ष्य,
अनंतकाय, बहुबीजभक्षण, महारंभपरिग्रहादिक
कीधां. जीवाजीवादिक सूक्ष्म विचार सर्दह्या नहीं.
आपणी कुमति लगे उत्सूत्र प्ररूपणा कीधी. तथा
प्राणातिपात, मृषावाद, अदत्तादान, मैथुन, परिग्रह,
क्रोध, मान, माया, लोभ, राग, द्वेष, कलह,
अभ्याख्यान, पैशुन्य, रतिअरति, परपरिवाद,
मायामृषावाद, मिथ्यात्वशल्य ए अढार
पापस्थान कीधां, कराव्यां, अनुमोद्यां होय. दिनकृत्य,
प्रतिक्रमण, विनय, वैयावच्च न कीधां. अनेरुं जे कांइ
वीतरागनी आज्ञा विरुद्ध कीधुं, कराव्युं, अनुमोद्युं
होय॥ ए चिहुं प्रकार मांहे अनेरो जे कोइ अति-
चार पक्ष दिवसमांहि सूक्ष्म, बादर जाणतां अजा-

ધણુાના પાચ પાચ (એટલે ૭૦), કર્માદાનના ૫ ૬ર, તપના બાર અને વીર્યના ત્રણ એમ સર્વ મળી એકમાં ચોવીશ અતિચાર શ્રાવક ધર્મના સમજવા

* પ્રતિષેધ વસ્તુનુ કરવુ ૧, કરવા યોગ્ય અનુષ્ઠાનનુ નહિ કરવુ ૨, વીતરાગના વચનની અશ્રદ્ધા કરવી ૩, અને વિપરીત પ્રરૂપણા કરવી ૪ એ ચાર

णतां हुउं होय ते सवि हुं मने वचने कायाए करी मिछामि डुक्कडं ॥ १७ ॥

[1]एवंकारे श्रावकतणे धर्मे श्री समकित मूल बारव्रत, एकसो चोवीश अतिचारमांहि अनेरो जे कोइ अतिचार [2]पक्ष दिवसमांहि सूक्ष्म, बादर जाणतां अजाणतां हुउं होय ते सवि हुं मने वचने कायाए करी तस्स मिछामि दुक्कडं.

इति श्री श्रावक पक्खी, चोमासी, संवछरी अतिचार समाप्त.

---

૧ એ પૂર્વોક્ત પ્રકારે ૨ આ અતિચાર ચોમાસી અને સંવચ્છરી પ્રતિક્રમણમાં પણ કહેવાય છે તેથી જ્યાં જ્યાં પક્ષ દિવસ છે ત્યાં ત્યાં ચોમાસીમાં ચોમાસી દિવસ અને સંવચ્છરીમાં સંવચ્છરી દિવસ એમ કહેવું.

॥ अथ नवस्मरणानि* प्रारभ्यन्ते ॥

॥ प्रथम नवकार पंचमंगलरूपम् ॥

नमो अरिहंताणं ॥ १ ॥ नमो सिद्धाणं ॥२॥ नमो आयरियाणं ॥ ३ ॥ नमो उवज्झायाणं ॥ ४ ॥ नमो लोए सव्वसाहूणं ॥५॥ एसो पंचनमुक्कारो ॥ ६ ॥ सव्वपावप्पणासणो ॥ ७ ॥ मंगलाणं च सव्वेसिं ॥८॥ पढमं हवइ मंगलं ॥ ९ ॥ इति ॥ १ ॥

इति नमस्कारसूत्रम्

---

* પર્વ દિવસે સકલ શ્રેયને માટે અને ક્ષુદ્રોપદ્રવાદિ દોષ નિવારવામા અને સુખશાંતિને માટે ગુણાય છે-સ્મરણ કરાય છે માટે સ્મરણ કહેવાય છે પ્રતિષ્ઠા મહોત્સવાદિ ક્રિયાવિધાનમા **નમિઊણ** અને **કલ્યાણમંદિર** વિના સાત સ્મરણ ગુણવામા આવે છે સપ્ત સ્મરણ ટીકાની લખેલ પ્રતોમા લઘુશાંતિનો પણ સમાવેશ કર્યો છે તેથી **લઘુશાંતિને** સ્મરણ તરીકે ગણીએ ત્યારે નવકારને માગલિક તરીકે ગણવા

૧ અહી **अरिहंताणं** (રાગ, દ્વેષ વગેરે શત્રુને હણનારા), **अरहंताणं** (ઇંદ્રાદિવડે પૂજાને યોગ્ય) અને **अरुहंताणं** (ફરી સંસાર માંહે જેને ઉત્પન્ન થવુ નથી એવા) એમ ત્રણ પાઠ છે

२ ॥ अथ उवसग्गहरंस्तवनम् ॥

उवसग्गहरं पासं, पासं वंदामि कम्मघणमुक्कं ॥
विसहरविसनिन्नासं, मंगलकल्लाणआवासं ॥ १ ॥
विसहरफुलिंगमंतं, कंठे धारेइ जो सया मणुउ ॥
तस्स गहरोगमारी–दुठजरा जंति उवसामं ॥ २ ॥
चिठउ दूरे मंतो, तुज्झ पणामोवि बहुफलो होइ ॥
नरतिरिएसुवि जीवा, पावंति न दुक्खदोगच्चं ॥ ३ ॥
तुह सम्मत्ते लद्धे, चिंतामणिकप्पपायवब्भहिए॥पा-
वंति अविग्घेणं, जीवा अयरामरं ठाणं ॥ ४ ॥
इअ संथुउ महायस, भत्तिब्भरनिब्भरेण हिअएण॥
ता देव दिज्ज बोहिं, भवे भवे पासजिणचंद !
॥ ५ ॥ इति ॥ २ ॥

इति उवसग्गहरं* स्तवनम्

* આ પહેલુ તથા બીજુ સ્મરણુ અગાઉ અર્થ સાથે આવી ગયેલ હોવાથી અહી અર્થ લખ્યો નથી માટે ત્યાથી જોઇ લેવો.

॥ अथ संतिकरस्तवनम् ॥

शांतिकरं शांतिजिनं जगच्छरणं जयश्रियाः दातारं

संतिकरं संतिजिणं, जगसरणं जयसिरीइ दायारं॥

શાંતિના કરનાર, શાંતિજિનને, જગતને શરણભૂત, જયલક્ષ્મીના આપનાર,

---

* શ્રી તપગચ્છનાયક **શ્રી સોમસુંદર સૂરિના** પટ્ટ પ્રભાવક સહસ્રાવધાની **શ્રી મુનિસુંદર સૂરિએ** શ્રી મેદપાટ (મેવાડ) દેશ મધ્યે આવેલા **દેવકુલપાટક** નગરને વિષે સંઘમા અકસ્માત્ મરકીના ઉપદ્રવથી પીડિત લોકોને જોઇને અત્યન્ત કરૂણાવાળા અને ગુરૂના પ્રસાદથી પ્રાપ્ત કરી છે સદ્વિદ્યા જેણે એવા તે મહાત્માએ મરકીની ઉપશાતિને માટે સૂરિમત્રના આમ્નાયવાળુ આ **શ્રી શાંતિનાથ** જિનનુ સ્તોત્ર રચ્યુ છે. એ સ્તોત્રના પઠન પાઠનથી અને સ્તોત્ર મત્રિત જળ છાટવાથી ઉપદ્રવ શાત થયો, ત્યારથી આ સ્તોત્ર શાતિ નિમિત્તે ગણાય છે આ સ્તોત્રની ૧૩ ગાથા ત્રણકાળ અગર ઉભયકાળ સ્મરણ કરવાથી દુષ્ટ ભૂત, પ્રેત, શાકિની વગેરેના ઉપદ્રવ અને રોગાદિ ભય ન થાય, મોટુ પુન્ય થાય અને સુલભ-બોધિપણુ થાય વિશેષ મરકી અગર માદગી વગેરે પ્રસંગે આ સ્તોત્રની ૧૩ ગાથા નવકાર અને ઉવસગ્ગહરની પેઠે રૂડે પ્રકારે, સુવર્ણ જળવડે પવિત્ર થઇને દરેક ઘરે સાતવાર અથવા ત્રણવાર ગણવી અને ન આવડે તો સાભળવી તેથી મરકી પ્રમુખ શાત થાય નિરતર ઉભયકાળ પ્રતિક્રમણ પછી, પાક્ષિક, ચોમાસી અને સાવત્સરિક પ્રતિક્રમણ પછી કેટલાક સાતવાર અગર ત્રણવાર ગણે છે, બીજા સાવધાનપણે સાંભળે છે તે સર્વને તે

स्मरामि भक्तपालक – निर्वाणीगरुडकृतसेवम्

समरामि भत्तपालग–निव्वाणीगरुडकयसेवं ॥ १ ॥

સ્મરણકરૂંછું.ભક્તનુંપાલનકરનાર નિર્વાણીઅને ગરૂડેકરીછે સેવાજેની } એવા }

અર્થ—શાંતિના કરનાર, જગત્‌ને શરણભૂત, જયલક્ષ્મી (જય અને લક્ષ્મી) ના આપનાર અને ભક્તજનોનું પાલન કરનાર નિર્વાણી દેવી અને ગરૂડ યક્ષે કરી છે સેવા જેની એવા શ્રી **શાંતિનાથ** જિનનું હું સ્મરણ કરૂં છું–ધ્યાન કરૂં છું. ૧

ॐ सनमः [1]विप्रुडौषधि (लब्धि) प्राप्तेभ्यः शांतिस्वामिपादेभ्यः

ॐ सनमो विप्पोसहि–पत्ताणं संतिसामिपायाणं॥

ૐકાર સહિત } વિપ્રુડૌષધિ લબ્ધિ પામેલા, શાંતિસ્વામિ પૂજ્યને નમસ્કાર હો }

[2]क्ष्रौंस्वाहामंत्रेणं सर्वाशिवदुरितहर्तृभ्यः

क्ष्रौंस्वाहामंतेणं, सव्वासिवदुरिअहरणाणं ॥ २ ॥

ક્ષ્રૌં સ્વાહા મંત્રે સહિત સર્વ ઉપદ્રવ અને પાપને હરનારા

દિવસ, તે રાત્રી, તે પક્ષ, તે ચાતુર્માસ અને તે વર્ષને વિષે ઉપદ્રવ થાય નહિ. આ સબંધી વિશેષ હકીકત જાણવાની ઇચ્છાવાળાએ **ટીકા** જોવી.

૧ જેના વિષ્ટા અને મૂત્ર ઔષધી રૂપ છે અર્થાત્ જેના વિષ્ટા અને મૂત્ર સર્વ રોગને હરણ કરે છે એવી લબ્ધિવાળા.

૨ સૂરિમંત્રમાં કહેલ મંત્ર બીજ.

અર્થ–વિપ્રુડૌષધિ લબ્ધિને પામેલા, 'ઝ્રૌં સ્વાહા[1]'' મંત્રવડે સર્વ ઉપદ્રવ અને પાપને હરનારા (અથવા ઝ્રૌં સ્વાહા મંત્રવડે યુક્ત અને સર્વ ઉપદ્રવ અને પાપને હરનારા) પૂજ્ય **શાંતિનાથને** ૐકાર પૂર્વક નમસ્કાર હો ! ૨

ॐ शांतिनमस्कारः [2]श्लेष्मौषध्यादिलब्धिप्राप्तेभ्यः

ॐ संतिनमुक्कारो, खेलोसहिमाइलद्धिपत्ताणं ॥

શોભાયમાન શાંતિનાથને કરેલ નમસ્કાર } [2]શ્લેષ્મૌષધ્યાદિ લબ્ધિ પ્રાપ્તને

सौं ह्रीं नमः [3]सर्व्वौषधि (लब्धि) प्राप्तेभ्यः च ददाति श्रियम्

सौं ह्रीं नमो सव्वो–सहिपत्ताणं च देइ सिरिं ॥३॥

ઓં હ્રીં સહિત } નમસ્કાર હો, } સર્વૌષધિ લબ્ધિ પ્રાપ્તને, વળી આપે છે. લક્ષ્મી

અર્થ—[4]શ્લેષ્મૌષધિ આદિ લબ્ધિને પામેલા શોભાયમાન શ્રી શાંતિનાથને નમસ્કાર હો, વળી સર્વૌષધિ લબ્ધિને પામેલા શાંતિ-

---

૧ "ॐ नमो विप्पोसहिपत्ताणं झ्रौं स्वाहा" એ પદવડે જાપ કરવો.

૨ જેના શ્લેષ્મ અને નાકનો મેલ ઔષધરૂપ છે એ વગેરે વાળા.

૩ જેના દાંત, નખ, કેશ અને રોમ વગેરે સર્વ અવયવો ઔષધરૂપ છે એવી લબ્ધિવાળા.

૪ "ॐ ह्रीँ नमो खेलोसहिलद्धिपत्ताणं" અને "ॐ ह्रीँ नमो सव्वोसहिपत्ताणं" એ બે સૂરિમંત્ર છે, તેનો જાપ કરવાનો આમ્નાય ગુરૂગમ્ય સમજવો.

નાથને ૐ, હ્રીઁ સહિત નમસ્કાર હો, જે નમસ્કાર (ભવ્યોને) લક્ષ્મી આપે છે. અથવા ૐકાર સહિત શાંતિજિન નમસ્કાર શ્લેષ્મૌષધિ આદિ લબ્ધિ અને સર્વૌષધિ લબ્ધિ પામેલા સાધુ-ઓને જ્ઞાન દર્શનાદિ (દ્રવ્ય અને ભાવ) લક્ષ્મી આપે છે. ૩

वाणीत्रिभुवनस्वामिनीश्रीदेवीयक्षराजगणिपिटकाः

वाणीतिहुअणसामिणि-सिरिदेवीजक्खरायगणिपिडगा॥

શ્રુતદેવી, ત્રણ ભુવનની સ્વામિની[1], લક્ષ્મી દેવી અને યક્ષરાજ ગણિપિટક[2],

ग्रहदिक्पालसुरेन्द्राः सदाऽपि रक्षंतु जिनभक्तान्

गहदिसिपालसुरिंदा, सयावि रक्खंतु जिणभत्ते ॥ ४ ॥

ગ્રહ, દિક્પાળ અને દેવેંદ્રો, નિરંતર રક્ષણ કરો! જિનના ભક્તોને

અર્થ—શ્રુતદેવી, ત્રણ ભુવનની સ્વામિની, લક્ષ્મીદેવી અને યક્ષરાજ ગણિપિટક, ગ્રહ, દિક્પાળ અને દેવેંદ્રો જિનના ભક્તોનું સદાય રક્ષણ કરો! ૪

સોળ વિદ્યાદેવી.

रक्षंतु माम् रोहिणी प्रज्ञप्तिः वज्रशृंखला च सदा

रक्खंतू (तु) मम रोहिणि, पन्नत्ती वज्जसिंखला य सया॥

રક્ષણ કરો! મુજને રોહિણી, પ્રજ્ઞપ્તિ, વજ્રશૃંખલા અને સદા

---

૧ સૂરિમંત્ર પીઠપંચકની અધિષ્ઠાયિકા દેવી, તેનું ધ્યાન કરનારને પ્રાતિહાર્ય (સહાય) કરનારી

૨ દ્વાદશાંગનો અધિષ્ઠાયકદેવ, યક્ષો મધ્યે કાંતિવડે વિશેષ શોભે છે માટે તે યક્ષરાજ કહેવાય છે

वज्रांकुशी चक्रेश्वरी नरदत्ता काली महाकाली

वज्जंकुसि चक्केसरि, नरदत्ता कालि महकाली ॥५॥

વજ્રાંકુશી, ચક્રેશ્વરી, નરદત્તા, કાળી, મહાકાળી

અર્થ—[1]રોહિણી, પ્રજ્ઞપ્તિ, વજ્રશૃંખલા, વજ્રાંકુશી, ચક્રેશ્વરી, નરદત્તા, કાળી અને મહાકાળી, મારૂં અને ઉપલક્ષણથી બીજાઓનું પણ નિરંતર (સર્વ પ્રકારના ઉપદ્રવથી) રક્ષણ કરો ! ૫

गौरी तथा गांधारी महाज्वाला मानवी च वैरोटया

गोरी तह गंधारी, महजाला माणवी अ वइरुट्टा ॥

ગૌરી તેમજ ગાંધારી, મહાજવાલા, માનવી અને વૈરોટયા

---

૧ પુણ્ય બીજને ઉત્પન્ન કરે તે **રોહિણી,** પ્રકૃષ્ટ જ્ઞાન છે જેને વિષે તે **પ્રજ્ઞપ્તિ,** દુષ્ટને દમન કરવા માટે વજ્રની પેઠ દુર્ભેદ્ય શૃંખલા છે જેના હાથમા તે **વજ્રશૃંખલા,** વજ્ર અને અંકુશ એ અસ્ત્ર જેના હાથમા છે તે **વજ્રાંકુશી,** હાથમા નિરંતર ચક્રને ધારણ કરનારી તે **ચક્રેશ્વરી,** મનુષ્યને વરદાન વગેરે દેવાવાળી તે **નરદત્તા,** શ્યામ વર્ણવાળી અથવા શત્રુઓને વિષે કાળની ઉપમા છે જેને તે **કાળી,** ઘણા શ્યામવર્ણવાળી અને શત્રુઓને મહાકાળ સદશ તે **મહાકાળી,** ગૌર (ઉજ્વલ) વર્ણવાળી તે **ગૌરી,** ગાયના વાહનને ધારણ કરનારી તે **ગાંધારી,** સર્વ અસ્ત્રો (ફેંકવાના હથીયાર) ની મ્હોટી જવાલા છે જેને તે **મહાજવાલા,** મનુષ્યની જનની (માતા) તુલ્ય તે **માનવી,** અન્યોઅન્ય વૈરની ઉપશાંતિ માટે આગમન છે જેનુ તે **વૈરોટયા,** પાપનો સ્પર્શ નથી જેને તે **અચ્છુપ્તા,** ધ્યાન કરનારના મનને સાન્નિધ્ય કરવાવાળી તે **માનસિકા** અને ધ્યાન કરનારના મનને મહાસાન્નિધ્ય કરવાવાળી તે **મહામાનસિકા.** એ સોળ દેવીઓનુ વિદ્યા પ્રધાનત્વ હોવાથી તે વિદ્યાદેવીઓ કહેવાય છે. એ દેવીઓને મંત્રપટ્ટમા પોતપોતાને સ્થાનકે સ્થાપન કરીને તેનુ ધ્યાન કરે તો તે ધ્યાન સુખને દેનાર થાય છે

अच्छुप्ता मानसिका महामानसिकाः देव्यः
अच्चुत्ता माणसिया, महमाणसियाउ देवीउ ॥६॥
અચ્છુપ્તા, માનસિકા, મહામાનસિકા દેવીઓ

અર્થ—ગૌરી, ગાંધારી, મહાજ્વાલા, માનવી અને વૈરોટ્યા અચ્છુપ્તા, માનસિકા અને મહામાનસિકા એ (સોળ) દેવીઓ (રક્ષણ કરો!) ૬

ચોવીશ તીર્થંકરના યક્ષો.

यक्षाः गोमुखः महायक्षः त्रिमुखः यक्षेशः तुंबरुः कुसुमः
जक्खा गोमुह महजक्ख, तिमुह जक्खेस तुंबरु कुसुमो॥
યક્ષો ગોમુખ, મહાયક્ષ, ત્રિમુખ, યક્ષેશ, તુંબરૂ, કુસુમ,

मातंगविजयाजिताः ब्रह्म मनुजः सुरकुमारः
मायंगविजयअजिया, बंभो मणुउ सुरकुमारो ॥७॥
માતંગ, વિજય અને અજીત; બ્રહ્મ, મનુજ, સુરકુમાર

અર્થ—[1]યક્ષોના નામ કહે છે–ગોમુખ, મહાયક્ષ, ત્રિમુખ,

---

૧ આ સાતથી દશ ગાથામા વર્ણવેલા વર્તમાન ચોવીશીના ચોવીશ તીર્થંકરોના યક્ષ અને યક્ષણીઓના વર્ણ, વાહન અને આકાર વગેરે અનુક્રમે આ પ્રમાણે જાણવા—

૧ **ગોમુખ** સોના જેવા વર્ણવાળો, ગજવાહન અને ચાર ભૂજાવાળો છે. જમણી બે ભૂજામા વરદ તથા અક્ષમાળા અને ડાબી બે ભૂજામાં માતુલીંગ (બીજોરૂ) અને પાશ હોય છે. ૨ **મહાયક્ષ** શ્યામવર્ણ, ચાર

યક્ષેશ, તુંબરૂ, કુસુમ, માતંગ, વિજય, અજીત, બ્રહ્મ, મનુજ, સુરકુમાર; ૭

મુખ, ગજવાહન અને આઠ હાથવાળો છે. જમણા ચાર હાથમા વરદ, મુદ્ગર, અક્ષસૂત્ર (નાનીમાળા) અને પાશ હોય છે તથા ડાબા ચાર હાથમા બીજોરૂ, અભય, અંકુશ અને શક્તિ હોય છે ૩ **ત્રિમુખ** ત્રણ નેત્ર, ત્રણ મુખ, શ્યામવર્ણ, મયુરવાહન અને ૬ ભૂજાવાળો છે જમણી ત્રણ ભૂજા નકુલ, ગદા અને અભય યુક્ત હોય અને ડાબી ત્રણ ભૂજા બીજોરૂ, નાગ અને અક્ષસૂત્ર યુક્ત હોય છે ૪ **ઈશ્વર** શ્યામ કાંતિ, ગજવાહન અને ચાર ભૂજાવાળો છે જમણી ભૂજાઓમા બીજોરૂ ને અક્ષસૂત્ર હોય અને ડાબી ભૂજાઓમા નકુલ ને અંકુશ હોય ૫ **તુંબરૂ** શ્વેતવર્ણ, ગરૂડવાહન, અને ચાર ભૂજાવાળો છે જમણા બે હાથ વરદ અને શક્તિયુક્ત હોય અને ડાબા બે હાથ ગદા અને નાગપાશ યુક્ત હોય ૬ **કુસુમ** નીલવર્ણ, કુરંગ (હરણ) વાહન અને ચાર ભૂજાવાળો છે જમણા બે હાથમા ફળ અને અભય હોય છે અને ડાબા બે હાથમા નકુલ અને અક્ષસૂત્ર હોય છે ૭ **માતંગ** નીલવર્ણ, ગજવાહન અને ચાર ભૂજાવાળો છે જમણી બે ભૂજાઓમા બીલ્વ અને પાશ હોય ત્યારે ડાબી બે ભૂજાઓમા નકુલ અને અંકુશ હોય ૮ **વિજય** હરિતવર્ણ, ત્રણ લોચન, હંસવાહન અને બે ભૂજાવાળો છે જમણા હાથમા ચક્ર અને ડાબા હાથમા મુદ્ગર હોય ૯ **અજીત** શ્વેતવર્ણ, કૂર્મવાહન, અને ચાર ભૂજાવાળો છે જમણા બે હાથ માતુલિંગ, અક્ષસૂત્ર યુક્ત હોય છે અને ડાબા હાથ નકુલ, કુંતકાલ યુક્ત હોય છે ૧૦ **બ્રહ્મા** ચારમુખ, ત્રણનેત્ર, શ્વેતવર્ણ, પદ્માસન અને આઠ ભૂજાવાળો છે. જમણા ચાર હાથમા માતુલિંગ, મુદ્ગર, પાશ અને અભય હોય છે અને ડાબા ચાર હાથમા નકુલ, ગદા, અંકુશ અને અક્ષસૂત્ર હોય છે ૧૧ **મનુજ** અથવા **ઈશ્વર** શ્વેતવર્ણ, ત્રણનેત્ર, વૃષભ વાહન અને ચાર ભૂજાવાળો છે. જમણા બે હાથમાં માતુલિંગ અને ગદા હોય છે અને ડાબા બે હાથ નકુલ અને અક્ષસૂત્રયુક્ત હોય છે ૧૨ **સુરકુમાર** શ્વેતવર્ણ, હંસવાહન અને ચાર ભૂજાવાળો છે જમણા બે હાથ માતુલિંગ અને બાણયુક્ત અને ડાબા

षण्मुखः पातालः किन्नरः गरुडः गंधर्वः तथा च यक्षेन्द्रः

छम्मुह पयाल किन्नर, गरुलो गंधव्व तह य जक्खिंदो ॥

ષણ્મુખ, પાતાળ, કિન્નર, ગરૂડ, ગંધર્વ તેમજ વળી યક્ષેંદ્ર

कूबरः वरुणः भृकुटिः गोमेधः पार्श्वमातंगौ

कूबर वरुणो भिउडी, गोमेहो पासमायंगा ॥ ८ ॥

કૂબર, વરૂણ, ભૃકુટી, ગોમેધ, પાર્શ્વ અને માતંગ

બે હાથ નકુલ અને ધનુષ્યયુક્ત હોય છે ૧૩ **ષણ્મુખ** શ્વેતવર્ણ, શિખિ (મોર) વાહન અને બાર ભૂજાવાળો છે જમણા છ હાથ ફલ, ચક્ર, બાણ, ખડગ, પાશ અને અક્ષસૂત્રયુક્ત હોય અને ડાબા છ હાથ નકુલ, ચક્ર, ધનુ, ફલક, અંકુશ અને અભયયુક્ત હોય છે ૧૪ **પાતાલ** ત્રણ મુખ, રક્તવર્ણ, મકરવાહન અને છ ભૂજાવાળો છે જમણા ત્રણ હાથ પદ્મ, ખડ્ગ અને પાશયુક્ત હોય છે અને ડાબા ત્રણ હાથ નકુલ, ફલક અને અક્ષસૂત્ર યુક્ત હોય છે. ૧૫ **કિન્નર** ત્રણમુખ, રક્તવર્ણ, કૂર્મ (કાચબો) વાહન અને છ ભૂજાવાળો છે જમણા ત્રણ હાથ બીજપૂરક, ગદા અને અભયયુક્ત હોય અને ડાબા ત્રણ હાથ નકુલ, પદ્મ અને અક્ષમાલા યુક્ત હોય ૧૬ **ગરૂડ** વરાહવાહન, ક્રોડવદન, શ્યામવર્ણ અને ચાર ભૂજાવાળો છે જમણા બે હાથમા બીજ-પૂરક ને પદ્મ અને ડાબા બે હાથ નકુલને અક્ષસૂત્રયુક્ત હોય છે ૧૭ **ગંધર્વ** શ્યામવર્ણ, હંસ વાહન અને ચાર ભૂજાવાળો છે જમણા બે હાથ વરદ ને પાશયુક્ત હોય છે અને ડાબા બે હાથમા માતુલિંગ અને અંકુશ હોય છે. ૧૮ **યક્ષેન્દ્ર** છમુખ, ત્રણનેત્ર, શ્યામવર્ણ, શંખ (અથવા મોર) વાહન અને બાર ભૂજાવાળો છે તેના જમણા છ હાથ બીજપૂરક, બાણ, ખડ્ગ, મુદ્ગર, પાશ અને અભયયુક્ત છે અને ડાબા છ હાથ નકુલ, ધનુ, ફલક, શૂલ, અંકુશ અને અક્ષસૂત્રયુક્ત હોય છે ૧૯ **કૂબર-કુબેર** ચાર મુખ, ઇંદ્રાયુધ (નીલ) વર્ણ, ગજવાહન અને આઠ ભૂજાવાળો છે તેના જમણા ચાર

અર્થ—ષણ્મુખ, પાતાળ, કિન્નર, ગરૂડ, ગંધર્વ તેમજ વળી યક્ષેન્દ્ર, કૂબર, વરૂણ, ભૃકુટી, ગોમેધ, પાર્શ્વ અને માતંગ. ૮

હાથમા વરદ, પરશુ, શલ અને અભય હોય છે અને ડાબા ચાર હાથમાં બીજપૂરક, શક્તિ, મુદ્ગર અને અક્ષસૂત્ર હોય છે ૨૦ **વરૂણ** ચાર મુખ, ત્રણનેત્ર, શ્વેતવર્ણ, વૃષભવાહન, જટામુકુટ ભૂષિત અને આઠ ભૂજાવાળો છે. તેના જમણા ચાર હાથમા બીજપૂરક, ગદા, બાણ અને શક્તિ હોય છે અને ડાબા ચાર હાથમા નકુલ, પદ્મ, ધનુ અને પરશુ હોય છે ૨૧ **ભૃકુટી** ચાર મુખ, ત્રણ નેત્ર, સોના જેવો વર્ણ વૃષભ વાહન અને આઠ ભૂજાવાળો છે તેના જમણા ચાર હાથમા બીજપૂરક, શક્તિ, મુદ્ગર અને અભય છે અને ડાબા ચાર હાથમા નકુલ, પરશુ, વજ્ર અને અક્ષમાત્ર છે ૨૨ **ગોમેધ** ત્રણ મુખ, શ્યામ કાન્તિ, પુરૂષ વાહન અને છ ભૂજાવાળો છે તેના જમણા ત્રણ હાથમા માતુલિંગ, પરશુ અને ચક્ર છે અને ડાબા ત્રણ હાથમા નકુલ, શલ અને શક્તિ છે ૨૩ **પાર્શ્વ** અથવા **વામન** ગજમુખ, સર્પફણામંડિત મસ્તક, શ્યામવર્ણ, કૂર્મ વાહન અને ચાર ભૂજા વાળો છે. જમણા બે હાથમા બીજપૂરક ને સર્પ (અથવા માતુલિંગ ને ગદા) છે અને ડાબા બે હાથમા નકુલ અને સર્પ છે ૨૪ **માતંગ** શ્યામવર્ણ, ગજવાહન, બે ભૂજાવાળો છે જમણા હાથમા નકુલ અને ડાબા હાથમા બીજપૂરક છે.

૧ **ચક્રેશ્વરી** અથવા **અપ્રતિચક્રા** સુવર્ણવર્ણા, ગરૂડવાહન અને આઠ ભૂજાવાળી છે જમણી ચાર ભૂજામા વરદ, બાણ, ચક્ર અને પાશ છે અને ડાબા ચાર હાથમા ધનુષ્ય, વજ્ર, ચક્ર અને અંકુશ છે ૨ **અજીતા** ગૌરવર્ણ લોહાસનાધિ (ગૌ) રૂઢ અને ચાર હાથવાળી છે જમણા બે હાથમા વરદ અને પાશ છે અને ડાબા બે હાથમા બીજપૂરક અને અંકુશ છે ૩ **દુરિતારિ** ગૌરવર્ણ, મેષાવાહન અને ચાર હાથવાળી છે જમણા બે હાથમા વરદ અને અક્ષસૂત્ર છે અને ડાબા બે હાથમા ફલ અને અભય છે. ૪ **કાલી** શ્યામવર્ણ, પદ્માસન અને ચાર ભૂજાવાળી છે જમણા બે હાથમાં વરદ અને પાશ છે અને ડાબા બે હાથમા નાગ અને અંકુશ છે.

ચોવીશ તીર્થંકરની શાસન દેવી.

देव्यः चक्रेश्वरी अजिता दुरितारि काली महाकाली
देवीउ चक्केसरि, अजिया दुरिआरि कालि महकाली ।।७
દેવીઓ ચક્રેશ્વરી, અજિતા, દુરિતારી, કાલી, મહાકાલી,

अच्युता शांता ज्वाला सुतारकाऽशोका श्रीवत्सा
अच्चुअ संता जाला, सुतारयासोय सिरिवच्छा ।।८।।
અચ્યુતા, શાંતા, જવાલા, સુતારકા, અશોકા, શ્રીવત્સા,

---

૫ **મહાકાલી** સોના જેવો વર્ણ, પદ્માસન, ચાર ભૂજાવાળી છે જમણા બે હાથમા વરદ અને પાશ છે અને ડાબા બે હાથમા માતુલિગ અને અંકુશ છે ૬ **અચ્યુતા** શ્યામવર્ણ, નરવાહન અને ચાર ભૂજાવાળી છે. દક્ષિણ બે હાથમા વરદ અને બાણ છે અને ડાબા બે હાથમા ધનુષ્ય અને અભય (અથવા બીજોરૂ અને અંકુશ) છે ૭ **શાંતા** સુવર્ણવર્ણ, ગજવાહન અને ચતુર્ભુજાવાળી છે જમણા બે હાથમા વરદ અને અક્ષસૂત્ર છે અને ડાબા બે હાથમા શૂલ અને અભય છે. ૮ **જવાલા-ભૃકુટી** પીળોવર્ણ, વરા(હ)લ વાહન અને ચાર ભૂજાવાળી છે જમણા બે હાથમા ખડ્ગ અને મુદ્દગર છે, ડાબા બે હાથમા ફલક અને પરશુ છે ૯ **સુતારિકા** ગૌરવર્ણ, વૃષભ વાહન અને ચાર ભૂજાવાળી છે. તેના જમણા બે હાથમા વરદ અને અક્ષ-સૂત્ર છે અને ડાબા બે હાથમા કલશ ને અંકુશ છે ૧૦ **અશોકા** નીલવર્ણ, પદ્માસન અને ચાર ભૂજાવાળી છે. જમણા બે હાથમા વરદ અને પાશ (અથવા મુદ્દગર) છે અને ડાબા બે હાથમા ફલક અને અંકુશ છે. ૧૧ **શ્રી-વત્સા-માનવા** ગૌરવર્ણ, સિંહવાહન અને ચાર ભૂજાવાળી છે. જમણા બે હાથમાં વરદ અને મુદ્દગર છે અને ડાબા બે હાથમા કલશ અને અંકુશ (અથવા પુષ્પ ને ગદા) છે ૧૨ **પ્રવરા-ચંડા** શ્યામવર્ણ, અશ્વવાહન અને

અર્થ—દેવીઓના નામ કહે છે-ચક્રેશ્વરી, અજીતા, દુરિ-તારી, કાળી, મહાકાળી, અચ્યુતા, શાંતા, જ્વાલા, સુતારકા, અશોકા, શ્રીવત્સા, ૯

ચાર ભૂજાવાળી છે જમણા બે હાથમા વરદ અને શક્તિ છે અને ડાબા બે હાથમા પુષ્પ અને ગદા છે ૧૩ **વિજયા-વિદિતા** હરિતવર્ણ, પદ્માસન અને ચાર ભૂજાવાળી છે જમણા બે હાથમા બાણ અને પાશ છે અને ડાબા બે હાથમા ધનુષ્ય અને નાગ છે ૧૪ **અંકુશા** ગૌરવર્ણ, પદ્માસન અને ચાર ભૂજાવાળી છે જમણા બે હાથમા ખડ્ગ અને પાશ છે અને ડાબા બે હાથમા ફલક અને અકુશ છે ૧૫ **પન્નગા-કંદર્પા** ગૌરવર્ણ, મત્સ્ય વાહન અને ચાર ભૂજાવાળી છે. જમણા બે હાથમા ઉત્પલ (કમળ) અને અંકુશ છે અને ડાબા બે હાથમાં પદ્મ અને અભય છે ૧૬ **નિર્વાણી** સુવર્ણ કાતિ, પદ્માસન અને ચાર ભૂજાવાળી છે જમણા બે હાથમાં પુસ્તક અને ઉત્પલ છે અને ડાબા બે હાથમા કમડલુ અને કમલ છે **૧૭ અચ્યુતા-બલા** સુવર્ણવર્ણ, મયર વાહન અને ચાર ભૂજાવાળી છે જમણા બે હાથમા બીજપૂરક અને શલ અને ડાબા બે હાથમાં મુષ્ટી (એક જાતનુ શસ્ત્ર) અને પદ્મ છે ૧૮ **ધારણી** નીલવર્ણ, પદ્માસન અને ચાર ભૂજાવાળી છે જમણા બે હાથમા માતુલિગ અને ઉત્પલ છે અને ડાબા બે હાથમા પદ્મ અને અક્ષસૂત્ર છે ૧૯ **વૈરોટયા** કૃષ્ણવર્ણ, પદ્માસન અને ચાર ભૂજાવાળી છે જમણા બે હાથમા વરદ ને અક્ષમૂત્ર અને ડાબા બે હાથમા બીજપૂરક અને શક્તિ છે ૨૦ **અચ્છુપ્તા-નરદત્તા** કનક વર્ણ, ભદ્રાસન અને ચાર ભૂજાવાળી છે જમણા બે હાથમા વરદ અને અક્ષમૂત્ર અને ડાબા બે હાથમા બીજપૂરક અને શલ છે ૨૧ **ગાંધારી** શ્વેતવર્ણ, હસવાહન અને ચાર ભૂજાવાળી છે જમણા બે હાથમા વરદ અને ખડ્ગ અને ડાબા બે હાથમા બીજપૂરક અને કુત (ભાલુ) છે ૨૨ -**અંબા** કનકકાતિ, સિહવાહન અને ચાર ભૂજાવાળી છે જમણા બે હાથમાં આમ્રલુબી અને પાશ અને ડાબા બે હાથમા ચક્ર અને અકુશ છે. ૨૩

चंडा विजयांकुशापन्नगा इति निर्वाणी अच्युता धारिणी
चंडा विजयंकुसिपन्न इत्ति निव्वाणि अच्चुआ धरणी॥
ચંડા, વિજયા, અંકુશા, પન્નગા } નિર્વાણી, અચ્યુતા, ધારિણી,
એમ }

वैरोटयाच्छुप्ता (दत्ता) गांधारी अम्बा पद्मावती सिद्धा
वैरुट्टछुत्त (दत्त) गंधारि, अंब पउमावई सिद्धा॥१०॥
વૈરોટયા,અચ્છુપ્તા(દત્તા),ગંધારિ, અંબા, પદ્માવતી, સિદ્ધા.

અર્થ--ચંડા, વિજયા, અંકુશા, પન્નગા, નિર્વાણી, અચ્યુતા ધારિણી, વૈરોટયા, અછુપ્તા (દત્તા), ગધારી અબા, પદ્માવતી અને સિદ્ધા. ૧૦

इति तीर्थरक्षणरताः अन्येऽपि सुरासुर्यश्च चतुर्विधा अपि
इअ तित्थरक्खणरया, अन्नेवि सुरासुरी य चउहावि ॥
એ પ્રકારે તીર્થરક્ષામાં રક્ત અન્ય પણ દેવ દેવીઓ અને ચારે પ્રકારના

व्यन्तरयोगिनीप्रमुखाः कुर्वंतु रक्षां सदा अस्माकम्
वंतरजोइणिपमुहा, कुणंतु रक्खं सया अम्हं ॥११॥
વ્યંતરઅનેયોગિની પ્રમુખ, કરો ! રક્ષણ નિરંતર અમારૂં

પદ્માવતી કનકવર્ણ, કુર્કુટસર્પ વાહન અને ચતુર્ભૂજાવાળી છે જમણા બે હાથમા પદ્મ અને પાશ અને ડાબા બે હાથમા ફલ અને અકુશ છે. ૨૪ **સિદ્ધાયિકા** હરિતવર્ણ, સિહવાહન અને ચાર ભૂજાવાળી છે જમણા બે હાથમાં પુસ્તક [પદ્મ] ને અભય [પાશ] અને ડાબા બે હાથમા બીજપૂરક અને વીણા છે આ ચોવીશ યક્ષ અને શાસનદેવીઓ શાસનના અધિષ્ઠાયક હોવાથી હમેશા સ્મરણ કરવા યોગ્ય છે.

અર્થ—એ પ્રકારે તીર્થ (ચતુર્વિધ સંઘ) ની રક્ષામાં તત્પર પૂર્વોક્ત યક્ષ, યક્ષણીઓ અને બીજા પણ ચારે પ્રકારના દેવદેવીઓ, [1]વ્યંતર અને [2]યોગિની પ્રમુખ (આ સ્તોત્રનું સ્મરણ કરનારા અથવા શ્રી શાંતિનાથના ભક્ત એવા) અમારૂં નિરંતર રક્ષણ કરો ! ૧૧

एवं सुदृष्टिसुरगण–सहितः संघस्य शांतिजिनचंद्रः

एवं सुदिट्ठिसुरगण–सहिउ संघस्स संतिजिणचंदो ॥

એપ્રકારે સમ્યગદૃષ્ટિ દેવસમુદાયે સહિત, સંઘની શાંતિજિનચંદ્ર,

ममापि करोतु रक्षां मुनिसुंदरसूरिस्तुतमहिमा

मज्झवि करेउ रक्खं, मुणिसुंदरसूरिथुअमहिमा ॥१२॥

મારી પણ કરો ! રક્ષા, મુનિસુંદર સૂરિએ સ્તવ્યો છે મહિમા જેનો એવા

અર્થ—એ પ્રકારે સમ્યગ્ દૃષ્ટિ દેવ સમુદાયે સહિત અને મુનિ માંહે પ્રધાન શ્રુતકેવળી વગેરેએ અને પંડિતોએ (મુનિ સુંદર સૂરિએ) સ્તવ્યો છે મહિમા જેનો એવા શાતિ જિનચંદ્ર, સંઘની અને મારી પણ રક્ષા કરો ! ૧૨

इति [3]शांतिनाथरक्षां सम्यग्दृष्टी स्मरति त्रिकालं यः

इअ संतिनाह सम्म–दिट्ठी रक्खं सरइ तिकालं जो॥

એ પ્રકારે શાંતિનાથની સમ્યગ્ દૃષ્ટિ રક્ષા ચિંતવે છે. ત્રણકાળ જે

---

૧ ઘંટાકર્ણાદિ બાવન વીર અથવા માણિભદ્રાદિ ક્ષેત્રપાળ

૨ ભદ્રકાળી પ્રમુખ ચોસઠ યોગિની.

૩ અહીં संतिनाह અને रक्खंની વચ્ચે सम्मद्दिट्ठी એ પદનુ વ્યવધાન, પ્રાકૃત વ્યાકરણના નિયમથી છે.

सर्व्वोपद्रवरहितः स लभते सुखसंपदं परमम्

सव्वोवद्दवरहिओ, स लहइ सुहसंपयं परमं ॥१३॥

સર્વ ઉપદ્રવે રહિત તે પામે છે. સુખસંપદા ઉત્કૃષ્ટ

અર્થ—એ પ્રકારે જે સમ્યગ્ દૃષ્ટિ મનુષ્ય શાંતિનાથની રક્ષાને ત્રણે કાળ સ્મરણ કરે છે તે સર્વ ઉપદ્રવથી રહિત થયો છતો ઉત્કૃષ્ટ સુખ સંપદાને પામે છે. ૧૩

तपोगच्छगगनदिनकर – युगवरश्रीसोमसुंदरगुरूणां

तवगच्छगयणदिणयर–जुगवरसिरिसोमसुंदरगुरूणं ॥

તપગચ્છરૂપ આકાશમાં સૂર્ય સમાન યુગપ્રધાન શ્રી સોમસુંદર ગુરૂના

सुप्रसादलब्धगणधर– विद्यासिद्धिर्भणति शिष्यः

सुपसायलद्धगणहर–विज्जासिध्धी भणइ सीसो ॥१४॥

રૂડા પ્રસાદવડે પ્રાપ્ત કરી છે ગણધર વિદ્યા સિદ્ધ જેણે એવો } ભણે છે. શિષ્ય

અર્થ—તપગચ્છરૂપ ગગનમાં સૂર્યસમાન યુગપ્રધાન શ્રી સોમસુંદરસૂરિ ગુરૂના રૂડા પ્રસાદવડે પ્રાપ્ત કરી છે ગણધર વિદ્યા સિદ્ધિ જેણે એવો શિષ્ય (મુનિસુંદરસૂરિ) ભણે છે-કહે છે* ૧૪

ઇતિ શ્રી સંતિકર સ્તવનમ્

---

* ગુરૂનુ નામ લેવાની લાલસાએ કટલાએક આ ચૌદમી ગાથા ગણે છે તેમાં કાંઈ વિરોધ નથી.

॥ अथ तिजयपहुत्त.* ॥

त्रिजगत्प्रभुत्वप्रकाशका-ष्टमहाप्रातिहार्ययुक्तानां
तिजयपहुत्तपयासय,-अट्ठमहापाडिहेरजुत्ताणं ॥
ત્રણ જગતના સ્વામીપણાને પ્રગટ કરનાર આઠ પ્રાતિહાર્ય યુક્ત
समयक्षेत्रस्थितानां स्मरामि चक्रं जिनन्द्राणाम्
समयक्खित्तठिआणं, सरेमि चक्कं जिणिंदाणं ॥ १ ॥
કાળક્ષેત્રમાં રહેલા, સ્મરણ કરૂં છું. વૃંદને જિનેદ્રોના

અર્થ—ત્રણ ભુવનની ઠકુરાઇને પ્રગટ કરનારા આઠ પ્રાતિહાર્યયુકત અને કાળક્ષેત્ર (અઢી દ્વીપ) માં વર્તતા જિનેંદ્રોના વૃંદ ([1]યત્ર) ને સ્મરણ કરૂ છું. ૧

---

* આ સ્તોત્રમા એકસો સિત્તેર જિનની સ્તુતિ હોવાથી "**सत्तरिसयं थुत्तं**" એ નામ પણ આ સ્તોત્રનુ છે શ્રી **માનદેવ** સૂરિએ કોઈ વખતે શ્રી સઘમા વ્યતરે કરેલ ઉપસર્ગ નિવારવા અર્થે આ સ્તોત્ર રચ્યુ છે, એવો સપ્રદાય છે

૧જ્યા રાત્રી દિવસરૂપ કાળની પ્રધાનતા છે એવા કાળક્ષેત્ર એટલે અઢી દ્વીપને વિષે ઉત્પન્ન થયેલા ૧૭૦ જિનની સ્તવના યત્રવડે થાય છે, તે યત્ર મોટો અને ઘણા માહાત્મ્યવાળો છે, તે યત્ર કરવાની રીતિ આ પ્રમાણે જાણવી—

पंचविंशतिश्च अशीतिः पंचदश पंचाशद् (इति) जिनवरसमूहः

पणवीसा य असीआ, पनरस पन्नास जिणवरसमूहो॥

પચ્ચીશ અને એંશી, પંદર, પચાસ (એ પ્રકારે) જિનવરનો સમુદાય

૨૫	૮૦	क्षि	૧૫	૫૦
૨૦	૪૫	प	૩૦	૭૫
क्षि	प	ॐ	स्वा	हा
૭૦	૩૫	स्वा	૬૦	૫
૫૫	૧૦	हा	૬૫	૪૦

આ બાજુમા જણાવ્યા મુજબ તે યત્રના પાચ ઉભા અને પાચ આડા ખાના કરવા એટલે ૨૫ ખાના થયા તેમા મધ્યના આડા પાચ ખાનામા ‘ क्षिप ॐ स्वाहा ’ એ પાચ અક્ષરની પચ મહાભૂતાત્મક મહા વિદ્યા લખવી તેમજ મધ્યના પાચ ઉભા ખાનામા પણ એજ પાચ અક્ષરની મહાવિદ્યા લખવી (તેમા क्षि પૃથ્વી બીજ, प અપ્બીજ, ॐ અગ્નિબીજ स्वा પવન બીજ અને हा આકાશબીજ છે) પહેલી આડી પક્તિના બાકીના ચાર ખાનામા બીજી ગાથામા બતાવેલા ૨૫-૮૦-૧૫-૫૦ એ ચાર અકો અનુક્રમે લખવા, બીજી આડી પક્તિના બાકીના ચાર ખાનામા ત્રીજી ગાથામા બતાવેલા ૨૦-૪૫-૩૦-૭૫ એ ચાર અકો અનુક્રમે લખવા, ચોથી આડી પક્તિના બાકીના ચાર ખાનામાં ચોથી ગાથામાં બતાવેલા ૭૦-૩૫-૬૦-૫ એ ચાર અકો અનુક્રમે લખવા અને પાચમી આડી પક્તિના બાકીના ચાર ખાનામાં પાચમી ગાથામા બતાવેલા ૫૫-૧૦-૬૫-૪૦ એ ચાર અકો અનુક્રમે લખવા તે પછી છટ્ઠી ગાથામા બતાવેલા ह (દુરિતનાશક સૂર્યબીજ), र (પાપદહનકારક અગ્નિબીજ), हु (ભૂતાદિત્રાસક ક્રોધબીજ અને આત્મરક્ષક કવચ) અને ह (સૂર્ય બીજે સપૂટિત) એ ચાર બીજાક્ષરો પહેલી આડી લીટીના અકોવાળા ચાર ખાનામા અકો નીચે અનુક્રમે મૂકવા અને स (સૌમ્યતાકારક ચદ્રબીજ), र (તેજોદ્દીપન

नाशयतु सकलदुरितं भव्यानां भक्तियुक्तानाम्

नासेउ सयलदुरिअं, भविआणं भत्तिजुत्ताणं ॥२॥

નાશ કરો! બધાં પાપને ભવ્યોનાં ભક્તિયુક્ત

અર્થ—પચ્ચીશ, એંશી, પંદર અને પચાસ એ પ્રકારે (યંત્રમાં લખેલ) તીર્થંકરનો સમુદાય ભક્તિવાન ભવ્યજનોનાં બધાં પાપનો નાશ કરો! ૨.

विंशतिः पंचचत्वारिंशदपिच त्रिंशत् पंचसप्ततिः (इति) जिनवरेन्द्राः

वीसा पणयाला विय, तीसा पन्नत्तरी जिणवरिंदा ॥

વીશ, પીસ્તાળીશ નિશ્ચયે ત્રીશ, પંચોતેર (એ પ્રકારે) જિનેશ્વરો

અગ્નિબીજ), मु (સર્વ દુરિતને શાંત કરનાર શામક) અને स (ચંદ્રબીજે સંપુટિત) એ ચાર અક્ષરો બીજી આડી લીટીના અંકોવાળા ચાર ખાનામાં અનુક્રમે મૂકવા. ચોથી આડી લીટીના અંકોવાળા ચાર ખાનામાં પણ हरहुह એ ચાર બીજાક્ષરો મૂકવા અને પાંચમી આડી લીટીના અંકોવાળા ચારખાનામાં सरमुस એ ચાર બીજાક્ષરો લખવા. આ છઠ્ઠી ગાથામાં આરંભમાં ॐ છે તે પંચપરમેષ્ઠિ વાચક છે અને हरहुह એ ચાર બીજાક્ષરોવડે અનુક્રમે **પદ્મા, જયા, વિજયા** અને **અપરાજીતા** એ ચાર દેવીઓના નામ જાણવા.

આ યંત્રની ચાર ઉભી, ચાર આડી અને બે તીરછી એમ દશ લાઈનના અંકોનો સરવાળો કરતાં દરેકનો સરવાળો ૧૭૦ થાય છે, સર્વ બાજુથી સરખી ગણતરી મળે છે તેથી **સર્વતોભદ્ર** એવું આ યંત્રનું નામ છે. આ યંત્રના ચારે બાજુના પડખાના અંકોવાળા ૧૬ ખાનામાં અનુક્રમે સાતમી અને આઠમી ગાથામાં બતાવેલી ૧૬ વિદ્યાદેવીઓના નામ ॐ ह्रीं श्रीं એ ત્રણ બીજાક્ષરો સહિત અને અંતમાં नम પદ સહિત લખવા.

ग्रहभूतराक्षसशाकिनी — घोरोपसर्गं प्रणाशयंतु
गहभूअरक्खसाइणि-घोरुवसग्गं पणासंतु ॥३॥
ગ્રહ, ભૂત, રાક્ષસ અને શાકિનીના ઘોર ઉપસર્ગને પ્રકર્ષે નાશ કરો!

અર્થ—વીશ, પીસ્તાળીશ વળી ત્રીશ અને પંચોતેર એ પ્રકારે જિનેશ્વરો ગ્રહ, ભૂત, રાક્ષસ અને શાકિનીથી ઉત્પન્ન થયેલ ઘોર ઉપસર્ગનો પ્રકર્ષે નાશ કરો! ૩.

सप्ततिः पंचत्रिंशदपि च षष्टिः पंचैव जिनगणः एषः
सत्तरि पणतीसा विय, सठ्ठी पंचेव जिणगणो एसो ॥
સિત્તેર, પાંત્રીશ વળી સાઠ, પાંચ નિશ્ચે જિન સમુદાય એ

व्याधिजलज्वलनहरिकरिचोरारिमहाभयं हरतु
वाहिजलजलणहरिकरि-चोरारिमहाभयं हरउ ॥४॥
વ્યાધિ, પાણી, અગ્નિ, વાઘ, હાથી, ચોર અને શત્રુના મોટા ભયને હરણ કરો.

અર્થ—સિત્તેર, પાત્રીશ વળી સાઠ અને નિશ્ચે પાંચ એ જિન સમુદાય વ્યાધિ, પાણી (અથવા તાવ), અગ્નિ, વાઘ, હાથી, ચોર અને શત્રુના મોટા ભયને હરણ કરો! ૪.

पञ्चपञ्चाशच्च दशैव च पंचषष्टिः तथा च चैव चत्वारिंशत्
पणपन्ना य दसेव य, पन्नठ्ठी तहय चेव चालीसा ॥
પંચાવન અને દશ વળી પાંસઠ તેમજ નિશ્ચે ચાલીશ

रक्षंतु मे शरीरं देवासुरप्रणताः सिद्धाः

रक्खंतु मे सरीरं, देवासुरपणमिआ सिद्धा ॥ ५ ॥

રક્ષણ કરો મારા શરીરને દેવ, દાનવે નમસ્કાર કરાયેલા, સિદ્ધ થયેલા

અર્થ—પંચાવન અને વળી દશ, પાંસઠ તેમજ નિશ્ચે ચાળીશ એ દેવદાનવે નમસ્કાર કરાયેલા અને સિદ્ધ થએલા એવા જિનો મારા શરીરનું રક્ષણ કરો ! ૫.

ॐ हरहुंहः सरसुंसः हरहुंहः तथा चैव सरसुंसः

ॐ हरहुंहः सरसुंसः, हरहुंहः तहय चेव सरसुंसः॥

ઓં હરહુંહ સરસુંસ હરહુંહ તેમજ નિશ્ચે સરસુંસઃ

आलिखितनामगर्भं चक्रं किल सर्वतोभद्रम्

आलिहियनामगब्भं, चक्कं किर सव्वओभद्दं ॥६॥

લખ્યું છે સાધકનું નામ જેના મધ્યમાં એવા } યંત્ર નિશ્ચે સર્વતોભદ્ર (જાણવો)

અર્થ—ૐ હરહુંહઃ સરસુંસ. હરહુ હઃ તેમજ સરસુસઃ એ મંત્ર બીજાક્ષરોએ સહિત લખ્યું છે સાધક પુરૂષનું નામ જેના મધ્યમાં એવો યત્ર તે **સર્વતોભદ્ર** જાણવો. ૬.

ॐ रोहिणी प्रज्ञप्तिः वज्रशृंखला तथा च वज्रांकुशा

ॐ रोहिणि पन्नत्ति, वज्जसिंखला तहय वज्जअंकुसिआ

ૐ રોહિણી, પ્રજ્ઞપ્તિ, વજ્રશૃંખલા તેમજ વજ્રાંકુશા

चक्रेश्वरी नरदत्ता काली महाकाली तथा गौरी
चक्केसरि नरदत्ता, कालि महाकालि तह गोरी ॥७॥
ચક્રેશ્વરી, નરદત્તા, કાળી, મહાકાળી તેમજ ગૌરી,

અર્થ—તે યંત્રમાં ૐ(પ્રણવબીજ),હ્રીઁ (માયાબીજ)અને શ્રી (લક્ષ્મી બીજ)એ ત્રણ મંત્ર બીજપૂર્વક સોળ દેવીઓના નામ લખવાં તે કહે છે-રોહિણી, પ્રજ્ઞપ્તિ, વજૂશૃંખલા તેમજ વજ્રાંકુશા, ચક્રેશ્વરી, નરદત્તા, કાળી, મહાકાળી તેમજ ગૌરી, ૭.

गांधारी महाज्वाला मानवी वैरोट्या तथा च अच्छुप्ता
गंधारि महज्जाला, माणवि वइरुट्ट तहय अच्छुत्ता ॥
ગાંધારી, મહાજવાલા, માનવી, વૈરોટ્યા તેમજ અચ્છુપ્તા;
मानसी महामानसिका विद्यादेव्यः रक्षंतु
माणसि महमाणसिआ, विज्जादेवीउ रक्खंतु ॥८॥
માનસી, મહામાનસિકા (એ) વિદ્યા દેવીઓ રક્ષણ કરો!

અર્થ—ગાંધારી, મહાજવાલા, માનવી, વૈરોટ્યા તેમજ અચ્છુપ્તા· માનસિ, મહામાનસિકા (એ સોળ) વિદ્યા દેવીઓ મારૂં રક્ષણ કરો! ૮.

पंचदशकर्म्मभूमिषु उत्पन्नं सप्तति जिनानां शतम्
पंचदसकम्मभूमिसु, उप्पन्नं सत्तरिं जिणाण सयं ॥
*પંદર કર્મભૂમિમાં ઉત્પન્ન થયેલ, જિનોનું એકસોસિત્તેર

*પાંચ ભરતક્ષેત્ર, પાંચ ઐરવતક્ષેત્ર અને પાંચ મહાવિદેહક્ષેત્ર મળી ૧૫ કર્મભૂમિમાં શ્રી અજિતનાથજીને વારે ઉત્કૃષ્ટ કાળ હોવાથી ૧૭૦ જિનેશ્વરો થયા હતા. ૧૬૦ પાંચ મહાવિદેહની ૧૬૦ વિજયમાં અને ૧૦ ભરત ઐરવતમાં કુલ ૧૭૦ તેનું આ સ્તોત્ર છે.

विविधरत्नादिवर्णोपशोभितं हरतु दुरितानि

विविहरयणाइवन्नो–वसोहिअं हरउ दुरिआइं ॥९॥

વિવિધ રત્નાદિના વર્ણવડે શોભિત હરણ કરો. પાપોને

અર્થ—પંદર કર્મભૂમિને વિષે ઉત્પન્ન થયેલ, વિવિધ રત્નાદિના વર્ણવડે શોભિત એકસો સિત્તેર જિનનો સમુદાય અમારાં દુરિતો–પાપોનું હરણ કરો ! ૯.

चतुस्त्रिंशदतिशययुक्ता अष्टमहाप्रातिहार्यकृतशोभाः

चउतीसअइसयजुआ, अट्ठमहापाडिहेरकयसोहा ॥

ચોત્રીશ અતિશય યુક્ત આઠ મહા પ્રાતિહાર્યે કરી છે શોભા જેની એવા

तीर्थकराः गतमोहाः ध्यातव्याः प्रयत्नेन

तित्थयरा गयमोहा, झाएअव्वा पयत्तेणं ॥ १० ॥

તીર્થંકરો મોહરહિત ધ્યાન કરવા યોગ્ય છે. આદરવડે

અર્થ-ચોત્રીશ અતિશયયુક્ત, આઠ મહા પ્રાતિહાર્યે કરી છે શોભા જેની એવા અને ગયો છે મોહ જેનો એવા તીર્થંકરો આદર વડે ધ્યાન કરવા યોગ્ય છે ૧૦

(ॐ) वरकनकशंखविद्रुममरकतघनसन्निभं विगतमोहं

(ॐ)वरकणयसंखविद्दुम–मरगयघणसन्निहं विगयमोहं।

પ્રધાન સુવર્ણ, શખ, પરવાળા, નીલમણિ અને મેઘ સરખા વર્ણવાળા } મોહરહિત

सप्ततिशतं जिनानां सर्व्वामरपूजितं वंदे (स्वाहा) ॥ ११ ॥

सत्तरिसयं जिणाणं,सव्वामरपूइअं वंदे (स्वाहा)॥११॥

એકસોસિત્તેરને જિનોના સર્વ દેવોવડે પૂજિત વાંદુછું.

અર્થ—પ્રધાન સુવર્ણ, શંખ, પરવાળા, નીલમણિ અને મેઘ સરખા વર્ણવાળા એટલે પાંચે વર્ણવાળા, ગયો છે મોહ જેનો એવા અને સર્વ દેવોવડે પૂજિત એકસો સિત્તેર જિનના સમુદાયને હું વાંદું છું. અહિં 'ૐ' પરમેષ્ઠી વાચક છે અને 'સ્વાહા' દેવોને બળીદાન આપતાં બોલાય છે. ૧૧.

(ॐ)भवनपतिवानमन्तरज्योतिष्कवासिनो विमानवासिनश्च

(ॐ)भवणवइवाणवंतर–जोइसवासी विमाणवासी अ

ભવનપતિ વાણવ્યંતર જ્યોતિષ્કવાસી વિમાનવાસી અને

ये केऽपि दुष्टदेवाः ते सर्व्वे उपशाम्यन्तु मम ॥१२॥ स्वाहा

जे केवि दुठदेवा,ते सव्वे उवसमंतु ममं॥१२॥स्वाहा

જે કોઇ પણ દુષ્ટ દેવો તે સર્વે ઉપશાંત હો મને

અર્થ—ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક જે કોઇ પણ દુષ્ટ દેવતા (શાસન દ્વેષી) છે તે સર્વ મને ઉપશાંત હો–મને વિઘ્ન મ કરો. ૧૨.

चंदनकर्पूराभ्यां [1]फलके लिखित्वा क्षालितं पीतं
चंदणकप्पूरेणं, फलए लिहिऊण खालिअं पीअं ॥
સૂખડ અને કપૂરવડે પાટીયામાં લખીને ધોયેલ પીધેલ (યંત્ર)

एकांतरादिग्रहभूत — शाकिनीमुद्गं प्रणाशयति
एगंतराइगहभूअ,--साइणिमुग्गं पणासेइ ॥ १३ ॥
એકાંતરિયો વગેરે જ્વર, ગ્રહ, ભૂત, } શાકિની અને મોગકને, પ્રકર્ષે નાશ કરે છે.

અર્થ—ચદન અને કપૂરવડે પાટીયામાં (ઉપર જણાવેલો ચત્ર) લખીને પછી ધોઇને આ યંત્ર પીધો છતો એકાતરીયા વગેરે તા', ગ્રહ, ભૂત, શાકિની અને મોગક (ઉપલક્ષણથી બીજા પણ દુષ્ટ રોગ ભૂતાદિના આવેશ વિગેરે) નો પ્રકર્ષે નાશ કરે છે. ૧૩.

इति सप्ततिशतयंत्र सम्यग् मंत्रं द्वारि[2] प्रतिलिखितम्
इअ सत्तरिसयजंतं, सम्मं मंतं दुवारि पडिलिहिअं ॥
એ પ્રકારે એકસોસિત્તેરના યત્રને } સમ્યક્ મંત્ર દ્વારમાં લખેલ

---

૧ કેટલાએક અત્ર એમ કહે છે કે—કારય સ્થાલાદિમા કપૂર, ગોરૂ-ચદન, કેસર, ચદન અને કસ્તુરી વગેરેનો કર્દમ કરીને સાત વખત લેપ કરવો, છાયામા મુકવી તેના ઉપર યત્ર લખીને પુષ્પ, ધૂપાદિવડે પૂજન કરી તેના ન્હવણનુ પાણી પીવાથી રોગ જાય

૨ અહી કેટલાએક કહે છે કે--રૂપા અગર ત્રાંબાના પત્રામા યત્ર લખીને ગૃહ મધ્યે નિરતર પૂજન કરવુ અને કાર્ય વખતે શુદ્ધ જળે પ્રક્ષાલન કરીને તે જળ પીવુ

दुरितारिविजयवंतं निर्भ्रान्तं नित्यमर्चयत
दुरिआरिविजयवंतं,[1] निब्भंतं निच्चमच्चेह॥१४॥इति

કષ્ટ અને શત્રુનો વિજય મેળવનાર } નિસંદેહ નિરંતર પૂજો !

અર્થ—એ પ્રકારે દ્વારમાં લખેલ એકસો સિત્તેર જિનનો યંત્ર જે સમ્યગ્ મંત્ર છે, તે કષ્ટ અને શત્રુનો વિજય મેળવનાર છે, તેને નિઃસંદેહ નિરંતર પૂજો ! ૧૪.

ઇતિ સત્તરિ સયંથુત્તં

(सप्ततिशतं जिनानां स्तोत्रं संपूर्णम्.)

---

૧ અહી " दुरिआरि विजयतत " એવો પાઠ પણ છે ત્યાં " કષ્ટ અને શત્રુનો વિજય કરનાર એવું તત્ર એટલે (એકસોસિત્તેર જિનના મંત્રરૂપ) શાસ્ત્ર " એ પ્રકારે અર્થ લેવો.

*नमिऊणस्तोत्रम्.

नत्वा प्रणतसुरगणचूडामणिकिरणरंजितं मुनेः
नमिऊण पणयसुरगण-चूडामणि किरणरंजिअं मुणिणो
નમસ્કાર કરીને, નમેલા દેવ સમુદાયના મુકુટને (પાર્શ્વનાથ મુનિના
વિષે રહેલી મણિઓના કિરણોવડે શોભાયમાન)

चरणयुगलं महाभयप्रणाशनं संस्तवं वक्ष्ये
चलणजुअलं [1]महाभय-पणासणं संथवं वुच्छं ॥ १ ॥
ચરણ યુગલને મોટા ભયને વિશેષે નાશ કરનાર સંસ્તવને કહીશ.

અર્થ—નમસ્કાર કરતા એવા દેવસમુદાયના મુકુટને વિષે રહેલી મણિઓના કિરણોવડે શોભાયમાન પાર્શ્વનાથ મુનિના ચરણ યુગલને નમસ્કાર કરીને મોટા ભયોને વિશેષે નાશ કરનાર સંસ્તવને હું કહીશ. ૧

---

* આ સ્તોત્ર વૃહદ્ગચ્છીય **શ્રીમન્માનતુંગસૂરિએ** રચ્યુ છે

૧ **मह** ઉત્સવ અને **अभय** નિર્ભયતા તે બન્નેને વિષે **पण** અવશ્ય **अस्लण** કરવા યોગ્ય અર્થાત્ ઉત્સવ અને નિર્ભયપણાને વિષે અવશ્ય સ્મરણ કરવા યોગ્ય એવુ સસ્તવ આવો અર્થ પણ થાય છે મોટા ભય ૧૬ વર્ણવ્યા છે પણ કેટલેક ઠેકાણે **रोगजलजलण०** ઈત્યાદિ આઠ ભય પણ વર્ણવ્યા છે માટે આ સ્તોત્રમા સ્તોત્ર કર્તા આઠ ભય નિવારણ લક્ષણ પ્રભુના અતિશયનુ વર્ણન બએ ગાથાવડે કરે છે પ્રથમ ઉદ્દેશ અને પછી નિર્દેશ હોય છે પણ એવી શૈલી આ સ્તોત્રકાર આચાર્યે રાખી નથી કર્ત્તાએ પ્રથમ આઠ ભયનિવારક અતિશય વર્ણવીને પાછળથી **रोगजल०** ઈત્યાદિ ગાથા વડે પોતાનો ઉદ્દેશ જણાવ્યો છે **ભક્તામરસ્તોત્રમાં** પણ ઉક્ત આચાર્ય મહારાજાએ આવી શૈલી રાખી છે.

રોગભયહરમાહાત્મ્ય.

शटितकरचरणनखमुखाः निमग्ननासिकाः विपन्नलावण्याः

सडियकरचरणनहमुह, निबुड्डनासा विवन्नलायन्ना ॥

સડી ગયેલા હાથ, પગ, નખ અને મુખવાળા, } બેસી ગયેલ નાકવાળા, લાવણ્ય- રહિત.

कुष्ठमहारोगानल -स्फुलिंगनिर्दग्धसर्वाङ्गाः

कुठमहारोगानल-फुलिंगनिद्दड्डसव्वंगा ॥ २ ॥

કોઢરૂપ મહારોગાગ્નિના તણખા જેવી પીડાવડે દાઝ્યાં છે સર્વ અંગો જેમના એવા

ते तव (त्वत्) चरणाराधनसलिलाञ्जलिसेकवर्धितच्छायाः

ते तुह चलणाराहण-सलिलंजलिसेयवुड्ढियच्छाया[2]

તે તમારા ચરણોની સેવારૂપ પાણીની અંજળીના સિંચનવડે વૃદ્ધિ પામી છે શોભા જેમની એવા છતાં.

वनदवदग्धा गिरिपादपा इव प्राप्ताः पुनर्लक्ष्मीं

वणदवदड्ढा गिरिपाय-व्व पत्ता पुणो लच्छिं ॥३॥

વનના અગ્નિવડે દાઝેલાં પર્વતનાં વૃક્ષોની પેઠે } પામે છે ફરીથી આરોગ્ય લક્ષ્મીને

---

१ **विवर्णलावण्या** એટલે વિરૂપ લાવણ્યવાળા અર્થાત્ કદરૂપાં એવો અર્થ પણ થાય છે २ **वुड्ढिय उच्छाहा (वर्धितोत्साहाः)**

અર્થ—સડી ગયાં છે હાથ, પગ, નખ અને મુખ જેના, બેસી ગયેલી છે નાસિકા જેની (અથવા નાશ થઇ છે આશા જેની એટલે જીવવાની આશા વિનાના), નાશ પામ્યું છે લાવણ્ય (સૌંદર્ય) જેનું અને કોઢરૂપ મહારોગ તેરૂપ અગ્નિના તણખા જેવી પીડાવડે દાઝયાં છે સર્વ અંગો જેમના એવા મનુષ્યો; વનના અગ્નિવડે દાઝેલાં પર્વતના વૃક્ષોની પેઠે, તમારા ચરણોની સેવારૂપ પાણીની અંજળીના સિંચનવડે વૃદ્ધિ પામી છે શોભા-કાન્તિ જેમની એવા છતા ફરીથી આરોગ્યલક્ષ્મીને પામે છે. वुड्ढि उच्छाहा એવો પાઠ પણ છે ત્યાં 'વૃદ્ધિ પામ્યો છે ઉત્સાહ જેમનો ' એવો અર્થ લેવો. ૨-૩

दुर्वातक्षुभिते जलनिधौ उद्भटकल्लोलभीषणाराव

दुव्वायखुभिय जलनिहि[1], उब्भडकल्लोलभीसणारावे ॥

દુષ્ટ વાયુવડે ક્ષોભ પામેલા, સમુદ્રમાં, ઉદાર કલ્લોલના ભયંકર શબ્દવાળા

संभ्रांतभयविसंस्थुल —नियामकमुक्तव्यापार

संभंतभयविसंठुल—निज्जामयमुक्कवावारे ॥ ४ ॥

સંભ્રાંત અને ભયવડે વિહ્વલ ખલાસીઓએ છોડી દીધો છે વ્યાપાર જેને વિષે એવા.

अविदलितयानपात्राः क्षणेन प्राप्नुवन्ति ईप्सितं कूलम्

अविदलिअजाणवत्ता, खणेण पावंति इच्छिअं कूलं ॥

નથી ભાંગ્યું વહાણ જેનું એવા છતા, ક્ષણવારમાં પામે છે. ઇચ્છિત કાંઠાને

---

१ प्राकृतत्वात् सप्तमीलोप.

पार्श्वजिनचरणयुगलं नित्यं चैव ये नमन्ति नराः

पासजिणचलणजुअलं, निच्चं चिअ जे नमंति नरा॥५॥

પાર્શ્વનાથના ચરણ યુગલને નિરંતર નિશ્ચે જે નમે છે, મનુષ્યો.

અર્થ—દુષ્ટ વાયુવડે ક્ષોભ પામેલા, ઉદાર કલ્લોલના ભયંકર શબ્દો થઇ રહ્યા છે જેને વિષે એવા અને સંભ્રાંત થયેલા તેમજ ભયવડે વિહ્વલ થયેલા ખલાસીઓએ છોડી દીધો છે (વહાણ હાંકવારૂપ) વ્યાપાર જેને વિષે એવા સમુદ્રને વિષે; જે મનુષ્યો પાર્શ્વનાથના ચરણ યુગલને નિશ્ચે નિરંતર નમે છે તેઓ, નથી ભાંગ્યું વહાણ જેનું એવા છતા ક્ષણવારમાં ઇચ્છિત એવા સમુદ્રના કિનારાને પામે છે. ૪–૫

खरपवनोद्धुतवनदव —ज्वालावलिमिलितसकलद्रुमगहने

खरपवणुद्धुयवणदव-जालावलिमिलियसयलदुमगहणे॥

પ્રચંડ પવનવડે વિસ્તાર પામેલા વનના અગ્નિની જ્વાળાની શ્રેણીવડે એકત્ર થયેલા વૃક્ષના ગહનો છે જેને વિષે એવા.

दह्यमानमुग्धमृगवधू —भीषणरवभीषणे वने

डज्झंतमुद्धमयवहु—भीसणरवभीसणंमि वणे ॥६॥

દાઝતી મુગ્ધ હરણીઓના ભયંકર શબ્દવડે ભયાનક વનને વિષે

जगद्गुरोः क्रमयुगलं निर्वापितसकलत्रिभुवनाभोगं (प्रपञ्चः)

जगगुरुणो[1] कमजुअलं,निव्वाविअसयलतिहुअणाभोअं॥

જગદ્‌ગુરૂના ચરણયુગલને, આપત્તિનાતાપનીઉપશાંતિવડેસુખીકર્યો છે સમગ્ર ત્રણ ભુવનનો પ્રપંચ જેણે એવા.

---

૧ कं પાણી अयुग् અસમાધિને अलति-निवारयति इति अल એટલે નિવારણ કરનાર અર્થાત્ પૂર્વોક્ત વિશેષણયુક્ત અસમાધિને નિવારણ કરનાર પાણીને જે મનુષ્યો स રૂડે પ્રકારે भरन्ति ઘડાદિકે ભરે તેને અગ્નિ ભય કરતો નથી આવો અર્થ પણ થાય છે.

ये संस्मरन्ति मनुष्याः न करोति ज्वलनो भयं तेषां

जे संभरंति मणुआ, न कुणइ जलणो जयं तेसिं ॥७॥

જે સ્મરણ કરે છે, મનુષ્યો નથી. કરતો અગ્નિ ભય તેઓને

અર્થ—પ્રચંડ પવનવડે આમતેમ વિસ્તાર પામેલા એવા વનના અગ્નિની જ્વાળાની શ્રેણીવડે પરસ્પર એકત્ર થયેલા વૃક્ષનાં ગહનો (વન ખંડો) છે જેને વિષે એવા અને દાઝતી મુગ્ધ હરણીઓના ભયંકર શબ્દોવડે (અથવા બળેલા વનને વિષે જ્વાળાથી વ્યાકુલ મૃગલાઓના ઘણા આક્રંદવડે) ભયાનક વનને વિષે, જગદ્ગુરૂ (પાર્શ્વનાથ પ્રભુ) ના, આપત્તિના તાપની ઉપશાંતિવડે સુખી કર્યો છે સકલ ત્રણ ભુવનનો પ્રપંચ (અથવા વિસ્તાર) જેણે એવા ચરણ યુગલનું જે મનુષ્યો રૂડે પ્રકારે સ્મરણ કરે છે તેઓને તે અગ્નિ ભય કરતો નથી. ૬–૭

विलसद्भोगभीषण —स्फुरितारुणनयनतरलजिह्वालम्

विलसंतभोगभीसण–फुरिआरुणनयणतरलजीहालं ॥

સુશોભિત ફણાવડે ભયંકર, ચંચળ લાલ નેત્રવાળા અને ચપલ જિહ્વાવાળા.

उग्रभुजंगं नवजलद —सदृशं भीषणाकारं

उग्गभुअंगं नवजलय–सत्थहं [1]भीसणायारं ॥ ८ ॥

ઉગ્ર સર્પને નવીન મેઘ સદૃશ ભયંકર આકારવાળો

---

૧ **भीषणाचार** ભયંકર આચાર–વ્યવહાર છે જેનો એવો અથવા **भीसण आ समन्तात् चारो वेल्लन यस्य स भीषणाचारस्त** ભયંકર છે આમતેમ ભ્રમણ જેનુ એવો ઉગ્ર સર્પ, આ પ્રમાણે પણ અર્થ થાય છે.

मन्यंते कीटसदृशं दूरपरिक्षिप्तविषमविषवेगाः

मन्नंति कीमसरिसं, दूरपरिच्छूढविसमविसवेगा ॥

માને છે. કીડા સમાન, અત્યંત સમસ્ત પ્રકારે ટાળ્યો છે આકરા
વિષનો વેગ જેમણે એવા.

तव नामाक्षरस्फुटसिद्ध—मंत्रगुरुकाः नराः लोके

तुह नामक्खरफुडसि—द्धमंतगुरुआ[1] नरा लोए॥ए॥

તમારા નામાક્ષરરૂપ પ્રકટ પ્રભાવવડે સિદ્ધ થયેલ મંત્રવડે ગારૂઢ } મનુષ્યો લોકને વિષે.

અર્થ—સુશોભિત ફણા (અથવા દેહ) વડે ભયંકર, ચંચળ રક્ત નેત્રવાળા અને ચપળ (લપલપ થતી) જીભવાળા, નવીન મેઘ જેવા શ્યામ અને ભયંકર આકૃતિવાળા ઉગ્ર સર્પને; આ લોકમાં તમારા નામાક્ષર રૂપ પ્રકટ પ્રભાવવડે સિદ્ધ થયેલ (ગારૂડચાદિક) મંત્રવડે ગરિષ્ઠ મનુષ્યો, અત્યંત સમસ્ત પ્રકારે ટાળ્યો છે આકરા વિષનો વેગ જેમણે એવા છતા કીડા સમાન માને છે. ૮–૯

अटवीषु भिल्लतस्कर—पुलिन्द्रशार्दूलशब्दभीमासु

अफवीसु ज्ञिल्लतक्कर—पुलिंदसद्दूलसद्दज्ञीमासु ॥

અટવીઓને વિષે, ભિલ્લ, ચોર, વનચર જીવો અને વાઘના
શબ્દોવડે ભયંકર

भयविह्वलविषण्णाकातरो—ल्लुण्ठितपथिकसार्थासु

ज्ञयविहुरवुन्नकायर—उल्लूरियपहियसत्थासु॥१०॥

ભયવડે વિહ્વલ અને દુખીજનોને ભિલ્લોએ લુંટ્યા છે મુસાફરો-
ના સાથો જેને વિષે એવી

---

१ गरुआ इति पाठान्तरम्

आविलुप्तविभवसाराः तव नाथ ! प्रणाममात्रव्यापाराः

अविलुत्तविहवसारा, तुह नाह पणाममत्तवावारा ॥

નથી ચોર્યું સારસાર ધન જનું એવા છતા } તમારા, હે નાથ ! પ્રણામ માત્ર વ્યાપારવાળા

व्यपगतविघ्नाः शीघ्रं प्राप्ताः हृदयेप्सितं स्थानम्

ववगयविग्घा सिग्घं, पत्ता हिअइच्छियं ठाणं॥११॥

વિશેષે ગયા છે વિઘ્નો જેના એવા છતા } તત્કાળ પામે છે. હૃદયમાં ઇચ્છિત સ્થાનને

અર્થ--ભીલ્લ (પલ્લિવાસી), ચોર, વનચર જીવો અને વાઘના શબ્દોવડે ભયંકર, અને ભયવડે વિહ્વલ એવા દુખીજનોવાળા મુસાફરોના સાથોને ભીલ્લોએ લુટયા છે જેને વિષે એવી સર્વ અટવીઓને વિષે, હે નાથ ! તમારો પ્રણામ માત્ર વ્યાપાર છે જેમને એવા મનુષ્યો, (માત્ર તમને પ્રણામજ કરનારા માણુસો) નથી લુંટયું ઉત્કૃષ્ટ ધન જેનું એવા છતા અને વિશેષે ગયા છે વિઘ્નો જેમનાં એવા છતા હૃદયમાં ઇચ્છેલ સ્થાનકને તત્કાળ પામે છે. ૧૦-૧૧

प्रज्वलितानलनयनं दूरविदारितमुखं महाकायम्

पज्जलिआनलनयणं, दूरवियारियमुहं महाकायं ॥

પ્રજ્વલિત અગ્નિ સરખા નેત્રવાળા, } અત્યંત ફાડયું છે મુખ જેણે એવા, } પ્રચંડ કાયાવાળા

नखकुलिशघातविदलित- गजेन्द्रकुंभस्थलाभोगम्

नहकुलिसघायविअलिअ-गइंदकुंभत्थलाभोअं ॥१२॥

નખરૂપ વજ્રના પ્રહારવડે વિશેષે ભેદ્યો છે હસ્તિના કુંભસ્થલનો
વિસ્તાર જેણે એવા

प्रणतससंभ्रमपार्थिव-नखमणिमाणिक्यपातितप्रतिमस्य

पणयससंभमपत्थिव-नहमणिमाणिक्कपडिअपडिमस्स

નમસ્કાર કરતા આદરવાળા રાજાઓના જેના નખરૂપ મણિમા-
ણિકયમાં પડ્યાં છે પ્રતિબિંબ એવા

तव वचनप्रहरणधराः सिंहं क्रुद्धमपि न गणयन्ति

तुह वयणपहरणधरा, सीहं कुद्धंपि न गणंति ॥१३॥

તમારા વચનરૂપ હથીયાર- } સિંહને ક્રોધાયમાન પણ નથી ગણતા
ને ધારણ કરનારા }

અર્થ--પ્રજ્વલિત અગ્નિ સરખા લાલ નેત્રવાળા, અત્યંત ફાડયું છે મુખ જેણે એવા, પ્રચંડ કાયાવાળા અને નખરૂપ વજ્રના પ્રહારવડે વિશેષે ભેદી નાખ્યો છે હસ્તિના કુંભસ્થળનો વિસ્તાર જેણે એવા ક્રોધાયમાન સિંહને પણ, નમસ્કાર કરનારા

---

૧ પ્રભુના નખ અત્યંત કાંતિવાળા હોવાથી તેને મણિમાણિકયની ઉપમા આપવામાં આવી છે. નમસ્કાર કરતી વખત નમસ્કાર કરનારનું પ્રતિબિંબ તે નખમાં પડે છે. અહીં બીજો અર્થ આ પ્રમાણે પણ થાય છે-નમસ્કાર કરનારા અને આદરવાળા **પાર્થિવ** ઇંદ્રોના **નહ** એટલે **નભ** મસ્તકોને વિષે રહેલા મુકુટ માંહેના મણિમાણિકયને વિષે પડયું છે પ્રતિબિંબ જેનું એવા પ્રભુ.

અને આદરવાળા રાજાઓના, જેના નખરૂપ મણિમાણિકયને વિષે પડયાં છે પ્રતિબિંબ એવા જે તમો તેના વચનરૂપ હથીયારને ધારણ કરનારા મનુષ્યો ગણુતા નથી. અર્થાત્ તમારા વચનરૂપ શસ્ત્રને ધારણ કરનારા મનુષ્યો મોટા સિંહને પણ ભયકારી ગણુતા નથી. ૧૨-૧૩

ગજેંદ્ર ભયહર માહાત્મ્ય.

शशिधवलदंतमुशलं, दीर्घकरोल्लोलवर्धितोत्साहं

ससिधवलदंतमुसलं, दीहकरुल्लालवुड्ढिउच्छाहं ॥

ચંદ્ર સરખા ઉજ્વલ દંતુશળવાળા, મોટી સુંઢના ઉછાળવાવડે વધ્યો: છે ઉત્સાહ જેનો એવા

मधुपिंगनयनयुगलं, ससलिलनवजलधरारावं

महुपिंगनयणजुअलं,ससलिल नवजलहरारावं॥१४॥

મધ સરખા પીળા નેત્ર યુગલવાળા, જળ પૂર્ણ નવિન મેઘસરખી ગર્જનાવાળા

भीष्मं महागजेंद्रं अत्यासन्नमपि ते न विगणयन्ति

भीमं महागइंदं, अच्चासनंपि ते न विगणंति॥

ભયંકર મોટા ગજેંદ્રને, અત્યંત નજીક રહેલા, પણ, } તેઓ નથી ગણુતા

---

૧ અહીં **नवजलहरायार** એવો પાઠ પણ છે ત્યા અર્થ આ પ્રમાણે કરવો—" નવિન મેઘ સદશ આકારવાળો " સ્યામ અને ઉન્નત હોવાથી નવિન મેઘની ઉપમા આપી છે તેનો વળી **स्व(सत)सलिलनवजलधारकार** એમ પણ અર્થ કરી શકાય એટલે પોતાના (અથવા સારા) પાણીવડે નવિન જળધારાને કરનાર મેઘ સદશ

ये तव चरणयुगलं मुनिपते ! तुंगं समालीनाः

जे तुम्ह चलणजुअलं, मुणिवइ तुंगं समल्लीणा ॥१५॥

જેઓ તમારા ચરણયુગલને હે મુનિપતિ! ઉન્નત રૂડે પ્રકારે આ-
શ્રય કરી રહેલા છે.

અર્થ—ચંદ્ર સરખા ઉજ્વલ છે બે દંતુશળો જેને, મોટી શુંઢના ઉછાળવાવડે વધ્યો છે ઉત્સાહ જેનો, મધ સરખું પિંગલ (રક્તપિત) વર્ણવાળું નેત્ર યુગલ છે જેનું અને જળથી ભરેલા નવિન મેઘ સરખી ગર્જના છે જેની એવા; અત્યંત નજીક આવેલા મોટા ગજેન્દ્રને પણ, હે મુનિપતિ! તમારા ગુણવડે ઉન્નત ચરણયુગલને જેઓ રૂડે પ્રકારે આશ્રય કરીને રહેલા છે તે મનુષ્યો ગણુતા નથી. અર્થાત્ તે મનુષ્યો હાથીના ભયની સંભાવના પણ કરતા નથી. ૧૪-૧૫

રણ ભયહર માહાત્મ્ય.

समरे तीक्ष्णखड्गा —भिघातापविद्धोद्धुतकबंधे

समरंमि तिरकखग्गा—भिग्घायपविद्धउद्धुयकबंधे ॥

સંગ્રામમાં તિક્ષ્ણ ખડ્ગના પ્રહારવડે ઉચ્છૃંખલ પેઠે નાચતા ધડો
છે જેને વિષે એવા

कुंतविनिर्भिन्नकरिकलभ—मुक्तसीत्कारप्रचुरे

कुंतविणिब्भिन्नकरिकलह—मुक्कसिक्कारपउरंमि ॥१६॥

ભાલાવડે વિશેષ ભેદાયેલા હસ્તિના બચ્ચાંઓએ મૂકેલા સિત્કા-
રોવડે પ્રચૂર

निर्जितदर्पोद्धुररिपु- नरेन्द्रनिवहाः भटाः यशः धवलम् ।
निज्जिअदप्पुद्धररिउ-नरिंदनिवहा भडा जसं धवलं।
જીત્યા છે અહંકારવડે ગર્વિષ્ટ થયેલા શત્રુ } સુભટો યશને ઉજ્વળ
રાજાઓના સમૂહને જેણે એવા }

प्राप्नुवंति पापप्रशमन ! पार्श्वजिन ! तव प्रभावेण
पावंति पावपसमिण, पासजिण! तुहप्पभावेणं ॥१७॥
પામે છે. હે પાપને પ્રકર્ષે શાંત કરનાર પાર્શ્વજિન! તમારા પ્રભાવવડે

અર્થ—તિક્ષ્ણ ખડ્ગના પ્રહારવડે ઉછ્રંખલની પેઠે આમ તેમ નાચતા ધડો છે જેને વિષે એવા અને ભાલાવડે વિશેષે ભેદાયેલા હસ્તિના બચ્ચાઓએ મૂકેલા સિત્કાર શબ્દોવડે પ્રચૂર એવા સંગ્રામને વિષે, હે પાપને પ્રકર્ષે શાંત કરનારા પાર્શ્વજિન! તમારા પ્રભાવવડે જીત્યા છે અહંકારવડે ગર્વિષ્ટ થયેલા શત્રુ રાજાઓના સમૂહને જેણે એવા સુભટો, ઉજ્વળ યશને પામે છે. ૧૬-૧૭

રોગાદિ અષ્ટ ભયહર માહાત્મ્ય.

रोगजलज्वलनाविषधर -चौरारिमृगेंद्रगजरणभयानि
रोगजलजलणविसहर-चोरारिमइंदगयरणभयाइं ।
રોગ, પાણી, અગ્નિ, સર્પ, ચોરરૂપ શત્રુ, સિંહ, હસ્તિ અને
સંગ્રામથી ઉત્પન્ન થયેલા ભયો

पार्श्वजिननामसंकीर्तनेन प्रशाम्यन्ति सर्वाणि
पासजिणनामसंकि-त्तणेण पसमंति सव्वाइं ॥१८॥
પાર્શ્વજિનના નામનું રૂડા પ્રકારે } શાંત થાય છે. સર્વ
ઉચ્ચારણ કરવાવડે }

અર્થ—પાર્શ્વજિનના નામનું રૂડા પ્રકારે (વિશુદ્ધ શ્રદ્ધા વડે) ઉચ્ચારણ કરવાવડે રોગ, જળ. અગ્નિ, સર્પ, ચોરરૂપ શત્રુ, સિંહ અને સંગ્રામથી ઉત્પન્ન થયેલા સર્વ ભયો અત્યંત શાંત થાય છે અર્થાત્ ફરી કયારે પણ ઉત્પન્ન થતા નથી. ૐ ह्रीँ नमिऊण पास विसहर वसह फुलिंग ह्रीँ रोगजलजलण विसहरचोरारिमइंदगयरणभयाइ...पसमंति मम* स्वाहा આ મહા-મંત્ર આ સ્તવની અંદર વેરાયેલા અક્ષરોથી બનેલો છે. ૧૮

ઉપસંહાર–સ્તોત્ર માહાત્મ્ય.

एवं महाभयहरं पार्श्वजिनेन्द्रस्य संस्तवमुदारम्

एवं महाभयहरं, पासजिणिंदस्स संथवमुआरं ॥

એ પ્રકારે મહા ભયને હરનાર, પાર્શ્વજિનેંદ્રના સ્તવનને ઉદાર

भाविकजनानंदकरं कल्याणपरंपरानिधानम्

[1]भवियजणाणंदयरं, कल्लाणपरंपरनिहाणं ॥१९॥

ભવ્યજનોને આનંદ કરનાર, કલ્યાણની પરંપરાનું સ્થાન

---

* **मम** વાયુ શબ્દે પવનબીજ છટક છે. **स्व** આકાશ શબ્દે આકાશ બીજ અને **हा** એ છટક છે **वसह** પણ બીજી ગાથામા વેરાયેલ છે બીજા અક્ષરો તો પહેલી અને આ ગાથામા સ્પષ્ટ છે

૧ અહિ ભવ્યની પાસે જનશબ્દ ન મૂકયો હત તો પણ એજ અર્થ કરી શકાત પરન્તુ અવ્યવહારરાશીરૂપ નિગોદ વિષે રહેલ ભવ્યજીવોને આનંદકારી થવાનો સંભવ નથી માટે તે બાબત સ્પષ્ટ કરવાને માટે જન શબ્દ લીધો છે તેથી વ્યવહારરાશી વાળા જીવો એમ અર્થ કરવો. અહીં પદ વિભજન કરીને બીજો પણ અર્થ થાય છે તે આ પ્રમાણે

राजभययक्षराक्षस —कुस्वप्नदुःशकुनऋक्षपीडासु

रायभयजक्खरक्खस–कुसुमिणदुस्सउणरिक्खपीडासु ॥

રાજ્યભય, યક્ષ, રાક્ષસ, કુસ્વપ્ન, દુષ્ટ શુકન અને નક્ષત્ર રાશીની પીડાઓને વિષે

संध्ययोः द्वयोः पथि उपसर्गे तथाच रजनीषु

संझासु दोसु पंथे, उवसग्गे तहय रयणीसु ॥२० ॥

સંધ્યાએ બે રસ્તામાં, ઉપસર્ગમાં તેમજ રાત્રીને વિષે

यः पठति यश्च निश्रृणोति तस्य कवेश्च मानतुङ्गस्य

जो पढइ जो अ निसुणइ, ताणं कइणो य माणतुंगस्स ॥

જે ભણે છે જે અને સાંભળે છે. તેનાં કવિનાં વળી માનતુંગના

पार्श्वः पापं प्रशमयतु सकलभुवनार्चितचरणः

पासो पावं पसमेउ, सयलभुवणच्चियचलणो ॥२१॥

પાર્શ્વનાથ, પાપને શાંત કરો. સમસ્ત જગતવડે પૂજાયાં છે ચરણ જેના એવા

અર્થ—એ પ્રકારે પાર્શ્વજિનેંદ્રના મહા ભયને હરનાર, ઉદાર, ભવ્યજનોને આનંદ કરનાર અને કલ્યાણની પરંપરાનું સ્થાન એવા સંસ્તવને: રાજ્યભય, યક્ષ, રાક્ષસ, કુસ્વપ્ન, દુષ્ટ શુકન અને નક્ષત્ર રાશીની પીડાઓને વિષે, બન્ને સંધ્યાએ, અરણ્યાદિ માર્ગમાં, ઉપસર્ગમાં તેમજ (ભયંકર) રાત્રિઓને વિષે;

भवियजणाण ભવ્યજનોને **कल्लाणपर** કલ્યાણકારક અને **परनिहाण** શત્રુના કપટને **महयरं** બાધનારૂ અથવા ક્ષુદ્ર કર્મને અટકાવનારૂ આ સસ્તવ (સ્તોત્ર) છે

જે ભણે છે અને જે સાવધાનપણે સાંભળે છે તે બન્નેના અને કવિ માનતુંગસૂરિના પણ પાપને સમસ્ત જગતવડે પૂજાયાં છે ચરણ જેનાં એવા પાર્શ્વનાથ ભગવાન્ શાંત કરો-નિવારણ કરો. ૧૯-૨૦-૨૧

उपसर्गयति कमठासुरे ध्यानतः यो न संचलितः

उवसग्गंते कमठा-सुरंमि झाणाउ जो न संचलिउ ॥

ઉપસર્ગ કરતે છતે, કમઠાસુર ધ્યાનથકી જે ન ચલાયમાન થયા,

सुरनरकिन्नरयुवतिभिः संस्तुतः जयतु पार्श्वजिनः

सुरनरकिन्नरजुवईहिं, संथुउ जयउ पासजिणो ॥२२॥

દેવ, મનુષ્ય અને કિંનર-ની સ્ત્રીઓવડે } સ્તુતિ કરાયેલા, જયવંત વર્તો, પાર્શ્વજિન

અર્થ—કમઠાસુરે[1] ઉપસર્ગ કર્યે છતે જે (ષટ્ જીવનિકાયના હિતચિંતનરૂપ) ધ્યાનથકી ચલાયમાન થયા નથી તે, દેવ મનુષ્ય અને કિન્નરની સ્ત્રીઓવડે રૂડે પ્રકારે સ્તુતિ કરાયેલા પાર્શ્વજિન જયવંત વર્તો. ૨૨

---

૧ શ્રી પાર્શ્વ પ્રભુ સાથે પૂર્વના દશ ભવથી કમઠને વૈર હતુ દશમે ભવે કમઠ તાપસ થઇ પંચાગ્નિ તપ કરતો હતો તે વખતે તેની અગ્નિ માહેલુ એક કાષ્ટ ચીરાવી તેમાંથી બળતો સર્પ બતાવી પ્રભુએ તેની અજ્ઞાનતા જણાવી, છતા તે પોતાનુ અપમાન થયુ ગણી વિશેષ વૈર મનમા ચિતવી ઘણો અજ્ઞાન તપ કરી મેઘમાલી દેવતા થયો, તેણે પૂર્વના વૈર યોગે પ્રભુ કાઉસ્સગ્ગધ્યાને હતા ત્યારે પ્રથમ ધૂળની વૃષ્ટી કરી પછી મુશળધારા મેઘ વરસાવ્યો વગેરે ઉપસર્ગ કર્યા છતા પ્રભુ ધ્યાનમાં સ્થિર રહ્યા.

एतस्य मध्ये अष्टादशाक्षरैः यो मंत्रः
एअस्स मज्झयारे, अट्ठारसअक्खरेहिं जो मंतो ॥
આ સ્તવનના મધ્યે અઢાર અક્ષરોવડે જે મંત્ર છે તેને
यो जानाति स ध्यायति परमपदस्थं स्फुटं पार्श्वम्
जो जाणइ सो झायइ, परमपयत्थं फुडं पासं ॥२३॥
જે જાણે છે તે ધ્યાન કરે છે પરમપદપ્રાપ્ત પ્રકટપણે પાર્શ્વનાથને

અર્થ—આ સ્તવનના મધ્યે नमिऊण पासविसहर वसह जिणफुलिंग એ અઢાર અક્ષરોવડે બનેલ (ચિંતામણિ નામા ગુપ્ત) મંત્ર છે તેને જે જાણે છે તે પરમપદપ્રાપ્ત (મંત્રમય) પાર્શ્વનાથનું પ્રગટપણે (તે મંત્રવડે) ધ્યાન કરે છે. ૨૩

पार्श्वस्य स्मरणं यः करोति संतुष्टहृदयेन
पासह समरण जो कुणइ, संतुट्ठेहियये़ण ॥
પાર્શ્વનાથનું સ્મરણ જે કરે છે, સંતુષ્ટ હૃદયવડે
अष्टोत्तरशतव्याधिभयानि नश्यन्ति तस्य दूरतः
अट्ठुत्तरसयवाहिभय, नासइ तस दूरेण ॥ २४ ॥ इति.
એકસો આઠ વ્યાધિના ભયો નાશ પામેછે. તેના દૂરથી

અર્થ—જે મનુષ્ય સંતુષ્ટ હૃદયવડે પાર્શ્વનાથનું ધ્યાન કરે છે તેના એકસો આઠ વ્યાધિથી ઉત્પન્ન થયેલા ભયો દૂરથીજ નાશ પામે છે. ૨૪

ઇતિ ભયહરસ્તોત્રં સંપૂર્ણમ્

ॐ

॥ अथ अजितशांतिस्तवनम्* ॥

अजितं जितसर्वभय[1] शांतिं च प्रशांतसर्वगद(गत)पापम्
अजिअं जिअसव्वभयं, संतिं च पसंतसव्वगयपावं ॥

અજિતનાથને,જીત્યા છે સર્વ ભય જેણે એવા, | શાંતિનાથને,અને, વિશેષે શાંત કર્યા છે સર્વ રોગ અને પાપ જેણે એવા

---

*પૂર્વે શ્રી વર્દ્ધમાનજિનશિષ્ય શ્રી નંદિષેણજી શ્રી શત્રુજય તીર્થે યાત્રાર્થ ગયેલા ત્યા મૂળ પ્રાસાદમા પ્રથમ તીર્થંકર શ્રી આદિનાથજિનને નમસ્કાર કરીને એ પ્રાસાદમા રહેલા અજિતનાથ અને શાતિનાથને નમસ્કાર કરીને તે બને પ્રાસાદના વચ્ચે કાઉસ્સગ્ગ ધ્યાને રહ્યા યથાશક્તિ કાઉસ્સગ્ગ પૂર્ણ કરીને શ્રી અજિતનાથ અને શાતિનાથ જિનની એક સાથે સ્તુતિ કરી એ પ્રમાણે શ્રી મહાવીર શિષ્ય **નંદિષેણ** મહર્ષિએ આ અજિતશાતિસ્તવ રચ્યુ કોઈ આચાર્ય વળી એમ કહે છે કે શ્રી નેમિનાથ **શિષ્ય** શ્રી **નંદિષેણગણિ** શ્રી શત્રુજય તીર્થે યાત્રાર્થ આવેલા ત્યારે ઉત્તર દક્ષિણ દિશામા રહેલા શ્રી અજિતનાથ અને શાતિનાથના બે પ્રાસાદના અતરાળે રહીને શ્રી અજિતનાથ અને શાતિનાથ જિનની સ્તુતિ એક સાથે કરી.

શ્રીશત્રુજય મહાકલ્પને વિષે કહ્યુ છે કે **नेमिवयणेण जत्तागएण जहिं नंदिसेणगणिवइणा, विहिओ अजिअसंतिथओ, जयउ तयं पुंडरिय तित्थ** આ પ્રકારે અજિતશાંતિસ્તવના કર્તા શ્રી નંદિષેણને કોઇ શ્રી મહાવીર જિન શિષ્ય અને કોઈ શ્રી નેમિજિન શિષ્ય કહે છે અહીં બહુશ્રુત કહે તે પ્રમાણ

૧ ભય સાત પ્રકારે છે તે આ પ્રમાણે-૧ ઇહલોક ભય, ૨ પરલોક ભય, ૩ આદાન ભય, ૪ અકસ્માત્ ભય, ૫ આજીવિકા ભય ૬ મરણ ભય, અને ૭ અપકીર્તિભય.

जगद्गुरू शांतिगुणकरौ द्वावपि जिनवरौ प्रणिपतामि॥१॥गाथा॥

*गाहा

जयगुरु' संतिगुणकरे, दोवि जिणवरे पणिवयामि ॥१॥

જગતના ગુરૂ, શાંતિરૂપ ગુણના કરનાર } બંને જિનેશ્વરોને પ્રણામ કરૂં છું.

---

* આ ગાથા ૭૬ છે તેનુ લક્ષણ આ પ્રમાણે જાણવુ—

मुणिट गुरू तत्थ न जो विसमे छट्ठो उ मज्झगो पढमे ।

दुइए उ दलम्मि लहू छट्ठो सेसं समं गाहा ॥ १ ॥

सप्त चतुर्मात्रा गुरुश्च तत्र न जगणो (ISI) विषमे षष्ठस्तु मध्यगः प्रथमेऽर्धे।

द्वितीये तु दले लघुः षष्ठः शेषं समं (एषा) गाथेति ॥ १ ॥

दुइया छट्ठे पढमाउ सत्तमे लाउ कुणह उवरिदले ।

न लहुंमि पंचमे पढमयाउ इह तलदले विरई ॥ २ ॥

उपरितनार्धे षष्ठे (चतुर्लघुकेऽर्वाग्) द्वितीयाल्लात्सप्तमे प्रथमाल्लाद्विरतिं कुरु

इहाधस्तनेऽर्धे पंचमे चतुर्मात्रिकलघुगणे प्रथमाल्लाच्च विरतिः ॥ २ ॥

ભાવાર્થઃ—સાત ટગણ (ચાર માત્રાવાળા) પછી એક ગુરૂ પ્રથમ અર્ધમાં આવે ત્યાં વિષમ ટગણમાં જગણ (ISI) ન હોય, છઠ્ઠો ટગણ મધ્યમાં કગણ (S) વાળો હોય. બીજા અર્ધમાં તો પાંચ ટગણ પછી છઠ્ઠો લઘુ હોય, બાકીનું પહેલા અર્ધ પેઠે એટલે સાતમો ટગણ અને પછી ગુરૂ એ પ્રકારે ગાથા છંદ જાણવો. दु-ति-चउ-पंच-छकलागणा कचटतपनामा અહીં બે, ત્રણ, ચાર, પાંચ અને છ માત્રાના ક ચ ટ ત પ એ નામના પાંચ ગણ અનુક્રમે ગણેલા છે. બીજી કેટલીક સંજ્ઞા

અર્થ--જિત્યા છે સર્વ ભય જેણે એવા અજિતનાથ અને વિશેષે શાંત કર્યા છે સર્વ રોગ અને પાપ:જેણે (અથવા વિ-શેષે શાંત થયે છતે ક્ષય થયા છે અશુભ કર્મ જેમના) એવા શાંતિનાથ વળી જગતના ગુરૂ (અથવા જગતને વિષે મોટા) અને શાંતિરૂપ ગુણને કરનારા (અથવા શાંતિ એટલે કષાયનો અભાવ અને ગુણ એટલે જ્ઞાન, દર્શન અને ચારિત્ર તેને કરનારા) તે બંને જિનેશ્વરોને હું પ્રણામ કરૂં છું. ૧

व्यपगताशोभनभावौ तौ अहं विपुलतपोनिर्मलस्वभावौ

ववगयमंगुलभावे, ते हं विउलतवनिम्मलसहावे ॥

નાશ થયો છે અશો-ભન ભાવ જેનો એવા } તે બેને હું, વિસ્તીર્ણ તપવડે નિર્મલ છે સ્વભાવ જેનો એવા

[illegible]प्रभावौ स्तोष्ये सुदृष्टसद्भावौ ॥ गाथा ॥

॥ गाहा ॥

निरुवममहप्पभावे, थोसामि सुदिट्ठसब्भावे ॥२॥

નિરૂપમ અને મહાન્ છે પ્રભાવ જેનો એવા } સ્તુતિ કરીશ. રૂડા પ્રકારે દેખ્યા છે વિદ્યમાન ભાવો જેણે એવા

છંદોગ્રંથથી જાણી લેવી. અહીં છઠ્ઠા ટગણમાં બીજા લઘુની પહેલાં વિરામ કરવો અને સાતમા ટગણમાં પહેલા લઘુની પૂર્વે વિરામ કરવો તથા બીજા અર્ધમાં પાંચમા ટગણમાં પહેલા લઘુની પૂર્વે વિરામ કરવો.

૧ **गृणाति तत्त्वमिति गुरु** જે તત્ત્વનો ઉપદેશ કરે તે ગુરૂ, અહીં પ્રાકૃત હોવાથી વિભક્તિનો લોપ થયો છે પ્રાકૃત વ્યાકરણમા દ્વિવચન નહિ હોવાથી છંદોમાં બહુવચનનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

અર્થ—નાશ થયો છે અશોભન (માઠો) ભાવ (પરિણામ) જેનો એવા, વિસ્તીર્ણ (દ્વાદશવિધ) તપવડે નિર્મલ (નિષ્કર્મા) છે સ્વભાવ જેનો એવા, નિરૂપમ અને મહાન્ છે પ્રભાવ જેનો એવા અને રૂડે પ્રકારે (કેવળ જ્ઞાન દર્શનવડે યથાર્થપણે) જાણ્યા છે વિદ્યમાન ભાવો (જીવાજીવાદિ સત્ પદાર્થો) જેણે એવા તે બે (જિનો) ને હું (નંદિષેણ ગણિ) સ્તવીશ. ૨

सर्वदुःखप्रशांतिभ्याम्   सर्व्वपापप्रशांतिभ्याम्

सव्वदुक्खप्पसंतीणं,   सव्वपावप्पसंतिणं[1] ॥

સર્વ દુઃખો વિશેષે શાંત થયા છે જેના એવા } સર્વ પાપ વિશેષે શાંત થયા છે જેનાં એવા

सदा अजितशांतिभ्याम् नमोऽजितशांतिभ्याम्   ॥ श्लोकः[2] ॥

सया अजियसंतीणं, नमो अजिअसंतिणं॥३॥सिलोगो

નિરંતર, પરાભવ નહિ પામેલા અને ઉપશાંત થયેલા } નમસ્કાર હો ! અજિતનાથ અને શાંતિનાથને }

---

१ चतुर्थीस्थाने षष्ठी, आर्षत्वाद्दीर्घाभावश्च

૨ આ શ્લોક નામનો છંદ છે તેનુ લક્ષણ આ પ્રમાણે જાણવુ—

पंचमं लहु सव्वत्थ, सत्तमं दुचउत्थए ।

छठ्ठं पुण गुरुं जाण, सिलोगं बिंति पंडिया ॥ १ ॥

सर्वत्र पंचमं लघु द्वितीयचतुर्थयोः (पादयोः) सप्तमं ।

षष्ठं पुनर्गुरु येषामक्षरं तं श्लोकं ब्रुवते पण्डिताः ॥ १ ॥

ભાવાર્થ—પાંચમો અક્ષર સર્વત્ર (ચારે પાદમાં) લઘુ, બીજા અને ચોથા પાદમાં સાતમો અક્ષર લઘુ હોય. છઠ્ઠો અક્ષર વળી ગુરૂ જાણવો એ પ્રકારે પંડિતો શ્લોક છંદ કહે છે.

અર્થ—સર્વ દુઃખો વિશેષે શાંત થયા છે જેમના (અથવા યોગ્ય જીવોના સર્વ દુખો વિશેષે શાંત થયા છે જે થકી) એવા, સર્વ પાપ વિશેષે શાંત થયા છે જેમનાં એવા અને નિરંતર પરાભવ નહિ પામેલા અને ઉપશાંત થયેલા એવા અજિતનાથ અને શાંતિનાથને નમસ્કાર હો ! ૩.

हे अजितजिन ! सुखप्रवर्तनं तव पुरुषोत्तम ! नामकीर्त्तनम्

अजियजिण सुहप्पवत्तणं, तव पुरिसुत्तम नामकित्तणं ॥

હે અજિતજિન ! સુખને પ્રવર્તાવનાર તમારૂં હે પુરૂષોત્તમ ! નામનું કીર્તન.

तथा च धृतिमतिप्रवर्तनं तव च जिनोत्तम ! हे शांते ! कीर्त्तनं

॥ ४ ॥ मागहिआ* ॥

तह य धिइमइप्पवत्तणं[1], तव य जिणुत्तम संति कित्तणं

તેમજ ધીરજ અને બુદ્ધિને પ્રવર્તાવનાર તમારૂં પણ હે જિનોત્તમ શાંતિનાથ કીર્તન.

---

* આ માગધિકા છંદ છે. તેનુ લક્ષણુ આ પ્રમાણે જાણવું—

विसमेसु दोण्णि टगणा, समेसु पो टो तओ दुसुवि जत्थ ।

लहुओ कगणो लहुओ, कगणो तं मुणह मागहियं ॥ १ ॥

विषमयोः (प्रथमतृतीययोः) द्वौ टगणौ समयोः पः टः ततो द्वयोरपि ।

(समविषमयोः) लघुकः कगणो लघुकः कगणस्तां जानीहि मागधिकाम् ॥ १ ॥

ભાવાર્થઃ—વિષમ (પહેલા ત્રીજા) પાદમાં બે ટગણુ અને સમ (બીજા ચોથા) પાદમાં પગણુ (૭ માત્રા) અને ટગણુ અને તે પછી સમ વિષમ બંનેમાં લઘુ, કગણુ; લઘુ, કગણુ આવે તેને માગધિકા છંદ જાણવો.

* १ जि[illegible]प्पवत्तणं इति [illegible]ठान्तरं.

અર્થ—હે અજિતજિન ! હે પુરૂષોત્તમ ! તમારા નામનું કીર્તન, સુખ (સ્વર્ગાપવર્ગરૂપ) ને પ્રવર્તાવનારૂં છે; તેમજ ધીરજ (ચિત્તની સ્વસ્થતા) અને મતિ (પ્રજ્ઞા) ને પ્રવર્તાવનારૂં છે. હે જિનોત્તમ ! હે શાંતિનાથ ! તમારૂં કીર્તન પણ પૂર્વોક્ત ગુણવાળું છે. ૪

क्रियाविधिसंचितकर्म्मक्लेशविमोक्षकरं

किरिआविहिसंचिअकम्मकिलेसविमुक्खयरं ।

ક્રિયાના વિધાનવડે એકઠા કરેલા કર્મ અને કષાયથકી વિશેષ મૂકાવનાર

अजितं निचितं च गुणैः महामुनिसिद्धिगतम्

अजिअं निचिअं च गुणेहिँ महामुणिसिद्धिगयं ॥

નહિ જીતાયેલ વ્યાપ્ત તથા ગુણોવડે મહામુનિની અણિમાદિ સિદ્ધિઓને પ્રાપ્ત

अजितस्य च शांतिमहामुनेः अपि च शांतिकरं

अजिअस्स य संतिमहामुणिणो वि अ संतिकरं ।

અજિતનાથને અને શાંતિનાથમહામુનિને પણ શાંતિને કરનાર

सततं मम निर्वृतिकारणकं च नमस्यनकं । आलिङ्गनकम्

सययं मम निव्वुइकारणयं च नमंसणयं ॥ ५॥

***आलिंगणयं**

નિરંતર મને મોક્ષનું કારણ (છે.) અને નમસ્કાર

---

* આ આલિંગનક ૭૬ છે, તેનુ લક્ષણ આ પ્રમાણે જાણવું-

અર્થ--ક્રિયા[1]ના ભેદવડે એકત્ર કરેલાં કર્મ્મ અને [2]કષાય ચકી વિશેષે મૂકાવનાર, અન્ય દર્શનીય દેવોના વંદન પુણ્યવડે નહિ જીતાયેલ (તે કરતાં અનંત ગુણ ઉત્તમ), ગુણવડે વ્યાપ્ત અને મહા મુનિ સંબંધી[3]અણિમાદિ સિદ્ધિઓને પ્રાપ્ત એવા અજિતનાથ અને શાંતિનાથ મહામુનિને (કરેલ) નમસ્કાર, મને નિરંતર શાંતિને કરનાર અને મોક્ષનું કારણ હો ! ૫

लहुदुगुरटगणछक्कं, सव्वेसु पएसु पढमतइयंमि ।
दुचउत्थे जमियमिणं, आलिंगणयंमि छंदंमि ॥ १ ॥

द्विलघुगुरुरूपटगणषट्कं सर्वेषु पादेषु ।
प्रथमं तृतीयेन द्वितीयं च चतुर्थेन यमकितमेतदालिङ्गनके छंदे ॥

ભાવાર્થ—આલિંગનક છંદને વિષે બે લઘુ અને એક ગુરૂ આવે એવા છ ટગણ સર્વ પદને વિષે આવે છે પણ એ-ટલું વિશેષ છે કે પહેલુ પદ ત્રીજાની સાથે અને બીજું પદ ચોથાની સાથે યમકવાળું હોય.

*૧ કાયિકી વગેરે પાંચ અથવા પચીશ ક્રિયા તેનુ સ્વરૂપ **નવ તત્ત્વ**-થી સમજવુ

૨ અહી કષાયનુ કર્મમાંહે અતર્ગતપણુ છે તોપણ સસારના કાર-ણને વિષે કષાયની મુખ્યતા છે એ જણાવવાને અર્થે કષાયનુ જૂદુ ગ્રહણ કર્યું છે.

૩ અણિમાદિ આઠ સિદ્ધિ આ પ્રમાણે જાણવી-૧ કમળના જેવા ઝીણા છિદ્રમા પણ પ્રવેશ કરવાની શક્તિ તે **અણિમા**, ૨ મેરૂ પર્વત કરતાં પણ મોટુ શરીર વિકુર્વી શકાય તે **મહિમા**, ૩ અત્યત ભારે થવાની શક્તિ

हे पुरुषाः यदि दुःखवारणं यदि च विमार्गयथ सुखकारणं

पुरिसा जइ दुक्खवारणं, जइ य विमग्गह सुक्खकारणं।

હે મનુષ્યો! જો દુખનું નિવારણ, જો વળી શોધતાહો. સુખનું કારણ

अजितं शांतिं च भावतः अभयकरौ शरणं प्रपद्यध्वम्। मागधिका

मागहिया

अजिअं संतिं च भावओ, अभयकरे सरणं पवज्जहा॥६॥

અજિત અને શાતિનાથને } ભાવથકી, અભયને કરનારા } શરણે પ્રાપ્ત થાઓ.

અર્થ—હે મનુષ્યો! જો તમે દુ.ખનું નિવારણ અને સુખનું કારણ શોધો છો તો અભય (નિર્ભયતા) ને કરનારા એવા અજિતનાથ અને શાંતિનાથને શરણે ભાવપૂર્વક પ્રાપ્ત થાઓ! ૬

અજિત જિન સ્તુતિ.

अरतिरतितिमिरविरहितं उपरतजरामरणं

अरइरइतिमिरविरहिअ—मुवरयजरमरणं,

રતિ અરતિ અને અજ્ઞાનથી રહિત, નિવૃત્ત થયા છે જરા અને મરણ જેનાં એવા

તે **ગરિમા.** ૪ વાયુ કરતા પણ હલકા થવાની શક્તિ તે **લધિમા** ૫ પૃથ્વી ઉપર રહ્યા છતા અંગુલીના અગ્રભાગવડે મેરૂ પર્વતની ટોચ અને સૂર્યાદિને સ્પર્શ કરવાની શક્તિ તે **પ્રાપ્તિ** ૬ પાણીમા પૃથ્વીની જેમ પગે ચાલે અને પૃથ્વી ઉપર પાણીની જેમ ડુબી જઇ બહાર નીકળે એવી શક્તિ તે **પ્રાકામ્ય.** ૭ સ્થાવર પણ આજ્ઞા માને એવી શક્તિ—તીર્થંકર ચક્રવર્તિની ઋદ્ધિને વિસ્તારી શકે એવી પ્રભુતા તે **ઈશિત્વ.** ૮ જીવ અને અજીવ સર્વ પદાર્થ વશ થાય એવી શક્તિ તે **વશિત્વ.**

सुरासुरगरुडभुजंगपतिप्रणतप्रणिपतितं

सुरअसुरगरुलभुयगवइपययपणिवइयं ॥

સુર, અસુર, સુવર્ણકુમાર, નાગકુમાર દેવોના ઇંદ્રોવડે આદરવડે નમસ્કાર કરાયલા

अजितं अहमपि च सुनयनयनिपुणं अभयकरं

अजिअमहमवि अ सुनयनयनिउण-मभयकरं ।

અજિતનાથને હું પણ રૂડા નયની નીતિને વિષે ડાહ્યા, અભય કરનારાને

शरणं उपसृत्य भूदिविजमहितं सततं उपनमे।संगतकम्

सरणमुवसरिअ भुविदिविजमहिअं सययमुवणमे॥७॥

*संगययं

શરણ પામીને મનુષ્ય અને દેવોવડે પૂજિત, નિરંતર, સમીપ રહ્યો છતો નમું છું.

---

* આ સંગતક છંદ છે તેનુ લક્ષણ આ પ્રમાણે જાણવુ—

लहुतगणचउगगुरुणो, पायतिए तदुन्नि टगणदुगं ।

लहुतगणो पंतगुरू, संगययं रइयअणुपासं ॥ १ ॥

लघुतगणचतुष्कं गुरुः पादत्रिके लघुतद्वयं टद्वयं ।

लघुतगणोऽन्त्यगुरुः संगतकं रचितानुमासम् ॥ १ ॥

एकद्वित्रांतरितं व्यंजनमविवक्षितस्वरं बहुशः ।

आवर्त्यते निरन्तरमथवा यदसावनुमासः (इत्यनुमासलक्षणम्)

ભાવાર્થ—લઘુ અક્ષરવાળા તગણ (પાંચ માત્રા) ચાર

અર્થ--સંયમને વિષે અરતિ અને અસંયમને વિષે રતિ તથા અજ્ઞાનવડે રહિત (અથવા અરતિ મોહનીયના ઉદયથી થયેલ ચિત્તનો ઉદ્વેગ અને રતિ મોહનીયના ઉદયથી થયેલ ચિત્તનો આનંદ તે બને સમ્યગ જ્ઞાનને આચ્છાદન કરનાર હોવાથી તે રૂપ અજ્ઞાનવડે રહિત), નિવૃત્ત થયા છે જરા (વૃદ્ધાવસ્થા) અને મરણ જેના એવા (અથવા उपरतजरम् નિવૃત્ત થયેલ છે જરા જેની એવા અને अरणम् યુદ્ધાદિ ક્લેશરહિત), સુર (વૈમાનિકદેવ), અસુર (ભવનપતિદેવ), ગરૂડ (જ્યોતિષ્કદેવ), અને ભૂજગ (વ્યંતર-ખેચર)ના (અથવા સુર, અસુર, સુવર્ણ-કુમાર અને નાગકુમાર દેવોના) ઇંદ્રોવડે આદરથી નમસ્કાર કરાયેલા, સુદર ન્યાય છે જેનો એવા નૈગમાદિ સાત નયને વિષે નિપુણ (અથવા સુદર નયના ઉપદેશને વિષે નિપુણ), અભયને કરનારા અને મનુષ્ય તથા દેવોવડે પૂજિત એવા અજિતનાથને હું નિરંતર સમીપ રહ્યો છતો નમુંછું. ૭

શ્રી શાંતિજિન સ્તુતિ.

तं च जिनोत्तम–मुत्तमानिस्तम–स्सत्त्रधरं

तं च जिणुत्तम–मुत्तमनित्तमसत्तधर।

તેને પણ સામાન્ય કેવળીમાં ઉત્તમ	પ્રધાન અજ્ઞાન (આકાંક્ષા) રહિત ભાવ યજ્ઞને ધારણ કરનારા

અને એક ગુરૂ ત્રણ પાદને વિષે હોય; લઘુ તગણ બે, ટગણ બે, લઘુ તગણ અને અંત્ય ગુરૂ ચોથા પાદને વિષે હોય એ સંગનક છદ અનુપ્રાસ સહિત હોય. સ્વરની વિવક્ષાવિના એક બે ત્રણ અક્ષરના અંતરે એક વ્યંજન વારંવાર આવ્યા કરે તે અનુપ્રાસ જાણવો.

आर्जवमार्दवक्षांतिविमुक्तिसमाधिनिधिं

अज्जवमद्दवखंतिविमुत्तिसमाहिनिहिं ॥

સરળતા, નમ્રતા, ક્ષમા, નિર્લોભતા અને સમાધિના નિધાન

शांतिकरं प्रणमामि दमोत्तमतीर्थकरं

संतिकरं पणमामि दमुत्तमतित्थयरं ।

શાંતિના કરનારા નમસ્કાર કરૂં છું ઇંદ્રિય જયવડે ઉત્તમ તીર્થંકરને

शांतिमुनिः मम शांतिसमाधिवरं दिशतु ॥ सोपानकं* ॥

[1]संतिमुणी मम संतिसमाहिवरं दिसउ ॥ ८ ॥ सोवाणयं ॥

શાંતિનાથમુનિ મને શાંતિવડે સમાધિરૂપીવર આપો!

અર્થ—સામાન્ય કેવળીને વિષે ઉત્તમ, શ્રેષ્ઠ, અજ્ઞાન (અથવા આકાંક્ષા) રહિત, ભાવયજ્ઞને ધારણ કરનારા (અથવા ઉત્તમ અને અજ્ઞાન રહિત વ્યવસાય છે જેનો એવા), સરળતા,

---

* આ સોપાનક છંદ છે તેનુ લક્ષણ આ પ્રમાણે જાણવુ—

गुरुलहुटगणपणगं, गुरू य सोवाणयं समपएहिं ।

गुरुलघुरूपटगणपञ्चकं गुरुश्च सोपानकं समपदैः ।

ભાવાર્થ—એક ગુરૂ અને બે લઘુવાળા ટગણ પાંચ અને ગુરૂ, એમ તુલ્ય અક્ષરવાળા પદવડે સહિત સોપાનક છંદ જાણવો. દરેક પદમાં ૧૬ અક્ષર છે.

૧ **संतिमुणी** એ પદનો બે વખત સંબંધ લેવાનો છે. પહેલા ત્રણ પાદ સાથે સંબંધ લેતાં બીજી વિભક્તિનો અર્થ લેવો અને ચોથા પાદ સાથે સંબંધ લેતાં પહેલી વિભક્તિનો અર્થ લેવો.

નમ્રતા, ક્ષમા, નિર્લોભતા અને સમાધિના ભંડાર, શાંતિના કર-
નારા, ઇંદ્રિયના જયવડે ઉત્તમ તીર્થ (સંઘ) ને કરનારા તે
શાંતિનાથ [1]મુનિને પણ હું પ્રણામ કરૂંછું. તે શાંતિનાથ મુનિ
મને શાંતિવડે સમાધિ (ચિત્તની સ્વસ્થતા) રૂપ વરદાન આપો. ૮

શ્રી અજિતજિન સ્તુતિ.

श्रावस्तीपूर्वपार्थिवं च वरहस्तिमस्तकप्रशस्त-

सावत्थिपुव्वपत्थिवं च वरहत्थिमत्थयपसत्थ-

અયોધ્યાને વિષે પૂર્વે રાજા વળી પ્રધાન હસ્તિના મસ્તક જેવું પ્રશસ્ત-

विस्तीर्णसंस्थितं

विच्छिन्नसंथियं ।

અને વિસ્તીર્ણ છે સંસ્થાન જેનું એવા,

स्थिरश्रीवत्सवक्षसं मदकललीलायमान-

थिरसरिच्छवच्छं मयगललीलायमाण-

સ્થિર શ્રીવત્સવાળું છે હૃદય જેનું, મદવડે ઉન્મત્ત અને લીલાયુક્ત-

वरगंधहस्तिप्रस्थानप्रस्थितं संस्तवार्हं

वरगंधहत्थिपत्थाणपत्थियं संथवारिहं ॥

પ્રધાનગંધહસ્તિના ગમન જેવી છે ચાલ જેની એવા, સ્તુતિ કરવાને યોગ્ય

हस्तिहस्तबाहुं ध्मातकनकरुचकानिरुपहतपिंजरं

हत्थिहत्थबाहुं धंतकणगरुअगनिरुवहयपिंजरं

હસ્તિની શૂંઢ જેવા છે બાહુ જેના; ધમેલ સુવર્ણના આભરણ જેવો સ્વચ્છ પીત-વર્ણ છે જેનો એવા

---

[1] જગતની ત્રિકાળ અવસ્થાને જાણે તે મુનિ-સર્વજ્ઞ

प्रवरलक्षणोपचितसौम्यचारुरूपं

पवरलक्खणोवचियसोमचारुरूवं ।

શ્રેષ્ઠ લક્ષણોવડે વ્યાપ્ત સૌમ્ય અને સુંદર છે રૂપ જેનું એવા,

श्रुतिसुखमनोऽभिरामपरमरमणीय-

सुइसुहमणाभिरामपरमरमणिज्ज-

કાનને સુખકારી અને મનને આનંદદાયક અને અત્યંત રમણિક-

वरदेवदुंदुभिनिनादमधुरतरशुभगिरम् । वेष्टकः

वरदेवदुंदुहिनिनायमहुरयरसुहगिरं ॥९॥ वेड्ढओ*

પ્રધાન દેવદુંદુભિના શબ્દ કરતાં વધારે મધુર અને કલ્યાણકારી છે વાણી જેની એવા.

---

* આ વેષ્ટક છંદ છે તેનુ લક્ષણ આ પ્રકારે જાણવું—

तचपतटदुगं तदुगं, पोटचउक्कतचतिगलहुगुरुगो ।
चदुटो चचउटचदुगं, तचातिण्णि टएगदसय गुरु वेढो ॥
तचपतटद्विकतद्विकपटचतुष्कतचत्रिकलघुगुरवः ।
चद्विकटचचतुष्कटचद्विकतचात्रिकटैकादशकगुरवो वेष्टः ॥१॥

ભાવાર્થઃ—તગણ, ચગણ (ત્રણ માત્રા), પગણ, તગણ, ટગણ બે, તગણ બે, પગણ, ટગણ ચાર, તગણ, ચગણ, તગણ ત્રણ, લઘુ, ગુરૂ, ચગણ બે, ટગણ, ચગણ ચાર, ટગણ, ચગણ બે, તગણ, ચગણ ત્રણ, અગ્યાર ટગણ અને ગુરૂ એ પ્રમાણે વેષ્ટક છંદ જાણવો.

अजितं जितारिगणं जितसर्वभयं भवौघरिपुं

अजिअं जिआरिगणं, जिअसव्वभयं भवोहरिउं।

અજિતનાથને જીત્યા છે શત્રુ સમુદાય જેણે | જીત્યા છે સર્વ ભય જેણે, ભવપરંપરાના શત્રુ

प्रणमामि अहं प्रयतः पापं प्रशमयतु मे भगवन् ॥

पणमामि अहं पयओ, पावं पसमेउ मे भयवं ॥१०॥

*रासालुद्धओ

નમસ્કારકરૂંછું. હું આદરવડે પાપને શાંત કરો! મારાં ભગવાન

અર્થ—અયોધ્યા નગરીને વિષે પૂર્વે (દીક્ષા લીધા અગાઉ) રાજા હતા એવા, પ્રધાન હસ્તિના મસ્તક જેવું પ્રશસ્ત (વખાણવા લાયક) અને વિસ્તીર્ણ છે સંસ્થાન (શરીરનો આકાર)

---

* આ રાસાલુબ્ધક છંદ છે તેનું લક્ષણ આ પ્રકારે જાણવું—

टगणदुगं लहुगुरुणो, टगणतिगं लहुगुरू य टगणतिगं ॥
दुसरिच्छं अंतपयं, रासाइलुद्धयं छंदं ॥

टगणद्विकं लघुर्गुरुष्टगणात्रिकं लघुर्गुरुश्च टगणत्रिकम् ।
द्वितीयसमं चतुर्थं (यत्र तद्) रासालुब्धकच्छन्दः ॥१॥

ભાવાર્થ—ટગણ બે, લઘુ, ગુરૂ તથા ટગણ ત્રણ, લઘુ, ગુરૂ; ટગણ ત્રણ અને છેલ્લું પાદ બીજા સરખું (ટગણ ત્રણ, લઘુ, ગુરૂ) જ્યાં છે તે રાસાલુબ્ધક છંદ જાણવો.

જેનું એવા, નિશ્ચલ શ્રીવત્સવાળું છે હૃદય જેનું એવા (અથવા સ્થિર અને સરખું છે હૃદય જેનું એવા), મદવડે ઉન્મત્ત અને લીલા યુક્ત પ્રધાન ગંધહસ્તિના ગમન જેવી ચાલ છે જેની એવા, સ્તુતિ કરવાને યોગ્ય, હસ્તિની શૂંઢ જેવા છે બાહુ (હાથ) જેના એવા, ધમેલ સુવર્ણના આભરણ જેવો સ્વચ્છ પીતવર્ણ છે જેનો એવા, શ્રેષ્ઠ લક્ષણોવડે વ્યાપ્ત, સૌમ્ય અને સુંદર છે રૂપ જેનું એવા, કાનને સુખકારી અને મનને આનંદદાયક તથા અત્યંત રમણિક પ્રધાન દેવ દુંદુભીના શબ્દ કરતાં વધારે મધુર અને કલ્યાણકારી છે વાણી જેની એવા; વળી જીત્યા છે શત્રુ સમુદાય જેણે, જીત્યા છે સર્વ ભય જેણે (અથવા જીવશ્રવ્યમર્ગ એટલે સંજ્ઞીપંચેંદ્રિય જીવોને સાંભળવા યોગ્ય છે માહાત્મ્ય જેનું એવા), ભવ પરંપરાના શત્રુ (ભવનો નાશ કરનારા) અજિતનાથને હું આદરવડે નમસ્કાર કરૂં છું. તે ભગવાન મારા પાપ (અશુભ કર્મ) ને શાંત કરો (નાશ કરો). ૯–૧૦

શ્રી શાંતિજિન સ્તુતિ.

કુરુજનપદહસ્તિનાપુરનરેશ્વરः　　　　　प्रथमं ततः

कुरुजणवयहत्थिणाउरनरीसरो　　पढमं तओ

કુરૂદેશના હસ્તિનાપુરનગરના રાજા હતા. પ્રથમ પછી

महाचक्रवर्तिभोगान् (बुभुजे)　　　　महाप्रभावः

महाचक्कवट्टिभोए　　　　महप्पभावो

મ્હોટા ચક્રવર્ત્તીના રાજ્યને ભોગવતા હવા. મ્હોટા પ્રભાવવાળા

यः द्विसप्ततिपुरवरसहस्रवरनगरनिगमजनपदपतिः

जो बावत्तरिपुरवरसहस्सवरनगरनिगमजणवयव-

જે બહોંતેરહજાર ધરવડે શ્રેષ્ઠ એવા પ્રધાન નગરો,[1] નિગમ[2] અને દેશના સ્વામી,

द्वात्रिंशद्राजवरसहस्रानुयातमार्गः

बत्तीसारायवरसहस्साणुयायमग्गो

બત્રીશહજાર શ્રેષ્ઠ રાજાઓ અનુયાયી છે જેના એવા,

चतुर्दशवररत्ननवमहानिधिचतुःषष्टिसहस्र-

चउदसवररयणनवमहानिहिचउसट्ठिसहस्स-

ચૌદ શ્રેષ્ઠ [3]રત્નો, નવ [4]મહાનિધાન અને ચોસઠહજાર.

---

૧ જેમા કર ન હોય તે

૨ મહોટા વ્યવહારીઓની દુકાનવાળા સ્થાનો—વ્યાપારના સ્થાનો

૩ ચૌદ રત્નો દરેક ચક્રવર્ત્તિને હોય તે આ પ્રકારે જાણવા—૧ **ચક્રરત્ન** તે ધનુષ્ય પ્રમાણુ હોય, વૈરિનુ મસ્તક છેદે ૨ **છત્રરત્ન** તે ધનુષ્ય પ્રમાણુ હોય, ચક્રવર્તિના હસ્ત સ્પર્શે બાર યોજન વિસ્તારવાળુ થાય, જે ઉત્તરના મ્લેચ્છ રાજાના દેવતાએ વરસાવેલા વર્ષાદને રોકવા સમર્થ થાય ૩ **દંડરત્ન** તે ધનુષ્ય પ્રમાણુ હોય, વાકી ભૂમિને સરખી કરે, જરૂર પડ્યે હજાર યોજન જમીન ખોદે. ૪ **ચર્મરત્ન** બે હાથનુ હોય, જરૂર પડ્યે ચક્રવર્તિના સ્પર્શે બાર યોજન લબુ થાય, તેમા સવારે શાલિપ્રમુખ ધાન્ય વાવ્યા હોય તે સાંજે ઉપભોગ યોગ્ય તૈયાર થાય. ૫ **ખડ્ગરત્ન** બત્રીશ આંગળનુ હોય, તે સગ્રામમાં અસત શક્તિવત હોય. ૬ **કાંગિણીરત્ન** ચાર અગુલ પ્ર-

प्रवरयुवतीनां सुंदरपतिः

पवरजुवईण सुंदरवई

શ્રેષ્ઠ સ્ત્રીઓના સુંદર ભર્તાર,

માણુ હોય, તેનાવડે વૈતાઢય પર્વતની ગુફામા બને બાજુ ઓગણપચાસ પ્રકાશ આપનારા મડળ કરે. ૭ **મણિરત્ન** ચાર અગુલ લાબુ બે આંગળ પહોળુ હોય, તે છત્ર રત્નના તુંબા ઉપર બાંધ્યુ છતુ બાર યોજન પ્રકાશ કરે અને હાથે કે માથે બાંધ્યું છતું સમસ્ત રોગને હરે. એ સાત રત્ન એકેદ્રિય જાતિના છે અને બીજા સાત પંચેદ્રિય જાતિના છે. ૮ **પુરોહિત** રત્ન તે શાંતિકર્મ કરે ૯ **અશ્વરત્ન**, ૧૦ **ગજરત્ન** એ બને મહા પરાક્રમવાળા હોય. ૧૧ **સેનાપતિરત્ન** તે ચક્રવર્ત્તિની સહાય વિના ગંગા સિધુની બાહેરની પાસેના ચાર ખડને જીતે. ૧૨ **ગૃહપતિરત્ન** તે ગૃહની ચિતા રાખે. ૧૩ **વાર્ધિકરત્ન** તે મકાનો બાધે, લશ્કરના પડાવ કરાવે, વૈતાઢયની ગુફામાં આવેલી ઉન્મગા અને નિમ્નગા નદીના પૂલ બાંધે. ઇત્યાદિ બાધકામ કરે ૧૪ **સ્ત્રીરત્ન** અત્યંત અદ્ભૂત રૂપવંત ચક્રવર્તિને ભોગ યોગ્ય હોય એ પ્રત્યેક રત્ન એકહજાર યક્ષોએ અધિષ્ઠિત હોય અને બે હજાર યક્ષ ચક્રીની બે બાહુના અધિષ્ટિત હોય એમ ૧૬ હજાર યક્ષ ચક્રવર્તિના સેવક હોય ચક્ર, દડ, છત્ર અને ચર્મ એ ચાર આયુધ શા-ળામા ઉત્પન્ન થાય, ખડ્ગ, કાંગિણી અને મણિ એ ત્રણ ભડારમાં ઉત્પન્ન થાય, ગજ અને અશ્વ વૈતાઢય પર્વતમાં ઉપજે, સ્ત્રી રત્ન ક્ષત્રીય રાજાને ઘેર થાય અને બાકીના ચાર ચક્રીના નગરને વિષે ઉત્પન્ન થાય

૪ નવ નિધાનનુ સ્વરૂપ આ પ્રમાણે જાણવુ–૧ ગ્રામ (ફરતી વાડી હોય તે), આકર (મીઠું પાકે તે), નગર (રાજધાની થાય તે), પાટણ (જળ અને સ્થળના માર્ગ હોય તે), દ્રોણમુખ (જયાં જળ માર્ગજ હોય), મંડપ (અઢી ગાઉ ફરતાં ગામ ન હોય તે), સૈન્ય અને ગૃહની માંડણી એ સર્વે

चतुरशीतिहयगजरथशतसहस्रस्वामी

चुलसीहयगयर - सयसहस्ससामी

ચોરાશીલાખ ઘોડા, ચોરાશીલાખ હાથી અને ચોરાશીલાખ રથ ના સ્વામી

નૈસર્પી નામે નિધાનને વિષે હોય. ૨ ગણિત, ગીત, ચોવીશ જાતના ધાન્યના બીજ તથા તેની ઉત્પત્તિના પ્રકાર એ સર્વ **પાંડુક** નિધાનમાં હોય. ૩ સર્વ જાતના આભરણ, અશ્વ તથા હાથીના આભરણ, તેના વિધિ **પિંગલક** નિધાનને વિષે હોય. ૪ ચક્રવર્તિના ચૌદરત્ન વિગેરે **સર્વરત્ન** ચોથા નિધાનના યોગે થાય. કેટલાએક કહે છે કે—આ નિધાનથી તે રત્નો મહા દિપ્તિવંત થાય. ૫ વસ્ત્રની ઉત્પત્તિ, ઉત્પત્તિના પ્રકાર, રંગની ઉત્પત્તિ, સાત ધાતુ, વસ્ત્ર ધોવાની રીત વગેરે **મહાપદ્મ** નિધાનમાં હોય. ૬ સમસ્ત કાળ જ્ઞાન (જ્યોતિષ્ક), તીર્થંકરાદિના વંશાદિકનુ કથન, શિલ્પ વિદ્યા, કર્ષણુ (ખેતી), વાણિજ્ય (વેપાર) વગેરે **કાળ** નિધાનમાં હોય. ૭ લોહુ, સોનુ, મણિ, મોતિ, સ્ફટિક અને પ્રવાળાના સમૂહ **મહાકાળ** નિધાનમા હોય ૮ શુરવીર યોદ્ધાની ઉત્પત્તિ, હથીયાર વગેરે યુદ્ધ સામગ્રી, યુદ્ધનીતિ, દંડનીતિ એ **માણવક** નિધાનમાં હોય ૯ નાટ્યવિધિ, ગદ્ય પદ્યની વિધિ એ **મહાશંખ** નિધાનમાં હોય. આ નવે નિધાન ઉત્સેધાંગુલે આઠ યોજન ઉંચા, નવ યોજન પહોળા અને બાર યોજન લાંબા પેટીના આકારે ગંગાનદીના મુખ આગળ સદા રહે છે. ચક્રવર્તિ ઉત્પન્ન થઈ છ ખંડ સાધીને જ્યારે પાછા વળે ત્યારે તેની સાથે આવી ચક્રિની નગરીમાં પાતાળમાં રહે. આ નિધાનો વિવિધ રત્નમય છે અને ઘણા ધન અને રત્નાદિ સમૃદ્ધિએ કરી સહિત છે, આનું વિશેષ વર્ણન જોવાની ઇચ્છાવાળાએ **પ્રવચનસારોદ્ધારાદિ** ગ્રંથ જોવા.

कणवतिग्रामकोटीस्वामी आसीत् यः भारते भगवन्

छन्नवइगामकोडिसामी आसी जो भारहंमि भयवं

॥ ११ ॥ वेड्ढओ*॥

છન્નું ક્રોડ ગામના સ્વામી હોતા હવા. જે ભરતમાં ભગવાન

तं शांतिं शांतिकरं (स्वांतिकरं) संतीर्णं सर्वभयात्

तं संतिं संतिकरं, संतिण्णं सव्वभया ।

તે ઉપશમરૂપ, શાંતિને કરનારા (મોક્ષને આપનારા) } રૂડે પ્રકારે તર્યા છે સર્વ ભય થકી એવા

---

* આ વેષ્ટક છંદ છે પ્રથમના વેષ્ટકથી આ જુદો સમજવો, તેનું લક્ષણ આ પ્રમાણે જાણવું—

पतदुगं लहुगुरुणो, टछक्कदुगुरुटसत्तलहुगुरुगा ।
पटदुतचगुरुनवटा, दुलहुगुरुटचउदोगुरुगा ॥ १ ॥
टदुचगुरुजुयं टतिगं, दुलहुगुरू अवरवेढओ छंदं ।
पताद्विकं लघुर्गुरुष्षट्कद्विगुरुसप्तकलघुगुरवः ।
पटाद्विकतचगुरुटनवकलघुद्वयगुरुटचतुष्कगुरुद्विकाः ॥
टद्विकचगुरुयुतं टत्रिकं लघुद्विकं गुरुरपरवेष्टकच्छंदः ।

ભાવાર્થઃ—પગણ, તગણ બે, લઘુ, ગુરૂ, ટગણ છ, બે ગુરૂ, ટગણ સાત, લઘુ, ગુરૂ, પગણ, ટગણ બે, તગણ, ચગણ, ગુરૂ, ટગણ નવ, બે લઘુ, ગુરૂ, ટગણ ચાર, ગુરૂ બે, ટગણ બે, ચગણ, ગુરૂવાળા ટગણ ત્રણ, બે લઘુ, ગુરૂ એ પ્રમાણે બીજો વેષ્ટક છંદ જાણવો.

शांतिं स्तौमि जिनं शांतिं विधातुं [1]ए (इति संबोधने) ॥
संतिं थुणामि जिणं, संतिं विहेउमे ॥ १२ ॥
*रासानंदियं ॥ ([illegible]गमम्)

શાંતિનાથ સ્તુતિ કરૂંછું. (જનને શાંતિ કરવાને માટે

અર્થ—કુરૂ દેશને વિષે હસ્તિનાપુર નગરના પ્રથમ રાજા હતા. તેવાર પછી મહોટા ચક્રવર્ત્તિના (છ ખંડના) રાજ્ય (ને વિષે વર્તતા હતા) ને ભોગવતા હતા. મ્હોટો છે પ્રભાવ જેનો એવા (અથવા महात्मभाव ઉત્સવોવડે આત્માને પ્રીતિ કરનારા), જે ઘરવડે શ્રેષ્ઠ એવા બહોંતેર હજાર પ્રધાન નગરો, નિગમ અને દેશના સ્વામી (અથવા બહોંતેર હજાર નગર અને પ્રધાન વ્યાપારના સ્થાનોવાળા, ગામો છે જેને વિષે એવા દેશના સ્વામી અથવા બહોંતેર હજાર પ્રધાન નગર અને શહેરની પેઠે જન સમુદાયે સંકીર્ણ છે રસ્તાઓ જેને વિષે એવા દેશોના સ્વામી),

---

૧ ए અતિશાયી લોકોના સબોધન અર્થે વપરાય છે તેથી હે ઉત્તમ પુરૂષો ! તમારી સમક્ષ હું સ્તુતિ કરૂં છુ, એમ સૂચવાય છે.

* આ રાસાનંદિતક છંદ છે તેનુ લક્ષણ આ પ્રમાણે જાણવુ—

टदुलहुदुगुरू पढमे, दुइए टदुलहुगुरू पए तइए ।
तुरिए टदुगं सगुरू, रासाइनंदियं छंदं ॥१॥
टद्विकलघुद्विकगुरुवः प्रथमे द्वितीये, टद्विकलघुगुरुवः पदे तृतीये ।
तुर्ये टद्विकं सगुरुरासानंदितकं च्छंदः ॥

ભાવાર્થઃ—ટગણુ બે, લઘુ બે, ગુરૂ, પહેલા અને બીજા પાદમાં હોય. ત્રીજા પાદમાં ટગણુ બે, લઘુ, અને ગુરૂ હોય. ચોથા પાદમાં ટગણુ બે અને ગુરૂ એ લક્ષણવાળો રાસાનંદિતક છંદ જાણવો.

બત્રીશ હજાર મુકુટબદ્ધ રાજાઓએ અનુકરણ કર્યો છે માર્ગ જેનો એવા, ચૌદ શ્રેષ્ઠ રત્ન, નવ મહાનિધાન અને ચોસઠ હજાર શ્રેષ્ઠ સ્ત્રીઓના સુંદર ભર્તાર, ચોરાશી લાખ ઘોડા (અઢાર ક્રોડ ઘોડા પણ કહેલ છે), ચોરાશી લાખ હાથી અને ચોરાશી લાખ રથના સ્વામી, છન્નું ક્રોડ ગામના સ્વામી એવા જે ભગવાન્ ભરત ક્ષેત્રને વિષે હોતા હવા; તે ઉપશમરૂપ, શાંતિને કરનારા (મોક્ષને આપનારા), રૂડે પ્રકારે તર્યા છે સર્વ ભય (મૃત્યુ) થકી એવા (અથવા રૂડે પ્રકારે તર્યું છે સર્વે એ ભય જેના થકી એવા), શાંતિનાથ જિનને શાંતિ કરવાને માટે હું સ્તવું છું. (અથવા પૂર્વોક્ત શાંતિનાથ જિનને સ્તવું છે તે ભગવાન મુજને શાંતિ કરો). ૧૧-૧૨

શ્રી અજિતજિન સ્તુતિ.

हे ऐक्ष्वाक विदेहनरेश्वर ! नरवृषभ ! मुनिवृषभ !

इक्खाग विदेहनरीसर नरवसहा मुणिवसहा[1] ।

હે ઇક્ષ્વાકુકુલવંશ્ય, વિદેહના રાજા, મનુષ્યોમાં શ્રેષ્ઠ, મુનિઓને વિષે શ્રેષ્ઠ

नवशारदशशि[2]सकलानन ! विगततमः ! विधुतरजः ।

नवसारयससिसकलाणण विगयतमा विहुअरया ॥

નવીન શરદઋતુના ચંદ્ર જેવા શોભાયમાન મુખવાળા, | ગયું છે અજ્ઞાન જે થકી એવા | ટાળ્યા છે કર્મરૂપ રજ જેણે એવા

---

૧ **मुणिवसहा नव** એ પ્રકારે પદ લઇએ ત્યારે "**मुनिपसमानव** ઈંદ્રોની સભાને વિષે સ્તુતિ થાય છે જેની એવા" આવો અર્થ થાય છે.

૨ સકલ શબ્દનો અર્થ પૂર્ણ લઈએ ત્યારે ચદ્રનુ વિશેષણ લેવુ પડે તે વિશેષ્યની પહેલા આવવુ જોઈએ પણ પ્રાકૃતને લીધે પર નિપાત થાય છે.

अजित! उत्तमतेजः! [1]गुणैः महामुन्यमितबल! विपुलकुल!

विउलकुला।

अजि उत्तमतेअ गुणेहिँ महामुणिअमिअबला

હે અજિત, ઉત્તમ તેજવાળા, ગુણોવડે, મોટા મુનિવડે માપી શકાય નહિ એવા બળવાળા, વિસ્તીર્ણ કુળવાળા

प्रणमामि तुभ्यं भवभयमूरण! जगच्छरण! मम शरणं॥

पणमामि ते भवभयमूरण जगसरणा[2]मम सरणं॥१३॥

*चित्तलेहा

નમસ્કાર કરૂછું. તમોને ભવભયને તોડનારા, જગત્‌ના શરણ, મ્હારા શરણ છો.

---

૧ ગુણ બે પ્રકારના છે–રૂપ વગેરે બાહ્ય અને જ્ઞાનાદિ તે અભ્યંતર.

૨ જગસરણ અને અમમ (નિર્મમત્વ) એવા બે પદ પણ નીકળે છે.

* આ ચિત્રલેખા છંદ છે તેનુ લક્ષણ આ પ્રકારે જાણવુ—

तटतटदुलहुदुगुरुआ, आइदुगे तटतटतिगदुल.गुरू।

तुरिए तटतटजुयलं, चगणगुरु चित्तलेहत्ति ॥ १ ॥

तटतटद्विकलघुद्विकगुरव आदिद्विके तटतटत्रिकलघुगुरवः (?)

तुर्ये तटतटद्विकचगुरवश्चित्रलेखेति ॥ १ ॥

ભાવાર્થ—તગણ, ટગણ, તગણ, ટગણબે; લઘુ બે અને ગુરૂ પહેલા અને બીજા પાદમાં આવે. તથા તગણ, ટગણ, તગણ, ટગણત્રણ, બે લઘુ અને ગુરૂ ત્રીજા પાદમાં હોય અને ચોથા પાદમાં તગણ, ટગણ, તગણ, ટગણ બે, ચગણ અને ગુરૂ આવે એ પ્રકારે ચિત્રલેખા છંદ જાણવો.

અર્થ—હે ઇક્ષ્વાકુ વંશમાં ઉત્પન્ન થયેલા, હે વિદેહ દેશના રાજા (અથવા ગૃહસ્થાવાસને વિષે રાજા), હે મનુષ્યોમાં શ્રેષ્ઠ, હે મુનિઓને વિષે શ્રેષ્ઠ, હે ઉદય પામેલ શરદ ઋતુના ચંદ્ર જેવા શોભાયમાન મુખવાળા (અથવા ઉદય પામેલ શરદ ઋતુના પૂર્ણ ચંદ્ર જેવા મુખવાળા), હે ગયું છે અજ્ઞાન જેના થકી એવા, હે ટાળ્યા છે (નવા બંધાતા અને બાંધેલાં) કર્મરૂપ રજ જેણે એવા, હે ગુણોવડે ઉત્તમ તેજવાળા, (અથવા હે તેજ ગુણવડે ઉત્તમ !) હે મોટા મુનિઓ વડે માપી (જાણી) શકાય નહિ એવું છે સામર્થ્ય જેમનું એવા, હે વિસ્તીર્ણ કુળ (વંશ) વાળા, હે ભવભયને તોડનારા, હે અજિતનાથ, તમોને નમસ્કાર કરું છું હે જગતને શરણ ભૂત ! મને શરણ ભૂત છો. અથવા હે અજિતનાથ ! તમારા સરણ–સ્મરણને કરનારાને હું નમસ્કાર કરું છું. ૧૩

શ્રી શાંતિજિન સ્તુતિ.

हे देवदानवेंद्रचंद्रसूरवंद्य ! हृष्टतुष्टज्येष्ठपरमलष्ट रूप !

देवदाणविंदचंदसूरवंद हट्ठतुट्ठजिट्ठपरम--लट्ठरूव

હે સુર અસુરના ઇંદ્ર, ચંદ્ર અને સૂર્યને વંદન કરવા યોગ્ય ! } આરોગ્યવંત, પ્રીતિવંત, પ્રશસ્ય અને અત્યંત કાંતિયુક્ત રૂપવાળા !

ध्मातरूप्यपट्टश्वेतशुद्धस्निग्धधवलदंतपंक्ते ! शांते !

धंतरूप्पपट्टसेयसुद्धनिद्धधवल--दंतपंति ! संति !

ધમેલ રૂપાના પાટા જેવી શ્વેત (ઘન), નિર્મળ, સ્નિગ્ધ અને ઉજ્જવલ છે દાંતની પંક્તિ જેમની એવા ! } શાંતિનાથ !

शक्तिकीर्तिमुक्तियुक्तिगुप्तिप्रवर, दीप्ततेजोवृन्द, ध्येय,[1]
सत्तिकित्तिमुत्तिजुत्तिगुत्तिपवरा॥दित्ततेअवंद धेअ
શક્તિ, કીર્તિ, નિર્લોભતા, યુક્તિ અને ગુપ્તિવડે શ્રેષ્ઠ ! } દેદીપ્યમાન તેજના સમૂહવાળા! } ધ્યાન કરવા યોગ્ય !
सर्व्वलोकभावितप्रभाव ! ज्ञेय ! प्रदिश मम समाधिम् ॥
सव्वलोअभाविअप्पभाव णेअ, पइस मे समाहिं॥१४॥
नारायओ*
સર્વ લોકોએ જાણ્યો છે પ્રભાવ જેમનો એવા ! } જાણવા યોગ્ય ! આપો મને સમાધિ

---

૧ धेयसव्वलोय પોષણ કરવા યોગ્ય છે સર્વલોક જેનાવડે એવા, भाविअप्पभाव (भावित आत्मभाव) જાણ્યો છે આત્મારૂપ પદાર્થ જેણે એવા (આત્મગુણમાં રક્ત) અને णेय (नेत) સ્વામિ એમ પણ પદો નીકળે છે.

* આ નારાચક છંદ છે તેનુ લક્ષણ આ પ્રકારે જાણવું—

गुरुलहुचनवगनगणो, चअट्ठनगणो चअट्ठ नगणो य ।
दस चगणा तह नगणो, चगणो गुरुदुन्नि नाराओ ॥ १ ॥
गुरुलघुरूपचनवकं नगणश्चाष्टकं नगणश्चाष्टकं नगणश्च ।
दशचास्तथा नगणश्चगणो गुरुद्वयं नाराचकः ॥ १ ॥

SII	ISI	IIS	ISS	SIS	SSI	III	SSS	} एतेऽक्षरगणाः ।
भ	ज	स	य	र	त	न	म	

ભાવાર્થ—ગુરૂ લઘુરૂપ ચગણ નવ, નગણ; ચગણ આઠ, નગણ; ચગણ આઠ અને નગણ; દશ ચગણ તેમજ નગણ, ચગણ, ગુરૂ બે, એ લક્ષણવાળો નારાચક છંદ જાણવો. અહીં નગણ આવ્યો તે અક્ષરમેળનો સમજવો; તે અક્ષર ગણ, ભગણ (SII), જગણ (ISI), સગણ (IIS), યગણ (ISS), રગણ (SIS), તગણ (SSI), નગણ (III) અને મગણ (SSS) એ આઠ નામના જાણવા.

અર્થ—હે સુરઅસુરના ઇંદ્ર, ચંદ્ર અને સૂર્યને વંદન કરવા યોગ્ય; હે આરોગ્યવંત, પ્રીતિવંત, પ્રશસ્ય અને અત્યંત કાંતિ યુક્ત રૂપવાળા ! હે ધમેલ રૂપાના પાટા જેવી શ્વેત (અથવા શ્રેયસૂ એટલે ઘન-પ્રશસ્ય), નિર્મળ, સ્નિગ્ધ અને ઉજ્વળ છે દાંતની પંક્તિ (બે હાર) જેમની એવા ! હે શક્તિ, કીર્તિ, નિર્લોભતા, યુક્તિ (ન્યાય યુક્ત વચન), અને ગુપ્તિ (મન, વચન અને કાયાને નિયમમાં રાખવા) વડે શ્રેષ્ઠ ! હે દેદિપ્યમાન તેજના સમૂહવાળા ! હે ધ્યાન કરવા યોગ્ય (અથવા જાજ્વલ્યમાન તેજવાળા, વંદન કરવા યોગ્ય, ધ્યાન કરવા યોગ્ય !) હે સર્વ લોકોએ જાણ્યો છે પ્રભાવ જેમનો એવા ! હે જાણવા યોગ્ય ! હે શાંતિનાથ ! મને સમાધિ (ચિત્તની સ્વસ્થતા) આપો ! ૧૪.

શ્રી અજિતજિન સ્તુતિ.

विमलशशिकलातिरेकसौम्यं वितिमिरसूरकरातिरेकतेजसं

विमलससिकलाइरेअसोमं,वितिमिरसूरकराइरेअतेअं॥

નિર્મલ ચંદ્રની પ્રભા કરતાં અધિક સૌમ્યતાવાળા, } વાદળાં રહિત સૂર્યના કિરણો કરતાં અધિક તેજવાળા

[1]त्रिदशपतिगणातिरेकरूपं धरणिधरप्रवरातिरेकसारं ॥कुसुमलता.

तिअसवइगणाइरेअरूवं,धरणिधरप्पवराइरेअसारं॥१५॥

***कुसुमलया**

ઇંદ્ર સમુદાય કરતાં અધિક રૂપવાળા, } મેરૂ પર્વત કરતાં અધિક સ્થિરતા વાળા

---

૧ સર્વ દેવતા મળી પોતાનુ રૂપ એકત્ર કરી ભગવતની ટચલી આગળી પાસે મૂકે તો સુવર્ણ અને તાંબાના રૂપમાં જેટલો અંતર લાગે તેટલો ભગવતના અને દેવતાના એકત્ર કરેલ રૂપમા લાગે

* આ **કુસુમલતા** છંદ છે તેનુ લક્ષણ આ પ્રકારે જાણવું—

सत्त्वे च सदा अजितं शारीरे च बले अजितं

सत्ते अ सया अजिअं, सारीरे अ बले अजिअं ॥

સત્ત્વમાં વળી નિરંતર અજિત શરીર સંબંધી વળી બળમાં અજિત

तपः संयमे च अजितं एष स्तौमि जिनं अजितं

तव संजमे अ अजिअं, एस थुणामि जिणं अजिअं ॥ १६ ॥

તપ અને સંયમને વિષે અજિત, એ પ્રકારે સ્તવું છું. જિનને અજિત

***भुअगपरिरिंगिअं ([illegible]ग्मम्)**

અર્થ—નિર્મળ ચંદ્રની પ્રભા કરતાં અધિક સૌમ્યતાવાળા, વાદળાં રહિત સૂર્યના કિરણો કરતાં અધિક તેજવાળા, ઇંદ્રના સમુદાય કરતાં અધિક રૂપવાળા, મેરૂ પર્વત કરતાં અધિક

विसमे कलाणछक्कं, समेसु अडगं निरंतरं न हु तं ।
अंते रगणो यगणो, कुसुमलयानामछंदंमि ॥ १ ॥
विषमयोः कलानां षट्कं समयोरष्टकं न चैतन्निरन्तरं ।
अन्त्ये रगणयगणौ कुसुमलतानाम्नि च्छंदसि ॥

ભાવાર્થ--વિષમપદમાં છકળા અને સમ પદમાં આઠ કળા પ્રથમ હોય અને અંતે રગણુ અને યગણુ કુસુમલતા નામના છંદને વિષે હોય. આઠ કળાની ગણતરી હમેશ માટે સરખી હોતી નથી. આ છંદને ઓપછંદસિક પણ કહે છે.

* આ ભુજંગ પરિરિંગિત છંદ છે તેનુ લક્ષણુ આ પ્રકારે જાણવું—

સ્થિરતાવાળા; વળી સત્ત્વ (વ્યવસાય)માં નિરંતર અજિત, (નહિ જીતાય એવા) શરીર સંબંધી બળમાં પણ અજિત, તપ અને [1]સંયમને વિષે અજિત એવા પ્રકારે હું અજિતનાથ જિનને સ્તવું છું. ૧૫-૧૬

तगणो टगणो लहुगुरु, पगणो टगणो य दुलहुगुरू दुइए ।
एवं चिय पच्छद्धं, भुयंगपरिरिंगियं छंदं ॥ १ ॥

तगणष्टगणो लघुर्गुरुः पगणष्टगणश्च लघुद्विकगुरुर्द्वितीये ।
एवमेव पश्चार्धं भुजंगपरिरिंगितं च्छंदः ॥

ભાવાર્થ—પહેલા પાદમાં તગણુ, ટગણુ, લઘુ, ગુરૂ, અને બીજામાં પગણુ, ટગણુ, લઘુ બે, ગુરૂ હોય. એ પ્રકારે પાછલા અર્ધના બંને પાદ પણ જાણવા; એ લક્ષણ યુક્ત ભુજંગપરિરિંગિત છંદ જાણવો.

૧ સયમ સત્તર પ્રકારે છે તે આ પ્રમાણે–પાચ ઇંદ્રિય અને ચાર કષાયનો જય, પાંચ અવ્રતનો ત્યાગ અને ત્રણ યોગ (મન, વચન, કાયા)નું નિવર્તન. સયમના ૧૭ પ્રકાર બીજી રીતે પણ છે તે આ પ્રમાણે ૧ પૃથ્વીકાય સયમ, ૨ અપ્કાય સયમ, ૩ તેઉકાય સંયમ, ૪ વાઉકાય સંયમ, ૫ વનસ્પતિકાય સયમ, ૬ બેઇંદ્રિય સયમ, ૭ તેઇંદ્રિય સંયમ, ૮ ચૌરિંદ્રિય સંયમ, ૯ પચેંદ્રિય સંયમ, ૧૦ પ્રેક્ષ્ય (જોવું) સયમ, ૧૧ ઉપેક્ષ્ય (ઉપેક્ષા કરવી) સયમ, ૧૨ પ્રમાર્જના સયમ, ૧૩ અપહૃત્ય (પરઠવવુ) સંયમ, ૧૪ મન સયમ, ૧૫ વચન સયમ, ૧૬ કાય સંયમ અને ૧૭ અજીવ (ઉપકરણ) સંયમ.

શ્રી શાંતિજિન સ્તુતિ.

[1]सौम्यगुणैः प्राप्नोति न [2]तं नवशरच्छशी
सोमगुणेहिँ [3]पावइ न तं नवसरयससो ।
સૌમ્ય ગુણવડે પામે ન તે (અજિતનાથને) નવીન શરદઋતુ
નો ચંદ્ર

तेजोगुणैः प्राप्नोति न तं नवशरद्रविः
तेअगुणेहिँ पावइ न तं नवसरयरवी ॥
તેજ ગુણવડે પામે ન તેને નવીન શરદઋતુનો સૂર્ય
रूपगुणैः प्राप्नोति न तं त्रिदशगणपतिः
रूवगुणेहिँ पावइ न तं तिअसगणवई ॥
રૂપ ગુણવડે પામે. ન તેને ઇંદ્ર (દેવ સમુદાયના સ્વામી)
सारगुणैः प्राप्नोति न तं धरणिधरपतिः (कनकाचलः)खिद्यतकम्
सारगुणेहि पावइ न तं धरणिधरवई॥१७॥खिज्जिअयं*
સ્થૈર્ય ગુણવડે પામે. ન તેને મેરૂપર્વત

---

૧ ચંદ્ર, સૂર્ય, ઇંદ્ર અને મેરૂપર્વત પોતાના સૌમ્યતા, તેજ, રૂપ અને સ્થૈર્ય ગુણવડે કરીને ભગવંતના સૌમ્યતા આદિગુણની સમાનતા પ્રાપ્ત કરી શકતા નથી એટલે કે ભગવતના ગુણો અધિકતર છે.

૨ અહીં **तत्** શબ્દે પૂર્વોક્ત અજિતનાથ લીધા છે પરંતુ હવે પછી કહેવાના શાંતિનાથ લેવા એમ વૃદ્ધો કહે છે કેમકે અજિતનાથની સ્તુતિ આવાજ ગુણોવડે પ્રથમ કરાઇ ગઇ છે તેમજ **तत्** શબ્દનો અર્થ **वक्ष्यमाण** પણ કરી શકાય છે

૩ **पामइ** એવો પાઠ હોય ત્યા પણ **प्रामोति** ગત્યર્થક હોવાથી એવોજ અર્થ થાય છે

* આ **ખીદ્યતક** છંદ છે તેનુ લક્ષણ આ પ્રકારે જાણવું—

અર્થ—સૌમ્ય ગુણવડે નવીન શરદ ઋતુનો ચંદ્ર તે (અજિતનાથ)ને પામી ન શકે, તેજ ગુણવડે નવીન શરદ ઋતુનો સૂર્ય તેને પહોંચે નહિ, રૂપ ગુણવડે ઇંદ્ર તેને પહોંચે નહિ અને સ્થૈર્ય ગુણવડે મેરૂ પર્વત તેને પહોંચે નહિ અર્થાત્ તેની સમાન થઇ શકે નહી'. ૧૭

तीर्थवरप्रवर्तकं तमरजोरहितं

'तित्थवरपवत्तयं तमरय हियं ।

શ્રેષ્ઠ તીર્થના પ્રવર્તક, અજ્ઞાન અને કર્મરજથી રહિત

धीरजनस्तुतार्चितं च्युतकालिकाकलुष्यं

धीरजणथुअच्चिअं चुअकलिकलुसं ॥

બુદ્ધિવાન પુરૂષોવડે સ્તુતિ કરાયેલ અને પૂજાયેલ | ગયાં છે વૈર અને મલિનતા જેના એવા

भरनभनगणलहुगुरु,सव्वपएसु तहा जई दसमे ।

सव्वंतरुखरजमियं, छंदं खिज्जिययनामं तं ।। १ ।।

भरनभना लघुर्गुरुश्च सर्वपदेषु तथा यतिर्दशमे (दशमेऽक्षरे विश्रामः)

सर्वपादेष्वन्त्याक्षरयमकितं तत्खिद्यतकनामच्छंदः ।।

ભાવાર્થ--ભગણ, રગણ, નગણ, ભગણ, નગણ, લઘુ અને ગુરૂ સર્વ પદમાં હોય તેમજ દશમે અક્ષરે વિશ્રામ કરવો. સર્વ પદના અંત્યાક્ષર યમકવાળા હોય તે ખિદ્યતક નામનો છંદ જાણવો. એને **વંશપત્રપતિત** પણ કહે છે.

૧ **तित्थयर** એવો પાઠ પણ છે ત્યા **तीर्थंतर** એટલે પ્રકૃષ્ટ તીર્થ એવો અર્થ થાય છે.

शांतिमुखप्रवर्त्तकं त्रिकरणप्रयतः

संतिसु- पवत्तयं तिगरणपयओ ।

મોક્ષ સુખના પ્રવર્તક, મન વચન કાયાએ સાવધાન છતો

शांतिं अहम् महामुनिं शरणमुपनमे ॥ ललितकम्

संतिमहं महामुणिं सरणमुवणमे॥१८॥*ललिअयं

શાંતિનાથને હું મહાજ્ઞાનીને શરણે જાઉં છું.

અર્થ—શ્રેષ્ઠ તીર્થ (ચતુર્વિધ સંઘ) ના પ્રવર્તક, અજ્ઞાન અને કર્મ (બાંધેલા અને નવા બધાતા) રજથી રહિત (અથવા તમો અને રજોગુણથી રહિત), પંડિત પુરૂષોવડે વાણીથી સ્તુતિ કરાયેલ અને પૂષ્પાદિવડે પૂજાયેલ, ગયાં છે વૈર (કલહ) અને મલિનતા જેનાં એવા, મોક્ષ સુખના પ્રવર્તક અને મહા જ્ઞાની (સર્વજ્ઞ) શાંતિનાથને, મન વચન કાયાએ કરી સાવધાન (પવિત્ર) થયો છતો હું શરણે જાઉં છું. ૧૮

---

૧ **शांतिसुखप्रवृत्तद्द** શાતિ સુખને માટે પ્રવર્તનાર (સયમી) ને પાલન કરનારા એવો પણ અર્થ થાય છે

* આ **લલિતક** છંદ છે તેનુ લક્ષણ આ પ્રમાણે જાણવુ—

टगणचउक्कं लहुगुरु, पायतिए टगण तगण टगणदुगं ।

लहुगुरुतुरिए जाणह, ललियपयनामं च छंदंमि ॥ १ ॥

टचतुष्कं लघुर्गुरुश्च पादत्रिके टतटद्विकं ।

लघुर्गुरुस्तुर्ये जानीहि ललितकनाम च च्छंदः । १ ।

ભાવાર્થ:—ટગણ ચાર, લઘુ, ગુરૂ એમ ત્રણ પાદમાં આવે અને ટગણ, તગણ, ટગણ બે, લઘુ, ગુરૂ, ચોથા પાદમાં લલિતક નામે છંદને વિષે જાણવા.

શ્રી અજિતજિન સ્તુતિ.

विनयावनतशिरोरचितांजलिऋषिगणसंस्तुतं स्तिमितं[1]

विणओणयसिररइअंजलिरिसिगणसंथुअं थिमिअं।

વિનયવડે નમેલા મસ્તકને વિષે જોડી છે અંજલી જેણે } નિશ્ચળ.
એવા ઋષિ સમુદાયવડે રૂડે પ્રકારે સ્તુતિ કરાયલા }

विबुधाधिपधनपतिनरपतिस्तुतमहितार्चितं बहुशः

विबुहा[2]हिवधणवइनरवइथुअमहिअच्चिअं बहुसो ॥

ઇંદ્ર, કૂબેર અને ચક્રવર્તી વડે સ્તવાયેલા, નમન કરાયેલા } ઘણીવાર
અને પૂજાયેલા }

अचिरोद्‌गतशरद्दिवाकरसमधिकसत्प्रभं तपसा

अइरुग्गयसरयदिवायरसमहिअसप्पभं तवसा ।

તત્કાળ ઉગેલ શરદ ઋતુના સૂર્ય કરતાં અત્યંત અધિક } તપવડે.
શોભનિક કાંતિવાળા }

गगनांगणविचरणसमुदितचारणवंदितं शिरसा

गयणंगणवियरणसमुइअचारणवंदिअं सिरसा॥१९॥

*किसलयमाला

આકાશને વિષે વિચરવાવડે એકઠા થયેલ ચારણમુનિ } મસ્તકવડે
ઓવડે વંદાયેલા }

---

૧ મનના શુભ અશુભ વિકલ્પરહિત હોવાથી તરંગ વિનાના સમુદ્રજેવા નિશ્ચલ.

૨ વિબુધ એટલે પંડિત-સારા કવિ તેના અધિપ એવો અર્થ પણ થાય છે.

* આ કિસલયમાલા નામે છંદ છે તેનું લક્ષણ આ પ્રકારે જાણવું—

अमुरगरुड(सुवर्णकुमार)परिवंदितं किन्नरोरगनमस्यितम्

असुरगरुलपरिवंदिअं, किन्नरोरगनमंसिअं ।

અસુર કુમાર, સુવર્ણકુમાર વગેરે ભવનવાસી દેવોવડે સમસ્ત પ્રકારે વદાયેલા | કિન્નર અને મહોરગ વગેરે વ્યંતર દેવોવડે નમસ્કાર કરાયેલા

देव[1]कोटीशतसंस्तुतं, श्रमणसंघपरिवंदितं ॥ सुमुखं

देवकोडिसयसंथुअं,समणसंघपरिवंदिअं॥२०॥*सुमुहं

સેંકડો કોટી વૈમાનિક દેવવડે સ્તુતિ કરાયેલા | શ્રમણ સંઘવડે સમસ્ત પ્રકારે વદાયેલા

टप्पणगं जलहुगुरू, पत्तेयं सत्तवीसमत्ताओ ।

किसलयमालाछंद, जाणह छंदमणुदिट्ठं ॥ १ ॥

टपश्चकं जगणो लघुर्गुरुश्च प्रत्येकं सप्तविंशतिर्मात्राः ।

किशलयमालानामच्छंदस्युद्दिष्टं च्छंदः । १ ।

ભાવાર્થઃ—ટગણ પાચ, જગણ (।ऽ।), લઘુ અને ગુરૂ પ્રત્યેક પાદમાં આવે અને સત્તાવીશ માત્રા હોય, એ પ્રકારે કિસલયમાલા નામના છદને વિષે છંદનો ઉદ્દેશ જાણવો

१ જઘન્યથી પણ એક ક્રોડ દેવતા ભગવતની સેવામા હોય છે.

* આ સુમુખ છદ છે તેનુ લક્ષણ આ પ્રકારે જાણવુ—

लहुचदुगटगणलहुगुरु, तदुगं लगुरुपगणटलहुगुरुगा ।

चदुगं टगणो लहुगुरु, तेरकलं सव्वओ सुमुहछंदं ॥ १ ॥

लघुरूपचाद्विकं टगणा लघुर्गुरुश्च तद्विकं लघुर्गुरुः पटलघुगुरवः ।

चाद्विकं टगणो लघुर्गुरुश्च त्रयोदशमात्राः सर्वेषु सुमुखच्छंदः ।१।

ભાવાર્થ—લઘુવાળા ચગણ બે, ટગણ, લઘુ અને ગુરૂ;

अभयं अनघं, अरतं अरुजं

अभयं अणहं, [1]अरयं अरुयं ।

અભય, [2]પાપરહિત, અનાસક્ત, રોગરહિત,

अजितं अजितं प्रयतः प्रणमामि ॥ विद्युद्विलसितं

अजियं अजिअं, पयओ पणमे ॥२१॥ *विज्जुविलसिअं

અજિત, અજિતનાથને આદરવડે નમુ છું. (त्रिभिर्विशेषकम्)

અર્થ—વિનયવડે નમેલા મસ્તકને વિષે જોડી છે અંજળી જેણે એવા ઋષી સમુદાયવડે રૂડે પ્રકારે સ્તુતિ કરાયેલા, નિશ્ચળ, ઇંદ્ર કૂબેર (ઉપલક્ષણથી ચારે લોકપાલ) અને ચક્રવર્તિ આદિ વડે ઘણીવાર વચનવડે સ્તુતિ કરાયેલા, પ્રણામાદિવડે નમન કરા-

---

તગણ બે, લઘુ અને ગુરૂ; પગણ, ટગણ, લઘુ અને ગુરૂ; ચગણ બે, ટગણ, લઘુ અને ગુરૂ એ પ્રમાણે ચારે પાદ અનુક્રમે જાણવા. સર્વ પાદમાં તેર તેર માત્રા હોય તે સુમુખ છંદ જાણવો.

૧ **अरज** કર્મરજ રહિત એવો અર્થ પણ થાય છે.

૨ **पांशयति-मलिनयति तत् पापं** આત્માને મલિન કરે તે પાપ.

* આ **વિદ્યુદ્વિલસિત** છંદનુ લક્ષણ આ પ્રકારે જાણવુ—

दुलहुगुरुदुलहुगुरु पत्तेयं विज्जुविलसियं छंदं ।

लघुद्विकं गुरुर्लघुद्विकं गुरुश्च प्रत्येकं विद्युद्विलसितं छंदः ।

ભાવાર્થ—બે લઘુ અને એક ગુરૂ, બે લઘુ અને એક ગુરૂ એમ દરેક પદમાં હોય તે વિદ્યુદ્વિલસિત છંદ જાણવો.

ચેલા અને પૂષ્પાદિવડે પૂજાયેલા, તપવડે તત્કાળ ઉદય પામેલ શરદ ઋતુના સૂર્ય કરતાં અત્યંત અધિક શોભનિક કાંતિવાળા, આકાશને વિષે વિચરવાવડે એકઠા થયેલા ચારણ મુનિઓ (જંઘા ચારણ અને વિદ્યાચારણ[1]) વડે મસ્તકવડે વંદાયેલા; અસુરકુમાર સુવર્ણકુમાર વગેરે ભવનવાસી દેવોવડે સમસ્ત પ્રકારે વંદાયેલા, કિન્નર અને મહોરગ વગેરે વ્યન્તર દેવોવડે નમસ્કાર કરાયેલા, સેંકડો કોટી વૈમાનિક દેવવડે સ્તુતિ કરાયેલા, શ્રમણસંઘ (અથવા સાધુ સમુદાય) વડે સમસ્ત પ્રકારે વંદાયેલા; ભયરહિત, પાપરહિત, આસક્તિ (વિષયવાસના) રહિત, રોગરહિત અને અજિત (બાહ્ય અને અભ્યંતર શત્રુવડે) એવા અજિતનાથને આદરવડે હું પ્રણામ કરૂં છું. ૧૯-૨૦-૨૧

શ્રી શાંતિ જિન સ્તુતિ.

आगताः वराविमानादिव्यकनक-
आगया वरविमाणदिव्वकणग-
આવેલા, શ્રેષ્ઠ વિમાન, મનોહર સુવર્ણમય-

रथतुरंगसंघातशतैः शीघ्रं
रहतुरयपहकरसएहिं हुलिअं ।
રથ અને અશ્વના સમૂહના સેંકડો વડે કરી, શીઘ્ર

ससंभ्रमावतरणक्षुभितलुलितचल-
ससंभमोअरणखुभिअलुलियचल-

---

૧ ચારણ મુનિ મુખ્ય બે પ્રકારના છે-જંધાચારણ અને વિદ્યાચારણ એ શિવાય બીજા પણ અનેક પ્રકારના ચારણ મુનિઓ જ્યોતિરશ્મી ચારણ વિગેરે **શ્રીપ્રવચનસારોદ્ધારાદિમાં** બતાવેલા છે.

कुडलांगदकिरीटशोभमानमौलिमालाः ॥ वेष्टकः ॥

ुंडलंगयतिरीडसा तमउलिमाला ॥२१॥*वेद्धओ

ઉતાવળે આકાશ થકી ઉતરવા વડે ક્ષુભિત ચિત્તવાળા છતે ડોલતા ચંચળ કુંડળ બાજુબંધ અને મુકુટ તથા શોભતી છે મસ્તકની માળા જેમની એવા,

यं सुरसंघाः सासुरसंघाः वैरवियुक्ताः भक्तिसंयुक्ताः

जं सुरसंघा सासुरसंघा वेरविउत्ता ज्ञत्तिसुजुत्ता ।

જે (ભગવંત)ને, દેવ સમુદાય, અસુરના સમૂહે કરી સહિત } વૈર રહિત, ભક્તિવડે સહિત

आदरमूषित—संभ्रमपिंडित—सुष्टुसुविस्मित—सर्वबलौघाः

आयरभूसिय-संज्ञमपिंडिअ-सुट्ठुसुविम्हिय-स वलाघा

આદરવડે શોભિત, ઉતાવળે એકત્ર થયેલ અને અતિશય વિસ્મિત થયેલ છે સર્વ જાતના કટક સમૂહ જેમના એવા

---

* આ વેષ્ટક નામા છંદ છે તે પ્રથમના વેષ્ટકો કરતાં જુદો સમજવો તેનુ લક્ષણુ આ પ્રમાણે જાણુવુ—

तदुटचउतटो (ट) तातिगं, ल[illegible] दुगुरुगा वेढो ।

तद्विकटचतुष्कतटाः (ट) तत्रिकं लघुर्गुरुः पटद्विकं गुरुद्वयं वेष्टकः

ભાવાર્થ:—તગણુ બે, ટગણુચાર, તગણુ, ટગણુ, તગણુ ત્રણુ, લઘુ, ગુરૂ, પગણુ, ટગણુ બે અને ગુરૂ બે હોય, તે વેષ્ટક છંદ જાણુવો.

उत्तमकांचनरत्नप्ररूपित—भासुरभूषणभास्वरितांगाः

उत्तमकंचणरयणपरूवियभासुरभूसणभासुरिअंगा ।

શ્રેષ્ઠ સુવર્ણ અને રત્નવડે વિશેષરૂપ યુક્ત કરેલા દેદિપ્યમાન આ-
ભુષણોવડે શોભાયમાન છે અંગો જેમના એવા

गात्रसमवनत—भक्तिवशागत—प्रांजलिप्रेषितशीर्षप्रणामाः ॥रत्नमाला॥

गायसमोनयभत्तिवसागयपंजलिपेसियसीसपणामा
॥ २३ ॥*रयणमाला

શરીરવડે નમેલા, ભક્તિને લીધે આવેલા અને અંજલી વડે કર્યો
છે મસ્તકે પ્રણામ જેણે એવા

वंदित्वा स्तुत्वा ततः जिन त्रिगुणमेव च पुनः [1]प्रदक्षिणम्

वंदिऊण थोऊण तो जिणं, तिगुणमेव य पुणो पयाहिणं ।

વાંદીને, સ્તુતિ કરીને પછી જિનને ત્રણ વખતજ વળી ફરી પ્રદ-
ક્ષિણા કરીને

---

* આ રયણમાળા છંદનુ લક્ષણ આ પ્રકારે જાણવુ—

पढमे टदुगुरु एवं, सेसेसु टसत्तगुरुदुगं अंति ।
पत्तेयं बत्तीसं, मत्ताओ रयणमालाए ॥ १ ॥
प्रथमे टो गुरुद्विकं चैवं शेषेषु टसप्तकं गुरुद्विकं चांते ।
प्रत्येकं द्वात्रिंशन्मात्रा रत्नमालायाम् । २ ।

ભાવાર્થ—પહેલા પાદમાં ટગણુ અને બે ગુરૂ એમ ચાર વખત આવે અને બાકીના પાદમાં સાત ટગણુ અને અંતે બે ગુરૂ હોય. પ્રત્યેક પાદ બત્રીશ માત્રાવાળો રયણમાળા છંદમાં હોય.

૧ પ્રદક્ષિણા કરાયેલ છે જેને—પ્રદક્ષિણા કરાયેલા એવા ભગવત એ પ્રકારે ભગવતનુ વિશેષણ લેવાથી અર્થ થાય છે. અહીં **कृत्वा** અધ્યાહાર છે.

प्रणम्य च जिनं सुरासुराः

पणमिऊण य जिणं सुरासुरा,

પ્રણામ કરીને વળી જિનને સુરઅસુર

प्रमुदिताः स्वभवनानि ततः गताः ॥ क्षिप्तकं

पमुइआ सभवणाइँ तो गया ॥ २४ ॥*खित्तयं

આનંદિત થયેલા, પોતાના ભવન, પછી, ગયા.

तं महामुनिमहमपि प्रांजलिः रागद्वेषभयमोहवर्जितम् ।

तं महामुणिमहंपि पंजली, रागदोसभयमोहवज्जियं ।

તે, મહામુનિઓ છે શિષ્ય જેમના એવા } હું પણ, અંજલી કરી છે જેણે એવો } રાગ, દ્વેષ, ભય અને મોહથી રહિત

देवदानवनरेंद्रवंदितं शांतिमुत्तममहातपसं नमामि

खित्तयं*

देवदाणवनरिंदवंदिअं, संतिमुत्तममहातवं नमे ॥२५॥

દેવ, દાનવ અને રાજાઓવડે વંદાયેલા, } શાંતિનાથને, શ્રેષ્ઠ અને વિશાળ તપવાળા, } નમું છું.

---

* આ ક્ષિપ્તક છંદ છે તેનું લક્ષણ આ પ્રકારે જાણવું—

पगणो टदुगं गुरुगो, पत्तेयं खित्तयंमि छंदंमि ।

पटद्विकगुरवः प्रत्येकं क्षिप्तके च्छंदसि ।

ભાવાર્થ:—પગણ, ટગણ બે અને ગુરૂ દરેક પાદમાં ક્ષિપ્તક છંદમાં હોય.

* આ ક્ષિપ્તક છંદનું લક્ષણ આ પ્રકારે જાણવું—

અર્થ—શ્રેષ્ઠ વિમાન, મનોહર સુવર્ણમય રથ અને અશ્વના સેંકડો સમુહવડે કરી શીઘ્ર આવેલા, ઉતાવળે આકાશથકી ઉતરવાવડે ક્ષુભિત ચિત્તવાળા છતે ડોલતા ચંચળ કુંડળ બાજુબંધ અને મુકુટ તથા શોભિતી છે મસ્તકની માળા જેમની એવા; વળી અસુરના સમૂહે કરી સહિત, વૈરરહિત, ભક્તિએ કરી સહિત (અથવા भक्तिसुयुक्ता ભક્તિને વિષે સારી રીતે પ્રેરાયેલા), આદરવડે શોભિત–ઉતાવળે એકત્ર થયેલ અને અતિશય વિસ્મિત થયેલા છે સર્વ જાતના કટક (સૈન્ય) સમૂહ જેમના એવા, શ્રેષ્ઠ સુવર્ણ અને રત્નવડે વિશેષ રૂપયુક્ત કરેલા દેદિપ્યમાન આભૂષણોવડે શોભાયમાન છે અંગો જેમના એવા, શરીરવડે નમેલા, ભક્તિને લીધે આવેલા અને અંજલીવડે કર્યો છે મસ્તકવડે પ્રણામ જેણે એવા દેવ સમુદાયો જે ભગવંતને; વાંદીને (નમન કરીને) અને તેવાર પછી વાણીવડે જિનની સ્તુતિ કરીને વળી ફરીથી ત્રણવાર પ્રદક્ષિણા કરીને અને જિનને પ્રણામ કરીને દેવદાનવ આનંદિત થયા થકા ત્યાંથી પોતાના ભવન પ્રત્યે પાછા ગયા; મહામુનિઓ છે શિષ્ય જેમના એવા, રાગદ્વેષ ભય અને મોહથી રહિત, દેવદાનવ અને રાજાઓવડે વંદાયેલા, શ્રેષ્ઠ અને વિશાળ તપવાળા એવા તે શાંતિનાથને, અંજળી કરી છે જેણે એવો હું નમસ્કાર કરૂંછુ. ૨૨–૨૩–૨૪–૨૫.

रनरलगा पत्तेयं खित्तयछंदंमि वा जाण ।

रनरलगाः प्रत्येकं क्षिप्तकच्छंदसि वा जानीहि ।

ભાવાર્થ.—અથવા રગણ, નગણ, રગણ, લઘુ અને ગુરૂ પ્રત્યેક પાદમાં ક્ષિપ્તક છંદમાં જાણવા. આ ક્ષિપ્તક બીજો જાણવો. રથોદ્ધતા છંદ પણ આ પ્રમાણે હોય.

अंबरांतरविचारिणीभिः   ललितहंसवधूगामिनीभिः

अंबरंतरविआरणिआहिं, ललिअहंसवहुगामिणिआहिं।

આકાશના અંતરાલે વિચરનારી, મનોહર હંસીની પેઠે ગમન કરનારી

पीनश्रोणीस्तनशालिनीभिः

पीणसोणिथणसालिणिआहिं,

પુષ્ટ કટીતટ અને સ્તન વડે શોભિતી

सकलकमलदललोचनीभिः   ॥ दिपकं

सकलकमलदललोअणिआहिं ॥ २६ ॥ दीवयं*

સંપૂર્ણ કમલના પત્ર જેવા લોચનવાળી

[1]पीन [2]निरंतरस्तनभरविनमितगात्रकाभिः

पीणनिरंतरथणभरविणमिअगायलआहिं ।

મ્હોટા અને ગાઢ સ્તનના ભાર વડે વિશેષે નમેલા[3] છે ગાત્ર જેનાં એવી

---

* આ દીપક છંદનુ લક્ષણુ આ પ્રકારે જાણવુ—

खित्तयछंदं चउपयजमयं दीपयमहव मंडिलनामं ।

चतुर्षु पादेषु यमकितं क्षिप्तकं छंदो दीपकमथवा मंडिलनाम ।

ભાવાર્થ—ચાર પાદને વિષે યમક હોય એવો ક્ષિપ્તક છંદ (પથમનો) તે દીપક છંદ જાણવો, એનું બીજું નામ મંડિલ છંદ છે.

૧ પ્રીણ કામીજનને ખુશી કરે એવા.

૨ વ્યવધાન (આંતરૂ) રહિત.

૩ નાજુક અને કોમળ શરીર હોવાથી નમી ગયેલા.

मणिकंचनप्रशिथिलमेखलाशोभितकटीश्रोणीतटाभिः
मणिकंचणपसिढिलमेहलसोहिअसोणितडाहिं ॥
મણિ અને સુવર્ણની વિશેષશિથેલ મેખલાવડે શોભાયમાન છે કટી પ્રદેશ જેનો એવી

वरकिंकिणीनूपुरसत्तिलकवलयविभूषणाभिः
वरखिंखिणिनेउरसतिलयवलयविभूसणिआहिं ।
શ્રેષ્ઠ ઘુઘરીઓ, ઝાંઝર, સુંદર તિલક અને કંકણવડે વિશેષે સુશોભિત એવી

रतिकरचतुरमनोहरसुंदरदर्शनिकाभिः ॥ चित्राक्षरा
रइकरचउर[1]मणोहरसुंदरदंसणिआहिं ॥२७॥ चित्तक्खरा*
પ્રીતિ કરનારૂં, ચતુરજનના મનને હરનારૂં અને સુંદર છે દર્શન જેનું એવી

---

૧ **મનોઘર** મનને અન્યત્ર ગમનનો નિષેધ કરવાથી મનને અટકાકાવનાર એવો પણ અર્થ થાય છે.

* આ **ચિત્રાક્ષરા** છંદનું લક્ષણ આ પ્રકારે જાણવું—

टप्पणगं दोन्निगुरू, पढमे तुरिए य टछगगुरुएगो ।
दुतिए चउपयजमियं, जाणह चित्तक्खरं छंदं ॥ १ ॥
टपञ्चकं गुरुद्वयं प्रथमे तुर्ये च द्वितीयतृतीये च टषट्कं
गुरुश्चैकश्चतुष्पद्यां यमकितं च्छदो विद्धि चित्राक्षरामिति

ભાવાર્થ—પહેલા અને ચોથા પાદમાં પાંચ ટગણ અને બે ગુરૂ આવે તથા બીજા ત્રીજા પાદમાં છ ટગણ અને એક ગુરૂ હોય, ચારે પાદમાં યમકવાળો હોય તે ચિત્રાક્ષરા છંદ જાણવો.

देवसुंदरीभिः पाद (किरण) वृंदिकाभिः
देवसुंदरीहिँ पायवंदिआहिँ
દેવાંગનાઓવડે, કિરણોના સમૂહવાળી
वंदितौ च यस्य तौ सुविक्रमौ क्रमौ आत्मनः
वंदिआ य जस्स ते सुविक्कमा कमा। अप्पणो
વંદાયેલા વળી જેના તે રૂડી ગતિવાળા ચરણો પોતાના

ललाटकैः मंडनरचनाप्रकारकैः कैः कैः अपि
निडालएहिँ मंडणोड्डणप्पगारएहिँ केहिँ केहिँ वी॥
લલાટવડે,આભુષણની રચનાના પ્રકારોવડે, કેવા કેવા પ્રકારો વડે
अपांगतिलकपत्रलेखनामकैः दीप्यमानैः संगतांगकाभिः
अवंगतिलयपत्तलेहनामएहिँ चिल्लएहिँसंगयंगयाहिँ।
અપાંગ, તિલક,પત્રલેખ નામના;દેદિપ્યમાન,મળ્યાંછે અંગો જેનાં એવી
भक्तिसंनिविष्टवंदनागताभिः भवतः
भत्तिसन्निविठ्ठवंदणागयाहिँ हुंति
ભક્તિવડે વ્યાપ્ત વંદન કરવાને આવેલી, છે.
तौ वंदितौ पुनः पुनः ॥ नाराचकः
ते वंदिआ पुणो पुणो ॥ *नारायओ ॥ २८ ॥
તે વંદાયેલા ફરી ફરી

---

* આ બીજા નારાચક છંદનુ લક્ષણ આ પ્રકારે જાણવું —

तमहम् जिनचंद्रं अजितं जितमोहम् । धुतसर्वक्लेशं

तमहं जिणचंदं, अजिअं जिअमोहं। धुयसव्वकिलेसं,

તેને, હું જિનચંદ્રને અજિત જિત્યો છે મોહ જેણે એવા, ટાળ્યા છે સર્વ દુઃખો જેણે એવા

प्रयतः प्रणमामि ॥ नंदितकं

पयओ पणमामि॥२ए॥ नंदिअयं* (चतुर्भिः कलापकं)

આદર સહિત, નમસ્કાર કરૂં છું.

અર્થ.—આકાશના અંતરાલે વિચરનારી, મનોહર હંસીની પેઠે ગમન કરનારી, પુષ્ટ કટી પ્રદેશ અને સ્તનવડે શોભાયમાન,

---

चगणेगारसगुरुगो, चउदस चगणा य नगण सोलस चा ।
टगणो चगणा तिन्नि उ, अवरं नारायछंदगं जाण ॥ १ ॥
एकादशचगणा गुरुश्चतुर्दशचगणा नगणः षोडशचगणाष्टगण-
स्त्रयश्चगणा इत्यपरं नाराचकच्छंदो विद्धि ॥

ભાવાર્થ—અગ્યાર ચગણ, ગુરૂ, ચૌદ ચગણ, નગણ, સોળ ચગણ, ટગણ, ત્રણ ચગણ એ પ્રકારે બીજા નારાચક છંદમાં જાણવું.

* આ નંદિતક છંદનુ લક્ષણ આ પ્રમાણે જાણવુ.—

दुलहुगुरु दुलहुगुरु गुरू य सव्वेसु नंदियं छंदं ।
लघुद्वयं गुरुर्लघुद्वयं गुरुर्गुरुश्च सर्वेषु (पादेषु) नंदितं छंदः॥

ભાવાર્થ:—બે લઘુ, ગુરૂ, બે લઘુ, ગુરૂ અને ગુરૂ સર્વ પાદમાં આવે તે નંદિતક છંદ જાણવો.

સંપૂર્ણ (ખીલેલાં) કમળના પત્ર જેવા લોચન (નેત્ર) વાળી; મ્હોટા અને ગાઢ સ્તનના ભારવડે વિશેષે નમેલાં છે ગાત્ર (શરીર) જેનાં એવી, મણિ અને સુવર્ણની બનાવેલ વિશેષે શીથીલ (ઢીલી) મેખલા (કદોરો) વડે શોભાયમાન છે કટી પ્રદેશ જેનો એવી, શ્રેષ્ઠ ઘુઘરીઓ, ઝાંઝર, સુંદર તિલક અને કંકણ (વલય) વડે વિશેષે સુશોભિત એવી, પ્રીતિ કરનારૂં ચતુરજનના મનને હરણ કરનારૂં અને સુંદર છે દર્શન (દેખાવરૂપ) જેનું એવી; અલંકારો અથવા શરીરના કિરણોનો સમૂહ છે જેને એવી, આભુષણની રચનાના પ્રકારો વડે તે વળી કેવા કેવા પ્રકારોવડે ? દેદીપ્યમાન અપાંગ (નેત્રને વિષે અંજનની રચના) તિલક અને પત્રલેખ (કસ્તુરી વગેરેની કપોળ સ્થળ ઉપર કરેલી પત્રલેખા) નામ છે જેનાં એવાં-મળેલા છે અંગો જેનાં એવી, ભક્તિવડે વ્યાપ્ત એવું વંદન કરવાને આવેલી એવી દેવાંગનાઓવડે, પોતાના લલાટે કરીને જે ભગવંતનાં રૂડી ગતિ (ચાલ) વાળા (અથવા રૂડા પરાક્રમવાળા) તે બે ચરણો વંદાયેલા છે અને વળી તે ફરીથી વંદાયેલા છે; એવા તે જિત્યો છે મોહ (મોહનીય કર્મ) જેણે એવા અને ટાળ્યાં છે સર્વ પ્રકારનાં દુખો અને કષાય જેણે એવા અજિતનાથ જિનચંદ્રને આદર સહિત હું નમસ્કાર કરૂં છું. ૨૬-૨૭-૨૮-૨૯.

स्तुतवंदितकस्य ऋषिगणदेवगणैः

थुअवंदिअयस्सा रिसिगणदेवगणेहिं,

સ્તુતિ કરાયેલા અને વંદન કરાયેલા	ઋષિ સમુદાય અને દેવ સમૂહવડે,

ततः देववधूभिः प्रयतं प्रणतकस्य

तो देववहूहिँ पयओ [1]पणमिअस्सा ।

તે પછી, દેવીઓવડે, સાવધાનપણે, પ્રણામ કરાયેલા

[2]जास्यजगदुत्तमशासनस्य भक्तिवशागतपिंडितकाभिः

जस्सजगुत्तमसासणअस्सा, भत्तिवसागयपिंडिअयाहिं ।

મોક્ષને આપનાર તેથી જગતને विषे ઉત્તમ છ શાસન જેનુ એવા | ભક્તિનાવશે આવવાથી એકત્ર થયેલી

देववराप्सरोभिः बहुकाभिः

देववरच्छरसा बहुआहिं,

નર્તકવાદક શ્રેષ્ઠ દેવ અને નૃત્ય કુશલ દેવાંગનાઓવડે યુક્ત, બહુ,

सुरवररतिगुणपंडितकाभिः ॥ भासुरकं

[3]सुरवररइगुणपंडियआहिं ॥ ३० ॥ *भासुरयं ॥

દેવોની સાથે શ્રેષ્ઠ રતિ ક્રિડારૂપ ગુણને વિષે પંડિતા

---

૧ नमंसियस्सा (नमस्यितकस्य) इति पाठान्तर. ભગવંત સમીપે પ્રથમ ગણધર નમસ્કાર કરે, પછી દેવતા અને પછી દેવીઓ નમસ્કાર કરે તે ક્રમ અહીં દર્શાવ્યો છે

૨ जसूच् मोक्षणे જસ્ ધાતુ મોક્ષ કરાવવાના અર્થમાં છે તેથી जास्य એટલે મોક્ષ પ્રાપ્ત કરાવવાને શક્તિવાન.

૩ શ્રેષ્ઠ દેવોને પ્રીતિ જે થકી થાય એવા (સંગિત કુશળતા વગેરે) ગુણોને વિષે પંડિતા—વિદુષી એવી દેવનર્તકી એવો અર્થ પણ થાય છે.

*આ ભાસુરક છંદનું લક્ષણ આ પ્રકારે જાણવું—

वंशशब्दतंत्रिताळमिळिते
वंससद्दतंतिताखमेलिए
વેણુધ્વની વીણા અને ચપટી પટહાદિ મળે છતે
[1]त्रिपुष्कराभिरामशब्दविश्रके कृते च
तिउक्खराभिरामसद्दमीसए कए अ।
ત્રિપુષ્કર નામે વાજિંત્રના મનોહર શબ્દવડે મિશ્રિત કર્યે છતે. અને
श्रुतिसमानने च शुद्धसज्जगीतपादजालघंटिकाभिः
सुइसमाणणे अ [2]सुद्ध[3]सज्जगीयपायजालघंटिआहिँ।

સાંભળવાનું સમાન પણું કર્યે છતે	અને, શુદ્ધ તથા અધિક ગુણવાળા ગીતવડે સહિત એવી પગને વિષે જાળના આકારવાળી ઘુઘરાઓવડે ઉપલક્ષિત છતે

तगणो पगणो तगणो, टगटतटगणो गुरू पटदु गुरुगो।
बारसटगणा सुजई, भासुरयं जाणमणुपासं ॥ १ ॥
तपतटतटतटगणगुरुपटद्विकगुरुकाः।
टगणा द्वादश सुयतिमानुप्रासं च भासुरकं जानीहि।

ભાવાર્થઃ—તગણ, પગણ, તગણ, ટગણ, તગણ, ટગણ, તગણ, ટગણ, ગુરૂ, પગણ, બે ટગણ, ગુરૂ, બાર ટગણ એ પ્રકારે સુયતિ અને અનુપ્રાસ સહિત ભાસુરક છંદ જાણવો.

૧ એક મુખવાળા અને બે મુખવાળા વાજિત્ર મળીને ત્રણ મુખવાળુ વાજિત્ર તે ત્રિપુષ્કર

૨ અનુનાસિકાદિ દોષ રહિત શુદ્ધ ઉચ્ચારવાળુ

૩ ષડજ. મયૂર, કેકા, શંખ આદિના શબ્દો વડે (सद्) સારૂં અથવા सद्य તત્કાળ ગાયેલુ. એવા અર્થ પણ થાય છે

वलयमेखलाकलापनूपुराभिरामशब्दमिश्रके कृते च

वलयमे लाकलावनेउराभिरामसद्दमीसए कए अ ॥

વલય, કંદોરો, કલાપ અને ઝાંઝરના મનોહરશબ્દવડે મિશ્રિતકર્યે છતે અને

[1]देवनर्तकीभिः [2]हाव [3]भाव [4]विभ्रमप्रकारकैः

देवनट्टिआहिँ हावभावविब्भमप्पगारएहिँ

દેવનર્તકીઓવડે હાવ, ભાવ અને [5]વિલાસના પ્રકારવાળા

नर्तित्वा [6]अंगहारकैः वंदितौ च यस्य तौ [7]सुविक्रमौ क्रमौ

नच्चिऊणअंगहारएहिँवंदिआयजस्सतेसुविक्कमाकमा

નૃત્ય કરીને, અંગના વિક્ષેપે કરીને, } વંદાયેલાછે, જેનાં, તે, રૂડા પરાક્રમવાળા, ચરણો

तकं त्रिलोकसर्वसत्त्वशांतिकारकं

तयं तिलोयसव्वसत्तसंतिकारयं

તે, ત્રણ ભુવનના સર્વ પ્રાણીઓને શાંતિના કરનારા

---

૧ નૃત્યકળામા કુશળ એવી દેવાગનાઓ ૨ મુખની ચેષ્ટાદિ બહુ કામવિકારવાળો અભિપ્રાય ૩ ચિત્તમાં રહેલ અલ્પ કામવિકારનો અભિપ્રાય ૪ વાણી, વસ્ત્ર અને ભૂષણ વગેરેનુ ભ્રમથી સ્થાન બદલાવુ અથવા વિલાસ ૫ નેત્ર મુખ વગેરેના વિકારી ફેરફાર. ૬ હાથ આગળી પ્રમુખ અંગના લટકા-અભિનય વડે ૭ શોભિતો પંડિત જનોનો આચાર જેના સમીપે છે એવા, એવો અર્થ પણ થાય છે.

[illegible]शीर्ष एव अहं

पसंतसव्वपावदोसमेसहं

વિશેષ શાંત થયા છે સર્વ પાપ અને દોષ જેનાં એવા, આ હું

नमामि शांतिमुत्तमं जिनं ॥ नाराचकः

नमामि संतिमुत्तमं जिणं ॥ ३१ ॥ नारायओ*

નમું છું. ઉત્તમ શાંતિનાથ જિનને

અર્થઃ—ઋષિ સમુદાય અને દેવ સમુદાયવડે સ્તુતિ કરાયેલા અને વંદન કરાયેલા, તે પછી દેવીઓવડે સાવધાનપણે પ્રણામ કરાયેલા, અને મોક્ષ આપવાને શક્તિવાન હોવાથી જગતને વિષે ઉત્તમ છે શાસન (આજ્ઞા) જેનું એવા જે ભગવંત તેનાં રૂડા પરાક્રમવાળા તે બે ચરણકમળો, ભક્તિનાવશે આવવાથી એકત્ર થયેલી, ઘણા નર્તકવાદક શ્રેષ્ઠ દેવ અને નૃત્યકુશળ દેવાંગનાઓવડે યુક્ત તથા દેવોની સાથે રતિક્રિડારૂપ ગુણને વિષે પંડિતા (ડાહી) એવી દેવનર્તકીઓવડે, વેણુધ્વની (વાંસળીનો

---

* આ અન્ય નારાચક છંદનું લક્ષણ આ પ્રકારે જાણવું—

तेरस चगणा नगणो, नवचा नगणो य तीस चा गुरुगो ।

चगणट्ठारस एवं, अवरं नारायछंदयं जाण ॥ १ ॥

त्रयोदशचगणा नगणो नवचा नगणश्च त्रिंशच्चा गुरुश्च ।

अष्टादशचा एवमपरं नाराचच्छंदो जानीहि ॥

ભાવાર્થ.—તેર ચગણ, નગણ, નવ ચગણ, નગણ, ત્રીશ ચગણ અને ગુરૂ તથા અઢાર ચગણ એ પ્રકારે બીજો નારાચ છંદ જાણવો.

શબ્દ) વીણા અને ચપટી પટહાદિ તાળ (અથવા કાંસી કરતાલ વગેરેના તાળ) મળ્યે છતે, ત્રિપુષ્કરનામા વાજિંત્રના મનોહર શબ્દવડે મિશ્રિત કર્યે છતે, સાંભળવાનું સમાનપણું કર્યે છતે (સર્વ શબ્દ સાંભળવામાં કાનનું સાવધાનપણું–એકાગ્રતા), શુદ્ધ તથા અધિક ગુણવાળા ગીતવડે સહિત એવી પગને વિષે જાળના આકારવાળી ઘુઘરીઓવડે ઉપલક્ષિત છતે, વલય (બલ્લીયાં) કંદોરો કલાપ (એક જાતનું આભરણ) અને ઝાંઝરના મનોહર, શબ્દવડે મિશ્રિત કર્યે છતે, હાવભાવ અને વિલાસના પ્રકારવાળા અંગના વિક્ષેપે કરીને, નૃત્ય કરીને વંદાયેલા છે જે, તે ત્રણ ભુવનના સર્વ પ્રાણીઓને શાંતિના કરનાર (અથવા મોક્ષને આપનાર) અને વિશેષે શાત થયા છે સર્વ પાપ (અશુભકર્મ) તથા દોષ (રાગ દ્વેષ મોહ વગેરે) જેનાં (અથવા જેથી) એવા ઉત્તમ શાંતિનાથ જિનને આ પ્રત્યક્ષ એવો હું નમસ્કાર કરૂં છું. ૩૦–૩૧

छत्रचामरपताकायूपजवमंडिताः

छत्तचामरपडागजूअजवमंडिआ,

છત્ર ચામર[1]પતાકા[2]યૂપ અને જવવડે સુશોભિત,

ध्वजवरमगरतुरगश्रीवत्ससुलाञ्छनाः

झयवरमगरतुरयसिरिवच्छसुलंछणा ।

[3]શ્રેષ્ટધ્વજ મગર અશ્વ અને [4]શ્રીવત્સ એ શોભાયમાન છે લાંછનો જેને એવા

---

૧ નાની ધ્વજા ૨ યજ્ઞ સ્તભ ૩ સિહાદિના ચિત્રવાળો મોટો ધ્વજ-
૪ ઉત્તમ પુરૂષના વક્ષ સ્થળ (છાતી)મા આ લક્ષણ હોય છે કોઇને પગમાં પણ હોવાનો સભવ છે.

[1]द्वीपसमुद्रमंदर[2]दिग्गजशोभिताः
दीवसमुद्[3]मंदरदिसागयसोहिया,
દ્વીપ સમુદ્ર મેરૂપર્વત દિગ્ગજવડે શોભિત,

स्वस्तिकवृषभसिंहरथचक्रवरांकिताः ॥ ललितकम्
सत्थिअवसहसीहरहचक्कवरंकिया॥३१॥ललिअयं*
સ્વસ્તિક,વૃષભ,સિંહ,રથ અને ચક્રવડે શ્રેષ્ઠ રીતે ચિન્હિત

स्वभावलष्टाः समप्रतिष्ठाः अदोषदुष्टाः गुणैः ज्येष्ठाः
सहावल.ा [4]समप्पइठा,अदोस=ठा गुणेहिँ जिठा।
સ્વભાવે કરી શોભાયમાન | સરખી ભૂમિને વિષે રહેલા | દોષવડે અદુષ્ટ, [5]ગુણોવડે મોટા

---

૧ જમ્બુ દ્વીપ વગેરે દ્વીપ અને લવણ સમુદ્ર વગેરે સમુદ્ર જાણવા.

૨ મેરૂ પર્વતની આસપાસ ચારે દિશાએ હસ્તિના આકારના કરી કુટો ભદ્રશાળ વનમા છે તે

૩ **મંદિર** એવો પાઠ હોય ત્યાં "પ્રાસાદ' એવો અર્થ કરવો.

* આ લલિતક છંદનુ લક્ષણ આ પ્રકારે જાણવુ—

चगणो टगणचउक्कं, गुरू तहा ललिययं अवरं ।

चगणटचतुष्कं गुरुश्च तथा ललितकमपरम् ।

ભાવાર્થ—ચગણ, ટગણ ચાર તેમજ ગુરૂ દરેક પાદમાં હોય એવા લક્ષણવાળો બીજો લલિતક છંદ જાણવો.

૪ **असमप्रतिष्ठा** નિરૂપમ છે પ્રતિષ્ઠા (ખ્યાતિ) જેમની એવા.

૫ રતાશ તથા કોમળતા આદિ અથવા જ્ઞાનદર્શન ચારિત્રાદિ ગુણો.

प्रसादश्रेष्ठाः तपसा पुष्टाः

[1]पसायसिट्ठा तवेण पुट्ठा,

નિર્મળતાવડે શ્રેષ્ઠ, તપવડે પુષ્ટ,

श्रीभिः इष्टाः ऋषिभिः जुष्टाः ॥ वानवासिका*

सिरीहिँ इट्ठा रिसीहिँ जुट्ठा ॥ ३३॥ वाणवासिआ

લક્ષ્મી દેવીવડે પૂજિત, મુનિયોવડે સેવાયેલા

ते तपसा धुतसर्वपापकाः सर्व्वलोकहितमूलप्रापकाः

ते तवेण धुअसव्वपावया, सव्वलोअहिअमूलपावया।

તે તપવડે ટાળ્યાં છે સર્વ પાપ જેણે, સર્વ લોકના હિતના મૂળને પ્રાપ્ત કરાવનાર

संस्तुता अजितशांतिपादाः

[2]संथुआ अजिअसंतिपायया,

સ્તુતિ કરાયેલા, અજિત અને શાંતિનાથ પૂજ્ય

---

૧ **प्रसातशिष्टा** એટલે ઉત્કૃષ્ટ સુખવાળા શ્રેષ્ઠ પુરૂષો છે જેની સમીપે એવા.

* આ વાનવાસિકા છંદનું લક્ષણ આ પ્રકારે જાણવું—

ट चउक्को नववारसलहुहिं सा वाणवासिया।

टचतुष्कं नवमी द्वादशी च लघुना मात्रा सा वानवासिका ॥

ભાવાર્થ.—ટગણ ચાર તેમાં નવમી અને બારમી માત્રા લઘુ હોય (દરેક પાદમાં) તે વાનવાસિકા છંદ જાણવો.

૨ **संस्तुता** સુખના કારણભૂત સ્તવન કર્યું છે જેનું એવા.

भवंतु मे शिवसुखानां दायकाः ॥ अपरांतिका

हुंतु मे सिवसुहाणं दायया ॥ ३४ ॥ अपरांतिका*

થાઓ ! મને, મોક્ષ સુખના,આપનારા (**त्रिजिर्विशेषक-**).

અર્થ.—છત્ર, ચામર, પતાકા, યૂપ અને જવ (લક્ષણો) વડે સુશોભિત; શ્રેષ્ઠધ્વજ, મગર, અશ્વ, અને શ્રીવત્સ એવા શોભાયમાન છે લાંછનો જેમને એવા; દ્વીપ, સમુદ્ર, મેરૂપર્વત અને દિગ્ગજ કુટવડે શોભિત; સ્વસ્તિક (સાથીયો), વૃષભ, સિંહ, રથ અને ચક્રવડે શ્રેષ્ઠ રીતે ચિન્હિત (લક્ષણવાળા); સ્વભાવે (સહેજે) કરીને શોભાયમાન, સરખી રીતે ભૂમિઉપર પ્રતિષ્ઠિત, રાગાદિ દોષવડે વિકાર નહિ પામેલા, ગુણોવડે મોટા, નિર્મળતા (રાગાદિ દોષનો નાશ) વડે શ્રેષ્ઠ, તપવડે પુષ્ટ (યુક્ત), લક્ષ્મી દેવીવડે પૂજાયેલા અને મુનિઓવડે સેવાયેલા; તપવડે ટાળ્યાં છે સર્વ પાપ (શુભાશુભ કર્મ) જેણે એવા, સર્વ લોકના

---

* આ અપરાંતિકા છંદનું લક્ષણ આ પ્રકારે જાણવું.—

अडकलरगणो लहुगुरु, सव्वहि तह वरंतिया होइ ।

अष्टमात्रा रगणो लघुर्गुरुश्च सर्वत्र तथाऽपरान्तिका भवति ॥

ભાવાર્થ—આઠ માત્રા, રગણ (ऽ।ऽ), લઘુ અને ગુરૂ સર્વ પાદમાં હોય તેવો અપરાંતિકા છંદ જાણવો.

૧ શિવ સુખના દાતાર એવા અજિતનાથ અને શાંતિનાથ પૂજ્ય મને સ્તુતિ કરાયેલા થાઓ અર્થાત્ તેમનું નિત્ય દર્શન થાઓ એમ પણ અર્થ લઈ શકાય.

હિત (મોક્ષ) ના મૂળ (જ્ઞાન દર્શન ચારિત્ર) ને પ્રાપ્ત કરાવનારા, રૂડે પ્રકારે સ્તુતિ કરાયેલા તે અજિતનાથ અને શાંતિનાથ પૂજ્યો, મને મોક્ષ સુખના આપનારા થાઓ ! ૩૨–૩૩–૩૪

एवं तपोबलविपुलं स्तुतं मया अजितशांतिजिनयुगलं

एवं तवबलविउलं, थुअं मए अजिअसंतिजिणजुअलं।

એ પ્રકારે, તપ સામર્થ્યવડે વિશાલ, } સ્તવ્યું. મેં અજિત અને શાંત જિનનું યુગલ

व्यपगतकर्म्मरजोमलं गतिं गतं शाश्वतीं विपुलं ॥गाथा

ववगयकम्मरयमलं, गइं गयं सासयं विउलं*॥३५॥गाहा

ગયાં છે કર્મરૂપ રજ અને મલ જેના એવું, } ગતિને, પ્રાપ્ત થયેલું, શાશ્વતી, વિસ્તિર્ણ

અર્થઃ—એ પ્રકારે તપ સામર્થ્યવડે વિશાલ, ગયાં છે કર્મ રૂપ રજ અને મલ જેનાં એવુ, શાસ્વતી અને વિસ્તિર્ણ (વિપુલ સુખવાળી) ગતિને પ્રાપ્ત થયેલું એવું અજિતનાથ અને શાંતિનાથ જિનનું યુગલ (જોડું) મેં સ્તવ્યું. ૩૫

तत् बहुगुणप्रसादं मोक्षसुखेन परमेण अविषादं

तं बहुगुणप्पसायं, मुक्खसुहेण परमेण [1]अविसायं।

તે બહુ ગુણના પ્રસાદવાળું, મોક્ષ સુખવડે, ઉત્કૃષ્ટ, વિષાદરહિત

---

* विमलं इति पाठान्तर.

૧ अविसात ગયુ છે સુખ જેનુ તે વિસાત અને न विसात अविसात સુખ રહિત નહિ અર્થાત્ સુખવાળા એવો અર્થ પણ થાય છે.

नाशयतु मे विषादं करोतु च पर्षदपि च प्रसादं ॥गाथा
नासेउ मे विसायं,कुणउ अ परिसावि अ प्पसायं॥३६॥
गाहा

નાશ કરો. મારી વિકલતા, કરો અને સભા પણ વળી અનુગ્રહ

અર્થઃ—જ્ઞાન દર્શનાદિ અનેક ગુણનો પ્રસાદ છે જેને એવું (અથવા ઘણા પ્રકારની નિર્મળતાવાળું), ઉત્કૃષ્ટ મોક્ષ સુખવડે વિષાદ (વિકલતા) રહિત તે યુગલ, મારા વિષાદ (અથવા વિસ ત દુઃખ) ને નાશ કરો અને વળી સભા (આ સ્તવનને સાંભળનારી સભા) પણ મારા ઉપર અનુગ્રહ (કહેલ સ્તવના ગુણનું ગ્રહણ અને દોષના ત્યાગરૂપ મહેરબાની) કરો. ૩૬

અંત્ય મંગળાચરણ.

तत् मोदयतु च नंदिं प्रापयतु च [1]नंदिषेणमभिनंदिं
तं मोएउ अ नंदिं, पावेउ अ नंदिसेणमभिनंदिं।

તે હર્ષને આપો અને સમૃદ્ધિ, પ્રાપ્ત કરાવો અને નંદિષેણને સમસ્ત પ્રકારે આનંદ

૧ આ નંદિષેણ મુનિ શ્રેણિકના પુત્ર કે બીજા કોઇ મહર્ષિ છે તેનો બરાબર નિર્ણય થતો નથી. કેટલાક વળી એમ કહે છે કે શ્રી શત્રુજયની ગુફામા અજિતનાથ અને શાંતિનાથ વર્ષાઋતુમા રહેલા હતા તે જગ્યાએ અનુપમ સરોવરની સમીપે અજિતનાથનું ચૈત્ય હતું અને મરૂદેવી ટુંકની પાસે શાંતિનાથનું ચૈત્ય હતું ત્યા નેમનાથજીના ગણધર નદિષેણજીએ અજિતશાંતિ સ્તવનની રચના કરી તેથી તે બને ચૈત્યો પૂર્વાભિમુખ થયાં. મૂળ ગ્રથકારે અહી સુધી રચના કરી છે તેમાં ૩૭ ગાથા અને ૨૪૨૭ અક્ષરો આવે છે. બાકીની ગાથાઓ અન્યની કરેલી છે.

पर्षदोऽपि च सुखनंदिं मम च दिशतु संयमे नंदिं।।गाथा

'परिसावि अ सुहनंदिं, मम य दिसउ संजमे नंदिं।।३७।।

गाहा

સભાને પણ સુખસમૃદ્ધિ, મને પણ આપો. સંયમને વિષે આનંદ

અર્થઃ—તે યુગલ ભવ્યજનોને હર્ષ કરાવો અને સમૃદ્ધિ પ્રાપ્ત કરાવો અને નંદિષણને સમસ્ત પ્રકારે આનંદ પ્રાપ્ત કરાવો શ્રોતાજનોની સભાને પણ સુખ સમૃદ્ધિ આપો તથા મને સંયમને વિષે આનદ આપો ! ૩૭

पाक्षिके चातुर्मासिके सांवत्सारिके अवश्यं भणितव्यः

पक्खिय चाउम्मासिअ, संवच्छरिए अवस्सभणिअव्वो[१]

પખ્ખી ચૌમાસી અને સંવત્સરી પ્રતિક્રમણને વિષે, અવશ્ય, ભણવું.

श्रोतव्यः सर्वैः उपसर्गनिवारणः एषः

सोअव्वो सव्वेहिं, उवसग्गनिवारणो एसो ।।३४।।

સાંભળવું સર્વેએ, વિઘ્નનું નિવારણ કરનાર એ (છે.)

અર્થ—પખ્ખી પ્રતિક્રમણને વિષે, ચૌમાસી પ્રતિક્રમણને વિષે અને સંવત્સરી પ્રતિક્રમણને વિષે એક જણે (આ સ્તોત્ર) અવશ્ય ભણવું અને સર્વે જનોએ સાંભળવું. એ સ્તવ વિઘ્નનું નિવારણ કરનાર છે. ૩૮

---

* सवच्छर राइए अ दिअहे अ इति पाठान्तरम्.

૧ આ સ્તવન એકજ જણે ભણવાનુ કહ્યુ છે તેનુ કારણ એકે એક સાથે ઘણાના બોલવાથી કોલાહલ થાય તેથી સર્વને ઉપયોગ પૂર્વક સભળાય નહિ તેથી એક સાથે બોલવાની પદ્ધતિ ઉચિત નથી.

यः पठति यश्च निश्रृणोति

जो पढइ जो अ निसुणइ,

જે ભણે છે, જે વળી સાંભળે છે,

उभयकालमपि अजितशांतिस्तवम्

उभओकालंपि अजिअसंतिथयं ।

બંને વખતે અજિત શાંતિ સ્તવને

नैव भवन्ति तस्य रोगाः पूर्वोत्पन्ना अपि नश्यन्ति

नहु हुंति तस्स [1]रोगा, पुव्वुप्पन्ना वि नासंति ॥३९॥

નજ થાય તેને રોગો, પૂર્વે થયેલા પણ, નાશ પામે છે.

અર્થઃ—અજિત શાંતિ સ્તવને જે પુરૂષ બંને વખત પણ (ઉપલક્ષણથી સવાર, બપોર અને સાંઝ) ભણે છે અને જે સાવધાનપણે સાંભળે છે તેને રોગો હોતા નથી તેમજ પૂર્વે થયેલા પણ નાશ પામેછે. ૩૯

यदि इच्छथ परमपदं अथवा कीर्तिं सुविस्तृतां भुवने

जइ इच्छह परमपयं, अ वा कीर्त्तिं सुवित्थडं भुवणे ।

જો ઇચ્છા છો મોક્ષ પદને અથવા કીર્તિને, વિસ્તાર પામેલી, ત્રણ ભુવનમાં

---

૧ કાસ, શ્વાસ, ભગંદર, કોઢ વગેરે રોગો, અથવા સર્વ પ્રકારની પીડાઓ.

तदा त्रैलोक्योद्धरणे जिनवचने आदरं कुरुध्वम् ॥

ता तेलुक्कुद्धरणे, जिणवयणे आयरं कुणह ॥४०॥

તો ત્રણુ લોકને ઉદ્ધાર કરનારા } જિનવચનમાં આદર કરો.

અર્થ—જો તમે મોક્ષપદને વાંચ્છતા હો અથવા ત્રણુ ભુવનમાં વિસ્તાર પામેલી કીર્તિને ઇચ્છતા હો તો ત્રણુ લોકને ઉદ્ધાર કરનારા જિનવચનને વિષે આદર કરો. ૪૦

॥ ઇતિ અજિતશાંતિસ્તવનં સંપુર્ણમ્. ॥

---

૧ આ ૪૦ ગાથા પ્રસિદ્ધ છે તે સર્વત્ર બોલાય છે, તે શિવાય બીજી બે ગાથાઓ પણ જોવામા આવે છે તે નીચે મુજબ.

ववगयकालिकलुसाणं, ववगयनिद्धंतरागदोसाणं ।

ववगयपुणब्भवाणं, नमोत्थु ते देवाहिदेवाणं ॥१॥

व्यपगतकलिकलुषेभ्यः व्यपगत निर्धूतरागद्वेषेभ्यः

व्यपगतपुनर्भवेभ्यः नमोऽस्तु तेभ्यो देवाधिदेवेभ्यः

નાશ પામ્યાં છે કલેશ અને મલીનતા જેનાં એવા, નિર્મૂળપણે નાશ પામ્યાં છે રાગ દ્વેષ જેના એવા, ગયા છે પુનર્જન્મ જેનાં એવા તે દેવાધિદેવોને નમસ્કાર હો. ૧.

सव्वं पसमइ पावं, पुण्णं वड्ढइ नमंसमाणस्स ।

संपुण्णचंदवयणस्स कित्तणे अजियसंतिस्स ॥ २ ॥

सर्वं प्रशाम्यति पापं पुण्यं वर्ध्यते नमस्यमानस्य

संपूर्णचंद्रवदनयोः कीर्त्तने अजितशांत्योः

સંપૂર્ણ ચંદ્રના જેવા મુખવાળા અજિતનાથ અને શાંતિનાથ જિનનું કીર્તન કર્યે છતે વંદન કરનારનાં સર્વ પાપ વિશેષે શાંત થાય છે અને પુન્ય વધે છે. ॥ ૨ ॥

अथ *भक्तामर स्मरणप्रारंभः

મંગળ તથા અભિધેય.

भक्तामरप्रणतमौलिमणिप्रभाणा-

ભક્તિમંત દેવતાઓના નમેલા મુકુટને વિષે રહેલ મણિઓની કાંતિઓને

मुद्योतकं दलितपापतमोवितानं ॥

પ્રકાશકરનાર, દલન કર્યોછે પાપરૂપ અંધકારનો સમુહ જેણે એવા

सम्यक् प्रणम्य जिनपादयुगं युगादा-

રૂડે પ્રકારે નમસ્કાર કરીને, તીર્થંકરના ચરણયુગલને, યુગની આદિમાં

वालंबनं भवजले पततां जनानाम् ॥ १ ॥

આધારભૂત, ભવસમુદ્રમાં પડતાં ભવ્યજનોને

---

* આ ભક્તામર સ્તોત્ર, લઘુશાંતિના કર્ત્તા **શ્રીમાનદેવસૂરિ**ની પાટે આવેલા **શ્રીમાનતુંગ સૂરિએ** રચ્યુ છે. સ્તોત્ર રચવાનો હેતુ આ પ્રમાણે જાણવો—શ્રી માલવ દેશમા ઉજ્જયીની નગરીમા શ્રી વૃદ્ધભોજ નામે રાજાની સભામાં મયૂર અને બાણ પ્રમુખ ચૌદ વિદ્યામાં પ્રવિણ અને ન્યાય, વેદાંત, મીમાંસા, સાંખ્ય, વૈશેષિક, પાતંજલી વિગેરે ષટ્શાસ્ત્રના જાણ, દેવતાની સાન્નિધ્યવાળા અને ગર્વિષ્ઠ એવા પાંચશેં પંડિતો હતા એકદા મયૂર પંડિતે પોતાની પુત્રી જે બાણ પંડિતને પરણાવી હતી તેના ઘર પાસેથી જતા તે દંપતીનો માંહોમાહે થતો કલહ સાંભળીને મર્મમાં હાંસી કરી. તેથી તેની પુત્રીએ તેને શ્રાપ આપ્યો. પુત્રીના શ્રાપથી મયૂર કુષ્ટી થયો. પછી તેણે સો કાવ્યવડે સ્તુતિ કરી સૂર્યદેવને પ્રસન્ન કર્યા, સૂર્યે પ્રત્યક્ષ થઇ તેનો કોઢ મટાડ્યો, તેથી તેની ખ્યાતી થઈ. તેથી બાણ પંડિતે ઇર્ષ્યાને લીધે પોતાના હાથપગ કાપીને સો કાવ્યવડે ચંડી દેવીને પ્રસન્ન કરી,

यः संस्तुतः सकलवाङ्मयतत्त्वबोधा-

જે સ્તવાયેલ છે સમસ્ત શાસ્ત્ર રહસ્યના બોધથકી-

दुद्भूतबुद्धिपटुभिः सुरलोकनाथैः ॥

ઉત્પન્ન થયેલ બુદ્ધિવડે કુશળ, દેવલોકના નાથવડે

ચંડીએ પ્રત્યક્ષ થઇ તેના હાથપગ નવા કર્યા, તેથી તેની પણ વિશેષ ખ્યાતી થઇ આવા ચમત્કારથી લોકો શિવધર્મની પ્રશંસા કરવા લાગ્યા અને જૈનધર્મની નિંદા કરવા લાગ્યા કે જૈનીઓ ઉદર-નિર્વાહ પૂરતી કષ્ટક્રિયા કરે છે પણ કોઇ ચમત્કારી કવિ કે પંડિત તેમનામાં નથી. એક દિવસે વૃદ્ધભોજ રાજાએ શ્રાવકોને પૂછ્યુ કે તમારામાં કોઈ આવા વિદ્યાવાળા છે ? ત્યારે શ્રાવકોએ કહ્યું કે હે સ્વામી ! શ્રીમાન-તુંગ સૂરિ આ વખતમાં મહા પ્રભાવિક છે. તે સાંભળી રાજાએ તેમને બોલાવવાથી તેઓ ત્યાં આવ્યા. પ્રવેશ મહોત્સવ વખતે બ્રાહ્મણોએ ઘીથી ભરેલું કચોળું એક માણસના હાથમાં આપી સૂરિ મહારાજને બતાવ્યું તેથી સૂરિએ એક સળી યાચી લઇને તે ઘીના કચોળામાં મૂકી. આમ કર-વાનું કારણ શ્રાવકોએ પૂછવાથી તેમણે જણાવ્યું કે ધૃતપૂર્ણ કચોળું બતાવી બ્રાહ્મણોએ સૂચના કરી કે કચોળા માંહેના ઘીની પેઠે અમારાવડે આ નગરી પૂરી ભરેલ છે તેમાં તમારો અવકાશ નથી. તેથી અમે સળી નાખીને સૂચવ્યું કે જેમ ઘીમાં સળી પ્રવેશ કરે છે તે પ્રમાણે અમારો પણ આ નગરીમાં પ્રવેશ (સમાસ) થશે. હવે એક વખત રાજા પાંચશે પંડિતો સાથે સભામાં બેઠાછે ત્યાં શ્રીમાનતુંગસૂરિને બોલાવીને પૂછ્યુ કે તમારામાં કાંઇ વક્તૃત્વ શક્તિ છે ? ત્યારે સૂરિએ હા પાડવાથી વાદ ચાલ્યો તેમાં જગત્ કર્તૃત્વનું ખંડન કરી સર્વને નિરૂત્તર કર્યા, ત્યારે રાજાએ કહ્યું કે બાણ મયૂરની પેઠે કોઇ દૈવીશક્તિ હોય તો બતાવો. પછી સૂરિના કહેવાથી તાળાવાળી ४२ (४८) બેડીઓ પહેરાવીને એક ઓરડામાં

स्तोत्रैर्जगत्त्रितयचित्तहरैरुदारैः,

સ્તોત્રોવડે, ત્રણજગતના ચિત્તને હરણ કરનારાં, ઉદાર

स्तोष्ये किलाहमपि तं प्रथमं जिनेन्द्रम् ॥ २ ॥

સ્તવીશ. નિશ્ચે હું પણ તે પ્રથમ જિનેંદ્રને

અર્થ—ભક્તિમંત દેવતાઓના નમેલા મુકુટને વિષે રહેલ મણિઓની કાંતિઓને પ્રકાશ કરનાર, દલન કર્યો છે પાપરૂપ અંધકારનો સમુહ જેણે એવા અને [1]યુગની આદિમાં ભવ સમુદ્રમાં પડતા ભવ્ય જનોને આધારભુત એવા (પ્રથમ) તીર્થંકરના ચરણ યુગલને રૂડે પ્રકારે નમસ્કાર કરીને; જે ભગવંત, સમસ્ત શાસ્ત્રના રહસ્યના જ્ઞાનથકી ઉત્પન્ન થયેલ બુદ્ધિવડે કુશળ એવા ઇંદ્રોવડે, ત્રણ જગતના ચિત્તને હરણ કરનારાં અને ઉદાર સ્તોત્રોવડે રૂડે પ્રકારે સ્તુતિ કરાયેલા છે તે પ્રથમ જિનેંદ્રને હું પણ નિશ્ચે સ્તવીશ. ૧-૨

તેમને પૂર્યા અને દરવાજા મજબુત રીતે બંધ કરી તેને સાત તાળાં માર્યા અને આજુબાજુ બ્રાહ્મણો તથા પહેરેગીરો રાખ્યા. પછી માનતુંગસૂરિએ **ભક્તામરસ્તોત્ર** રચવા માંડ્યુ. એકેક કાવ્ય કરતે છતે એક બેડી અને એક તાળું તૂટતુ ગયુ અને દ્વાર તથા તેના તાળા સ્વયમેવ ઉઘડી ગયા. આવો ચમત્કાર જોઇ રાજાએ વિસ્મય પામી ગુરૂનુ બહુમાન કર્યું અને તે જૈન શાસનમાં પ્રીતિવાળો થયો. આ વૃહદ્ગચ્છીય **શ્રીમાનતુંગસૂરિ** શ્રી **વીર** પ્રભુની વીશમી પાટે થયા છે.

૧ ધર્મપ્રવર્તનની આદિમાં અર્થાત્ ધર્મનો વિચ્છેદ થયા પછી ફરી ધર્મની પ્રવૃત્તિ થાય તે યુગની આદિ જાણવી એટલે ત્રીજા આરાને છેડે.

કવિએ બતાવેલી પોતાની લઘુતા.

बुद्ध्या विनाऽपि विबुधार्चितपादपीठ !,

બુદ્ધિ વિના પણ, હે દેવતાઓએ અર્ચન કર્યું છે પાદાસન જેનું એવા

स्तोतुं समुद्यतमतिर्विगतत्रपोऽहम् ॥

સ્તુતિ કરવાને, રૂડે પ્રકારે ઉદ્યમવાળી મતિ છે જેના એવો | વિશેષે ગઈ છે લજ્જા જેની એવો | હું (છું.)

बालं विहाय जलसंस्थितमिन्दुबिम्ब-

બાળકને, મૂકીને, પાણીને વિષે રૂડે પ્રકારે રહેલ, ચંદ્રબિંબને

मन्यः क इच्छति जनः सहसा ग्रहीतुम् ॥ ३ ॥

બીજો કોણ ઇચ્છે મનુષ્ય તત્કાળ ગ્રહણ કરવાને

અર્થઃ—હે વિબુધાર્ચિતપાદપીઠ (દેવતાઓએ અથવા પંડિતોએ અર્ચન કર્યું છે પાદાસન જેનું એવા) ! બુદ્ધિ (પ્રબલ પ્રજ્ઞા) વિના પણ સ્તુતિ કરવાને રૂડે પ્રકારે ઉદ્યમ વાળી મતિ છે જેની એવો અને વિશેષે ગઇ છે લજ્જા જેની એવો (શક્તિ વિના સ્તુતિ કરવાને તત્પર થયો માટે લજ્જા વિનાનો–ધીઠો) હું છું. પાણીને વિષે રૂડે પ્રકારે રહેલ (પ્રતિબિંબિત થયેલ) ચંદ્રમાના બિંબને બાળકને મૂકીને (બાળક શિવાય) બીજો કયો મનુષ્ય તત્કાળ ગ્રહણ કરવાને ઇચ્છે. અર્થાત બાળક વિના બીજો કોઇ બુદ્ધિવાન જળપ્રતિબિંબિત ચંદ્રને ગ્રહણ કરવા ઇચ્છતો નથી તેમ હું પણ બાળકની પેઠે અશક્ત છતાં સ્તુતિ કરવાને ઇચ્છું છું. ૩.

સ્તુતિ કરવાની અશક્યતાનું વર્ણન.

वक्तुं गुणान् गुणसमुद्र! शशांककांतान्,

કહેવાને ગુણોને હે ગુણસમુદ્ર ! ચંદ્રમા સરખા મનોહર

कस्ते क्षमः सुरगुरुप्रतिमोऽपि बुद्धया ॥

કયો, તમારા, સમર્થ થાય. બૃહસ્પતિ સમાન પણ બુદ્ધિવડે

कल्पांतकालपवनोद्धतनक्रचक्रं,

પ્રલયકાળના પવનવડે ઉછળી રહ્યો છે મગરમત્સ્યનો સમુહ જેને વિષે એવા

को 'वा तरीतुमलमंबुनिधिं भुजाभ्याम् ॥ ४ ॥

કયો ? અથવા તરવાને, સમર્થ, સમુદ્રને, બે ભૂજાવડે

અર્થઃ—હે ગુણસમુદ્ર (ધૈર્ય ગાંભીર્યાદિ ગુણના સ્થાન) ! ચંદ્રમા સરખા મનોહર-ઉજ્વળ એવા તમારા ગુણોને બુદ્ધિવડે કરીને બૃહસ્પતિ સમાન એવો પણ કયો પુરૂષ કહેવાને સમર્થ થાય? અર્થાત્ કોઇ સમર્થ થતો નથી. અથવા તો પ્રલય કાળના પવનવડે ઉદ્ધત થયેલ (ઉછળી રહ્યો) છે મગર મત્સ્યનો સમુહ જેને વિષે એવા સમુદ્રને કયો પુરૂષ બે ભૂજાવડે તરવાને સમર્થ થાય? ૪

---

૧ વા ઉપમાને વિષે વપરાયેલ છે. મતલબ કે જેમ સમુદ્રને કોઇ બે હાથવડે તરી શકે નહિ તેમ તમારા ગુણો કહેવાને બૃહસ્પતિ જેવા પણ સમર્થ થાય નહી.

स्तोत्र रचवानो हेतु.

सोऽहं तथाऽपि तव भक्तिवशान्मुनीश !,

એવો હું તોપણ તારી ભક્તિના વશથકી, હે મુનિના સ્વામી

कर्तुं स्तवं विगतशक्तिरपि प्रवृत्तः ॥

કરવાને સ્તવન ગયેલ છે શક્તિ જેની એવો } પણ, પ્રવૃત્ત થયો છું.

प्रीत्याऽऽत्मवीर्यमविचार्य मृगो मृगेन्द्रं,

પ્રીતિવડે, પોતાનું બળ નહિ વિચારીને, હરણ, સિંહની

नाभ्येति किं निजशिशोः परिपालनार्थम् ॥ ५ ॥

નથીસામેથતો. શું ? પોતાનાં બાલકના, રક્ષણને અર્થે

અર્થઃ—હે મુનીશ (તત્ત્વને જાણનારા મહર્ષિઓના સ્વામી) ! એવો (સ્તોત્ર કરવાને અસમર્થ) હું છું તો પણ તમારી ભક્તિના વશ થકી (ભક્તિના આગ્રહથી) વિશેષે ગઇ છે શક્તિ જેની (શક્તિ રહિત) એવો છતો પણ સ્તવન કરવાને હું પ્રવૃત્ત થયો છું. હરિણ, સ્નેહવડે પોતાના બાળકના રક્ષણને માટે પોતાનું બળ નહિ વિચારીને સિંહની સામે શુ નથી થતો (લડવાને શું સન્મુખ નથી જતો) ? ૫

अल्पश्रुतं श्रुतवतां परिहासधाम,

અલ્પશાસ્ત્રને જાણનાર } બહુ શ્રુતોને, હાસ્યનું સ્થાન

त्वद्भक्तिरेव मुखरीकुरुते बलान्माम् ॥

તમારીભક્તિજ વાચાળ કરેછે. બળાત્કારથી મને

यत्कोकिलः किल मधौ मधुरं विरौति,

જેકારણમાટે,કોયલ નિશ્ચે ચૈત્રમાસમાં મનોજ્ઞ બોલે છે.

तच्चारुचूतकलिकानिकरैकहेतुः ॥ ६ ॥

તે, મનોહર આમ્રકલિકાનો સમુહ તેજ એક હેતુ છે.

અર્થઃ—અલ્પ શાસ્ત્રના બોધવાળા અને બહુ શ્રુત (ઘણા શાસ્ત્રને જાણનારા પંડિતો) ને હાસ્યનું સ્થાન એવા મને તમારી ભક્તિજ બલાત્કારથી વાચાળ કરે છે. જે કારણ માટે કોયલ નિશ્ચે ચત્ર માસ (વસંત ઋતુ) માં મધુર શબ્દ બોલે છે તેનો મનોહર આમ્રકલિકાનો સમુહ તેજ એક હેતુ (કારણ) છે. અર્થાત્ જેમ આંબાનો મોર ખાવાથી કોયલ મધુર સ્વર બોલે છે તેમ હું તમારી ભક્તિરૂપ શક્તિવડે સ્તોત્ર કરીશ. ૬

સ્તવના કરવાથી થતો લાભ.

त्वत्संस्तवेन भवसंततिसन्निबद्धं,

તમારા રૂડા સ્તવનવડે, સંસારની પરંપરાવડે બંધાયેલ

पापं क्षणात्क्षयमुपैति शरीरभाजाम् ॥

પાપ ક્ષણવારમાં ક્ષયને પામેછે. દેહધારીઓનું

आक्रांतलोकमलिनीलमशेषमाशु,

લોકમાં વ્યાપ્ત થયેલ, ભ્રમર જેવો કાળો, સમસ્ત, શીઘ્ર

सूर्यांशुभिन्नमिव शार्वरमन्धकारम् ॥ ७ ॥

સૂર્યના કિરણોવડે નાશ પામેલો હોય તેમ } અંધારી રાત્રીથી ઉત્પન્ન થયેલ અંધકાર

અર્થઃ—હે ભગવંત! તમારા રૂડા સ્તોત્રવડે (ગુણવર્ણનવડે) દેહધારીઓ (પ્રાણીઓ) નું સંસારની પરંપરાવડે બંધાયેલ પાપ (અશુભ કર્મ), જેમ વ્યાપ્ત થયેલ છે લોક જેનાથી એવો (લોકમાં વ્યાપી રહેલો) અને ભ્રમર જેવો કાળો કૃષ્ણ પક્ષની રાત્રી સંબંધી સમસ્ત અંધકાર, શીઘ્ર સૂર્યના કિરણોવડે નાશ પામે છે, તેમ ક્ષણવારમાં ક્ષયને પામે છે.

સ્તવન કરવાના હેતુની વિશેષ દ્રઢતા.

मत्वेति नाथ! तव संस्तवनं मयेद-

માનીને એમ હે નાથ! તમારૂં સ્તવન મારાવડે આ

मारभ्यते तनुधियाऽपि तव प्रभावात् ॥

આરંભકરાયછે. મંદબુદ્ધિવાળો પણ તમારા પ્રભાવથકી

चेतो हरिष्यति सतां नलिनीदलेषु,

ચિત્તોને હરણ કરશે. સજ્જનોનાં કમલીનીનાં પત્રને વિષે

मुक्ताफलद्युतिमुपैति ननूदबिन्दुः ॥ ८ ॥

મુક્તાફળની કાંતિને પામે છે. નિશ્ચે પાણીનું ટીપું

અર્થઃ—હે નાથ! તમારા પ્રભાવવડે તમારૂં આ સ્તોત્ર સજ્જન પુરૂષોનાં ચિત્તનું હરણ કરશે, એ પ્રકારે મા-

નીને (જાણીને) મંદ બુદ્ધિવાળો પણ હું તેનાવડે તમારૂં સ્તોત્ર આરંભ કરાય છે (રચાય છે). અર્થાત્ હું તમારૂં સ્તોત્ર રચું છું, કેમકે કમલીનીના પત્રને વિષે પડેલ જળબિંદુ નિશ્ચે મુક્તાફળ (મોતિ)ની જેવી કાંતિને પામે છે. અર્થાત્ કમળ પત્રમાં રહેલ જળબિંદુ કમળના પ્રભાવે મોતી જેવું દેખાય છે તેમ તમારા પ્રભાવવડે કરીને આ સ્તોત્ર સજ્જનોને આનંદકારી થશે. ૮

ભગવંતની કથાનું માહાત્મ્ય.

[1]आस्तां तव स्तवनमस्तसमस्त दोषं,

દૂરરહો, તમારૂં સ્તવન, નાશ પામ્યાછે સમગ્ર દોષ જે થકી એવું

त्वत्संकथाऽपि जगतां दुरितानि हंति ॥

તમારી કથા પણ જગતનાં પાપોને હણે છે.

दूरे सहस्रकिरणः कुरुते प्रभैव,

દૂરરહો સૂર્ય કરે છે. પ્રભાજ

पद्माकरेषु जलजानि विकाशभांजि ॥ ए ॥

કમળના સમુહવાળા સરોવરને વિષે } કમળોને વિકસ્વર

અર્થઃ—હે પ્રભુ ! નાશ પામ્યા છે સમસ્ત દોષ (રાગ દ્વેષ કષાયાદિ) જે થકી એવું તમારૂં સ્તવન દૂર રહો, પરંતુ તમારી કથા (આ ભવ પરભવના ચરિત્રની વાર્તા અથવા

---

૧ ક્રિયાના અર્થવાળું અવ્યય છે.

તમારૂં નામ) પણ જગતનિવાસી લોકોના પાપોને હણે છે. જેમ-સૂર્ય દૂર રહો પરંતુ તેની કાંતિજ (અરૂણોદય) કમળના સમુહવાળા સરોવરને વિષે કમળોને વિકસ્વર કરે છે. ૯

ગુણસ્તુતિનું ફળ.

नात्यद्भुतं भूवनभूषणभूत ! नाथ !,
નથી, અતિઆશ્ચર્ય, ત્રણભુવનના આભૂષણ તુલ્ય ! નાથ !
भूतैर्गुणैर्भुवि भवंतमभिष्टुवंतः ॥
સત્ય ગુણોવડે, જગતમાં, તમોને, સ્તુતિ કરનારા
तुल्या भवंति भवतो [1]ननु तेन [2]किं वा,
સરખા થાય છે. તમારી નિશ્ચે તેવડે શું અથવા
भूत्याऽऽश्रितं य इह नात्मसमं करोति ॥ १० ॥
સંપત્તિવડે આશ્રિતને, જે અહીં ન પોતાની તુલ્ય, કરે

અર્થ—હે ત્રણ ભુવનના આભૂષણ તુલ્ય, હે નાથ ! સત્ય ગુણોવડે કરીને, પૃથ્વીને વિષે તમારી સ્તુતિ કરનારા મનુષ્યો તમારી સરખા થાય છે (મોક્ષ પામે એટલે તમારી તુલ્ય

---

૧ પ્રશ્નના અર્થમાં પણ વપરાય.

૨ જે પોતાના સેવકને પોતાની સમાન કરે તેજ ખરો સ્વામી જાણવો, બીજા સ્વામી કંઈ ગણતરીમાં નથી· એવો આ લોકમાં પણ વ્યવહાર છે તો હે ભગવંત ! તમે ખરા સ્વામી છો માટે હું પણ તમારી સ્તવનાવડે તમારા તુલ્ય તીર્થંકરની ઋદ્ધિ પામીશ એવી યાચના સ્તોત્રકાર કરે છે.

થાય), તે અતિ આશ્ચર્ય નથી. અથવા જે સ્વામી આ લોકને વિષે પણ પોતાના આશ્રિત (સેવક) ને લક્ષ્મી વડે પોતાની તુલ્ય ન કરે તેવા (સ્વામિ) વડે કરીને શું ! અર્થાત્ કાંઇજ નહિ. ૧૦

ભગવદ્દર્શનનું ફળ.

दृष्ट्वा जवंतमनिमेषविलोकनीयं,

જોઇને તમોને, એકી નજરે જોવા યોગ્ય એવા

नान्यत्र तोषमुपयाति जनस्य चक्षुः ॥

ન બીજે સ્થાને, સંતોષને પામે. મનુષ્યની ચક્ષુ

पीत्वा पयः शशिकरद्युतिडुग्धसिंधोः,

પીને પાણીને ચંદ્રના કિરણોની કાંતિ જેવા ક્ષીર સમુદ્રના

क्षारं जलं जलनिधेरशितुं क इच्छेत् ? ॥ ११ ॥

ખારા પાણીને લવણ સમુદ્રના પીવાને કોણ ઇચ્છે ?

અર્થ—મિષોન્મિષ (મટકું મારવું) રહિતપણે જોવા યોગ્ય (એકીટસે-એકી નજરે જોવા યોગ્ય) એવા તમોને જોઇને મનુષ્યની ચક્ષુ બીજે સ્થાને [અન્ય દેવમાં] સંતોષ [આનંદ] પામતી નથી. કેમકે ચંદ્રના કિરણની કાંતિ જેવા [ઉજ્વળ] ક્ષીર સમુદ્રના પાણીને પીને લવણ સમુદ્રના ખારા પાણીને પીવાને કોણ ઇચ્છે ? ૧૧

---

૧ ક્ષીર સમુદ્રના નિર્મળ જળ તુલ્ય જિનદેવનુ દર્શન પામીને લવણ સમુદ્રના ખારા પાણી તુલ્ય અન્ય દેવના દર્શનને કોણ વાંછે ? અર્થાત્ કોઈ ન જ ઇચ્છે.

ભગવંતના રૂપનું વર્ણન.

यैः [1]शांतरागरुचिभिः परमाणुभिस्त्वं[2],

જે શાંતરસના ભાવની છાયાવાળા પરમાણુઓવડે તમે

निर्मापितस्त्रिभुवनैकललाम[3]भूत ! ॥

નિર્માણ કરાયેલા છો. ત્રણ ભુવનને વિષે અદ્વિતીય તિલક સમાન!

तावंत एव खलु तेऽप्यणवः पृथिव्यां,

તેટલાજ (છે) નિશ્ચે તે પણ અણુઓ, જગતમાં

यत्ते समानमपरं न हि रूपमस्ति ॥ १२ ॥

જેથી તમારા સરખું બીજું નહિ નિશ્ચે રૂપ છે.

અર્થ.—હે ત્રણ ભુવનને વિષે અદ્વિતીય તિલક [આભરણ] સમાન! શાંત રસના ભાવની છાયાવાળા જે પરમાણુઓવડે તમે નિર્માણ કરાયેલા છો તે પરમાણુઓ પણ જગતમાં નિશ્ચે તેટલાજ છે, જે કારણ માટે તમારા સમાન બીજું કોઇ રૂપ [આ જગતમાં] નિશ્ચે નથી. ૧૨

ભગવંતના મુખનું વર્ણન.

वक्त्रं क्व ते सुरनरोरगनेत्रहारि,

મુખ કયાં તમારૂં દેવ મનુષ્ય અને ભવનપતિના નેત્રને હરણ કરનારૂં

---

૧ "શાત થઇ છે રાગની છાયા (ઇચ્છારૂપ મોહનીયકર્મ) જે થકી એવા" એવો અર્થ પણ થાય છે.

૨ જેની સાથે વિશેષ પ્રીતિ હોય તેને એક વચને બોલાવાય છે.

૩ મસ્તકે ધારણ કરેલી પુષ્પની માળા અથવા તિલક તે લલામ.

निःशेषनिर्जितजगत्रितयोपमानम् ॥

સમસ્ત પ્રકારે જીતીછે ત્રણ જગતની ઉપમા જેણે એવું

बिंबं कलंकमलिनं [1]क्क निशाकरस्य,

બિંબ કંલકવડે મલિન કયાં ચંદ્રમાનું

यद्वासरे जवति पांडुपलाशकल्पम् ॥ १३ ॥

જે દિવસે થાય છે [2]પીળાખાખરાના પાન સરખું

અર્થઃ—દેવ, મનુષ્ય અને ભવનપતિ (નાગકુમાર) દેવના નેત્રને હરણ કરનારૂં [મોહ પમાડનારૂં] તથા સમસ્ત પ્રકારે જીતી છે ત્રણ જગતની ઉપમા [કમળ ચંદ્ર દર્પણ આદિ પદાર્થોની] જેણે એવું તમારૂં મુખ કયાં ? અને લાંછન-કલંક-વડે મલિન [ગ્લાની પામેલું] તથા જે દિવસે પીળા ખાખરા-ના પાન સરખું [નિસ્તેજ] થાય છે એવું ચંદ્રમાનું બિબ કયાં ? અર્થાત્ ચંદ્ર બિંબ કરતાં ભગવંતના મુખનું તેજ અ-ત્યંત નિર્મળ છે માટે તે ઉપમા સંભવે નહિ. ૧૩

ભગવંતના ગુણની વ્યાપ્તિ.

संपूर्णमंडलशशांक कलाकलाप-

સંપૂર્ણ મંડળવાળા પૂર્ણિમાના ચંદ્રની કળાના સમુહ સરખા

---

૧ બે વસ્તુનો મુકાબલો કરવામાં કવ શબ્દ મોટું અંતર સૂચવ-નારો છે.

૨ ખાખરાનુ પાન પાકવાથી પીળું પડી જાય છે તેના જેવું નિસ્તે-જ-ફીકું.

शुभ्रा गुणास्त्रिभुवनं तव लंघयंति ॥
ઉજ્વળ ગુણો ત્રણ ભુવનને તમારા ઉલ્લંઘન કરે છે
ये संश्रितास्त्रिजगदीश्वर ! नाथमेकं,
જે આશ્રય કરીને રહેલા છે, ત્રણ જગતના ઈશ્વર ! નાથને એક
कस्तान्निवारयति संचरतो यथेष्टम् ॥ १४ ॥
કોણ તેને નિવારણ કરે, વિચરતા સ્વેચ્છાએ

અર્થ:—હે ત્રણ જગતના ઇશ્વર! સંપૂર્ણ મંડળવાળા પૂર્ણિમાના ચંદ્રની કળાના સમુહ સરખા ઉજ્વળ એવા તમારા ગુણો ત્રણ ભુવનને ઉલ્લંઘન કરે છે [ત્રણ ભુવનને વ્યાપીને રહેલા છે]. કેમકે જે એક (અદ્વિતીય-સમર્થ] નાથને આશ્રય કરીને રહેલા છે તેને સ્વેચ્છાએ વિચરતાં કોણ નિવારણ કરી શકે. અર્થાત્ ત્રણે ભુવન ભગવંતના ગુણ ગ્રહણ કરવામાં તત્પર હોય છે. ૧૪

चित्रं किमत्र यदि ते त्रिदशांगनाभि-
આશ્ચર્ય શું અહીં જો તમારૂં દેવાંગનાઓવડે
र्नीतं मनागपि मनो न विकारमार्गम् ॥
પામેલું કિંચિત્ માત્ર પણ મન નથી વિકારની ચેષ્ટાને
कल्पांतकालमरुता चलिताचलेन,
પ્રલયકાળના વાયુવડે, કંપાયમાન થયા છે પર્વતો જેનાથી એવા
किं मंदराद्रिशिखरं चलितं कदाचित् ॥१५॥
શું મેરૂપર્વતનું શિખર ચલાયમાન થયેલું, કયારે પણ

અર્થ—હે દેવ ! દેવાંગનાઓવડે તમારૂં મન જરા પણ વિકારની ચેષ્ટાને પામ્યું નથી તેમાં શું આશ્ચર્ય છે ? કેમકે કં-

પાયમાન થયા છે અન્ય પર્વતો જેનાથી એવા પ્રલયકાળના પવન વડે કયારે પણ મેરૂ પર્વતનું શિખર ચલાયમાન થયેલું છે? અર્થાત્ કલ્પાંતકાળનો પવન, અન્ય પર્વતને કંપાવી શકે છે પણ મેરૂને કંપાવી શકતો નથી, તેમ દેવાંગનાઓ હરિહરાદિ અન્યને ક્ષોભ પમાડે છે પણ તમને ક્ષોભ પમાડી શકતી નથી. ૧૫

દીપકની ઉપમાની વ્યર્થતા.

निर्द्धूमवर्त्तिरपवर्जिततैलपूरः,

ધુમાડા અને વાટ રહિત, ત્યાગ કર્યો છે તેલનો પૂર જેણે

कृत्स्नं जगत्त्रयमिदं प्रकटीकरोषि ॥

સમગ્ર ત્રણ જગતને આ પ્રકટ કરો છો.

[1]गम्यो न जातु मरुतां चलिताचलानां,

જવા યોગ્ય નથી કદાપિ પવનોને ચલાયમાન થયા છે પર્વતો જે થકી એવા

दीपोऽ[2]परस्त्वमसि नाथ! जगत्प्रकाशः ॥ १६ ॥

દીપક અપૂર્વ તમે છો. હે નાથ! જગત્ પ્રસિદ્ધ

અર્થઃ—હે નાથ! દ્વેષરૂપ ધુમ્ર અને કામદશા[3] રૂપી વાટ

---

૧ પરાભવ કરવાને શકય-વશવર્ત્તિ

૨ લૌકિક દીપક (દીવા) થી અન્ય સ્વરૂપવાળો બીજો લોકોત્તર દીપક.

૩ કામની દશ અવસ્થાઓ છે તે આ પ્રમાણે જાણવી-૧ કામની ઇચ્છા. ૨ મેળવવાની ચિંતા. ૩ સ્મરણ. ૪ ગુણ કીર્તન. ૫ ઉદ્વેગ. ૬ પ્રલપન-જેમ તેમ બોલવુ. ૭ ઉન્માદ ૮ અંગદાહ વગેરે વ્યાધિનો સંભવ. ૯ જડતા અને ૧૦ મરણ (કામની પ્રાપ્તિ નહિ થવાથી મરવા તૈયાર થાય).

રહિત, ત્યાગ કર્યો છે સ્નેહ પ્રકાશરૂપ તેલનો પૂર (તેલનું પૂરવું) જેણે એવા, આ સમગ્ર ત્રણ જગતને કેવળજ્ઞાન રૂપ ઉદ્યોતવડે પ્રકાશ કરો છો અને ચલાયમાન થયા છે પર્વતો જે થકી એવા પવનોને કદાપિ ગમ્ય નથી (પવનવડે ઓલાય એવા નથી) એવા જગત્ પ્રસિદ્ધ (અથવા જગતને વિષે જ્ઞાનનો ઉદ્યોત છે જેનો એવા) તમે અપૂર્વ (લોકોત્તર) દીપક છો. અર્થાત્ લૌકિક દીપક ધુમ્ર, વાટ અને તેલ સહિત છે અને ઘરમાંજ માત્ર પ્રકાશ કરે છે તથા પવનવડે ઓલાઇ જાય છે ત્યારે આપ પૂર્વોક્ત ધુમ્ર, વાટ અને તેલ રહિત છતાં ત્રણે લોકને પ્રકાશ કરો છો અને ગમે તેવા પવનવડે આપનો જ્ઞાન પ્રકાશ ઓલાઇ જતો નથી માટે અપૂર્વ દીપક છો. ૧૬

સૂર્યની ઉપમાની વ્યર્થતા.

नास्तं कदाचिदुपयासि न राहुगम्यः,

નથી અસ્તને, કદાપિ, પામતા, નથી રાહુવડે ગ્રસવા યોગ્ય

स्पष्टीकरोषि सहसा युगपज्जगंति ॥

પ્રકાશ કરોછો. તત્કાળ સમકાલે ત્રણ જગતને

नांभोधरोदरनिरुद्धमहाप्रभावः,

નથી, મેઘના મધ્ય ભાગથકી ઢંકાયો છે મ્હોટો મહિમા જેનો એવા

सूर्यातिशायिमहिमाऽसि मुनींद्र ! लोके ॥१७॥

સૂર્યથકી અધિક મહિમાવાળા છો. હે મુનીંદ્ર ! લોકને વિષે

અર્થઃ—હે મુનીંદ્ર ! તમે જગતને વિષે સૂર્ય થકી અધિક મહિમાવાળા છો. કેમકે કદાપિ (કોઇપણ વખતે) અસ્ત પામતા નથી,

રાહુવડે ગ્રસવાયોગ્ય (પાપરૂપ રાહુવડે પરાભવ પામવા યોગ્ય) નથી, તત્કાળ સમકાળે ત્રણ જગતને પ્રકાશ કરો છો અને મેઘ (જ્ઞાનાવરણાદિ કર્મરૂપ વાદળાં) ના મધ્ય ભાગવડે આચ્છાદિત થયો છે મહોટો પ્રતાપ (જ્ઞાન પ્રકાશ) જેનો એવા નથી. અર્થાત્ સૂર્યની ઉપમા પણ આપને ઘટતી નથી કેમકે તેના કરતાં પણ અધિક મહિમાવાળા તમે છો. ૧૭

ચંદ્રની ઉપમાની વ્યર્થતા.

नित्योदयं दलितमोहमहांधकारं,

નિરંતર ઉદય પામેલું, દલન કર્યો છે મોહરૂપ મહોટો અંધકાર જેણે એવું

गम्यं न राहुवदनस्य न वारिदानाम् ॥

ગ્રસવા યોગ્ય નથી રાહુના મુખને નથી વાદળાંઓના

विभ्राजते तव मुखाब्जमनल्पकांति,

શોભે છે. તમારૂં મુખરૂપ કમળ, ઘણી કાંતિવાળું

विद्योतयज्जगदपूर्वशशांकबिम्बम् ॥ १८ ॥

પ્રકાશ કરતું, ત્રણ જગતને, અપૂર્વ ચંદ્રના બિંબરૂપ

અર્થ—નિરંતર ઉદય પામેલું, દલન કર્યો છે અજ્ઞાનરૂપ (મોહનીય કર્મરૂપ) મહોટો અંધકાર જેણે એવું, રાહુ (કુતર્કવાદીરૂપ) ના મુખને નહિ ગ્રસવા યોગ્ય, આઠ કર્મરૂપ વાદળાંઓને નહિ આચ્છાદન કરવા યોગ્ય, અત્યંત કાંતિવાળું અને ત્રણ જગતને પ્રકાશ કરતું એવું તમારૂં મુખરૂપ કમળ, અપૂર્વ ચંદ્રમાના બિંબરૂપ શોભે છે. અર્થાત્ ચંદ્રની ઉપમા પણ આપને ઘટતી નથી કેમકે તેના કરતાં પણ આપ અધિક મહિમાવાળા છો. ૧૮

किं शर्वरीषु शशिनाऽह्नि विवस्वता वा,
શું ? રાત્રીઓને વિષે ચંદ્રવડે, દિવસે સૂર્યવડે અથવા

युष्मन्मुखेंदुदलितेषु तमस्सु नाथ ! ॥
તમારા મુખરૂપચંદ્રમાવડે દલનકરાયે છતે, અંધકાર, હે નાથ !

निष्पन्नशालिवनशालिनि जीवलोके,
પાકેલા શાલીના વનવડે શોભાયમાન થયેલ, મૃત્યુલોક છતે

कार्यं कियज्जलधरैर्जलभारनम्रैः ॥ १९ ॥
પ્રયોજન, શું ? મેઘોવડે, પાણીના ભારવડે નમ્ર થયેલા

અર્થ—હે નાથ ! તમારા મુખરૂપ ચંદ્રમાવડે અંધકાર દલન કરાયે છતે, રાત્રીઓને વિષે ચંદ્રવડે અથવા દિવસે સૂર્યવડે શું પ્રયોજન છે ? અર્થાત્ તે કંઇ કામના નથી. કેમકે પાકેલા શાલી (ડાંગર) ના વનવડે શોભાયમાન થયેલ જીવલોક છતે, પાણીના ભારવડે નમ્ર થયેલા મેઘોવડે શું પ્રયોજન છે ? અર્થાત્ તમારા મુખરૂપ ચંદ્ર વિદ્યમાન છતે ચંદ્ર સૂર્યનું કાંઇ પણ પ્રયોજન નથી. ૧૯

પ્રભુના જ્ઞાનની શ્રેષ્ઠતા.

ज्ञानं यथा त्वयि विभाति कृतावकाशं,
જ્ઞાન, જેવી રીતે, તમારા વિષે, શોભે છે. અનંત ધર્માત્મક પદાર્થોને વિષે કર્યો છે પ્રકાશ જેણે એવું

नैवं तथा हरिहरादिषु नायकेषु ॥
નથી. એ પ્રકારે, તેવી રીતે, હરિહરાદિને વિષે, પોતાના શાસનના સ્વામી

तेजः स्फुरन्मणिषु याति यथा महत्त्वं,

પ્રકાશ દેદીપ્યમાન મણિઓને વિષે, પામે છે. જેમ મોટાઇને

नैवं तु काचशकले किरणाकुलेऽपि ॥ २०॥

નથી. એ પ્રકારે વળી, કાચના કકડાને વિષે, કાંતિવડે વ્યાપ્ત પણ

અર્થઃ—હે નાથ ! અનંત ધર્માત્મક પદાર્થોને વિષે કર્યો છે પ્રકાશ જેણે એવુ જ્ઞાન (કેવળજ્ઞાન) જેવી રીતે તમારે વિષે શોભે છે, તેવી રીતે પોતપોતાના શાસનના નાયક એવા હરિહરાદિ દેવોને વિષે એવા પ્રકારનું (જ્ઞાન) નથી શોભતું. કેમકે દેદીપ્યમાન (જાતિવંત) મણિઓને વિષે જેવી રીતે પ્રકાશ મોટાઇને પામે છે, તેવી રીતે કાંતિવડે વ્યાપ્ત (ચળકતા) એવા પણ કાચના કકડાને વિષે એ પ્રકારે (મોટાઇ) નથી પામતું. અર્થાત્ અન્ય દેવોને વિભંગજ્ઞાન છે; તમારા જેવું કેવળજ્ઞાન તેમનામાં નથી. ૨૦

નિંદા સ્તુતિ.

मन्ये [1]वरं हरिहरादय एव दृष्टा,

માનુંછું. શ્રેષ્ઠ હરિહરાદિ નિશ્ચે જોયા

---

૧ જેમ સામાન્ય વસ્તુને જોયા પછી તેના કરતા સારી વસ્તુ જોવામાં આવતાં વિશેષ આનંદ થાયછે, તેમ હરિહરાદિને મેં પ્રથમ જોયા અને પછી તમને જોયા તેથી તમારી ઉત્તમતા મને વિશેષે દઢ થઇ માટે પ્રથમ હરિહરાદિને જોયા તે સારૂં થયું એમ હું માનું છુ. તમને સર્વગુણસંપન્ન જોઇને હવે રાગદ્વેષ કામક્રોધાદિ દોષવાળા અન્ય દેવોમાં મારૂં મન ભવાન્તરમાં પણ સંતોષ પામશેજ નહિ.

दृष्टेषु येषु हृदयं त्वयि तोषमेति॥
દીઠે છતે જેને હ્રદય તમારે વિષે સંતોષ પામે છે.
किं वीक्षितेन भवता भुवि येन नान्यः
શું ? દેખેલા તમારાવડે પૃથ્વીમાં જેવડે નહિ બીજો
कश्चिन्मनो हरति नाथ! भवांतरेऽपि ॥ २१ ॥
કોઇ મનને હરણ કરે. હે નાથ! અન્ય ભવને વિષે પણ

અર્થ:—હે નાથ! હરિહરાદિ દેવો જોયા તે સારૂંજ માનુંછું. જેને દીઠે છતે હ્રદય (મારૂં ચિત્ત) તમારે વિષે સંતોષ (આનંદ) ને પામે છે. દેખેલા એવા તમોવડે કરીને શું? તોકે જે (તમારૂં દર્શન) વડે પૃથ્વીને વિષે બીજો કોઈ દેવ ભવાંતરને વિષે પણ મનને હરણ નહિ કરે. ૨૧

માતાની પ્રશંસાદ્વારા પ્રભુસ્તુતિ.

स्त्रीणां शतानि शतशो जनयंति पुत्रान्,
સ્ત્રીઓના સેંકડાઓ સેંકડો પ્રસવે છે. પુત્રોને
नान्या सुतं त्वदुपमं जननी प्रसूता ॥
નથી બીજી પુત્રને તમારા સદૃશ માતા જન્મ આપતી
सर्वा दिशो दधति भानि सहस्ररश्मिं,
બધી દિશાઓ ધારણ કરે છે. નક્ષત્રોને સૂર્યને
प्राच्येव दिग्जनयति स्फुरदंशुजालम् ॥ २२ ॥
પૂર્વજ દિશા ઉત્પન્ન કરે છે. દેદીપ્યમાન છે કિરણોનો સમુહ જેનો એવા

અર્થઃ—સ્ત્રીઓના સેંકડાઓ (સેંકડો સ્ત્રીઓ) સેંકડો પુત્રોને પ્રસવે છે પરંતુ તમારા જેવા પુત્રને બીજી માતા જન્મ આપતી નથી કેમકે બધી દિશાઓ નક્ષત્રોને ધારણ કરે છે પણ દેદીપ્યમાન છે કિરણનો સમુહ જેનો એવા સૂર્યને પૂર્વ દિશાજ ઉત્પન્ન કરે છે. અર્થાત્ સૂર્યને જન્મ આપનાર જેમ પૂર્વ દિશાજ છે તેમ તમારા જેવા પુત્રને જન્મ આપનાર તો તમારી માતા (મરૂદેવા) જ છે. ૨૨

પ્રભુના પરમપુરૂષત્વનું વર્ણન.

त्वामामनंति मुनयः परमं पुमांस–

તમોને કહે છે. મુનિઓ પરમ પુરૂષ

मादित्यवर्णममलं तमसः पुरस्तात् ॥

સૂર્યના જેવા વર્ણવાળા નિર્મળ. અંધકારની આગળ

त्वामेव सम्यगुपलभ्य जयंति मृत्युं,

તમોનેજ રૂડા પ્રકારે પામીને [1]જિતે છે. મૃત્યુને

नान्यः शिवः शिवपदस्य मुनींद्र ! पंथाः ॥२३॥

નથી બીજો નિરૂપદ્રવ મોક્ષપદનો હે મુનીંદ્ર ! માર્ગ

અર્થ.—હે મુનીંદ્ર ! મુનિઓ, તમોને પરમ પુરૂષ (નિષ્કર્મા), પાપરૂપ અંધકારની આગળ સૂર્ય જેવી કાંતિવાળા અને નિર્મળ (રાગદ્વેષ રહિત) કહે છે. તમોનેજ રૂડા પ્રકારે પામીને (જાણીને) મૃત્યુને જિતે છે, તે શિવાય બીજો કોઇ ઉપદ્રવ રહિત મોક્ષ પદનો માર્ગ (રસ્તો) નથી. ૨૩

---

૧ જન્મ મરણ ટાળે છે અર્થાત્ સિદ્ધદશાને પામે છે.

સર્વ દેવના નામે જિનસ્તુતિ.

त्वामव्ययं विभुमचिंत्यमसंख्यमाद्यं,

તમોને અવ્યય, સમર્થ, અચિંત્ય મહિમાવાળા, અસંખ્ય ગુણ-
વાળા, આદ્ય,

ब्रह्माणमीश्वरमनंतमनंगकेतुम् ॥

બ્રહ્મ, ઈશ્વર, અનંત, કામદેવને [1]કેતુ તુલ્ય,

योगीश्वरं [2]विदितयोगमनेकमेकं,

યોગીઓના ઈશ્વર, યોગને જાણનાર, અનેક પર્યાયવાળા, અદ્વિતીય,

ज्ञानस्वरूपममलं प्रवदंति संतः ॥ २४ ॥

જ્ઞાન સ્વરૂપ, નિર્મળ કહે છે. સંત પુરૂષો

અર્થઃ—હે પ્રભુ ! સંત (સાધુ–સજ્જન) પુરૂષો તમોને અવ્યય (નાશ ન પામે તેવા), વિભુ (પરમ ઐશ્વર્યવડે શોભતા–કર્મનું ઉન્મૂલન કરવામાં સમર્થ), અચિંત્ય (અચિન્ત્ય ગુણવાળા અથવા આધ્યાત્મિક પુરૂષોવડે કરી પણ ચિંતવન થઇ ન શકે એવું સ્વરૂપ છે જેનું એવા) અસંખ્ય ગુણવાળા, આદ્ય (પહેલા તીર્થંકર અથવા લોક વ્યવહારરૂપ સૃષ્ટિની શરૂઆત કરનારા અથવા પંચ પરમેષ્ઠીને વિષે આદ્ય), બ્રહ્મ સ્વરૂપ (પરમાનંદ સ્વરૂપ–નિવૃત્તિ રૂપ), ઇશ્વર (દેવના દેવ),

---

૧ જગતનો સંહાર કરવાને પૂંછડીઓ તારો જેમ હેતુભૂત છે તેમ તમે કામદેવને હણવાને કેતુ તુલ્ય છો.

૨ વિ વિશેષ પ્રકારે દિતઃ ખંડન કર્યો છે યોગ કર્મનો સંબંધ જેણે એવા. એવો પણ અર્થ થાય છે.

અનંત (અનંત જ્ઞાન દર્શનવાળા અથવા મૃત્યુરૂપ અંત વિના-ના), અનંગકેતુ (કામદેવને નાશ કરવાને પૂંછડીયા તારા જેવા–અથવા અંગ ઔદારિકાદિ શરીર તે રૂપ કેતુ ચિન્હ જેને નથી તેવા), યોગીઓના ઈશ્વર (ચાર જ્ઞાની મુનિઓ અથવા ધ્યાની પુરૂષોના ઇશ્વર), યોગ (જ્ઞાનદર્શન ચારિત્રરૂપ) ને જાણનારા (અથવા જણાયો છે અષ્ટાંગ યોગ જેનાથી એવા), અનેક (જ્ઞાને કરીને સર્વ વ્યાપક હોવાથી અનેક અથવા અનેક પર્યાય વાળા), અદ્વિતીય (સર્વોત્તમ), જ્ઞાન સ્વરૂપ (કેવળ જ્ઞાનરૂપ સ્વરૂપ છે જેનું એવા) અને નિર્મળ (અઢાર દોષ રહિત) એવા કહે છે. ૨૪

[1]बुद्धस्त्वमेव विबुधार्चितबुद्धिबोधात्,

બુદ્ધ(છો.)તમેજ દેવતાઓએ અર્ચિત કર્યો છે બુદ્ધિનો બોધ જેનો એવા તેથી

त्वं [2]शंकरोऽसि भुवनत्रय शंकरत्वात् ॥

તમે શંકર છો. ત્રણ ભુવનને સુખ કરવાપણાથી

[3]धाताऽसि धीर ! शिवमार्गविधेर्विधानात्,

બ્રહ્મા છો. હે ધીર ! મોક્ષની વિધિને રચવાથી

---

૧ તત્ત્વને જાણે તે બુદ્ધ.

૨ સુખને કરે તે શંકર.

૩ શિવમાર્ગને કરે–રચે તે ધાતા–બ્રહ્મા.

व्यक्तं त्वमेव भगवन्! [1]पुरुषोत्तमोऽसि ॥ २५ ॥

પ્રકટ તમેજ હે ભગવંત પુરૂષોત્તમ છો.

અર્થ—હે નાથ! દેવતાઓએ અર્ચિત કર્યો છે બુદ્ધિનો બોધ જેનો એવા છો, માટે તમેજ બુદ્ધદેવ છો, ત્રણ ભુવનને સુખને કરવાપણાથકી તમેજ શંકર છો, હે ધીર! મોક્ષમાર્ગની વિધિ (રત્નત્રય રૂપ) ને રચવાથી (પ્રરૂપવા થકી) તમેજ બ્રહ્મા છો; હે ભગવંત! તમેજ પ્રકટ પુરૂષોત્તમ (કૃષ્ણ) છો. અર્થાત્ બુદ્ધ, શંકર, બ્રહ્મા અને નારાયણ એ યથાર્થ નામ પ્રમાણે ગુણવાળા નથી કેમકે બુદ્ધ કેવળજ્ઞાન રહિત, શંકર સંહાર કરનારા, બ્રહ્મા હિંસક વેદના ઉપદેશ દેનારા અને કૃષ્ણ કપટ યુક્ત છે. માટે તે નામના યથાર્થ ગુણો સર્વ આપનામાંજ છે. ૨૫

જિન સ્તુતિ.

तुभ्यं नमस्त्रिभुवनार्त्तिहराय नाथ!

તમોને નમસ્કાર હો. ત્રિભુવનની પીડાને હરનારા, હે નાથ!

तुभ्यं नमः [2]क्षितितलामलभूषणाय ॥

તમોને નમસ્કાર હો. પૃથ્વી તલને વિષે નિર્મળ ભૂષણરૂપ

तुभ्यं नमस्त्रिजगतः परमेश्वराय,

તમોને નમસ્કાર હો. ત્રણ જગતના પરમેશ્વર

---

૧ પુરૂષો માહે ઉત્તમ તે પુરૂષોત્તમ

૨ **ક્ષિતિ** પૃથ્વી **તલ** પાતાળ અને **અમલ** સ્વર્ગ તેના મંડન તુલ્ય, એવો પણ અર્થ થઈ શકે છે.

तुभ्यं नमो जिन ! भवोदधिशोषणाय ॥२६॥

તમોને નમસ્કાર હો. હે જિન ! ભવસાગરને શોષણ કરનારા

અર્થઃ—હે નાથ ! ત્રણ ભુવનની પીડાને હરનારા તમોને નમસ્કાર હો ! પૃથ્વી તળને વિષે નિર્મળ ભૂષણ (અલંકાર)રૂપ તમોને નમસ્કાર હો ! ત્રણ જગતના પરમેશ્વર એવા તમોને નમસ્કાર હો ! અને હે જિન ! ભવ (ચાર ગતિના ભ્રમણરૂપ) સમુદ્રને શોષણ કરનારા તમોને નમસ્કાર હો ! ૨૬

નિંદા સ્તુતિ.

को विस्मयोऽत्र यदि [1]नाम गुणैरशेषै-

શું આશ્ચર્ય એમાં જો ગુણોવડે સમસ્ત

स्त्वं संश्रितो निरवकाशतया मुनीश ! ॥

તમે રૂડા પ્રકારે આશ્રય કરાયેલા છો, નિરંતરપણે,[2] હે મુનીશ !

[3]दोषैरुपात्त[4]विविधाश्रयजातगर्वैः,

દોષોવડે, ગ્રહણ કરેલા, વિવિધ આશ્રયોવડે ઉત્પન્ન થયો છે ગર્વ જેને એવા

---

૧ કોમલ આમંત્રણમા વપરાય છે.

૨ અન્ય દેવને વિષે સ્થાન નહિ મળવાથી સ્થાન રહિતપણાવડે એટલે અંતર રહિતપણે, ગુણો તમોનેજ આશ્રય કરી રહ્યા છે.

૩ કામ ક્રોધાદિ.

૪ ગ્રહણ કર્યા જે જાત જાતના (અન્ય દેવના) આશ્રયો (સ્થાનો) તે વડે ઉત્પન્ન થયો છે અહંકાર જેને એવા દોષો. અર્થાત્ અન્ય દેવને વિષે રહેવાનો આશ્રય મળવાથી દોષોએ તમને સ્વપ્નાંતરમાં પણ જોયા નથી કેમકે ઇચ્છિત સ્થાન મળવાથી બીજાની વાંછા રહેતી નથી.

[1]स्वप्नांतरेऽपि न कदाचिदपीक्षितोऽसि ॥ २७ ॥
સ્વપ્નાંતરમાં, પણ, નહીં ક્યારે પણ જોવાયેલા છો

અર્થઃ—હે મુનીશ (મુનિઓના ઇશ્વર) ! સમસ્ત ગુણોવડે તમે નિરંતરપણે રૂડા પ્રકારે આશ્રય કરાયેલા છો; એમાં શું આશ્ચર્ય છે ? કેમકે ગ્રહણ કરેલા વિવિધ આશ્રયોવડે ઉત્પન્ન થયો છે ગર્વ જેને એવા દોષોવડે તમે સ્વપ્નાંતરમાં ક્યારે પણ જોવાયેલા નથી. અર્થાત્ ગુણો તમોને આશ્રય કરી રહ્યા છે અને દોષો અન્યદેવોને આશ્રય કરી રહ્યા છે. ૨૭

અશોકવૃક્ષ નામે પ્રાતિહાર્યનું વર્ણન.

उच्चैरशोकतरु[2]संश्रितमुन्मयूख-
ઉંચા અશોકવૃક્ષને આશ્રય કરીને રહેલું, ઉંચા છે કિરણો જેનાં એવું

माभाति रूपममलं भवतो नितान्तम् ॥
શોભે છે શરીર, નિર્મળ તમારૂં અત્યંત

स्पष्टोल्लसत्किरण-मस्ततमोवितानं,
પ્રગટ દેદીપ્યમાન છે કિરણો જેનાં એવું, નાશ કર્યો છે અંધકારનો સમુહ જેણે એવું

बिम्बं रवेरिव पयोधरपार्श्ववर्त्ति ॥ २८ ॥
બિંબ સૂર્યનું પેઠે મેઘની પાસે રહેલું

અર્થઃ—હે જિન ! ઉંચા અશોક વૃક્ષને આશ્રય કરીને રહેલું (અશોક વૃક્ષની નીચે બેઠેલ), ઉંચા (અથવા અધિક) છે કિ-

---

૧ એક સ્વપ્નમાં બીજું સ્વપ્ન આવે તે.

૨ જિનેશ્વરના શરીર કરતાં બાર ગુણો ઉંચો અશોક વૃક્ષ હોય છે.

રણો જેનાં એવું અને નિર્મળ (પરસેવા રહિત) એવું તમારૂં શરીર, પ્રગટ દેદીપ્યમાન છે કિરણો જેનાં એવું, નાશ કર્યો છે અંધકારનો સમુહ જેણે એવું અને મેઘ (વાદળાં) ની પાસે રહેલું એવું સૂર્યનું બિંબ હોય તેની પેઠે અત્યંત શોભે છે.૨૮

સિંહાસન પ્રાતિહાર્ય વર્ણન.

सिंहासने 'मणिमयूखशिखाविचित्रे,

સિંહાસનને વિષે, મણિઓના કિરણોની પંક્તિવડે ચિત્ર વિચિત્ર

विभ्राजते तव वपुः कनकावदातम् ॥

વિશેષ શોભે છે. તમારૂં શરીર સુવર્ણના જેવું મનોજ્ઞ

बिम्बं वियद्विलसदंशुलतावितानं,

બિંબ આકાશને વિષે ઉદ્યોતમાન કિરણોની શાખાનો સમુહ છે જેને એવું

तुङ्गोदयाद्रिशिरसीव सहस्ररश्मेः ॥२९॥

ઉંચા મેરૂ પર્વતના શિખર ઉપર, પેઠે, સૂર્યનું

અર્થ—મણિઓના કિરણોની પંક્તિ (અથવા અગ્રભાગ) વડે ચિત્ર વિચિત્ર એવા સિંહાસનને વિષે સુવર્ણના જેવું મનોજ્ઞ તમારૂં શરીર, ઉંચા મેરૂ પર્વતના શિખર ઉપર આકાશને વિષે ઉદ્યોતમાન (પ્રસરેલા) કિરણોની શાખાનો સમુહ છે જેને એવું સૂર્યનું બિંબ હોય, તેની પેઠે વિશેષે કરીને શોભે છે.૨૯

---

૧ અહીં કિરણના સમુહ સમાન મણિના કિરણોની પંક્તિ, ઉદયાચળ પર્વત સમાન સિંહાસન અને સૂર્ય બિંબ સમાન પ્રભુનું શરીર જાણવું.

ચામર પ્રાતિહાર્ય વર્ણન.

कुन्दावदातचलचामरचारुशोभं,
મોગરાના પુષ્પ જેવાં ઉજ્જવળ અને વીંજેલા ચામરોવડે મનો-
હર છે શોભા જેની એવું

विभ्राजते तव वपुः कलधौतकान्तम् ॥
વિશેષ શોભે છે. તમારૂં શરીર સુવર્ણ સરખું મનોહર

उद्यच्छशाङ्कशुचिनिर्झरवारिधार-
ઉદય પામેલા ચંદ્ર સરખા નિર્મળ ઝરણના પાણીની ધારા જેને
વિષે છે એવું

मुच्चैस्तटं[1] सुरगिरेरिव शातकौम्भम् ॥ ३० ॥
ઉંચું શિખર મેરૂપર્વતનું પેઠે સુવર્ણમય

અર્થ—હે પ્રભુ ! મોગરાના પુષ્પ જેવાં શ્વેત વર્ણવાળા અને (ઇંદ્રોએ) વીંજેલા એવા ચામરોવડે મનોહર છે શોભા જેની એવું તથા સુવર્ણ સરખું મનોહર તમારૂં શરીર, ઉદય પામેલા ચંદ્ર સરખા નિર્મળ ઝરણના પાણીની ધારા જેને વિષે છે એવુ અને સુવર્ણમય મેરૂ પર્વતનું ઉંચું શિખર હોય, તેની જેવું વિ-શેષે કરીને શોભે છે. ૩૦

છત્રત્રય પ્રાતિહાર્ય વર્ણન.

छत्रत्रयं तव विभाति शशाङ्ककान्त-
[2]છત્રત્રય તમારૂ વિશેષ શોભે છે. ચંદ્ર સરખુ મનોહર

---

૧ અહીં મેરૂ પર્વતના શિખર તુલ્ય ભગવતનુ શરીર અને પાણીની ધારા તુલ્ય વીંજાતા ચામરો જાણુવા.

૨ ત્રણ છત્ર.

मुच्चैः स्थितं स्थगितभा- करप्रतापम् ॥

ઉંચે રહેલું ઢાંકી દીધો છે સૂર્યના કિરણોનો પ્રતાપ જેણે એવું

ः क्ताफलप्रक जालवि- द्धशाभं,

મોતીના સમુહની રચનાવડે વિશેષે વૃદ્ધિ પામી છે શોભા જેની એવું

प्र ्यापयत्रिजगतः [1]परमेश्वरत्वम् ॥ ३१ ॥

પ્રકર્ષે જણાવનારૂં, ત્રણ જગતના પરમેશ્વરપણાને

અર્થઃ—હે પ્રભુ ! ચંદ્ર સરખું મનોહર (અથવા ઉજ્જ્વળ), ઉંચે રહેલું (તમારા મસ્તકે ધારણ કરાવેલું), ઢાંકી દીધો છે સૂર્યના કિરણોનો પ્રતાપ (તેજ અથવા સંતાપ-પીડા) જેણે એવું, મોતીના સમુહની રચનાવડે વિશેષે વૃદ્ધિ પામી છે શોભા જેની એવું અને ત્રણ જગતના પરમેશ્વરપણા (અધિપતિપણા) ને જાણે પ્રકર્ષે કરીને જણાવતું હોય નહિ ! તેવું તમારૂં છત્રત્રય વિશેષે શોભે છે. ૩૧

---

૧. એ ત્રણ છત્ર એમ સૂચવે છે કે—આ ભગવત ત્રણ જગતના સ્વામી છે, કેમકે અન્ય રાજા મહારાજાઓને એક છત્ર હોય છે અને ભગવંતને ત્રણ છત્ર છે. આ ૩૧ મા શ્લોક પછી પુષ્પ વૃષ્ટી, દિવ્યધ્વની, ભામંડલ અને દેવદુંદુભી એ ચાર અતિશયના વર્ણનવાળા ચાર કાવ્યો સ્તોત્રકારે બનાવ્યા હતા પરંતુ તેમાં વર્ણવેલ યુગાદિ દેવની સ્તુતિના આકર્ષણથી ચક્રેશ્વરી દેવીનુ આસન કંપતુ હતુ, તેથી તે ચાર કાવ્યો ગોપવ્યાં છે અહી દિગંબરોએ गम्भीरताररवपूरित विग्भाग ઇત્યાદિ ચાર કાવ્યો નવીન બનાવીને ગોઠવ્યા છે.

उन्निद्रहेमनवपङ्कजपुञ्जकान्ति[1]-

વિકસ્વર થયેલાં સુવર્ણના નવ કમળના સમૂહની કાંતિવડે

पर्युल्लसन्नखमयूखशिखाऽभिरामौ ॥

ચારે તરફ ઉછળતાં નખનાં કિરણોની પંક્તિવડે મનોહર

पादौ पदानि तव यत्र जिनेन्द्र ! धत्तः,

ચરણો ગમન સ્થાનને તમારા જ્યાં હે જિનેંદ્ર ! ધારણ કરે છે.

पद्मानि तत्र विबुधाः परिकल्पयन्ति[2] ॥ ३२ ॥

કમળોને ત્યાં દેવતાઓ રચે છે.

અર્થઃ—હે જિનેંદ્ર ! વિકસ્વર થયેલાં સુવર્ણના નવ (અથવા નવીન) કમળના સમુહની કાંતિવડે ચારે તરફ ઉછ-

---

૧ અહીં કાંતિ શબ્દના ઇ કારને દીર્ઘ કરીને આવો અર્થ પણ કરાય છે-' વિકસિત સુવર્ણનાં નવ કમળના સમુહની કાંતિવાળા ' એવા ચરણો.

૨ તીર્થંકરદેવ જ્યાં જ્યાં વિચરે છે ત્યાં ત્યાં તેમના ચરણ કમળ નીચે દેવતાઓ નવ કમળ વખતો વખત પરાવર્તન કરીને રચે છે. બે ચરણ નીચે બે કમળ રહે છે અને સાત કમળ પાછળ ચાલે છે. ભગવંત ચરણ ઉપાડે એટલે તેમાંથી બે કમળ દેવતાઓ આગળ સ્થાપે છે. કમળ એના એ હોય છે પણ દેવતાઓ તેનું પરાવર્તન કરે છે એટલે નવીન જણાય છે. અહીં કમળનો વર્ણ પીળો અને ભગવંતના નખની કાંતિ રક્ત (રાતી) છે તેથી બંનેના મેલાપથી ચરણ કમળનો વિચિત્ર વર્ણ થાય છે એમ કહ્યું છે.

જાતાં નખના કિરણોની પંક્તિવડે મનોહર એવા તમારા બે ચરણો જ્યાં ગમન સ્થાનને ધારણ કરે છે (ચરણ ન્યાસ કરે છે-જાય છે) ત્યાં દેવતાઓ કમળોને રચે છે. ૩૨

અતિશય લક્ષ્મીનું વર્ણન.

इत्थं यथा तव विभूतिरभूज्जिनेन्द्र !,

એ પ્રકારની જે પ્રકારે તમારી સંપદા હતી, હે જિનેંદ્ર !

[1]धर्मोपदेशनविधौ न तथा [2]परस्य ॥

ધર્મના ઉપદેશની વિધિમાં, નહોતી તે પ્રકારે અન્ય દેવોની

यादृक् प्रभा दिनकृतः प्रहतांधकारा,

જેવી કાંતિ સૂર્યની, પ્રકર્ષે કરીને હણ્યો છે અંધકાર જેણે એવી

तादृक्कुतो ग्रहगणस्य विकासिनोऽपि ॥ ३३ ॥

તેવી ક્યાંથી ગ્રહસમુહની પ્રકાશિત થયેલા પણ

અર્થઃ—હે જિનેંદ્ર ! ધર્મના ઉપદેશની વિધિમાં (ધર્મ વ્યાખ્યાન કરતી વખતે) એ પૂર્વોક્ત પ્રકારની તમારી અતિશય રૂપ સંપદા જે પ્રકારે હોતી હવી, તે પ્રકારે અન્ય દેવોની સંપદા નહોતી. કેમકે પ્રકર્ષે કરીને હણ્યો છે અંધકાર જેણે એવી સૂર્યની કાંતિ જેવી છે તેવી કાંતિ પ્રકાશિત થયેલા પણ ગ્રહ સમુહની ક્યાંથી હોય ! ૩૩

---

૧ દુર્ગતિમાં પડતા પ્રાણિઓને ધારી રાખે તે ધર્મ.

૨ અન્ય હરિહરાદિ દેવોમાં સરાગપણું હોવાથી ચોત્રીશ અતિશય અને આઠ પ્રાતિહાર્ય લક્ષ્મી તેમને હોતી નથી.

ગજભયહર કાવ્ય.

श्च्योतन्मदाविलविलोलकपोलमूल-

ઝરતા મદવડે કરીને કલુષિત થયેલા અને ચંચળ એવા જે ગંડ-
સ્થળો તેને વિષે-

मत्तभ्रमद्भ्रमरनादविवृद्धकोपम् ॥

મદોન્મત થયેલા અને અહીં તહીં ભમતા એવા ભ્રમરાઓના ઝંકાર શબ્દવડે વિશેષે વૃદ્ધિ પામ્યો છે કોપ જેનો એવા

ऐरावताभमिभमुद्धतमापतन्तं,

[1]ઐરાવત જેવી કાંતિવાળા, હસ્તિને,[2]ઉદ્ધત, સન્મુખ આવતા

दृष्ट्वा भयं भवति नो भवदाश्रितानाम् ॥ ३४ ॥

જોઇને ભય થતો નથી. તમારા આશ્રિતોને

અર્થ—ઝરતા મદવડે કરીને કલુષિત થયેલા અને ચંચળ એવા જે ગંડસ્થળો તેને વિષે મદોન્મત થયેલા અને અહીં તહીં ભમતા એવા ભ્રમરોના ઝંકાર શબ્દવડે વિશેષે વૃદ્ધિ પામ્યો છે કોપ જેનો એવા, ઐરાવત હસ્તિ સરખી છે કાંતિ જેની એવા અને ઉદ્ધત (દુર્દાંત) એવા હસ્તિને સન્મુખ આવતો જોઇને તમારા આશ્રિતો (ભક્તજનો)ને ભય ઉત્પન્ન થતો નથી.૩૪

भिन्नेभकुम्भगल-दुज्ज्वलशोणिताक्त-

ભેદાયેલા હસ્તિના કુંભસ્થળથકી પડેલાં; ઉજ્વળ અને લોહીથી
ખરડાયેલા એવા-

---

૧ મ્હોટી કાયાવાળો હોવાથી ઐરાવત (ઇંદ્રનો હસ્તિ) સરખો કહ્યો
૨ અંકુશાદિ શસ્ત્રના પ્રહારની પણ અવગણના કરતો.

मुक्ताफलप्रकरभूषितभूमिभागः ॥
મોતીના સમુહવડે શોભાવ્યો છે પૃથ્વીનો ભાગ જેણે એવો

बद्धक्रमः क्रमगतं हरिणाधिपोऽपि,
કીલિત છે બેપગો જેના એવો } ફાલમાં પ્રાપ્ત થયેલને, સિંહ પણ

'नाक्रामति क्रमयुगाचलसंश्रितं ते ॥ ३५ ॥
પરાભવ કરતો નથી. ચરણયુગલરૂપ પર્વતને આશ્રિતજનને, તમારાં

અર્થ.—ભેદાયેલા હસ્તિના કુંભસ્થળથકી પડેલા, ઉજ્જવળ અને લોહિથી ખરડાયેલા એવા મોતીના સમુહવડે શોભાવ્યું છે પૃથ્વીપીઠ જેણે એવો તથા કીલિત છે બે પગો જેના (ફાળ મારતો) એવો સિંહ પણ, તમારાં ચરણ યુગલ રૂપ પર્વતને આશ્રય કરીને રહેલ મનુષ્યને ફાળમાં પ્રાપ્ત થયો હોય (પોતાની પાસેજ આવી ગયો હોય) તો પણ પરાભવ કરતો નથી. અર્થાત્ મારવાને દોડતો નથી—મારી શકતો નથી. ૩૫

અગ્નિભયહર કાવ્ય.

कल्पान्तकालपवनोद्धतवह्निकल्पं,
પ્રલયકાળના પવનવડે ઉદ્ધત થયેલ અગ્નિસદૃશ

दावानलं ज्वलितमुज्ज्वलमुत्फुलिङ्गम् ॥
દાવાનલને જાજ્વલ્યમાન, ઉજ્જવળ, ઉંચા ગયેલાં છે તણખા જેનાં એવો

---

૧ જેમ પર્વતનો આશ્રય લેવાથી મનુષ્યને સિંહ ભય કરી શકતો નથી તેમ તમારા નામ સ્મરણવડે તમારા ચરણનો આશ્રય કરનારો મનુષ્ય, મ્હોટા બળવાન સિંહની ફાળમાં આવી ગયો હોય તો પણ તેને સિંહ મારી શકતો નથી.

विश्वं जिघत्सुमिव संमुखमापतन्तं,

જગતને ગળી જવાને ઇચ્છતો હોય તેમ, સન્મુખ આવતો.

त्वन्नामकीर्तनजलं शमयत्यशेषम्[1] ॥ ३६ ॥

તમારા નામના કીર્તનરૂપ જળ, શાંત કરે છે. સમસ્ત.

અર્થઃ—પ્રલયકાળના પવનવડે ઉદ્ધત થયેલ (પ્રેરાયેલા) અગ્નિસદૃશ, જાજ્વલ્યમાન, ઉજ્જવળ (જ્વાળાથી શોભતો અથવા પ્રબલપણે સળગતો), ઉંચા ગયેલા છે તણખા જેના એવો અને જગતને ગળી જવાને જાણે ઇચ્છતો હોય તેમ સન્મુખ આવતો એવો સમસ્ત જે દાવાનળ (વનનો અગ્નિ) તેને તમારા નામના કીર્તનરૂપ જળ શાંત કરે છે. ૩૬

સર્પભયહર કાવ્ય.

रक्तेक्षणं समदकोकिलकण्ठनीलं,

લાલ નેત્રવાળા, મદોન્મત્ત કોયલના કંઠ સરખા શ્યામ વર્ણવાળા.

क्रोधोद्धतं फणिनमुत्फणमापतन्तम् ॥

ક્રોધવડે ઉદ્ધત, સર્પને, ઉંચી કરી છે ફણા જેણે એવા, આવતા.

आक्रामति क्रमयुगेन निरस्तशङ्क–

ઉલ્લંઘન કરે છે. (દબાવે છે) } ચરણયુગલે કરીને નાશ થયો છે ભય જેનો એવો

त्वन्नामनागदमनी[2] हृदि यस्य पुंसः ॥३७॥

તમારા નામરૂપી નાગદમની હૃદયને વિષે (છે) જે પુરૂષના

૧ નિરવશેષપણે એવો ક્રિયાવિશેષણ અવ્યયનો અર્થ પણ લઇ શકાય.

૨ વિષને હરણ કરનાર ઔષધી અથવા જાંગુલી મંત્ર.

અર્થ·—હે ભગવંત! તમારા નામરૂપ નાગદમની જે પુરૂષના હૃદયને વિષે વર્તે છે તે પુરૂષ, લાલ નેત્રવાળા, મદોન્મત્ત કોયલના કંઠ સરખા શ્યામ વર્ણવાળા, ક્રોધવડે ઉદ્ધત, ઉંચી કરી છે ફણા જેણે એવા અને કરડવાને સન્મુખ આવતા એવા સર્પને, નાશ થયો છે ભય જેનો એવો (નિર્ભય) છતો(પોતાના)ચરણયુગલવડે ઉલ્લંઘન કરે છે અર્થાત્ જે પુરૂષના હૃદયમાં તમારા નામરૂપ મંત્ર છે તે પુરૂષ નિર્ભયપણે ઉગ્ર સર્પને પોતાના પગવડે કરીને દોરડીની માફક સ્પર્શ કરે છે-પગવડે દૂર કરે છે-દબાવે છે.૩૭

સંગ્રામભયહર કાવ્યદ્વયમ્.

वल्गत्तुरङ्गगजगर्जितभीमनाद-

યુદ્ધ કરતા ઘોડા અને હાથીઓની ગર્જનાઓવડે ભયંકર છે શબ્દો જેને વિષે એવું

माजौ बलं बलवतामपि भूपतीनाम् ॥

સંગ્રામને વિષે, સૈન્ય, અતિશય બળવાન પણ, રાજાઓનું

उद्यद्दिवाकरमयूखशिखाऽपविद्धं,

ઉદય પામેલ સૂર્યના કિરણોની શિખાઓવડે ભેદાયેલું

त्वत्कीर्तनात्तम इवाशु भिदामुपैति ॥ ३८॥

તમારા કીર્તન થકી અંધકાર પેઠે શીઘ્ર ભેદને પામે છે.

અર્થ.—સંગ્રામને વિષે, યુદ્ધ કરતા ઘોડા અને હાથીઓની ગર્જનાવડે ભયંકર છે શબ્દો જેને વિષે એવું અતિશય બલવાન રાજાઓનું પણ સૈન્ય, તમારા કીર્તનથકી, ઉદય પામેલા સૂર્યના કિરણોની શિખાઓવડે ભેદાયેલું અંધકાર હોય તેની પેઠે શીઘ્ર

નાશને પામે છે અર્થાત્ સૂર્યના કિરણથી જેમ અંધકાર નાશ પામે છે તેમ તમારા નામ સ્મરણથી અતિશય બલવાન રાજાનું સૈન્ય નાશ પામે છે. ૩૮

कुंताग्रभिन्नगजशोणितवारिवाह–

ભાલાની અણીઓવડે ભેદાયેલા હસ્તિના રૂધિરરૂપ જળ પ્રવાહને વિષે—

वेगावतारतरणातुरयोधभीमे ॥

ઉતાવળે પ્રવેશ થકી તરવાને આતુર થયેલા યોધાઓવડે ભયંકર

युद्धे जयं विजितदुर्जयजेयपक्षा–

યુદ્ધને વિષે જયને, વિશેષ પ્રકારે જિત્યા છે દુઃખે જિતાય એવા શત્રુના પક્ષોને જેણે એવા છતા

स्त्वत्पादपङ्कजवनाश्रयिणो लभन्ते[1] ॥३९॥

તમારા ચરણરૂપ કમળવનને આશ્રય કરીને રહેલા, પામે છે.

અર્થ.—ભાલાની અણીઓવડે ભેદાયેલા હસ્તિના રૂધિરરૂપ જળ પ્રવાહને વિષે ઉતાવળે પ્રવેશ થવાથકી તેને તરવાને આતુર (વ્યાકુળ) થયેલા યોધાઓવડે કરીને ભયંકર યુદ્ધને વિષે તમારા ચરણરૂપ કમળવનને આશ્રય કરીને રહેલા પુરૂષો, વિશેષ પ્રકારે જીત્યા છે દુઃખે જિતાય એવા શત્રુના પક્ષોને જેણે એવા છતા જયને પામે છે. અર્થાત્ તમારા ચરણકમળને આશ્રિત જનો મોટા સંગ્રામમાં જય મેળવે છે. ૩૯

---

૧ આ બે કાવ્ય ગણવાથી યુદ્ધને વિષે જય મળે છે.

જળભયહર કાવ્ય.

अम्भोनिधौ क्षुभितभीषणनक्रचक्र-

સમુદ્રને વિષે ક્ષોભ પામેલા છે ભયકર નક્ર જાતિના મત્સ્યના સમૂહો અને

पाठीनपीठभयदोल्बणवाडवाग्नौ ॥

પાઠીન પીઠ જાતિના જળજંતુ તથા ભયને આપનાર અને ઉત્કટ વાડવાગ્નિ[1] છે જેને વિષે એવા

रङ्गत्तरङ्गशिखरस्थितयानपात्रा-

ઉછળતા કલ્લોલના શિખર ઉપર રહ્યું છે વહાણુ જેનું એવા પુરૂષો

स्त्रासं विहाय भवतः स्मरणाद् व्रजन्ति ॥४०॥

ત્રાસને ત્યાગ કરીને તમારા સ્મરણુથકી (ઇચ્છિત દ્વીપે) જાય છે.

અર્થ—ક્ષોભ પામેલા છે ભયંકર નક્ર જાતિના મત્સ્યના સમૂહો, પાઠીન અને પીઠ જાતિના જળજંતુઓ અને ભયને આપનાર તથા ઉત્કટ(વિષમ)વાડવાગ્નિ જેને વિષે એવા સમુદ્રને વિષે, ઉચ્છળતા કલ્લોલના શિખર ઉપર રહ્યું છે વહાણુ જેનું એવા પુરૂષો, તમારા નામ સ્મરણુથકી ત્રાસનો ત્યાગ કરીને ઇચ્છિતસ્થાને જાય છે, અર્થાત્ તોફાની દરિયામાં પણુ તમારા નામ સ્મરણુવડે નિર્વિઘ્ને ઇચ્છિત સ્થાને પહોંચે છે. ૪૦

રોગભયહર કાવ્ય.

उद्भूतभीषणजलोदर[2]भारभुग्नाः,

ઉત્પન્ન થયેલ ભયંકર જલોદર રોગના ભારવડે વાંકા થયેલા

---

૧ વાડવાનળ અગ્નિ સમુદ્રમાજ હોય છે તે પાણીથી ઓલાતો નથી.

૨ પેટ વધવાનો રોગ.

शोच्यां दशामुपगताश्च्युतजीविताशाः ॥
શોક કરવા યોગ્ય, દશાને, પ્રાપ્ત થયેલા, ત્યાગ કરી છે જીવિતની આશા જેણે એવા

त्वत्पादपङ्कजरजोऽमृतदिग्धदेहा,
તમારા ચરણ કમળની રજરૂપ અમૃતવડે લિપ્ત છે શરીર જેમનાં એવા

मर्त्या भवन्ति मकरध्वजतुल्यरूपाः ॥ ४१ ॥
મનુષ્યો થાય છે. કામદેવ સરખા રૂપવાળા

અર્થ—ઉત્પન્ન થયેલ ભયંકર જલોદર રોગના ભારવડે વાંકા વળી ગયેલા, શોચનીય દશાને પ્રાપ્ત થયેલા અને છોડી દીધી છે જીવિતની આશા જેણે એવા મનુષ્યો, તમારા ચરણ-કમળની રજરૂપ અમૃતવડે લિપ્ત (લેપાયેલ) છે શરીર જેમનાં એવા છતે કામદેવ સરખા (સુંદર શરીરવાળા) રૂપવાળા થાય છે. અર્થાત્ શરીરે અમૃત ચોપડવાથી જેમ સુંદર રૂપ થાય છે તેમ તમારા ચરણકમળની રજ શરીરે લગાડવાથી જલોદરાદિ દુસાધ્ય રોગવાળા મનુષ્યોના રોગો નાશ પામી સુંદર રૂપ થાય છે. ૪૧

બંધનભયહર કાવ્ય.

आपादकण्ठमुरुशृङ्खलवेष्टिताङ्गा,
પગથી માંડીને ગળા પર્યંત, મોટી સાંકળોવડે બાંધ્યાં છે અંગો જેમના એવા

गाढं बृहन्निगडकोटिनिघृष्टजङ्घाः ॥
અત્યંત મોટી બેડીઓની અણીઓવડે નિ શેષપણે ઘસાતી છે જંઘાઓ જેમની એવા

त्वन्नाममन्त्र-निशं मनुजाः स्मरन्तः,

તમારા નામરૂપ મંત્રને નિરંતર મનુષ્યો સ્મરણ કરનારા

सद्यः स्वयं विगतबन्धभया भवन्ति ॥४२॥

તત્કાળ પોતાની મેળે, વિશેષે ગયું છે બંધન } થાય છે.
નું ભય જેનુ એવા }

અર્થ—પગથી માંડીને ગળાપર્યંત મોટી સાંકળોવડે બાંધ્યા છે અંગો જેમનાં એવા અને અત્યંત મોટી બેડીઓની અણીઓ વડે નિ:શેષપણે ઘસાતી છે જંઘાઓ જેમની એવા પણ તમારા નામરૂપ મંત્ર (ऋषभाय नमः) ને નિરંતર સ્મરણ કરનારા મનુષ્યો, તત્કાળ પોતાની મેળે વિશેષે ગયું છે બંધનનું ભય જેનું એવા થાય છે. અર્થાત્ તમારા નામ સ્મરણથી આકરૂં બંધન ભય તત્કાળ નાશ પામે છે. ૪૨

ઉપસંહાર-સ્તોત્ર માહાત્મ્ય.

मत्तद्विपेन्द्रमृगराजदवानलाहि-

મહોન્મત્ત હસ્તિ, સિંહ, દાવાનળ, સર્પ,

सङ्ग्रामवारिधिमहोदरबन्धनोत्थम् ॥

સંગ્રામ, મહાસાગર, જળોદર અને બંધન થકી ઉત્પન્ન થયેલ

तस्याशु नाशमुपयाति भयं भियेव,

તેનો શીઘ્ર નાશને પામે છે. ભય, બીકે કરીને જેમ હોય નહિ તેમ

यस्तावकं स्तवमिमं मतिमानधीते ॥ ४३ ॥

જે તમારા સ્તવનને આ બુદ્ધિમાન ભણે છે,

અર્થઃ—હે ભગવંત ! જે બુદ્ધિમાન પુરૂષ તમારા આ (ભક્તામર નામના) સ્તવનને ભણે છે તે પુરૂષનો, મદોન્મત હસ્તિ, સિંહ, દાવાનળ, સર્પ, સંગ્રામ, મહાસાગર, જળોદર અને બંધનથકી ઉત્પન્ન થયેલ ભય, બીકે કરીને જેમ હોય નહિ તેમ શીઘ્ર નાશ પામે છે, અર્થાત્ તમારા સ્તોત્રના પઠનથકી ઉપર કહેલા આઠ જાતના ભયો ભય પામ્યા હોય તેમ નાશ પામે છે. ૪૩

स्तोत्रस्रजं तव जिनेन्द्र ! गुणैर्निबद्धां,

સ્તોત્રરૂપ માળાને તમારી હે જિનેંદ્ર ! ગુણોરૂપ દોરાવડે ગુંથેલી

भक्त्या मया रुचिरवर्णविचित्रपुष्पाम् ॥

ભક્તિરૂપ રચનાવડે મેં મનોહર અક્ષરરૂપ ચિત્રવિચિત્ર પુષ્પોવાળી

धत्ते जनो य इह कण्ठगतामजस्रं,

ધારણ કરે છે. મનુષ્ય જે અહીં કંઠને વિષે નિરંતર

तं मानतुङ्गमवशा समुपैति [1]लक्ष्मीः ॥ ४४ ॥

તેને માનવડે ઉન્નત અસ્વતંત્ર પ્રાપ્ત થાય છે. લક્ષ્મી

---

૧ રાજ્ય, સ્વર્ગાપવર્ગ અને સત્કાવ્ય કરવાની શક્તિરૂપ. અહિ જિનેશ્વરના સ્તોત્રને પુષ્પની માળાની ઉપમા આપી છે ભગવતના ગુણરૂપ દોરો, ભક્તિરૂપી રચના અને જુદા જુદા અક્ષરો રૂપ રંગ બેરંગી પુષ્પો જાણવા આ સ્તોત્રમાં છેવટ પુષ્પમાળા શબ્દ વાપર્યો છે તે મહા આનંદ હેતુ છે અને લક્ષ્મી શબ્દ મંગળવાચી છે તેથી કરીને આ સ્તોત્રને ભણનારા, સાંભળનારા અને તેનુ વ્યાખ્યાન કરનારા પુરૂષોને કલ્યાણની પરંપરા થાય છે એવો ભાવ સૂચવે છે.

અર્થ—હે જિનેંદ્ર ! મેં ભક્તિરૂપ રચનાવડે અને જ્ઞાનાદિ ગુણોરૂપ દોરાવડે ગુંથેલી (રચેલી) અને મનોહર અક્ષરરૂપ ચિત્રવિચિત્ર પુષ્પોવાળી તમારી સ્તોત્રરૂપ માળાને જે પુરૂષ આ લોકને વિષે નિરંતર કંઠને વિષે ધારણ કરે છે (ગણે છે), તે માનવડે ઉન્નત પુરૂષ (અથવા માનતુંગસૂરિ) ને અસ્વતંત્ર (પોતાને તાબે રહેનારી) લક્ષ્મી પ્રાપ્ત થાય છે. અર્થાત્ તમારા સ્તોત્રને નિરંતર ગણનારાને તાબેદાર લક્ષ્મી પ્રાપ્ત થાય છે. ૪૪

॥ ઇતિ ભક્તામરસ્તોત્રમ્ સમ્પૂર્ણમ્ ॥

॥ अथ श्रीकल्याणमन्दिरस्तोत्रं* प्रारभ्यते ॥

॥ वसन्ततिलकावृत्तम् ॥

મંગળ અને અભિધેય.

कल्याणमन्दिरमुदारमवद्यभेदि,

કલ્યાણનું ઘર, ઉદાર, પાપને ભેદનારૂં

भीताभयप्रदमनिन्दितमङ्घ्रिपद्मम् ॥

ભય પામેલાને અભયને આપનારૂં, પ્રશસ્ય, ચરણ કમળને

---

* આ કલ્યાણમંદિર સ્તોત્ર **સિદ્ધસેન દિવાકર** સૂરિએ રચ્યું છે. તેની ઉત્પત્તિ આ પ્રમાણે જાણવી-ઉજ્જયિની નગરીને વિષે રહેનારો વિક્રમ રાજાના પુરોહિતનો પુત્ર અને દેવસિકા નામની માતાની કુક્ષિ થકી ઉત્પન્ન થયેલ મુકુંદ નામનો પંડિત ભૃગુકચ્છ (ભરૂચ) નગરે વાદ કરવા જતો હતો રસ્તામાં **વૃદ્ધવાદી સૂરિ** મળ્યા તેમની સાથે વાદ કર્યો અને ગોવાળોને સાક્ષી રાખ્યા તેમા તે હાર્યો પછી રાજસભામાં વાદ કરતા પણ વૃદ્ધવાદી જીત્યા તેથી તે તેમનો શિષ્ય થયો ગુરૂએ **કુમુદચંદ્ર** નામ આપ્યુ અને સૂરિપદ આપ્યુ ત્યારે **સિદ્ધસેન દિવાકર** એવુ નામ આપ્યુ. તેણે એકદા વાદ માટે આવેલા ભટ્ટને સંભળાવવા માટે નવકારને બદલે **नमोऽर्हत्सिद्धाचार्योपाध्यायसर्वसाधुभ्य** એ પ્રકારનુ ચૌદ પૂર્વનુ પહેલુ સંસ્કૃત વાક્ય કહ્યુ, વળી એક વખત ગુરૂ મહારાજને કહ્યુ કે આ સઘળા પ્રાકૃત સિદ્ધાતો છે તેના હું સંસ્કૃત બનાવુ ત્યારે ગુરૂએ કહ્યું કે-બાળ, સ્ત્રી, મંદબુદ્ધિવાન અને મૂર્ખ એવા ચારિત્રની ઇચ્છાવાળા મનુષ્યોના હિતને માટે તત્ત્વજ્ઞોએ પ્રાકૃતમાં સિદ્ધાત રચ્યા છે, માટે એ પ્રકારે બોલવાથી તમને મોટું પ્રાયશ્ચિત લાગ્યુ, એમ કહી તેને ગચ્છ બાહાર કર્યા. સંઘે વિનતિ કરી કે આ મહા પ્રભાવક છે માટે ગચ્છ બહાર કરવા યોગ્ય નથી. એવો સંઘનો અત્યાગ્રહ થવાથી ગુરૂએ કહ્યું કે અઢાર રાજા

संसारसागरनिमज्जदशेषजन्तु-

સંસારરૂપ સમુદ્રને વિષે બૂડતા સમગ્ર પ્રાણીઓને

पोतायमानमभिनम्य जिनेश्वरस्य ॥ १ ॥

વહાણુ તુલ્ય નમસ્કાર કરીને જિનેશ્વરના

ઓને પ્રતિબોધીને જૈન કરશે તો ગચ્છમાં લઈશુ. તેથી સિદ્ધસેનજી ઉજ્જયિનીને વિષે ગયા. ત્યાં વિક્રમ રાજા ઘોડા ખેલાવવા જતા હતા, તેણે રથ પાસેથી નીકળતા સિદ્ધસેન દિવાકરજીને પૂછયુ કે તમે કાણુ છો ? આચાર્યે કહ્યું કે સર્વજ્ઞપુત્ર છું. તેથી રાજાએ મનમાં નમસ્કાર કર્યો એટલે આચાર્યે ધર્મલાભ આપ્યો. રાજાએ પૂછયુ કાને ધર્મલાભ આપો છો ? આચાર્યે કહ્યું કે જેણે મનથી નમસ્કાર કર્યો તેને. આથી રાજાએ સતોષ પામી ક્રોડ સોનૈયા આપવા માંડ્યાં. તે આચાર્યે નહિ લેતાં ધર્મ કાર્યમાં વપરાવ્યા. વળી એક વખત ચાર શ્લોક લઇને રાજ્યદ્વારે ગયા ત્યા રાજાને પૂછાવ્યું કે તમને મળવા માટે એક ભીક્ષુ હાથમા ચાર શ્લોક લઇને આવ્યો છે તે આવે કે જાય ? રાજાએ કહેવરાવ્યુ કે દશલાખ સોનામહોર અને ચૌદ હાથી આપતાં છતાં તેને આવવુ હોય તો ભલે આવે અગર પાછો જાય. પછી આચાર્યે રાજા પાસે જઇ અનુક્રમે ચાર શ્લોક કહ્યા તેથી ખુશી થઇને રાજાએ અનુક્રમે એકેક દિશાનુ રાજ્ય આપવાનો સકલ્પ કર્યો પણ આચાર્યે તે નહિ લેતાં " હું જ્યારે આવુ ત્યારે મારો ધર્મોપદેશ સાંભળવો," એટલુજ માગી લીધુ. એકદા તે આચાર્ય મહાકાળના મદિરમાં શીવપિડિકા ઉપર પગ રાખીને સૂતા. ત્યાં ઘણા લોકોએ ઉઠાડ્યા છતાં ન ઉઠ્યા તેથી લોકોએ રાજા પાસે જઇ હકીકત નિવેદન કરી રાજાએ બળાત્કારે હાંકી કાઢવાને ફરમાવ્યુ, તેથી રાજપુરૂષો તેમને ચાબુકના પ્રહાર મારવા લાગ્યા, પરતુ તે પ્રહાર તેમને નહિ લાગતાં રાજાની રાણીઓને લાગવા માંડ્યા. અત્યત કોલાહળ થવાથી રાજા આશ્ચર્ય પામી મહાકાળના

यस्य स्वयं सुरगुरुर्गरिमाम्बुराशेः,

જેના પોતે બૃહસ્પતિ, મહિમારૂપી મહાસાગરનું

स्तोत्रं सुविस्तृतमतिर्न विभुर्विधातुम् ॥

સ્તવન, વિસ્તાર પામેલી છે બુદ્ધિ જેની એવા } નથી. સમર્થ કરવાને

મંદિરમા આવ્યો ત્યા આચાર્યને ઓળખ્યા અને પૂછ્યુ કે મહાદેવ પૂજ્ય છે છતાં તેના મસ્તકે પગ તમે કેમ રાખ્યા? આચાર્યે કહ્યું કે **મહાદેવ** તો બીજાજ છે જેની હુ સ્તુતિ કરીશ, તે તમે સાવધાન પણે સાંભળો. એમ કહી **કલ્યાણમંદિર** સ્તોત્ર કરવા માંડયુ. અગ્યારમો શ્લોક બોલતાં પૃથ્વીકપ થયો, ધુમાડો નીકળ્યો અને શિવલિગ ફાટીને ધરણેંદ્ર સહિત પાર્શ્વનાથ મહારાજની તેજસ્વી પ્રતિમા પ્રગટ થઇ આચાર્યે સ્તોત્ર સંપૂર્ણ કરીને પછી કહ્યુ કે અહી **ભદ્રા** શેઠાણીનો પુત્ર **અવંતિસુકુમાળ** અનશન કરી, કાયોત્સર્ગમા રહી, ચ્યવીને નલિનીગુલ્મવિમાનને વિષે ગયેલ છે, તે સ્થાને પિતાની યાદગીરીમા તેના પુત્રે **મહાકાલ** નામનુ નવિન ચૈત્ય બધાવી પાર્શ્વ પ્રભુની પ્રતિષ્ઠા કરી હતી. કેટલેક કાળે મિથ્યાદ્રષ્ટિઓએ તેના ઉપર મહાદેવનુ લિગ પધરાવી પ્રતિમાને ઢાકી દીધી, તે મારી સ્તુતિવડે હમણા પાર્શ્વપ્રભુ પ્રકટ થયા છે. તે સાંભળી રાજાએ હર્ષ પામી તે મંદિરના ખર્ચ માટે સો ગામ આપ્યા અને પોતે સમ્યક્ત્વ અગીકાર કર્યું. તે પછી સિદ્ધસેનસૂરિએ વિક્રમના અનુયાયી બીજા અઢાર રાજાઓને પ્રતિબોધ્યા. તેના ગુણથી રજન થઇ વિક્રમ રાજાએ સુખાસન આપ્યુ, જેમાં બેસીને હમેશા રાજસભામાં જવા લાગ્યા સિદ્ધસેન ૧૮ રાજાને પ્રતિબોધવાને ગયેલા તે આરભમા મગ્ન થયેલ છે એમ જાણીને વૃદ્ધવાદી ગુરૂ તેને પ્રતિબોધવા શ્રી ઉજ્જયિની આવ્યા. ત્યાં ભોઇ (સુખાસન ઉપાડનાર) નું રૂપ ધારણ કરીને દ્વારમા ઉભા રહ્યા જયારે સિદ્ધસેનસૂરિ સુખાસનમાં બેસી રાજદ્વારે જતા હતા ત્યારે વૃદ્ધવાદીએ એક ભોઇને ઠેકાણે રહી

तोर्थेश्वरस्य [1]कमठस्मय[2]धूमकेतो-

તીર્થંકરનું કમઠના અહંકારને[2]ધૂમકેતુ સમાન

स्तस्याहमेष किल संस्तवनं करिष्ये ॥२॥ युग्मम्॥

તેનું હું પ્રત્યક્ષ નિશ્ચે સ્તવન કરીશ.

અર્થ:—કલ્યાણનું ઘર, ઉદાર (મહોટું અથવા ભવ્યજનોને વાંચ્છિત આપે તેથી દાતાર), પાપને ભેદન કરનાર, ભય પામેલાને અભય (નિર્ભયતા અથવા મોક્ષ) આપનાર, પ્રશસ્ય (જરા પણ દોષરહિત) અને સંસારરૂપ સમુદ્રને વિષે બૂડતા સમગ્ર પ્રાણીઓને વહાણ તુલ્ય એવા જિનેશ્વરના ચરણ

પાલખી ઉપાડી લીધી, વૃદ્ધ હોવાથી ધીમે ધીમે ચાલવા લાગ્યા ત્યારે સિદ્ધસેન સૂરિએ કહ્યું કે-**भूरिभारभराक्रान्त स्कध किं तव बाधति ?** અહિ આત્મને પદને સ્થાને **બાધતિ** પરસ્મૈપદનો પ્રયોગ વાપર્યો તેથી વૃદ્ધવાદી બોલ્યા કે **न तथा बाधते स्कधो यथा बाधति बाधते ।** એ સાંભળી પોતાની ભૂલ જાણી ચમત્કાર પામ્યા અને ભૂલ કાઢનારને પોતાના ગુરૂ જાણી પાલખીમાંથી ઉતરી નમસ્કાર કર્યો. ગુરૂએ પ્રતિબોધી સંઘમાં લીધા. તે મહાન્ કવિ થયા છે તેના જેવા બીજા કોઈ કવિ ત્યાર પછી થયા નથી.

૧ કમઠના ભવથી દશ ભવનુ બંધાયેલુ છે વૈર જેને એવો અસુરકુમાર નિકાયનો મેઘમાલી દેવ.

૨ પૂંછડાવાળો અગર ચોટલીવાળો ગ્રહ ઉદય પામે છે, તેથી ઉપદ્રવ અગર નાશ થાય છે, તેમ આ પાર્શ્વનાથ પ્રભુ પણ કમઠના ગર્વનો નાશ કરનારા છે.

કમળને નમસ્કાર કરીને, કમઠના અહંકારને ધૂમકેતુ સમાન એવા જે તીર્થંકર (પાર્શ્વપ્રભુ) ના મહિમારૂપી મહાસાગરનું સંસ્તવન કરવાને વિસ્તાર પામેલી છે બુદ્ધિ જેની એવો બૃહસ્પતિ પોતે સમર્થ નથી તે તીર્થંકરનું સ્તવન, પ્રત્યક્ષ (મૂર્ખ) એવો હું નિશ્ચે કરીશ. ૧-૨

સ્તુતિ કરવાની અશકયતાનું વર્ણન.

सामान्यतोऽपि तव वर्णयितुं स्वरूप,–

સામાન્યપણે પણ તમારૂં વર્ણન કરવાને સ્વરૂપ

मस्मादृशाः कथमधीश ! भवन्त्यधीशाः ॥

મારા સરખા, કેવીરીતે હેસ્વામી ! થાય? સમર્થ

धृष्टोऽपि कौशिकशिशुर्यदिवा दिवान्धो,

ધૃષ્ટ પણ ઘૂડનો બાળક અથવા દિવસે આંધળો

रूपं प्ररूपयति किं किल घर्म रश्मेः ? ॥३॥

સ્વરૂપને કહી શકે છે? શું નિશ્ચે સૂર્યના

અર્થ:—હે સ્વામી ! મારા સરખા મંદ બુદ્ધિવાળા પુરૂષો, સામાન્યપણે પણ તમારૂં સ્વરૂપ વર્ણવવાને કેવી રીતે સમર્થ થાય ? અથવા ધૃષ્ટ (ધીઠો–દ્રઢ પ્રયત્નવડે પ્રગલ્ભ) પણ દિવસે આંધળો એવો ઘૂડનો બાળક નિશ્ચે સૂર્યના સ્વરૂપને શું કહી શકે છે ? અર્થાત્ ગમે તેવો વાચાળ અને બુદ્ધિશાળી ઘૂડ હમેશા દિવસે અંધ હોવાથી સૂર્યનું સ્વરૂપ વર્ણવી શકે નહિ તેમ હું મંદબુદ્ધિ હોવાથી તમારૂં સ્વરૂપ વર્ણવી શકું તેમ નથી. અહીં કવિ પોતાની લઘુતા સૂચવે છે. ૩

मोहक्षयादनुभवन्नपि नाथ ! मर्त्यो,

મોહનીયકર્મના નાશથી અનુભવકરતો[1] પણ હે નાથ ! મનુષ્ય

नूनं गुणान् गणयितुं न तव क्षमेत ॥

નિશ્ચે ગુણોને ગણવાને ન તમારા સમર્થ થાય

कल्पान्तवान्तपयसः प्रकटोऽपि यस्मान्,

કલ્પાંતકાળને વિષે ફેંકી દીધું છે પાણી જેણે એવા, પ્રત્યક્ષ પણ જે કારણ માટે

मोयेत केन जलधेर्ननु रत्नराशिः ? ॥ ४ ॥

મપાય છે. કોઇવડે સમુદ્રનો નિશ્ચે રત્નનો સમૂહ

અર્થઃ—હે નાથ ! મોહનીયાદિ કર્મનો ક્ષય થવાથી (અથવા અજ્ઞાનના ક્ષયથી) ગુણોને અનુભવતો (ભોગવતો) એવો મનુષ્ય પણ તમારા ગુણોને ગણવાને નિશ્ચે સમર્થ થતો નથી જે કારણ માટે કલ્પાંત કાળને વિષે ફેંકી દીધું છે પાણી જેણે એવા સમુદ્રનો પ્રત્યક્ષ પણ રત્નનો સમૂહ નિશ્ચે શું કોઇવડે માપી શકાય છે ? અર્થાત્ પાણી ઉછળી જવાથી પ્રકટ દેખાતો રત્ન સમૂહ જેમ માપી શકાતો નથી તેમ મોહનીયાદિ કર્મના ક્ષયથી પ્રગટપણે તે ગુણોને જાણતા એવા કેવળી પણ તેની ગણતરી કરી શકતા નથી. ૪

---

૧ ગુણોને અનુભવતા-કેવળી, અહીં એ સમજવાનું છે કે કેવળી પોતે તે તમારા ગુણોને અનુભવે છે, જાણે છે છતાં આયુષ્ય અલ્પ અને ગુણો ઘણા તેથી ગણતરી કરી શકે નહિ (કહી શકે નહીં)

સ્તોત્ર કરવાનો હેતુ.

अभ्युद्यतोऽस्मि तव नाथ! जडाशयोऽपि,

સાવધાન થયેલ હું છું. તમારૂં હે નાથ! જડ બુદ્ધિવાળો પણ

कर्त्तुं स्तवं लसदसंख्यगुणाकरस्य ॥

કરવાને સ્તવ દેદિપ્યમાન અસંખ્ય ગુણના સ્થાન એવા

बालोऽपि किं न निजबाहुयुगं वितत्य,

બાળક પણ શું નથી પોતાના બે હાથને પહોળા કરીને

विस्तीर्णतां कथयति स्वधियाऽम्बुराशेः? ॥ ५ ॥

વિસ્તારને કહેતો? પોતાની બુદ્ધિએ સમુદ્રના

અર્થ—હે નાથ! હું જડબુદ્ધિવાળો (મૂર્ખ) છું તો પણ દેદિપ્યમાન અસંખ્ય ગુણના સ્થાન એવા તમારૂં સ્તવન કરવાને હું સાવધાન (ઉદ્યમવંત) થયેલ છું. બાળક પણ પોતાના બે હાથને પહોળા કરીને પોતાની બુદ્ધિવડે સમુદ્રના વિસ્તારને શુ નથી કહેતો? અર્થાત્ બાળક જેમ પોતાના હાથ પહોળા કરી સમુદ્રનો વિસ્તાર બતાવે છે તેમ હું પણ મારી શક્તિ અનુસારે આવડે એવી સ્તુતિ કરવાને ઉદ્યુક્ત થયો છું. ૫

ये योगिनामपि न यान्ति गुणास्तवेश!,

જે [૧]યોગિઓને પણ નથી પ્રાપ્ત થતા. ગુણો તમારા હે પ્રભુ!

वक्तुं कथं भवति तेषु ममावकाशः? ॥

કહેવાને કેમ હોય? તેને વિષે મારી શક્તિ

---

૧ દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ રત્નત્રયના આરાધનવડે ઉત્પન્ન થયુ છે જ્ઞાન જેને એવા મહર્ષિઓ.

जाता तदेवमसमीक्षितकारितेयं,

થયું. તે માટે એ પ્રકારે અવિચારી કાર્ય

जल्पन्ति वा निजगिरा ननु पक्षिणोऽपि ॥ ६ ॥

બોલે છે. અથવા પોતાની ભાષાવડે નિશ્ચે પક્ષીઓ પણ

અર્થઃ—હે પ્રભુ ! તમારા જે ગુણો યોગીઓને પણ કહેવાને પ્રાપ્ત થતા નથી (વચન ગોચર થતા નથી), તેને વિષે (તે ગુણો કહેવાને) મારી શક્તિ કેમ હોય ? તે માટે એ પ્રકારે આ (સ્તુતિ કરવાનો આરંભ) અવિચારી કાર્ય થયું. અથવા પક્ષીઓ પણ નિશ્ચે પોતાની ભાષાવડે બોલે છે. અર્થાત્ મનુષ્ય ભાષા ન આવડવાથી પક્ષીઓ જેમ પોતાની ભાષામાં બોલે છે તેમ હું પણ સુંદર અર્થગર્ભિત સ્તુતિ કરવાને અસમર્થ છતો શક્તિઅનુસાર સ્તુતિ કરૂં છું. ૬

ભગવન્નામગ્રહણ માહાત્મ્ય.

आस्तामचिन्त्यमहिमा जिन ! संस्तवस्ते,

દૂર રહો. અચિંત્ય મહિમાવાળું, હે જિનેશ્વર ! સ્તવ તમારૂં

नामापि पाति भवतो भवतो जगन्ति ॥

નામ પણ રક્ષણ કરે છે તમારૂં ભવથકી ત્રણ જગતને

तीव्रातपोपहतपान्थजनान्निदाघे,

પ્રચંડ તાપવડે પીડાતા પંથી જનોને ગ્રીષ્મકાળમાં

प्रीणाति पद्मसरसः सरसोऽनिलोऽपि ॥७॥

ખુશી કરે છે. કમળવાળા સરોવરનો, જળકણ સહિત પવન પણ

અર્થ—હે જિનેશ્વર ! અચિંત્ય મહિમાવાળું તમારૂં સ્તવન દૂર રહો. તમારૂં નામ પણ (ગ્રહણ કર્યું છતું) ત્રણ જગતનુ ભવ (સંસાર ભ્રમણ) થકી રક્ષણ કરે છે. ગ્રીષ્મઋતુમાં પ્રચંડ (અસહ્ય) તાપવડે પીડાયેલા (આકુળ વ્યાકુળ થયેલા) પંથીજનો (મુસાફરો) ને કમળવાળા સરોવરનો સૂક્ષ્મ જળકણ સહિત (ઠંડો) પવન પણ ખુશી કરે છે. અર્થાત્ ઠંડો પવન મુસાફરોને ખુશી કરે તો પછી પાણીની શી વાત ? તેમ તમારૂં નામ માત્ર ભવભ્રમણ મટાડે તો પછી સ્તવનનો મહિમા તો શું વર્ણવવો ? મતલબ કે તમારૂં સ્તોત્ર ઘણા માહાત્મ્ય વાળું છે. ૭

ધ્યાન માહાત્મ્ય.

हृद्वर्त्तिनि त्वयि विभो ! शिथिलीभवंति,

હૃદયમાંવર્તતેછતે તમે હે સ્વામી ! શિથિલ થઈ જાય છે.

जन्तोः क्षणेन निबिडा अपि कर्मबन्धाः ॥

પ્રાણીના ક્ષણમાં દૃઢ પણ કર્મના બંધનો

सद्यो भुजङ्गममया इव मध्यभाग-

તુરત સર્પમયબંધન પેઠે મધ્યભાગે

मभ्यागते वनशिखण्डिनि चंदनस्य ॥ ८ ॥

આવ્યેછતે વનનો [illegible] ચંદન વૃક્ષનાં

અર્થ—હે સ્વામી ! તમે હૃદયને વિષે વર્તતે છતે પ્રાણીના દૃઢ પણ કર્મબંધનો, જેમ વનનો મોર વનના મધ્ય ભાગે આવ્યે છતે ચંદન વૃક્ષના સર્પમય બંધનો તત્કાળ શિથિલ

(ઢીલા) થઇ જાય છે તેમ, ક્ષણવારમાં શિથિલ થાય છે. અર્થાત્ મોરના આવવાથી સુગંધને લીધે ચંદન (સુખડ) વૃક્ષને વીંટાઇ રહેલા સર્પો જેમ ખસી જાય છે તેમ તમો ભવ્ય પ્રાણિના હૃદયમાં વસવાથી (તમારૂં ધ્યાન કર્યે છતે) આકરા કર્મ હોય તે ઢીલા થઇ જાય છે. ૮

દર્શન માહાત્મ્ય.

मुच्यन्त एव मनुजाः सहसा जिनेन्द्र !

મૂકાય છે. નિશ્ચે મનુષ્યો તત્કાળ હે જિનેંદ્ર !

रौद्रैरुपद्रवशतैस्त्वयि वीक्षितेऽपि ॥

ભયંકર ઉપદ્રવના સેંકડોવડે તમો જોવાયે છતે પણ

[1]गोस्वामिनि [2]स्फुरिततेजसि दृष्टमात्रे,

કિરણોનોસ્વામી સ્ફુરાયમાન તેજવાળો જોવાયેથકે

चौरैरिवाशु पशवः प्रपलायमानैः ॥ ९ ॥

ચોરોવડે પેઠ શીઘ્ર પશુઓ પલાયન કરતા

---

૧ કિરણોનો સ્વામી એટલે **સૂર્ય**, પૃથ્વીનો સ્વામી એટલે **રાજા** અને ગાયોનો સ્વામી એટલે **ગોવાળ** એવા ત્રણ અર્થ થાય છે માટે ત્રણ પ્રકારે અર્થ લેવો

૨ સૂર્ય પક્ષે પ્રભાતકાળે જગતને પ્રકાશ કરવાથી વિસ્તૃત તેજવાળો, રાજાપક્ષે અખંડિત પ્રતાપવાળો અને ગોવાળપક્ષે સ્ફુરિત બળવાળો એમ અર્થ લેવા.

અર્થ—હે જિનેંદ્ર ! તમો જોવાયે છતે (તમારા દર્શન થયાથી) મનુષ્યો ભયંકર ઉપદ્રવના સેંકડો (સેંકડો ઉપદ્રવો) વડે, જેમ સ્ફુરાયમાન તેજ (પ્રતાપ–બળ) વાળો સૂર્ય (અથવા રાજા અગર ગોવાળ) જોવાયે થકે પલાયન કરતા (નાશી જતા) ચોરો વડે પશુઓ શીઘ્ર મૂકાઇ જાય છે, તેમ શીઘ્રપણે મૂકાઇ જાય છે. અર્થાત્ તમારા દર્શનથી સેકડો ઉપદ્રવો તત્કાળ નાશ પામે છે. ૯

ધ્યાન માહાત્મ્ય.

त्वं तारको जिन ! कथं ? भविनां त एव,

તમે તારનાર હે જિનેંદ્ર ! કેમ[1] ? પ્રાણિઓના તેઓજ

त्वामुद्वहन्ति हृदयेन यदुत्तरन्तः ॥

તમોને વહન કરે છે. હૃદયવડે, જે કારણ માટે સંસાર સમુદ્રને ઉતરતા

यद्वा दृतिस्तरति यज्जलमेष नून-

મુક્ત છે. મસક તરે છે જે કારણ માટે, પાણીને, આ, નિશ્ચે

मन्तर्गतस्य मरुतः स किलानुभावः ॥१०॥

અંદર રહેલ પવનનો તે નિશ્ચે પ્રભાવ છે

---

૧ સંસારસમુદ્રને ઉતરતા છતા પ્રાણિઓ તમોને હૃદયમા ધારણ કરે છે તેથી તમે તારનાર કેવી રીતે હોઇ શકો ? કેમકે વાહ્ય (વહનથનાર) વાહક (વહન કરનાર) મા વાહક હોય તે તારક છે એટલે નાવમા બેઠેલા માણસને નાવ તારનાર છે પણ કાંઇ નાવમા બેઠલ પુરૂપ નાવનો તારક નથી આ પ્રમાણે શંકા કરીને સ્તોત્રકાર પોતેજ સામધાન કરે છે કે પાણીની મસકમાં રહેલ વાયુ જેમ મસકને તારે છે તેમ તમે પ્રાણિઓના હૃદયમા વહન કરાયે છતે (ધ્યાન કરાયે છતે) તેઓને તારો છો.

અર્થઃ—હે જિનેદ્ર ! તમે પ્રાણિઓના તારનારા કેવી રીતે છો ? જે કારણ માટે સંસાર સમુદ્રને ઉતરતા એવા તેઓ (પ્રાણિઓ) જ તમોને હૃદયવડે વહન કરે છે. અથવા તે યુક્ત છે ચામડાની મસક નિશ્ચે પાણીને તરે છે તે આ પ્રત્યક્ષ અંદર રહેલ વાયુનોજ નિશ્ચે પ્રભાવ છે. ૧૦

यस्मिन् हरप्रभृतयोऽपि हतप्रभावाः,

જે કામદેવમાં હરિહર વગેરે પણ હણાયો છે પ્રભાવ જેનો એવા

सोऽपि त्वया रतिपतिः क्षपितः क्षणेन ॥

તે પણ તારાવડે કામદેવ ક્ષયપામ્યો ક્ષણવારમાં

विध्यापिता हुतभुजः पयसाथ[1] येन,

બુઝાવી નાંખ્યા છે અગ્નિઓને પાણીવડે હવે જે

पीतं न किं तदपि दुर्द्धरवाडवेन ? ॥ ११ ॥

પીધું ? નથી શું તે પણ દુઃસહવડવાનળે

અર્થ—જે કામદેવને વિષે હરિહરાદિ દેવો પણ હણાયો છે પ્રભાવ જેનો એવા થયા છે તે કામદેવ પણ તારાવડે ક્ષણવારમાં ક્ષય પામ્યો છે. હવે તેનું દ્રષ્ટાંત કહે છે-જે પાણીવડે અગ્નિઓને બુઝાવી નાંખ્યા છે તે (પાણી) પણ દુસહ વડવાનળે (સમુદ્રનો અગ્નિ) શું નથી પીધું-નથી શોષણ કર્યું ? અર્થાત

---

૧ અથશબ્દ દષ્ટાંત કહેવાને માટે મૂકેલ છે.

બીજા અગ્નિને બુઝાવી નાખનાર પાણીને જેમ વડવાનળ શોષી જાય છે તેમ હરિહરાદિ દેવોને પણ તાબે કરનાર એવા કામદેવને તમે જીત્યો છે. ૧૧

स्वामिन्ननल्पगरिमाणमपि प्रपन्ना–

હે સ્વામી ! ઘણી પ્રૌઢતાવાળા પણ પ્રાપ્ત થયેલા

स्त्वां जन्तवः कथमहो हृदये दधानाः ? ।

તમોને પ્રાણીઓ કેવી રીતે ? આશ્ચર્ય છે હૃદયમાં ધારણ કરનારા

जन्मोदधिं लघु तरन्त्यति–लाघवेन,

ભવસાગરને શીઘ્રપણે તરેછે. અત્યંત હલકાપણાએ કરીને

चिन्त्यो न हन्त महतां [1]यदि वा प्रभावः ॥१२॥

વિચારવાયોગ્ય નથી નિશ્ચે મહાનપુરૂષોનો અથવા પ્રભાવ

અર્થ—હે સ્વામી ! તમોને સ્વામીપણાએ પ્રાપ્ત થયેલા પ્રાણીઓ, ઘણી પ્રૌઢતાવાળા એવા પણ તમોને હૃદયમાં ધારણ કરતા છતા અત્યંત હલકાપણાએ કરીને (બીલકુલ ભાર ન હોય તેમ) ભવસાગરને શીઘ્રપણે હોય તેમ કેવી રીતે તરે છે એ આશ્ચર્ય છે. અથવા નિશ્ચે મહાન્ (ત્રણ જગતને વિષે ઉત્તમ) પુરૂષોનો પ્રભાવ ચિંતવવા યોગ્ય નથી અર્થાત્ તમે અતિગરિષ્ઠ એટલે ઘણા ભારવાળા છતાં બીલકુલ ભાર વિનાના હલકા હોય તેમ તમોને હૃદયમાં ધારણ કરીને ભવસમુદ્રને તમારા આશ્રિતો જલદીથી તરી જાય છે એ આશ્ચર્ય છે કેમકે વધારે ભાર હોય તે તરવાને અસમર્થ થાય, આ પ્રમાણે શંકા કરીને

---

૧ **यदि** સમાધાન અર્થમાં વપરાય છે આ પ્રમાણે દરેક ઠેકાણે સમજવું

તેનું સમાધાન કરે છે કે–મહાન્ પુરૂષોનો પ્રભાવ છે તે મન-વડે પણ ચિંતવવા યોગ્ય નથી કેમકે તે ઘણા ભારવાળાને પણ પોતાના પ્રભાવથી સર્વથા ભાર રહિત હોય તેમ તારે છે ૧૨

क्रोधस्त्वया यदि विभो ! प्रथमं निरस्तो,

ક્રોધ તમારાવડે જો હે પ્રભુ ! પ્રથમજ નાશ કરેલો છે

ध्वस्तास्तदा बत कथं किल कर्मचौराः ?॥

હણાયા ? ત્યારે આશ્ચર્ય છે કેમ નિશ્ચે કર્મરૂપી ચોરો

प्लोषत्यमुत्र यदि वा शिशिराऽपि लोके,

બાળે છે. આ અથવા શીતળ પણ લોકને વિષે

नीलद्रुमाणि विपिनानि न किं [1]हिमानी॥ १३ ॥

લીલાં વૃક્ષોવાળા વનખંડોને ન શું હિમસમૂહ

અર્થ—હે પ્રભુ ! તમારા વડે જો ક્રોધ પ્રથમજ નાશ થયેલો છે તો આશ્ચર્ય છે કે કર્મરૂપી ચોરો નિશ્ચે કેવી રીતે હણાયા? અથવા આ લોકને વિષે શીતળ પણ હિમસમૂહ, નીલા વૃક્ષવાળા વનખંડોને શુ નથી બાળતો ? અર્થાત્ ક્રોધ વિના કર્મરૂપ ચોરને તમે હણ્યા તે મોટું આશ્ચર્ય છે એમ શંકા કરીને સમાધાન કરે છે કે–ઠંડો હિમ જેમ વૃક્ષોને બાળે છે તેમ તમે ક્રોધ વિના પણ કર્મરૂપ ચોરને બાળો છો તે યુક્ત છે. ૧૩

---

१ महद्‌हिम हिमानी.

त्वां योगिनो जिन ! सदा परमात्मरूप-
તમોને યોગીઓ હે જિન ! નિરંતર સિદ્ધસ્વરૂપી

मन्वेषयन्ति हृदयाम्बुजकोशदेशे ॥
જોવે છે. હૃદયરૂપ કમળના ડોડાના મધ્યભાગે

पूतस्य निर्मलरुचेर्यदि वा किमन्य-
પવિત્ર નિર્મળ કાંતિવાળા અથવા શું બીજું

दक्षस्य [1]सम्भवि पदं ननु कर्णिकायाः ॥ १४ ॥
કમળબીજનું સંભવે ? સ્થાન નિશ્ચે કર્ણિકાથકી

અર્થ—હે જિન ! મહર્ષિઓ હૃદય રૂપ કમળના ડોડાના મધ્ય ભાગને વિષે સિદ્ધસ્વરૂપી એવા તમોને નિરંતર જ્ઞાન ચક્ષુ વડે જોવે છે. અથવા નિશ્ચે પવિત્ર અને નિર્મળ કાંતિવાળા કમળના બીજનું કર્ણિકા થકી બીજું સ્થાન શું સંભવે ? અ-ર્થાત્ કમળના બીજનું સ્થાન જેમ કર્ણિકા છે તેમ તમે પણ કર્મ મલનો નાશ થવાથી પવિત્ર એટલે ચિદાનંદ સ્વરૂપે પ્રકટ થયેલા હોવાથી નિર્મળ કાંતિવાળા છો માટે યોગીંદ્રના હૃદય કમળના મધ્ય ભાગરૂપ કર્ણિકા એજ તમારૂં યોગ્ય સ્થાન છે. ૧૪

ध्यानाज्जिनेश ! भवतो भविनः क्षणेन,
ધ્યાનવડે હે જિનેશ્વર ! તમારા પ્રાણીઓ ક્ષણવારમાં

---

१ संभवतीति सम्भवि

देहं विहाय [1]परमात्मदशां व्रजन्ति ॥

શરીરને ત્યાગકરીને પરમાત્મદશાને પામે છે.

तीव्रानलादुपलभावमपास्य लोके,

પ્રબલઅગ્નિવડે પાષાણભાવને ત્યાગ કરીને લોકને વિષે

चामीकरत्वमचिरादिव धातुभेदाः ॥ १५ ॥

સુવર્ણપણાને તત્કાળ પેઠે માટી પાષાણ વગેરે

અર્થઃ—હે જિનેશ્વર ! લોકને વિષે ધાતુભેદ (માટી પાષાણમાં મળેલ ધાતુ) પ્રબળ અગ્નિવડે પાષાણપણાનો ત્યાગ કરીને તત્કાળ સુવર્ણપણાને જેમ પામે છે તેની પેઠે તમારા ધ્યાન થકી ભવ્ય પ્રાણીઓ ક્ષણવારમા શરીરનો ત્યાગ કરીને પરમાત્મ દશાને પામે છે. અર્થાત્ તમારૂં ધ્યાન કરવાથી પ્રાણિઓ તમારા જેવા બને છે. ૧૫

अन्तः सदैव जिन ! यस्य विभाव्यसे त्वं,

હૃદયમાં નિરંતર હે જિન ! જેનાં વિશેષે ચિંતવન થાઓ છો, તમે

भव्यैः कथं तदपि नाशयसे शरीरम् ? ॥

ભવ્યોવડે કેમ તોપણ નાશ કરો છો ? શરીરને

---

૧ ભ્રમરીથકી બીક પામેલી ઇયળ ભ્રમરીનુ ધ્યાન કરતી છતી ભ્રમરીરૂપ જેમ થાય છે તેમ વીતરાગનુ ધ્યાન કરનાર જીવ વીતરાગ સ્વરૂપ થાય છે. અર્થાત્ જે જેનુ ધ્યાન કરે તે તેવો થાય છે.

एतत्स्वरूपमथ [1]मध्यविवर्त्तिनो हि,

એવું સ્વરૂપ છે, હવે મધ્યસ્થ પુરૂષનું નિશ્ચે

[2]यद्विग्रहं प्रशमयन्ति महानुभावाः ॥१६॥

જે કારણ માટે, કલેશને, ઉપશમાવે છે. મ્હોટા પ્રભાવવાળા

અર્થ—હે જિન ! જે (શરીર) નાં હૃદયને વિષે ભવ્ય પ્રાણિઓવડે તમે નિરંતર વિશેષે ચિંતવન થાઓ છો તો પણ તે (ભવ્યોનાં) શરીરને તમે કેમ નાશ કરો છો ? હવે દ્રષ્ટાંત કહે છે કે—મધ્યસ્થ પુરૂષનું નિશ્ચે એવુજ સ્વરૂપ છે. જે કારણ માટે મ્હોટા પ્રભાવવાળા પુરૂષો કલેશને ઉપશમાવે છે. અર્થાત્ તમે મધ્યસ્થ હોવાથી શરીર અને જીવનો પરસ્પરનો અનાદિ કાળનો વિગ્રહ હતો તે મટાડવા શરીરને નાશ કરો છો. અને જીવને મોક્ષ પમાડો છો. ૧૬

आत्मा मनीषिभिरयं [3]त्वदभेदबुद्ध्या,

આત્મા પંડિતોવડે આ તમારે વિષે અભેદ બુદ્ધિવડે

ध्यातो जिनेन्द्र ! भवतीह भवत्प्रभावः ॥

ધ્યાન કરાયો છતો, હે જિનેંદ્ર ! થાય છે અહીં, તમારા સરખા પ્રભાવવાળો

---

૧ શરીરના મધ્યભાગે રહેનારનુ અથવા વિવાદમા બને પક્ષ જેને સમાન હોય એવા પક્ષપાત રહિત મધ્યસ્થ પુરૂષનુ

૨ विग्रह કે૦ શરીર અથવા કલેશ

૩ હુ અને પરમાત્મા એકજ સ્વરૂપ છીએ. એવા પ્રકારની એકાગ્રતા તે અભેદબુદ્ધિ.

पानीयमप्यमृतमित्यनुचिन्त्यमानं,

પાણી, પણ, અમૃત, એ પ્રકારે, ચિંતવન કરાયું છતુ

किं नाम नो विषविकारमपाकरोति ॥ १७ ॥

શું આમંત્રણે નહિ વિષવિકારને દૂર કરે છે.

અર્થઃ—હે જિનેંદ્ર ! પંડિતોવડે તમારે વિષે અભેદ બુદ્ધિએ કરીને ધ્યાન કરાયો છતો આ આત્મા આ જગતને વિષે તમારા સરખા પ્રભાવવાળો થાય છે. પાણી પણ અમૃતપણે-એ પ્રકારે ચિંતવન કરાયું છતું (અથવા મણિમંત્રાદિવડે સંસ્કારિત કર્યું છતું) ઝેરના વિકારને શુ નથી દૂર કરતું ? અર્થાત્ અમૃત બુદ્ધિએ ચિંતવેલું અથવા મંત્રિત કરેલું પાણી જેમ ઝેર ઉતારે છે તેમ તમારી સાથે અભેદ ભાવે ધ્યાન કરવાથી કર્મમળરૂપ ઝેર ઉતારીને આ આત્મા પરમાત્મા થાય છે ૧૭

त्वामेव वीततमसं परवादिनोऽपि,

તમોનેજ તમોગુણ રહિત પરતીર્થીઓ પણ

नूनं विभो ! हरिहरादिधिया प्रपन्नाः ॥

નિશ્ચે હે પ્રભુ ! હરિહરાદિની બુદ્ધિએ આશ્રય કરી રહેલા છે.

किं काचकामलिभिरीश ! सितोऽपि शंखो,

શું કાચકામલિવાળાજનોવડે, પ્રભુ ! શ્વેત પણ શંખ

नो गृह्यते विविधवर्णविपर्ययेण ॥ १८ ॥

નથી ગ્રહણ કરાતો ? વિવિધ રંગના પરાવર્તે કરીને

અર્થ—હે પ્રભુ ! પરતીર્થીઓ (અન્ય દર્શનીઓ) પણ હરિહરાદિ દેવોની બુદ્ધિવડે કરીને રાગદ્વેષરૂપ તમોગુણ રહિત એવા તમોનેજ નિશ્ચે આશ્રય કરીને રહેલા છે. કાચકામલી (કમળો) ના રોગવાળા જનોવડે શ્વેત એવો પણ શંખ વિવિધ રંગના પરાવર્તે કરીને શું નથી ગ્રહણ કરાતો ? અર્થાત્ પીત્ત કમળીના રોગવાળો મનુષ્ય ધોળા શંખને પીળો શંખ લીલો શંખ એ પ્રકારે જુદા જુદા રંગે દેખે છે તેમ અન્ય દર્શનીઓ પણ તમારૂં આ હરિ છે, હર છે, બ્રહ્મા છે, એવી બુદ્ધિથી આરાધન કરે છે. ૧૮

અશોકવૃક્ષપ્રાતિહાર્ય.

धर्मोपदेशसमये सविधानुभावा-
ધર્મના ઉપદેશ વખતે સમીપપણાના પ્રભાવથકી
दास्तां जनो भवति ते तरुरप्यशोकः ॥
દૂરરહો, મનુષ્ય થાય છે. તમારા વૃક્ષપણ શોકરહિત
अभ्युद्गते दिनपतौ समहीरुहोऽपि,
ઉદય પામે છતે સૂર્ય વૃક્ષોવડે સહિતપણ
किं वा विबोधमुपयाति न जीवलोकः? ॥ १९ ॥
શું અથવા વિકાશપણાને પામે છે ? નહિ આખું જગત્

અર્થ—હે સ્વામીન્ ! ધર્મના ઉપદેશ વખતે તમારા સમીપપણાના પ્રભાવ થકી ચેતનવાળા મનુષ્ય તો દૂર રહો, પરંતુ અવ્યક્ત ચેતનાવાળા વૃક્ષ પણ શોક રહિત (અશોક) થાય છે. અથવા સૂર્ય ઉદય પામે છતે વૃક્ષોવડે સહિત પણ

આખું જગત શું વિકાશપણાને નથી પામતું ? અર્થાત્ સૂર્યોદય થયે છતે કેવળ લોકજ નિદ્રાને ત્યાગ કરીને જાગૃત થાય છે એટલુંજ નહિ પરંતુ વૃક્ષો પણ પત્રસંકોચાદિ લક્ષણ નિદ્રા છોડીને વિકસ્વર થાય છે, તેમ તમારા પ્રભાવથી મનુષ્યો શોક રહિત થાય છે એટલુંજ નહિ પણ વૃક્ષ પણ શોક રહિત થાય છે—નામથી અશોક થાય છે. તે યુક્ત છે. ૧૯

સુરપુષ્પવૃષ્ટિ પ્રાતિહાર્ય.

चित्रं विभो ! कथमवाङ्मुखवृन्तमेव,

આશ્ચર્ય છે. હે પ્રભુ ! કેમ નીચું મુખ છે જેનું એવા બીંટ હોય તેમજ

विष्वक् पतत्यविरला सुरपुष्पवृष्टिः ? ॥

ચારે તરફ, પડે છે, સઘન, દેવોએ કરેલ ફુલની વૃષ્ટિ

त्वद्गोचरे [1]सुमनसां यदि वा [2]मुनीश !,

તમો પ્રત્યક્ષ છતે, સુંદર ચિત્તવાળાનાં, અથવા હે મુનીશ!

गच्छन्ति नूनमधएव हि बन्धनानि ॥२० ॥

જાય છે. નિશ્ચે નીચેજ જે કારણ માટે બંધનો

---

૧ પુષ્પ, દેવતા અને સુદર ચિત્તવાળા એવા ત્રણ અર્થ થાય છે.

૨ તત્ત્વને જાણે તે મુનિ તેના સ્વામી તે મુનીશ.

અર્થઃ—હે પ્રભુ ! સઘન એવી દેવોએ કરેલ પુષ્પની વૃષ્ટિ ચારે તરફ નીચું છે મુખ જેનું એવા બીંટ હોય તેમજ કેમ પડે છે એ આશ્ચર્ય છે ! અથવા હે મુનીશ ! તમો પ્રત્યક્ષ છતે સુંદર ચિત્તવાળા (ભવ્ય જનો)નાં બધનો (કર્મના અભ્યંતર બંધન અને બેડી વગેરે બાહ્ય બંધન) જે કારણ માટે નીચેજ જાય છે (નાશ પામે છે.) અર્થાત્ પુષ્પના બીંટ નીચે જાય છે તે એમ સૂચવે છે કે ભગવંતના સમીપપણાથી જેમ અમારા બીંટ (બધન) નીચે રહે છે તેમ ભવ્ય પ્રાણિ અગર દેવતાના બંધનો પણ નીચે જશે એટલે તુટીને નીચે પડશે.૨૦

દિવ્યધ્વની પ્રાતિહાર્ય.

स्थाने गभ्भीरहृदयोदधिसंम्भवायाः,

યુક્ત છે. ગંભીર હૃદયરૂપ સમુદ્રથકી ઉત્પન્ન થયેલી

पीयूषतां तव गिरः समुदीरयन्ति ॥

અમૃતપણાને તમારી વાણીના કહે છે.

पीत्वा यतः परमसंमदसङ्गभाजो,

પાન કરીને જે કારણ માટે ઉત્કૃષ્ટ હર્ષના સંયોગને ભજનારા

भव्या व्रजन्ति तरसाऽप्यजरामरत्वं ॥ २१ ॥

ભવ્યો પામે છે. શીઘ્રપણે અજરામરપણાને

---

૧ અમૃતની ઉત્પત્તિ સમુદ્રથકી ગણાય છે માટે વાણીની ઉત્પત્તિ હૃદય સમુદ્ર થકી કહી છે.

અર્થઃ—હે સ્વામિન્! ગંભીર હૃદય રૂપ સમુદ્ર થકી ઉત્પન્ન થયેલી એવી તમારી વાણીના અમૃતપણાને શ્રોતાઓ કહે છે તે યુક્ત છે, જે કારણ માટે ઉત્કૃષ્ટ હર્ષના સંયોગને ભજનારા ભવ્યજનો તમારી વાણીનું પાન કરીને (અત્યંત આદરવડે સાંભળીને) શીઘ્ર પણ અજરામરપણાને પામે છે. અર્થાત્ જે કોઈ અમૃતને પીવે છે તે અજરામર થાય છે તેમ તમારી વાણીનું પાન કરનારા ભવ્યો ચિદાનંદ સ્વરૂપ થઈ અજરામર (મોક્ષ) સ્થાનને પામે છે માટે તમારી વાણીને અમૃત તુલ્ય કહે છે તે યુક્ત છે. ૨૧

ચામર પ્રાતિહાર્ય.

स्वामिन्! सुदूरमवनम्य समुत्पतन्तो,

હે સ્વામી અત્યંત નીચા નમીને, રૂડે પ્રકારે ઉંચ ઉછળતા છતા

मन्ये वदन्ति शुचयः सुरचामरौघाः ॥

માનુંછું. કહે છે, પવિત્ર દેવોએ વિંજેલા ચામરોના સમૂહો

येऽस्मै नतिं विदधते मुनिपुङ्गवाय,

જેઓ આ નમસ્કાર કરે છે. મુનિઓને વિષે શ્રેષ્ઠને

ते नूनमूर्ध्वगतयः खलु[1] शुद्धभावाः ॥ २२ ॥

તેઓ નિશ્ચે ઉંચી ગતિવાળા નિશ્ચે શુદ્ધભાવવાળા

અર્થઃ—હે સ્વામિન્! હું એમ માનું છું કે-પવિત્ર એવા દેવોએ વિંજેલા ચામરોના સમૂહો, અત્યંત નીચા નમીને પછી

---

१ वाक्यालङ्कारे

રૂડે પ્રકારે ઉંચે ઉછળતા છતા આ પ્રકારે કહે છે—" જે મનુષ્યો આ પ્રત્યક્ષ મુનિઓને વિષે શ્રેષ્ઠ (પાર્શ્વનાથ પ્રભુ) ને નમસ્કાર કરે છે તે શુદ્ધ ભાવવાળા મનુષ્યો નિશ્ચે ઉંચી ગતિવાળા થાય છે. " અર્થાત્ ચામરો એમ સૂચવે છે કે જેમ અમે નીચા નમવાથી ઉંચે ચડીએ છીએ તેમ જે કોઇ આ જિનેશ્વરને નમશે તે ઉંચી ગતિ (મોક્ષ ગતિ) ને પામશે. ૨૨

સિંહાસન પ્રાતિહાર્ય.

[1]श्यामं गभीरगिरमुज्ज्वलहेमरत्न–

નીલાવર્ણવાળા, ગંભીર વાણીવાળા, નિર્મળ સુવર્ણ મિશ્રીત રત્નના બનાવેલા

सिंहासन[2]स्थमिह भव्यशिखण्डिनस्त्वाम् ॥

સિંહાસનને વિષે બેઠેલા અહીં, ભવ્ય પ્રાણીરૂપ મોર, તમોને

आलोकयन्ति रभसेन नदन्तमुच्चै–

જોવે છે. ઉત્સુકતાવડે ગર્જના કરતો અત્યંત

श्चामीकराद्रिशिरसीव नवाम्बुवाहम् ॥ २३ ॥

મેરૂ પર્વતના મસ્તક ઉપર, પેઠે, નવિન મેઘને

---

૧ શ્યામ અને નીલવર્ણની એકતા હોવાથી અહીં શ્યામ (કાળો) નો અર્થ નીલો લીધેલ છે કેમકે પ્રભુનો વર્ણ નીલો છે.

૨ અહી મેરૂના શિખરને સ્થાને સિંહાસન, મેઘને સ્થાને પ્રભુનુ શ્યામ શરીર ગર્જનાને સ્થાને પ્રભુની ગભીર વાણી અને મોરને સ્થાને ભવ્ય જનો જાણવા.

અર્થઃ—હે પ્રભુ ! અહીં (સમવસરણને વિષે) નીલા વર્ણવાળા, ગંભીર વાણીવાળા અને નિર્મળ (ઉજ્વળ-દેદિપ્યમાન) સુવર્ણ મિશ્રીત રત્નના બનાવેલા સિંહાસનને વિષે બેઠેલા એવા તમોને ભવ્ય પ્રાણીરૂપી મયૂરો, મેરૂ પર્વતના શિખર ઉપર અત્યંત ગર્જના કરતા નવીન મેઘને જેમ ઉત્સુકતા (આતુરતા) વડે જોતા હોય તેની પેઠે જુવે છે. ૨૩

ભામંડળ પ્રાતિહાર્ય.

उद्गच्छता तव शितिद्युतिमण्डलेन,

ઉંચે જતા તમારા નીલકાંતિના મંડળવડે

लुप्तच्छदच्छविरशोकतरुर्बभूव ॥

આચ્છાદન થઈ છે પાંદડાની કાંતિ જેની એવો, અશોકવૃક્ષ, હોતો હવો.

सान्निध्यतोऽ[1]पि यदि वा तव वीतराग !,

સમીપપણા થકી પણ અથવા તમારા હે વીતરાગ !

नीरागतां व्रजति को न सचेतनोऽपि ॥ २४ ॥

વૈરાગ્યને પામે છે. કોણ નહિ ચેતનાસહિત એવોપણ

અર્થ—હે પ્રભુ ! ઉંચે જતા (પ્રસરતા) એવા તમારા નીલકાંતિના મંડળ (ભામંડળ) વડે આચ્છાદન થઇ છે પાંદડાની

---

૧ તમારૂં વચન શ્રવણ અને રૂપદર્શન તો દૂર રહો, પરતુ તમારા સમીપપણા થકીજ અચેતન અશોક વૃક્ષ તો દૂર રહો પરતુ સચેતન એવો પણ કોણ વૈરાગ્ય ન પામે ? અર્થાત્ પામેજ.

કાંતિ જેની એવો અશોક વૃક્ષ હોતો હવો. અથવા હે વીતરાગ! તમારા સમીપપણા થકી ચેતનાસહિત એવો પણ કયો પુરૂષ નિર્મમત્વને ન પામે? અર્થાત્ તમારા સમીપપણાથી સચેતન (પ્રગટ ચેતનાવાળા) વૈરાગ્યને પામે છે તો અચેતન (અપ્રગટ ચેતનાવાળો) અશોકવૃક્ષ નીરાગતા (નિસ્તેજપણું)ને પામે તે યુક્ત જ છે, કેમકે અચેતનને તો ગમે તે ફેરવી શકે પણ સચેતનને તો જ્ઞાનવાન હોય તેજ પ્રતિબોધી શકે. ૨૪

દેવદુંદુભિ પ્રાતિહાર્ય.

भो भोः प्रमादमवधूय भजध्वमेन-
હે હે જનો! આળસને ત્યાગ કરીને ભજો! આ
मागत्य निर्वृतिपुरिं प्रति सार्थवाहम् ॥
આવીને મોક્ષનગરી પ્રત્યે સાર્થવાહને
एतन्निवेदयति देव! जगत्त्रयाय,
આ પ્રકારે નિવેદન કરે છે. હે દેવ! ત્રણ જગતને
मन्ये नदन्नभिनभः सुरदुंदुभिस्ते॥२५॥
માનું છું. શબ્દ કરતો, આકાશને વ્યાપીને, દેવદુંદુભિ તમારો

અર્થ--હે દેવ! હું એમ માનું છું કે-આકાશને વ્યાપીને શબ્દ કરતો એવો તમારો દેવ દુંદુભિ ત્રણ જગતને આ પ્રકારે નિવેદન કરે છે (ઉદ્‌ઘોષણા કરે છે) કે-હે ત્રણ જગતના લોકો! તમે આળસને ત્યાગ કરીને અહિં આવીને મોક્ષનગરી પ્રત્યે સાર્થવાહ તુલ્ય આ પાર્શ્વ પ્રભુને ભજો! અર્થાત્ દેવદુંદુભિ ઉદ્‌ઘોષણા કરીને સૂચવે છે કે હે લોકો! તમે પ્રમાદ દૂર કરીને આ મોક્ષદાયક પ્રભુને ભજો. ૨૫

छत्रत्रय प्रातिहार्य.

उद्योतितेषु भवता भुवनेषु नाथ!,
પ્રકાશિત થયે છતે તમારાવડે ત્રણભુવન હે નાથ!
तारान्वितो विधुरयं विहताधिकारः ॥
તારામંડળસહિત ચંદ્રમા આ વિશેષે હણાયો છે અધિકાર જેનો એવો
मुक्ताकलापकलितो[1] ल्लसितातपत्र-
મોતીના સમૂહવડે સહિત અને ઉલ્લસિત ત્રણ છત્રના
व्याजात्त्रिधा धृततनुर्ध्रुवमभ्युपेतः ॥ २६ ॥
મીશથી ત્રણ પ્રકારે, ધારણ કર્યું છે શરીર જેણે એવો, નિશ્ચે, પાસે આવેલો છે

અર્થ—હે નાથ! તમારા વડે ત્રણ ભુવન પ્રકાશિત થયે છતે તારામંડળ સહિત એવો આ ચંદ્રમા, વિશેષે હણાયો છે અધિકાર (જગતને વિષે પ્રકાશ કરવા રૂપ) જેનો એવો છતો, મોતીના સમૂહ વડે સહિત અને ઉલ્લસિત ત્રણ છત્રના મીશથી ત્રણ પ્રકારે ધારણ કર્યું છે શરીર જેણે એવો તમારી પાસે સેવા કરવા આવેલો છે. અર્થાત્ જગતને તમે પ્રકાશિત કર્યું તેથી ચંદ્રમાને પ્રકાશ કરવાનો અધિકાર રહ્યો નહિ માટે ત્રણ છત્રના મીશથી તે તમારી સેવા કરવા આવ્યો હોય એમ જણાય છે. ૨૬.

૧ उच्छ्र મોટા અને सित શ્વેત એમ બે પદ પણ નીકળે છે.

ત્રણ ગઢનું વર્ણન.

स्वेन प्रपूरितजगत्त्रयपिण्डितेन,

પોતાના પ્રકર્ષે કરીને પૂર્યું છે ત્રણ જગત જેણે તેથી એકત્ર થયેલા એવા

कान्तिप्रतापयशसामिव सञ्चयेन ॥

કાંતિ પ્રતાપ અને યશના પેઠે સમૂહવડે

[1]माणिक्यहेमरजतप्रविनिर्मितेन,

માણિક્ય સુવર્ણ અને રૂપાવડે પ્રકર્ષે નિર્માણ થયેલા

[2]सालत्रयेण [3]भगवन्नभितो विभासि ॥ २७ ॥

ત્રણગઢવડે, હે ભગવત! ચારે તરફ વિશેષ શોભો છો.

અર્થ—હે ભગવન્! પ્રકર્ષે કરીને પૂર્યું છે ત્રણ જગત જેણે તેથી એકત્ર થયેલા એવા પોતાના કાંતિ, પ્રતાપ અને યશના સમૂહ વડે કરીને જાણે હોય? તેમ ચારે તરફ નીલ-

---

૧ નીલરત્ન.

૨ નીલરત્ન, સુવર્ણ અને રૂપાના બનેલા ત્રણ ગઢ અનુક્રમે ભગવતના સમવસરણને વિષે હોય છે. અહી નીલ રત્નના ગઢ તુલ્ય પ્રભુના શરીરની કાંતિ (વર્ણ), સુવર્ણના ગઢ તુલ્ય (પીળો) પ્રતાપ અને રૂપાના ગઢ તુલ્ય ઉજ્વળ યશ જાણવો

૩ સૂર્ય, જ્ઞાન, માહાત્મ્ય, યશ, વૈરાગ્ય, મુક્તિ, રૂપ, વીર્ય, પ્રયત્ન, ઇચ્છા, લક્ષ્મી, ધર્મ, ઐશ્વર્ય અને યોનિ એ ૧૪ અર્થમા **भग** શબ્દ વપરાય છે તેમા યોનિ અને સૂર્ય એ બે અર્થ વર્જિત **ભગ** શબ્દ અહી ગ્રહણ કરવો તે ભગ જેને હોય તે ભગવાન્ એટલે કે-જ્ઞાનવાન્ માહાત્મ્યવાન્ ઇત્યાદિ.

રત્ન, સુવર્ણ અને રૂપા વડે પ્રકર્ષે નિર્માણ થયેલા (રચાયેલા) એવા ત્રણ ગઢવડે તમે વિશેષે શોભો છો. અર્થાત્ તમારા કાંતિ, પ્રતાપ અને યશ વડે ત્રણ જગત્ પુરાઇ ગયું તેથી બીજું સ્થાન ન હોવાથી તેઓ ત્રણ ગઢ રૂપે એકત્ર થઇને રહેલા છે. ૨૭

दिव्यस्रजो जिन ! नमत्त्रिदशाधिपाना-

મનોહર પુષ્પની માળાઓ હે જિન ! નમસ્કાર કરનારા દેવેંદ્રોના

मुत्सृज्य रत्नरचितानपि मौलिबंधान् ॥

ત્યાગ કરીને વૈડુર્યના રચેલા પણ મુકુટોને

पादौ श्रयन्ति भवतो यदि वा परत्र,

ચરણોને આશ્રય કરે છે તમારા અથવા અન્યસ્થળે

त्वत्सङ्गमे सुमनसो न रमन्त एव ॥ २८ ॥

તમારો સંગમછતે દેવતાઓ નથી રમતા નિશ્ચે

અર્થ—હે જિનેશ્વર ! મનોહર પુષ્પની માળાઓ, નમસ્કાર કરનારા દેવેંદ્રોના વૈડુર્ય રત્નના રચેલા પણ મુકુટોનો ત્યાગ કરીને તમારા ચરણયુગલનો આશ્રય કરે છે અથવા તમારો સંગમ છતે પંડિતો (દેવતાઓ) અન્ય સ્થળે રમતા નથીજ. ૨૮

त्वं नाथ ! जन्मजलधेर्विपराङ्मुखोऽपि,

તમો હે નાથ ! ભવ સમુદ્રથકી વિશેષે પરાઙ્મુખ થયા છતા પણ

यत्तारयस्य-[1]सुमतो निजपृष्ठलग्ना- ॥

જે કારણ માટે તારોછો. પ્રાણીઓને પોતાની પીઠે વળગેલાને

---

૧ असु એટલે પ્રાણ-પ્રાણવાળો તે असुमत् અર્થાત્ પ્રાણી.

युक्तं हि [1]पार्थिवनिपस्य सततस्तवैव,

યુક્ત છે. નિશ્ચે વિશ્વનાસ્વામી સુજ્ઞ તમોનેજ

चित्रं विभो! यदसि कर्मविपाकशून्यः॥२९॥

આશ્ચર્ય છે. હે વિભુ! જે કારણ માટે } કર્મના વિપાકથી રહિત
તમો છો }

અર્થ—હે નાથ! તમે ભવસમુદ્રથકી વિશેષે પરાઙ્મુખ થયેલા છતાં પણ પોતાની પીઠે વળગેલા પ્રાણીઓ (જે જ્ઞાન દર્શન ચારિત્રાદિ માર્ગવડે જિનેશ્વર મોક્ષ ગયા છે તે માર્ગને અનુસરવાવાળા) ને જે કારણ માટે તારો છો તે વિશ્વના સ્વામી અને સુજ્ઞ એવા તમોનેજ નિશ્ચે યુક્ત છે. પરંતુ હે પ્રભુ! અહીં આશ્ચર્ય છે કે—જે કારણ માટે તમે કર્મના વિપાક (ફળ) રહિત છો. ૨૯

વિરોધાલંકારગર્ભિત અચિન્ત્ય સ્વરૂપ.

विश्वेश्वरोऽपि [2]जनपालक! [3]दुर्गतस्त्वं,

ત્રણ જગતના ઈશ્વર છો પણ હે જનપાળક! દુઃખે કરીને જાણવા યોગ્ય, તમે

---

૧ **પાર્થિવનિપ** એટલે માટીનો ઘડો એવો અર્થ થાય છે તેથી માટીનો ઉંધો રાખેલો ઘડો જેમ પોતાની પીઠે લાગેલાને સમુદ્રથકી તારે છે તેમ તમે પણ તારો છો તે યુક્ત છે પરંતુ માટીનો ઘટ કુંભારે કરેલ પચનાદિ ક્રિયાએ યુક્ત છે અને તમે કર્મ વિપાક રહિત છો, એ અહીં આશ્ચર્ય છે.

૨ જનોનું પાલન કરે તે જનપાળક.

૩ હે **જનપ** જનોને પાળનારા **અલક** કેશવડે **દુર્ગત** દરિદ્રી—રહિત છો. અર્થાત્ દીક્ષા લીધા પછી કેશ વધતા નથી, આવા પદો પણ નીકળે છે.

किंवाऽक्षरप्रकृतिरप्यलिपिस्त्वमीश ! ॥

અથવા શું નિશ્ચળ સ્વભાવવાળા છો પણ, કર્મરૂપ લેપરહિત,
તમે, હે ઈશ્વર

अज्ञानवत्यपि सदैव कथंचिदेव,

મુર્ખજનોને બોધ કર્યે છતે નિરંતર કેવી રીતે નિશ્ચે

ज्ञानं त्वयि स्फुरति विश्वविकाशहेतुः ॥ ३० ॥

જ્ઞાન તમારે વિષે સ્ફુરે છે. ત્રણ જગતને પ્રકાશ કરવાના હેતુભૂત

અર્થ—હે જનપાળક! તમે વિશ્વના ઇશ્વર છો પણ દુર્ગત છો. (દરિદ્રી છો.) (આ વિરોધાલંકાર છે તેનો પરિહાર કરે છે કે—) તમે વિશ્વના ઇશ્વર છો તોપણ દુર્ગત કે દુખે કરીને જાણવા યોગ્ય છો. અથવા હે ઇશ્વર! શુ તમે અક્ષર (વર્ણ) સ્વભાવવાળા છો તોપણ બ્રાહ્મીઆદિ લિપિ રહિત છો? (આ વિરોધાલંકાર છે તેનો પરિહાર કરે છે કે-) તમે નિશ્ચળ પ્રકૃતિવાળા (શાશ્વત અથવા મોક્ષ રૂપ સ્વભાવવાળા) છતા કર્મરૂપ લેપ રહિત છો. અજ્ઞાનવાન એવા પણ તમારે વિષે ત્રણ જગતને પ્રકાશ કરવાના હેતુ ભૂત એવું જ્ઞાન, નિશ્ચે કેવી રીતે નિરંતર સ્ફુરે છે? (આ વિરોધાલંકાર છે તેનો પરિહાર કરે છે કે-) મૂર્ખ જનોને બોધ કર્યે છતે ત્રણ જગતને પ્રકાશ કરવાના હેતુ ભૂત એવું જ્ઞાન નિરંતર તમારે વિષે સ્ફુરે છે. ૩૦

કમઠાસુરે કરેલ ઉપસર્ગો.

प्राग्भारसंभृतनभांसि रजांसि रोषा-

અત્યંતપણે વ્યાપ્ત કર્યું છે આકાશ જેણે એવી, ધૂળો, ક્રોધવડે

कृत्यापि तानि [1]कमठेन शठेन यानि ॥

ઉડાડી. કમઠે મૂર્ખ જે

छायाऽपि तैस्तव न नाथ! हता हताशो,

કાંતિપણ તેવડે તમારી ન હે નાથ ! હણાણી. હતાશ

ग्रस्तस्त्वमीभिरयमेव परं दुरात्मा ॥३१॥

વ્યાપ્ત થયો. વળી આવડે એ નિશ્ચે પરંતુ દુષ્ટાત્મા

અર્થ—હે નાથ ! મૂર્ખ કમઠાસુરે ક્રોધ થકી, અત્યંત પણે વ્યાપ્ત કર્યું છે આકાશ જેણે એવી જે રજો (ધુળો) તમારા તરફ ઉડાડી, તે રજોવડે તમારી છાયા (શરીરનો પડછાયો અથવા કાંતિ) પણ ન હણાણી, પરંતુ એ રજોવડે હતાશ (હણાઈ છે આશા જેની એવો) અને દુષ્ટાત્મા એવો એજ કમઠાસુર વ્યાપ્ત થયો અર્થાત્ કર્મરૂપ રજવડે વ્યાપ્ત થયો. ૩૧

यद् गर्जदूर्जितघनौघमदभ्रभीमं,

જે કારણે ગર્જના કરતો પ્રબળ મેઘનો સમૂહ છે જેને વિષે એવું,

ઘણું ભયંકર,

भ्रश्यत्तडिन्मुसलमांसलघोरधारम् ॥

આકાશથકી પડતી વિજળી છે જેને વિષે એવું, સાંબેલા જેવી

પુષ્ટ અને બીહામણી છે ધારા જેને વિષે એવું

---

૧ " ખાડો ખોદે તે પડે " એ કહેવત મુજબ જે અધમો જિનેશ્વરની અવજ્ઞા કરે છે તેને તે અવજ્ઞા પોતાના અનર્થને માટે થાય છે તે બાબત આ અને આ પછીના બે કાવ્યમાં વર્ણવેલ છે.

दैत्येन मुक्तमथ दुस्तरवारि दध्रे,

કમઠાસુરે, વરસાવ્યું, હવે, દુઃખે તરવાયોગ્ય પાણી, કરાયું.

तेनैव तस्य जिन! दुस्तरवारिकृत्यम् ॥ ३२ ॥

તેવડેજ તેનું હે જિન! ભૂંડીતરવારનું કામ

અર્થ—હે જિનેશ્વર! ગર્જના કરતો પ્રબળ મેઘને સમૂહ છે જેને વિષે એવું, ઘણું ભયંકર, આકાશ થકી પડતી વીજળી છે જેને વિષે એવું અને સાંબેલાં જેવી પુષ્ટ અને બીહામણી છે ધારા જેને વિષે એવું દુખે તરવા યોગ્ય (દુઃસહ્ય) પાણી જે કારણ માટે કમઠાસુરે વરસાવ્યું (તમને ઉપસર્ગ કરવા) પછી તેજ પાણીવડે તે કમઠાસુરનું ભુંડી તરવારનું કામ કરાયું અર્થાત્ ખરાબ તરવાર તેને રાખનારનુંજ છેદન ભેદન કરે છે તેમ આ પાણી તેના વરસાવનાર કમઠનેજ સંસારને વિષે છેદન ભેદનરૂપ કાર્ય કરનારૂં થયું, મતલબ કે પ્રભુને ઉપસર્ગ કરવાથી તેનો સંસાર વધ્યો. ૩૨

ध्वस्तोर्ध्वकेशविकृताकृतिमर्त्यमुण्ड–

નીચે વિખેરાયેલા ઉપરના કેશ હોવાથી વિરૂપ થયેલી આકૃતિવાળા મનુષ્યના માથાંના

प्रालम्बभृद्भयदवक्त्रविनिर्यदग्निः ॥

ઝુમણાને ધારણ કરનાર, ભયંકર મુખથકી નિકળતો છે અગ્નિ જેને એવો

प्रेतव्रजः प्रतिभवन्तमपीरितो यः,

દૈત્યનો સમૂહ પ્રત્યે તમારા પણ મૂકેલો જે

सोऽस्याभवत्प्रतिभवं भवदुःखहेतुः ॥३३॥

તે એને હોતો હવો. ભવભવને વિષે, સંસારના દુઃખનું કારણ

અર્થ—હે પ્રભુ ! નીચે વિખરાયેલા ઉપરના કેશ હોવાથી વિરૂપ થયેલી છે આકૃતિ જેની એવા મનુષ્યના માથાંના ઝુમણા (લટકતા હારડા) ને ધારણ કરનાર, ભયંકર મુખ થકી નિકળતો છે અગ્નિ જેને એવો જે દૈત્યનો સમૂહ પણ તમારા પ્રત્યે (ઉપસર્ગ કરવા માટે) કમઠાસુરે મૂકયો, તે (દૈત્ય સમૂહ) એ (કમઠાસુર) ને ભવભવને વિષે સંસારના દુખનું કારણ હોતો હવો. ૩૩

धन्यास्त एव भुवनाधिप ! ये त्रिसंध्य-

પ્રશંસનીય તેઓ જ હે ત્રણ ભુવનના સ્વામી ! જેઓ ત્રણે કાળે

माराधयन्ति विधिवद्विधुतान्यकृत्याः

આરાધન કરે છે, વિધિપૂર્વક વિશેષે ટાળ્યાં છે અન્યકાર્યો જેણે એવા

भक्त्योल्लसत्पुलकपक्ष्मलदेहदेशाः

ભક્તિવડે ઉલ્લાસ પામતા રોમાંચવડે વ્યાપ્ત છે શરીર જેનાં એવા

पादद्वयं तव विभो ! भुवि जन्मभाजः॥३४॥

ચરણયુગલને તમારા હે પ્રભુ ! પૃથ્વીને વિષે પ્રાણીઓ

અર્થ—હે ત્રણ ભુવનના સ્વામી ! હે પ્રભુ ! વિશેષે ટાળ્યાં છે અન્ય કાર્યો જેણે એવા અને ભક્તિવડે ઉલ્લાસ પામતા રોમાંચ વડે વ્યાપ્ત છે શરીર જેનાં એવા જે પ્રાણીઓ

પૃથ્વીને વિષે તમારા ચરણ યુગલને વિધિપૂર્વક ત્રણે કાળે પૂજે છે તેઓજ ધન્ય (પ્રશંસનીય) છે. ૩૪

ગ્રંથકારે આઠ કાવ્ય વડે કરેલ વિજ્ઞપ્તિ.

अस्मिन्नपारभववारिनिधौ मुनीश !,

આ અપાર ભવસમુદ્રને વિષે હે મુનીંદ્ર !

मन्ये न मे श्रवणगोचरतां गतोऽसि ॥

માનું છું. ન મ્હારા શ્રવણગોચરપણાને પ્રાપ્ત થયેલા છો.

आकर्णिते तु तव गोत्रपवित्रमन्त्रे,

શ્રવણ કરાયે છતે પણ તમારા નામરૂપ પવિત્ર મંત્ર

किं वा विपद्विषधरी सविधं समेति ॥ ३५ ॥

શું અથવા આપદારૂપી સર્પિણી સમીપ આવે છે?

અર્થ:—હે મુનીંદ્ર! હું એમ માનું છું કે-આ અપાર ભવસમુદ્રને વિષે તમે મ્હારા શ્રવણગોચરપણાને પ્રાપ્ત થયેલા નથી. કેમકે તમારા નામરૂપ પવિત્ર મંત્ર શ્રવણ કરાયે છતે પણ આપદારૂપી સર્પિણી શું સમીપ આવે ? અર્થાત્ તમારૂં નામ સાંભળવાથી આપદાઓ આવેજ નહિ. પરંતુ મને સાંસારિક આપત્તિઓ આવેલી છે જેથી હું માનું છું કે પૂર્વ ભવમાં મેં તમારૂં નામ પણ સાંભળ્યું જણાતું નથી. ૩૫

जन्मान्तरेऽपि तव पादयुगं न देव !,

જન્માંતરમાં પણ તમારૂં ચરણયુગલ નથી હે દેવ !

मन्ये मया महितमीहितदानदक्षम् ॥

માનું છુ, મેં પૂજ્યું. વાંચ્છિત આપવામાં ચતુર એવું

तेनेह जन्मनि मुनीश ! पराभवानां,

તેથી આ જન્મમાં હે મુનીંદ્ર ! પરાભવોનું

जातो निकेतनमहं मथिताशयानाम् ॥ ३६ ॥

થયો. સ્થાનક હું મથન કર્યો છે ચિત્તનો આશય જેણે એવા

અર્થ:—હે દેવ ! હું માનું છું કે—જન્માંતરને વિષે પણ મેં વાંચ્છિતને આપવામાં ચતુર એવું તમારૂં ચરણ યુગલ પૂજ્યું નથી. તે કારણથી જ હે મુનીશ ! આ જન્મમાં હું, મથન કર્યો છે ચિત્તનો આશય જેણે એવા પરાભવોનું સ્થાનક થયો છું અર્થાત્ તમારા ચરણ યુગલને પૂજનાર પરાભવનું સ્થાન થતોજ નથી. ૩૬

नूनं न मोहतिमिरावृतलोचनेन,

નિશ્ચે નહિ મોહરૂપ અંધકારવડે ઢંકાયા છે નેત્ર જેનાં એવો હું તેનાવડે

पूर्वं विभो ! सकृदपि प्रविलोकितोऽसि ॥

અગાઉ હે પ્રભુ ! એકવાર પણ જોવાયેલા છો.

मर्माविधो विधुरयन्ति हि मामनर्थाः,

મર્મસ્થાનને ભેદનારા પીડે છે ? જે માટે મુજને દુઃખો

प्रोद्यत्प्रबन्धगतयः कथमन्यथैते ॥ ३७ ॥

પ્રકર્ષે ઉદય આવેલી કર્મબંધની પ્રવૃત્તિ જેને વિષે છે એવા } કેમ, નહિતર, આ

અર્થઃ—હે પ્રભુ! મોહરૂપ અજ્ઞાનાંધકારવડે આચ્છાદન થયાં છે નેત્રો જેનાં એવો હું તેનાવડે તમે નિશ્ચે પ્રથમ એકવાર પણ જોવાયેલા નથી. જે કારણ માટે નહિતર (તમને જોયા હોત તો) મર્મસ્થાનને ભેદનારા અને પ્રકર્ષે ઉદય આવેલી કર્મબંધની પ્રવૃત્તિ છે જેને વિષે એવા આ દુઃખો મુજને કેમ પીડે? અર્થાત્ પ્રભુનું દર્શન કરનારને કષ્ટ પ્રાપ્ત થતું નથી. ૩૭

आकर्णितोऽपि महितोऽपि निरीक्षितोऽपि,

સાંભળ્યા પણ પૂજ્યા પણ દીઠા પણ

नूनं न चेतसि मया विधृतोऽसि भक्त्या ।

નિશ્ચે નહિ ચિત્તને વિષે મેં ધારણ કરેલા છો. ભક્તિવડે

जातोऽस्मि तेन जनबान्धव ! दुःखपात्रं,

થયેલો છું. તે કારણ માટે હે જનહિતકારી દુઃખનું પાત્ર

यस्मात्क्रियाः प्रतिफलन्ति न भावशून्याः ॥ ३८ ॥

જે કારણ માટે ક્રિયાઓ, ફળ આપે છે. નહિ ભાવવડે રહિત

અર્થઃ—હે જનહિતકારી! મેં તમોને (કોઇ પણ ભવને વિષે) સાંભળ્યા પણ છે, પૂજ્યા પણ છે અને દીઠા પણ છે; પરંતુ ભક્તિવડે કરીને ચિત્તને વિષે નિશ્ચે ધારણ કરેલા નથી; તે કારણ માટેજ હું દુઃખનું ભાજન થયેલો છું. જે કારણ માટે ભાવ રહિત ક્રિયાઓ (શ્રવણ, પૂજન, દર્શનાદિ) વિશિષ્ટ ફળ આપતી નથી. ૩૮

त्वं नाथ ! दुःखिजनवत्सल ! हे शरण्य !,

તમો હે નાથ! દુઃખીજનો ઉપર કરૂણાળુ! હે શરણ કરવા યોગ્ય!

कारुण्यपुण्यवसते वशिनां वरेण्य ! ॥

કરૂણાપણાના પવિત્ર સ્થાન ! જિતેંદ્રિયોને વિષે શ્રેષ્ઠ !

भक्त्या नते मयि महेश ! दयां विधाय,

ભક્તિવડે નમેલા મારા ઉપર હે મોટા ઈશ્વર ! દયા કરીને

दुःखाङ्कुरोद्दलनतत्परतां विधेहि ॥ ३९ ॥

દુઃખની ઉત્પત્તિના કારણના ખંડનને વિષે તત્પરપણું, કરો !

અર્થ—હે નાથ ! હે દુઃખીજનો ઉપર કરૂણાળુ ! હે શરણ કરવા યોગ્ય ! હે કરૂણાપણાના પવિત્ર સ્થાન ! (અથવા દયા અને ધર્મના સ્થાન) હે જિતેંદ્રિયોને વિષે શ્રેષ્ઠ ! હે મ્હોટા ઇશ્વર ! તમે ભક્તિવડે નમેલા મ્હારા ઉપર દયા કરીને દુઃખની ઉત્પત્તિના કારણના ખંડનને વિષે તત્પરતા કરો ! ૩૯

निःसंख्यसारशरणं शरणं शरण्य—

અસંખ્ય બળનું ઘર શરણને શરણ કરવાયોગ્ય

मासाद्य सादितरिपुप्रथितावदातम् ॥

પામીને નાશ કર્યા છે શત્રુ જેણે અને પ્રસિદ્ધ છે પ્રભાવ જેનો એવા

त्वत्पादपङ्कजमपि प्रणिधानवंध्यो[१],

તમારાં ચરણ કમળને પણ ધ્યાનવડે રહિત

---

૧ प्रणिधानबध्यो ! वन्ध्योऽस्मि-એ પ્રકારે પાઠાંતર છે ત્યાં આ પ્રમાણે અર્થ લેવો—હે મિત્ર ! તમારા ચરણનું શરણ પામીને પણ જો હું નિષ્ફળ છું, તો હે ભુવનપાળક ! ખેદ થાય છે કે હું દુર્દૈવવડે હણાયેલો છું.

वध्योऽस्मि चेद् भुवनपावन ! हा हतोऽस्मि ॥४०॥

હણવા યોગ્ય છું. જો હે ત્રણભુવનને પવિત્ર કરનારા ! ખેદ, હણાયેલોછું.

અર્થ—હે ત્રણ ભુવનને પવિત્ર કરનારા ! અસંખ્ય બળનું ઘર, શરણ કરવા યોગ્ય, નાશ કર્યા છે શત્રુ જેણે એવા અને પ્રસિદ્ધ છે પ્રભાવ જેનો એવા તમારા ચરણ કમળનું પણ શરણ પામીને જો હું ધ્યાનવડે રહિત છું તો (રાગાદિ શત્રુવડે) હણવા યોગ્ય છું. હા ઇતિ ખેદે હું (દુર્દૈવવડે) હણાયેલો છું.૪૦

देवेन्द्रवन्द्य ! विदिताखिलवस्तुसार !,

હે દેવેંદ્રોવડે વંદન કરવા યોગ્ય ! જાણ્યો છે સમસ્ત વસ્તુનો રહસ્ય જેણે એવા !

संसारतारक ! विभो ! भुवनाधिनाथ !॥

સંસાર સમુદ્રથકી તારનાર ! હે પ્રભુ ! હે ત્રણ ભુવનના નાથ !

त्रायस्व देव ! करुणाहृद ! मां पुनीहि,

રક્ષણ કરો હે દેવ ! કરૂણાના દ્રહ મને ! પવિત્ર કરો

सीदन्तमद्य भयदव्यसनाम्बुराशेः ॥ ४१ ॥

સીદાતા એવા હમણા ભયકર સંકટના સમુદ્રથકી

અર્થ—હે દેવેંદ્રોવડે વદન કરવા યોગ્ય ! હે જાણ્યો છે સમસ્ત વસ્તુનો રહસ્ય (પરમાર્થ) જેણે એવા ! હે સંસાર સમુદ્ર થકી તારનાર ! હે વિભુ ! હે ત્રણ ભુવનના નાથ ! હે દેવ ! હે કરૂણાના દ્રહ (દયા સમુદ્ર) ! સીદાતા (વિષાદ

---

૧ **प्रसद्य** પ્રસાદ કરીને **प्रसीद** પ્રસાદ કરો. એવા બે પાઠાન્તરો પણ છે.

પામતા) એવા મને, ભયને આપનાર એવા સંકટના સમુદ્ર થકી હમણા રક્ષણ કરો અને (પાપનો નાશ કરીને) પવિત્ર કરો. ૪૧

यद्यस्ति नाथ ! भवदङ्घ्रिसरोरुहाणां,

જો છે. હે નાથ! તમારા ચરણકમળની

भक्तेः फलं किमपि [1]सन्ततिसंचितायाः ॥

ભક્તિનું ફળ કંઈપણ પરંપરાના સંચયને કરવાવાળી

तन्मे त्वदेकशरणस्य शरण्य भूयाः,

તો મને તમારૂં એક શરણુછે જેને એવા, શરણુ કરવા યોગ્ય થાઓ!

स्वामी त्वमेव भुवनेऽत्र भवान्तरेऽपि ॥ ४२ ॥

સ્વામી તમેજ લોકમાં આ જન્માતરને વિષે પણ

અર્થ—હે નાથ! પરંપરાના સંચયને કરવાવાળી એવી તમારા ચરણ કમળની ભક્તિનું જો કંઇ પણ ફળ હોય તો, હે શરણુ કરવા યોગ્ય! તમારૂં એક શરણુ છે જેને એવા (તમારેજ શરણે આવેલા) મને આ લોકને વિષે અને જન્માંતરને વિષે પણ તમે સ્વામી થાઓ. અર્થાત્ તમારી ભક્તિનું કાંઇ ફળ મળતું હોય તો હું એટલું માગુ છું કે-ભવભવને વિષે તમે મારા સ્વામી થાઓ. ૪૨

इत्थं समाहितधियो विधिवज्जिनेन्द्र !,

એ પ્રકારે, સમાધિવાળી બુદ્ધિ છે જેમની એવા, વિધિપૂર્વક, હે જિનેંદ્ર!

---

૧ **सततसंचितायाः** એવો પાઠ હોય ત્યા આ પ્રમાણે અર્થ લેવો-નિરંતર કરવા વડે વૃદ્ધિ પામેલી.

सान्द्रोल्लसत्पुलककञ्चुकिताङ्गभागाः ॥

અત્યંત ઉલ્લાસ પામતા રોમાંચવડે કંચુકિત છે શરીરના ભાગો જેના એવા

त्वद् बिम्बनिर्मलमुखाम्बुजबद्धलक्षा,

તમારા બિંબના નિર્મળ મુખકમળને વિષે બાંધ્યુ છે લક્ષ્ય જેણે એવા

ये संस्तवं तव विभो ! रचयन्ति भव्याः ॥ ४३ ॥

જે સ્તોત્રને તમારા હે પ્રભુ ! રચે છે. ભવ્યો

जननयनकुमुदचन्द्र !

હે મનુષ્યના નેત્રરૂપ ચંદ્રવિકાશી કમળને ચંદ્રમા તુલ્ય !

प्रभास्वराः स्वर्गसंपदो भुक्त्वा ॥

પ્રકર્ષે દેદીપ્યમાન, સ્વર્ગ લક્ષ્મીને ભોગવીને,

ते विगलितमलनिचया,

તેઓ વિશેષે ગળી ગયોછે કર્મમલનો સમૂહ જેનો એવા

अचिरान्मोक्षं प्रपद्यन्ते ॥ युग्मम् ॥ ४४ ॥

તત્કાળ મોક્ષને પ્રાપ્ત કરે છે.

---

૧ અહી કવિએ પોતાનુ દીક્ષા અવસરે ગુરૂએ આપેલુ "કુમુદચંદ્ર" નામ સૂચવ્યુ છે.

અર્થઃ—હે જિનેંદ્ર ! હે પ્રભુ! હે મનુષ્યના નેત્રરૂપ ચંદ્રવિકાશી કમળને ચંદ્રમા તુલ્ય ! સમાધિવાળી (ધ્યાનવાળી–સ્થિર) બુદ્ધિ છે જેમની એવા, અત્યંત ઉલ્લાસ પામતા રોમાંચવડે કંચુકિત છે શરીરના ભાગો જેના એવા, તમારા બિંબના નિર્મળ મુખ-કમળને વિષે બાંધ્યું છે લક્ષ્ય જેણે એવા અને વિશેષે ગળી ગયો છે કર્મમળનો સમૂહ જેનો એવા છતા જે ભવ્ય પ્રાણીઓ, એ પૂર્વોક્ત પ્રકારે વિધિપૂર્વક તમારા સ્તોત્રને રચે છે (કરે છે) તેઓ પ્રકર્ષે દેદીપ્યમાન સ્વર્ગલક્ષ્મીને ભોગવીને તત્કાળ (દેવ થઇને મનુષ્યભવ પામીને) મોક્ષને પ્રાપ્ત કરે છે. ૪૩–૪૪

॥ ઇતિ શ્રીકલ્યાણમન્દિર*સમ્પૂર્ણમ્ ॥

---

* આ સ્તોત્રમાં દરેક ગાથાના મંત્રો છે તે ગુરૂગમથી જાણી લેવા.

॥ *अथ म्होटी शांति ॥

भो भो [1]भव्याः ! शृणुत वचनं प्रस्तुतं सर्वमेतद्,

હે ભવ્ય લોકો! સાંભળો વચનને અવસરઉચિત સર્વ આ

ये यात्रायां त्रिभुवनगुरो[2]रार्हता भक्तिभाजः;

જેઓ યાત્રાનેવિષે ત્રિભુવનગુરૂની હે શ્રાવકો! ભક્તિ યુક્ત (છો)

---

* આ મ્હોટી શાતિના કર્ત્તાએ ગ્રથને અતે પોતાનુ નામ જણાવ્યુ નથી તો પણ **अह तित्थयरमाया सिवादेवी०** એ ગાથાની ટીકા લખતાં ટીકાકાર **શ્રીહર્ષકીર્તિસૂરિ** લખે છે કે—શ્રી નેમિનાથની માતા શિવાદેવી કહે છે કે-હું તીર્થંકરની માતા શિવાદેવી નામની તમારા નગરને વિષે રહેનારી છુ, ઇત્યાદિ તે ઉપરથી શિવાદેવી માતાએ દેવીપણાની અવસ્થામાં આ શાંતિ રચી છે એમ નિર્ણય થાય છે તીર્થંકરોનો જન્મ થાય ત્યારે ચોસઠ ઇંદ્રો પ્રભુના જન્મસ્થાને આવે અને જે દિશાના ક્ષેત્રમાં જન્મ થયો હોય તે દિશાના નાયક ઇંદ્ર (સૌધર્મ અથવા ઈશાન) સર્વને અવસ્વાપિની નિદ્રા મૂકી ભગવતનુ પ્રતિબિંબ ભગવતની માતા આગળ સ્થાપીને પોતે પાંચ રૂપ કરીને પ્રભુને ગ્રહણ કરી મેરૂપર્વત ઉપર પાંડુક વનમા આવેલી શીલાના ઉપર સિહાસનને વિષે પ્રભુને સ્થાપીને ઉત્તમ ઔષધી મિશ્રીત જળના મોટા એક કોડ અને સાઠ લાખ કળશોવડે પ્રભુને ન્હરાવે છે અને ઉત્તમ દ્રવ્યવડે પૂજે છે અને પછી સર્વને શાંતિ થાય તે માટે શાંતિપાઠ ભણે છે. એ પ્રકારે ઇંદ્રાદિક દેવો પ્રભુની જે પ્રકારે ભક્તિ કરે છે તેનું અનુકરણ કરવાના બ્હાને આપણે પણ પ્રભુભક્તિ અવશ્ય કરવી (જે સ્નાત્રમ્હોત્સવ આપણે કરીએ છીએ તે) જોઇએ. તે કેવી રીતે કરવી એ વગેરે હકીકત આ સ્તવને વિષે આવે છે.

૧ મુક્તિ ગમન યોગ્ય જીવો.

૨ અર્હંત્ (વીતરાગ) છે દેવ જેના તે, એટલે અરિહંત દેવના ભક્તો.

तेषां शांतिर्नवतु नवता-मर्हदादिप्रनावा-

તેઓને શાંતિ થાઓ તમોને અરિહંતાદિ પંચપરમેષ્ઠીના માહાત્મ્ય થકી

दारोग्यश्रीधृतिमतिकरी [1]क्लेशविध्वंसहेतुः[2] ॥ १ ॥

આરોગ્યતા, લક્ષ્મી, સંતોષ અને વિશિષ્ટ બુદ્ધિને કરનારી } રાગદ્વેષાદિના નાશની કારણભૂત

અર્થ—તીર્થંકરનું સ્નાત્ર કરનારા શ્રાવકો માંહેથી વિશિષ્ટ ગુણવાન શ્રાવક હોય તે ઉભો થઈને નીચે પ્રમાણે કહેછે—

અહો અર્હદ્શાસનમાં રક્ત એવા ભવ્ય લોકો ! આ અવસર ઉચિત સર્વ વચન તમે સાંભળો. જે (તમો) ત્રણ ભુવનના ગુરૂ (વીતરાગ)ની યાત્રા (જન્મ મહોત્સવ) ને વિષે ભક્તિ વડે યુક્ત છો તે તમોને અરિહંતાદિ પચ પરમેષ્ઠીના માહાત્મ્ય (પ્રસાદ) થકી આરોગ્યતા, લક્ષ્મી, સંતોષ અને વિશિષ્ટ બુદ્ધિને કરનારી તથા રાગદ્વેષાદિના નાશની કારણભૂત એવી શાંતિ (દુખ, પાપ અને ઉપસર્ગના ઉપશમ રૂપ અથવા કલ્યાણ) થાઓ.૧

नो! नो! नव्यलोका! इह हि नरतैरावतविदेहसंभवानां

હે ભવ્યલોકો ! અહીં, જે કારણ માટે, ભરત ઐરાવત અને મહાવિદેહ ક્ષેત્રને વિષે ઉત્પન્ન થયેલા

---

૧ અવિદ્યાથી ઉત્પન્ન થયેલ કદાગ્રહ અથવા રાગદ્વેષાદિ કષાય

૨ નપુસકલિગ અથવા સ્ત્રીલિગ વિશેષ્ય હોય તો પણ હેતુશબ્દ પુંલિગમાજ વપરાય છે.

समस्ततीर्थकृतां जन्मन्यासनप्रकंपानंतरमवधिना

સમગ્ર તીર્થંકરોના જન્મ સમયે, આસન ચલાયમાન થયા પછી, અવધિજ્ઞાને,

विज्ञाय, सौधर्म्माधिपतिः सुघोषाघण्टाचालनानन्तरं

જાણીને સૌધર્મેંદ્ર સુઘોષા નામની ઘંટાને વગાડયા પછી

सकलसुरासुरेन्द्रैः सह समागत्य,

સર્વ સુર અસુર અને ઇંદ્રોની સાથે રૂડા પ્રકારે આવીને

सविनयमर्हद्भट्टारकं गृहीत्वा गत्वा कनकाद्रिशृङ्गे,

પરમ વિનય સહિત, અર્હંતરૂપ ભટ્ટારકને } ગ્રહણકરીને, જઈને, મેરૂપર્વતના શિખર ઉપર

विहितजन्माभिषेकः, शांतिमुद्घोषयति

કર્યો છે જન્મસ્નાત્ર મહોત્સવ જેણે એવો, શાંતિને મહોટા શબ્દે ભણેછે.

यथा, ततोऽहं कृतानुकारमितिकृत्वा,

જેમ તેથી હું કરેલાનું અનુકરણ થાય તેમ કરીને

महाजनो येन गतः स पंथा,

મહાન્જનો જે માર્ગે ગયા તેજ રસ્તો પ્રમાણ

इति भव्यजनैः सह समेत्य,स्नात्रपीठे

એ કારણથી ભવ્ય પ્રાણીઓ સાથે આવીને સ્નાત્ર પીઠિકા ઉપર,

स्नात्रं विधाय, शान्तिमुद्घोषयामि,

સ્નાત્ર, કરીને   શાંતિની ઉદ્ઘોષણા કરૂં છું.

तत्पूजायात्रास्नात्रादिमहोत्सवानंतर–मितिकृत्वा

તે પૂજા, યાત્રા અને સ્નાત્ર વગેરે મહોત્સવ કર્યા પછી, એ પ્રકારે કરીને

कर्णं दत्वा निशम्यतां [1]निशम्यतां [2]स्वाहा–

કાન દઇને   સાંભળો   સાંભળો   સ્વાહા

અર્થ:—હે ભવ્ય પ્રાણીઓ! જે કારણ માટે અહીં (આ જગતમાં) ભરત, ઐરાવત અને મહાવિદેહ ક્ષેત્રને વિષે ઉત્પન્ન થયેલા સમગ્ર તીર્થંકરોના જન્મ સમયે સૌધર્મ દેવલોકનો ઇંદ્ર, પોતાનું આસન ચલાયમાન થયા પછી અવધિજ્ઞાને (જિન જન્મને) જાણીને સુઘોષા નામની ઘંટાને વગાડ્યા પછી સર્વ સુર (વૈમાનિકદેવ) અસુર (ભવનપત્યાદિ દેવ) અને તેના ઇંદ્રોની સાથે (જિન-જન્મસ્થાને) આવીને પરમ વિનય સહિત અર્હદ્રૂપ ભટ્ટારક (પૂજ્ય) ને કરસંપુટમાં ગ્રહણ કરીને મેરૂ પર્વતના શિખર ઉપર જઇને, કર્યો છે જિનજન્મમહોત્સવ જેણે એવો તે (સ્નાત્ર મહોત્સવને અંતે) શાંતિની ઉદ્ઘોષણા કરે છે (વેદધ્વનીની જેમ મોટા શબ્દે બોલે છે.) તે કારણ માટે હું પણ કરેલનું અનુકરણ જેમ થાય તેમ કરીને (વિચારીને) વળી મહાન્ જન (ઇંદ્રાદિદેવ સમૂહ) જે માર્ગે ગયો (પ્રવર્ત્યો) તેજ માર્ગ

---

૧ અહીં અત્યંત આદર જણાવવા માટે આ શબ્દ બે વખત વાપર્યો છે.

૨ **सुष्टु आह स्वाहा** સારી રીતે કહેવું તે સ્વાહા, આ પદ દેવોને બલિદાન આપતાં અને મંત્ર પદને અંતે બોલાય છે.

પ્રમાણુ (અર્થાત્ ઇંદ્રાદિ દેવોએ જેમ કર્યું તેમ આપણે પણ કરવું), એ કારણથી ભવ્ય પ્રાણીઓ સાથે (જિનાલયે) રૂડે પ્રકારે આવીને સ્નાત્રપીઠિકા ઉપર જિનસ્નાત્ર કરીને હું મ્હોટા શબ્દે જે શાંતિ પાઠ કરૂં છું, તે પૂજા યાત્રા અને સ્નાત્ર વગેરે મહોત્સવ કર્યા પછી—એ પ્રકારે કરીને કાન દઇને (સાંભળવા માટે કાનને સાવધાન કરીને) તમે સાંભળો, સાંભળો ! સ્વાહા—

[1]ॐ पुण्याहं पुण्याहं प्रीयंतां प्रीयंतां भगवंतोऽर्हंतः

ॐ ઉત્તમ દિવસ છે, ઉત્તમ દિવસ છે, } સંતુષ્ટ થાઓ, સંતુષ્ટ થાઓ, ભગવન્ત તીર્થંકરો

सर्वज्ञाः सर्वदर्शिनस्त्रिलोकनाथास्त्रिलोकमहिता-

સર્વને જાણનારા, સર્વને જોનારા, ત્રણ લોકના નાથ, ત્રણ લોકવડે પૂજાયેલા,

त्रिलोकपूज्यास्त्रिलोकेश्वरास्त्रिलोकोद्योतकराः ॥

ત્રણ લોકના પૂજ્ય, ત્રણ લોકના ઇશ્વર, ત્રણ લોકને પ્રકાશ કરનારા,

---

૧ ॐ મંગલવાચક છે. **अवति इति**ॐ રક્ષા કરે તે, અર્થાત્ પરમાત્મા. આ પદ પંચપરમેષ્ઠીના અર્થ વાચક છે તે આ પ્રકારે—અરિહતનો **अ**,સિદ્ધ એટલે અપુનર્ભવનો **अ**, આચાર્યનો **आ**, એ ત્રણની સંધિ કરતાં **आ** થયો, તેમાં ઉપાધ્યાયના **उ** ની સંધિ કરતાં ॐ થયો અને મુનિનો **म्** જોડ્યો એટલે ॐ પદ સિદ્ધ થયું. અથવા અરિહતના **अ** પછી સિદ્ધનો **अ्** પછી આચાર્યનો **आ** તેની સંધી કરતાં **अ्** નો વિસર્ગ થઈ લોપ થાય, લોપ થયે સંધિ ન થાય પરંતુ વેદાદિમાં થાય છે એ અપવાદ નિયમે સંધિ કરતાં **आ** થયો તેમાં **उ** અને **म्** મેળવી સંધિ કરતાં **ओँ** થાય છે.

અર્થ—ૐ એ પદ શરૂઆતમાં બોલીને કહે છે કે આજ ઉત્તમ દિવસ છે, ઉત્તમ દિવસ છે (આજનો દિવસ ધન્ય છે). કેવળજ્ઞાનવડે સર્વને જાણનારા, કેવળદર્શનવડે સર્વને જોનારા, ત્રણ લોકના સ્વામી, ત્રણ લોકવડે (ત્રિભુવનવાસી જીવો વડે) પુષ્પાદિકે પૂજાયેલા, ત્રણ લોકના પૂજ્ય (પૂજવા યોગ્ય), ત્રણ લોકના ઇશ્વર અને ત્રણ લોકને (અજ્ઞાન રૂપ અંધકારનો નાશ કરવા વડે) પ્રકાશ કરનારા એવા ઐશ્વર્યાદિ યુક્ત (ચોવીશ) તીર્થંકરો અત્યંત સંતુષ્ટ થાઓ, સંતુષ્ટ થાઓ.

ॐ ऋषभ–अजित–संभव–अभिनंदन–सुमति–पद्मप्रभ–

ૐ ઋષભદેવ, અજિતનાથ, સંભવનાથ, અભિનંદન સ્વામી, સુમતિનાથ, પદ્મપ્રભુ,

सुपार्श्व–चंद्रप्रभ–सुविधि–शीतल–श्रेयांस–

સુપાર્શ્વનાથ, ચંદ્રપ્રભુ, સુવિધિનાથ, શીતળનાથ, શ્રેયાંસનાથ,

वासुपूज्य–विमल–अनंत–धर्म्म–शांति–कुंथु–अर–मल्लि–

વાસુપૂજ્ય સ્વામી, વિમળનાથ, અનંતનાથ, ધર્મનાથ, શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ મલ્લિનાથ,

मुनिसुव्रत–नमि–नेमि–पार्श्व–वर्द्धमानांता जिनाः

મુનિસુવ્રતસ્વામી, નમિનાથ, નેમિનાથ, પાર્શ્વનાથ અને વર્દ્ધમાન પર્યંત } જિનેશ્વરો

शांताः शांतिकरा भवन्तु, स्वाहा ॥

ઉપશાંત થયેલા શાંતિને કરનારા થાઓ. સ્વાહા

ॐ [1]मुनयो मुनिप्रवरा रिपुविजयदुर्भिक्षकांतारेषु

ૐ મુનિઓ, મુનિઓમાં શ્રેષ્ઠ, શત્રુએ કરેલ પરાભવ, દુષ્કાળ અને મહા અટવીને વિષે,

दुर्गमार्गेषु रक्षन्तु वो नित्यं स्वाहा ॥

વિકટ માર્ગોનેવિષે, રક્ષણ કરો તમોને નિરંતર સ્વાહા.

ૐ ઋષભદેવ, અજિતનાથ, સંભવનાથ, અભિનંદન સ્વામી, સુમતિનાથ, પદ્મપ્રભુ, સુપાર્શ્વનાથ, ચંદ્રપ્રભુ, સુવિધિનાથ, શીતળનાથ, શ્રેયાંસનાથ, વાસુપૂજ્યસ્વામી, વિમળનાથ, અનંતનાથ, ધર્મનાથ, શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ, મલ્લીનાથ, મુનિસુવ્રત સ્વામી, નમિનાથ, નેમિનાથ, પાર્શ્વનાથ અને વર્ધમાનસ્વામી પર્યંત ઉપશાંત થયેલા (ચોવીશ) જિનેશ્વરો, કષાયોદયના ઉપશમ રૂપ શાંતિને કરનારા થાઓ, સ્વાહા. વળી મુનિઓમાં શ્રેષ્ઠ મુનિઓ (તત્ત્વજ્ઞ), શત્રુએ કરેલ પરાભવ, દુષ્કાળ અને મહા અટવીને વિષે તથા વિકટ માર્ગોને વિષે તમોને નિરંતર રક્ષણ કરો સ્વાહા.

ॐ ह्रीँ श्रीँ धृति–मति–कीर्त्ति–कांति–बुद्धि–

ૐ હ્રીં, શ્રી, સંતોષ, બુદ્ધિ, યશ, શોભા, વર્તમાનકાળે ઉપજતી મતિ,

लक्ष्मी–मेधा–[2]विद्यासाधन–प्रवेश-निवेशनेषु

સંપત્તિ, ધારણ કરવાની બુદ્ધિ, વિદ્યાનું સાધન, નગરાદિ પ્રવેશ અને નિવાસસ્થાનને વિષે

---

૧ વિદ્યાના અતિશયરૂપ લબ્ધિવાળા ગણધરાદિ સાધુઓ.

૨ વર્દ્ધમાનાદિ વિદ્યાઓનુ સાધન અથવા ચૌદ વિદ્યાનુ પઠન.

सुगृहीतनामानो जयन्तु ते जिनेंद्राः ॥

રૂડે પ્રકારે ગ્રહણ કરાયાં છે નામો જેનાં એવા } જયવંતવર્તો તે જિનેશ્વરો

ॐ (પ્રણુવ બીજ) હ્રીઁ (માયા બીજ–વશ કરનાર) અને શ્રીં (લક્ષ્મી બીજ–લક્ષ્મીનું કારણુ) પૂર્વક સંતોષ, મતિ (દીર્ઘ દ્રષ્ટી), યશ, શોભા, બુદ્ધિ (વર્તમાન કાળે ઉપજતી બુદ્ધિ), ધનાદિ સંપત્તિ, ધારણુ કરવાની બુદ્ધિ, વિદ્યાનું સાધન, નગરાદિ પ્રવેશ અને નિવાસસ્થાનને વિષે રૂડે પ્રકારે ગ્રહણુ કરાયાં છે નામો જેનાં એવા તે જિનેશ્વરો જયવંત વર્તો— સાનિધ્ય કરવાવાળા થાઓ.

[1]ॐरोहिणी-प्रज्ञप्ति-वज्रशृंखला-वज्रांकुशी-अप्रतिचक्रा

ॐ રોહિણી, પ્રજ્ઞપ્તી, વજ્રશૃંખલા, વજ્રાંકુશી, ચક્રેશ્વરી,

पुरुषदत्ता–काली–महाकाली–

નરદત્તા, કાલી, મહાકાલી,

गौरी–गांधारी–सर्वास्त्रामहाज्वाला–

ગૌરી, ગાંધારી, સર્વ અસ્ત્રવાળી મહાજ્વાળા,

मानवी–वैरोटया–अच्छुप्ता–मानसी–महामानसी

માનવી, વૈરોટયા, અચ્છુપ્તા, માનસી, મહામાનસી,

---

૧ મંત્રપદની આદિમાં ॐ અને અંતે **स्वाहा** એ પ્રકારે પદો બોલવા એવો વૃદ્ધ આમ્નાય છે તે પ્રકારે અહીં સર્વત્ર સમજી લેવું

૨ આ વિદ્યાદેવીઓ છે, સંતિકર સ્તવ અને તિજયપહુત્ત એ બે સ્મરણોમાં પણ ૧૬ વિદ્યાદેવીઓનાં નામો આવે છે તે અને આ બધી એકજ સમજવાં.

षोडश विद्यादेव्यो रक्षंतु वो नित्यं स्वाहा ॥

એ સોળ વિદ્યાદેવીઓ રક્ષણ કરો. તમોને હમેશા સ્વાહા

ૐ રોહિણી, પ્રજ્ઞપ્તિ, વજ્રશૃંખલા, વજ્રાંકુશી, અપ્રતિચક્રા (ચક્રેશ્વરી), નરદત્તા, કાળી, મહાકાળી, ગૌરી, ગાંધારી, સર્વ અસ્ત્રવાળી મહાજ્વાલા, માનવી, વૈરોટયા, અચ્છુપ્તા, માનસી, મહા માનસી એ સોળ વિદ્યા દેવીઓ તમોને હમેશા રક્ષણ કરો. સ્વાહા.

ॐ आचार्योपाध्यायप्रभृतिचातुर्वर्णस्य

ૐ આચાર્ય ઉપાધ્યાય વગેરે ચાર પ્રકારો છે જેને વિષે એવા

श्रीश्रमणसंघस्य शांतिर्भवतु तुष्टिर्भवतु पुष्टिर्भवतु ॥

શ્રી[1]મહાવીર પ્રભુના સંઘને, શાંતિ થાઓ.સંતોષ થાઓ, પુષ્ટિ થાઓ,

ૐ આચાર્ય ઉપાધ્યાય પ્રમુખ ચાર પ્રકારો (સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા) છે જેને વિષે એવા શ્રી મહાવીર પ્રભુના સઘને શાંતિ (અથવા કલ્યાણ) થાઓ, સંતોષ થાઓ, ધર્મની પુષ્ટિ થાઓ.

ॐ ग्रहाश्चंद्रसूर्यांगारकबुधबृहस्पति-

ૐનવ ગ્રહો—ચંદ્ર સૂર્ય મંગળ બુદ્ધ બૃહસ્પતિ

शुक्रशनैश्चरराहुकेतुसहिताः सलोकपालाः

શુક્ર શનૈશ્ચર રાહુ અને કેતુ સહિત, લોકપાળોએસહિત,

---

૧ વર્તમાનકાળે શ્રી વીર પ્રભુનું શાસન વર્તે છે, માટે તેમનો સંઘ.

सोम[1]मवरुणकुबेरवासवादित्यस्कंदविनायकोपेताः

સોમ યમ વરૂણ કુબેર ઇંદ્ર સૂર્ય કાર્તિકેય અને ગણેશ સહિત

ये चान्येऽपि ग्रामनगरक्षेत्रदेवतादय[2]·

જે વળી બીજા પણ, ગામ નગર અને ક્ષેત્રના અધિષ્ઠાયક દેવ તાઓ વગેરે

स्ते सर्व्वे प्रीयंतां प्रीयंतां,

તેઓ સર્વે પ્રસન્ન થાઓ, પ્રસન્ન થાઓ.

अक्षीणकोशकोष्टागारा नरपतयश्च भवन्तु स्वाहा ॥

અક્ષય ભંડાર અને ધાન્યના કોઠારોવાળા, રાજાઓ અને થાઓ સ્વાહા

ૐ નવ ગ્રહો તે ચંદ્ર, સૂર્ય, મગળ, બુધ, બૃહસ્પતિ (ગુરૂ), શુક્ર, શનૈશ્વર, રાહુ અને કેતુ (પૂછડીયો તારો) સહિત (સર્વ પરસ્પર મળેલા), તથા સોમ, યમ, વરૂણ અને કુબેર એ ચાર લોકપાલોએ સહિત, વળી ઇંદ્ર, સૂર્ય, કાર્તિકેય અને ગણેશ સહિત; વળી બીજા પણ જે ગ્રામ નગર અને ક્ષેત્રના અધિષ્ઠાયક દેવતાઓ વગેરે છિ તે સર્વ પ્રસન્ન થાઓ, પ્રસન્ન થાઓ અને રાજાઓ, ક્ષય પામે નહિ તેવા ભંડારો અને ધાન્યના કોઠારો છે જેઓને એવા થાઓ. સ્વાહા.

---

૧ બાર પ્રકારના સૂર્ય એટલે બાર સક્રાંતિના સૂર્ય.

૨ આદિ શબ્દે ભુવનપત્યાદિ દેવો લેવા

ॐ पुत्र-[1]मित्र-भ्रातृ-कलत्र-[2]सुहृत्-

ॐ પુત્ર, હિતકારી[3], સહોદર, સ્ત્રી, મિત્ર,

स्वजन-[4]संबंधि-बंधुवर्गसहिता

જ્ઞાતિજન, સગા અને સગોત્રીઓ સહિત

नित्यं [5]चामोदप्रमोदकारिणः[6] ।

નિરંતર અને આમોદ પ્રમોદને કરવાવાળા

अस्मिँश्च भूमंडलायतननिवासि-

અહીં વળી પૃથ્વી ઉપર પોતાના સ્થાનકોને વિષે વસનારા

साधुसाध्वीश्रावकश्राविकाणां

સાધુ સાધ્વી શ્રાવક અને શ્રાવિકાઓનાં

[7]रोगोपसर्गव्याधिदुःखदुर्भिक्ष-

રોગ, ઉપદ્રવ, વ્યાધિ, દુઃખ, દુર્ભિક્ષ,

---

१ भ्रातृमित्र इति वा पाठ

૨ છાની વાત કહેવા અને પૂછવા યોગ્ય હોય તેવા મિત્ર

૩ સમાન વયવાળા મિત્ર

૪ પુત્ર અને ભત્રિજા વગેરેના શ્વસુર પક્ષવાળા.

૫ સમસ્ત પ્રકારે હર્ષ તે **આમોદ** અને પ્રકર્ષે હર્ષ તે **પ્રમોદ** એ બને શબ્દ હર્ષ વાચક છે તોપણ અધિક આનંદ દેખાડવાને માટે બને શબ્દ વાપર્યા છે.

६ सन्तु इति शेष

૭ થોડો વખત રહેવાવાળા તાવ વગેરે

૮ ઘણા કાળ રહેવાવાળા કોઢ વગેરે રોગ

૯ પ્રતિકુલ વિપાક-અરતિ.

दौर्मनस्योपशमनाय शांतिर्भवतु ॥

અને દુર્મનપણાના ઉપશમનને માટે, શાંતિ થાઓ.

ૐ પુત્ર, મિત્ર, સહોદર, સ્રી, દોસ્ત, જ્ઞાતિજન, સગા અને સગોત્રીઓ (પિત્રાઇઓ) એ સર્વ નિરંતર આમોદ પ્રમોદને કરનારા થાઓ અર્થાત્ સર્વે વિશેષે કરીને પરસ્પર આનંદને કરવાવાળા થાઓ. વળી આ લોકને વિષે પૃથ્વી ઉપર પોતાના સ્થાનકોને વિષે વસનારા સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાઓના રોગ, ઉપદ્રવ, વ્યાધિ, દુઃખ, દુષ્કાળ અને ચિત્તની અસ્વસ્થતાના ઉપશમનને માટે (નિવારણમાટે) શાંતિ થાઓ.

ॐ तुष्टि[2] पुष्टि[3] ऋद्धिवृद्धिमांगल्योत्सवाः ॥

ૐ સંતોષ, પુષ્ટિ, દોલત, વંશ વૃદ્ધિ, કલ્યાણ અને [5]ઉત્સવો થાઓ

सदा प्रादुर्भूतानि पापानि शाम्यंतु[6] दुरितानि,

નિરંતર ઉદયમાં આવેલાં પાપો શાંત થાઓ અશુભ કર્મફળ

शत्रवः पराङ्मुखा भ न्तु स्वाहा ॥

શત્રુઓ અવળા મુખવાળા થાઓ, સ્વાહા

---

૧ ચિત્તની અસ્વસ્થતા.

૨ શરીરાદિની પુષ્ટિ અથવા પુરૂષાર્થ સાધવાનું સામર્થ્ય.

૩ પુત્ર પૌત્રાદિ પરિવારનો વિસ્તાર અથવા શુભ વસ્તુની વૃદ્ધિ.

૪ भवन्तु इतिशेषः

૫ પુત્રના જન્મ વિવાહાદિ મહોત્સવ અને ધર્મકાર્યના મહોત્સવ.

૬ ડમરૂકમણિ ન્યાયે કરીને આ ક્રિયાપદ બંને બાજુ જોડવું.

ૐ ચિત્તાનો સંતોષ, પુષ્ટિ, દોલત, વંશવૃદ્ધિ, કલ્યાણ અને ઉત્સવો થાઓ. હૃદયમાં આવેલા પાપો નિરંતર શાંત થાઓ. (નાશ પામો), અશુભ કર્મફળો શાંત થાઓ. શત્રુઓ અવળામુખવાળા થાઓ. સ્વાહા.

[1]श्रीमते शांतिनाथाय, नमः शांतिविधायिने।
શ્રીમાન્ શાંતિનાથને નમસ્કાર થાઓ શાંતિને કરનારા
त्रैलोक्यस्यामराधीश–मुकुटाभ्यर्चितांघ्रये[2] ॥ १ ॥
ત્રણ લોકની, દેવેંદ્રોના મુકુટવડે પૂજાયેલ છે ચરણકમળ જેનાં એવા

અર્થઃ—શ્રીમાન્, ત્રણ લોકની શાંતિને કરનારા, દેવેંદ્રોના મુકુટો વડે પૂજાયેલ છે ચરણ કમળ જેમનાં એવા શ્રીશાંતિનાથને નમસ્કાર થાઓ.૧

शांतिः शांतिकरः श्रीमान्, शांतिं दिशतु मे गुरुः।
શાંતિનાથ શાંતિને કરનારા શ્રીમાન્ શાંતિને આપો મને તત્ત્વોપદેષ્ટા
शांतिरेव सदा तेषां, येषां शांतिर्गृहे गृहे ॥२॥
શાંતિજ હોય નિરંતર તેઓના, જેઓના શાંતિનાથ ઘરે ઘરે

અર્થઃ—શાંતિને કરનારા, તત્ત્વોપદેષ્ટા અને શ્રીમાન્ એવા શાંતિનાથ પ્રભુ મને શાંતિને આપો જેઓના ઘરને વિષે શાંતિના. થ પ્રભુ પૂજાય છે તેઓના ઘરે નિરંતર શાંતિજ થાય છે. ૨

---

૧ સમવસરણાદિ પ્રશસ્ત ઋદ્ધિવાળા અથવા શોભા–કાંતિવાળા.

૨ પ્રણામ કરતી વખતે ઇંદ્રોના મુકુટોનું પ્રતિબિંબ ભગવતના ચરણમાં પડે છે માટે મુકુટવડે પૂજાયેલા.

उन्मृष्टरिष्टदुष्ट-ग्रहगतिदुःस्वप्नदुर्निमित्तादि[1] ।

દૂર કર્યા છે ઉપદ્રવ, દુષ્ટ ગ્રહની ગતિ, ખરાબ સ્વપ્ન અને દુષ્ટ નિમિત્ત વગેરે જેણે એવું

संपादितहितसंप-न्नामग्रहणं जयति शांतेः ॥३॥

સંપાદન કરી છે શુભ લક્ષ્મી જેણે એવું, } નામગ્રહણ જયવંત વર્તે છે } શાંતિનાથનું

અર્થઃ—દૂર કર્યા છે ઉપદ્રવ, દુષ્ટ ગ્રહની ગતિ (ખરાબ સ્થાને ગ્રહનું સંક્રમવું), ખરાબ સ્વપ્ન (ઉંટ, મહિષનું આરોહણ વગેરેનુ સ્વપ્નમાં દેખવું), અને દુષ્ટ નિમિત્ત (ખરાબ અંગનું ફરકવું) વગેરે જેણે એવું અને સંપાદન કરી છે શુભ લક્ષ્મી જેણે એવુ શાતિનાથ પ્રભુનું નામગ્રહણ (નામોચ્ચારણ) જયવંત વર્તે છે અર્થાત્ ભક્તજનોને સુખ અને શ્રેયને કરનારૂં છે. ૩

[2]श्रीसंघजगज्जनपद-राजाधिपराजसन्निवेशानां ।

શ્રી સંઘ, જગત્, દેશ, રાજારૂપ અધિપતિ અને રાજાના રહેવાના સ્થાનોના

गोष्ठिकपुरमुख्याणां, व्याहरणैर्व्याहरेच्छांतिं ॥ ४ ॥

ધર્મ સભાના સભ્યો અને નગરના મ્હોટા પુરૂષોના } નામ ગ્રહણ કરીને, ઉદ્ઘોષણા કરવી, શાંતિને

અર્થ—શ્રી સંઘ, જગત, દેશ, રાજારૂપ અધિપતિઓ અને રાજાના રહેવાના સ્થાનોના તેમજ ધર્મસભાના સભ્યો અને નગરના મ્હોટા પુરૂષોનાં નામ ગ્રહણ કરીને શાંતિની ઉદ્ઘોષણા કરવી. ૪

---

૧ આદિ શબ્દે અશુભ શુકન લેવા.

૨ श्री संघपौरजनपद इति वा पाठ.

श्रीश्रमणसंघस्य शांतिर्भवतु,
શ્રી શ્રમણસંઘની શાંતિ થાઓ,

श्रीजनपदानां शांतिर्भवतु,
દેશોની શાંતિ થાઓ,

श्रीराजाधिपानां शांतिर्भवतु,
રાજારૂપ અધિપતિઓની શાંતિ થાઓ,

श्रीराजसन्निवेशानां शांतिर्भवतु,
રાજાના સારા રહેવાના સ્થાનોની શાંતિ થાઓ,

श्रीगोष्ठिकानां शांतिर्भवतु,
ધર્મસભાના સભ્યોની શાંતિ થાઓ,

[1]श्रीपौरमुख्याणां शांतिर्भवतु,
નગરનામ્હોટાજનોની શાંતિ થાઓ,

श्रीपौरजनस्य शांतिर्भवतु,
નગરના લોકોની શાંતિ થાઓ,

श्रीब्रह्मलोकस्य शांतिर्भवतु,
સમસ્તજીવલોકની શાંતિ થાઓ,

---

૧ पुरमुख्याणां इति पाठान्तरे. આ પદ પછી " श्री गच्छाधिपानां शांतिर्भवतु ગચ્છના અધિપતિ (આચાર્યો)ની શાંતિ થાઓ" એ પદ ટીકામા આપેલ છે श्री परिवारस्य शांतिर्भवतु એ પદ પણ ટીકામાં છે.

ॐ स्वाहा ॐ स्वाहा ॐ श्रीपार्श्वनाथाय स्वाहा ।

ઓં સ્વાહા ઓં સ્વાહા ઓં શ્રીપાર્શ્વનાથને સ્વાહા

શ્રી શ્રમણ સંઘને શાંતિ થાઓ, દેશોને શાંતિ થાઓ, રાજારૂપ અધિપતિઓને શાંતિ થાઓ, રાજાના રહેવાના સારા સ્થાનોને શાંતિ થાઓ, ધર્મસભાના સભ્ય જનોને શાંતિ થાઓ, નગરના મુખ્ય જનોને શાંતિ થાઓ, નગરના લોકોને શાંતિ થાઓ, સમસ્ત જીવલોકને શાંતિ થાઓ. ૐ સ્વાહા ૐ સ્વાહા. ૐ શ્રી પાર્શ્વનાથ પ્રભુને સ્વાહા એટલે આ કુંકુમ, ચંદન, વિલેપન, પુષ્પ, અક્ષત, ધુપ અને દીપ વગેરે પૂજાના સાહિત્યો શ્રી પાર્શ્વ પ્રભુને સંતોષને માટે હો.

एषा शांतिः प्रतिष्ठायात्रास्नात्राद्यवसानेषु।

આ શાંતિપાઠ પ્રતિષ્ઠા, યાત્રા અને સ્નાત્રાદિને અંતે ભણવો.

शांतिकलशं गृहीत्वा,

શાંતિકળશ ગ્રહણ કરીને

---

૧ અહી સ્નાત્રના આરંભને વિષેજ જે પ્રભુનું સ્નાત્ર કરવાનું હોય તેનું નામ લેવુ જોઇએ પરંતુ તેમ નહિ કરતાં અહી નામ સૂચવ્યું છે. વળી લોકોમાં પાર્શ્વ પ્રભુ વિશેષ પ્રભાવિક હોવાથી તેમનુ નામ ગ્રહણ કર્યું છે.

૨ આદિ શબ્દે પખ્ખી, ચૌમાસી અને સંવત્સરી પ્રતિક્રમણને અંતે અને સર્વ ધર્મકાર્યની સમાપ્તિને વિષે મંગળિકને માટે અવશ્ય ભણવો.

३ पठनीया इति शेष.

कुंकुमचंदनकर्पूरागुरुधूपवासकुसुमांजलिसमेतः,

કેસર, સુખડ,બરાસ,અગુરૂ, ધૂપવાસ અને કુસુમાંજલિસહિતછતો

स्नात्रचतुष्किकायां

સ્નાત્રમંડપને વિષે

श्रीसंघसमेतः, शुचिशुचिवपुः

શ્રીસંઘસહિતછતો પવિત્રછેશરીરજેનું એવો

पुष्प-वस्त्रचंदनाभरणालंकृतः,

પુષ્પ, વસ્ત્ર, ચંદન અને અલંકારવડે સુશોભિત છતો

पुष्पमालां कंठे कृत्वा, शांतिमुद्घोषयित्वा

ફુલનીમાળાને કંઠનેવિષે ધારણકરીને શાંતિપાઠનેઉદ્ઘોષણાકરીને

शांतिपानीयं मस्तके दातव्यमिति ॥

શાંતિ કળશના જળને માથે નાખવું એ પ્રકારે.

આ શાંતિપાઠ તીર્થંકરોની પ્રતિષ્ઠા, યાત્રા અને સ્નાત્રાદિને અંતે ભણવો. આ શાંતિની ઉદ્ઘોષણા કેવી રીતે કરવી તે કહે છે. કે-કોઇ વિશિષ્ટ ગુણવાન શ્રાવક ઉભો થઈને શાંતિ કળશ (શાંતિને માટે શુદ્ધ જળથી ભરેલ કળશ) ને ગ્રહણ

---

૧ शुचिशुचिवस्त्रचंदनाभरणालंकृत એવો પાઠ હોય ત્યા અર્થ આ પ્રમાણે લેવો-બાહ્યાભ્યંતર મળ રહિત (પવિત્ર) શરીર, પવિત્ર (દેવપૂજા યોગ્ય) વસ્ત્ર, ચંદનાદિ વિલેપન અને બાજુ બંધ વિંટી વગેરે ઘરેણા વડે સુશોભિત થયો છતો.

૨ સમાપ્તિના અર્થમાં ઇતિ વપરાયેલ છે.

કરીને (ડાબા હાથમાં ધારણ કરી જમણો હાથ તેના ઉપર ઢાંકી) કેસર, સુખડ, બરાસ, અગુરૂ, ધુપવાસ (અગ્નિમાં ધુપ નાંખવાથી નીકળતી સુગંધી અથવા કેસર ચંદનાદિના ઘસવાથી નીકળતો સુગંધી પરિમલ), અને કુસુમાંજલિ (પુષ્પથી ભરેલ અંજલિ–ખોબો) સહિત છતો; સ્નાત્રમંડપને વિષે શ્રી સંઘ સહિત છતો; પવિત્ર છે શરીર જેનું એવો; પુષ્પ, વસ્ત્ર, ચંદન અને અલંકાર (ઘરેણા) વડે સુશોભિત છતો; પુષ્પની માળાને ગળામાં ધારણ કરીને શાંતિપાઠની ઉદ્દઘોષણા કરીને શાંતિકળશનું પાણી (સર્વ જનોએ પોતાના) મસ્તકે નાંખવું.

नृत्यंति नृत्यं मणिपुष्पवर्षं, सृजंति गायंति च मंगलानि।

કરેછે, નાટક રત્ન મોતી અને પુષ્પની વૃષ્ટિ } કરેછે. ગાયછે. વળીમંગળકારી ગીતો

स्तोत्राणि गोत्राणि पठंति *मंत्रान्,

સ્તોત્રો વંશનાનામો બોલેછે. મંત્રોને

कल्याणभाजो हि जिनाभिषेके ॥ १ ॥

કલ્યાણનેભજનારા નિશ્ચે જિનસ્નાત્ર મહોત્સવે

---

* અહી મંત્રો આ પ્રમાણે જાણવા—

ॐ नमो भगवउ अरहउ संतिजिणस्स सिज्झउ मे भगवइ महइ महाविज्जा संति पसंति उवसंति सव्वं पावं पसमेउ तउ सव्वसत्ताणं दुपयाणं चउप्पयाणं देसगामागरपट्टणखेडे सुपुरिसाणं इत्थीणं नपुंसगाणं वा स्वाहा ॥इति शांतिनाथविद्यामंत्रः॥

આ તથા પાર્શ્વનાથનો અને મહાવીર પ્રભુનો વર્ધમાન વિદ્યાનો મંત્ર વગેરે ગુરૂ આમ્નાય વડે જાણી લેવા.

અર્થ:—કલ્યાણ યુક્ત ભવ્ય પ્રાણીઓ જિનેશ્વરના સ્નાત્ર મહોત્સવને અંતે નિશ્ચે નાટક કરે છે, (જિનેશ્વર ઉપર) રત્ન મોતી અને પુષ્પની વૃષ્ટિ કરે છે, મંગળકારી ગીતો ગાય છે, સ્તોત્રો (જિનસ્તુતિરૂપ) અને તીર્થંકરના નામો બોલે છે (અથવા તીર્થંકરના વંશો વર્ણવે છે.) અને મંત્રો (અથવા મંત્ર ગર્ભિત સ્તવો) ભણે છે. ૧

शिवमस्तु सर्व्वजगतः,परहितनिरता ज्ञवंतुभूतगणाः।

કલ્યાણ હો સર્વ જગતનું પરહિતકરવામાંતત્પર. થાઓ. પ્રાણી સમુદાય

दोषाः प्रयांतु नाशं,सर्वत्र सुखोज्ञवतु लोकः ॥ २ ॥

દોષો વિશેષે પામો નાશને, સર્વ ઠેકાણે સુખી થાઓ. જીવલોક

અર્થ—સર્વ જગતનું કલ્યાણ થાઓ, પ્રાણી સમુદાય પારકાનું હિત કરવામાં તત્પર થાઓ, દોષો (વ્યાધિ, દુખ અને દુર્મનપણું વગેરે) વિશેષે નાશ પામો અને જીવલોક સર્વ ઠેકાણે (સર્વ કાર્યમાં) સુખી થાઓ. ૨

अहम् तीर्थंकरमाता शिवादेवी युष्मन् नगरनिवासिनी

अहं तित्थयरमाया,[2]सिवादेवी तुम्ह नयरनिवासिनी

હું નેમિનાથપ્રભુની માતા શિવાદેવી તમારા નગરને વિષે રહેનારી

---

१ भवतु लोका इति पाठान्तरम्.

૨ અહી ટીકાકાર નાગપુરીય ગચ્છી શ્રી ચંદ્રકીર્તિ સૂરિના શિષ્ય **હર્ષકીર્તિસૂરિ** લખે છે કે-શ્રી નેમિનાથ તીર્થંકરની માતા શિવાદેવી કહે છે કે—હું તીર્થંકરની માતા શિવાદેવી વગેરે આ ઉપરથી આ **શાંતિ સ્તવ** નેમિનાથ પ્રભુની માતા શિવાદેવી જે માહેંદ્ર દેવલોકે ગયેલા છે તેમણે રચ્યુ એમ સંભવે છે.

अस्माकं शिवं युष्माकं शिवं अशिवोपशमं शिवं भवतु स्वाहा

अम्हसिवं, तुम्हसिवं, असिवोवसमंसिवंभवतुस्वाहा॥३॥

અમારૂં કલ્યાણ તમારૂં કલ્યાણ વિઘ્નનોનાશ કલ્યાણ થાઓ
સ્વાહા

અર્થ—હું નેમિનાથ તીર્થંકરની માતા શિવાદેવી તમારા નગરને વિષે વસનારી છું (તમારા નગરને સાન્નિધ્ય કરવાવાળી છું), તેથી મારૂં કલ્યાણ થાઓ અને (શિવાદેવી નામોચ્ચારણવડે) તમારૂં પણ કલ્યાણ થાઓ. વિઘ્નનો નાશ અને કલ્યાણ થાઓ. ૩

उपसर्गाः क्षयं यांति, छिद्यंते विघ्नवल्लयः ।

ઉપસર્ગો ક્ષય પામેછે, છેદાયછે, વિઘ્નની વેલો

मनः प्रसन्नतामेति, पूज्यमाने जिनेश्वरे ॥ ४ ॥

મન પ્રસન્નતા પામેછે, પૂજાયેછતે જિનેશ્વરને

અર્થ—જિનેશ્વર પૂજાયે છતે ઉપસર્ગો ક્ષય પામે છે, વિઘ્નની વેલડીઓ છેદાય છે અને મન પ્રસન્નતાને પામે છે. ૪

सर्वमंगलमांगल्यं, सर्वकल्याणकारणं ।

સર્વ મંગળને વિષે મંગળિક સર્વ કલ્યાણનું કારણ

प्रधानं सर्व्वधर्माणां, जैनं जयति शासनम् ॥ ५ ॥

શ્રેષ્ઠ સર્વ ધર્મોને વિષે જૈન જયવંત વર્તેછે. શાસન

અર્થ—સર્વ મંગળિકોને વિષે મંગળકારી, સર્વ કલ્યાણનું કારણ અને સર્વ ધર્મોને વિષે શ્રેષ્ઠ એવું જૈન (જિનેશ્વરનું પ્રવર્તાવેલું) શાસન જયવંત વર્તે છે. ૫

ઇતિશ્રીબૃહચ્છાંતિસ્તવ સંપૂર્ણમ્

अथ संथारापोरिसि*

नैषेधिकी नैषेधिकी नैषेधिकी नमः क्षमाश्रमणेभ्यो

निसीहि निसीहि निसीहि, नमो खमासमणाणं

પાપ વ્યાપારનો ત્યાગ કરીને (૩ વાર લેવો) નમસ્કાર થાઓ, ક્ષમાશ્રમણોને

गौतमादिभ्यः महामुनिभ्यः

गोयमाईणं महामुणीणं[1] ॥

ગૌતમ સ્વામી વગેરે મ્હોટા મુનિઓ

અર્થ—પાપ વ્યાપારનો ત્યાગ કરીને (વાર ત્રણ) મ્હોટા મુનિઓ એવા ગૌતમ સ્વામી વગેરે ક્ષમા શ્રમણોને નમસ્કાર થાઓ.

अनुजानीत ज्येष्ठार्याः ! अनुजानीत परमगुरवः !

अणुजाणह जिट्ठि(ठ)ज्जा ! अणुजाणह परमगुरू !

આજ્ઞા આપો, હે વૃદ્ધ સાધુઓ ! આજ્ઞા આપો ! હે શ્રેષ્ઠ ગુરૂઓ !

---

* સાધુ અને રાત્રી પોસહ કરનાર શ્રાવક રાત્રીની પહેલી પોરિસિમાં સ્વાધ્યાય કરીને પોરિસિ પૂર્ણ થયે સંથારો કરવા માટે (શયન માટે) ગુરૂ મહારાજ સન્મુખ આજ્ઞા માગવાને અર્થે આવે છે તે વખતે કરવાનો વિધિ આ સૂત્રમાં વર્ણવેલ છે

૧ આ પાઠ પછી એક નવકાર તથા કરેમિભંતે સૂત્ર એ પ્રમાણે અનુક્રમે ત્રણવાર બોલવાનુ છે.

गुरुगुणरत्नैः मंडितशरीराः !

गुरुगुणरयणेहिँ मंडियसरीरा ।

મ્હોટા ગુણરૂપ રત્નોવડે શોભિત છે શરીર જેના

बहुप्रतिपूर्णा पौरुषी रात्रिकसंस्तारकं करोमि

बहुपडिपुन्ना पोरिसि, राइयसथारए ठामि ॥ १ ॥

ઘણી સંપૂર્ણ થઈ પોરસી, રાત્રીસંબંધી સંથારાને હું કરૂં છું.

અર્થ—હે વૃદ્ધ (વડિલ) સાધુઓ ! આજ્ઞા આપો. મ્હોટા ગુણ રૂપ રત્નો વડે સુશોભિત છે શરીર જેના એવા હે શ્રેષ્ઠ ગુરૂઓ ! આજ્ઞા આપો ! પોરિસી બરાબર સંપૂર્ણ થઈ છે હું રાત્રી સંબંધી સંથારો કરૂં છું. ૧

अनुजानीत संस्तारं बाहूपधानेन वामपार्श्वेन

अणुजाणह संथारं, बाहुवहाणेण वामपासेणं ।

આજ્ઞા આપો સંથારાની હાથના ઓશીકાવડે ડાબા પડખે

[१]कुर्कुटीपादप्रसारणं अशक्नुवन् प्रमार्जयति भूमिं(प्रमार्ज्य स्थापयति)

कुक्कुडिपायपसारण,अतरंत पमज्जए भूमिं ॥ २ ॥

કુકડીની પેઠે આકાશમાં પગ પ્રસારવાનેઅસમર્થ છતો પુંજે જમીનને

---

૧ જેમ કુકડી ઉચા પગ રાખીને સુવે છે તે માફક સાધુને સુઈ રહેવુ જોઇએ અને તેમ સુવાને અસમર્થ હોય તો પછી જમીન પુજીને પગ નીચે રાખે.

संकुच्य संदंशकान् उद्वर्तने च कायप्रतिलेखनं

संकोइअ संडासा, उव्वट्टंते अ कायपडिलेहा ।

સંકોચીને ઢીંચણો પાસું ફેરવતાં અને શરીરનું પડિલેહણ કરે

(जागरणे च)—

द्रव्याद्युपयोगं[1] उच्छ्वासनिरुंभणालोके (निद्राच्छेदायालोकदर्शनं)

दव्वाईउवओगं, ऊसासनिरुंभणालोए[2] ॥ ३ ॥

દ્રવ્યાદિનો ઉપયોગ કરે, શ્વાસોસ્વાસ રૂંધીને જૂએ.

---

૧ દ્રવ્યાદિનો ઉપયોગ આપે એટલે દ્રવ્ય થકી, હુ કોણુ છુ—સાધુ કે ગૃહસ્થ ? એમ વિચારે. ક્ષેત્ર થકી, હુ ઉપર છું કે નીચે ? એમ વિચારે. કાળથકી, રાત્રિ છે કે દિવસ ? એમ વિચારે ભાવ થકી, મને લઘુશકા વગેરેની બાધા છે કે નહિ ? એમ વિચારે.

૨ નિદ્રા દૂર થયા પછી લઘુશકાદિ બાધા ટાળવા દ્વાર પુજીને બહાર જાય ત્યા ચૌરાદિનો ભય હોય તો એક સાથે બે જાય, તેમાં એક બારણામાં ઉભો રહે અને બીજો લઘુશકાદિ બાધા ટાળે શીકારી જનાવરોનો ભય હોય તો એક સાથે ત્રણ જાય, તેમા એક બારણામાં ઉભો રહે, બીજો શરીરની બાધા ટાળે અને ત્રીજો તેની પાસે રક્ષપાળ તરિકે ઉભો રહે જો લઘુશકાદિ બાધા ટાળનારને વધારે વાર થાય તો બારણામા ઉભો રહેલ સાધુ પોતાને સ્થાને બીજા સાધુને ઉભો રાખીને પોતે તે બાધા ટાળનાર પાસે જઇને જગાડીને તેડી લાવે, પછી ઇર્યાવહિ પ્રતિક્રમીને સૂક્ષ્મ આનપ્રાણુ લબ્ધિવાળા જે મુનિ હોય તે ચૌદ પૂર્વ સુધીનો પાઠ કરે. તેવી શક્તિના અભાવે શક્તિ મુજબ ઓછુ ઓછું ગણે; ઓછામાં ઓછી ત્રણુ ગાથા ગણે તેટલી પણ ગણવાને અશક્ત હોય તો પછી સુઇ રહે. —મોધાને॰ કો॰

અર્થ–સંથારાની આજ્ઞા આપો ! (ગુરૂ મહારાજ આજ્ઞા આપે એટલે) હાથને ઓશીકું કરીને ડાબા પડખે, કુકડીની પેઠે આકાશમાં પગ પ્રસારવાને અસમર્થ છતો જમીનને પુંજે (પુંજીને ત્યાં પગ રાખે છે) અને ઢીંચણો સંકોચીને સૂવે અને પાસુ ફેરવતાં શરીરનું પડિલેહણ કરે. વળી (જાગવું હોય ત્યારે) દ્રવ્યાદિનો ઉપયોગ કરે (તેમ છતાં નિદ્રા ઉડે નહિ તો) શ્વાસોશ્વાસ રૂંધીને (નિદ્રા દૂર કરવાને જતા આવતા લોકોને) જૂએ છે. ૨–૩

[1]यदि मे भवेत् प्रमादः अस्य देहस्य अस्यां रजन्यां

जइ मे हुज्ज पमाओ, इमस्स देहस्सिमाइ रयणीए।

જો મારા થાય મરણ આ શરીરનું આ રાત્રીને વિષે

आहारउपधिदेहः (इत्यादि)सर्व्वं त्रिविधेन व्युत्सृष्टम्

आहारमुवहिदेहं, सव्वं तिविहेण वोसिरिअं ॥४॥

આહાર ઉપકરણ અને શરીર વગેરે સર્વ ત્રિવિધે વોસરાવ્યું છે.

અર્થ–જો આ રાત્રીને વિષે મારા આ શરીરનું મરણ થાય તો આહાર, ઉપકરણ અને શરીર વગેરે સર્વ ત્રિવિધે કરીને (મન, વચન અને કાયાવડે) વોસરાવ્યું છે. ૪

चत्वारो मंगलानि–अर्हन्तः मंगलं सिद्धाः मंगलं

चत्तारि मंगलं–अरिहंता मंगलं, सिद्धा मंगलं;

ચાર મંગળ છે–અરિહંતો માંગળિક, સિદ્ધો માંગળિક,

---

૧ અહીંથી ૧૭ ગાથા પર્યંતની હકીકત રાત્રે સુતી વખતે વિચારવાની છે.

[1]साधवः मंगलं केवलिप्रज्ञप्तो धर्मो मंगलं

साहू मंगलं, केवलिपन्नत्तो धम्मो मंगलं ॥ ५ ॥

સાધુઓ માંગળિક, કેવળિએ પ્રરૂપેલ ધર્મ માંગળિક.

અર્થ—ચાર મને મંગળરૂપ છે—અરિહંતો માંગળિક છે, સિદ્ધો માંગળિક છે, સાધુઓ માંગળિક છે અને કેવળિએ પ્રરૂપેલ ધર્મ (શ્રુત અને ચારિત્રરૂપ) માંગળિક છે. ૫

चत्वारः लोकोत्तमाः—अर्हन्तः लोकोत्तमाः सिद्धा लोकोत्तमाः

चत्तारि लोगुत्तमा-अरिहंता लोगुत्तमा, सिद्धा लोगुत्तमा।

ચાર લોકને વિષે ઉત્તમ છે—અરિહંતો લોકમાં ઉત્તમ, સિદ્ધો લોકમાં ઉત્તમ,

साधवः लोकोत्तमाः केवलिप्रज्ञप्तो धर्मो लोकोत्तमः

साहू लोगुत्तमा, केवलिपन्नत्तो धम्मो लोगुत्तमो ॥६॥

સાધુઓ લોકમાં ઉત્તમ, કેવળિએપ્રરૂપેલ ધર્મ લોકમાં ઉત્તમ છે.

અર્થ—ચાર લોકને વિષે ઉત્તમ છે—અરિહંતો લોકમાં ઉત્તમ છે, સિદ્ધો લોકમાં ઉત્તમ છે, સાધુઓ[1] લોકમાં ઉત્તમ છે અને કેવળિએ પ્રરૂપેલ ધર્મ લોકમાં ઉત્તમ છે. ૬

चत्वारः शरणं प्रपद्ये अर्हतः शरणं प्रपद्ये

चत्तारि सरणं पवज्जामि—अरिहंते सरणं पवज्जामि,

ચારને શરણ અંગીકાર કરૂં છું-અરિહંતોને શરણ અંગીકાર કરૂં છું,

---

૧ સમ્યક્ જ્ઞાન અને ક્રિયાવડે મોક્ષ માર્ગને સાધે તે સાધુ.

सिद्धान् शरणं प्रपद्ये साधून् शरणं प्रपद्ये

सिद्धे सरणं पव॒ज्जामि। साहू सरणं पवज्जामि,

સિદ્ધોને શરણ અંગીકાર કરૂં છું, સાધુઓને શરણ અંગીકાર કરૂં છું,

केवलिप्रज्ञप्तं धर्मं शरणं प्रपद्ये

केवलिपण्णत्तं धम्मं सरणं पवज्जामि ॥७॥

કેવળિએ પ્રરૂપેલ ધર્મને શરણ અંગીકાર કરૂં છું.

અર્થ-હું ચારને શરણ તરિકે અંગીકાર કરૂં છું—અરિહંતોને શરણ અંગીકાર કરૂં છું, સિદ્ધોને શરણ અંગીકાર કરૂં છું, સાધુઓને શરણ અંગીકાર કરૂં છું અને કેવળિએ પ્રરૂપેલ ધર્મને શરણ અંગીકાર કરૂં છું. ૭

प्राणातिपातोऽलिकं चौर्यं मैथुनं द्रव्यमूर्च्छा

पाणाइवायमलिअं, चोरिक्कं मेहुणं दविणमुच्छं।

પ્રાણાતિપાત મૃષાવાદ ચોરી મૈથુન દ્રવ્યની મૂર્છા

क्रोधो मानं माया लोभः प्रेम तथा द्वेषः

कोहं माणं मायं, लोभं पिज्जं तहा दोसं ॥ ८ ॥

ક્રોધ માન માયા લોભ રાગ તેમજ દ્વેષ

क्लेशः अभ्याख्यानं पैशून्यं रतिअरतिसमायुक्तं

कलहं अब्भक्खाणं, पेसुन्नं रइअरइसमाउत्तं।

કલેશ અભ્યાખ્યાન ચાડી રતિ અરતિ વડે યુક્ત

परपरिवादः माया—मृषा मिथ्यात्वशल्यं च

परपरिवायं माया—मोसं मिच्छत्तसल्लं च ॥ ए ॥

પર પરિવાદ માયા મૃષાવાદ મિથ્યાત્વ શલ્ય અને

અર્થ—પ્રાણાતિપાત (હિંસા), મૃષાવાદ, ચોરી, મૈથુન (સ્ત્રી સેવન), દ્રવ્ય (ધન–ધાન્યાદિ પુદ્ગલિક વસ્તુ)ની મૂર્છા, ક્રોધ, માન, માયા, લોભ, રાગ તેમજ દ્વેષ; કલેશ, અભ્યાખ્યાન (પરને આળ દેવું), ચાડી અને રતિ અરતિવડે યુક્ત, પરપરિવાદ, માયામૃષાવાદ અને મિથ્યાત્વશલ્ય. ૮–૯

व्युत्सृज इमानि मोक्षमार्गसंसर्गविघ्नभूतानि

वोसिरिसु इमाइं, मुखमग्गसंसग्गविग्घभूआई ।

વોસરાવ આ, મોક્ષમાર્ગના ગમનને વિષે અંતરાય કરનાર

दुर्गतिनिबंधनानि अष्टादश पापस्थानानि

दुग्गइनिबंधणाई, अठारस पावठाणाई ॥ १० ॥

માઠી ગતિના કારણભૂત, અઢાર પાપસ્થાનોને

અર્થ—મોક્ષ માર્ગના ગમનને વિષે અંતરાય કરનારા અને માઠી ગતિના કારણભૂત એવા એ પૂર્વોક્ત અઢાર પાપસ્થાનોને (હે આત્મા!) તું વોસરાવ (ત્યાગ કર.) ૧૦

एकोऽहं नास्ति मे कोपि (कश्चित्) नाहमन्यस्य कस्यचित्

एगोहं नत्थि मे कोई, नाहमन्नस्स कस्सई ।

એક છું હું નથી મારૂં કોઈ, નથી હું અન્ય કોઇનો

एवं अदीनमनाः आत्मानमनुशास्ति

एवं अदीणमणसो अप्पाणमणुसासई ॥११॥

એ પ્રકારે અગ્લાન ચિત્તવાળો, આત્માને શીખામણ આપે

અર્થઃ—હું એકલો છું, મ્હારૂં કોઈ નથી, હું અન્ય કોઇ પણનો નથી; એ પ્રકારે અગ્લાન ચિત્તવાળો (સાવધાન ચિત્તવાળો) આત્માને શીખામણ આપે. ૧૧

एको मे शाश्वत् आत्मा ज्ञानदर्शनसंयुतः

एगो मे सासओ अप्पा, नाणदंसणसंजुओ ।

એક મારો શાશ્વતો આત્મા જ્ઞાન દર્શન યુક્ત

शेषाः मे बाह्या भावाः सर्वे संयोगलक्षणाः[1]

सेसा मे बाहिरा भावा, सव्वे संजोगलक्खणा ॥१२॥

બાકીના મારાથી બાહ્ય ભાવો, સર્વે સંયોગ લક્ષણવાળા

અર્થ—શાસ્વતો (સદાકાળ રહેનારો-નિત્ય) અને જ્ઞાન દર્શન યુક્ત, એક મારો આત્મા છે. બાકીના સંયોગ લક્ષણવાળા સર્વે ભાવો મારાથી બાહ્ય છે. અર્થાત મારાથી જૂદા છે ૧૨

संयोगमूला जीवेन प्राप्ता दुःखपरंपरा

संजोगमूला जिवेण, पत्ता दुक्खपरंपरा ।

સંયોગ છે મૂળ કારણ જેનું એવી, જીવે, પ્રાપ્ત કરી, દુ:ખની શ્રેણી

तस्मात् संयोग संबंधः सर्वः त्रिविधेन व्युत्सृष्टः

तम्हा संजोगसंबंधं, सव्वं तिविहेण वोसिरिअं १३

તે માટે સંયોગ સંબંધ સર્વ ત્રિવિધે વોસિરાવ્યો.

૧ દ્રવ્યથકી-ધન, ધાન્ય, કુટુંબાદિના મેલાપ અને ભાવથકી વિષય કષાયાદિના મેલાપ.

અર્થઃ—સંયોગ (ધન કુટુંબાદિક) છે મૂળ કારણ જેનું એવી દુઃખની શ્રેણી જીવે પ્રાપ્ત કરી છે તે માટે સંયોગનો સંબંધ મેં ત્રિવિધે (મન, વચન, કાયાએ) વોસિરાવ્યો છે. ૧૩

अर्हन् मम देवो यावज्जीवं [1]सुसाधवो गुरवः

अरिहंतो मह देवो, जावज्जीवं सुसाहुणो गुरुणो।

અરિહંત મ્હારા દેવ જાવજીવ સુધી સુસાધુઓ ગુરૂ

जिनप्रज्ञप्तं [2]तत्त्वं इति सम्यक्त्वं मया गृहीतं

जिणपण्णत्तं तत्तं, इअ सम्मत्तं मए गहिअं॥१४॥

વીતરાગદેવે પ્રરૂપેલ તત્ત્વ, એ પ્રકારે સમ્યક્ત્વને મેં ગ્રહણ કર્યું

અર્થ—યાવજ્જીવ સુધી અરિહંત મ્હારા દેવ છે, સુસાધુઓ મ્હારા ગુરૂ છે, વીતરાગ દેવે પ્રરૂપેલ તત્ત્વ મને માન્ય છે; એ પ્રકારે સમ્યક્ત્વને મેં ગ્રહણ કર્યું છે. ૧૪

क्षमयित्वा क्षामयित्वा मयि क्षमयित्वा (तदपराधान् विस्मृत्य स्वयं) सर्व्वान् जीवनिकायान्

खमिअ खमाविअ मइ खमिअ[3] सव्वह जीवनिकाय

ખમાવીને ખામીને મારે વિષે ખમાવીને સર્વ જીવનિકાયોને

सिद्धसाक्षिका आलोचना मम वैरभावा न (केनचिदपि)

सिद्धह साख आलोयणह, मुज्झह वइर न भाव॥१५॥

સિદ્ધની સાક્ષિપૂર્વક આલોચના મારે વૈરભાવ નથી. કોઇ સાથે

---

૧ સમ્યગ્ જ્ઞાન અને ક્રિયાવાળા આચાર્ય, ઉપાધ્યાય અને મુનિ.

૨ દયા મૂળ અને વિનય મૂળ તત્ત્વ અથવા જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપરૂપ તત્ત્વ.

३ खमह इति पाठान्तरं.

અર્થઃ—સર્વ જીવ નિકાયોને ખમાવીને અને ખામીને મારે વિષે સર્વ અપરાધો ખમો. સિદ્ધની સાક્ષી પૂર્વક હું આ-લોચના કરૂં છું, મારે કોઇની સાથે વૈરભાવ નથી. ૧૫

सर्वे जीवाः कर्मवशात् चतुर्दशरज्जुमये (लोके) भ्राम्यंति

सव्वे जीवा कम्मवस, चउदहराज भमंत ।

સર્વ જીવો કર્મવશથકી ચૌદ રજ્જુવાત્મક લોકને વિષે ભમેછે.

ते मया सर्वे क्षमिताः ममाऽपि ते क्षमन्ताम्

ते मे सव्व खमाविआ, मुज्झवि तेह खमंत ॥१६॥

તેઓ મેં સર્વ ખમાવ્યા મને પણ તેઓ ખમો.

અર્થઃ—સર્વ જીવો કર્મવશથકી ચૌદ રાજલોકને વિષે ભમે છે તે સર્વને મેં ખમાવ્યા છે. મને પણ તેઓ ખમો. ૧૬

यद्यत् मनसा बद्धं यद्यत् वाचा भाषितं पापं

जं जं मणेण बद्धं, जं जं वाएण भासियं पावं ।

જે જે મનવડે બાંધ્યું જે જે વચનવડે બોલાયું પાપ

यद्यत् कायेन कृतं मिथ्या मे दुष्कृतं तस्य

जं जं काएण कयं, मिच्छामि दुक्कडं तस्स॥१७

જે જે કાયાવડે કરાયું, ફોગટ થાઓ મારૂં પાપ તે

અર્થ—જે જે પાપ મનવડે બંધાયું, જે જે પાપ વ-ચન વડે બોલાયું અને જે જે પાપ કાયાવડે કરાયું છે તે મારૂં પાપ ફોગટ થાઓ અર્થાત્ તે પાપનો મિચ્છામિ દુક્કડ દઉં છું. ૧૭

ઇતિ સંસ્તારક વિધિ સંપૂર્ણમ્

॥ अथ श्रीरत्नाकरपञ्चविंशिका* प्रारम्भः ॥

उपजातिछन्दः

श्रेयः श्रियां मङ्गलकेलिसद्म!,

મોક્ષરૂપ લક્ષ્મીના માંગલિક ક્રીડા ગૃહ સમાન!

नरेन्द्रदेवेन्द्रनताङ्घ्रिपद्म !

રાજાઓ અને દેવેંદ્રોવડે નમસ્કાર કરાયા છે ચરણ કમળ જેના એવા!

सर्वज्ञ! सर्वातिशयप्रधान !,

હે સર્વજ્ઞ! સર્વ અતિશયો વડે શ્રેષ્ઠ!

चिरं जय ज्ञानकलानिधान ! ॥ १ ॥

ચિરકાળ જય પામો. હે કેવળજ્ઞાન અને કળાના નિધાન!

અર્થઃ—મોક્ષરૂપ લક્ષ્મીના માગલિક ક્રીડાના ગૃહ (ઘર) સમાન! રાજાઓ અને દેવેંદ્રાવડે નમસ્કાર કરાયા છે ચરણ-કમળ જેના એવા! સર્વ (ચોત્રીશ) અતિશયોવડે કરીને શ્રેષ્ઠ! કેવળજ્ઞાન અને કળાના ભંડાર! એવા હે સર્વજ્ઞ પ્રભુ! તમે ચિરકાળ જય પામો. ૧

* આ વીતરાગ દેવની સ્તુતિરૂપ પચ્ચીશી શ્રી **રત્નાકરસૂરિએ** બનાવેલી હોવાથી તેનુ નામ રત્નાકરપચવિંશકા કહેવાય છે શ્રી રત્ના-કરસૂરિ ચૌદમા સૈકામા થઈ ગયા છે તેઓ દીક્ષા લીધા બાદ પરિગ્રહધારી હતા પણ પાછળથી પરિગ્રહ ત્યાગ કરીને શુદ્ધ નિર્ગ્રંથ થયા ત્યારે પોતાના દોષોનો નિખાલસપણે પશ્ચાત્તાપ કરવા માટે આત્મનિંદા ગર્ભિત આ સ્તુતિ રચી એવી કિંવદતી ચાલે છે. આ ગ્રથની સસ્કૃત ટીકા અમારા તરફથી પ્રસિદ્ધ થયેલ " સ્તુતિસગ્રહસાવચૂરિક " ગ્રથમા છપાયેલ છે

जगत्त्रयाधार ! कृपावतार !,
ત્રણ જગતના આધારભૂત ! કરૂણાના અવતાર !
दुर्वारसंसारविकारवैद्य ! ।
દુઃખે નિવારી શકાય એવા સંસારના વિકારોનો નાશ કરવામાં વૈદ્ય સમાન !
श्रीवीतराग ! त्वयि मुग्धभावा-
શ્રી વીતરાગ ! તમારા વિષે ભોળા ભાવથી
द्विज्ञ ! प्रभो[2] ! विज्ञपयामि किञ्चित् ॥ २ ॥
જ્ઞાનવંત ! પ્રભુ ! વિનંતિ કરૂં છું. કાંઈક

અર્થ—ત્રણ જગત્‌ના આધારભૂત ! કરૂણાના અવતાર ! દુઃખે નિવારણ કરી શકાય એવા સંસારના વિકારો (સંસારરૂપ રોગ) ને નાશ કરવામાં વૈદ્ય સમાન ! વિશેષ જ્ઞાનવંત ! એવા હે શ્રી વીતરાગ પ્રભુ ! તમારે વિષે (તમોને) હું ભોળાભાવ (અજ્ઞાનભાવ) થકી કાંઈક વિનંતિ કરૂં છું. ૨

किं बाललीलाकलितो न बालः,
શું બાળકની ક્રિડાએ યુક્ત નહિ બાળક
पित्रोः पुरो जल्पति निर्विकल्पः? ।
બાબાપની પાસે બોલે છે ? વિકલ્પ રહિત
तथा यथार्थं कथयामि नाथ !,
તેમ સત્યરીતે કહું છું. હે નાથ !

---

૧ રાગદ્વેષ રહિત. ૨ સમર્થ.

निजाशयं सा॒शयस्तवाग्रे ॥ ३ ॥
પોતાના અભિપ્રાયને, પશ્ચાત્તાપ સહિત છતો, તમારી આગળ

અર્થ—બાળકની ક્રિડાએ કરીને યુક્ત અને વિકલ્પ રહિત એવો બાળક માબાપની પાસે શું (સત્યવચન) નથી બોલતો? અર્થાત્ બોલે છે જ. તેવી રીતે હે નાથ! પશ્ચાત્તાપે કરી સહિત છતો હું તમારી આગળ મારા–પોતાના અભિપ્રાયને સત્ય રીતે કહું છું. ૩

दत्तं न दानं परिशीलितं च,
દીધું ન દાનને પાળ્યું વળી

न शालि शीलं न तपोऽभितप्तं ।
નહિ સુંદર શીયલવ્રત, ન, તપ તપ્યું.

शुभो न भावोऽप्यभवद्भवेऽस्मिन्,
ઉત્તમ ન ભાવ પણ થયો ભવને વિષે આ,

विभो! मया भ्रान्तमहोमुधैव ॥ ४ ॥
હે પ્રભુ! મેં ભ્રમણ કર્યું. અહો! ફોગટજ

અર્થ–હે પ્રભુ! મેં દાન દીધું નથી, વળી સુંદર શીયલવ્રત પાળ્યું નથી, તપ તપ્યું (કર્યું) નથી અને ઉત્તમ ભાવ પણ થયો નથી. અહો ઇતિ આશ્ચર્યે! આ ભવ (જન્મ) ને વિષે મેં ફોગટ જ ભ્રમણ કર્યું. ૪

दग्धोऽग्निना क्रोधमयेन दष्टो,
બળેલો અગ્નિવડે ક્રોધરૂપી ડંખાયેલો

दुष्टेन लोभाख्यमहोरगेण।
દુષ્ટ લોભ નામના મોટા સર્પવડે

ग्रस्तोऽ[3]भिमानाजगरेण माया,-
ગળાયેલો, અભિમાન રૂપી અજગરવડે, માયારૂપ

जालेन बद्धोऽस्मि कथं भजे त्वाम्? ॥ ५ ॥
જાળવડે બંધાયેલો છું. શી રીતે ભજું? તમોને

અર્થ-ક્રોધરૂપ અગ્નિવડે હું બળેલો છું, દુષ્ટ(ક્રુર)લોભ નામના મોટા સર્પવડે હું ડંખાયેલો (ડસેલો) છુ, અભિમાનરૂપી અજગરવડે હું ગળાયેલો છું અને માયારૂપી જાળ (પાશ) વડે હું બંધાયેલો છું; તેથી તમોને હું શી રીતે ભજું ? ૫

कृतं मयाऽमुत्रहितं न चेह,
કર્યું મેં પરલોકમાં હિત ન અને આ

लोकेऽपि लोकेश! सुखं न मेऽभूत्।
લોકમાં પણ હે લોકના ઈશ! સુખ ન મને થયું.

अस्मादृशां केवलमेव जन्म,
મારા જેવાનો ફક્ત નિશ્ચે જન્મ

जिनेश! जज्ञे भवपूरणाय ॥ ६ ॥
હે જિનેશ્વર ! થયો. ભવોને પૂર્ણ કરવા માટે

---

३ ग्रस्तोऽस्मि मानाजगरेण इति पाठान्तरे.

અર્થ—હે લોકના ઇશ ! મેં પરભવમાં હિતકારી કાય ન કર્યું વળી આ લોકમાં પણ મને સુખ ન થયું, તો હે જિનેશ્વર ! અમારા જેવાનો જન્મ ફક્ત ભવોને પૂર્ણ કરવા માટે જ થયો અર્થાત્ ભવની સંખ્યાની ગણતરી માટે જ અમે જન્મ ધારણ કર્યો. ૬

मन्ये मनो यन्न मनोज्ञवृत्त !,
માનુંછું. મન, જે કારણ માટે, ન, હે સુંદર આચરણવાળા !

त्वदास्यपीयूषमयूखलाभात् ।
તમારા મુખ રૂપી ચંદ્રના લાભ થકી

द्रुतं महानन्दरसं कठोर,-
દ્રવ્યું, મ્હોટા આનંદરસને કઠોર છે

मस्मादृशां देव ! तदश्मतोऽपि ॥ ७ ॥
અમારા જેવાનું હે દેવ ! તે કારણ માટે, પત્થર થકી પણ

અર્થઃ—હે સુંદર (મનને આનંદદાયક) આચરણવાળા ! હે દેવ ! જે કારણ માટે અમારા જેવાનું મન, તમારા મુખ રૂપી ચંદ્રના લાભ થકી મ્હોટા આનંદના રસને ન દ્રવ્યું (મ્હોટા આનંદવડે રસરૂપ ન થયું) તે કારણ માટે (અમારા જેવા પુરૂષોનું મન) પત્થર થકી પણ કઠોર છે એમ હું માનું છું. ૭

त्वत्तः सुदुष्प्राप्यमिदं मयाऽऽप्तं,
તમારી પાસેથી અતિ દુષ્પ્રાપ્ય, આ, મેં, પ્રાપ્ત કરી,

रत्नत्रयं भुरिभवभ्रमेण ।
રત્નત્રયી, ઘણા ભવમાં ભ્રમણવડે

प्रमादनिद्रावशतो गतं तत्,
પ્રમાદ રૂપ નિદ્રાના વશ થકી, ગઈ, તે,

कस्याग्रतो नायक ! पूत्करोमि ?॥ ८ ॥
કોની આગળ હે સ્વામી! હું પોકાર કરૂં ?

અર્થ—હે સ્વામી ! ઘણા ભવમાં ભ્રમણ કરવાવડે અતિદુષ્પ્રાપ્ય (ઘણા કષ્ટે પ્રાપ્ત થઇ શકે) એવી આ રત્નત્રયી (જ્ઞાન, દર્શન અને ચારિત્ર રૂપી) ને મેં તમારી પાસેથી પ્રાપ્ત કરી હતી, તે પ્રમાદરૂપ નિદ્રાના વશ થકી ગઈ (જતી રહી); તો હવે હું કોની આગળ પોકાર કરૂં ? ૮

वैराग्यरङ्ग[1]ः परवञ्चनाय,
વૈરાગ્યનો રંગ, બીજાને છેતરવાને

धर्मोपदेशो जनरञ्जनाय ।
ધર્મનો ઉપદેશ, લોકને ખુશી કરવાને

वादाय विद्याऽध्ययनं च मेऽभूत्,
વાદને માટે, વિદ્યાનો અભ્યાસ અને મારો થયો,

कियद् ? ब्रुवे हास्यकरं स्वमीश ! ॥ ९ ॥
કેટલુંક કહું ? હાસ્યકારક પોતાનું હે ઈશ !

---

१ रङ्गोऽपरवञ्चनाय इति वा पाठ.

અર્થઃ—હે ઇશ ! મારો વૈરાગ્યનો રંગ બીજાઓને છેતરવાને માટે થયો, મારો ધર્મનો ઉપદેશ લોકને ખુશી કરવાને માટે થયો અને મારો વિદ્યાનો અભ્યાસ વાદવિવાદ કરવા માટે થયો. મારૂં—પોતાનું હાસ્યકારક વૃત્તાંત કેટલુંક કહું ? ૯

परापवादेन मुखं सदोषं,
પરનિંદાવડે મુખને દોષવાળું
नेत्रं परस्त्रीजनवीक्षणेन ।
નેત્રને પરની સ્ત્રીઓને જોવાવડે
चेतः परापायविचिन्तनेन,
ચિત્તને પરનું કષ્ટ ચિંતવવાવડે
कृतं भविष्यामि कथं ? विभोऽहम् ॥ १० ॥
કર્યું. થઇશ કેવી રીતે હે પ્રભુ ! હું

અર્થ.—હે પ્રભુ ! પરની નિંદાવડે મેં મુખને દોષવાળું કર્યું, પરની સ્ત્રીઓને જોવાવડે મેં નેત્રને દોષવાળું કર્યું અને પરનું કષ્ટ ચિંતવવા વડે મેં ચિત્તને દોષવાળું કર્યું. તો હું કેવી રીતે થઇશ—મારૂં શું થશે ? ૧૦

विडम्बितं यत्स्मरघस्मरार्ति-
વિડંબ્યો જે કામદેવ રૂપ રોગની પીડાની
दशावशात्स्वं विषयान्धलेन[1] ।
દશાના વશ થકી, મારા આત્માને, વિષયોમાં અંધ એવા મેં

---

१ असलवत्सलादिवशौणादिकालप्रत्ययागमेन, विद्युत्पत्राल्बाल्लु इति प्राकृतलक्षणेनोतिकश्चित् तत्सप्राकृतगन्धस्याप्यप्राभावात्, मुरकादेराकृतिगणत्वाच्च नालप्रत्ययदुर्लभता।

प्रकाशितं तद्भवतो ह्रियैव,
પ્રકાશ કર્યું. તે તમોને લજ્જાથીજ
सर्वज्ञ ! सर्वं स्वयमेव वेत्सि ॥ ११ ॥
હે સર્વજ્ઞ ! બધું પોતેજ જાણોછો.

અર્થ—હે સર્વજ્ઞ ! વિષયોમાં અંધ થયેલા એવા મેં કામદેવરૂપી રોગની પીડાની દશાના વશ થકી જે મારા આત્માને વિડંબના પમાડી તે તમોને-તમારી પાસે લજ્જાથીજ મેં પ્રકાશ કર્યું-પ્રગટ કર્યું છે. તમે પોતે જ તે સર્વ જાણોછો.૧૧

ध्वस्तोऽन्यमन्त्रैः परमेष्ठिमन्त्रः,
નાશ કર્યો અન્યમન્ત્રોવડે, પરમેષ્ઠિ મંત્ર
कुशास्त्रवाक्यैर्निहताऽऽगमोक्तिः ।
કુશાસ્ત્રના વાકયોવડે, ઢાંકી દીધી, આગમની વાણી
कर्त्तुं वृथा कर्म कुदेवसङ्गा,-
કરવાને નિષ્ફળ કાર્ય કુદેવના સંગથી
दवांछि ही नाथ ! मतिभ्रमो मे ॥ १२ ॥
ઈચ્છયું નિશ્ચે હે નાથ ! બુદ્ધિનો વિભ્રમ મારો થયો.

અર્થ—હે નાથ ! બીજા મંત્રોવડે કરીને પરમેષ્ઠીમંત્ર (નવકાર મંત્ર) નો મેં નાશ કર્યો-અવગણના કરી, કુશાસ્ત્રના વાકયોએ કરીને આગમ (સિદ્ધાન્ત) ની વાણી હણી નાંખી-ઢાંકી દીધી અર્થાત્ સાંભળી નહિ, અને કુદેવના સંગથી નિષ્ફળ કાર્ય કરવાને મેં ઇચ્છયું. તેથી નિશ્ચે મારો બુદ્ધિનો વિભ્રમ થયો છે. ૧૨

विसृज्य दृग्लक्ष्यगतं भवन्तं,
મૂકીને દ્રષ્ટિ લક્ષ્યમાં આવેલા તમોને
ध्याता मया मूढधिया हृदन्तः ।
ધ્યાન કર્યું. મેં મૂઢ બુદ્ધિવાળા હૃદયમાં
कटाक्षवक्षोजगभीरनाभि-
કટાક્ષ, સ્તન, ગંભીર નાભિ તથા
कटीतटीयाः सुदृशां विलासाः ॥ १३ ॥
કટી પ્રદેશ સંબંધી સ્ત્રીઓનાં વિલાસોને

અર્થ—મૂઢ બુદ્ધિવાળા મેં દ્રષ્ટિ લક્ષ્યમાં આવેલા-પ્રત્યક્ષ એવા આપને મૂકીને હૃદયને વિષે કટાક્ષ, સ્તન, ગંભીર નાભિ અને કટી પ્રદેશ સંબંધી સ્ત્રીઓના વિલાસોનું ધ્યાન કર્યું છે. ૧૩

लोलेक्षणावक्त्रनिरीक्षणेन,
ચપળ નેત્રવાળી સ્ત્રીઓના મુખ જોવાવડે
यो मानसो[1] रागलवो विलग्नः ।
જે મન સંબંધી રાગનો લેશ લાગેલો છે,
न शुद्धसिद्धान्तपयोधिमध्ये,
ન પવિત્ર સિદ્ધાંત રૂપી સમુદ્રમાં
धौतोऽप्यगात्तारक ! कारणं किम् ? ॥ १४ ॥
ધોયો છતો પણ ગયો, હે તારક ! કારણ શું ?

---

૧ मानसे એવો પાઠ હોય ત્યાં “ મનને વિષે ” એવો અર્થ કરવો.

અર્થઃ—હે તારક (ભવસમુદ્રથકી તારનાર)! ચપળ નેત્રવાળી સ્ત્રીઓના મુખ જોવાવડે મનસંબંધી જે રાગનો લેશ (અંશ) વિશેષ પ્રકારે લાગેલો છે તે પવિત્ર સિદ્ધાંત રૂપી સમુદ્રમાં ધોયો છતો પણ ગયો નહિ, ત્યાં શું કારણ છે?૧૪

अङ्गं न चङ्गं न गणो गुणानां,
શરીર નથી સુંદર નથી સમૂહ સદ્ગુણોનો
न निर्मलःकोऽपि कलाविलासः ।
નથી સ્વચ્છ કોઈ પણ કળાનો વિલાસ
स्फुरत्प्रभा[2] न प्रभुता च काऽपि,
સ્ફુરાયમાન છે કાંતિ જેની એવી } નથી ઠકુરાઇ અને કોઇ પણ
तथाऽप्यहङ्कारकदर्थितोऽहम् ॥ १५ ॥
તો પણ અહંકારવડે કદર્થના પામેલો હું (છું)

અર્થ—મારૂં શરીર સુંદર નથી, સદ્ગુણોનો સમૂહ મારામાં નથી, કોઈપણ સ્વચ્છ કળાનો વિલાસ નથી અને સ્ફુરાયમાન છે કાંતિ જેની એવી કોઇ પણ ઠકુરાઇ (મોટાઈ) નથી, તો પણ હું અહંકાર વડે કદર્થના પામેલો છું. ૧૫

आयुर्गलत्याशु न पापबुद्धि-
આયુષ્ય જાય છે શીઘ્ર નથી જતી પાપની બુદ્ધિ
र्गतं वयो नो विषयाभिलाषः ।
ગઇ અવસ્થા ન ગઈ વિષયવાસના
यत्नश्च भैषज्यविधौ न धर्मे,
પ્રયત્ન વળી ઔષધની વિધિમાં ન કર્યો ધર્મમાં,

---

२ प्रधानप्रभुता इति पाठान्तरे.

स्वामिन्महामोहविडम्बना मे ॥ १६ ॥

હે સ્વામી ! મોટા મોહવડે વિડંબના, મારૂં

અર્થ—હે સ્વામી ! મારૂં આયુષ્ય શીઘ્ર જાય છે પણ પાપની બુદ્ધિ જતી નથી, મારૂં વય (અવસ્થા-ઉમ્મર) ગયું પણ વિષયની વાસના ગઈ નહિ, વળી ઔષધની વિધિમાં પ્રયત્ન કર્યો પણ ધર્મને વિષે યત્ન કર્યો નહિ; એ કારણથી મ્હોટા મોહવડે (મારી) વિડંબના-કષ્ટ થઇ. ૧૬

नात्मा न पुण्यं न भवो न पापं,

નથી આત્મા નથી પુન્ય નથી ભવ નથી પાપ

मया विटानां कटुगीरपीयम् ।

મેં નાસ્તિકોની કડવી વાણી પણ એવી

[1]आधारि कर्णे त्वयि केवलार्के,

ધારણ કરી. કાનમાં તમે કેવળજ્ઞાનવડે સૂર્ય સમાન

परिस्फुटे सत्यपि देव ! धिङ् माम् ॥ १७ ॥

અતિ પ્રગટ છતે, હે દેવ ! ધિક્કાર હો મને

અર્થ—હે દેવ ! આત્મા (પરમાત્મા) નથી, પુણ્ય નથી, ભવ (પુનર્જન્મ) નથી અને પાપ નથી; એ પ્રકારે વિષયલુબ્ધ જનોની કડવી વાણી, કેવળજ્ઞાનવડે સૂર્ય સમાન (અથવા કેવળજ્ઞાનરૂપ સૂર્યસમાન) એવા તમે અતિ પ્રગટ છતે પણ મેં કાનને વિષે ધારણ કરી (સાભળી) માટે મને ધિક્કાર હો ! ૧૭

---

૧ अधारि इति वा पाठ ,आधारि પાઠમા आङ् ઉપસર્ગ લાગેલોછે.

न देवपूजा न च पात्रपूजा,
न देवनी पूजा न वळी सुपात्रनी पूजा
श्राद्धधर्मश्च न साधुधर्मः ।
न श्रावकधर्म वळी न साधुनो धर्म
लब्ध्वाऽपि मानुष्यमिदं समस्तं,
पामीने पण मनुष्यभव आ बधुं
कृतं मयाऽरण्यविलापतुल्यम् ॥ १८ ॥
कर्युं. में अरण्यमां करेल विलापनी सदृश

अर्थ—में देवनी पूजा न करी वळी सुपात्रनी पूजा न करी; श्रावक धर्म न पाळ्यो वळी साधु धर्म न पाळ्यो. आ मनुष्य जन्म पामीने पण में बधुं अरण्यमां करेल विलापतुल्य कर्युं. १८

चक्रे मयाऽसत्स्वपि कामधेनु,-
करी. में असत्य पण कामधेनु
कल्पद्रुचिन्तामणिषु स्पृहार्त्तिः ।
कल्पवृक्ष अने चिंतामणि रत्नने विषे, वांच्छानी पीडा
न जैनधर्मे स्फुटशर्मदेऽपि,
न करी जैन धर्ममां प्रगट सुख आपनार पण

---

२ अहीं असत्सु ने ठेकाणे सत्सु एवो पाठ होय त्यां आ प्रमाणे अर्थ करवो-कामधेनु, कल्पवृक्ष अने चितामणि रत्न मने प्राप्त थये छते पण मे (आर्त्ति) आर्त्तध्यान कर्युं परंतु प्रगट रीते सुख आपनार एवा पण जैनधर्मने विषे (स्पृहा) इच्छा न करी, तो हे जिनेश्वर ! मारी मूर्खाई तुं जो.

जिनेश ! मे पश्य विमूढभावम् ॥ १९ ॥

હે જિનેશ્વર ! મારા જુઓ મૂઢ પણાને

અર્થ—હે જિનેશ્વર ! મેં અસત્ય એવા પણ કામધેનુ, કલ્પવૃક્ષ અને ચિંતામણિ રત્નને વિષે વાંચ્છાની પીડા કરી (અર્થાત્ કામધેનુ વગેરે અસત્ય પદાર્થો મેળવવા મારૂં મન આકર્ષાયું) પરંતુ પ્રગટ રીતે સુખને આપનાર જૈન ધર્મને વિષે વાંચ્છા કરી નહિ. મારા વિશેષ પ્રકારના મૂઢપણાને તમે જૂઓ ! ૧૯

सद्भोगलीला न च रोगकीला,

સારા ભોગની લીલા ન વળી રોગોની જવાળા

धनागमो नो निधनागमश्च ।

ધનની પ્રાપ્તિ ન મરણની પ્રાપ્તિ વળી

दारा न कारा नरकस्य चित्ते,

સ્ત્રી ન કેદખાના નરકના ચિત્તમાં

व्यचिन्ति नित्यं मयकाऽधमेन ॥ २० ॥

ચિંતવ્યું. હમેશા મે અધમે

અર્થ—અધમ એવા મેં હમેશાં ચિત્તને વિષે સારા સારા ભોગ (સંસાર સુખ) ની લીલા ચિંતવી પણ એ રોગોની જવાળા છે એમ ન ચિંતવ્યું (વિચાર્યું), ધનની પ્રાપ્તિ ચિંતવી પણ એ

---

१ दुष्टोऽय प्रयोगइति कश्चित्, स जाड्यमावष्टब्धान्धःकरण एव यतो न व्यभालि तेन युस्मदस्मदोऽसोभादिस्वादे. (श्री सि० ७-३-३०) इतिसूत्रम्

મરણની પ્રાપ્તિ તુલ્ય છે એમ ન ચિંતવ્યું, સ્ત્રીઓ ચિંતવી પરંતુ એ નરકના કેદખાના (નરકના બંધનરૂપ) છે એમ ન ચિંતવ્યું.

स्थितं न साधोर्हृदि साधुवृत्तात्,
રહેવાયું નહિ સાધુના હૃદયમાં સારા આચરણથી

परोपकारान्न यशोऽर्जितं च ।
પરોપકાર કરવાથી ન યશ ઉપાર્જ્યો અને

कृतं न तीर्थोद्धरणादि कृत्यं,
કર્યું નહિ તીર્થોદ્ધાર વગેરે કાર્ય

मया मुधा हारितमेव जन्म ॥ २१ ॥
મેં ફોગટ ગુમાવ્યો નિશ્ચે ભવ

અર્થ—મેં સારા આચરણથી સાધુ પુરૂષના હૃદયમાં ન રહેવાયું (અર્થાત્ સારા આચરણવડે સાધુ પુરૂષનું ચિત્ત મેં પ્રસન્ન કર્યું નહિ), પરોપકાર કરવા થકી મેં યશ ન ઉપાર્જન કર્યો વળી તીર્થોદ્ધાર વગેરે કાર્ય મેં કર્યું નહિ; તેથી મેં ફોગટજ જન્મ ગુમાવ્યો છે. ૨૧

वैराग्यरङ्गो न गुरूदितेषु,
વૈરાગ્યનો રંગ, ન થયો ગુરૂના વચનોમાં

न दुर्जनानां वचनेषु शान्तिः ।
ન થઈ દુર્જનોના વચનોને વિષે શાંતિ

नाध्यात्मलेशो मम कोऽपि देव !,
ન થયો, અધ્યાત્મ જ્ઞાનનો અંશ } મને કોઇ પણ હે દેવ !

तार्यः कथंकारमयं नवाब्धिः ॥ २२ ॥

તરવો ? કેવી રીતે આ ભવસાગર

અર્થ—હે દેવ ! ગુરૂના વચનોને વિષે (ગુરૂના ઉપદેશવડે) મને વૈરાગ્યનો રંગ ન થયો, દૂર્જનોના વચનોને વિષે મને શાંતિ (સમભાવ) ન થયો અને અધ્યાત્મ જ્ઞાનનો અંશ કાંઇ પણ મને થયો નહિ, તો આ ભવસાગર શી રીતે મારે તરવો ? ૨૨

पूर्वे नवेऽकारि मया न पुण्य–

પૂર્વભવમાં કર્યું મેં ન પુણ્ય

मागामिजन्मन्यपि नो करिष्ये ।

આવતા જન્મને વિષે પણ નહિ કરીશ

यदीदृशोऽहं मम तेन नष्टा,

જે માટે એવો હું મારા તેથી નાશ પામ્યા.

भूतोद्भवद्भाविनवत्रयीश ! ॥ २३ ॥

ભૂત વર્તમાન અને ભવિષ્ય એ ત્રણે ભવો, હે ઇશ !

અર્થ—મેં પૂર્વભવમા પુણ્ય ન કર્યું અને આવતા જન્મને વિષે પણ નહિ કરીશ, જે કારણ માટે હું એવો છું; તે કારણથી મારા ભૂત, વર્તમાન અને ભવિષ્ય એ ત્રણે ભવો નાશ પામ્યા–નિષ્ફળ ગયા. ૨૩

किं वा मुधाऽहं बहुधा सुधाभुक्,

શું અથવા ફોગટ હું બહુ પ્રકારે હે દેવ !

---

૧ सुधाभुक्पूज्य ! એ પ્રકારે સમાસાન્ત પદ લઇએ ત્યારે હે દેવોને પૂજ્ય એવો અર્થ થાય છે.

पूज्य ! त्वदग्रे चरितं स्वकीयम् ।
હે પૂજ્ય ! તમારી પાસે ચરિત્રને પોતાના
जल्पामि यस्मात् त्रिजगत्स्वरूपं-
કહું જે કારણ માટે ત્રણ જગતના સ્વરૂપનું-
निरूपकस्त्वं कियदेतदत्र ॥ २४ ॥
નિરૂપણ કરનારા, તમે, શું માત્ર, આ, અહીં,

અર્થ—અથવા તો હે દેવ ! હે પૂજ્ય ! તમારી પાસે મારા પોતાના ચરિત્રને બહુ પ્રકારે ફોગટ હું શું કહું ? જે કારણ માટે ત્રણ જગતના સ્વરૂપનું નિરૂપણ કરનારા તમે છો; તો અહીં (તમારે વિષે) આ-મારૂં ચરિત્ર શું માત્ર છે ?— ૨૪

शार्दूलविक्रीडितछन्दः

दीनोद्धारधुरन्धर- स्त्वदपरो नास्ते मदन्यः कृपा-
દીનજનનોઉદ્ધારકરવામાંધુરંધરતમારાથીબીજોનથી,મારાથીબીજોકૃપાનું
पात्रं नात्र जने जिनेश्वर ! तथाऽप्येतां न याचे श्रियम् ।
ભાજનનથી,આલોકમાંહેજિનેશ્વર ! તોપણ આ નથી માગતો લક્ષ્મીને
किंत्वर्हन्निदमेव केवलमहो सद्बोधिरत्नं शिवं,
પરંતુહેઅર્હન્ ! આજ ફક્તઆશ્ચર્યેસમ્યક્ત્વરત્નનેમોક્ષફલનેઆપનાર
श्रीरत्नाकर ! मङ्गलकनिलय ! श्रेयस्करं प्रार्थये ॥२५॥
મોક્ષલક્ષ્મીનાસમુદ્ર ! મંગળનાઅદ્વિતીયસ્થાનરૂપ ! કલ્યાણકારક માગું છું.

---

૨ त्रिजगत्स्वरूप ! હે ત્રણ જગત છે સ્વરૂપ જેનુ એવા અને निरूपक સર્વજ્ઞ એવા બે પદો જૂદા પણ લઇ શકાય છે.

અર્થ—હે જિનેશ્વર ! દીન (દુખી) જનોનો ઉદ્ધાર કરવામાં ધુરંધર (અગ્રેસર) તમારાથી બીજો કોઈ નથી અને આ લોકમાં મારાથી બીજો કોઇ કૃપાનું પાત્ર નથી તો પણ આ પ્રત્યક્ષ લક્ષ્મી (સંસાર લક્ષ્મી) ને હું માગતો નથી. પરંતુ અહો ઇતિ આશ્ચર્યે ! હે અર્હન્ દેવ ! હે મોક્ષલક્ષ્મીના સમુદ્ર ! હે માંગળિકના અદ્વિતીય સ્થાનરૂપ ! મોક્ષફળને આપનાર અને કલ્યાણકારી એવા આ સમ્યક્ત્વ રત્નનેજ ફક્ત હું માગું છું. ૨૫

अथ पच्चख्खाणा*नि.

नमुक्कारसहियमुट्ठिसहितुं.

उद्गते सूर्ये नमस्कारसहितं मुष्टिसहितं प्रत्याख्यामि

उग्गए सूरे, नमुक्कारसहिअं मुट्ठिसहिअं पच्चक्खामि।

ઉગ્યે છતે સૂર્ય નમસ્કાર સહિત મુઠી સહિત પચ્ચખ્ખાણ કરૂં છું.

---

*__प्रत्याख्यान (पच्चख्खाण)__ શબ્દનો અર્થ ત્યાગ કરવુ અને પાળવુ એમ બે પ્રકારે થાય છે તે આ પ્રમાણે—અવિરતિપણાના સ્વરૂપ પ્રત્યે **प्रति** પ્રતિકૂળપણે **आ** આગાર મર્યાદાકરણ સ્વરૂપે કરીને **आख्यान** કહેવુ છે જેને વિષે તે **પ્રત્યાખ્યાન.** અથવા **प्रति** આત્મ સ્વસ્વરૂપ પ્રત્યે **आ** અભિવ્યાપીને અનાશ સારૂપ ગુણનુ કરણ તેનુ **आख्यान** કહેવુ—કથન છે જેને વિષે તે **પ્રત્યાખ્યાન.** અથવા પરલોક **प्रति** પ્રત્યે **आ** ક્રિયા યોગાર્થે શુભાશુભ ફળનુ કથન છે જેને વિષે તે **પ્રત્યાખ્યાન.** આ પચ્ચખ્ખાણ મૂળ ગુણરૂપ અને ઉત્તર ગુણરૂપ એવા બે ભેદે છે.

चतुर्विधमपि आहारं अशनं पानं खाद्यं स्वाद्यं

चउव्विहंपि आहारं, असणं, पाणं, खाइमं, साइमं।

ચારે પ્રકારના આહારને અશન પાણી ખાદિમ સ્વાદિમ

મૂળગુણ પચ્ચખાણના બે ભેદ છે–દેશથી અને સર્વથી, તેમા સર્વથી મૂળગુણ પચ્ચખ્ખાણ પચ મહાવ્રત રૂપ તે સાધુને હોય અને દેશથી મૂળગુણ પચ્ચખ્ખાણ પચ અણુવ્રત રૂપ તે શ્રાવકને હોય સર્વથી ઉત્તરગુણ પચ્ચખ્ખાણ પિડવિશુદ્ધિ, પાચ સમિતિ, બાર ભાવના, બાર પ્રકારનો તપ, બાર પ્રતિમા અને અભિગ્રહ વગેરે અનેક પ્રકારે છે. તે સાધુને હોય અને દેશથી ઉત્તરગુણ પચ્ચખ્ખાણ અનાગતાદિ દશ પ્રકારનુ યથાયોગ્ય રીતે હોય તે દશ ભેદ આ પ્રમાણે છે—૧ અનાગત પચ્ચખ્ખાણ (પર્યુષણાદિ પર્વમા ગુરૂ, ગ્લાન વગેરેનુ વૈયાવચ્ચ કરવાના કારણે અગાઉથી અઠ્ઠમાદ તપ કરે તે), ૨ અતિક્રાન્ત (પર્યુષણાદિપર્વમા વૈયાવચ્ચાદિ કારણે તપ ન થયો હોય તો પછીથી કરે તે), ૩ કોટિ સહિત (ચોવિહાર ઉપવાસાદિ પચ્ચખ્ખાણ કર્યુ હોય તે પુરૂ થતા તેવુજ બીજુ પચ્ચખ્ખાણ ફરીથી કરે તે), ૪ નિયત્રિત (પુષ્ટ નિરોગી કે ગ્લાનપણે ગમે તેમ હોય તો પણ અમુક દિવસે અમુક તપ કરીશ એવો અગાઉથી નિયમ લઇ ધારેલ દિવસે કરે તે, આ પચ્ચખ્ખાણ પહેલા સઘયણવાળા દશપૂર્વી ચૌદપૂર્વી અને જિનકલ્પીને હતુ હાલ વિચ્છેદ થયુ છે), ૫ અનાગાર (આગાર રાખ્યા વિના પચ્ચખ્ખાણ કરે તે), ૬ સાગાર (આગાર સહિત), ૭ નિરવશેષ (ચાર પ્રકારના આહાર અને અણાહાર વસ્તુનુ પચ્ચખ્ખાણ કરે તે), ૮ પરિમાણકૃત (દત્તિ, કવળ કે ઘરની સખ્યા ધારે તે), ૯ સાકેતિક (સકેત એટલે અગુષ્ઠાદિ ચિન્હ વડે કરી પચ્ચખ્ખાણ ધારે તે) અને ૧૦ અધ્ધાપચ્ચખાણ (કાળના પરિમાણવાળુ પચ્ચખ્ખાણ તે અદ્ધાપચ્ચખ્ખાણ, તે નમુક્કારસી આદિ દશ ભેદે છે, જે આ પુસ્તકમા સવિસ્તર આવશે) આ પચ્ચખ્ખાણના ૧૪૭ ભાગા છે તે સામાયકવ્રતના ૪૯ ભાગા અગાઉ કહી ગયા છીએ તે પ્રકારના ૪૯ ભાગાને અતિત, અનાગત અને વર્તમાનકાળના ભેદે ત્રણ ગુણા કરવાથી

अन्यत्रानाभोगात् सहसाकारात् महत्तराकारात्
अन्नत्थणाभोगेणं, सहसागारेणं, महत्तरागारेणं,
શિવાય અણજાણતાં સહસાત્કારે મ્હોટા લાભના અર્થે

થાય છે પૂર્વોક્ત સાંકેતિક નામનું નવમુ પચ્ચખ્ખાણ આઠ ભેદે છે, તે આ પ્રમાણે—૧ અગુઠ્ઠસહિઅ (મુઠીમા અગુઠો રાખુ ત્યા સુધી), ૨ મુટ્ઠિસહિઅ (મુઠી વાળી રાખુ ત્યા સુધી), ૩ ગઠસહિઅ (ગાઠ બાધી રાખુ ત્યા સુધી), ૪ ઘરસહિઅ (ઘરે જાઉ ત્યા સુધી), ૫ પ્રસ્વેદસહિઅ (શરીરે પરસેવાના બિદુ નિકળે ત્યા સુધી), ૬ ઉસ્સાસસહિઅ (શ્વાસોશ્વાસ લઉ અથવા જીવુ ત્યા સુધી), ૭ થિબુક સહિઅ (વાસણે ચોટેલા પાણીના બિદુ સૂકાય ત્યા સુધી) અને ૮ જોઇખ્ખસહિઅ (દીવા પ્રમુખની જ્યોતિ રહે ત્યા સુધી), આ પચ્ચખ્ખાણ પોરિસી આદિના પચ્ચખ્ખાણની સાથે સાથે કરાય છે. પચ્ચખ્ખાણ પુરૂ થયુ હોય અને ભોજન સામગ્રી તૈયાર ન હોય અથવા કાર્ય પ્રસગે જમવાને ઢીલ હોય ત્યારે આવા પચ્ચખ્ખાણ માહેનુ કોઈ કરી શકાય છે અને પોરસી આદિ પચ્ચખ્ખાણ ન હોય તો પણ થાય છે સાધુને મડળીએ ગુરૂ વગેરે ન આવ્યા હોય અથવા સાગારિકાદિનુ કારણ હોય ત્યારે અભિગ્રહરૂપ સકેત પચ્ચખ્ખાણ થાય છે.

૧ રાઇપ્રતિક્રમણ કરતા તપચિતવણીના કાઉસ્સગ્ગ વખતે અમુક પચ્ચખ્ખાણ કરીશ એમ ધારી લેવુ અને પછી ગુરૂ મુખે અગર સ્થાપનાચાર્ય સન્મુખ પચ્ચખ્ખાણ કરી લેવુ. અને દેરાસરમા દેવ સન્મુખ પણ પચ્ચખ્ખાણ લેવુ જો પ્રભાતનુ પ્રતિક્રમણ ગુરૂ સાથે ઉપાશ્રયે ન કર્યું હોય તો ગુરૂ મહારાજને વાદીને પચ્ચખ્ખાણ લેવુ આ પચ્ચખ્ખાણ લેવા આશ્રયી ચોભગી આ પ્રમાણે જાણવી-૧ ગુરૂ પચ્ચખ્ખાણના જાણ અને શ્રાવક પણ જાણ, ૨ ગુરૂ જાણ શ્રાવક અજાણ, ૩ ગુરૂ અજાણ અને શ્રાવક જાણ (એ ત્રણ ભગ શુદ્ધ જાણવા) તથા ૪ ગુરૂ અને શ્રાવક બંને અજાણ (આ ભાગે પચ્ચખ્ખાણ અશુદ્ધ જાણવુ) આ પચ્ચખ્ખાણ

सर्वसमाधिप्रत्ययाकारात्　　　　व्युत्सृजामि

सव्वसमाहिवत्तियागारेणं,[11]　　वोसरामि[12] ॥ इति ॥

સર્વ સમાધિનિમિત્તક ઔષધાદિ કારણે ત્યાગ કરૂં છું.

નો કાળ સૂર્યોદય થયા પછી બે ઘડી સુધીનો છે. માટે સૂર્યોદય પહેલાં લેવુ અને બે ઘડી દિવસ થયે નવકાર ગણીને પારવું, અન્યથા પચ્ચખ્ખાણ ભગ થાય આ નવકારસી કર્યા પછી પોરિસી આદિ પચ્ચખ્ખાણ થાય પણ તે વિના થાય નહિ અને જો કરે તો તે પોરિસી આદિક કાળસંકેતરૂપ જાણવુ નવકારસીનો બે ઘડીનો કાળ છે તે રાત્રિભોજનનો દોષ નિવારવા તીરણરૂપ જાણવો નમુક્કારસહિયના પચ્ચખ્ખાણમા મહત્તરાગારેણ અને સવ્વસમાહિવત્તિયાગારેણ એ બે આગાર લેવા નહિ એકલી નવકારસીનુ પચ્ચખ્ખાણ લેવાથી બે ઘડી પછી પચ્ચખ્ખાણ પારતા વાર લાગે તેટલો કાળ ફોગટ અવિરતિપણે જાય માટે સાથે મુટ્ઠિસહિય પચ્ચખ્ખાણ પણ લેવામા આવે છે અને તેથી તે પચ્ચખ્ખાણમા આગાર ચાર કહેવામા આવે છે.

૨ ગુરૂ આદિ પચ્ચખ્ખાણ આપતા હોય ત્યારે તેઓ અહી **पच्चक्खाइ** પદ કહે અને લેનારે તે વખતે **पच्चक्खामि** કહેવુ

૩ ભૂખ શમાવવાને સમર્થ એવુ કોઇ એક દ્રવ્ય હોય તે આહાર અથવા લવણાદિકની પેઠે મિશ્રણ થવાથી સુસ્વાદ આપે જેથી કાદવ જેવી અસાર વસ્તુને પણ ક્ષુધાતુર છતો ખાઇ જાય તે આહાર જાણવો

૪ શીઘ્ર ભૂખને શમાવે તે **અશન**–મગ, ભાત, સાથુઓ, રોટલી, રોટલા, પુડલા પ્રમુખ, દુધ, દહી, માખણ, ઘી પ્રમુખ, ખાજાં દહીથરા પ્રમુખ પકવાન, સૂરણ પ્રમુખ કદ, ફળ, ફુલ, શાક વગેરે જાણવા

૫ પીવાયોગ્ય પદાર્થો તે **પાન** કુવા પ્રમુખના પાણી, છાશની આશ, કેરડા જવ કાકડી પ્રમુખના ધોયણ અને મદિરા પ્રમુખ જાણવા.

અર્થ—સૂર્યોદય થયે છતે (બે ઘડી થયા પછી) નમસ્કાર સહિત (નવકાર ગણીને પારૂં ત્યાં સુધી) મુઠી સહિત (નવકાર ગણીને પછી મુઠી ઉઘાડું ત્યાં સુધી) અશન, પાણી, ખાદિમ

---

૬ જે ખાવાથી થોડી તૃપ્તિ થાય તે **ખાદિમ** શેકેલા ધાન્ય, ફળ, મેવા પ્રમુખ જાણવા.

૭ સ્વાદ-લહેજત લેવા માટે ખવાય તે અથવા જેના સ્વાદમાં પ્રથમ ખાધેલા આહારાદિનો સ્વાદ લય પામે તે **સ્વાદિમ**-શુંઠ, જીરૂ, અજમો, પીપર, મરી, એલચી, લવીગ પ્રમુખ તથા ચૂરણ કે ગોળીમા નાખેલ મધ ગોળ પ્રમુખ અને તબોળાદિક જાણવા.

૮ આ આગારમા કહેલ **अन्नत्थ** એ પદ બીજા દરેક આગારમાં લાગુ પડે છે. એટલે જે આગારે। (છૂટ) કહ્યા તે શિવાયનુ મારે પચ્ચ-ક્ખાણ છે. અનાભોગ એટલે વિસ્મરણ અર્થાત્ કાર્ય વ્યગ્રતાદિક કારણે અજાણ્યે લીધેલ પચ્ચખ્ખાણ ભૂલી જવાય અથવા પચ્ચખ્ખાણનો વખત પુરો થયા વિના અથવા થયો હોય છતા પાર્યા વિના ખાવા યોગ્ય પદાર્થ ભૂલથી મોઢામાં નાંખીએ તો પચ્ચખ્ખાણનો ભગ થાય નહિ એ માટે આ આગાર રાખવામા આવેલ છે. પરંતુ કઇ વસ્તુ મોઢામા નાખતા કે નાંખ્યા પછી યાદ આવે તો તરત તે વસ્તુ બાહેર કાઢી નાખવી. જાણ્યા છતાં ખાય તો પચ્ચખ્ખાણનો ભંગ થાય અને અજાણતા મુખમાં નાખેલ પદાર્થ ખવાઇ ગયા પછી યાદ આવે તો પણ પચ્ચખ્ખાણ ભગ થાય નહિ પરંતુ ફરીથી ભૂલ ન થાય તેટલા માટે યથાયોગ્ય પ્રાયશ્ચિત્ત લેવુ. આ પ્રમાણે સર્વ આગારોમાં સમજી લેવુ.

૯ સહસાત્કારે સ્વય (સ્વભાવેજ) મુખમાં આવી પડે એટલે પચ્ચખ્ખાણનો ઉપયોગ હોય છતા વરસાદના છાંટા કે દહિ મથતાં દહિના છાંટા વગેરે અચાનક મોઢામાં પડે તો પચ્ચખ્ખાણ ભંગ થાય નહિ.

અને સ્વાદિમ એ ચારે પ્રકારના આહારનું પચ્ચખ્ખાણુ કરૂં છું; તે અણુજાણુતા, સહસાત્કારે, મ્હોટા લાભના અર્થે અને સર્વ સમાધિનિમિત્તક ઔષધાદિ કારણુ શિવાય ત્યાગ કરૂ છું. ૧

॥ *पोरिसि साढपोरिसिनुं ॥

॥ उग्गए सूरे, नमुक्कारसहिअं, पोरिसिं, साढपोरिसिं, मुट्ठिसहिअं, पच्चक्खाइ ॥ उग्गए सूरे,

---

૧૦ મોટી નિર્જરાના હેતુભૂત સંઘાદિ કાર્યને માટે વડિલની આજ્ઞાથી પચ્ચખ્ખાણુનો કાળ થયા પહેલા પારે તો ભંગ થાય નહિ

૧૧ તીવ્રશૂળાદિ રોગથી વિહ્વલ થયેલને શરીરની સ્વસ્થતા સાચવવા માટે ઔષધ પથ્યાદિ કારણે પચ્ચખાણનો કાળ પૂર્ણ થયા પહેલાં જમે તો પચ્ચખ્ખાણ ભંગ થાય નહિ આવે પ્રસંગે ચિત્તની સ્થિરતાએ પરિણામ ટકે ત્યા સુધીનો નિયમ સાચવવો પણુ પરિણામ ટકતા ન હોય તો પછી અન્યથા પ્રવૃત્તિ કરતા દોષ નથી

૧૨ ગુર્વાદિ પચ્ચખ્ખાણુ આપતા હોય ત્યારે અહીં **वोसिरइ** પદ કહે અને પચ્ચખ્ખાણુ લેનાર હોય તે **वोसिरामि** પદ કહે.

* પુરૂષ પ્રમાણુ છાયા જે વખતે હોય તે પોરિસિ (**पौरुषी**) અથવા તે છાયાનુ માપ આ પ્રમાણે જાણવુ પુરૂષે જમણા કાને સૂર્યનુ બિંબ રાખીને દક્ષિણાયન (કર્કસંક્રાંતિ)ના પહેલે દિવસે ઢીંચણની છાયા જોવી, તે બે પગલાં (બાર આંગળનું એક પગલુ) છાયા હોય ત્યારે પોરિસિ જાણવી તે પછી માસે માસે ચાર ચાર આંગળ છાયામાં વધારવુ એટલે પોશ માસે મકરસંક્રાંતિ (ઉત્તરાયન)ના દિવસે ચાર પગલા છાયા હોય ત્યારે પોરિસિ થાય અને ત્યાંથી ચાર ચાર આંગળની હાની કરતા અષાઢ માસે બે પગલાની છાયા હોય.

૧ પોરિસિના પચ્ચખ્ખાણુમાં આ પદ બોલવુ નહિ આ (**सार्घ पौरुषी**) સાઢ પોરિસિનો કાળ દોઢ પહોરનો સમજવો.

चउव्विहंपि आहारं, असणं, पाणं, खाइमं, साइमं ॥ अन्नत्थणाभोगेणं, सहसागारेणं, पच्छन्नकालेणं, दिसामोहेणं, साहुवयणेणं, महत्तरागारेणं, सव्वसमाहिवत्तियागारेणं, वोसिरइ ॥

અર્થ—સૂર્યોદય થયે છતે એક પહોર અથવા દોઢ પહોર સુધી મુઠીસહિત અશન, પાણી, ખાદિમ અને સ્વાદિમ એ ચારે પ્રકારના આહારનું હું પચ્ચખ્ખાણ કરૂં છું, તે અન્નત્થ૦ સહસા૦ પચ્છન્નકાલ૦ દિસા૦ સાહુ૦ મહત્તરા૦ સવ્વ સમાહિ૦ એ આગારો એ છુટ રાખીને ત્યાગ કરૂં છું. ૨

---

૩ **પ્રચ્છન્નકાલેન** કાળની પ્રચ્છન્નતા તે મેઘ, રજ, ગ્રહાદિ, દિગ્દાહ અને પર્વત પ્રમુખે કરી સૂર્ય ઢંકાઇ જવાથી વખતની બરાબર ખબર નહિ પડવાથી અધુરી પોરિસીએ પૂરી થઇ માનીને જમે તો પચ્ચખ્ખાણનો ભગ થાય નહિ પણ પાછળથી ખબર પડે તો મોઢામા હોય તે રાખમાં પરઠવવુ અને હાથમાં હોય તે વાસણમા પાછુ મૂકવુ, પછી વખત થયે જમવુ, દરેક આગારમા આ વાત સમજી લેવી.

૪ **દિગ્મોહેન** દિશાનો વિપર્યાસ થયો હોય એટલે પૂર્વને પશ્ચિમ દિશા છે એમ ભૂલથી માની લે અને તેથી પચ્ચખ્ખાણના વખતની સમજ નહિ પડવાથી અધુરા વખતે પુરો થયો ગણીને જમે તો ભંગ થાય નહિ

૫ **સાધુવચનેન** એટલે **ઉગ્ઘાડાપોરિસિ (उद्घटपौरुषी,** એ પ્રકારનુ સાધુનુ વચન સાભળીને અધુરા વખતે જમે તો પચ્ચખ્ખાણ ભગ થાય નહિ, પણ પાછળથી એમ માલૂમ પડે કે સાધુ તો છ ઘડી દિવસ ચડે ત્યારે પોરિસિ ભણે છે તો પૂર્વની રીતે બેસી રહે.

पुरिमड्ढ अवड्ढनुं पच्चक्खाण.

सूरे उग्गए पुरिमड्ढं मुट्ठिसहिअं पच्चक्खाइ, चउव्विहंपि आहारं, असणं, पाणं, खाइमं, साइमं, अन्नत्थणाभोगेणं, सहसागारेणं, पच्छन्नकालेणं, दिसामोहेणं, साहुवयणेणं, महत्तरागारेणं, सव्व-समाहिवत्तियागारेणं वोसिरइ ॥

અર્થ—સૂર્યોદય થયા પછી બે પહોર સુધી અશન, પાણી, ખાદિમ અને સ્વાદિમ એ ચારે પ્રકારના આહારનું હું પચ્ચખ્ખાણ કરૂં છું. તે અન્નત્થ૦, સહસા૦, પચ્છન્ન૦, દિસા૦, સાહુ૦, મહત્તરા૦, સ૦વસમાહિ૦ એ આગારોવડે છૂટ રાખીને ત્યાગ કરૂં છું.

---

૧ **पूर्वार्द्ध** દિવસનો પૂર્વાર્દ્ધ એટલે પ્રથમનો અર્ધો દિવસ બે પહોરનુ માન આ પચ્ચખ્ખાણનુ છે.

૨ અવઢનુ પચ્ચખ્ખાણ કરવુ હોય ત્યારે આ પદને ઠેકાણે "**अवड्ढ**" એ પદ બોલવું. **अवड्ढ (अपार्ध)** નો કાળ ત્રણ પહોરનો સમજવો.

॥ *एकासणा बियासणानुं ॥

॥ उग्गए सूरे, नमुक्कारसहिअं पोरिसिं मुट्ठिसहिअं पच्चक्खाइ, उग्गए सूरे, चउव्विहंपि आहारं, असणं, पाणं, खाइमं, साइमं ॥ अन्नत्थणाभोगेणं, सहसागारेणं, पच्छन्नकालेणं, दिसामोहेणं, साहुवयणेणं, महत्तरागारेणं, सव्वसमाहिवत्तियागारेणं, [2]विगइओ पच्चक्खाइ अन्नत्थणाभोगेणं,सहसागारेणं,

---

* અહીથી દરેક પચ્ચખ્ખાણુમા ઘણા ખરા આગારો એના એ વખતો વખત આવવાથી શબ્દાર્થ કે ભાવાર્થ લખેલ નથી અને જે જે આગારોના અર્થ આવ્યા નથી તે તે દરેક ફુટનોટમાં લખ્યા છે. એક વખત ભોજન કરવાનુ છે જેને વિષે અથવા એક નિશ્ચળ છે આસન જેમા તે (**एकाशन**) એકાસણુ જાણુવુ

૧ બે વખત ભોજન કરવુ તેને બિયાસણુ (**द्वयशन**) જાણવું.

૨ **विकृती** વિગઇ ૭ છે તે આ પ્રમાણે-૧ દુધ, ૨ દહી, ૩ ઘી, ૪ તેલ, ૫ ગોળ અને ૬ કડાવિગય (તાવડામા તળાઇને ઉપર આવે તેવા પકવાન્ન). આ પચ્ચખ્ખાણુવડે ૭ માંહેના કોઇ પણુ એક અગર વધારે વિગયનો ત્યાગ કરવાનો છે અને માંસ, મદિરા, માખણુ અને મદ્ય એ ચાર મહાવિગઇનો તો શ્રાવકને ત્યાગજ હોય છે.

३लेवालेवेणं, ४गिहत्थसंसट्ठेणं, ५उक्खित्तविवेगेणं, ६पडुच्चमक्खिएणं, ७पारिट्ठावणियागारेणं, महत्तरागारेणं,

---

૩ **लेपालेपेन** ઘૃત પ્રમુખ જે વિગઈનો સાધુને નિયમ હોય તે ઘૃતાદિ વિગયથી ગૃહસ્થનો હાથ ખરડાયાથી લૂછી નાંખ્યો હોય તેવા હાથથી અથવા ખરડાયેલા ચાટુવાને લૂછી નાંખીને તે વડે વહોરાવે તો પચ્ચખ્ખાણ ભગ થાય નહિ (સાધુને માટે આ આગાર છે.)

૪ **गृहस्थसंसृष्टेन** શાક પ્રમુખ દ્રવ્યને ગૃહસ્થે પોતાને માટે વિગયથી જરા વઘારી સસ્કારિત કર્યા હોય અથવા રોટલી રોટલા માંડાદિને ગોળ ઘી પ્રમુખ વિગયવડે જરા ચોપડયા કર્યા હોય તેમ છતા નિવિ કે વિગયના પચ્ચખ્ખાણમા લેવામા આવે તો પણ મુનિને પચ્ચખ્ખાણનો ભગ થાય નહિ.

૫ **उत्क्षिप्तविवेकेन** રોટલી રોટલા કે માડાદિ ઉપર ગોળ પ્રમુખ પિડ (કઠણ) વિગઇ મૂકેલ હોય પછી તે લઇ લેવામા આવે છતા તેનો કઇક અશ ચોટી રહેલ હોય તેવા રોટલા વગેરે લેવામા આવે તો મુનિને પચ્ચખ્ખાણનો ભગ થાય નહિ. ગૃહસ્થને આ આગાર હોય નહિ.

૬ **प्रतीत्यम्रक्षितेन** રોટલી રોટલા પ્રમુખને કુણા રાખવા માટે કરતી વખતે તેલ કે ઘીની આગળીથી ચોપડીને કરે (રાખે) તો તેમા લગારેક વિગઇનો ભાગ આવ્યા છતા પચ્ચખ્ખાણ ભગ થાય નહિ.

૭ **पारिष्ठापनिकाकारेण** જે આહાર ગૃહસ્થના ઘરથી વિધિ પૂર્વક (એષણીય) લીધો હોય અને ઉચિત રીતે મુનિઓને વહેંચી આપ્યો હોય અને વિવેકથી વાપરવામાં આવ્યો હોય છતા વધી પડે અને પરઠવવોજ પડે એમ જણાય તો પરઠવવાથો થતો દોષ બચાવવાની ખાતર ગુરૂ મહારાજની આજ્ઞાવડે વધી પડેલ આહારાદિ વાપરતા પચ્ચખ્ખાણનો ભગ થાય નહિ.

सव्वसमाहिवत्तियागारेणं ॥ बियासणं पच्चक्खाइ, ति॰ विहंपि आहारं, *असणं खाइमं, साइमं, अन्नत्थणाभोगेणं, सहसागारेणं, सागारियागारेणं, आं-

---

અહી ચોવિહાર ઉપવાસમા પ્રાસુક પાણી, તિવિહાર ઉપવાસમા અન્ન અને પાણી અને આયબિલના પચ્ચખ્ખાણુમા વિગઇ, અન્ન અને પાણી વાપરી શકાય આ આગાર યતિને માટે છે પણ પાઠ સલગ્ન હોવાથી શ્રાવકમાં પણુ બોલાય છે.

૮ એકાસણુાનુ પચ્ચખ્ખાણુ લેવુ હોય ત્યારે આ પદને ઠેકાણે "**एकासणं**" પાઠ કહેવો

૯ અહીં **दुविहपि आहार** નો પાઠ બોલે તો જમ્યા પછી પાણી અને સ્વાદિમ વાપરી શકાય અને તિવિહારનુ પચ્ચખ્ખાણુ કરે તો જમ્યા પછી પાણી વાપરી શકાય અને ચઉવિહારનુ પચ્ચખ્ખાણુ કરે તો **चउव्विहपि आहार** પાઠ બોલે અને જમ્યા પછી ચારે આહારનો ત્યાગ કરે જમ્યા પછી પણુ જે પચ્ચખ્ખાણે એકાસણુ વગેરે કરેલ હોય તે પ્રમાણે દિવસ ચરિમ ચૌવિહાર તિવિહાર દુવિહાર યથાસભવ લેવુ

* ચઉવિહારે **असण पाण खाइमं साइम** અને દુવિહારે **असण खाइम** એ પ્રમાણે પાઠ બોલવા.

૧૦ **सागारिकागारेण** સાગારી એટલે ગૃહસ્થ બન્દિવાન પ્રમુખ તેના કારણે આ આગાર છે. એટલે મુનિને ગૃહસ્થ દેખતા આહાર પાણી કરવાની મનાઈ છે તેથી કોઈ ગૃહસ્થ આહાર કરતી વખત આવ્યો હોય ને થોડી વારમાં જવાનો હોય તો તેટલી વાર આહાર કરવાની ઢીલ કરે અને તે ત્યાં સ્થિર રહે તો અન્યત્ર જઇ આહાર કરે તો પચ્ચખ્ખાણુ ભગ થાય નહિ. અને ગૃહસ્થને જમતી વખત જેની દૃષ્ટિ પડતાં અન્ન પચે

उंटणपसारेणं, गुरुअब्भुट्ठाणेणं[12], पारिट्ठावणियागारेणं, महत्तरागारेणं, सव्वसमाहिवत्तियागारेणं ॥ पाणस्स[13] लेवेण[14] वा, अलेवेण[15] वा, अच्छेण[16] वा, बहुलेवेण[17] वा,

---

નહિ તેવો બદિવાનાદિ આવ્યો હોય અથવા સર્પ, અગ્નિ પ્રમુખનો ઉપદ્રવ જણાય તો અન્યત્ર જઇ ભોજન કરતા ભગ થાય નહિ.

૧૧ **आकुञ्चनप्रसारणेन** જમવા બેઠા પછી ખાલી ચડી જવાના કે એવા કોઈ બીજા કારણે હાથ પગાદિ અગોપાગ સકોચવા કે પ્રસારવા પડે તેથી આસન જરા ચલાયમાન થાય તો પચ્ચખ્ખાણ ભગ થાય નહિ.

૧૨ **गुर्वभ्युत्थानेन** એકાસણાદિ કરતા પોતાના ગુરૂ મહારાજ કે પ્રાહુણા મુનિ આવ્યા હોય તો તેનો વિનય સત્કાર સાચવવા ઉભા થવુ પડે તો તેથી પચ્ચખ્ખાણ ભગ થાય નહિ

૧૩ **पानकस्य** પાણીના, તિવિહાર કે ચઉવ્વિહારે એકાસણ કરનારને આ પાણી સબધીના ૭ આગાર અવશ્ય કહેવા અને દુવ્વિહારમા અચિત્તભોજી અને અચિત્ત જળ વાપરનારને પણ આ આગાર કહેવા.

૧૪ **लेपाद्वा** અહી ત્રીજી વિભક્તિ પચમીના અર્થમા હોવાથી પચમી લખી છે. લેપકૃત પાણી તે ઓસામણ, આમલી અને દ્રાક્ષના પાણી સમજવા આ છએ આગારમા **वा** શબ્દ મૂકયો છે તેથી એકથી બીજા ભેદનુ અધિકપણુ બતાવેલ છે એટલે કે લેપકૃત કરતા અલેપકૃત સારૂં તે કરતા ત્રણ ઉભરાએ ઉકાળેલ સારૂ એમ યથાયોગ્ય જાણવુ એ છમાંથી ગમે તે પ્રકારનુ જળ એકાસણાદિ પચ્ચખ્ખાણવાળાને વાપરી શકાય તે માટે આ આગારો છે

૧૫ **अलेपकृताद्वा** અલેપકૃત પાણી તે લેપ વગરતું કાજી પ્રમુખનુ ધોયણ કે છાશની આછ વગેરે સમજવુ.

ससित्थेण[18] वा, असित्थेण[19] वा, वोसिरइ ॥
॥ इति बियासणा एकासणानुं[20] पच्चक्काण ॥

॥ *आयंबिलनुं पच्चक्खाण. ॥

उग्गए सूरे, नमुक्कारसहिअं, पोरिसिं, साढपोरिसिं, मुट्ठिसहिअं पच्चक्काइ ॥ उग्गए सूरे, चउव्विहंपि आहारं, असणं, पाणं, खाइमं, साइमं, अन्नत्थणाभोगेणं, सहसागारेणं, पच्छन्नकालेणं, दिसामोहेणं, साहुवय-

---

१६ **अच्छाद्वा** અચ્છ એટલે નિર્મળ જળ તે ત્રણ ઉકાળાથી ઉકળેલુ ઉષ્ણ જળ અથવા ફળાદિનું ધોયણ જાણવુ

१७ **बहुलेपाद्वा** બહુલેપ એટલે ચોખા પ્રમુખનુ ધોયણ

१८ **ससिक्थाद्वा** આટાથી ખરડાયેલ હાથ કે વાસણનુ ધોયણ જેમાં આટાના રજકણ પણ આવી જાય છે.

१९ **असिक्थाद्वा** આટાથી ખરડાયેલ હાથ અથવા વાસણનુ ધોયણ જેમા આટાના રજકણો આવે નહિ એવુ ગાળેલુ ધોયણનુ પાણી.

२० એકલઠાણા (**एकस्थानं**)નુ પચ્ચખ્ખાણ કરવુ હોય ત્યારે **आउटणपसारेण** એ આગાર વર્જીને બીજા બધા આગાર એકાસણા પ્રમાણે લેવા. આ પચ્ચખ્ખાણમાં જમણો હાથ અને મુખ શિવાય બધાં અંગોપાંગ સ્થિર રાખવા અને જમતી વખતજ ઠામ ચોવિહાર કરવો.

* **आचाम्ल** આ તપમાં ૭ વિગય વિનાનો નિરસ આહાર વાપરવાનો છે.

णेणं, महत्तरागारेणं, सव्वसमाहिवत्तियागारेणं ॥ आयंबिलं पच्चक्खाइ ॥ अन्नत्थणाभोगेणं, सहसागारेणं, लेवालेवेणं, गिहत्थसंसठेणं, उक्खित्तविवेगेणं, पारिट्ठावणियागारेणं, महत्तरागारेणं, एगासणं पच्चक्खाइ तिविहंपि आहारं, असणं, खाइमं, साइमं, अन्नत्थणाभोगेणं, सहसागारेणं, सागारिआगारेणं, आउंटणपसारेणं, गुरुअब्भुठाणेणं, पारिठावणियागारेणं, महत्तरागारेणं, सव्वसमाहिवत्तियागारेणं, पाणस्स लेवेण वा, अलेवेण वा, अच्छेण वा, बहुलेवेण वा, ससित्थेण वा, असित्थेण वा, वोसिरइ ॥

॥ इति आयंबिलनुं पच्चक्खाण ॥

॥ तिविहार उपवासनुं ॥

सूरे उग्गए, अब्भत्तट्ठं* पच्चक्खाइ तिविहंपि

---

* ઉપવાસ કરનારને આગળ પાછળ એકાસણુ હોય અથવા આગળની રાત્રિએ ચૌવિહાર અને પછી નમુક્કારસી હોય તો અહી **चउत्थभत्त अब्भत्तट्ठ** એ પાઠ લેવાનો છે. બે ઉપવાસવાળાને **छट्ठभत्त** ત્રણુવાળાને **अट्ठमभत्त** એ પ્રમાણે પાઠ લેવાનો જાણવો. તે પછી દરેક ઉપવાસે બબે ભક્ત વધારેનુ પચ્ચખ્ખાણુ જાણુવુ.

आहारं, असणं, खाइमं, साइमं, अन्नत्थणाभोगेणं, सहसागारेणं, पारिठ्ठावणियागारेणं, महत्तरागारेणं, सव्वसमाहिवत्तियागारेणं ॥ पाणहार पोरिसिं, साढपोरिसिं मुट्ठिसहिअं, पच्चक्खाइ ॥ अन्नत्थणाभोगेणं, सहसागारेणं, पच्छन्नकालेणं, दिसामोहेणं, साहुवयणेणं, महत्तरागारेणं, सव्वसमाहिवत्तियागारेणं, पाणस्स लेवेण वा, अलेवेण वा, अच्छेण वा, बहुलेवेण वा, ससित्थेण वा, असित्थेण वा वोसिरइ ॥

॥ इति तिविहार उपवासनुं पच्चक्खाण ॥

॥ चउव्विहार उपवासनुं ॥

सूरे उग्गए अब्भत्तट्ठं[2] पचक्खाइ चउव्विहंपि आहारं, असणं, पाणं, खाइम, साइमं, अन्नत्थणा-

---

१ पोरिसी आदि जे पच्चख्खाण छे त्यां सुधी पाणीना आहारनुं पच्चख्खाण करूं छु.

२ अभक्तार्थ एटले जमवानु जेमा नथी ते–उपवास.

ऩ्नोगेणं, सहसागारेणं, पारिठावणियागारेणं, महत्त-
रागारेणं, सव्वसमाहिवत्तियागारेणं, वोसिरइ ॥

॥ इति चउविहार उपवासनुं पच्चक्काण ॥

॥ अथ सांजनां पच्चक्काण ॥

॥ *पाणहारनुं पच्चक्खाण ॥

॥ पाणहार दिवसचरिमं पच्चक्काइ ॥ अन्न-
त्थणाभ्नोगेणं, सहसागारेणं, महत्तरागारेणं, सव्व-
समाहिवत्तियागारेणं, वोसिरइ ॥ इति ॥

---

૧ સાંજરે પચ્ચખ્ખાણ લેવાનુ હોય ત્યારે આ આગાર ન લેવો.

* બિયાસણ, એકાસણુ, આયંબિલ અને તિવિહાર ઉપવાસ કરનારને સાંજરે પ્રતિક્રમણમાં આ પચ્ચખ્ખાણ લેવાનુ છે પ્રતિક્રમણ ન કરે તેમને પણ ઉક્ત વ્રતોમાનુ કોઇ કર્યું હોય તો લેવાનુ છે.

૧ દિવસનો બાકીનો ભાગ રહ્યો ત્યારથી આખી રાત્રી પર્યંત પાણીના આહારનો ત્યાગ કરૂછુ.

॥ बीजुं चउविहारनुं पच्चक्खाण ॥

दिवसचरिमं[1] पच्चक्खाइ । चउव्विहंपि आहारं, असणं, पाणं, खाइमं, साइमं, अन्नत्थणाभोगेणं, सहसागारेणं, महत्तरागारेणं, सव्वसमाहिवत्तियागारेणं, वोसिरइ ॥ इति चउविहारनुं ॥

॥ त्रीजुं तिविहारनुं पच्चक्खाण ॥

दिवसचरिमं पच्चक्खाइ तिविहंपि आहार, असणं, खाइमं, साइमं, अन्नत्थणाभोगेणं, सहसागारेणं महत्तरागारेणं सव्वसमाहिवत्तियागारेणं, वोसिरइ ॥ इति तिविहारनुं ॥

॥ चोथुं दुविहारनुं पच्चक्खाण ॥

दिवसचरिमं पच्चक्खाइ । दुविहंपि, आहारं, असणं, खाइमं, अन्नत्थणाभोगेणं, सहसागारेणं,

---

१ अही अल्प आयुष्य बाकी होय अने चारे आहारनो त्याग करवो होय तो भवचरिमं ए पद कहेवुं

महत्तरागारेणं, सव्वसमाहिवत्तियागारेणं वोसिरइ॥

॥ देशावगासिकनुं* पच्चक्खाण ॥

देसावगासियं[1] उवभोगं[2] परिभोगं[3] पच्चक्खाइ । अन्नत्थणाभोगेणं, सहसागारेणं, महत्तरागारेणं, सव्वसमाहिवत्तियागारेणं, वोसिरइ ॥इति॥

॥ अथ श्रीपाक्षिकखामणा* ॥

इच्छामि खमासमणो ! [1]पियं च मे

---

* ચૌદ અગર ઓછા નિયમ ધારનારને આ પચ્ચખ્ખાણ લેવાનુ છે.

૧ **देशावकाशिक** સર્વવ્રતોનો થોડો અવકાશ એટલે અમુક અમુક વસ્તુ વાપરવા શિવય બીજા બધાં ભોગોપભોગ્ય પદાર્થનો ત્યાગ કરૂ છુ. અહી એકલી દિશીનુ નિયમ રાખનારને **उवभोग परिभोग** પાઠ કહેવાનો નથી.

૨ આહાર વિલેપનાદિ એકવાર ભોગવવા યોગ્ય પદાર્થો તે **उपभोग.**

૩ સ્ત્રી, આભરણ, વસ્ત્ર વગેરે વારવાર ભોગવવા યોગ્ય પદાર્થો તે **परिभोग.**

* આ ખામણા પખ્ખી ચૌમાસી અને સવચ્છરી પ્રતિક્રમણમા મુનિ મહારાજ બોલે છે. મુનિ ન હોય ત્યારે શ્રાવકો ખામણાને બદલે નવકાર બોલી છેલ્લું પદ બોલે છે.

૧ જેમ રાજાના નોકરો માંગલિક કાર્ય કર્યા બાદ રાજાને ખબર

जं भे, हट्ठाणं, तुट्ठाणं, अप्पायंकाणं, अभग्ग-जोगाणं, सुसीलाणं, सुवयाणं, सायरिय-उवज्झायाणं नाणेणं, दंसणेणं, चरित्तेणं, तवसा, अप्पाणं भावेमाणाणं बहुसुभेण भे दिवसो पोसहो पक्खो वइक्कंतो अन्नोय भे कल्लाणेणं पज्जुवट्ठिओ सिरसा मणसा मत्थएण वंदामि ॥ १ ॥

અર્થ—હે ક્ષમાશ્રમણુ ! મને પ્રિય છે (જે પૂછું છું તે મારા અંતઃકરણને પ્રિય છે) જે કારણુ માટે હર્ષ યુક્ત, સંતુષ્ટ, રોગ રહિત, અભગ્ન સંયમ યોગવાળા, ઉત્તમ બ્રહ્મચર્ય વાળા, સુંદર મહાવ્રતવાળા, આચાર્ય ઉપાધ્યાય સહિત એવા, જ્ઞાન દર્શન ચારિત્ર અને તપ વડે પોતાના આત્માને ભાવતા એવા આપનો પર્વરૂપ દિવસ અને પક્ષ, બહુ શુભ પ્રકારે વ્યતિક્રમ્યો છે ? તેમજ આપનો બીજો પર્વ કે પક્ષરૂપ દિવસ કલ્યાણુવડે ઉપસ્થિત થયો છે ? એ પ્રકારે માંગલિક વાકયનું ઉચ્ચારણુ કરીને મસ્તક અને મન વડે નમસ્કાર કરૂં છું. ૧

પૂછી નમસ્કાર કરે છે તેમ આ સૂત્રવડે શિષ્યો પોતાના ગુરૂ મહારાજને માંગલિક રીતે દિવસ પક્ષાદિ પસાર થયાનુ પૂછે છે અને નમસ્કાર કરે છે એથી ગુરૂનો વીનયોપચાર થાય છે.

૨ અહીં ગુરૂ મહારાજ **तुब्भेहिं सम** એટલે હે શિષ્ય ! તારી સાથે અમે પણુ અનુવંદના કરીએ છીએ એમ કહે છે. આ વચન કહેવાથી શિષ્યને અત્યંત હર્ષ થાય છે અને ગુરૂ પ્રત્યે ભક્તિભાવ પ્રગટે છે.

इच्छामि खमासमणो ! पुव्विं चेइयाइं वंदित्ता, नमंसित्ता तुब्भण्हं पायमूले विहरमाणेणं जे केइ बहु देवसिया साहुणो दिठ्ठा ॥ समणा वा, वसमणा वा, गामाणुगामं दुइज्जमाणा वा, रायणिया संपुच्छंति ॥ उमरायणिया वंदंति, अज्जाया वंदंति, अज्जियाउ वंदंति, सावया वंदंति, सावियाउ वंदंति, ॥ अहंपि निसल्लो, निक्कसाउ सिरसा मणसा मत्थएण वंदामि[1] ॥ २ ॥

અર્થ—હે ક્ષમાશ્રમણ ! ઇચ્છું છું-પૂર્વકાળે ચૈત્યો (જિનબિંબો) ને વંદન કરીને નમસ્કાર કરીને તમારા ચરણકમળમાં (તમારી સાથે) વિહાર કરતાં જે કોઈ બહુ દિવસના દીક્ષા પર્યાયવાળા સાધુઓ મેં દીઠા તેમાં જંઘાબળ ક્ષીણવાળા મુનિઓ, નવકલ્પી વિહાર કરનારા મુનિઓ, ગ્રામાનુગ્રામ વિચરનારા સાધુઓમાં રત્નાધિકને વંદન કરતાં તેમણે તમને સુખશાતા પુછી છે, આપ કરતાં ઓછા પર્યાયવાળા આચાર્યોએ વંદના કરી છે, સાધુઓ (તમને) વાંદે છે, સાધ્વીઓ વાંદે છે, શ્રાવકો વાંદે છે, શ્રાવિકાઓ વાંદે છે, હું પણ નિઃશલ્ય (શલ્ય રહિત)અને નિકષાય (કષાય રહિત) થઈને મસ્તકવડે અને મનવડે તેમને નમસ્કાર કરૂં છું. ૨

---

૧ અહીં ગુરૂ મહારાજ अहमपि वंदामि चेइआइं એ વચન કહે છે એટલે હું પણ પ્રભુ પ્રતિમાને વંદન કરૂં છું. આ ખામણાથી ચૈત્યવંદન તથા ગુરૂવંદન થાય છે.

इच्छामि खमासमणो ! उवट्ठिउहं तुब्भण्हं संतिअं अहाकप्पं वा, वत्थं वा, पडिग्गहं वा, कंबलं वा, पायपुच्छणं वा, अक्खरं वा, पयं वा, गाहं वा, सिलोगं वा, अट्ठं वा, हेउं वा, पसिणं वा, वागरणं वा ॥ तुब्भेहिं चिअत्तेणं दिन्नं, मए अविणएणं पडिच्छिअं, तस्स मिच्छामि दुक्कडं ॥३॥

અર્થ—હે ક્ષમાશ્રમણ ! હું ઈચ્છું છું, ઉપસ્થિત થયો છું તમારા સંબંધી-યથાકલ્પ્ય એવું વસ્ત્ર, પાત્ર, કાંબળ, રજોહરણ, અને અક્ષર, પદ, ગાથા, શ્લોક, અર્થ, હેતુ, પ્રશ્ન અથવા વ્યાકરણ (ઉત્તર) એ સર્વ તમોએ તો મને પ્રીતિ પૂર્વક આપ્યું છતાં મેં અહંકારાદિ વડે અવિનયથી ગ્રહણ કર્યું હોય તેનો મિચ્છામિ દુક્કડ દઉં છું. ૩

इच्छामि खमासमणो ! अहमपुव्वाइं कयाइं च मे किइकम्माइं ॥ आयारमंतरे, विणयमंतरे ॥ सेहिउ,

---

૧ અહીં ગુરૂ **आयरिय संतियं** એટલે એ સઘળું આચાર્યજી મહારાજને આધિન છે, એમ કહે છે. આ વચનથી ગુરૂ મહારાજ પોતાનુ નિરહંકારપણું સૂચવે છે અને તેથી પોતાના ગુરૂ ઉપર ભક્તિભાવ પ્રગટ થાય છે. આ ત્રીજા ખામણાથી શિષ્યે કરેલા અવિનયાદિ અપરાધનો મિથ્યા દુષ્કૃત દેવાય છે.

सेहाविउं, संगहिउं उवग्गहिउं, सारिउं, वारिउं, चोइउं, पडिचोइउं, चिअत्ता मे पडिचोयणा, अब्भुठ्ठिउंहं ॥ तुब्भणहं तवतेअसिरीए इमाउं चाउरंतसंसारकांताराउं साहट्टु निस्थरिस्सामि त्तिकट्टु सिरसा मणसा मत्थएण वंदामि[1] ॥ ४ ॥

અર્થ--હે ક્ષમાશ્રમણ ! આચાર સંબંધી, દોષવાળા વિનય સંબંધિ દોષવાળા, પૂર્વે મેં કરેલાએવા અપૂર્વ કૃતિકર્મો(શુદ્ધ) કરવાને હું ઇચ્છું છું. આપે મને શીક્ષા આપી છે, શીક્ષા અપાવી છે, શિષ્યપણે ગ્રહણ કર્યો છે, જ્ઞાનાદિ વસ્ત્રાદિવડે ઉપગ્રહિત કર્યો છે, સારણા, વારણા, ચોયણા, પડિચોયણા કરી છે, પ્રીતિવડે મને વારંવાર પ્રેરણા કરી છે તેથી હું તમારા સન્મુખ ઉદ્યુક્ત થયો છું અને તમારી તપ રૂપ તેજ લક્ષ્મીવડે હુ આ ચાર ગતિ રૂપ સંસારઅટવીથકી કષાયાદિ સંહરીને નિસ્તાર પામીશ-સંસારસમુદ્રનો પાર પામીશ ! એ હેતુથી મસ્તકે કરીને અને મને કરીને આપને નમસ્કાર કરૂં છું.

---

૧ અહીં ગુરૂ **नित्थारग पारग होह** હે શિષ્ય ! તું સંસારથી પાર પામનારો થા એમ કહે છે. આ ગુરૂનુ આશીર્વચન જાણવું. આ ચોથા ખામણાથી ગુરૂના ઉપકારને યાદ કરી ગુરૂનું બહુમાન થાય છે.

અષ્ટપ્રકારી પૂજાના દૂહા.

ન્હવણ વિલેપન કુસુમની, ધૂપ દીપ મનોહાર;
અખંડ અક્ષત નૈવેદ્યની, અષ્ટમી ફળ સુવિચાર. ૧
ભાવ-સ્તવને કારણે, દ્રવ્ય-સ્તવ આધિકાર;
કારણથી કારજ સધે, તેણે ધુર પૂજા ઉદાર. ૨
ઈણી પેરે જલ પૂજા કરી, કરીએ અપ્પા શુદ્ધ;
માને હિણું જે એહમાં, જાણો તેહ અશુદ્ધ. ૩
હવે કરવા ગુણવાસના, અસંખ્યાત પ્રદેશ;
ચંદનની પૂજા કરો, આણી ભાવ વિશેષ. ૪
પૂજાને પરિણામ દોઉ, કરો ચંદનકી રીત;
શીતળતા ને સુગંધતા, જીમ ભાંજે ભવભીત. ૫
હવે ત્રીજી સુમનસ તણી, પૂજા અતિહિ ઉદાર;
સુમનસ સુખ જીસુથી લહે, તિણે સુમનસ પ્રકાર. ૬
*પ્રણિધાને સદ્દગતિ હોએ, પૂજયે કિમ નવી હોય,
[1]સુમનસ ભાવે દુર્ગતા,[2] પૂજા પંચાશક જોય. ૭
[3]હુતાશનથી કાષ્ટ જયું, તિમ ધ્યાનાનલે કર્મ;
તિણે મિશે ધુપ પૂજા કરો, પામો જયું શિવશર્મ. ૮
ઇણીપરે ધુપ પૂજા કરી, જિન આગળ શુભ ભાવ;
ટાળી વિભાવની પરિણતી, દૂર કરો પરભાવ. ૯
[4]જગપ્રદીપ પુર દીપ શુભ, કરતાં ભાવો એહ,
અવરાણું જે અનાદિનું, જ્ઞાન લહો નિજ તેહ. ૧૦

---

* એકાગ્રભાવે.

૧ ચોખ્ખાભાવે ૨ દુર્ગતા (ગરીબ) નારી ભગવાન્ મહાવીર દેવને વંદન પૂજન કરવા જતી માર્ગમાજ આયુષ્ય ક્ષયે ચ્યવીં ચોખ્ખા ભાવથી સદ્દગતિ પામી ૩ અગ્નિ ૪ જગ-દીપક શ્રી જિનેશ્વર આગળ જયણા યુક્ત (ગાયના ઘીનો) દીપ પ્રગટાવતાં.

કેવળનાણ પઈવશું,[1] જ્યુ લહે લોકાલોક;
ત્યું પૂજા દ્રવ્યદીપની, કરતાં શિવ ફળ રોક. ૧૧
હવે અક્ષત[2] પૂજા કરો, શાળી વ્રીહિ ગોધુમ;
ઉજવળ પ્રભુ પર ઢોઇને, ટાળો મોહકી ધુમ. ૧૨
અક્ષય ફળ લેવા ભણી, અક્ષત પૂજા ઉદાર;
ઈહ ભવ પણ નવિ ક્ષય હોવે, રાજ ઋદ્ધ ભંડાર. ૧૩
હવે નૈવેદ્ય નિવેદના, કીજે જીમ હલીરાય,
ભવ નિર્વેદ[3] પ્રભુ મુખે, માગો અવિચળ ઠાય. ૧૪
કર્ત્તા ભોક્તા મુજ નહિ, પુદ્ગલ ભાવનો જીવ;
તિણે પુદ્ગલની ત્યાજના, કરતાં શર્મ સદૈવ. ૧૫
ફળ પૂજા કરતાં થકાં, સફળ કરો અવતાર;
ફળ માગો પ્રભુ આગળે, તાર તાર મુજ તાર. ૧૬
જસ ફળ ઓપમ જગ નહિ, પામ્યા પછી ન અંત;
અવ્યાબાધ અચળ અરૂજ, માગો સુખ અનંત. ૧૭

ઇતિ અષ્ટપ્રકારી પૂજાના દુહા સંપૂર્ણ.

અથ ગૌતમાષ્ટક છંદ

વીર જિણેસર કેરો શિષ્ય, ગૌતમ નામ જપો નિશદીશ;
જો કીજે ગૌતમનુ ધ્યાન, તો ઘર વિલસે નવે નિધાન. ૧
ગૌતમ નામે ગિરિવર ચઢે, મન વાંછિત હેલા[4] સંપજે;
ગૌતમ નામે નાવે રોગ, ગૌતમ નામે સર્વ સંજોગ. ૨
જે વૈરી વિરૂઆ વંકડા, તસ નામે નાવે ઢુંકડા;[5]

---

૧ પ્રદીપ—દીપક. ૨ (અણી શુદ્ધ) શાલિ—ચોખાદિ ૩ સંસાર ઉપરથી વૈરાગ્ય.

૪ શીઘ્ર—તત્કાલ ૫ પાસે—નજદીક આવી ન શકે—પરાભવ કરી ન શકે.

ભૂત પ્રેત નવિ મંડે પ્રાણ, તે ગૌતમનાં કરૂં વખાણ. ૩
ગૌતમ નામે નિર્મલ કાય, ગૌતમ નામે વાધે આય;
ગૌતમ જિન શાસન શણગાર, ગૌતમ નામે જયજયકાર. ૪
શાલ દાલ સુરહાં ઘૃત ગોલ, મનવંછિત કાપડ તંબોલ;
ઘર સુઘરણી નિર્મલ ચિત્ત, ગૌતમ નામે પુત્ર વિનીત. ૫
ગૌતમ ઉદયો અવિચલ ભાણ, ગૌતમ નામ જપો જગ જાણ.
મહોટાં મંદિર મેરૂ સમાન, ગૌતમ નામે સફલ વિહાણ. ૬
ઘર મયગલ ઘોડાની જોડ, વારૂ પહોંચે વંછિત કોડ;
મહીયલ માને મોહોટા રાય, જો તુઠે ગૌતમનાં પાય. ૭
ગૌતમ પ્રણમ્યાં પાતિક ટલે, ઉત્તમ નરની સંગત મલે,
ગૌતમ નામે નિર્મલ જ્ઞાન, ગૌતમ નામે વાધે વાન. ૮
પુણ્યવંત અવધારો[1] સહુ, ગુરૂ ગૌતમનાં ગુણ છે બહુ;
કહે લાવણ્યસમય કરજોડ, ગૌતમ તૂઠે સંપત્તિ કોડ. ૯

એકસો સિત્તેર જિન ચૈત્યવંદન.

સોલે જિનવર શામળા, રાતા ત્રીશ વખાણું;
લીલા મરકત મણિસમા, આડત્રિશ ગુણખાણું. ૧
પીલા કંચન વર્ણ સમા, છત્રીશે જિનચંદ;
શંખ વરણ સોહામણું, પચાશે સુખકંદ ૨
સીત્તેર સો જિન વંદીએ એ, ઉત્કૃષ્ટા સમકાલ;
અજિતનાથ વારે હુવા, વંદૂ થઇ ઉજમાલ. ૩
નામ જપંતાં જિનતણું, દુરગતિ દૂરે જાય;
ધ્યાન ધ્યાતાં પરમાત્મનું, પરમ મહોદય થાય. ૪
જિનવર નામે જશ ભલો, સફલ મનોરથ સાર,
શુદ્ધ પ્રતિતી જિનતણી, શિવસુખ અનુભવ ધાર. ૫

[1] નિશ્ચય કરી માનો

શ્રી સિદ્ધચક્ર નમસ્કાર ચૈત્યવંદન.

જો ધુરી સિરિ અરિહંત, મૂલ દઢપીઠ પઈઠિયો;
સિદ્ધ સૂરી ઉવજ્ઝાય સાહુ, ચીહું પાસ ગરીઠિયો. ૧
દંસણ નાણ ચરિત્ત તવ હી, પડિસાહા સુદરં;
તત્તખ્ખર સરવગ્ગ લદ્ધિ, ગુરૂપયદલ્લ દુંબરૂ. ૨
દિસીપાલ જખ્ખજખ્ખીણિ,પમુહ સુરકુસુમેહિં અલંકિયો;
સો સિદ્ધચક્ક ગુરૂકપ્પતરૂ, અમ મન વંછિયફલ દીયો. ૩

શ્રીપર્યુષણ ચૈત્યવંદન.

પર્વ પર્યુષણ ગુણનીલો, નવકલ્પવિહાર;
ચાર માસાન્તર થીર રહે, એહીજ અર્થ ઉદાર. ૧
આષાઢ શુદ ચઉદશ થકી, સંવત્સરી પંચ સ,
મુનિવર દિન સિત્તેરમે, પડિક્કમતાં ચૌમ.સ. ૨
શ્રાવકપણ સમત. ધરી, કરે ગુરૂના બહુમાન,
કલ્પસૂત્ર સુવિહિત મુખે, સાંભલે થઈ એક તાન. ૩
જિનવર ચત્ય જુહારીએ, ગુરૂ ભક્તિ વિશાલ,
પ્રાયે અષ્ટ ભવાંતરે, વરીએ શિવ વરમાલ. ૪
દર્પણથી નિજરૂપનો, જુવે સુદૃષ્ટિ રૂપ
દર્પણ અનુભવ અર્પણ, જ્ઞાન રમણ મુનિ ભૂપ ૫
આત્મ સ્વરૂપ વિલાકતાએ, પ્રગટ્યો મિત્ર સ્વભાવ,
રાય ઉદાયી ખામણાં, પર્વપર્યુષણ દાવ. ૬
નવ વખાણ પૂજી સુણો, શુકલ ચતુર્થી સીમા,
પંચમી દિન વાંચે સુણે, હોય વિરોધી નીમા, ૭
એ નહીં પર્વે પંચમી, સર્વ સમાણી ચોથે,
ભવ ભીરૂ મુનિ માનસે, ભાખ્યું અરિહા નાથે. ૮
શ્રુત કેવલી વયણા સુણી, લહી માનવ અવતાર,
શ્રી શુભવીરને શાસને, પામ્યા જય જયકાર ૯

શ્રી ચોવિશ જિન લંછન ચૈત્યવંદન.

ઋષભલંછન ઋષભ દેવ, અજિતલંછન હાથી,
સંભવ લંછન ઘોડલો, શિવપુરનો સાથી. ૧
અભિનંદન લંછન કપિ, ક્રૌંચ લંછન સુમતિ,
પદ્મલંછન પદ્મપ્રભુ, વિશ્વદેવા સુમતિ. ૨
સુપાર્શ્વલંછન સાથિયો, ચંદ્રપ્રભુ લંછન ચંદ્ર,
મગર લછન સુવિધિ પ્રભુ, શ્રીવચ્છ લંછન શીતલજિણંદ. ૩
લંછન ખડ્ગી શ્રેયાંસને, વાસુપૂજ્યને મહિષ,
સૂવર લંછન પાયે વિમલદેવ, ભવિયા તે નામો શિષ. ૪
સિંચાણો જિન અનતને એ, વજ્રલંછન શ્રીધર્મ,
શાંતિલંછન મરગલો, નાખે કર્મનો મર્મ. ૫
કુંથુનાથ જિન બોકડો, અરજિન નંદાવર્ત,
મલ્લિ કુંભ વખાણીયે, સુવ્રત કચ્છપ વિખ્યાત. ૬
નમિજિનને નીલોકમલ, પામીએ પકજમાંહિ,
શંખલંછન પ્રભુ નેમજી, દીસે ઉંચે આંહિ ૭
પાર્શ્વનાથજીને ચરણ સર્પ, નીલવરણ શોભિત,
સિંહલંછન કચન તનુ, વર્દ્ધમાન વિખ્યાત. ૮
એણીપરે લંછન ચિતવી એ, ઓલખીએ જિનરાય,
જ્ઞાનવિમલ પ્રભુ સેવતા, લક્ષ્મીરતન સૂરિરાય. ૯

સામાન્ય જિન ચૈત્યવંદન.

જય જય તું જિનરાજ આજ, મળીઓ મુજ સ્વામી;
અવિનાશી અકલંક રૂપ, જગ અંતરજામી. ૧
રૂપારૂપી ધર્મ દેવ, આતમ આરામી;
ચિદાનંદ ચેતન અચિંત્ય, શિવલીલા પામી. ૨
સિદ્ધ બુદ્ધ તું વંદતાં, સકળ સિદ્ધિ વર બુદ્ધ;

રામ પ્રભુ ધ્યાને કરી, પ્રગટે આતમ ઋદ્ધ. ૩
કાળ બહુ સ્થાવર ગમ્યો, ભમીયો ભવમાંહી;
વિકલેંદ્રિય માંહી વસ્યો, સ્થિરતા નહી ક્યાંહીં. ૪
તિર્યંચ પંચેંદ્રિય માંહી દેવ, કરમે હું આવ્યો;
કરી કુકર્મ નરકે ગયો, તુમ દરીશન નહિ પાયો. ૫
એમ અનંત કાળે કરી એ, પામ્યો નર અવતાર;
હવે જગ તારક તુંહી મળ્યો, ભવજલ પાર ઉતાર. ૬

શ્રી પાર્શ્વજિન ચૈત્યવંદન.

જય ચિંતામણિ પાર્શ્વનાથ, જય ત્રિભુવન સ્વામી;
અષ્ટ કર્મરિપુ જીતીને, પંચમી ગતિ પામી. ૧
પ્રભુ નામે આનંદ કંદ, સુખ સંપત્તિ લહીએ;
પ્રભુ નામે ભવ ભય તણાં, પાતક સબ દહીએ. ૨
ૐ હ્રીં વર્ણ જોડી કરીએ, જપીએ પાર્શ્વ નામ;
વિષ અમૃત થઇ પરગમે, લહિએ અવિચલ ઠામ. ૩

અથ સિદ્ધાચલનાં ચૈત્યવંદનો.

જય જય નાભિ નરિંદનંદ, સિદ્ધાચલ મંડણ,
જય જય પ્રથમ જિણંદચંદ, ભવ દુઃખ વિહંડણ. ૧
જય જય સાધુ સુરિંદ વૃંદ, વંદિઅ પરમેસર;
જય જય જગદાનંદ કંદ, શ્રી રૂષભ જિણેસર. ૨
અમૃત સમ જિન ધર્મનોએ, દાયક જગમાં જાણ;
તુજ પદ પંકજ પ્રીતધર, નિશદિન નમત કલ્યાણ. ૩

૨

શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્ર, દીઠે દુરગતિ વારે;
ભાવ ધરીને જે ચઢે, તેને ભવ પાર ઉતારે. ૧

અનંત સિદ્ધનો એહ ઠામ, સકળ તીરથનો રાય;
પુરવ નવાણું રીખવદેવ, જ્યાં ઠવીયા પ્રભુપાય. ૨
સૂરજ કુંડ સોહામણો, કવડ જક્ષ અભિરામ;
નાભિરાયા કુલ મંડણો, જિનવર કરૂં પ્રણામ. ૩

શ્રી સીમંધરસ્વામીનાં ચૈત્યવંદનો.

૧

શ્રી સીમધર જગધણી, આ ભરતે આવો;
કરૂણાવંત કરૂણા કરી, અમને વંદાવો. ૧
સકળ ભક્ત તુમે ધણી, જો હોવે અમ નાથ;
ભવોભવ હું છું તાહરો, નહીં મેલું હવે સાથ. ૨
સયલ સંગ છંડી કરીએ, ચારિત્ર લેઇશું;
પાય તુમારા સેવીને, શિવરમણી વરીશું. ૩
એ અળજો મુજને ઘણોએ, પુરો સીમંધર દેવ;
ઈહાં થકી હું વીનવું, અવધારો મુજ સેવ. ૪

૨

શ્રી સીમંધર વીતરાગ, ત્રિભુવન તમે ઉપગારી
શ્રી શ્રેયાંસ પિતા કુળે, બહુ શોભા તુમારી. ૧
ધન્ય ધન્ય માતા સત્યકી, જેણે જાયો જયકારી;
વૃષભ લંછને વિરાજમાન, વંદે નર નારી. ૨
ધનુષ પાંચશે દેહડીએ, સોહીએ સોવન વાન;
કીર્ત્તિવિજય ઉવજ્ઝાયનો, વિનય ધરે તુમ ધ્યાન. ૩

અથ બીજનું ચૈત્યવંદન.

દુવિધ ધર્મ જીણે ઉપદિશ્યો, ચોથા અભિનંદન,
બીજે જન્મ્યા તે પ્રભુ, ભવ દુઃખ નિકંદન. ૧

દુવિધ ધ્યાન તુમે પરિહરો, આદરો દોય ધ્યાન.
ઈમ પ્રકાશ્યું સુમતિ જિને, તે ચવિયા બીજ દિન. ૨
દોય બંધન રાગ દ્વેષ, તેહને ભવિ તજીએ,
મુજ પરે શીતલ જિન કહે, બીજદિન શિવ ભજીએ. ૩
જીવાજીવ પદાર્થનું, કરો નાણ સુજાણ,
બીજ દિને વાસુપૂજ્ય પરે, લહો કેવળ નાણ. ૪
નિશ્ચય નય વ્યવહાર દોય, એકાંત ન ગ્રહીએ,
અરજિન બીજ દિને ચવી, એમ જિન આગળ કહીએ. ૫
વર્ત્તમાન ચોવિશીએ, એમ જિન કલ્યાણ,
બીજ દિને કેઈ પામીયા, પ્રભુ નાણ નિર્વાણ ૬
એમ અનંત ચોવીશીએ, હુઆં બહુ કલ્યાણ,
જિન ઉત્તમ પદ પદ્મને, નમતા હોય સુખ ખાણ. ૭

અથ શ્રીજ્ઞાનપંચમીનું ચૈત્યવંદન.

ત્રિગડે બેઠા વીરજિન, ભાખે ભવિજન આગે,
ત્રિકરણશું ત્રિહુ લોક જન, નિસુણો મનરાગે. ૧
આરાધો ભલી ભાતસેં, પાંચમ અજુઆલી,
જ્ઞાન આરાધન કારણે, એહજ તિથિ નિહાલી. ૨
જ્ઞાનવિના પશુ સારિખા, જાણો એણે સંસાર,
જ્ઞાન આરાધનથી લહે, શિવપદ સુખ શ્રીકાર. ૩
જ્ઞાનરહિત ક્રિયા કહી, કાસકુસુમ ઉપમાન,
લોકાલોક પ્રકાશકર, જ્ઞાન એક પરધાન. ૪
જ્ઞાનિ શ્વાસોશ્વાસમાં, કરે કર્મનો છેહ;
પૂર્વ કોડી વરસા લગે, અજ્ઞાને કરે તેહ. ૫
દેશ આરાધક ક્રિયા કહી, સર્વ આરાધક જ્ઞાન,
જ્ઞાન તણો મહીમા ઘણો, અંગ પાંચમે ભગવાન. ૬

પંચ માસ લઘુ પંચમી, જાવજીવ ઉત્કૃષ્ટી;
પંચ વરસ પંચ માસની, પંચમી કરો શુભ દ્રષ્ટી. ૭
એકાવન હી પંચનો એ, કાઉસગ્ગ લોગસ્સ કેરો;
ઉજમણું કરો ભાવશું, ટાલો ભવ ફેરો. ૮
એણીપરે પંચમી આરાધીએ, આણી ભાવ અપાર,
વરદત્ત ગુણમંજરીપરે, રંગ વિજય લહો સાર ૯

શ્રી અષ્ટમીનું ચૈત્યવંદન.

માહા શુદી આઠમ દિને, વિજયા સુત જાયો,
તેમ ફાગણ શુદી આઠમેં, સંભવ ચવી આવ્યો. ૧
ચૈતર વદની આઠમે, જન્મ્યા ઋષભ જિણંદ;
દીક્ષા પણ એ દિન લહી, હુઆ પ્રથમ મુનિચંદ. ૨
માધવ[1] સુદિ આઠમ દિને, આઠ કર્મ કર્યા દૂર,
અભિનંદન ચોથા પ્રભુ, પામ્યા સુખ ભરપૂર. ૩
એહિજ આઠમ ઉજલી, જન્મ્યા સુમતિ જીણંદ,
આઠ જાતિ કળશે કરી, નવરાવે સુર ઇંદ્ર. ૪
જનમ્યા જેઠ વદી આઠમે, મુનિસુવ્રત સ્વામી,
નેમ આષાડ શુદી આઠમે, અષ્ટમી ગતિ[2] પામી. ૫
શ્રાવણ વદની આઠમે, નમિ જન્મ્યા જગ ભાણ,
તેમ શ્રાવણ શુદી આઠમે, પાસજીનું નિરવાણ. ૬
ભાદરવા વદી આઠમ દિને, ચવિયા સ્વામી સુપાસ;
જિન ઉત્તમ પદ પદ્મને, સેવ્યાથી શિવ વાસ. ૭

---

૧ વૈશાખ ૨ મોક્ષ.

શ્રી એકાદશીનું ચૈત્યવંદન.

શાસન નાયક વીરજી, પ્રભુ કેવળ પાયો;
સંઘ ચતુરવિધ સ્થાપવા, મહસેન વન આયો. ૧
[1]માધવ સિત એકાદશી, સોમલ દ્વિજ યજ્ઞ;
ઇંદ્રભુતિ આદે મલ્યા, એકાદશ વિજ્ઞ;[2] ૨
[3]એકાદશાસેં ચઉગુણા, તેહનો પરિવાર;
વેદ અર્થ અવળો કરે, મન અભિમાન અપાર. ૩
જીવાદિક સંશય હરીએ, એકાદશ ગણધાર;
વીરે થાપ્યા વંદીએ, જિન શાસન જયકાર. ૪
માહ્લ્ર જન્મ અર મલ્લિ પાસ, વર ચરણ વિલાસી;
ઋષભ અજીત સુમતિ નમિ, મલ્લિ ઘન ઘાતી વિનાશી.૫
પદ્મપ્રભ શિવવાસ પાસ, ભવ ભવનાં તોડી;
એકાદશી દિન આપણી, ઋદ્ધિ સઘલી જોડી, ૬
દશ ખેત્રે ત્રિહું કાલનાં, ત્રણશેં કલ્યાણ;
વરસ અગીઆર એકાદશી, આરાધો વરનાણ. ૭
અગીઆર અંગ લખાવીએ, એકાદશ પાઠાં;
પુંજણી ઠવણી વીંટણી, મસી કાગળ ને કાઠાં. ૮
અગીઆર અવ્રત છાંડવાંએ, વહો પડિમા અગીઆર;
ખીમાવિજય જિન શાસને, સફળ કરો અવતાર. ૯

---

૧ વૈશાખ શુકલ-શુદિ એકાદશીને દિવસે સોમલ નામના વિપ્ર-બ્રાહ્મણે આર ભેલા યજ્ઞ પ્રસંગે ૨ અગીયાર વિદ્વાન્ (વિપ્રો) ૩ ચુમાલીસસો.

શુદ્ધ દેવતત્ત્વ નિરૂપક સ્તવન.

જગનાયક જિનરાજને, દાખવિયે સહિ દેવ; મૂકાણા જે કર્મથી,
[1]સારે સુરપતિ સેવ. જગનાયક જિનરાજને, દાખવીએ સહિ દેવ. ૧

ક્રોધ માન માયા નહિ, નહિ લોભ અજ્ઞાન;
રતિ અરતિ વેદે નહિ, છાંડયાં મદના સ્થાન. જગનાયક૦ ૨

નિદ્રા શોક ચોરી નહિ, નહિ વયણ અલીક[2];
મચ્છર ભય વધ પ્રાણનો, ન કરે તે તહકીક.[3] જગનાયક૦ ૩

પ્રેમક્રીડા ન કરે કદી, નહિ નારી પ્રસંગ;
હાસ્યાદિક અઢાર એ, નહિ જેહને અંગ. જગનાયક૦ ૪

પદ્માસન પૂરી કરી, બેઠા શ્રી અરિહંત;
નિશ્ચલ લોયણ જેહનાં, નાસાગ્રેજ રહંત. જગનાયક૦ ૫

જિનમુદ્રા જિનરાજની, દીઠે પરમ ઉલ્લાસ;
સમકિત થાયે નિરમલું, તપે જ્ઞાન ઉજાસ. જગનાયક૦ ૬

ગતિ આગતિ સવી જીવતણી, જાણે લોકાલોક;
મન પર્યાય સવીતણા[4], કેવલ જ્ઞાનાલોક. જગનાયક૦ ૭

મૂર્તિ શ્રી જિનરાયની, સમતા રસ ભંડાર;
શીતલ નયણ સોહામણાં, નહિ વાંક લગાર. જગનાયક૦ ૮

હસત વદન હરખે હૈયું, દેખી શ્રી જિનરાય;
સુંદર છબી પ્રભુ દેહની, શોભા વરણી ન જાય. જગનાયક૦ ૯

અવર તણી એહવી છબી, કિહાં એમ દીસંત;
દેવતત્ત્વ એ જાણીએ, શ્રીજિનહર્ષ કહંત. જગનાયક૦ ૧૦

---

૧ જેહની ઇન્દ્રો સેવા કરે છે ૨ મૃષા—અસત્ય. ૩ નક્કી. ૪ કેવલજ્ઞાનના પ્રકાશથી જાણે.

શ્રીનવપદજીનું સ્તવન

સિદ્ધચક્ર વર સેવા કીજે, નરભવ લાહો લીજેજી; વિધિપૂર્વક આરાધન કરતાં, ભવભવ પાતક છીજે. ભવીજન ભજીએજી. અવર અનાદિની ચાલ નિત્ય નિત્ય તજીએજી. ૧ (એ આંકણી)

દેવના દેવ દયાકર[1] ઠાકર, ચાકર સુર નર ઈન્દાજી;
ત્રિગડે ત્રિભુવન નાયક બેઠા, પ્રણમો શ્રી જિનચંદા. ભવીજન૦ ૨
અજ[2] અવિનાશી અકળ અજરામર, કેવળ દંસણનાણીજી;
અવ્યાબાધ[3] અનંતું વીરજ, સિદ્ધ પ્રણમો ગુણખાણી. ભવી૦ ૩
વિદ્યા સૌભાગ્ય લક્ષ્મી પીઠ, મંત્રરાજ યોગપીઠજી;
સુમેરૂ પીઠ એ પંચ પ્રસ્થાને, નમો આચારજ ઇટ્ઠ[4]. ભવી૦ ૪
અંગ ઉપાંગ નંદિ અનુયોગા, છ છેદ ને મૂળ ચ્યારજી,
દસ પયન્ના એમ પણચાલીસ[5], પાઠક તેહના ધાર. ભવીજન૦ ૫
વેદ[6] ત્રણ ને હાસ્યાદિક ષટ, મિથ્યાત્વ ચ્યાર કષાયજી;
ચૌદ અભ્યંતર નવવિધ બાહ્યની, ગ્રંથિ તજે મુનિરાય. ભવી૦ ૬
ઉપશમ ક્ષયઉપશમ ને ક્ષાયક, દર્શન ત્રણ પ્રકારજી;
શ્રદ્ધા પરિણતિ આતમકેરી, નમીએ વારંવાર. ભવીજન૦ ૭
અઠ્ઠાવીશ ચૌદ ને ષટ દુગ[7] એક, મત્યાદિકના જાણજી;
એમ એકાવન ભેદે પ્રણમો, સાતમે પદ વરનાણ. ભવીજન૦ ૮
નિવૃત્તિ ને પ્રવૃત્તિ ભેદે, ચારિત્ર છે વ્યવહારેજી;
નિજગુણ સ્થિરતા ચરણ તે પ્રણમો, નિશ્ચય શુદ્ધ પ્રકારે. ભવી૦ ૯
બાહ્ય અભ્યંતર તપ તે સંવર, સમતા નિર્જરા હેતુજી;
તે તપ નમીએ ભાવ ધરીને, ભવસાગરમાં સેતુ. ભવીજન૦ ૧૦

---

૧ દયાના ભંડાર. ૨ જ્હેને ફરી જન્મ લેવાનો નથી ૩ કશી આબાધારહિત, અખંડ સુખ ૪ ઇષ્ટ (ભાવાચાર્ય). ૫ પીસ્તાલીશ આગમ ૬ પુરૂષ, સ્ત્રી અને નપુંસક ૭ બે.

એ નવપદમાં [1]પણ છે ધર્મી, ધર્મ તે વરતે ચ્યારજી;[2]
દેવ ગુરૂ ને ધર્મ તે એહમાં, દો[3] તીન[4] ચ્યાર[5] પ્રકાર. ભવી૦ ૧૧
મારગ દેશક[6] અવિનાશીપણું[7], આચાર[8] વિનય[9] સંકેતેજી;
સહાયપણું[10] ધરતા સાધુજી, પ્રણમો એહીજ હેતે.[11] ભવી૦ ૧૨
વિમલેશ્વર સાંનિધ્ય[12] કરે તેહની, ઉત્તમ જે આરાધેજી;
પદ્મવિજય કહે તે ભવી પ્રાણી, નિજ આતમ હિત સાધે. ભવી૦ ૧૩

શ્રી પરમાત્મ સ્તવન.

" દેવ તુજ સિદ્ધાન્ત મીઠો " એ દેશી.

સકલ સમતા સુરલતાનો, તુંહી અનોપમ કંદરે,
તુંહી કૃપારસ કનકકુંભો, તુંહી જિણંદ મુણીંદરે. ૧
પ્રભુ તુહી, તુંહી તુંહી તુંહી, તુંહી ધરતા ધ્યાનરે,
તુજસ્વરૂપી જે થયા, તેણે લહ્યું તાહરૂં તાનરે. પ્રભુ૦ ૨
તુંહી અલગો ભવ થકી પણ, ભવિક તાહરે નામરે,
પાર ભવનો તેહ પામે, એહ અચરીજ ઠામરે. પ્રભુ૦ ૩
જન્મ પાવન આજ માહરો, નિરખીઓ તુજ નૂરરે,

---

૧ અરિહતાદિક પાચ પરમેષ્ઠીઓ ૨ સમ્યગ દર્શન (સમકિત) આદિક ચ્યાર પ્રકાર ૩ અરિહત અને સિદ્ધ તે બે દેવ ૪ આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ ત્રણ ગુરૂ ૫ દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ એ ચ્યાર પ્રકારનો ધર્મ જાણવો ૬ અરિહતનો મોક્ષમાર્ગદેશક ગુણ ૭ સિદ્ધનો અવિનાશીપણાનો ગુણ ૮ આચાર્યનો જ્ઞાનાદિક પાચ આચાર પાળવા પળાવવાનો ગુણ. ૯ ઉપાધ્યાયનો વિનય ગુણ (જડ જેના શિષ્યને પણ સુશિક્ષાદાનથી સુવિનીત કરે એવો ગુણ) ૧૦ અન્ય ભવ્યાત્માઓને ધર્મમાર્ગમા આલબનરૂપ થવાનો ગુણ (સાધુનો). ૧૧ એટલા માટે અરિહતાદિકને ત્રિકરણ શુદ્ધ પ્રણામ કરવાનો છે. ૧૨ સહાયતા કરે.

ભવોભવ અનુમોદનાજી, હુઓ આપ હજૂરરે. પ્રભુ૦ ૪
એહ માહરે અખયઆતમ, અસંખ્યાત પ્રદેશરે,
તાહરા ગુણ છે અનંતા, કીમ કરૂં તાસ નિવેશરે. પ્રભુ૦ ૫
એક એક પ્રદેશે તાહરે, ગુણ અનંતનો વાસરે;
એમ કરી તુજ સહજ મિલત, હુએ જ્ઞાન પ્રકાશરે. પ્રભુ૦ ૬
ધ્યાન ધ્યાતા ધ્યેય એકે, એકી ભાવ હોએ એમરે;
એમ કરતાં સેવ્ય સેવક, ભાવ હોએ ક્ષેમરે. પ્રભુ૦ ૭
શુદ્ધ સેવા તાહરી જે, હોય અચલ સ્વભાવરે,
જ્ઞાનવિમલ સૂરીંદ પ્રભુતા, હોય સુજસ જમાવરે. પ્રભુ૦ ૮

શ્રીસીમંધર જિન સ્તવન.

ધન્ય ધન્ય ક્ષેત્ર મહાવિદેહજી, ધન્ય પુંડરિગિણી ગામ,
ધન્ય તિહાંના માનવીજી, નિત્ય ઉઠી કરેરે પ્રણામ.
સીમધર સ્વામી કહિયેરે હું, મહાવિદેહ આવીશ,
જયવંતા જિનવર કહીયેરે, હું તમને વાંદીશ. ॥૧॥
ચાંદલીયા સંદેશડોજી, કેહેજો સીમંધર સ્વામ,
ભરત ક્ષેત્રનાં માનવીજી, નિત્ય ઉઠી કરેરે પ્રણામ. સી૦ ॥૨॥
સમવસરણ દેવે રચ્યું તિહાં, ચોસઠ ઇંદ્ર નરેશ;
સોના તણે સિંહાસન બઠા, ચામર છત્ર ધરેશ. સી૦ ॥૩॥
ઇંદ્રાણી કાઢે ગહુંલીજી, મોતીનાં ચોક પૂરેશ,
લળી લળી લીયે લૂંછણાજી, જિનવર દીયે ઉપદેશ.સી૦ ॥૪॥
એહવે સમે મેં સાંભલ્યુજી, હવે કરવા પચ્ચખાણ;
પોથી ઠવણી તિહાં કણેજી, અમૃત વાણી વખાણ. સી૦ ॥૫॥
રાયને વહાલાં ઘોડલાંજી, વેપારીને વહાલાં છે દામ,
અમને વહાલા સીમંધર સ્વામી, જેમ સીતાને શ્રીરામ.સી૦ ॥૬॥
નહીં માગું પ્રભુ રાજ્ય ઋદ્ધિજી, નહીં માગું ગરથ ભંડાર,
હું માંગુ પ્રભુ એટલુંજી, તુમ પાસે અવતાર. સી૦ ॥૭॥

દૈવે ન દીધી પાંખડીજી, કેમ કરી આવું હજૂર,
મુજરો મ્હારો માનજોજી, પ્રહ ઉગમતે સૂર. સી૦ ॥૮॥
સમયસુંદરની વિનતિજી, માનજો વારંવાર;
બે કર જોડી વિનવુંજી, વિનતડી અવધાર. સી૦ ॥૯॥

શ્રીસીમંધરજિનસ્તવન.

રૂપૈયો તે આલુ રોકડો માહારા વહાલાજીરે ॥ એ દેશી.

મનડું તે માહારૂં મોકલે, મહારા વાહ.લાજીરે,
સસહર[1] સાથે સંદેશ, જઈને કહેજો મહારા વાલાજીરે ॥ આંo
ભરતનાં ભક્તને તારવા, ॥મા૦॥ એકવાર આવોને આ દેશ. જ૦ ૧
પ્રભુજી વસો પુષ્કલાવતી, ॥મા૦॥ મહાવિદેહ ક્ષેત્ર મઝાર; જઈ૦
પુરી રાજે પુંડરિગિણી, ॥મા૦॥ જિહાં પ્રભુનો અવતાર. જઈ૦ ૨
શ્રી સીમંધર સાહિબા, ॥મા૦॥ વિચરંતા વીતરાગ; જઈ૦
પડિબોહે[2] બહુ પ્રાણીને ॥મા૦॥ તેહનો પામે કુણ તાગ[3] જઈ૦ ૩
મન જાણે ઉડી મળું, ॥મા૦॥ પણ પોતાને નહીં પાંખ; જઈ૦
ભગવંત તુમ જોવા ભણી, ॥મા૦॥ અલજો ધરે છે બેહુ આંખ જઈ૦ ૪
દુર્ગમ મહોટા ડુંગગ, ॥મા૦॥ નદી નાળાંનો નહીં પાર; જઈ૦
ઘાંટીની આંટી ઘણી, ॥મા૦॥ અટવી પંથ અપાર. જઈ૦ ૫
કોડી સોનૈયે કાસીદી, ॥મા૦॥ કરનારો નહીં કોય; જઈ૦
કાગલીયો કેમ મોકલું, ॥મા૦॥ હોંશ તે નિત્ય નવલી હોય. જઈ૦ ૬
લખુ જે જે લેખમાં, ॥મા૦॥ લાખ ગમે અભિલાષ; જઈ૦
તમે [4]લેજામાં તે લહો, ॥મા૦॥ મુજ મન પૂરે છે સાખ. જઈ૦ ૭
લોકાલોક સરૂપનાં, ॥મા૦॥ જગતમાં તુમે છો જાણ; જઈ૦
જાણ આગે શું જણાવીએ, ॥મા૦॥ આખર અમે અજાણ. જઈ૦ ૮
વાચક ઉદયની વિનતિ, ॥મા૦॥ સસહર કહ્યા સંદેશ; જઈ૦
માની લેજો માહરી, ॥મા૦॥ વસતાં દૂર વિદેશ. જઈ૦ ૯

૧ શશધર–ચંદ્રમા ૨ પ્રતિબોધે ૩ છેડો ૪ આપ તે તરત જાણી જાઓછો.

શ્રીયુગમંધરજિન સ્તવન.

॥ મધુકરની દેશીમા ॥

શ્રીયુગમંધરને કેજો, કે દધિસુત[1] વીનતડી સુણજોરે;
શ્રીયુગ૦ એ આંકણી૦

કાયા પામી અતિ કુડી, પાંખ નહીં આવું ઉડી;
લબ્ધિ નહીં કોઇ રૂડીરે. શ્રીયુગ૦ ॥૧॥
તુમ સેવામાંહિ સુર કોડી, ઈહાં આવે જો એક દોડી,
આશ ફળે પાતક મોડીરે. શ્રીયુગ૦ ॥૨॥
દુષમ સમયમાં ઇણે ભરતે, અતિશય નાણી નવિ વરતે,
કહીએ કહો કોણ સાંભલતેરે. શ્રીયુગ૦ ॥૩॥
શ્રવણાં સુખીયા તુમ નામે, નયણાં દરિસણ નવિ પામે;
એ તો ઝગડાને ઠામેરે. શ્રીયુગ૦ ॥૪॥
ચાર આંગલ અંતર રહેવું, [2]શોકલડીની પેરે દુ:ખ સહેવું;
પ્રભુ વિના કોણ આગળ કહેવુંરે. શ્રીયુગ૦ ॥૫॥
મ્હોટા મેળ કરી આપે, બેહુને તોલ કરી થાપે;
સજ્જન જસ જગમાં વ્યાપેરે. શ્રીયુગ૦ ॥૬॥
બેહુનો એક મતો થાવે, કેવલ નાણ જુગલ પાવે,
તો સવિ વાત બની આવે રે. શ્રીયુગ૦ ॥૭॥
ગજલંછન ગજગતિગામી, વિચરે વપ્રવિજય સ્વામી,
નયરી વિજયા ગુણધામીરે. શ્રીયુગ૦ ॥૮॥
માતા સુતારાએ જાયો, સુદ્રઢ નરપતિ કુલ આયો;
પંડિત જિનવિજયે ગાયોરે. શ્રીયુગ૦ ॥૯॥

---

૧ ચદ્રમા. ૨ આખ અને કાનને ચાર આગળનુ છેટુ છે, તેથી કાન યુગમધર સ્વામીનુ નામ સાભળે છે પણ પ્રભુ દૂર હોવાથી આખ દેખી શકતી નથી તેથી આખને શોકની પેઠે દુ ખ થાય છે.

શ્રીસિદ્ધાચલ સ્તવન.

જસોદા માવડી—એ દેશી.

જાત્રા નવાણુ કરીએ, વિમલગિરિ જાત્રા નવાણું કરીએ એ આં૦
પૂરવ નવાણું વાર શેત્રુંજા ગિરિ, ઋષભ જિણંદ સમોસરીએ,
॥ વિમલ૦ ॥ ૧ ॥
કોડિ સહસ ભવ પાતક ત્રૂટે, સેત્રુંજા સાહામો ડગ ભરીએ.॥વિ૦ ૨॥
સાત છઠ દોય અઠમ તપસ્યા, કરી ચઢોયે ગિરિવરીયે. ॥ વિ૦ ૩ ॥
પુંડરીક પદ જપીયે હરખે, અધ્યવસાય શુભ ધરીયે ॥ વિ૦ ૪ ॥
પાપી અભવી ન નજરે દેખે, હિંસક પણ ઊદ્ધરીએ ॥ વિ૦ ૪ ॥
ભુમિ [1]સંથારો ને નારી તણો સંગ, દૂર થકી પરિહરીયે.[2]॥વિ૦ ૬ ॥
સચિત્ત પરિહારી[3]ને એકલઆહારી,[4]ગુરૂ સાથે પદ ચરાયે[5].॥વિ૦૭॥
પડિક્કમણા દોય વિધિશું કરીયે,[6] પાપ પડલ વિખરીયે.॥વિ૦૮॥
કલિકાલે એ તીરથ મેહોટું, પ્રવહણ+ જિમ ભર દરીયે.॥વિ૦૯॥
ઉત્તમ એ ગિરિવર સેવંતા, પદ્મ કહે ભવ તરીયે ॥વિમલ૦૧૦॥

શ્રીસિદ્ધાચલતીર્થ સ્તવન.

શ્રી આદીશ્વર અંતરયામી, જીવન જગત આધાર;
શાન્ત સુધારસ જ્ઞાને ભરિયો, સિદ્ધાચલ શિણગાર,
રાયણ રૂડીરે, જ્યહાં પ્રભુ પાય ધરે, વિમલગિરિ વંદોરે,
દેખત દુઃખ હરે, પુન્યવંતા પ્રાણીરે, પ્રભુજીની સેવા કરે ૧
ગુણ અનંતા ગિરિવરકેરા, સિધ્યા સાધુ અનંત;
વળીરે સિદ્ધશે વાર અનંતી, એમ ભાખે ભગવંત.

× અભવી (અભવ્ય) એવા પાપી (આવો અર્થ જણાય છે)

* નવાણુ યાત્રા કરનારાએ એ (અને ઉપલક્ષણથી વિધિ રસિક અન્ય યાત્રાળુઓએ) યાત્રા કરતા જે છરી પાળવી જોઇએ તેના નામ બતાવવામા આવ્યા છે

+ નાવ-વહાણ.

ભવોભવ કેરાં રે પાતક દૂર કરે; વિમલગિરિ વંદોરે૦ ૨
વાવડીયું રસકુંપાકેરી, મણિ માણેકની ખાણ,
રત્નખાણ બહુ રાજે હો તીરથ, એવી શ્રી જિનવાણ;
સુખના સનેહી રે બંધન દૂર કર, વિમલગિરિ વંદોરે૦ ૩
પાંચ કોડિશું પુંડરીક સિધ્યા, ત્રણ કોડિશું રામ;
વીશ કોડિશું પાંડવ સિધ્યા, સિદ્ધક્ષેત્ર સિદ્ધઠામ;
મુનિવર મ્હોટારે અનંતા સિદ્ધિવરે, વિમલગિરિ વંદોરે૦ ૪
એસો તીરથ ઓર ન જગમેં, ભાખે શ્રી જિનભાણ,
દુર્ગતિ કાપે ને પાર ઉતારે (વ્હાલો), આપે કેવલનાણ,
ભવિજન ભાવેરે જે એનું ધ્યાન ધરે, વિમલ ગિરિવંદોરે૦ ૫
દ્રવ્ય ભાવશું પૂજા કરતાં, પૂજો શ્રી જિનપાય (જિનરાય);
ચિદાનંદ સુખ આતમ વેદી, જ્યોતિસેં જ્યોત મિલાય,
કીર્તિ એહનીરે માણેક મુનિ કરે, વિમલગિરિ વંદોરે૦ ૬

શ્રીશત્રુંજયગિરિરાજ સ્તવન

સુરપતિ[૧] આગળ એમ જંપે, શ્રીવીરજિનેશ્વરૂ, ગિરિરાજ
એતો સકલ તીરથમાંહિ સાર, શત્રુંજય સુખકરૂ. ગિરિરાજ
સિધ્યા ઈહાં સાધુ અનંત, અનંત કેવલધરા[૨], ગિરિરાજ
જિનવર ઈહાં આવ્યા અનેક, જાણીને પાવન ધરા[૩]. ગિરિરાજ
રાયણતળે ઋષભ જિણંદ, ગુણકર ગેલશું, ગિરિરાજ
વ્હાલો પૂર્વ નવાણું વાર, પધાર્યા પ્રેમશું. ગિરિરાજ
એ તો મુક્તિ[૪] વધુ વરવાની પીઠ[૫] વખાણીએ, ગિરિરાજ
ત્રિભુવન તારણ એહ તીરથ જગમાં જાણીએ. ગિરિરાજ
દીઠે કરે દુર્ગતિ દૂર એ દુષમ કાળમાં, ગિરિરાજ
ચાહીને જઇએ સિદ્ધક્ષેત્ર રહીએ એહની ચાળમાં. ગિરિરાજ

---

૧ ઇન્દ્ર ૨ કેવળજ્ઞાનધારી ૩ પવિત્ર ભૂમિકા ૪ મોક્ષ-સિદ્ધિરૂપી લક્ષ્મી. ૫ પીઠિકા

શ્રીઆદિજિન સ્તવન.

આદિતે અરિહત, એ રાગ.

આદિ જિણંદ અરિહંતજી, પ્રભુ અમનેરે;
તુમે ઘો દરિસન મહારાજ, શું કહું તમનેરે,
આઠ પહોરમાં એક ઘડી, પ્ર૦ લાગ્યું તમારૂ ધ્યાન. શું૦ ૧
મધુકરને મન માલતી, પ્ર૦ જિમ મોરાને મન મેહ; શું૦
સીતાને મન રામજી, પ્ર૦ તેમ વાધ્યો તુમશું નેહ. શું૦ ૨
રોહીણીને મન ચંદજી, પ્ર૦ વળી રેવાયે ગજરાજ, શું૦
સમય સમય પ્રભુ સાંભરે, પ્ર૦ મનડામાં મહારાજ. શું૦ ૩
નિઃસ્નેહી થઇ નવિ છૂટીયે, પ્ર૦ કરૂણાવંત કહાઓ; શું૦
ગુણ અવગુણ જોતા રખે, પ્ર૦ તો તારક કેમ કહાઓ. શું૦ ૪
રઢ લાગી પ્રભુ રૂપની, પ્ર૦ મુને ન ગમે બીજી વાત; શું૦
વાયે વાત બને નહીં, પ્ર૦ મલીયે મૂકી ભ્રાંત. શું૦ ૫
સેવે ચિંતામણિ ફલે, પ્ર૦ તું તો ત્રિભુવનનાથ; શું૦
સો વાતે છોડું નહિ, પ્ર૦ હવે આવ્યા મુજ હાથ. શું૦ ૬
મુંહની વાત મૂકો પરી, પ્ર૦ જિમ જાણો તિમ તાર; શું૦
સદગુરૂ સુંદર કવિરાયનો, પ્ર૦ પદ્મને પ્રભુશું પ્યાર. શું૦ ૭

શ્રીસુમતિજિન સ્તવન.

ઝાઝરીયા મુનિવરની એ દેશી

સુમતિનાથ ગુણશું મિલીજી, વાધે મુઝ મન પ્રીત;
તેલ બિંદુ જિમ વિસ્તરેજી, જલમાંહે ભલી રીત.
સોભાગી જિનશું લાગ્યો અવિહડ રંગ— ૧
સજજનશું જે પ્રીતડીજી, છાની તે ન રખાય,
પરિમલ કસ્તુરી તણોજી, મહી માંહે મહકાય. સોભાગી૦ ૨

આંગલીએ નવિ મેરૂ ઢંકાએ, છાબડીએ રવિ તેજ,
અંજલિમાં જિમ ગંગ ન માએ, મુજમન તિમ પ્રભુ હેજ.સો૦૩
હુઓ છિપે નહિં અધર[1] અરૂણ, જિમ ખાતાં પાન સુરંગ;
પીવત ભર ભર પ્રભુ ગુણ પ્યાલા, તિમ મુજ પ્રેમ અભંગ. સો૦૪
ઢાંકી ઇક્ષુ[2] પલાલશુંજી, ન રહે લહિ વિસ્તાર,
વાચક યશ કહે પ્રભુતણોજી, તિમ મુજ પ્રેમ પ્રકાર. સો૦ ૫

શ્રીવાસુપૂજ્યસ્વામીનું સ્તવન

(સાહેબા મોતીડો હમારો) એ દેશી.

સ્વામી તુમે કાંઈ કામણ કીધું, ચિત્તડું અમારૂં ચોરી લીધું,
સાહેબા વાસુપૂજ્ય જિણંદા, મોહના વાસુપૂજ્ય૦ એ આંકણી,
અમે પણ તુમશું કામણ કરશું, ભકત્યે ગ્રહી મન ઘરમાં ધરશું. ૧
મન ઘરમાં ધરીયા ઘર શોભા, દેખત નિત્ય રહેશો સ્થિર થોભા.[3]
મન વૈકુંઠ અકુંઠિત[4] ભકતે, યોગી ભાખે અનુભવ યુકતે. સા૦ ૨
કલેશે વાસિત મન સંસાર, કલેશ રહિત મન તે ભવપાર,
જો વિશુદ્ધ મન ઘર તુમે આવ્યા,પ્રભુનો અમે નવનિધિ ઋદ્ધિપાયા.સા૦
સાત રાજ અળગા જઈ બેઠા, પણ ભકત્યે અમ મનમાં પેઠા,
અળગાને વળગ્યા જે રહેવું,તે ભાણા ખડખડ[5] દુઃખ સહેવું.સા૦૪
ધ્યાયક ધ્યેય ધ્યાન ગુણ એકે, ભેદછેદ[6] કરશું હવે ટેકે,
ખીરનીરપરે તુમશું મળશું, વાચક યશ કહે હેજે[7] હળશું[8].સા૦૫

---

૧ હોઠ ૨ શેલડી ૩ નિશ્ચયપણે ૪ અસ્ખલિત ૫ આકુળતા ભર્યું.
૬ અંતર ભેદ ટાળશું ૭ પ્રેમ. ૮ એકતા કરશું.

શ્રીશાંતિજિન સ્તવન.

શાંતિ જિનેશ્વર સાહેબ વંદો, અનુભવ રસનો કંદોરે;
મુખને મટકે લોચન લટકે, મોહ્યા સુરનર વૃંદોરે શાંતિ. ૧
મંજર દેખીને કોયલ ટોકે, મેઘ ઘટા જેમ મોરોરે;
તેમ જિનપ્રતિમા નિરખી હરખું, વળી જેમ ચંદ ચકોરોરે. શાંતિ. ૨
જિન પ્રતિમા શ્રી જિનવર ભાખી, સૂત્ર ઘણાં છે સાખીરે;
સુરનર મુનિવર વંદન પૂજા, કરતા શિવ અભિલાષીરે. શાંતિ. ૩
રાયપસેણી પ્રતિમા પૂજી, સુરિઆભ સમકિતધારીરે;
જીવાભિગમે પ્રતિમા પૂજી, વિજયદેવ અધિકારીરે. શાંતિ. ૪
જિનવર બિંબ વિના નવિ વંદું, આણંદજી એમ બોલેરે;
સાતમે અંગે સમકિત મૂલે, અવર નહિ તસ તોલેરે. શાંતિ ૫
જ્ઞાતા સૂત્રે દ્રૌપદી પૂજા, કરતી શિવ સુખ માગેરે;
રાય સિદ્ધારથે પ્રતિમા પૂજી, કલ્પસૂત્ર માંહે રાગેરે. શાંતિ. ૬
વિદ્યાચારણ મુનિવરે વંદી, પ્રતિમા પાંચમે અંગેરે[1];
જંઘાચારણ મુનિવરે વંદી, જિન પડિમા મનરંગે શાંતિ. ૭
આર્યસુહસ્તી સૂરિ ઉપદેશે, ચાવો સંપ્રતિ રાયરે;
સવાકોડી જિન બિંબ ભરાવ્યા, ધન્ય ધન્ય એહની માયરે. શાંતિ. ૮
મોકલી પ્રતિમા અભય કુમારે, દેખી આર્દ્ર કુમારરે;
જાતિ સ્મરણે સમકિત પામી, વરીઓ શિવ સુખ સારરે. શાંતિ. ૯
ઈત્યાદિક બહુ પાઠ કહ્યા છે, સૂત્ર માંહે સુખકારીરે;
સૂત્રતણો એક વરણ ઉથાપે, તે કહ્યો બહુલ સંસારીરે. શાંતિ. ૧૦
તે માટે જિન આણાધારી, કુમતિ કદાગ્રહ નિવારીરે;
ભક્તિતણાં ફલ ઉત્તરાધ્યયને, બોધિ બીજ સુખકારીરે. શાંતિ. ૧૧
એક ભવે દોય પદવી પામ્યા, સોલમા શ્રીજિનરાયરે;
મુજ મનમંદિરીએ પધરાવ્યા, ધવલ મંગલ ગવરાયરે. શાંતિ. ૧૨
જિન ઉત્તમ પદરૂપ અનુપમ, કીરતિ કમલાની શાલારે;
જિનવિજય કહે પ્રભુજીની ભક્તિ, કરતાં મંગલ માલારે. શાંતિ. ૧૩

---

૧ ભગવતીસૂત્રમાં.

શ્રી અરનાથજિન સ્તવન.

મ્હેં તો આણા વહેસ્યાંજી, મ્હારારે સાહેબજી મ્હેં તોઆણા વહેશ્યાંજી.
એ ટેક.

આણા વહેસ્યાં ભક્તિ કરેસ્યાં, રહેસ્યાં નયણ હજૂર;
અરજિન આગલ અરજ કરતાં, લહેસ્યાં સુખ ભરપૂર. મ્હેં. ૧
[1]એકને છંડી [2]બેને ખંડી, [3]તીણસ્યુ તોડી નેહ;
[4]ચાર જણા શીર ચોટ કરીશું, [5]પણનો આણી છેહ. મ્હેં. ૨
[6]છ [7]સત [8]અડ [9]નવ [10]દશને ટાલી, અજુવાલી [11]અગ્યાર;
[12]બાર જણાનો આદર કરશું, [13]તેરનો કરી પરિહાર. મ્હેં ૩
પણ[14] અડ[15] નવ[16] દશ[17] સત્તર[18] પાળી, સત્તાવીશ[19] ધરીસાથ;
[20]પચવીશ જણશું પ્રીતી કરીશું, ચાર[21] ચતુર કરી હાથ. મ્હેં. ૪
[22]બત્રીશ [23]તેત્રીશ ને [24]ચોરાશી, [25]ઓગણીશ દૂર નિવારી;

---

૧ મિથ્યાત્વ, અજ્ઞાન યા અસયમ ૨ રાગ અને દ્વેષ અથવા આર્ત્ત અને રૌદ્રધ્યાન. ૩ કૃષ્ણ, નીલ, કાપોત લેસ્યા. ૪ ચાર કષાય અથવા સજ્ઞા. ૫ પાચે ઇન્દ્રિયો અથવા પાચ અવ્રતરૂપ પાચ આશ્રવ દ્વારો ૬ છકાયની હિસા અથવા ૭ પ્રકારની અપ્રશસ્ત ભાષા. ૭ સાત પ્રકારના ભયસ્થાનક. ૮ આઠ પ્રકારના મદસ્થાનક અથવા આઠ જાતના કર્મબધન ૯ નવ પ્રકારના પાપનિદાન (નિયાણા) ૧૦ દશ પ્રકારની હિસા (પાચ પ્રકારના સ્થાવરની અને ૪ પ્રકારના ત્રસકાયની અને અજીવને જીવબુદ્ધિથી હણતા). ૧૧ શ્રાવક યોગ્ય ૧૧ પડિમા પાળવી ૧૨ શ્રાવક યોગ્ય ૧૨ વ્રતો આદરવા અથવા સાધુની ૧૨ પડિમા પાળવી. ૧૩ તેર પ્રકારના કાઠીયા વારવા ૧૪ પાચ મહાવ્રત. ૧૫ આઠ પ્રવચનમાતા (પાચ સમિતિ અને અને ત્રણ ગુપ્તિ). ૧૬ નવ પ્રકારે બ્રહ્મચર્યશુદ્ધિ ૧૭ ક્ષમાદિ દશ પ્રકારનો યતિધર્મ. ૧૮ સત્તર પ્રકારે સયમ ૧૯ સાધુના ૨૭ ગુણો ૨૦ પાચ મહાવ્રતોની ૨૫ ભાવનાઓ ૨૧ ચાર પ્રકારે સમાધિ અથવા મૈત્રી, મુદિતા, કરૂણા અને માધ્યસ્થ્ય એ ચાર ભાવનાઓ ૨૨ સામાયિકના બત્રીશ દોષ અથવા વાદણાના બત્રીશ દોષ ૨૩ ગુરૂની આશાતના. ૨૪ જિનભુવનની આશાતના, ૨૫ કાઉસગ્ગના ૧૯ દોષ

[1]સડતાલીશનો સંગ તજીશું, એકાવન[2] દીલધારી. મ્હે. ૫
વીશ[3] આરાધી બાવીશ[4] બાંધી, [5]તેવીશનો કરી ત્યાગ;
ચોવીશ જિનના ચરણ નમીને, પામશું ભવજલ ત્યાગ. મ્હેં. ૬
ધ્યાતા ધ્યેય ને ધ્યાન સરૂપી, તન મન તાન લગાય;
ક્ષમાવિજય કવિપદકજ[6] મધુકર[7], સેવક જિન ગુણ ગાય. મ્હેં. ૭

શ્રી પાર્શ્વનાથ સ્તવન.

શ્રી પાસજી પ્રગટ પ્રભાવી, તુજ મુરતિ મુજ મન ભાવીરે;
મન મોહના જિનરાયા, સુરનર કિન્નર ગુણ ગાયારે. મ૦ ટેક.
જે દિનથી મૂરતી દીઠી, તે દિનથી આપદા [8]નીઠીરે. મ૦ ૧
મુખ મટકાળું સુપ્રસન્ન, દેખી રીઝે ભવિ મન્નરે;
સમતા રસ કેરાં કચોળાં, નયણાં દીઠે રંગ રોળાંરે. મ૦ ૨
હાથે ન ધરે હથિયાર, નહિ જપમાળાનો પ્રચારરે;
ઉત્સંગે[9] ન ધરે વામા[10], જેહથી ઉપજે સવિ [11]કામારે. મ૦ ૩
ન કરે ગીત નૃત્યના ચાળા, એ તો પ્રત્યક્ષ નટના ખ્યાલારે;
ન બજાવે આપે વાજાં, ન ધરે વસ્ત્ર જીરણ સાજાંરે. મ૦ ૪
એમ મુરતિ તુજ નિરૂપાધિ, વીતરાગપણે કરી સાધીરે;
કહે માનવિજય ઉવઝાયા[12], મેં અવલંબ્યા તુજ પાયારે. મ૦ ૫

---

૧ ગોચરીના ૪૨ અને પાચ માડલીના મળી ૪૭ દોષ. ૨ એકાવન પ્રકારના જ્ઞાનના ભેદ ૩ વીશ સ્થાનકો (અરિહંતાદિક). ૪ બાવીશ પ્રકારના પરિષહો ૫ ત્રેવીશ પ્રકારના ઇંદ્રિયના વિષયો. ૬ કમળ. ૭ ભમર તુલ્ય. ૮ અંત પામી-દૂર થઇ. ૯ ખોળામાં. ૧૦ સ્ત્રી. ૧૧ કામ વિકારો. ૧૨ ઉપાધ્યાય.

શ્રી પાર્શ્વજિન સ્તવન.

મોહન મુજરો લેજો રાજ, તુમ સેવામાં રહેશું;
વામાનંદન જગદાવંદન, જેહ સુધારસ ખાણી.
મુખ મટકે લોચનને લટકે, લોભાણી ઇંદ્રાણી. મોહન૦ ૧
ભવ પટ્ટણ ચીહું દિશિ ચારે ગતિ, ચોરાશી લાખ ચઉટા;
ક્રોધ માન માયા ને લોભાદિક, ચોવટીઆ અતિ ખોટા. મોહન૦ ૨
અનાદિનિગોદનો બંધીખાનો, તૃષ્ણા તોપે રાખ્યો;
સંજ્ઞા ચારે ચોકી મેલી, વેદ નપુંસક આંકયો. મોહન૦ ૩
ભવ સ્થિતિ કર્મ વિવર લઈ નાઠો, પુન્ય ઉદય પણ વાધ્યો;
સ્થાવર વિગલેંદ્રિપણું ઓલંઘી, પંચેંદ્રિપણું લાધ્યો. મોહન૦ ૪
માનવ ભવ આરજ કુલ સદ્‌ગુરૂ, વિમલ બોધ મળ્યો મુજને;
ક્રોધાદિક રિપુ શત્રુ વિમાસી, તેણે ઓળખાવ્યો તુજને. મોહન૦ ૫
પાટણ માંહે પરમ દયાલુ, જગત વિભુષણ ભેટ્યા;
સત્તર બાણુ શુભ પરિણામે, કર્મ કઠીન બળ મેટ્યા. મોહન૦ ૬
સમકિત ગજ ઉપશમ અંબાડી, જ્ઞાન કટક બળ કીધું;
ખિમા વિજય જિન ચરણ રમણ સુખ, રાજ પોતાનું લીધું. મોહન૦ ૭

શ્રીવીરજિન સ્તવન.

ભોલીડા હસારે વિષય ન રાચીયે, એ દેશી

સિદ્ધારથનારે નંદન વીનવું, વીનતડી અવધાર;
ભવ મંડપમાંરે નાટક નાચિયો, હવે મુજ દાન દેવડાવ.
હવે મુજ પાર ઉતાર–સિદ્ધા૦ ૧
ત્રણ રતન[1] મુજ આપો તાતજી, જેમ નાવેરે સંતાપ;
દાન દેયંતાંરે પ્રભુજી કોસર[2] કિસી, આપો પદવીરે આપ. સિદ્ધા૦ ૨

---

૧ સમકિત, જ્ઞાન અને ચારિત્ર. ૨ કસર–લોભ.

ચરણ અંગુઠેરે મેરૂ કંપાવીયો, મોડયાં સુરનાંરે માન;
અષ્ટ કર્મનાંરે ઝગડા જીતવા, દીધાં વરસીરે દાન. સિદ્ધા૦ ૩

શાસન નાયક શિવ સુખ દાયક, ત્રિશલા કુંખે રતન્ન,
સિદ્ધારથનોરે વંશ દીપાવીયો, પ્રભુજી તમે ધન્ય ધન્ય,
સાહેબ તુમે ધન્ય ધન્ય. સિદ્ધા૦ ૪

વાચક શેખર કીર્તિ વિજય ગુરૂ, પામી તાસ પસાય;
ધર્મતણે રસ જિન ચોવીશમા, વિનય વિજય ગુણ ગાય. સિદ્ધા૦૫

શ્રીમહાવીરસ્વામી સ્તવન.

પ્રભુજી વીર જિણંદને વંદીયે, ચોવીશમા જિનરાય હો,
ત્રિશલાના જાયા.

પ્રભુજીને નામે તે નવનિધિ સંપજે, ભવ દુ:ખ સવિ મિટિ જાયહો;
ત્રિશલાના જાયા. ૧ એ આંકણી.

પ્રભુજીનું કંચનવાન કર[1] સાતનું,જગ તાતનું એટલું માનહો;ત્રિ૦
પ્રભુજી મૃગપતિ[2] લંછન ગાજતો,ભાંજતો ગજમદ માનહો.ત્રિ૦૨

પ્રભુજી સિદ્ધારથ ભગવંત છો, સિદ્ધારથ કુળચંદ હો, ત્રિ૦
પ્રભુજી ભક્તવત્સલ ભવદુ ખહરૂ,સુરતરૂ સમ સુખકંદ હો.ત્રિ૦ ૩

પ્રભુજી ગંધાર બંદર ગુણ નિલો, જગ તિલો જિહાં જગદીશ હો;
પ્રભુજીનું દર્શણ દેખીને ચિત્ત ઠર્યું, સર્યું મુજ વંછિત ઇશ હો.ત્રિ૦૪

પ્રભુજી શિવનગરીનો રાજીયો, જગતારણ જિન દેવ હો. ત્રિ૦
પ્રભુજી રંગવિજયને આપજો, ભવોભવ તુમ પાય સેવ હો.ત્રિ૦૫

---

૧ હાથ. ૨ કેસરીસિહ

શ્રીવીરપ્રભુનું દીવાલીનું સ્તવન

મારગદેશક મોક્ષનોરે, કેવલજ્ઞાન નિધાન;
ભાવદયા સાગર પ્રભુરે, પર ઉપગારી પ્રધાનેરો, વી૦ ૧

વીરપ્રભુ સિદ્ધ થયા, સંઘ સકલ આધારોરે,
હવે ઈણ ભરતમાં, કોણ કરશે ઉપગારોરે. વી૦ ૨

નાથ વિહૂણું સૈન્ય જ્યુંરે, વીર વિહુણોરે સંઘ;
સાધે કોણ આધારથીરે, પરમાનંદ અભંગોરે. વી૦ ૩

માતા વિહુણો બાલ જ્યુંરે, અરહો પરહો અથડાય;
વીર વિહુણા જીવડારે, આકુલ વ્યાકુલ થાયરે. વી૦ ૪

સંશયછેદક વીરનોરે, વિરહ તે કેમ ખમાય;
જે દીઠે સુખ ઉપજેરે, તે વીણ કેમ રહેવાયરે. વી૦ ૫

નિર્યામક[1] ભવ સમુદ્રનોરે, [2]ભવ અડવી સથ્થવાહ;
તે પરમેશ્વર વિણ મલેરે, કેમ વાધે ઉત્સાહરે. વી૦ ૬

વીર થકાં પણ શ્રુત તણોરે, હતો પરમ આધાર;
હવે ઇહાં શ્રુત આધાર છેરે, અહો જિન મુદ્રા સારરે, વી૦ ૭

ત્રણ કાળે સવિ જીવનેરે, આગમથી આણંદ;
સેવો ધ્યાવો ભવિજનારે, જિનપડિમા સુખકંદારે. વી૦ ૮

ગણધર આચારજ મુનિરે, સહુને ઈણીપરે સિદ્ધ;
ભવ ભવ આગમ સંગથીરે, દેવચંદ્ર પદ લીધરે. વી૦ ૯

---

૧ તારક, ૨ સંસાર અટવીનો પાર પમાડનાર સાર્થવાહ

અથ શ્રી પજુસણ પર્વનું સ્તવન.

આખડીએરે મેં આજ શેત્રુંજો દીઠોરે—એ દેશી.

સુણજો સાજન સંત પજુસણ આવ્યાં રે, તમે પુન્ય કરો પુન્યવંત;
ભવિક મન ભાવ્યાંરે. (આંકણી)
વીર જીણેસર અતિ અલવેસર, વહાલા મારા પરમેશ્વર એમ બોલેરે;
પર્વમાંહે પજુસણ મહોટાં,અવર ન આવે તસ તોલેરે. ૫૦ સુ૦ભ૦ ૧
ચૌપદમાંહે જેમ કેસરી મોટો, વા૦ [1]ખગમાં ગરૂડ કહીએરે;
નદી માંહે જેમ ગંગા મહોટી, [2]નગમાં મેરૂ લહીએરે. ૫૦ ૨
[3]ભૂપતિમાં ભરતેસર ભાખ્યો, વા૦ દેવમાંહે [4]સુરઇંદ્રરે;
તીરથમાં શેત્રુંજો દાખ્યો, ગ્રહગણમાં જેમ ચંદ્રરે. ૫૦ ૩
દશરા દીવાળી ને વળી હોળી, વા૦ અખાત્રીજ દીવાસોરે;
બલેવ પ્રમુખ બહુલા[5] છે બીજા[6],:પણ નહિ મુક્તિનો વાસોરે.૫૦ ૪
તે માટે તમે અમર પળાવો, વા૦ અઠ્ઠાઈ મહોત્સવ કીજેરે;
અઠ્ઠમ તપ અધિકાઇએ કરીને, નરભવ લાહો લીજેરે. ૫૦ ૫
ઢોલ દદામા ભેરી નફેરી, વા૦ કલ્પસૂત્રને જગાવોરે;
ઝાંઝરનાં ઝમકાર કરીને, ગોરીની ટોલી મળી આવોરે. ૫૦ ૬
સોના રૂપાને ફૂલડે વધાવો, વા૦ કલ્પસૂત્રને પૂજોરે;
નવ વખાણ વિધિએ સાંભળતાં, પાપ મેવાસી ધ્રૂજેરે. ૫૦ ૭
એમ અઠ્ઠાઇનો મહોત્સવ કરતાં, વા૦ બહુ જીવ જગ ઉદ્ધરિયારે;
વિબુધ વિમળવર સેવક એહથી, નવ નિધિ ઋદ્ધિ સિદ્ધિ વરિયારે. ૮

---

૧ આકાશમા ઉડના પક્ષી ૨ પર્વત ૩ રાજા ૪ દેવતાઓનો રાજા—ઇન્દ્ર ૫ બહોળ—ઘણા ૬ પવો (લૌકિક)

ૐ

ષડાવશ્યક (પ્રતિક્રમણ) સ્તવન.

(દોહરા)

ચોવિશ જિનવર નમું, ચતુર ચેતન કાજ;
આવશ્યક જેણે ઉપદિશ્યા, તે થુણશું જિનરાજ. ૧
આવશ્યક આરાધતાં, દિવસ પ્રત્યે દોય વાર;
દુરિત દોષ દૂરે ટલે, એ આતમ ઉપકાર. ૨
[1]સામાયિક [2]ચઉવિસથ્થઓ, [3]વંદન [4]પડિકમણેણ;
[5]કાઉસ્સગ્ગ [6]પચ્ચખ્ખાણ કર, આતમ નિર્મલ એણ. ૩
ઝેર જાય જીમ જાંગુલી, મંત્ર તણે મહિમાય;
તેમ આવશ્યક આદર્યે, પાતિક દૂર પલાય. ૪
ભાર તજી જેમ ભારવહિ, હેલે હલુઓ થાય;
અતિચાર આલોવતાં, જન્મ દોષ તેમ જાય.

ઢાળ પહેલી.

(કપુર હોયે અતિ ઉજલોરે) એ દેશી.

પહેલું સામાયિક કરોરે, આણી સમતા ભાવ;
રાગ દોષ દૂરે હરોરે, આતમ એહ સ્વભાવરે,

---

૧ રાગ દ્વેષ ટાળી સમભાવ ટકાવી રાખવા પ્રતિજ્ઞા-કરેમિભંતે છ૦ ૨ ચોવીશે તીર્થકરોની સ્તુતિ-લોગસ્સ છ૦ ૩ સદ્‌ગુરૂ વંદન-દ્વાદશાવર્ત ૪ કરેલા પાપની આલોચના-નિંદા ગુરૂ સાખે કરી શુદ્ધ થાવું. ૫ દેહ મમતા તજી અરિહંતાદિકનું ધ્યાન ધરવું ૬ યથાશક્તિ તપ જપ વ્રત નિયમ કરવા.

પ્રાણી સમતા છે ગુણગેહ, એ તો અભિનવ અમૃત મેહરે. પ્રા૦ ૧
આપોઆપ વિચારીએરે, રમીએ આપસ્વરૂપ;
મમતા જે પરભાવનારે, વિષમો તે વિષકૂપરે. પ્રા૦ ૨
ભવ ભવ મેળી મૂકીયોરે, ધન કુટુંબ સંજોગ;
વાર અનંતી અનુભવ્યારે, સવિ સંજોગ વિજોગરે. પ્રા૦ ૩
શત્રુ મિત્ર જગ કો નહિરે, સુખ દુ:ખ માયા જાલ;
જો જાગે ચિત્ત ચેતનારે, તો સવિ દુ:ખ વિસરાલરે. પ્રા૦ ૪
સાવદ્ય યોગ[1] સવિ પરિહરીરે, એ સામાયિક રૂપ;
હુવા એ પરિણામથીરે, સિદ્ધ અનંત અરૂપરે. પ્રા૦ ૫

ઢાળ બીજી.

(પંચ મહાવ્રત આદરો સાહેલડીરે-એ દેશી.)

આદીશ્વર આરાહીએ, સાહેલડીરે, અજિત ભજો ભગવંતતો;
સંભવનાથ સોહામણા, સા૦ અભિનંદન અરિહંતતો. ૧
સુમતિ પદ્મપ્રભ પૂજીએ, સા૦ સમરૂં સ્વામી સુપાસતો;
ચંદ્રપ્રભ ચિત્ત ધારીએ, સા૦ સુવિધિ ઋદ્ધિ વાસતો. ૨
શીતલ ભૂતલ [2]દિનમણિ, સા૦ શ્રી પૂરણ શ્રેયાસતો;
વાસુપૂજ્ય સુર પૂજિયા, સા૦ વિમલ વિમલ પરશંસતો. ૩
કરૂં અનંત ઉપાસના, સા૦ ધર્મ વર્મ ધુર ધીરતો;
શાંતિ કુંથુ અર મલ્લિ નમું, સા૦ મુનિસુવ્રત વડ વીરતો. ૪
ચરણ નમું નમિનાથના, સા૦ નેમીશ્વર કરૂં ધ્યાનતો;
પાર્શ્વનાથ પ્રભુ પૂજીએ, સા૦ વંદું શ્રી વર્ધમાનતો. ૫
એ ચોવિશે જિનવરા, સા૦ ત્રિભુવન કરણ ઉદ્યોતતો;
મુક્તિ પંથ જેણે દાખવ્યો, સા૦ નિર્મલ કેવલ જ્યોતતો. ૬
સમકિત શુદ્ધ એહથી હોવે, સા૦ લીજે ભવનો પારતો,
બીજું આવશ્યક ઈશ્યું, સા૦ ચઉવીસત્થો સારતો. ૭

---

૧ પાપવ્યાપાર ૨ પૃથ્વી ઉપર સૂર્ય સમાન

ઢાળ ત્રીજી.

ગિરિમાં ગોગો ગીરૂઓ—એ દેશી)

એકર જોડી, એકર જોડી, ગુરૂ ચરણે દિઓ વાંદણારે;
આવશ્યક પચવિશ ધારોરે, ધારોરે, દોષ બત્રીશ નિવારીએરે. ૧
ચાર વાર, ચાર વાર, ગુરૂ ચરણે મસ્તક નામીએરે;
બાર આવર્તે ખામોરે, ખામોરે, વલી તેત્રીશ આશાતનારે. ૨
ગીતાર્થ, ગીતાર્થ, ગુણ ગિરૂઆ ગુરૂને વંદતાં રે,
નીચ ગોત્ર ક્ષય જાય, થાયેરે, થાયેરે, ઉંચ ગોત્રની અર્જના[૧]રે. ૩
આણ ઉલ્લંઘે, આણ ઉલ્લંઘે, કોઈ ન જગમાં તેહનીરે,
પરભવ લહે સૌભાગ્ય, ભાગ્યરે, ભાગ્યરે, દીપે જગમાં તેહનુંરે. ૪
કૃષ્ણરાયે, કૃષ્ણરાયે, મુનિવરને દીધાં વાંદણાંરે;
ક્ષાયક સમકિત સાર, પામ્યા રે, પામ્યારે,તીર્થંકરપદ પામશેરે. ૫
[૨]શીતલાચારજ, શીતલાચારજ, જેમ ભાલે સહુ જગેરે;
દ્રવ્ય વાંદણા દીધ, ભાવેરે, ભાવેરે દેતાં વલી કેવલ લહ્યુંરે. ૬
એ આવશ્યક, એ આવશ્યક, ત્રીજું એણીપરે જાણજોરે,
ગુરૂવંદન અધિકાર,કરજોરે,કરજોરે, વિનય ભક્તિ ગુણવંતનીરે.૭

ઢાળ ચોથી.

(જયો જિન વીરજીએ—એ દેશી.)

જ્ઞાનાદિક જિનવર કહ્યા એ, જે પાંચે આચાર તો;
દોય વાર તે દિન પ્રતિ એ, પડિક્કમીએ અતિચાર.
જયો જિન વીરજીએ. ૧
આલોયી ને પડિક્કમી એ, મિચ્છામિ દુક્કડ દેય તો;

---

૧ પ્રાપ્તિ ૨ શીતલાચાર્યે પ્રથમ (કેવળી થયેલા ભાણેજોને) અણજાણતાં દ્રવ્ય વદન કીધું પણ પછી સમજ પડતા ભાવ વદન કર્યું, જેથી પોતે પણ કેવળજ્ઞાન પામ્યા.

મન વચન કાય શુદ્ધ કરીએ, ચારિત્ર ચોખું કરેય. જયો૦ ૨
અતિચાર શલ્ય ગોપવેએ, ન કરે દોષ પ્રકાશતો;
મચ્છીમલ્લ તણી પરેએ, તે પામે પરિહાસ. જયો૦ ૩
શલ્ય પ્રકાશે ગુરૂ મુખેએ, હોયે તસ ભાવ વિશુદ્ધ તો;
તે હુશીઆર હારે નહિએ, કરે કર્મશું જુદ્ધ. જયો૦ ૪
અતિચાર એમ પડિક્કમીએ, કરો ધર્મ નિઃશલ્ય[1] તો;
જિત પતાકા તેમ વરોએ, જેમ જગ ફુલ્લહીમલ્લ. જયો૦ ૫
"વંદિત્તુ" વિધિશું કહોએ, તે પડિક્કમણા સૂત્ર તો;
ચોથું આવશ્યક દરશ્યુંએ, પડિક્કમણુ સૂત્ર પવિત્ર. જયો૦ ૬

ઢાળ પાંચમી.

(જન્મ જરા મરણે કરીએ, આ સંસાર અસાર તો—એ દેશી.)

વૈદ્ય વિચક્ષણ જેમ હરેએ, પહેલાં [2]સાલ વિકારતો;
દોષ શેષ પછી રૂઝવાએ, કરે ઔષધ ઉપચાર તો. ૧
અતિચાર વ્રણ રૂઝવાએ, કાઉસ્સગ્ગ તેમ હોય તો;
નવ પલ્લવ સંજમ હુવેએ, દૂષણ ન રહે કોય તો. ૨
કાયાની થિરતા કરીએ, ચપલ ચિત્ત કરે ઠામ તો;
વચન જોગ સવિ પરિહરીએ, રમીએ આતમરામ તો. ૩
સાસ ઉસાસાદિક કહ્યાએ, જે સોલે આગાર તો;
તેહ વિના સવિ પરિહરોએ, દેહ તણો વ્યાપાર તો. ૪
આવશ્યક એ પાંચમુંએ, પંચમી[3] ગતિ દાતાર તો;
મનશુદ્ધે આરાધીએ એ, લહીએ ભવનો પાર તો. ૫

---

૧ માયા—કપટ શલ્ય, નિયાણુ શલ્ય અને મિથ્યાત્વ શલ્ય રહિત. ૨ અંતર શલ્ય ૩ મોક્ષ

ઢાળ છઠ્ઠી.

(ચેતન જ્ઞાન અજુઆલીએ-એ દેશી,)

સુગુણ પચ્ચખ્ખાણ આરાધજો, એહ છે મુક્તિનું હેતરે;
આહારની લાલચ પારહરો, ચતુર તું ચિત્તમાં ચેતરે. સુગુણ૦૧
સાલ કાઢયું વ્રણ રૂઝવ્યું, ગઈ વેદના દૂરરે;
પછી ભલાં પથ્ય ભોજન થકી, વધે દેહ જેમ નૂરરે. સુગુણ૦૨
તેમ પડિક્કમણ કાઉસ્સગ્ગથી, ગયો દોષ સવિ દુષ્ટરે;
પછી પચ્ચખ્ખાણ ગુણ ધારણે, હોયે ધર્મ તનુ પુષ્ટરે સુગુણ૦ ૩
એહથી કર્મ કાદવ ટલે, એહ છે સવર રૂપરે;
અવિરતિ કૂપથી ઊદ્ધરે, તપ અકલંક સરૂપરે. સુગુણ૦ ૪
પૂર્વ જન્મે તપ આદર્યો, તે વિશલ્યા થઈ નારરે;
જેહના ન્હવણના નીરથી, શમે સકલ વિકારરે. સુગુણ૦ ૫
રાવણે શક્તિ શસ્ત્રે હણ્યો, પડયો લક્ષ્મણ સેજરે.
હાથ અડતાં સચેતન થયો, વિશલ્યા તપ તેજરે. સુગુણ૦ ૬
છઠ્ઠું આવશ્યક જે કહ્યું, એહજ તે પચ્ચખ્ખાણરે;
છએ આવશ્યક જેણે કહ્યાં, નમું તેહ જગભાણરે સુગુણ૦ ૭

કલશ.

તપ ગચ્છ નાયક, મુક્તિ દાયક, શ્રી વિજયદેવ સૂરીશ્વરો;
તસ પદ દીપક, મોહ જીપક, શ્રી વિજયપ્રભ સૂરિ ગણધરો. ૧
શ્રી કીર્તિવિજય ઉવજ્ઝાય સેવક, વિનય વિજય વાચક કહે,
ષડાવશ્યક જે આરાધે, તેહ શિવ સંપદ લહે. ૨

આપમતિ ત્યાગપૂર્વક સદ્‌ગુરૂ ઉપાસના પદ.

રાગ બિહાગડો.

સબલ યા છાક મોહ મદિરાકી, ટેક.
મિથ્યામતિકે જોરે ગુરૂકી, વચનશક્તિ જિહાં થાકી. સ૦ ૧

નિકટ દશા છાંડ જડ ઉંચી, દૃષ્ટિ દેત હે તાકી;
નકરે કિરિયા જનકું ભાખે, નહિ ભવ થિતિ પાકી. સ૦ ૨
ભાજનગત ભોજન કોઉ છાંડી, ફસતર જિઉ દ્વારે;
અહુત જ્ઞાનકું કિરિયા ત્યાગી, હોત ઓરકી ઓરે. સ૦ ૩
જ્ઞાન બાત નિસુની સિર ધૂને, લાગે નિજમતિ મીઠી,
જો કોઉ બોલ કહે કિરિયાકો, તો માને નૃપ ચીઠી. સ૦ ૪
જ્યુ કોઉ તારૂ જલમેં પેસી, હાથ પાઉં ન હલાવે;
જ્ઞાન સેંતી કિરિયા સબ લાગી, યું અપનો મત ગાવે. સ૦ ૫
જસે પાગ કોઉ સિર બાંધે, પહિરન નહિ લંગોટી;
સદ્‌ગુરૂ પાસ ક્રિયા બિનુ સીખે, આગમ બાત ત્યું ખોટી. સ૦ ૬
જૈસે ગજ અપને સિર ઉપર, છાર આપહી ડારે,
જ્ઞાન અહુત ક્રિયા તુચ્છારત, અલ્પબુદ્ધિ ફુલ હારે. સ૦ ૭
જ્ઞાનક્રિયા દોઉ શુદ્ધ ધરેંગે, શુદ્ધ કહે નિરધારી;
જસ પ્રતાપ ગુનનિધિકો ગાઉં, ઉનકી મેં બલિહારી. સ૦ ૮

વિષય વાસના ત્યાગ વિષે પદ.

ઉઠોને મોરા આતમરામ, જિન મુખ જોવા જઈયેરે એ દેશી.

વિષયવાસના ત્યાગો ચેતન, સાચે મારગ લાગોરે, એ. આંકણી.
તપજપ સંજમ દાનાદિક સહુ, ગીણુતિ એક ન આવેરે;
ઇંદ્રિયસુખમેં જૌલૌં એ મન, વક્ર તુરગ[1] જિમ ધાવેરે. વિ૦ ૧
એક એકકે કારણ ચેતન, બહુત બહુત દુ:ખ પાવેરે;
તે તો પ્રગટ લખે જગદીશ્વર, ઈણવિધ ભાવ લખાવેરે. વિ૦ ૨
મન્મથવશ માતંગ[2] જગતમેં, પરવશતા દુ:ખ પાવેરે;
રસનાલુબ્ધ હોય જખ[3] મૂરખ, જાલપડ્યો પિછતાવેરે. વિ૦ ૩
ઘ્રાણ સુવાસ કાજ સુન ભમરા, સંપુટ માંહે બધાવેરે;
તે સરોજ[4] સંપુટ સંયુત ફુન, કરટાકે[5] મુખ જાવેરે. વિ૦ ૪
રૂપ મનોહર દેખ પતંગા, પડત દીપમાં જાઈરે;
દેખો યાકું દુ:ખ કારનમે, નયન ભયેહૈ સહાઈરે. વિ૦ ૫

---

૧ અશ્વ. ૨ હસ્ત ૩ મચ્છ. ૪ કમળ. ૫ હાથી.

શ્રોત્રેંદ્રિય આસક્ત મિરગલા[1], છિનમેં શીશ કટાવેરે.
એક એક આશક્ત જીવ એમ, નાનાવિધ દુખ પાવેરે. વિ૦ ૬
પંચ પ્રબલ વર્તે નિત્ય જાકું, તાકું કહો કયા કહીયેરે;
ચિદાનંદ એ વચન સુણીને, નિજ સ્વભાવમેં રહીયેરે. વિ૦ ૭

શ્રીપાર્શ્વજિનસ્તવન.

શ્રીપાસજી પ્રગટ પ્રભાવી, તુઝ મૂરતિ મુંઝમન ભાવીરે;
મન મોહના જિનરાયા, સુરનર કિન્નર ગુણ ગાયારે. મ૦
જે દિનથી મુરતી દીઠી, તે દિનથી આપદા નીઠીરે[2] મ૦ ૧
મટકાલુ મુખ સુપ્રસન્ન, દેખત રીઝે ભવીમન્નરે. મ૦
સમતા રસ કેરાં કચોલાં, નયણાં દીઠે રંગરોલાંરે. મ૦ ૨
હાથે ન ધરે હથીયાર, નહિ જપ માલાનો પ્રચારરે, મ૦
ઉત્સંગે[3] ન ધરે વામા[4], જેહથી ઉપજે સવી કામારે[5]. મ૦ ૩
ન કરે ગીતનૃત્યના ચાળા, એ તો પ્રત્યક્ષ નટના ખ્યાલારે; મ૦
ન બજાવે આપે વાજાં,ન ધરે વસ્ત્ર જીરણ સાજાંરે. મ૦ ૪
ઈમ મૂરતિ તુઝ નિરૂપાધિ, વીતરાગપણે કરી સાધીરે; મ૦
કહે માન વિજય ઉવજ્ઝાયા[6], મેં અવલંબ્યા તુઝપાયારે[7]. મ૦ ૫

ભાવ મંદિર.

સમક્તિ દ્વાર ગભારે પેસતાંજી, પાપ પડલ ગયાં દૂરરે;
માતા મરૂદેવીનો લાડલોજી, દીઠાં આનંદ પૂરરે. સમકિત ૧
આયુવાર્જિત સાત કર્મનીજી, સાગર કોડા કોડી હીનરે;
સ્થિતિ પ્રથમ કરણે કરીજી, વીર્ય અપૂર્વ મોગર લીનરે. સ૦ ૨
ભુંગળ ભાંગી આદ્ય કષાયનીજી, મિથ્યા, મોહની સાંકળ સાથરે;
બાર ઉઘાડ્યા શમ સંવેગનાજી, અનુભવ ભવને બેઠા નાથરે. સ૦ ૩
તોરણ બાંધ્યાં જીવદયા તણાંજી, સાથીઓ પૂર્યો શ્રદ્ધા રૂપરે;
ધૂપ ઘટા પ્રભુ ગુણ અનુમોદનાજી, દીપ મંગળ આઠ અનૂપરે. સ૦ ૪
સંવર પાણીએ અંગ પખાળ્યાજી, કેશર ચંદન ઉત્તમ ધ્યાનરે;

---

૧ હરણ ૨ અંતપામી–દૂર થઇ. ૩ ખોળામા. ૪ સ્ત્રી. ૫ કામવિકારો. ૬ ઉપાધ્યાય. ૭ ચરણ.

આત્મરૂચિ મૃગમદ મહમહેજી, પંચાચાર કુસુમ પ્રધાનરે. સ૦ ૫
ભાવે પૂજોરે પાવન આત્માજી, પૂજો પરમેસર પરમ પવિત્રરે;
કારણ જોગે કારજ નીપજેજી, ક્ષમા વિજય જિન આગમ રીતરે. ૬

બોધિબીજ વિના બધી ક્રિયા ગદ્ધા મજુરી છે.

રાગ ધન્યાશ્રી.

દાડતાં દાડતાં પંથ કપાય તો, જુઓ ઘાંચી ઘર ઉંટ;
દિન સાજામેં દ્રાડતો હીંડે, થાકી જાવે ત્રૂટ.
હો સમજુ જ્ઞાન નયન નિજ ખોલો. હો સમજુ. ૧
કરણી પાર ઉતરણી કહીને, જગને જુઠ સમજાવે;
જ્ઞાન રહિત જેમ રાત અંધારી, પરમારથ કેમ પાવે? હો સ૦ ૨
સાઠ સહસ્ર વર્ષનો તાપસ, બાળ તપસ્વી કહિયો;
દેવપણામાં જ્ઞાન જો પામ્યો, તો ભવ એકજ રહિયો. હો સ૦ ૩
જ્ઞાન સહિત જે ક્રિયા કરે તે, હોય કલ્યાણને કાજે;
એકાંત જ્ઞાન તણો આરાધક, નિજગુણમાં નિત રાજે. હો સ૦ ૪
સૂત્ર રહસ્યને સમજી શાણા, કરો ક્રિયા ભલે સાચી;
બોધિબીજ વિન ગદ્ધા મજુરીમા, મત રહેજો કોઈ રાચી. હો સ૦ ૫
ભેદા ભાવ છે જ્ઞાન દર્શનમાં, પ્રથમ દર્શન પછી જ્ઞાન.
વિનય સહિત શ્રી સદ્‌ગુરૂ સેવી, પામો પદ નિર્વાણ. હો સ૦ ૬

શ્રીસીમંધર સ્વામીની સ્તુતિઓ.

૧

શ્રી સીમંધર જિનવર, સુખકર સાહેબ દેવ;
અરિહંત સકળની, ભાવ ધરી કરૂં સેવ.
સકળ આગમ પારગ, ગણધર ભાષિત વાણી,
જયવંતી આણા, જ્ઞાન વિમળ ગુણ ખાણી. ૧

૨

મહાવિદેહ ક્ષેત્રમાં સીમંધર સ્વામી, સોનાનું સિંહાસનજી;
રૂપાનાં ત્યાં છત્ર બિરાજે, રત્નમણીના દીવા દાપેજી.
કુંકુમ વરણી ત્યાં ગહુંલી બિરાજે, મોતીના અક્ષત સારાજી.

ત્યં બેઠા સીમંધર સ્વામી, બોલે મધુરી વાણીજી.
કેસર ચંદન ભર્યાં કચોળા, કસ્તુરી બરાસોજી,
પહેલી પૂજા અમારી હોજો, ઉગમતે પ્રભાતજી. ૧

શ્રીશત્રુંજય તીર્થની થોય.

(૧)

પુંડરીક મંડન[1] પાય પ્રણમીજે, આદીશ્વર જિનચંદાજી,
નેમિ વિના ત્રેવીશ તીર્થંકર, ગિરિ ચઢિયા આનંદાજી;
આગમ માંહે પુંડરીક મહિમા, ભાખ્યો જ્ઞાન દિનંદાજી,[2]
ચૈત્રી પુનમ દિન દેવી ચક્કેસરી, સૌભાગ્ય દ્યો સુખકંદાજી. ૧

(૨)

વિમલાચલ મંડન, જિનવર આદિ જિણંદ,
નિર્મમ નિર્મોહી, કેવલ જ્ઞાનદિણંદ;
જે પૂર્વ નવાણું, આવ્યા ધરી આણંદ,
શત્રુંજય શિખર, સમવસર્યા સુખકંદ. ૧

(૩)

શ્રીસિદ્ધાચલ મંડન, ઋષભ જિણંદ દયાળ;
મરૂદેવા નંદન, વંદન કરૂં ત્રણ કાળ.
એ તીરથ જાણી, પૂર્વ નવાણું વાર,
આદીશ્વર આવ્યા, જાણી લાભ અપાર. ૧

શ્રી સિદ્ધચક્રના થોયો,

સિદ્ધચક્ર સેવો સુવિચાર[3], આણી હૈડે હર્ષ અપાર, જેમ લહો સુખ શ્રીકાર; મન શુદ્ધે નવ ઓળી કીજે, અહોનિશ[4] નવપદ ધ્યાન ધરીજે, જિનવર પૂજા કીજે; પડિક્કમણાં દોય ટંકનાં કીજે, આઠ થોયે દેવ વાંદીજે, ભૂમિ સંથારો કીજે; મૃષા[5] તણો

---

૧ શ્રીપુંડરીક ગિરિના અલંકારરૂપ ૨ કેવળજ્ઞાન દિવાકર—કેવળી મહારાજ ૩ સારી સમજ મેળવી. ૪ દિનરાત (સદાય) ૫ જૂઠ બોલવાનો નિયમ કરવો.

કીજે પરિહાર, [1]અંગે શીલ ધરીજે સાર, દીજે દાન અપાર. ૧

અરિહંત સિદ્ધ આચાર્ય નમીજે, વાચક[2] સર્વ સાધુ વંદીજે, દર્શન જ્ઞાન થુણીજે, ચારિત્ર તપનું ધ્યાન ધરીજે, અહોનિશ નવપદ ગુણણું ગણીજે, [3]નવ આયંબિલ પણ કીજે, નિશ્ચળ રાખીને મન ઈશ, જપો પદ એક એકને ઈશ, નવકારવાળી વીશ; છેલ્લે આયંબિલે પણ કીજે, સત્તરભેદી[4] જિનપૂજા રચીજે, માનવ ભવફળ લીજે. ૨

સાતશેં *કુષ્ટીના રોગ, નાઠા [5]ન્હવણ લઈ સંયોગ, દૂર હુવા કર્મના ભોગ; કુષ્ઠ અઢારે દૂરે જાય, દુઃખ દારિદ્ર સવી દૂર પલાય, મનવંછિત ફળ થાય, નિર્ધનીયાને દે બહુ ધન, અપુત્રીયાને પુત્ર રતન, જો સેવે શુદ્ધ મન; નવકાર સમો નહિ કોઇ મંત્ર, સિદ્ધચક્ર સમો નહિ કોઈ જંત્ર, સેવો ભવીયણ એકંત[6] ૩.

જો સેવ્યો મયણા શ્રીપાળ, ઉંબર રોગ ગયો તતકાળ, પામ્યા મંગળમાળ; શ્રીપાળ પેરે જે આરાધે, તસ ઘર દિન દિન દોલત વાધે, અંતે શિવસુખ સાધે; વિમલેશ્વર જક્ષ સેવા (સાંનિધ્ય) સારે, આપદા કષ્ટ સવી દુર નિવારે, દોલત લક્ષ્મી વધારે; મેઘવિજય કવિ રાયનો શીશ[7], હૈડે ભાવ ધરી જગીશ, વિનય વિજય નિશદિશ[8].

શ્રીઋષભ જિન થોય.

અતિ સુઘટ સુંદર, ગુણ પુરંદર, મંદરરૂપ સુધીર,
ઘનકર્મકદલા, દલનદંતી, સિંધુસમ ગંભીર;
નાભિરાયનંદન, વૃષભલંછન, ઋષભ જગદાનંદ,

---

૧ શુદ્ધ બ્રહ્મચર્ય પાળવુ ૨ ઉપાધ્યાયજી ૩ નવ દિવસસુધી રસકસ વગરનુ શુષ્ક ભોજન એક વખતે કરવુ. ૪ સત્તર પ્રકારી પૂજા. * કોઢીયા. ૫ ન્હવણ છાંટવાથી. ૬ નિશ્ચે ૭ શિષ્ય. ૮ રાત દિન.

શ્રીરાજવિજય, સુરિંદ તેહના, વંદે પદઅરવિંદ. ૧
સુરનાથસેવિત, વિબુધવંદિત, વિદિતાવશ્યાધાર,
હોય સામલા, હોય ઉજલા, હોય નીલવર્ણ ઉદાર;
જાસૂલ ફુલ, સમાન હોઇ, સોલ સોવનવાન,
શ્રીરાજવિજય, સૂરરાજ અહોનિશ, ધરે તેહનું ધ્યાન. ૨
અજ્ઞાન મહાતમ, રૂપ રજની, વેગે વિદ્ધંસણ તાસ,
સિદ્ધાંત શુદ્ધ, પ્રબોધ ઉદયો, દિનકરકોડીપ્રકાશ;
પદ બંધ શોભિત, તત્વગર્ભિત, સૂત્ર પીસ્તાલીશ,
અતિ સરસ તેહના, અર્થ પ્રકાશે, શ્રીરાજવિજયસૂરીશ. ૩
ગજગામિની, અભિરામ કામિની, દામિની સી દેહ,
સા કમલનયણી, વિપુલવયણી, ચક્કેસરી ગુણગેહ;
શ્રીરાજવિજય, સૂરીદપાયે, નિત્ય નમતી જેહ,
કહે ઉદયરત્ન, વાચક જૈનશાસન, વિઘ્ન નિવારે તેહ. ૪

શ્રીશાંતિજિન થોય.

ગજપુરઅવતારા, વિશ્વસેનકુમારા,
અવનિતલે ઉદારા, ચક્રવિલચ્છીધારા;
પ્રાતદિવસસવારા, સેવિયે શાંતિ સારા,
ભવજલધિ અપારા, પામીયે જેમ પારા. ૧
જિનગુણ જસ મલ્લિ, વાસના વિશ્વવલ્લિ,
મન સદન ચસલ્લિ, માનવંતી નિસલ્લિ;
સકલકુશલવલ્લિ, ફુલડે વેગ ફુલી,
દુરગતિ તસ દૂલ્લિ, તા સદા શ્રીબહૂલા. ૨
જિનકથિત વિશાલા, સૂત્રશ્રેણી રસાલા,
સકલસુખસુખાલા, મેળવા મુક્તિબાલા,
પ્રવચનપદમાલા, દૂતિકા એ દયાલા,
ઉર ધરી સુકુમાલા, મૂકીયે મોહજાલા. ૩
અતિચપલ વખાણી, સૂત્રમાં જે પ્રમાણી,

ભગવતિ બ્રહ્માણી, વિઘ્નહંતા નિર્વાણી;
જિનપદ લપટાણી, કોડીકલ્યાણખાણી,
ઉદયરતને જાણી, સુખદાતા સયાણી. ૪

શ્રીશાંતિજિન થોય.

સકલસુખાકર, પ્રણમિતનાગર, સાગરપરે ગંભીરોજી,
સુકૃતલતાવન, સાંચનઘનસમ, ભવિજનમનતરૂકીરોજી;
સુરનર કિન્નર, અસુરવિદ્યાધર, વંદિતપદઅરવિંદજી,
શિવસુખકારણ, શુભપરિણામે, સેવો શાંતિજિણંદજી. ૧
સયલજિનેસર, ભુવણદિણેસર, અલવેસર અરિહંતાજી,
ભવિજનકુમુદ, સંબોધનશશિસમ, ભયભંજન ભગવંતાજી;
અષ્ટકરમઅરિ, દલઅતિગંજન, રંજન મુનિજનચિત્તાજી,
મનશુદ્ધે જે, જિનને આરાધે, તેહને શિવસુખ દિત્તાજી. ૨
સુવિહિતમુનિજન, માનસસરોવર, સેવિતરાજમરાલોજી,
કલિમલ સકલ, નિવારણજલધર, નિર્મલ સૂત્ર રસાલોજી,
આગમ અકલ, સુપદપદે શોભિત, ઊંડા અર્થ અગાધોજી,
પ્રવચન વચના, તણી જે રચના, ભવિજન ભાવે આરાધોજી.૩
વિમલ કમલદલ, નિર્મલલોયણ, ઉલ્લસિત ઉરે લલિતાંગીજી,
બ્રહ્માણી, દેવીનિરવાણી, વિઘ્નહરણ કણયંગીજી,
મુનિવર મેઘરત્નપદઅનુચર, અમરરત્ન અનુભાવેજી,
શ્રીનિરવાણી, દેવીપ્રભાવે, ઉદય સદા સુખ પાવેજી. ૪

અથ શંખેશ્વર પાર્શ્વજિન સ્તુતિઃ

શંખેશ્વર પાસજી પૂજીયે, નરભવનો લાહો લીજીયે,
મનવંછિત પૂરણ સુરતરૂ, જય વામાસુત અલવેસરૂ ॥ ૧ ॥
દોય[1] રાતા જિનવર અતિ ભલા, દોય[2] ધોલા જિનવર ગુણનિલા;

૧ પદ્મપ્રભ અને વાસુપૂજ્ય ૨ ચંદ્રપ્રભ ને સુવિધિનાથ.

હોય[1] નીલા હોય[2] શામલ કહ્યા, સોળે[3] જિન કંચનવર્ણ લહ્યા. ॥ ૨ ॥
આગમ તે જિનવર ભાખીયો, ગણધર તે હઇડે રાખીયો,
તેહનો રસ જેણે ચાખીયો, તે હુઓ શિવસુખ સાખીયો. ॥ ૩ ॥
ધરણીધર રાય પદ્માવતી, પ્રભુ પાર્શ્વતણા ગુણ ગાવતી;
સહુ સંઘના સંકટ ચૂરતી, નયવિમલના વંછિત પૂરતી. ॥ ૪ ॥

બીજની થોય.

દિનસકલ મનોહર, બીજ દિવસ સુવિશેષ,
રાય રાણા પ્રણમે, ચંદ્ર તણી જીહા રેખ;
તીહાં ચંદ્ર વિમાને, શાસ્વતા જિનવર જેહ,
હું બીજ તણે દિન, પ્રણમું આણી નેહ. ૧

અભિનંદન ચંદન, શીતળ શીતળનાથ,
અરનાથ સુમતિજિન, વાસુપૂજ્ય શિવ સાથ;
ઈત્યાદિક જિનવર, જન્મ જ્ઞાન નિરવાણ,
હું બીજ તણે દિન, પ્રણમું તે સુવિહાણ. ૨

પ્રકાશ્યો બીજે, દુવિધ ધર્મ ભગવંત,
જેમ વિમળ કમળ હોય, વિપુલ નયન વિકસંત;
આગમ અતિ અનુપમ, જિહા નિશ્ચય વ્યવહાર,
બીજે સવિ કીજે, પાતકનો પરિહાર. ૩

ગજગામિની[4] કામિની, [5]કમળ સુકોમળ ચીર,
ચકકેસરી કેશર[6], સરસ સુગંધ શરીર;

---

૧ મલ્લિનાથ અને પાર્શ્વનાથ ૨ મુનિસુવ્રત અને નેમિનાથ. ૩ બાકી રહેલા શ્રીઋષભાદિક ૧૬ ૪ હાથીણી જેવી ચાલવાળી ૫ કમળ જેવા સુકોમળ વસ્ત્રવાળી ૬ કેશર જેવા સરસ સુગંધી કાયાવાળી.

કર જોડી બીજે, હું પ્રણમું તસ પાય,
એમ લબ્ધિ વિજય કહે, પુરો મનોરથ માય. ૪

પંચમીની થોય.

શ્રાવણ શુદિ દિન પંચમીએ, જન્મ્યા નેમિ જિણંદતો;
શ્યામ વરણ તનુ[1] શોભતુંએ, મુખ શારદકો[2] ચંદતો.
સહસ વરસ પ્રભુ આઉખુંએ, બ્રહ્મચારી ભગવંતતો,
અષ્ટ કરમ હેલે[3] હણીએ, પહોતા મુક્તિ મોઝારતો. ૧

અષ્ટાપદ પર આદિ જિનએ, પહોત્યા મુક્તિ મોઝાર તો;
વાસુપૂજ્ય ચંપાપુરીએ, નેમિ મુક્તિ ગિરનાર તો.
પાવાપુરી નગરીમાં વલીએ, શ્રીવીરતણું નિર્વાણ તો;
સમેતશિખર વીશ સિદ્ધ હુઆએ,શિર વહું તેહની આણતો.૨

નેમિનાથ જ્ઞાની હુવાએ, ભાખે સાર વચન તો
જીવદયા ગુણ વેલડીએ, કીજે તાસ જતનતો.
મૃષા[4] ન બોલો માનવીએ, ચોરી ચિત્ત નિવ રતો;
અનંત તીર્થંકર એમ ભણેએ, પરિહરીએ પરનારતો. ૩

ગોમેધ નામે જક્ષ ભલોએ, દેવીશ્રી અંબિકા નામતો.
શાસન સાનિધ્ય[5] જે કર એ, કરે વળી ધર્મનાં કામતો;
તપગચ્છ નાયક ગુણનીલોએ, શ્રીવિજયસેન સૂરિ રાયતો;
ઋષભદાસ પાય સેવતાંએ, સફળ કરો અવતાર તો. ૪

---

૧ શરીર. ૨ શરદ પૂર્ણિમા સબંધી-અતિ ઉજ્વળ-નિર્મળ-સ્વચ્છ. જોત જોતામા જલ્દી ૪ અસત્ય-જૂઠ ૫ સેવા-ચાકરી.

શ્રી અષ્ટમીની થોય.

ચોવિશે જિનવર, હું પ્રણમું નિત્યમેવ;
આઠમ દિન કરીએ, ચંદ્ર પ્રભુની સેવ.
મૂર્ત્તિ મનમોહન, જાણે પૂનમચંદ,
દીઠે દુઃખ જાયે, પામે પરમાનંદ. ૧
મળી ચોસઠ ઇંદ્ર, પૂજે પ્રભુજીના પાય;
ઇંદ્રાણી અપચ્છરા, કરજોડી ગુણ ગાય.
નંદીસર દ્વીપે, મળી સુરવરની કોડ;
અઠ્ઠાઇ મહોચ્છવ, કરે તે હોડાહોડ. ૨
શત્રુંજય શિખરે, જાણી લાભ અપાર,
ચોમાસું રહીયા, ગણધર મુનિ પરિવાર.
ભવિયણને તારે, દેઈ ધર્મ ઉપદેશ;
દૂધ સાકરથી પણ, વાણી અધિક વિશેષ. ૩
પોસહ:પડિક્કમણું, કરીએ વ્રત પચ્ચખ્ખાણ;
આઠમ દિન કરીએ, અષ્ટ કર્મની હાણ.
અષ્ટ મંગલ થાયે, દિન દિન કોડ કલ્યાણ;
એમ સુખ સૂરિ કહે, જીવિત જન્મ પ્રમાણ. ૪

એકાદશીની થોય.

એકાદશી અતિ રૂઅડી, ગોવિંદ[1] પુછે નેમ;
કોણ કારણ એ પર્વ મોહોટું, કહો મુજશું તેમ.
જિનવર કલ્યાણક અતિ ઘણા, એકસો ને પચાસ,
તેણે કારણ એ પર્વ મોહોટું, કરો મૌન ઉપવાસ. ૧
અગીઆર શ્રાવક તણી પ્રતિમા, કહી તે જિનવર દેવ,

---

૧ કૃષ્ણ વાસુદેવ.

એકાદશી એમ અધિક શેવો, વનગજા જીમ રેવ.
ચોવીશ જિનવર સયલ સુખકર, જેસા સુરતરૂ ચંગ;
જેમ ગંગ નિર્મલ નીર જેહવો, કરો જિનશું રંગ. ૨
અગીઆર અંગ લખાવીએ, અગીઆર પાઠા સાર;
અગીઆર કવલી વીંટણાં, ઠવણી પુંજણી સાર.
ચાબખી ચંગી[1] વિવિધ રંગી, શાસ્ત્રતણે અનુસાર,
એકાદશી એમ ઉજવો, જેમ પામીએ ભવપાર. ૩
વર કમલ નયણી કમળ વયણી[2], કમલ સુકોમળ કાય;
ભુજ દંડ ચંડ અખંડ જેહને, સમરતાં સુખ થાય.
એકાદશી એમ મન વશી, ગણી હર્ષ પંડિત શિશ;
શાસન દેવી વિઘ્ન નિવારો, સંઘ તણાં નિશ દિશ[3] ૪

શ્રી પર્યૂષણની થોય.

મણિ રચિત સિંહાસન, બેઠા જગદાધાર;
પર્યૂષણ કેરો, મહિમા અગમ અપાર.
નિજ મુખથી દાખી, સાખી સુરનર વૃંદ;
એ પર્વ પર્વમાં, જીમ તારામાં ચંદ. ૧
નાગકેતુની પરે, કલ્પ સાધના કીજે,
વ્રત નિયમ આખડી, ગુરૂ મુખ અધિકી લીજે.
દોય ભેદે પૂજા, દાન પંચ પ્રકાર,
કર પડિક્કમણાં ધર, શિયલ અખંડિત ધાર. ૨
જે ત્રિકરણ શુદ્ધે, આરાધે નવ વાર;
ભવ સાત આઠ નવ, શેષ તાસ સંસાર.
સહુ સૂત્ર શિરોમણિ, કલ્પસૂત્ર સુખકાર;

---

૧ રૂડી-મનોહર. ૨ કમળ જેવા મુખવાળી. ૩ સદાય.

તે શ્રવણે સુણીને, સફલ કરો અવતાર. ૩
સહુ ચૈત્ય જુહારી, ખમત ખામણાં કીજે;
કરી સાહમીવત્સલ, કુગતિ દ્વાર પટ દીજે.
અઠ્ઠાઈ મહોત્સવ, ચિદાનંદ ચિત્ત લાઈ;
ઈમ કરતાં સંઘને, શાસન દેવ સહાઈ. ૪

શ્રી પર્યૂષણની થોય.

વરસ દિવસમાં અષાડ ચોમાસું, તેહમાં વલી ભાદરવો માસ,
આઠ દિવસ અતિ ખાસ,
પર્વ પજુસણ કરો ઉલ્લાસ, અઠ્ઠાઇધરનો કરવો ઉપવાસ,
પોસહ લીજે ગુરૂ પાસ;
વડા કલ્પનો છઠ્ઠ કરીજે, તેહ તણો વખાણ સુણીજે,
ચૌદ સુપન વાચીજે,
પડવેને દિન જન્મ વંચાય, ઓચ્છવ મહોચ્છવ મંગલ ગવાય,
વીર જિણેસરરાય ૧
બીજ દિને દીક્ષા અધિકાર, સાંજ સમય નિરવાણ વિચાર,
વીર તણો પરિવાર,
ત્રીજ દિને શ્રીપાર્શ્વ વિખ્યાત, વલી નેમાસરનો અવદાત,
વલી નવભવની વાત;
ચોવિશે જિન અંતર તેવીશ, આદિજિનેશ્વર શ્રીજગદીશ,
તાસ વખાણ સુણીશ,
ધવલ મંગલ ગીત ગહૂંલી કરીએ, વલી પ્રભાવના નિત અનુસરીએ,
અઠ્ઠમ તપ જય વરીએ. ૨
આઠ દિવસ લગે અમર પળાવો, તેહ તણો પડહો વજડાવો,
ધ્યાન ધરમ મન ભાવો,
સંવત્સરી દિન સાર કહેવાય, સંઘ ચતુર્વિધ ભેલો થાય,
બારસેં સૂત્ર સણાય;

થિરાવલી ને સમાચારી, પટાવલી પ્રમાદ નિવારી,
સાંભલજો નરનારી,
આગમ સૂત્રને પ્રણમીશ, કલ્પસુત્રશું પ્રેમ ધરીશ,
શાસ્ત્ર સર્વે સુણીશ. ૩
સત્તર ભેદી જિન પૂજા રચાવો, નાટક કેરા ખેલ મચાવો,
વિધિશું સ્નાત્ર ભણાવો.
આડંબરશું દેહરે જઈએ, સંવત્સરી પડિક્કમણું કરીએ;
સંઘ સર્વને ખમીએ.
પારણે સાહમિવચ્છલ કીજે, યથાશક્તિએ દાનજ દીજે;
પુન્ય ભંડાર ભરીજે.
શ્રી વિજયક્ષેમ સુરિ ગણધાર, જસવન્તસાગર ગુરૂ ઉદાર;
જિણંદસાગર જયકાર. ૪

શ્રી પર્યુષણની થોય.

પુન્યનું પોષણ પાપનું શોષણ, પર્વ પજૂસણ પામીજી,
કલ્પ ઘરે પધરાવો સ્વામી, નારી કહે શિશ નામીજી;
કુંવર ગયવર[1] ખંધ ચઢાવી, ઢોલ નિશાન વજડાવોજી,
સદ્‌ગુરૂ સંગે ચઢતે રંગે, વીર ચરિત્ર સુણાવોજી. ૧
પ્રથમ વખાણે ધર્મ સારથિપદ, બીજે સુપના ચારજી,
ત્રીજે સુપન પાઠક વળી ચોથે, વીર જનમ અધિકારજી;
પાંચમે દીક્ષા છઠ્ઠે શિવપદ, સાતમે જિન ત્રેવીશજી,
આઠમે થિરાવળી સંભળાવી, પિઉડા પૂરો જગીશજી ૨
છઠ્ઠ અઠ્ઠમ અઠ્ઠાઇ કીજે, જિનવર ચૈત્ય નમીજેજી,
[2]વરશી પડિક્કમણું મુનિવંદન, સંઘ સયળ ખામીજેજી;
આઠ દિવસ લગે અમર પળાવી, દાન સુપાત્રે દીજેજી,

---

૧ ગજરાજ ૨ સંવચ્છરી પ્રતિક્રમણ

ભદ્રબાહુ ગુરૂ વચણ સુણીને, જ્ઞાન સુધારસ પીજેજી. ૩
તીરથમાં વિમલાચળ ગિરિમાં, મેરૂ મહાધર[1] જેમજી,
મુનિવર માંહી જિનવર મ્હોટા, પર્વ પજુસણ તેમજી,
અવસર પામી સાહમીવચ્છલ, બહુ પકવાન વડાઈજી,
ખિમાવિજય જિન દેવી સિદ્ધાઇ, દિનદિન અધિક વધાઈજી. ૪

અથ ક્રોધની સજ્ઝાય.

કડવાં ફળ છે ક્રોધનાં, જ્ઞાની એમ બોલે ॥
રીસ તણો રસ જાણીએ, હલાહલ તોલે ॥ ક૦ ॥ ૧ ॥
ક્રોધે ક્રોડ પૂરવતણું, સજમ ફળ જાય ॥
ક્રોધ સહિત તપ જે કરે, તે તો લેખે ન થાય ॥ ક૦ ॥૨॥
સાધુ ઘણો તપીયો હતો, ધરતો મન વૈરાગ ॥
શિષ્યના ક્રોધ થકી થયો, ચંડકોશીઓ નાગ ॥ ક૦ ॥૩॥
આગ ઉઠે જે ઘર થકી, તે પહેલું ઘર બાળે ॥
જળનો જોગ જો નવિ મળે, તો પાસેનું પરજાળે ॥ ક૦ ॥૪॥
ક્રોધતણી ગતિ એહવી, કહે કેવળનાણી ॥
હાણ કરે જે હેતની, જાળવજો એમ જાણી ॥ ક૦ ॥ ૫ ॥
ઉદયરત્ન કહે ક્રોધને, કાઢજો ગળે સાહી[2] ॥
કાયા કરજો નિર્મળી, ઉપશમ રસ નાહી ॥ ક૦ ॥ ૬ ॥

અથ માનની સજ્ઝાય.

રે જીવ માન ન કીજીયે, માને વિનય ન આવે રે ॥
વિનય વિના વિદ્યા નહીં, તો કિમ સમકિત પાવેરે ॥ રે૦ ॥૧॥
સમકિત વિણ ચારિત્ર નહી, ચારિત્ર વિણ નહીં મુક્તિરે ॥
મુક્તિનાં સુખ છે શાશ્વતાં, તે કેમ લહીએ જુક્તિ રે ॥ રે૦ ॥ ૨ ॥

---

૧ પર્વત. ૨ પકડી.

વિનય વડો સંસારમાં, ગુણમાંહે અધિકારીરે ॥
માને ગુણ જાએ ગળી, પ્રાણી જો જો વિચારીરે ॥ રે૦ ॥ ૩ ॥
માન કર્યું જો રાવણે, તે તો રામે માર્યોરે ॥
દુર્યોધન ગરવે કરી, અંતે સવિ હાર્યો રે ॥ ૪ ॥
સૂકાં લાકડા સારિખો, દુઃખદાયી એ ખોટોરે ॥
ઉદયરત્ન કહે માનને, દેજો દેશવટો રે ॥ રે૦ ॥ ૫ ॥

અથ માયાની સજ્ઝાય.

સમકિતનુ મૂળ જાણીએ જી, સત્ય વચન સાક્ષાત્ ॥
સાચામાં સમકિત વસેજી, માયામાં મિથ્યાત્વરે ॥
પ્રાણી મ કરીશ માયા લગાર ॥ ૧ ॥ એ આંકણી ॥
મુખ મીઠો જૂઠો મનેજી, કૂડ કપટનો રે કોટ ॥
જીભે તો જી જી કરે જી, ચિત્તમાંહે તાકે ચોટ રે ॥ પ્રા૦ ॥ ૨ ॥
આપ ગરજે આઘો પડે જી, પણ ન ધરે વિશ્વાસ ॥
મનશું રાખે આંતરો જી, એ માયાનો પાશરે ॥ પ્રા૦ ॥ ૩ ॥
જેહશું બાંધે પ્રીતડી જી, તેહશું રહે પ્રતિકૂળ ॥
મેલ ન છંડે મનતણો જી, એ માયાનું મૂળ રે ॥ પ્રા૦ ॥ ૪ ॥
તપ કીધો માયા કરી જી, મિત્રશું રાખ્યો ભેદ ॥
મલ્લિ જિનેશ્વર જાણજો જી, તો પામ્યા સ્ત્રી વેદરે ॥ પ્રા૦ ॥ ૫ ॥
ઉદયરત્ન કહે સાંભળોજી, મેલો માયાની બુદ્ધ ॥
મુક્તિપુરી જાવાતણો જી, એ મારગ છે શુદ્ધ રે ॥ પ્રા૦ ॥ ૬ ॥

અથ લોભની સજ્ઝાય.

તુમે લક્ષણ જો જો લોભનારે, લોભે મુનિજન પામે ક્ષોભનારે ॥ લોભે ડાહ્યા મન ડોલ્યા કરે રે, લોભે દુર્ધર પંથે સંચરેરે ॥ તુ ॥૧॥ તજે લોભ તેહનાં લઉં ભામણાં રે, વળી પાયે નમીને કરૂં ખામણાં રે ॥ લોભે મરજાદા ન રહે કેહનીરે,

તુમે સંગત મેલો તેહની રે ॥ તુ૦ ॥ ૨ ॥ લોભે ઘર મેલી રણમાં મરેરે, લોભે ઉચ તે નીચું આચરે રે ॥ લોભે પાપ ભણી પગલાં ભરે રે, લોભે અકારજ કરતાં ન ઓસરે રે ॥ તુ૦ ॥ ૩ ॥ લોભે મનડું ન રહે નિર્મળું રે, લોભે સગપણ નાસે વેગળું રે ॥ લોભે ન રહે પ્રીતિને પાવડું રે, લોભે ધન મેળે બહુ એકઠું રે ॥ તુ૦ ॥ ૪ ॥ લોભે પુત્ર પ્રત્યે પિતા હણે રે, લોભે હત્યા પાતિક નવિ ગણે રે ॥ તે તો દામ તણે લોભે કરી રે, ઉપર મણિધર થાએ તે મરી રે ॥ તુ૦ ॥ ૫ ॥ જોતાં લોભનો થોભ દીસે નહીંરે, એવું સૂત્ર સિદ્ધાંતે કહ્યું સહી રે ॥ લોભે ચક્રી સુભૂમ નામે જુવો રે, તે તો સમુદ્રમાંહે ડૂબી મુવો રે ॥ તુ૦ ॥ ૫ ॥ એમ જાણીને લોભને છંડજો રે, એમ ધર્મશું મમતા મંડજો રે ॥ કવિ ઉદયરત્ન ભાખે મુદા રે, વંદુ લોભ તજે તેહને સદા રે ॥ તુ૦ ॥ ૭ ॥

શ્રી અરણિક મુનિની સજઝાય.

અરણિક મુનિવર ચાલ્યા ગોચરી, તડકે દાઝે શિશોજી[1];
પાય અણવાણે[2]રે વેલુ પરજલે, તન સુકુમાલ મુનીશોજી. અ૦ ૧
મુખ કરમાયુંરે માલતી ફુલ જ્યું, ઉભો ગોખની હેઠોજી;
ખરે બપોરે દાઠો એકલો, મોહી માનની દીઠોજી અ૦ ૨
વયણ રંગીલીરે નયણે વીંધિયો, ઋષિ થંભ્યો તેણે ઠાણોજી;
દાસીને કહે જારે ઉતાવળી, ઋષિ તેડી ઘેર આણોજી. અ૦ ૩
પાવન કીજેરે ઋષિ ઘર આંગણું, વહોરો મોદક સારોજી;
નવજોબન રસ કાયા કાં દહો, સફલ કરો અવતારોજી. અ૦ ૪
ચંદ્રવદનીએ[3] ચારિત્રથી ચૂકવ્યો, સુખ વિલસે દિન રાતોજી;
બેઠો ગોખેરે રમતો સોગડે, તવ દીઠી નિજ માતોજી. અ૦ ૫

---

૧ મસ્તક. ૨ ખુલ્લા (પગે) ૩ મોહનગારી સ્ત્રીએ

અરણિક અરણિક કરતી મા ફરે, ગલીયે ગલીયે બજારોજી;
કહો કોણે દીઠોરે મારો અરણીયો, પુંઠે લોક હજારોજી. અ૦ ૬
હું કાયર છુંરે મોરી માવડી, ચારિત્ર ખાંડાની ધારોજી;
ધિક્ધિક્ વિષયારે મારા જીવને, મેં કીધો અવિચારોજી. અ૦ ૭
ગોખથી ઉતરીરે જનનીને પાય પડયો, મનશું લાજયો અપારોજી;
વચ્છ તુજ ન ઘટેરે ચારિત્રથી ચૂકવું, જેથી શિવ સુખ સારોજી. અ૦૮
એમ સમજાવીર પાછો વાળીયો, આણ્યો ગુરૂની પાસોજી;
સદ્ગુરૂ શીખ દીએરે ભલીપરે, વૈરાગ્યે મન વાસ્યોજી. અ૦ ૯
અગ્નિ ધીખંતીરે શિલા ઉપરે, અરણિકે અણસણ કીધુંજી;
રૂપવિજય કહે ધન્ય એ મુનિવરૂ, જેણે મનવાંછિત લીધુંજી. અ૦૧૦

અથ આઠ મદની સજઝાય

મદ આઠ મહા મુનિ વારીએ, જે દુર્ગતિના દાતારોરે;
શ્રી વીર જિણેસર ઊપદીશે, ભાખે સોહમ ગણધારોરે. મદ૦ ૧
હાંજી જાતિનો મદ પહેલો કહ્યો, પૂર્વે હરિકેશીએ કીધોરે;
જઇ ચંડાળ તણે કુલ ઉપનો, તપથી સવિ કારજ સીધોરે. મદ૦ ૨
હાંજી કુળમદ બીજો દાખીયો, મરિચી ભવે કીધો પ્રાણીરે;
કોડા કોડી સાગર ભવમાં ભમ્યો, મદ મ કરો ઇમ મન જાણીરે. મદ૦૩
હાંજી બળમદથી દુઃખ પામીયા. [1]શ્રેણિક વસુભૂતી જીવોરે;
જઈ ભોગવ્યાં દુઃખ નરકતણાં, મુખ પાડંતા નિત્ય [2]રીવોરે. મદ૦ ૪
હાંજી સનતકુમાર નરેસરૂ, સુર આગળ રૂપ વખાણ્યુંરે,
રોમ રોમ કાયા બગડી ગઇ, મદ ચોથાનું એ ટાણુંરે. મદ૦ ૫
હાંજી મુનિવર સંજમ પાળતાં, તપનો મદ મનમાં આયોરે;
થયા કૂરગડુ ઋષિ રાજીયા, પામ્યા તપનો અંતરાયોરે. મદ૦ ૬

---

૧ શ્રેણિક રાજાનો જીવ ૨ રાડો (કરૂણા જનક).

હાંજી દેશ દશારણનો ધણી, રાય દશારણભદ્ર અભિમાનીરે;
ઇંદ્રની ઋદ્ધિ દેખી બુઝીયો, સંસાર તજી થયો જ્ઞાનીરે. મદ૦ ૭
હાંજી સ્થુલભદ્રે વિદ્યાનો કર્યો, મદ સાતમો જે દુઃખદાઇરે;
શ્રુત પૂરણ અર્થ નવિ પામિયા, [1]જૂઓ માન તણી અધિકાઈરે. મ૦ ૮
હાંજી રાય સુભૂમ ખટખંડનો ધણી, લાભનો મદ કીધો અપારરે;
હયગય રથ સવિ સાયર ગળ્યું, ગયો સાતમી નરક મજારરે. મ૦ ૯
એમ તન ધન જોબન રાજનો, મ ધરો મનમાં અહંકારોરે;
એહ અથિર અસત્ય સવિ કારમું, ક્ષણમાં વિણસે બહુ વારોરે.મ૦૧૦
મદ આઠ નિવારો વ્રતધારી, પાળો સંજમ સુખકારીરે;
કહે માનવિજય તે પામશે, અવિચળ પદવી નરનારીરે. મદ૦૧૧

અથ શીખામણની સજઝાય.

જીવ વારૂં છું મોરા વાલમા, પરનારીથી મતિ મ જોડ;
પરનારીની સંગત નહીં ભલી, તારા કુલમાં લાગશે ખોડ. જી૦ ૧
જીવ આ સંસાર છે કારમો[2], દીસે છે આળપંપાળ;
જીવ એહવું જાણી ચેતજે, આગળ માછીડે નાખી છે જાળ. જી૦ ૨
જીવ માતાપતા ભાઈ બેનડી, સહુ કુટુંબ તણો પરિવાર;
જીવ વેતી વારે સહુ સગું, પછી લાંબા કીધા જૂહાર. જી૦ ૩
ડેહલી લગે સગી અંગના[3], શેરી લગે સગી માય;
જીવ સીમ લગે સાજન ભલો, પછી હંસ એકીલો જાય જી૦ ૪
જીવ જાતાં થકાં નવી જાણીયું, નવી જાણ્યો વાર કુવાર;
જીવ ગાડું ભરીયું ઇંધણે, વળી ખોખરી હાંડલી ગાર જી૦ ૫
જીવ આઠમ પાખી ન ઓળખી, જીવ બહુલાં કીધાં પાપ;
જીવ સુમતિવિજય મુનિ એમ ભણે, જીવ આવાગમન નિવાર.જી૦ ૬

---

૧ સ્વોત્કર્ષ-આપ બડાઈ કર્યાના ફળ જૂઓ ૨ ખોટા-અસાર. ૩ સ્ત્રી

અથ આપ સ્વભાવની સજ્ઝાય.

આપ સ્વભાવમાંરે, અવધુ સદા મગનમેં રહના;
જગત જીવ હે કર્માધિના[1], અચરિજ કછુઅ ન લીના. ॥ આ૦ ॥ ૧
તુમ નહીં કેરા કોઈ નહીં તેરા, કયા કરે મેરા મેરા;
તેરા હે સો તેરી પાસે, અવર સબ અનેરા. ॥ આ૦ ॥ ૨
વપુ[2] વિનાશી તું અવિનાશી, અબ હે ઈનકા વિલાસી,
[3]વપુ સંગ જબ દૂર નિકાસી, તબ તુમ શિવકા વાસી. ॥ આ૦ ॥ ૩
રાગ ને રીસા દોય ખવીસા, એ તુમ દુઃખકા દીસા;
જબ તુમ ઈનકું દૂર કરીસા તબ તુમ જગકા ઈસા[4] ॥ આ૦ ॥ ૪
પરકી આશા સદા નિરાશા, એ હે જગજન પાસા;
તે કાટનકુ કરો અભ્યાસા, લહો સદા સુખવાસા. ॥ આ૦ ॥ ૫
કબહીક કાજી કબહીક પાજી, કબહીક હુવા અપભ્ર જી;[5]
કબહીક જગમેં કીર્તી ગાજી, સબ પુદ્ગલકી બાજી. ॥ આ૦ ॥ ૬
શુદ્ધ ઉપયોગ ને સમતા ધારી, જ્ઞાન ધ્યાન મનોહારી;
કર્મ કલંકકું દૂર નિવારી, જીવ વરે શિવ નારી. ॥ આ૦ ॥ ૭

અથ મૂર્ખસંગતિનિવારક સજ્ઝાય.

જ્ઞાન કદી નવિ થાય, મૂરખને જ્ઞાન કદી નવિ થાય;
કહેતાં પોતાનું પણ જાય, મૂરખને જ્ઞાન કદી નવિ થાય.
શ્વાન હોવે તે સો વેળા જો, ગંગાજળમાં ન્હાય;
અડસઠ તીરથ ફરી આવે પણ, શ્વાનપણું નવિ જાય મૂરખને૦ ૧ ॥

---

૧ કર્મને વશ પડેલા ૨ શરીર ૩ શરીર મમતાને જ્યારે સર્વથા
ટાળે–દૂર કરે ૪ નાયક–પરમેશ્વર ૫ નિભ્રછના લાયક

ક્રુર સર્પ પય[1]પાન કરંતાં, શીતલ[2]પણું નવી થાય;
કસ્તુરી ખાતર જો કીજે, વાસ લસણ નવી જાય. મૂરખને૦ ૨ ॥
વર્ષા કાળે સુગ્રીવ[3] પક્ષી, કપિ[4] ઉપદેશ કરાય;
તે કપિને ઉપદેશ ન લાગે, સુગ્રીવ ઘર વિખરાય. મૂરખને૦ ૩ ॥
નદીમાંહે નીશદિન રહે પણ, પાષાણપણું નવિ જાય,
લોહધાતુ ટંકણ જો કીજે, તુરત અગ્નિ ઝરાય. મૂરખને૦ ૪ ॥
કાગની કંઠે મુગતાફલની, માલા તે ન ધરાય;
ચંદન ચર્ચિત અંગ તે કીજે, ગર્ધવ ગાય ન થાય. મૂરખને૦ ૫ ॥
સિંહચર્મ લઈ શિયાલ સુતને, બનાવી વેશ ધરાય.
શિયાલસુત તે સિંહ ન હોવે, શિયાલપણું નાવે જાય.મૂરખને૦૬ ॥
ઉખર ભુમિ બીજ ન હોવે, ઉલટુ બીજ તે જાય;
સમ્કત ધારીનો સંગ કર્યાથી, ભવોભવ ભીડ મિટાય મૂરખને૦૭ ॥
તે માટે મૂરખથી અલગા, રહે તે સુખીયા થાય;
દાન વિજય સદ્‌ગુરૂ સેવ્યાથી, બોધિ બીજ ગુણ થાય. મૂરખને૦૮ ॥

શ્રીપ્રદેશી રાજાની સજ્ઝાય

શ્રી સંખેશ્વર પ્રણમું પાસ, પ્રગટ પ્રભાવા પૂરે આશ,
સાધુશિરોમણિ કેશિકુમાર, મહામુનિવર મોટા ગણધાર. ॥ ૧ ॥
સેતબી* નગરીસમોસરે, પ્રશ્ન દશ પરદેશી કરે;
સાંભળો સુર નરગ સંદેહ, પિતા અધરમી માહરો જેહ. ॥ ૨ ॥
પાપ કરી નરગે તે ગયો, પાછો મુજ આવી નવિ કહ્યો;
કેશી કહે નગરમંડાણ, સૂરિકંતા નારિ સુજાણ. ॥ ૩ ॥
સેવંતી દીઠી વ્યભિચાર, તું કાં ન દીએ જાવા જાર;
તિમ તેહને ન દીએ આવવા, પરમાધામી નરગે એહવા. ॥ ૪ ॥

---

૧ દૂધ ૨ નિર્વિષ–નિર્વિકારી ૩ સુઘરી ૪ વાનર ૫ ગર્દભ–ગધેડો.

* શ્વેતામ્બિકા

વલી નૃપ કહે નથી સુરલોક, માતા માહરી ધરમીસલોક,
ગઈ સરગે આવી નવિ કહ્યું, પુણ્યથકી ફલ એમ એ લહ્યું ॥ ૫ ॥
ગુરૂ કહે જાય તું મજ્જન કરી, [1]દેવકુલે સુચી વસ્ત્ર ધરી;
[2]કોઈક શ્વપચ તેડે નવિ જાય, તિમ સુર નાવે સુખ મહિમાય.॥ ૬ ॥
વલી સંશય મુજ જીવ સુરંગ, ચોર ગ્રહી અથ કોઠી અભંગ,
ઘાલી જોયો નવિ દીઠો જીવ, કિહાં ગયો ગુરૂ કહે સુણ પારથીવ[3].॥૭॥
ભૂમિગ્રહ[4]પેસી કોઈ ઢોલ, તાડે[5]શબ્દ સુણાય અતોલ;
કુણ મારગે તે શબ્દ નીકળ્યો, તિમ જીવ વાયુસમો અટકળ્યો.॥ ૮ ॥
વળી કહે તિહાં કીડા ઊપન્યા, જીવ કયે[6] મારગ નિપન્યા;
ગુરૂ કહે લોહખંડ તાપવ્યો, અગનિ કયે છિદ્ર માંહે ઠવ્યો ॥ ૯ ॥
વન્હી જીમ પઇઠો લોહમાંહિ, તિમ જીવ ઉપન્યા કોઠીમાંહિ;
વલી ભૂપતિ કહે વૃદ્ધ યુવાન, નાખે બાણ ધરી એક તાન.॥ ૧૦ ॥
એક આસન એક દૂરે જાય, સરિખો જીવ તો અંતર કાંય;
જીવ પદારથ ઇમ નહીં મહી, ગુરૂ કહે સુણ રાજન્ ગહગહી ॥૧૧॥
તનુ ઉપગરણ સવિ જૂનાં થયા સરિખા જીવ પણ કરમે ગ્રહ્યા;
વલી કહે એક દિન ચોર ઝાલીઓ, શૂલારોપ કરી ઊતારીઓ.॥૧૨॥
હિંસી તોલ્યો સરિખો થયો, જીવ અજીવ આધકો નવિ લહ્યો;
ગુરૂ કહે દૃડો વાયે ભર્યો, ઠાલો તોલ્યો સમ ઉતર્યો. ॥ ૧૩ ॥
તિમ એ જીવ ગુરૂ લઘુ નવિ હોય, વલી રાજા જંપે ગુરૂ જોય;
ચોર ગ્રહી જોયો વધ કરા, ખંડોખંડ કરી ફિરી ફિરી.॥ ૧૪ ॥
નવિ લાધ્યો તે જીવ સુજાણ, કર્યો નિશ્ચય મેં જીવ અઠાણ;
ગણધર કહે અરણી પાષાણ, અગ્નિમાંહિ અછે નૃપ જાણ.॥૧૫॥
નવિ દીસે તે બાહિર મહીં, જીવ અછે પણ દીસે નહીં,
જંપે ભૂપતિ ઘટ પટ થંભ, દીસેછે પણ જીવ અચંભ. ॥ ૧૬ ॥

---

૧ (સ્નાન કરી) સારા વસ્ત્રો પહેરીને દેવમદિરે (જાય). ૨ તે વખતે કોઇ ચડાળ તને તેડવા આવે તો તુ જેમ ન જાય. ૩ હે ! રાજા તુ સાભળ. ૪ ભોયરામા ૫ વગાડે. ૬ કયા માર્ગે

કાં નજર નાવે તે જીવ, તેણુ મુજ મન સંશય અતીવ;
આચારજ કહે સાંભલ ભૂપ, તરૂ હાલે છે વાયુ સરૂપ.॥ ૧૭
તરૂ દીસે નવિ દીસે વાય, એમ સરૂપી જીવ કહેવાય,
કહે નરપતિ કુંજર કુંથુઆ, સરીખા જીવ તો કાં જૂજૂઆ.॥૧૮॥
એક મોટો એક લઘુતર હોય, એ સંશય મુઝ હઇડે જોય,
ગણધર કહે દીવો ગૃહમાંહિ, અજુઆલું કરે સઘલે ત્યાંહિ. ॥૧૯॥
કુંડકમહેલ્યો તવ તિહાં, અજુઆલુ વ્યાપે વલી જીહાં;
તિમ એ જીવ તનુવ્યાપી રહ્યો,ગુરૂલઘુ કાયાએ તિમ લહ્યો.॥ ૨૦ ॥
દસમું પ્રશ્ન પૂછે નૃપ વલી, સાંભળો ગણનાયક મનરુલી;
પેઢીગત કિમ મુકું ધર્મ, હોએ લાજ મુઝ લાગે શર્મ. ॥ ૨૧ ॥
ગુરૂ કહે વ્યાપારી જીમ કોય, વ્યાપારે પોહોંચે તું જોય;
લોહખાણી દેખી તે ભરે, વળી તિહાંથી આઘા સંચરે.॥ ૨૨ ॥
ત્રાંબુ દેખી છંડી લોહ, એક ન છંડે આણી મોહ;
રૂપું હેમ રયણ ઈમ લીએ, એક ન છંડે લોહું લાએ. ॥ ૨૩ ॥
ઘરે આવ્યા તે લીલા કરે, લોહગ્રાહક તે દુખીઆ ફરે;
તિમ કુમત છંડી આપણો, કહેણ કરો અમ જીમ સુખ ઘણો.॥ ૨૪ ॥
તેહ વચન નિજ હઇડે ધરે, ગુરૂ વંદી ચરણે અણુસરે,
સામી તેં મુઝ તાર્યો આજ, બેસાર્યો શિવપુરને રાજ. ॥ ૨૫ ॥
બાર વ્રત ગુરૂકને ઉચરી, શુદ્ધશ્રાવકના વ્રત આદરી;
પહેલે દેવલોકે થયો દેવ, સુર્યાભ નામ કરે સુરસેવ. ॥ ૨૬ ॥
અવધિ કરી જોઇ જિનસંગ, બત્રીસબદ્ધ નાટક ઉછરંગ,
કરી વીરજિન વંદી જાય, ગૌતમ પૂછે પ્રણમી પાય ॥ ૨૭ ॥
સામી એ કુણ કિમ પામી ઋદ્ધિ, સકલ વાત કહી સુપ્રસિદ્ધિ;
એક ભવાંતર મુગતિ જશે, અવિચલ સુખ પૂરાં પામશે. ॥ ૨૮ ॥
રાયપસેણીમાંહિ અધિકાર, જોઈ કીધો એહ વિચાર;
અધિકું ઓછું જે અહીં હોય, પંડિત જન શુદ્ધ કરજો સોય.॥ ૨૯ ॥

ગુરૂનામે લહીએ ગહગટ્ટ, ગુરૂનામે લહીએ શિવવટ્ટ;
એહવા ગુરૂની સેવા મિલે, તો મનવંછિત આશા ફલે ॥ ૩૦ ॥
સંવત સત્તર પણવીસો સાર, આસાઢ સુદિ તેરસ રવિવાર;
શ્રીજયવિજયપંડિતસુપસાય, મેરૂવિજય રંગે ગુણગાય. ॥ ૩૧ ॥

શ્રી પચ્ચખ્ખાણની સજ્ઝાય.

ધૂર સમરૂં સામિની સરસતી, સરસવચન અમૃત વરસતી;
પચ્ચખ્ખાણનો ભણીશ વિચાર, જે સિદ્ધાંતે બાલ્યા સાર. ॥ ૧ ॥
અનાગતાદિક દસ પચખ્ખાણ, ઠાણાંગે બોલ્યા તે જાણ;
તેહમાં અદ્ધા[1] દસમો ભેદ, તેહ તણા કહેશ્યું દસ ભેદ. ॥૨॥
+નોકારસી[1] પોરિસી[2] પુરિમઠ્ઠ[3], એકાસણે[4] એકઠાણે[5] સઠ્ઠ;
વિગય[6] આયંબિલ[7] ઉપવાસ[8] પવિત્ર, અભિગ્રહ[9] દિવસચરિમ[10] કર મિત્ર;
નોકારસીના બે આગાર,× સાઢપોરસી પોરસી છ ધાર;
પુરીમઠ્ઠ અવઠ્ઠતણા વળી સાત, [2]નિવિગઈ [3]વિગઇતણા દસ [4]ભ્રાત.૪
એકાસણે આયંબિલ તે આઠ, સત એકઠાણે સુધો પાઠ,
ઉપવાસે પણ[5] છ[6]પ્પાણસ્સ, [6]અભિગ્રહ દિવસચરિમ ચઉ તસ્સ.૫
તે કહે અભિગ્રહ પચખ્ખાણ, ગંઠી મુઠી અંગુઠી પ્રમાણ;
ઘરસહિયું સચિત આખડી, તે સર્વ્વ અભિગ્રહમાં ભલી. ॥૬॥
નોકારસી નિશ્ચય ચોવિહાર, મુનિને દિવસચરિમં સાર;
આંબિલ નિવિ ને ઉપવાસ, ચોવિહાર તિવિહાર પ્રકાર. ॥૭॥

---

૧ કાળ વિશેષ.

× આ સબંધી કંઇક સંતોષકારક ખુલાસો **ભાષ્યત્રય** નામના **વિવેચન**વાળા પુસ્તકથી મેળવી શકાશે–સંશોધક

૨–૩ તેના ૮ યા ૯ આગાર ભાષ્યમાં કહ્યા છે ૪ વિગઇનું વિશેષણ સંભવે છે તે વિગઈ સમુચ્ચયે દશ પ્રકારની ગણાય છે (ભક્ષ્ય-વિગઇ અને અભક્ષ્ય વિગઇ મળીને)–સંશોધક. ૫ પાંચ આગાર. ૬ તેના ચાર ચાર આગાર.

એકાસણાદિક સવિ પચ્ચખાણ, દુવિહ તિવિહ ચોવિહાર વખાણ,
શ્રાવકને પણ રાતે કહ્યા, એ ત્રણ ભેદ સદ્‌ગુરૂથી લહ્યા. ॥૮॥
હવે કહું છું આહાર વિચાર, તેહ તણા છે ચાર પ્રકાર;
અસન પાણ ને ખાદિમ સાર, સ્વાદિમ તે ચોથો આહાર. ॥૯॥
જબ કીધો હોય ચોવિહાર, તો નવિ કલ્પે એકે આહાર;
તિવિહારે પાણી નિરધાર, દુવિહારે ખાદિમ ને ધાર. ॥૧૦॥
અસન ભણીજે રોટી ભાત, પાણ કહીએ પાણી વિખ્યાત;
ખાદિમ કહીએ ફલ સુખડી, સ્વાદિમથી ન ટળે ભુખડી. ॥૧૧॥
હવે સ્વાદિમનો સુણો વિચાર, જેહ વસ્તુ કલ્પે દુવિહાર;
તેહ નામ વિવરીને કહું, શ્રાદ્ધવિધિ વાંચી સદ્દહું. ॥૧૨॥

ઢાળ–એકવીશાની દેશી.

સુંઠપિપરરે હરડે અજમો ને મરી, જાવંત્રીરે જાયફલ તજ તુલસી ખરી;
જેઠીમધર તમાલપત્ર ને એલચી, ખેરવટીકારે કોઠ લવંગ ને બાબચી;
ટક—બાવચિ કચૂરો મોથ સંચલ, આજો વજ અજમોદ એ,
પિંપલીમલ ચણીકબાબા, કુલિંજણ સામોદ એ. ॥ ૧૩ ॥
કંટાસેલિયોરે બિલવણ કપૂર વડાગરૂ, હરડે બેહડાંરે કૂંમડો ખયર સુરંગરે
બાવલીયોરે ખીજડાકરી છાલરે, કપૂરકંદરે પુષ્કરમૂલ સંભાલર,
ટક—કાથો કસીસો પાન પૂગી, હિંગ ત્રેવીસો વલી.
પંચકૂઠ જવાસામુલ વિતમા, ધરો ગુરૂથી સાંભલી. ॥ ૧૪ ॥
હવે એટલારે સ્વાદિમ પણ સુજે નહિં, પરંપરારે વિણ કોઈ બૂઝે નહીં;
વેરહાલીરે ધાણા કોઠબડી સૂઆ, આમલાગંઠીરે આંબા ગોલવર્જિત હુઆ;
ટક—વલી હિંગ સેંધવ અને સેક, કોઠપત્ર કલ્પે સહી;
[1]અણાહાર જે ચોવિહાર સૂજે, તેહ નિસુણો સજજ થઈ. ॥૧૫॥
સવિ મુતરરે મુલ પત્ર લીંબડો, વીડ ચુકડરે હલદ રોહિણી રાખરે;

---

1 ચોવિહારમા જે અણાહારી વસ્તુઓ લવી કલ્પે.

ઉપલેટજરે ત્રિફલો આસંધ દાખરે,
ત્રૂટક-રિંગણી ધમાસો નાહી ગુગલ, એલીયો ને બોણુએ;
કુંથેર બોર કરીરમૂલજ, કુંદરૂ તિમ જાણુએ. ।૧૬।
વલીઆબરે બીયોબાલમજીઠરે, કુંઆરજરે એમ જે સ્વાદ અનિષ્ટરે;
કહ્યાં કારણે રે એ સઘલા અણાહારરે,ખાય સ્વાદેરે તો સઘલાઆહારરે;
ત્રૂટક—આહાર એહ વિચાર જાણી, પચ્ચખાણ સુધા ધરો;
શ્રીકીર્ત્તિવિજયવાચકસીસ ઇણીપરે, વિનય સયલ સંપત્તિ વરો. ।૧૭।

શ્રી સ્થાપના કુલક સજ્ઝાય.

પૂરવ નવમાંથી ઉદ્ધરી, જિમ ભાખે શ્રીભદ્રબાહુ[1]રે,
સ્થાપના કલ્પ[2] અમે કહું, તિમ સાંભળજો સહુ સાહુરે. ૧
પરમ ગુરૂ વયણે મન દીજે, તો સુરતરૂ ફળ લીજે. એ ટેક
લાલ વરણ જે થાપના, માંહે રેખા શ્યામ તે જોયરે;
આયુ જ્ઞાન બહુ સુખ દીએ, તે તો નીલકંઠ*સમ હોયરે. ૨
પીત વરણ જે થાપના, માહ દીસે બિંદુ તે શ્વેતરે;
તેહ પખાલી પાઇએ, સવી રોગ વિલયનો હેતરે. ૩
શ્વેત વરણ જે થાપના, માંહે પીત બિંદુ તસ હોયરે;
નયન રોગ છાંટે ટળે, પીતાં ટળે શૂલ શરીરરે ૪
નીલ વરણ જે થાપના, માહે પીત બિંદુ તે સારરે,
તેહ પખાલી પાઇએ, હોય અહિ[3] વિષનો ઉત્તારરે. ૫
ટાળે વિશૂચિકા રોગ જે, ઘૃત લાભ દીએ ઘૃતવર્ન[4]રે;

---

૧ ચૌદ પૂર્વધર યુગ પ્રધાન શ્રીમાન્ યશોભદ્રસૂરીશ્વરના પટોધર શિષ્યરત્ન ૨ સ્થાપનાચાર્ય તરીકે જે અક્ષ (ગોળ શખ-દક્ષિણાવર્ત) રાખવા ફરમાવેલ છે તેના ગુણનુ જેમા પ્રતિપાદન કરવામા આવે છે તે ગ્રથ. * મહાદેવ સદશ ૩ સર્પ ૪ ઘીવર્ણા સ્થાપના.

રક્ત વર્ણ પાસે રહ્યા, મોહે માનવી કેરાં મન્નરે. ૬
શુદ્ધ શ્વેત જે થાપના, માંહે દીસે રાતી રેખરે;
ડંકથકી વિષ ઉતરે, વળી સિદ્ધ કાર્ય અશેષરે. ૭
અર્ધ રક્ત જે થાપના, વળી અર્ધ પીત પુરિપુષ્ટરે;
તેહ પખાળી છાંટીએ, હરે અક્ષિ[1]રોગને દુષ્ટરે ૮
જંબૂવર્ણ જે થાપના માંહે સર્વ વર્ણનાં બિંદુરે;
સર્વ સિદ્ધિ તેહથી હોયે, મોહે નરનારીના વૃંદરે. ૯
જાતિ પુષ્પ સમ થાપના, સુતવંશ વધારે તેહરે;
મોર પિચ્છ સમ થાપના, વંછિત દીએ ન સંદેહરે. ૧૦
સિદ્ધિ કરે ભય અપહરે, પારદ[2] સમ બિંદુ તે શ્યામરે;
મષક સમ જે થાપના, તે ટાળે અહિ વિષ ઠામરે. ૧૧
એક આવર્તે સુખ દીએ, બેહુ આવર્તે ભંગરે;
ત્રિહું આવર્તે માન દે, ચિહું આવર્તે નહિ રંગરે. ૧૨
પંચ આવર્તે ભય હરે, છ આવર્તે દીએ રોગરે;
સાત આવર્તે સુખ કરે, વળી ટાળે સઘળા રોગરે. ૧૩
[3]વિષમાવર્તે સુખ ફળ ભલુ, [4]સમ આવર્તે ફળ હીનરે;
ધર્મ નાશ હોય તેહથા, એમ ભાખે તત્ત્વ પ્રવીણરે. ૧૪
જેહ વસ્તુમાં થાપિયે, દક્ષિણ આવર્તે તેહરે.
તે અખૂટ સઘળું હોયે, કહે વાચક યશ ગુણગેહરે. ૧૫

---

૧ નેત્ર ૨ પારો. ૩ એકી એટલે-૧-૩-૫-૭ વિ ૪ બેકી એટલે
૨-૪-૬ વિ૦

॥ અથ પખ્ખિપ્રતિક્રમણ વિધિ ॥

પ્રથમ દૈવસિક પ્રતિક્રમણમાં વંદિત્તુ કહી રહિયે તિહાં સુધી સર્વ કહેવું; પણ ચૈત્યવંદન સકલાર્હતનું કહેવું અને થે.યો સ્નાતસ્યાની કહેવી. પછી ખમાસમણ દઈને દેવસિઅ આલોઇઅ પડિક્કંતા ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! પખ્ખિમુહપત્તિ પડિલેહું ? એમ કહી મુહપત્તિ પડિલેહવી, પછી વાંદણાં બે દેવા, પછી ઇચ્છાકારેણ૦ સદિ૦ ભગ૦ અબ્ભુટ્ઠિઓહં સંમુદ્ધાખામણેણં અબ્ભિંતરપખ્ખિઅં ખામેઉં ? ઇચ્છં ખામેમિ પખ્ખિઅં, [1]પનરસ દિવસાણં, પનરસ રાઇઆણ, જકિંચિ અપત્તિયં૦ કહી, ઇચ્છાકારેણ સં૦ ભગ૦ પખ્ખિઅં આલોઉં ? ઇચ્છં આલોએમિ જો મે પખ્ખિઓ અઈઆરો કઓ૦ કહી "ઇચ્છાકારેણ૦ સંદિ૦ ભગ૦ પખ્ખિ અતિચાર આલોઉ ? " એમ કહી અતિચાર કહિયે. પછી "એવંકારે શ્રાવકતણે ધર્મે શ્રીસમકિત મૂલ બાર વ્રત એકસો ચોવીશ અતિચાર માંહે જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહે સૂક્ષ્મ બાદર જાણતાં અજાણતાં હુઓ હોય, તે સવ્વે હું મને વચને કાયાએ કરી મિચ્છામિ દુક્કડં" કહી "સવ્વસ્સવિ પખ્ખિઅ દુચ્ચિંતિઅ, દુબ્ભાસિઅ, દુચ્ચિટ્ઠિઅ, ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! [2]ઇચ્છં તસ્સ મિચ્છામિદુક્કડં" કહી, " ઇચ્છકાર ભગવન્! પસાયકરી પખ્ખિતપ પ્રસાદ કરોજી. " એમ ઉચ્ચાર કરીને આવી રીતે કહિયે:- " ચઉત્થેણં, એક ઉપવાસ, બે આંબિલ, ત્રણ નીવિ, ચાર એકાસણાં, આઠ બેઆસણાં, બે હજાર સજ્ઝાય યથાશક્તિ તપ કરી પ્હોંચાડવો. " પછી પ્રવેશ[3] કર્યો હોય તો, ' પઇટ્ઠિઓ ' કહીએ અને કરવો હોય તો ' તહત્તિ ' કહીએ, તથા ન કરવો હોય તો

---

૧ એક પખ્ખાણ (અંતોપખ્ખસ્સ) પન્નરસરાઈદિઆણ. ૨ ગુરુ પડિક્કમેહ કહે પછી. ૩ તપ.

અણુબોલ્યા[1] રહીએ. પછી વાંદણાં બે દેવાં. પછી “ ઈચ્છાકા૦ અબ્ભુટ્ઠિઓઽહં પત્તેઅખામણેણં અબ્ભિંતરપક્ખિઅં ખામેઉં? ઇચ્છં ખામેમિ પક્ખિઅં, [2]પનરસ દિવસાણં પનરસ રાઈઆણં જંકિંચિ અપત્તિયં૦ કહી વાંદણાં બે દેવા. પછી દેવસિઅ આલોઇઅ પડિક્કંતા ઇચ્છાકા૦ સંદિ૦ ભગવન્૦ પક્ખિઅ પડિક્કમું[3] ? સમ્મં પડિક્કમામિ, એમ કહી કરેમિભંતે સામાઇયં કહી, ઇચ્છામિ પડિક્કામેઉં જો મે પક્ખિઓ૦ કહેવું. પછી ખમાસમણ દઇ ઈચ્છાકારેણ સંદિ૦ પક્ખિસૂત્ર કઢું ? એમ કહી નવકાર ગણી સાધુ હોય તો પક્ખિસૂત્ર કહે અને સાધુ ન હોય તો ત્રણ નવકાર ગણીને શ્રાવક વંદિત્તુ કહે. પછી સુઅદેવયાની થોય કહેવી. પછી હેઠા બેસી જમણો ઢીંચણ ઉભો રાખી, એક નવકાર ગણી, કરેમિભંતે૦ ઇચ્છામિ પડિ૦ કહી વદિત્તુ કહેવુ પછી કરેમિ ભંતેઃ ઈચ્છામિ ઠામિ કાઉસ્સગં જો મે પક્ખિઓ૦ તસ્સ ઉત્તરી૦ અન્નત્થ૦ કહીને બાર લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો. તે લોગસ્સ ચંદેસુ નિમ્મલયરા સુધી કહેવા, અથવા અડતાલીશ નવકારનો કાઉસ્સગ્ગ કરી પારવો, પારીને પ્રગટ લોગસ્સ કહી, મુહપત્તિ પડિલેહીને, વાંદણાં બે દેવાં પછી ‘ ઈચ્છાકા૦ અબ્ભુટ્ઠિઓઽહં સમત્તખામણેણં અબ્ભિંતર પક્ખિઅં ખામેઉં ? ઇચ્છં ખામેમિ પક્ખિઅં, એકપખ્ખાણ, પનરસ રાઇઆણં પનરસાદવસાણં જં કિંચિ અપત્તિઅં૦’ કહી, પછી ખમાસમણ દઈને ઈચ્છાકા૦ પક્ખિ ખામણા ખામું ? એમ કહી ખામણાં ચાર ખામવા. પછી દેવસિ પ્રતિક્રમણમાં વદિત્તુ કહ્યા પછી બે વાંદણાં દઇએ તિહાંથી તે સામાયક પારીએ ત્યાં સુધી સવ દેવસીની પેઠે જાણવું, પણ સુઅદેવયાની થોયોને ઠેકાણે જ્ઞાનાદિકની થોયો કહેવી. સ્તવન

---

૧ યથાશક્તિ કેટલાક બોલે છે ૨ એક પખ્ખાણ પનરસાદવસાણ પનરસરાઇઆણ. ૩ પક્ખિઅ પડિક્કમાવેહ ? ગુરૂ કહે ‘સમ્મ પડિક્કમેહ’ શિષ્ય કહે ‘ ઇચ્છં, સમ્મ પડિક્કમામિ ’

અજિતશાંતિનું કહેવું. સજ્ઝાયને ઠેકાણે ઉવસગ્ગહરં તથા સંસારદાવાની થાયો ચાર કહેવી, અને લઘુશાંતિને ઠેકાણે મ્હોટી શાન્તિ કહેવી.

॥ ઈતિ પખ્ખિપ્રતિક્રમણ વિધિ. ॥

॥ અથ ચઉમાસી પ્રતિક્રમણ વિધિઃ ॥

એમાં ઉપર કહ્યા મુજબ પખ્ખિની વિધિ પ્રમાણે કરવું પણ એટલું વિશેષ જે બાર લોગસ્સના કાઉસ્સગ્ગને ઠેકાણે વીશ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો અને પખ્ખિના શબ્દને ઠેકાણે ચઉમાસીનો શબ્દ કહેવો તથા તપને ઠેકાણે " છઠ્ઠેણું, બે ઉપવાસ, ચાર આબિલ, છ નીવિ, આઠ એકાસણાં, સોલ બઆસણાં, ચાર હજાર સજ્ઝાયo " એ રીતે કહેવું ॥ ઇતિ ॥

॥ અથ સંવત્સરી પ્રતિક્રમણ વિધિ ॥

એમાં પણ ઉપર લખ્યા મુજબ પખ્ખિની વિધિ પ્રમાણે કરવું; પણ એટલું વિશેષ જે બાર લોગસ્સના કાઉસ્સગ્ગને ઠેકાણે ચાલીશ લોગસ્સ અને એક નવકાર અથવા એકસો અને (સાઠ) એકસઠ નવકારનો કાઉસ્સગ્ગ કરવો અને તપને ઠેકાણે " અઠ્ઠમભત્તં, ત્રણ ઉપવાસ, છ આંબિલ, નવ નીવિ, બાર એકાસણાં, ચોવીશ બેઆસણાં, અને છ હજાર સજ્ઝાયo " એ રીતે કહેવું. અને પખ્ખિના શબ્દને ઠેકાણે સંવચ્છરીનો શબ્દ કહેવો.

॥ ઇતિ સંવત્સરી પ્રતિક્રમણ વિધિઃ ॥

*પોસહ લેવાની વિધિ.

પ્રથમ ખમાસણુ દઇ, પ્રગટ લોગસ્સ કહેવા પર્યંત ઈરિયાવહિ પડિક્કમી, "ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્! પોસહ મુહપત્તિ પડિલેહું ?" એમ બોલી, ગુરૂ આદેશ આપે એટલે "ઇચ્છં" કહીને મુહપત્તિ પડિલેહવી પછી ¹ખમા૦ ²'ઇચ્છા૦ પોસહ સંદિસાહું ?" 'ઈચ્છં.' ખમા૦ "ઈચ્છા૦ પોસહ ઠાઉં" પછી 'ઈચ્છં' કહી બે હાથ જોડી નવકાર૦ ગણી, "ઈચ્છકારી ભગવન્ પસાય કરી પોસહદંડક ઉચ્ચરાવોજી" કહેવું એટલે ગુરૂ પોસહની કરમિભંતે ઉચ્ચરાવે.

પછી ખમાસમણ દઈ "ઇચ્છા૦ સામાયિક મુહપત્તિ પડિલેહું ?" 'ઈચ્છં', કહી, મુહપત્તિ પડિલેહીને, ખમા૦ "ઇચ્છા૦ સામાયિક સંદિસાહું ?" 'ઈચ્છં', ખમા૦ "ઈચ્છા૦ સંદિ૦ ભગ૦ સામાયિક ઠાઉં ?" 'ઈચ્છં' કહી બે હાથ જોડી નવકાર ગણી "ઇચ્છકારી ભગવન્ પસાય કરી સામાયિકદંડક ઉચ્ચરાવોજી" કહેવું૦ ગુરૂ 'કરેમિ ભંતે સામાઇયં' નો પાઠ કહે. પછી ખમા૦

* ધર્મની પુષ્ટિને જે ધારણ કરે તેને "પૌષધ" કહીએ, શ્રાવકના બાર વ્રતમાં એ અગ્યારમું વ્રત છે અષ્ટમી ચતુર્દશી વિગેરે પર્વ તિથિને દિવસે ચાર પહોરનો અથવા આઠ પહોરનો કરવામાં આવે છે, તે પૌષધના મુખ્ય ચાર ભેદ છે ૧ આહાર પોસહ-ઉપવાસ વિગેરે તપ કરવો તે. ૨ શરીર સત્કાર પોસહ-શરીરની સ્નાન વિલેપનાદિવડે વિભૂષા સત્કાર ન કરવો તે ૩ બ્રહ્મચર્ય પોસહ-શિયળ પાળવું તે અને ૪ અવ્યાપાર પોસહ-સાવદ્ય વ્યાપાર સર્વનો ત્યાગ કરવો તે. આ ચારે પ્રકારના પોસહના દેશથી અને સર્વથી એમ બે બે ભેદ થતાં મુખ્ય આઠ ભેદ થાય છે અને સંયોગી ભેદ ૮૦ થાય છે. પરંતુ પૂર્વાચાર્યની પરંપરાએ હાલમાં માત્ર આહાર પોસહજ દેશથી અને સર્વથી કરવામાં આવે છે. બાકીના ત્રણ પ્રકારના પોસહ તો સર્વથીજ થઇ શકે છે. આહાર પોસહમાં ચૌવિહાર

ઇચ્છા૦ "બેસણે સંદિસાહું?" ઇચ્છં ખમા૦ઇચ્છા૦ "બેસણે ઠાઉં ?" ઇચ્છં૦ખમા૦ઇચ્છા૦"સજઝાય સંદિસાહું?" 'ઇચ્છં૦' ખમા૦ ઇચ્છા૦ ""સજઝાય કરૂં ?" 'ઇચ્છં' કહી, ત્રણ નવકાર ગણવા, પછી ખમા૦ ઇચ્છા૦ 'બહુવેલ સંદિસાહું ?' 'ઇચ્છં.' ખમા૦ ઇચ્છા૦ "બહુવેળ કરશું." 'ઇચ્છં.' ખમા૦ ઇચ્છા૦ "પડિલેહણ કરૂં ?" 'ઇચ્છં' કહીને મુહપત્તિ વિગેરે પાંચ વાનાં પડિલેહવા. પોસહ લીધા અગાઉ ઘરે અથવા ઉપાશ્રયે પડિલેહણ કરી હોય તેણે અહિં તેમજ ઉપધિ સબંધ આદેશ વખતે માત્ર મુહપત્તિજ પડિલેહવી. (મુહપત્તિ ૫૦ બોલથી, ચરવળો. ૧૦ બોલથી, કટાસણું ૨૫ બોલથી; સુત્રનો કંદોરો ૧૦ બોલથી અને ધોતિયું ૨૫ બોલથી પાડલેહવું.) પછી ખમાસણ દઇ, "ઇચ્છકારી ભગવન્ પસાય કરી પડિલેહણા પડિલેહાવોજી' એમ કહી વડિલ (બ્રહ્મચર્યવ્રત ધારી) નું અણપડિલેહ્યું એક વસ્ત્ર (ઉત્તરાસન) પડિલેહવું.

ઉપવાસ કરવો તે **સર્વથી** અને તિવિહાર ઉપવાસ, આયબીલ, નીવી અને એકાસણું કરવુ તે **દેશથી** સમજવો માત્ર રાત્રિના ચાર પહોરનો પોસહ કરનારે પણ દિવસે એમાનુ કાઇપણ વ્રત કરેલુ હોવુ જોઈએ, એવો નિયમ છે

પોસહમાં ૧૮ દોષ ટાળવા તેનાં નામ.

૧ પોસહમા વ્રત વિનાના બીજા શ્રાવકનુ પાણી ન પીવુ.

૨. પોસહ નિમિત્તે સરસ આહાર લેવો નહિ.

૩. ઉત્તરપારણાને દિવસે વિવિધ પ્રકારની સામગ્રી મેળવવી નહી.

૪ પોસહમા અથવા પોસહ નિમિત્તે આગલે દિવસે દેહ વિભુષા કરવી નહિ.

૫ પોસહ નિમિત્તે વસ્ત્ર ધોવરાવવાં નહી.

૬ પોસહ નિમિત્તે આભુષણ ઘડાવવા નહી અને પોસહમાં આભુષણ પહેરવાં નહીં.

૭ પોસહ નિમિત્તે વસ્ત્ર રગાવવા નહી

પછી ખમા૦ ઇચ્છા૦ "ઉપધિ મુહપત્તિ પડિલેહું ?" 'ઇચ્છં' કહી મુહપત્તિ પડિલેહવી. પછી ખમા૦ ઇચ્છા૦ "ઉપધિ સંદિસાહું ?" ઇચ્છં. કહી ખમા૦ઇચ્છા૦ "ઉપધિ પડિલેહું ?" ઇચ્છં કહીને પૂર્વે પડિલેહતાં બાકી રહેલ ઉત્તરાસણ, માત્રું કરવા જવાનું વસ્ત્ર અને રાત્રી પોસહ કરવો હોય તો કામળી વિગેરે ૨૫-૨૫ બોલથી પડિલેહવા. પછી એક જણે ડંડાસણ જાચી લેવું. તેને પડિલેહી, ઇરિયાવહી પડિક્કમીને કાજો લેવો. કાજો શુદ્ધ કરીને એટલે તપાસીને ત્યાંજ સ્થાપનાચાર્યની સન્મુખ ઉભા રહીને ઇરિયાવહી પડિક્કમવા. પછી કાજો ઉદ્ધરી યથાયોગ્ય સ્થાનકે अणुजाणह जस्सुग्गहो કહીને પરઠવવો. પરઠવ્યા પછી ત્રણ વાર વોસિરે કહેવું, પછી મુળસ્થાનકે આવીને સૌ સાથે દેવ વાંદવા અને સજઝાય કરવી.

---

૮. પોસહમા શરીરપરથી મેલ ઉતારવો નહી.

૯ પોસહમા અકાળે શયન કરવુ નહી. નિદ્રા લેવી નહી. (રાત્રીને બીજે પ્રહરે સથારા પોરિસી ભણાવીને નિદ્રા લેવી.)

૧૦ પોસહમા સારી કે નઠારી સ્ત્રી સબધી કથા કરવી નહીં.

૧૧. પોસહમાં આહારને સારો નઠારો કહેવો નહી

૧૨ પોસહમા સારી યા નઠારી રાજકથા કે યુદ્ધકથા કરવી નહીં.

૧૩. પોસહમા દેશ કથા કરવી નહી.

૧૪ પોસહમા પુજ્યા પડિલેહ્યા વિના લઘુનીતિ વડીનીતિ પરઠવવી નહિં.

૧૫ પોસહમા કોઇની નિદા કરવી નહી.

૧૬. પોસહમાં (વગર પોસાતી) માતા, પિતા, પુત્ર, ભાઇ, સ્ત્રી વિગેરે સબધીઓ સાથે વાર્તાલાપ કરવો નહી.

૧૭. પોસહમા ચોર સબધી વાર્તા કરવી નહીં

૧૮. પોસહમા સ્ત્રીના અગોપાગ નિરખીને જોવાં નહીં.

આ અઢાર દોષ જરૂર ટાળવા.

પડિલેહણની વિધિ.

પ્રથમ ઇરિયાવહી પડિક્કમીને ખમાસમણ દઈ "ઇચ્છા૦ પડિલેહણ કરૂં ? ઇચ્છં." કહી ઉભે પગે બેસી મુહપત્તિ ચરવળો કટાસણું, તથા સઘળા વસ્ત્રની એક સાથે પૂર્વે કહ્યા. તેટલા બોલથી પડિલેહણ કરવી પછી ડંડાસણ લઈ, પડિલેહી[1] કાજો લઇ, શુદ્ધ કરી, ત્યાજ ઈરિયાવહી પડિક્કમીને "અણુજાણહ જસ્સુગ્ગહો" કહી પરઠવવો. અને ત્યાર પછી પૂર્વોક્ત વિધિએ પોસહ લેવો; પણ તેમાં પડિલેહણ ન કરવી અને કાજો ન લેવો. છેવટે 'વિધિ કરતાં જે કાંઈ અવિધિ થઈ હોય તેનો મિચ્છામિ દુક્કડં' દઈને દેવ વાંદવા અને સજ્ઝાય કરવી.

---

* પોસહ કરવાને ઇચ્છનારે પ્રભાતમા વહેલા ઉઠીને રાઇ પડિકમણું જરૂર કરવુ જોઈએ વિધિના જાણ શ્રાવકો તો પડિલેહણ અને દેવવદન પણ તે સાથેજ કરે છે ત્યાર પછી જિનમદિરની જોગવાઇ હોય તો જિનપૂજા કરીને પછી ઉપાશ્રયે આવી ગુરૂ સમક્ષ પોસહ ઉચ્ચરવો હાલમા આ પ્રમાણે પ્રવૃત્તિ છે પરતુ મુખ્ય વૃત્તિએ રાઇપડિકમણાની સાથેજ પ્રતિક્રમણ કરી રહી, સામાયિક પાર્યા શિવાય પોસહ ઉચ્ચરવો અને તેમાં પડિલેહણના આદેશ વખતેજ પડિલેહણ કરવી અને પછી દેવ વાદવા અને સજ્ઝાવ કરવા, પ્રતિક્રમણ સાથે પડિલેહણ ન કરનારને આ પ્રમાણે વિધિ કરવી

૧ પોસહ લીધા અગાઉ કાજો લેનારને કાજો લીધા અગાઉ ઇરિયાવહિ પડિક્કમવા નહિ

દેવ વાંદવાની વિધિ

પ્રથમ ખમાસમણ દઇ, ઈરિયાવહી પડિક્કમી, લોગસ્સ કહી, ઉત્તરાસણ નાંખીને ખમા૦ ઇચ્છા૦ ચૈત્યવંદન કરૂં ? ઈચ્છં કહી ચૈત્યવંદન કરી નમુથ્થુણં અને જયવિયરાય (આભવમખંડા સુધી) કહી, ખમા૦ દઇ ચૈત્યવંદન કરી, નમુથ્થુણ કહી યાવત્ ચાર થોઈ ઓ કહેવો. પછી નમુથ્થુણં કહીને બીજી વાર ચાર થોઈઓ કહેવી, પછી નમુથ્થુણં કહી, જં જાવંતિ૦ કહી, સ્તવન (ઉવસગ્ગહરં અથવા બીજું) કહેવું અને જયવિયરાય અરધા (આભવમખંડા સુધી) કહેવા. પછી ખમા૦ દઇ ચૈત્યવંદન કરી, નમુથ્થુણં કહીને જયવિયરાય સંપૂર્ણ કહેવા. ત્યાર પછી વિધિ કરતાં અવિધિ થઇ હોય તેના મિચ્છામિ દુક્કડં દઇને, પ્રભાતના દેવવંદનમાં છેવટે સજ્ઝાય કહેવી (બપોરે તથા સાંજે ન કહેવી). તે સજ્ઝાયને માટે એક ખમા૦ દઈ ઇચ્છા૦ સજ્ઝાય કરૂં ? ઈચ્છં કહી, નવકાર ગણીને ઉભડક પગે બેસીને એક જણ મન્હજિણાણંની સજ્ઝાય કહે. (ત્યાર પછી નવકાર ન ગણવો.)

હવે છ ઘડી દિવસ ચડ્યા પછી પોરસી ભણાવવી તેની વિધિ–પ્રથમ ખમા૦ ઇચ્છા૦ બહુપડિપુન્ના પોરિસિ ? કહી, બીજું ખમા૦ દઈ ઈરિયાવહી પડિક્કમવા. પછી ખમા૦ દઇ ઇચ્છા૦ પડિલેહણ કરૂં ? ઈચ્છં કહીને મુહપત્તિ પડિલેહવી.

ત્યાર પછી ગુરૂ હોય તો તેમની સમક્ષ[1] રાઇ મુહપત્તિ પડિલેહવો તેની વિધિ આ પ્રમાણે—

પ્રથમ ખમા૦ દઈ, ઈરિયાવહી પડિક્કમી, ખમા૦ દઈ ઇચ્છા૦ રાઈ મુહપત્તિ પડિલેહું ? ઈચ્છં કહી મુહપત્તિ પડિલેહવી. પછી

---

૧ આ વિધિ ગુરૂ સમક્ષ રાઇ પ્રતિક્રમણ કર્યું હોય તેને કરવાની નથી, તેમ ગુરૂ ન હોય ત્યારે પણ કરવાની નથી

બે વાંદણા દેવા, પછી ઈચ્છા૦ રાઈયં આલોઉં ? ઈચ્છં કહી તેનો પાઠ કહેવો. પછી સવ્વસ્સવિ રાઇય૰ કહીને પન્યાસ હોય તો તેમને બે વાંદણાં દેવા, પન્યાસ ન હોય તો એક ખમાસણજ દેવું. પછી ઈચ્છકાર સુહરાઈ૦ કહીને ખમાસમણ દઈ અબ્ભુઠ્ઠિઓહં ખમાવવું. બે વાંદણાં દેવા પછી 'ઇચ્છકારી ભગવન્ પસાયકરી પચ્ચખ્ખાણનો આદેશ દેશોજી, એમ કહીને પચ્ચખ્ખાણ કરવું (લેવું).

સાંજની પડિલેહણવિધિ.

પ્રથમ ખમા૦ દઈ ઈચ્છા૦ બહુપડિપુન્ના પોરિસી ? કહી ખમા૦ ઈચ્છા૦ ઈરિયાવહીયં પડિક્કમામિ કહી, ઇરિયાવહી પડિકમવા. પછી ખમા૦ ઈચ્છા૦ ગમણાગમણે આળોઉ ? ઈચ્છં કહી ગમણાગમણે આળોવવા. પછી ખમા૦ ઈચ્છા૦ પડિલેહણ કરૂં ? ઇચ્છં કહી ખમા૦ ઈચ્છા૦ પોસહશાળા પ્રમાર્જું ? ઈચ્છં કહીને ઉપવાસવાળાએ મુહપત્તિ, કટાસણું ને ચરવળો પડિલેહવા, અને જમ્યા હોય તેણે કંદોરો, ધોતીયું સુત્રાં પાંચ વાનાં પડિલેહવા. પછી ખમા૦ 'ઈચ્છકારી ભગવાન્ પસાય કરી પડિલેહણા પડિલેહાવોજી'' એમ કહીને વડીલનું એક વસ્ત્ર પડિલેહવું. પછી ખમા૦ ઈચ્છા૦ ઉપધિ મુહપત્તિ પડિલેહું ? ઇચ્છં કહી મુહપત્તિ પડિલેહીને ખમા૦ ઈચ્છા૦ સજ્ઝાય કરૂં ? ઈચ્છં કહી નવકાર ગણીને મન્હજિણાણંની સજ્ઝાય ઉભડક પગે બેસીને કહેવી. પછી ખાધું હોય તે વાંદણાં દઇને પાણહારનું પચ્ચખ્ખાણ કરે (ચોવિહાર ઉપવાસવાળાને તો પચ્ચખ્ખાણ કરવાનું નથી, પણ પ્રભાતે તિવિહાર ઉપવાસનું પચ્ચખ્ખાણ લીધું હોય અને પાણી ન પીધું હોય તો આ વખતે ચોવિહારનું પચ્ચખ્ખાણ કરે). પછી ખમા૦ ઇચ્છા૦ ઉપધિ સંદિસાહું ? ઈચ્છં ખમા૦ ઈચ્છા૦ ઉપધિ પડિલેહું ? ઈચ્છં કહી પ્રથમ પડિલેહતાં બાકી રહેલા વસ્ત્રોની પડિલેહણા કરે. તેમાં

રાત્રિ પોસહ કરનાર પ્રથમ કામળી પડિલેહે. પડિલેહણ થઇ રહે એટલે સર્વ ઉપધિ (વસ્ત્રાદિ) લઈને ઉભા થાય એટલે એક જણ કઠાસણ લાવી, પડિલેહી, ઈરિયાવહી પડિક્કમી, કાજો લઇ શુદ્ધ કરી, ઇરિયાવહી પડિક્કમીને વિધિયુક્ત પરઠવે. પછી સર્વે દેવ વાંદે.

રાત્રે વડીનીતિ લઘુનીતિ વિગેરે પઠવવા યોગ્ય જગ્યા જોઈ આવીને પ્રતિલેખન નિમિત્તે નીચે પ્રમાણે માંડલાં કરવાનાં છે. તેમાં પ્રથમ સથારા પાસેની જગ્યાએ ૭ માંડલાં કરવા—

१ [1]आघाडे [2]आसन्न [3]उच्चारे [4]पासवणे [5]अणाहियासे.

२ आघाडे आसन्ने पासवणे अणहियासे.

३ आघाडे [6]मज्झे उच्चारे पासवणे अणाहियासे.

४ आघाडे मज्झे पासवणे अणाहियासे.

५ आघाडे [7]दूरे उच्चारे पासवणे अणाहियासे.

६ आघाडे दूर पासवणे अणाहियासे.

બીજા ૭ ઉપાશ્રયના બારણાની તરફના માંડલા ઉપર પ્રમાણેજ કહેવા. પણ अणाहिय से ને બદલે [8]अहियासे કહેવું.

ત્રીજા ૭ માંડલા ઉપાશ્રયના બારણા બહાર નજીક રહીને કરવાના તથા ચોથા ૭ ઉપાશ્રયથી સો હાથને આશરે દૂર રહીને કરવાના છે. તે બાર માંડલામાં ફક્ત आघाडे ને બદલે [9]अनाघाडे શબ્દ કહેવો. બાકીના શબ્દો ઉપરના ૭ ૭ માંડલામાં લખ્યા પ્રમાણેજ કહેવા. એ પ્રમાણે ૨૪ માંડલા કર્યા પછી ઇરિયાવહી પડિક્કમીને ચૈત્યવંદન પૂર્વક પ્રતિક્રમણ કરે.

---

૧ આઘાટ કારણે. ૨ નજીકમાં. ૩ વડીનીતિ ૪ લઘુનીતિ ૫ સહન ન થઇ શકે તો. અહીં પ્રમાર્જના કરવી એ દરેક ઠેકાણે સબંધ છે ૬ વચ્ચે ૭ છેટે ૮ સહન થઇ શકે તો. ૯ આઘાટ કારણ ન હોય તો.

પ્રતિક્રમણ સંબંધી ઉપયોગી વિષયો.

(૧) **મુદ્રા**—મુદ્રાના ત્રણભેદ છે. " યોગમુદ્રા, જિનમુદ્રા, અને મુક્તાશુક્તિ મુદ્રા " બે હાથની દશ આંગુલી માંહોમાંહે અંતરિત કરીને કમળના ડોડાને આકારે હાથ જોડી પેટની ઉપર કોણી સ્થાપવી તેને " **યોગમુદ્રા** " કહીએ. આ મુદ્રાવડે ચૈત્યવંદન, શક્રસ્તવ–નમુથ્થુણં, સ્તવન આદિ કહેવામાં આવે છે. ચાર આંગળ પગના આગળના ભાગમાં અંતર રાખવું તથા પાછળના ભાગમાં તેથી કંઇક ઓછું અંતર રાખવું, એ રીતે રાખીને ઉભા રહેવું. તેને " **જિનમુદ્રા** " કહેવામાં આવે છે આ મુદ્રાએ ઉભા ઉભા કરવાની કાઉસ્સગ્ગ, વંદન વગેરે સર્વ ક્રિયા કરવામાં આવે છે, તેમાં યથાસંભવ યોગમુદ્રાનો પણ ઉપયોગ કરવામાં આવે છે. તથા બે હાથ કમળના ડોડાની પેરે પોલા રાખી, જોડીને લલાટે લગાડવા, તેને " **મુક્તાશુક્તિ** " મુદ્રા કહીએ. આ મુદ્રાએ ' જાવંતિ ચેઇઆઈ, જાવ ત કેવિસાહૂ અને જયવીયરાય ' કહેવા, તેમાં લલાટે હાથ રાખીને તો ફક્ત "આભવમખંડા " પર્યંત " જયવીયરાય " કહેવાના છે.

(૨) **સ્થાપના**—આચાર્ય મહારાજના ૩૬ ગુણે કરીને સહિત એવા ગુરૂ મહારાજની સમીપે ક્રિયા કરવી. તેમને અભાવે અક્ષાદિકની સ્થાપના કરીએ, તે ન હોય તો જ્ઞાન, દર્શન, ચારિત્રના ઉપકરણોની સ્થાપના કરવી અક્ષ (ગુરૂ મહારાજ સ્થાપનામાં રાખે છે તે), વરાટક (કોડા), કાષ્ટ, ડાડા, પાટી વિગેરે કાષ્ટના ઉપકરણો; પુસ્તક, ચિત્રકર્મ (ચિત્રેલી ગુરૂની મૂર્તિ વા જિનમૂર્તિ અથવા ગુરૂની પ્રતિમા, કે જિન પ્રતિમા) એટલા પ્રકારે સ્થાપના કરવી. જ્ઞાનનાં ઉપકરણો પુસ્તક નવકારવાળી વિગેરે,

દર્શનનાં ઉપકરણો જિનપ્રતિમા આદિ તથા ચારિત્રનાં ઉપકરણો પાત્ર, કંબળ, રજોહરણ મુહપત્તિ આદિ જાણવાં. વળી સદ્ભાવ સ્થાપના (ગુરૂની મૂર્તિ તથા પ્રતિમાદિકની) તથા અસદ્ભાવ સ્થાપના (આકાર રહિત અક્ષાદિક) એમ બે ભેદે સ્થાપના જાણવી. વળી ઇત્વરિક (થોડો કાળ રહે તે પુસ્તક તથા નવકારવાળીની) અને યાવત્કથિક (ઘણા કાળ પર્યંત રહે તે પ્રતિમા તથા અક્ષાદિકની) એમ પણ બે ભેદે સ્થાપના જાણવી.

(૩) **મુહપત્તિના** (૫૦) બોલ—પ્રથમ મુહપત્તિ ઉખેલી તેને બે પાસે જોતાં "સૂત્ર અર્થ તત્ત્વ કરી સદ્દહુ (શ્રદ્ધા પૂર્વક હૃદયમાં ધારણ કરૂં)" એમ ચિંતવવુ ઉર્ધ્વ પપ્ફોડા કરતાં ડાબે હાથે મુહપત્તિ ખખેરતા "સમ્યકત્વ મોહનીય, મિશ્રમોહનીય, મિથ્યાત્વ મોહનીય પરિહરૂં (ત્યાગ કરૂં)" અને જમણે હાથે ખખેરતાં "કામરાગ, સ્નેહરાગ, દ્રષ્ટિરાગ પરિહરૂં" એમ ચિંતવવું. પછી જમણા હાથની અંગુલીના આંતરા વચ્ચે મુહપત્તિ ભરાવી, ડાબા હાથનું સવળું તલ અણસ્પર્શતાં અંદર લેતાં "સુદેવ, સુગુરૂ, સુધર્મ આદરૂં" અને તેજ તળને હસ્તની તરફ મુહપત્તિવડે યત્નાપૂર્વક ઘસી કાઢતાં " કુદેવ, કુગુરૂ, કુધર્મ પરિહરૂં" એમ ચિંતવવું. બીજી વખત એજ મુજબ "જ્ઞાન, દર્શન, ચારિત્ર આદરૂ" અને "જ્ઞાન વિરાધના, દર્શન વિરાધના, ચારિત્ર વિરાધના પરિહરૂં" એમ ચિંતવવું; તેજ પ્રકારે ત્રીજી વખત "મનગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ આદરૂં" "મનદંડ, વચનદંડ, કાયદંડ પરિહરૂં" એમ ચિંતવવું. પછી ડાબો હાથ ઉંધો પ્રમાર્જતાં "હાસ્ય, રતિ, અરતિ પરિહરૂં" એમ ચિંત-

વવું. જમણા હાથ પ્રમાણે ડાબા હાથમાં મુહપત્તિ પકડી તેવડે જમણો હાથ ઉંધો પ્રમાર્જતાં " ભય, શોક, દુગચ્છા પરિહરૂં " એમ ચિંતવવું. મસ્તકની પ્રમાર્જના કરતાં કૃષ્ણલેશ્યા, નિલલેશ્યા, કાપોતલેશ્યા પરિહરૂં." મુખની ત્રણ પ્રતિલેખના કરતાં " રસગારવ, ઋદ્ધિગારવ, સાતાગારવ પરિહરૂં " અને હૃદયની ત્રણ પ્રતિલેખના કરતાં " માયાશલ્ય, નિયાણશલ્ય, મિથ્યાત્વશલ્ય પરિહરૂં" એમ ચિંતવવું ડાબા ખભા અને જમણા ખભાની ઉપર નીચે બે પડખે પ્રતિલેખના કરતાં એક તરફ " ક્રોધ માન પરિહરૂં" અને બીજી તરફ " માયા, લોભ પરિહરૂં" એમ ચિંતવવું. પછી મુહપત્તિ નાભિથી નીચે ન લઇ જવાય તેથી ચરવળા વડે પ્રતિલેખના કરવી, તેમાં ડાબે ઢીંચણે પ્રતિલેખતાં " પૃથ્વીકાય, અપૂકાય, તેઉકાયની જયણા કરૂં" અને જમણા ઢીંચણે પ્રતિલેખતાં "વાઉકાય, વનસ્પતિકાય, ત્રસકાયની જયણા કરૂં " એમ ચિંતવવું એ પ્રકારે સાધુ તથા શ્રાવકે મુહપત્તિ પડિલેહતાં ૫૦ બોલ કહેવા અને લેશ્યા ૩, શલ્ય ૩, કષાય ૪, એ દશ શિવાય ૪૦ બોલ સાધ્વી તથા શ્રાવિકાઓએ કહેવા.

(૪, **સત્તર પ્રમાર્જના**— ખમાસમણ તથા વાંદણા દેતાં સત્તર સ્થાનકે પ્રમાર્જવાની જરૂર છે, તે આ પ્રમાણે-જમણા પગનો કેડથી નીચેનો પગ પર્યંત પાછલો સર્વ ભાગ, પાછળનો કેડ નીચેનો મધ્ય ભાગ, ડાબા પગનો કેડ નીચેનો પાછલો પગ પર્યંત સર્વ ભાગ, એ ત્રણને ચરવલાથી પ્રમાર્જવા, તેવીજ રીતે જમણો પગ, મધ્ય ભાગ અને ડાબો પગ આ ત્રણના આગલા ભાગો પણ પગ પર્યંત પ્રમાર્જવા. એમ છ, નીચે બેસતી વખતે ત્રણવાર ભૂમિ પુંજવી એમ નવ પછી જમણા હાથમાં મુહ-

પત્તિ લઇ તે વડે લલાટની જમણી બાજુથી પ્રમાર્જતાં જતાં આખું લલાટ, આખો ડાબો હસ્ત તથા નીચે કોણી પર્યંત; તે વીજ રીતે ડાબા હાથમાં મુહપત્તિ લઇને ડાબી બાજુથી પુંજતાં આખું લલાટ, આખો જમણો હાથ અને નીચે કોણી પર્યંત, ત્યાંથી ચરવલાની ડાંડીને મુહપત્તિ વડે પુંજવી એમ ૧૧ પછી ત્રણ, વાર ચરવલાના ગુચ્છા ઉપર, એમ ૧૪, અને ઉઠતી વખતે ત્રણ વાર અવગ્રહ બહાર નિકળતાં કટાસણા ઉપર પુંજવું, એમ સત્તર; આ પ્રમાર્જના વાદણા દેતી વખતે ધ્યાનમાં રાખવી.

(૫) વાંદણાના ૨૫ **આવશ્યક**—'ઇચ્છામિ ખમાસમણો વંદિઉં જાવણિજ્જાએ નિસીહિઆએ અણુજાણહ' એ પદથી અવગ્રહમાં પેસવા માટે આજ્ઞા માગી ત્યા મસ્તક નમાવવું એ પહેલું આવશ્યક બીજી વારને વાંદણે ગણતા બે આવશ્યક. " ખમણિજ્જો ભે " ઇત્યાદિ કહેતા, કરસપૂટ રચી મસ્તકે લગાડે તે ત્રીજું આવશ્યક 'અહો, કાયં, કાય' એ ત્રણ પદ બોલતાં ત્રણ આવશ્યક અને બીજા વાદણાના પણ ત્રણ એટલે સર્વ મળી નવ, દશ અગુળી ભેગી કરીને ગુરૂને-સ્થાપેલી મુહુપત્તિને જેમ થાપો મારતા દશે આંગળી અડે છે, તેમ હળવેથી સ્પર્શવી. તેમ કરતા " અ " અક્ષર બોલવો, પછી દશ આગુલી સહિત ઉત્તાન હાથને લલાટે લગાડતા " હો " અક્ષર ઉચ્ચારવો, તેવીજ રીતે " કા " અને " યં " તથા " કા " અને " ય " ઉચ્ચારવા. પછી " જત્તા ભે " જવણિજ્જં ચ ભે " એ ત્રણ પદ ઉચ્ચારતા ત્રણ આવશ્યક, બીજે વાંદણે ગણતાં છ, સર્વમળી ૧૫ આવશ્યક થયાં આમાં પણ "જ" અક્ષર બોલતાં મુહપત્તિને પૂર્વલી રીતે સ્પર્શવી "ત્તા" અક્ષર બોલતાં ઉત્તાન હાથ વચ્ચે અધર રહે અને ' ભે '

અક્ષર બોલતાં તે હાથને લલાટે લગાડવો, એમ " જ " " વ " " ણિ " તથા " જજ " " ચ " " ભે " અક્ષરો ઉચ્ચારવા. " સંફાસં " પદ બોલીને ઉત્તાન હાથ મુહપત્તિપર સ્થાપી તેમાં માથું અડે તેમ મૂકવું. તે એક, તથા ' ખામેમિ ખમાસમણો " ઇત્યાદિ બોલતાં પણ મસ્તક અડાડવું એમ બે, બીજી વારના વાંદણાનાં ગણુતાં ચાર, સર્વ મળી ૧૯. "નિસીહિ" કહેતો અવગ્રહમા પેસે તે એક અને બીજી વારનું ગણતાં બે કુલ ૨૧ " આવસ્સિઆએ " એ પદ કહેતા અવગ્રહથી પાછા નિકળવું એ એકજ, કારણ કે બીજીવારને વાદણે પાછા નિકળવું નથી માટે; એમ ૨૨ તથા વાદણા દેતા " મન, વચન, કાય " ના યોગો સ્થિર રાખવા, એ પ્રમાણે ૨૫ આવશ્યક થયાં, તે વાંદણાં દેતા ધ્યાનમાં રાખવાં. અહી બબે અક્ષરના આવર્ત્તમાં પહેલો અક્ષર અનુદાત્ત અને બીજો અક્ષર ઉદાત્ત બોલવાનો છે. અને ત્રણ અક્ષરના આવર્ત્તમા પહેલો અનુદાત્ત, બીજો સ્વરિત અને ત્રીજો ઉદાત્ત બોલવાનો છે.

(૬) વાંદણાથી ઉપજતા (પ્રકટ થતા) છ ગુણ —(૧) ગુરૂ મહારાજનો વિનય (૨) અભિમાનનો નાશ (૩) જિનાજ્ઞાનું પ્રતિપાલન (૪) શ્રુત ધર્મનું આરાધન (૫) પૂજ્ય જે ગુર્વાદિક તેની પૂજા (૬) અક્રિયપણું (સિદ્ધત્વ) એમ છ ગુણ પ્રગટ થાય છે.

(૭) ઇરિયા-હિ પડિક્કમતાં મિચ્છામિ દુક્કડંના અઢારલાખ ચોવીશ હજાર એકસોને વીશ ભાંગા થાય છે, તે આ પ્રમાણે-

જીવના ભેદ ૫૬૩ છે તેને અભિહયાથી માંડીને દશ પદ (આ દશ પ્રકારે જીવને પીડા ઉપજાવાય છે માટે) વડે ગુણીએ

ત્યારે પાંચ હજાર છસો ને ત્રીશ થયા, તેને રાગ અને દ્વેષવડે ગુણીએ ત્યારે અગ્યારહજાર બસોને સાઠ થયા, તેને મન, વચન અને કાયાએ કરી ત્રણગુણા કરીએ ત્યારે તે ત્રીશહજાર સાતશેં એંશી થાય. તેને કરવુ, કરાવવું, અને અનુમોદવું એમ ત્રણગુણા કરતાં એક લાખ એક હજાર ત્રણશેં ને ચાલીશ થયા. તેને અતીત, અનાગત અને વર્તમાન એ ત્રણ કાળે ગુણતાં ત્રણ લાખ ચારહજાર ને વીશ થયા. તેને અરિહંતની, સિદ્ધની, સાધુની, દેવની, ગુરૂની અને આત્માની સાક્ષીએ કરીને છ પ્રકારે ગુણતાં અઢારલાખ ચોવીશ હજાર એકસો ને વીશ ભાંગા થયા, એવી રીતે ઉક્ત પ્રકારે સર્વ જીવ સાથે મિચ્છામિ દુક્કડં દેવા વડે ખમતખામણા થાય છે.

(૮) પ્રતિક્રમણનો કાળ—દૈવસિક પ્રતિક્રમણનો આરંભ અર્ધ સૂર્ય બહાર રહે ત્યારે વંદિત્તુ કહેવાય તેમ કરવો અને રાત્રિક પ્રતિક્રમણ કર્યા પછી દશ પડિલેહણા થાય ત્યારે સૂર્ય ઉગે તેવી રીતે તેનો આરંભ કરવો અપવાદે (કરણે) દૈવસિક પ્રતિક્રમણ દિવસના બાર વાગ્યાથી રાત્રિના બાર વાગ્યા સુધી થાય, તેમજ રાત્રિક પ્રતિક્રમણ રાત્રિના બારથી દિવસના બાર સુધી થાય, પણ કાળે ખેતી કરે તે સફળ થાય, એમ જાણી કાળનોજ ખપ કરવો.

---

(૯) પ્રતિક્રમણના આઠ પર્યાય—

(૧) પ્રતિક્રમણ—પાપથી ઉલટું ગમન કરવુ-પાછું ઓસરવું.

(૨) પ્રતિચરણા—શુભયોગપ્રતિ વારંવાર ગમન કરવું.

(૩) પ્રતિહરણા—સર્વ પ્રકારે અશુભ યોગની વર્જના.

(૪) વારણા—અકાર્યને વારવું.
(૫) નિવૃત્તિ—સાવદ્ય કાર્યથી નિવર્તવું.
(૬) નિંદા—આત્મસાક્ષીએ પાપને નિંદવું.
(૭) ગર્હા—ગુરૂ સાક્ષીએ પાપને નિંદવું.
(૮) શુદ્ધિ—આત્માને નિર્મળ કરવો.

એ આઠે પર્યાયનો પરમાર્થ એક બીજાસાથે સંબદ્ધ એટલે બંધબેસતો છે એટલે અર્થ એકજ પણ શબ્દ જૂદા છે અને તે દરેક પર્યાય ઉપર બહુજ અસરકારક દૃષ્ટાંતો **પ્રતિક્રમણ ગર્ભહેતુ** નામના ગ્રંથમાં આપેલા છે તે દરેકનો બનાવેલો ઉપનય તત્ત્વ જિજ્ઞાસુને બહુજ ઉપયોગી થઇ શકે એવો આલેખવામા આવ્યો છે, તે વાંચવાની ખાસ ભલામણ કરવામાં આવે છે.

(૧૦) કયા આવશ્યકથી કયા આચારની શુદ્ધિ થાય તે કહેછે.

“ સામાયિક, પ્રતિક્રમણ ને કાયોત્સર્ગ ” એ ત્રણ આવશ્યકથી “ ચારિત્રાચાર ”ની વિશુદ્ધિ થાય છે. “ચતુર્વિંશતિસ્તવ (ચઉવિસથ્થો–લોગસ્સ) ” આવશ્યકથી દર્શનાચારની વિશુદ્ધિ થાય છે. ‘વંદન’ આવશ્યકથી જ્ઞાનાચાર, દર્શનાચાર અને ચારિત્રાચારની શુદ્ધિ થાય છે અને “પ્રત્યાખ્યાન” આવશ્યકથી “ તપાચાર ” ની વિશુદ્ધિ થાય છે અને એ છ આવશ્યકમાં વીર્ય ફોરવવાથી “ વીર્યાચાર ” ની વિશુદ્ધિ થાય છે.

(૧૧) પ્રતિક્રમણને વિષે ક્રિયા, કર્ત્તા ને કર્મનું વર્ણન—

કર્ત્તા—પ્રતિક્રમણ કરનાર.
ક્રિયા—પાપ શુદ્ધિને અનુકુળ મન વચન અને કાયાને પ્રવર્તાવવારૂપ.
કર્મ—મિથ્યાત્વ, કષાયાદિક અથવા પાપ રજરૂપ.

(૧૨) રાઇ પ્રતિક્રમણ મંદસ્વરે કરવું-કારણ કે ઉચ્ચ સ્વરે

બોલવાથી ગીરોળી આદિ હિંસક જીવો હિંસા કરવા માંડે છે, મિથ્યાત્વી તથા હિંસકઆદિ પાડોશી હોય તો કોઇ માછલાંની જાળ લઇને નદીએ જાય, કોઇ દળવા માંડે, કોઈ ખાંડવા, ભરડવા તથા લીંપવા માંડે, કોઇ ચૂલો સળગાવે, ઇત્યાદિ ઘણા અનર્થ થાય છે; માટે મંદસ્વરે કરવાનો ઉપયોગ રાખવો.

(૧૩) પ્રતિક્રમણ એક જણ ભણાવે અને બીજા પ્રતિક્રમણના સૂત્રો લક્ષ રાખી સાંભળે અથવા મનમાં ભણે કે જેથી અર્થની ચિંતવના બરાબર થાય અને ઉપયોગ એકાગ્ર રહે

(૧૪) કાયોત્સર્ગ કરતી વખતે દૃષ્ટિ નાસિકાના અગ્રભાગ ઉપર સ્થાપવી, તેવું ન બને તો સ્થાપનાચાર્ય ઉપર સ્થાપવી.

(૧૫) પ્રતિક્રમણ કરતી વખતે પણ દૃષ્ટિ સ્થાપનાપર સ્થાપવી. દૃષ્ટિ બીજે ફેરવતાં યા શુન્ય ચિત્તે પ્રતિક્રમણ કરતાં અવિધિદોષ લાગે છે અને ક્રિયા નિષ્ફળપ્રાય થાય છે, માટે ઉપયોગ રાખવો

(૧૬) પ્રતિક્રમણ સબંધી સકળ ક્રિયા પ્રમાદરહિત કરવાની છે માટે તેમાં જરૂર શિવાય કટાસણા ઉપર બેસી જવું નહિ. બનતાં સુધી કાઉસ્સગ્ગ વંદનાદિક સર્વ આવશ્યક યતનાપૂર્વક ઉભા ઉભા સાચવવા. શરીરે બેચેની હોય ત્યારની વાત ન્યારી છે. પ્રતિક્રમણ ઠાવ્યા પછી છ આવશ્યક સૂધી ઉભા ઉભા ક્રિયા કરવાની હોય છે માટે કટાસણું કાઢી નાખવું. ફક્ત વંદિત્તુ તથા છ આવશ્યક પહેલાની અને પછીની ક્રિયાઓ કટાસણાપર રહીને કરવી.

(૧૭) ગુરૂથી શિષ્ય અને શ્રાવક ૩॥ હાથ દૂર રહી ક્રિયા કરે તે ગુરૂના બહુમાનાર્થે સમજવુ. અને સાધ્વી કે શ્રાવિકા તેર હાથ દૂર રહે તે મોહપ્રસંગ દૂર રાખવા અર્થે જાણવું. તેજ

પ્રમાણે સાધ્વીથી અન્ય સાધ્વી શ્રાવિકાઓમા બહુમાનાર્થે ૩ા હાથનું અને સાધ્વીથી સાધુ શ્રાવકને મોહપ્રસંગ નિવારવાર્થે તેર હાથ દૂર રહેવાનું સમજવું. આ ઉત્કૃષ્ટ અવગ્રહ જાણવો.

(૧૮) **મુહપત્તિ**–એક વેત અને ચાર અંગુલ લાંબી પહોળી તેમજ ચરવળો બત્રીશ અંગુળ લાબો–૨૪ અંગુલ ડાંડી લાંબી તથા આઠ અંગુલ દશીનો ગુચ્છો લાગો હોવો જોઇએ.

(૧૯) પ્રતિક્રમણ કેમ કરવું ?–કોઇપણ સાધુ અથવા સાધ્વી અને શ્રાવક અથવા શ્રાવિકાએ તદ્રુપ ચિત્તવાળા થઇને, તન્મય થઇને, તદ્રુપ તીવ્ર અધ્યવસાયવંત થઇને, તદર્થઉપયુક્ત થઇને, તેનેજ પ્રિય માનીને, તદ્ભાવના ભાવિત થઇને, અન્યત્ર કોઇપણ સ્થાનકે મનને નહિ ફેરવતા સતા એક મનવાળા થઇને, વિમનપણા રહિત થઇને, જિનવચન અને ધર્મમાર્ગને વિષે રક્ત મનવાળા થઇને ઉભય કાળ આવશ્યક કરવું, આ પ્રમાણે આવશ્યક કરતા છતા ભવ્ય પ્રાણી સંસારસમુદ્રના પાર પ્રત્યે પામે, એ નિસંદેહ જાણવું.

(૨૦) **તમસ્કાય**–પોષધ કે પ્રતિક્રમણમા લઘુશંકા કે વડીશંકા નિવારવા જનારાનો ઘણો ખરો ભાગ આજ કાલ કટાસણું માથે નાખી બહાર નિકળે છે, આ માથે નાખવાનું કારણ ઉપરથી અપ્કાયના જીવો વરસે છે, તેની રક્ષા અર્થે છે. આપણા અંગના સ્પર્શથી તે જીવો હણાય છે પણ અંગ ઉપર ઉનનું ઘટ વસ્ત્ર હોય તેથી તેનો બચાવ થાય છે માટે કટાસણું માથે નાંખવાથી બાકીનું બધું અંગ ખુલ્લું રહે તેથી તેમાં પુરતો બચાવ થતો નથી, એટલુંજ નહિ પણ કટાસણા ઉપર જે જીવો પડે છે તેમાંના બચ્યા હોય તે જીવો પણ માત્રું કરીને સ્વસ્થાને જનાર જ્યારે કટાસણું પાથરીને ઉપર બેસે છે ત્યારે વિનાશ પામે

માટે આવે કારણે ઉનની કામળ આખે શરીરે ઓઢીને બહાર નિકળવું જરૂરનું છે. આ અગત્યની બાબત ઉપર ખાસ લક્ષ્ય આપવું અને પાછા આવીને તે કામળ ઉપરના જીવોને કિલામણા ન થાય તેમ તેને ઉપયોગ પૂર્વક એક બાજુ ઉંચે મુકવી.

(૨૧) છ નિમિત્ત—૧ ગમે તે (આઠ થોઇવાળા કે ચાર થોઇવાળા) દેવવંદનમાં ચાર કાયોત્સર્ગ કરવામાં આવે છે, તેમાં પહેલા ત્રણ કાયોત્સર્ગો છ નિમિત્તે કરવામાં આવે છે અને છેલ્લો સમ્યગ્દ્રષ્ટિ દેવતાઓના સ્મરણાર્થે કરવામાં આવે છે, તે છ નિમિત્તનાં નામ કહે છે.–(૧) **"વંદણવત્તિયાએ"** એટલે પ્રભુને વંદન કરવાથી જે લાભ થાય તે કાયોત્સર્ગ કરવાથી તે નિમિત્તે થવા પામે (૨) **"પૂઅણવત્તિયાએ"** એટલે પ્રભુની વિવિધ પ્રકારે પૂજા કરવાથી જે લાભ થાય તે કાયોત્સર્ગથી થવા પામે. (૩) **"સક્કારવત્તિયાએ"** એટલે પ્રભુને આભુષણો ચડાવવા પ્રમુખ સત્કાર કરવાથી જે લાભ થાય તે કાયોત્સર્ગથી થવા પામે. (૪) **"સમ્માણવત્તિયાએ"** એટલે પ્રભુની સ્તવના ગુણાદિ કહેવાથી જે લાભ થાય તે કાયોત્સર્ગથી થવા પામે. (૫) **બોહિલાભવત્તિયાએ** એટલે કાયોત્સર્ગથી સમકિત (અથવા રત્નત્રયી) નો લાભ થવા પામે અને (૬) **"નિરૂવસગ્ગવત્તિયાએ"** એટલે કાયોત્સર્ગથી મોક્ષનો લાભ થવા પામે.

(૨૨) **ચત્તારિ અટ્ઠ દસ દો ય** એ ગાથાના ભિન્ન ભિન્ન અર્થોનું વર્ણન—

(૧) પેહેલે અર્થે અષ્ટાપદને વિષે સ્થાપેલા દક્ષિણ દિશે સંભવાદિ ચાર, પશ્ચિમ દિશે સુપાર્શ્વાદિ આઠ, ઉત્તર દિશે ધર્માદિ દશ અને પૂર્વ દિશે ઋષભાદિ બે; એમ ચોવીશ જિનને વાંદ્યા.

(૨) બીજે અર્થે ચાર ને આઠ ગુણા કરતાં ૩૨ થાય અને

દશને બે ગુણા કરતાં ૨૦, સર્વ મળી ૫૨ થાય તે નંદીશ્વરનાં બાવન ચૈત્યને વાંદ્યા.

(૩) ત્રીજે અર્થે "ચત્તારિ" છાંડયા (જીત્યા) છે અંતરંગ વૈરી જેણે એવા અઠ્ઠ દશ (અઢાર) અને દોય એટલે બે મળી ૨૦ જિન તે વિચરતા સીમંધરાદિ વીશ જિનવર અને સમ્મેતશિખર ઉપરે સિદ્ધ્યા એવા વીશ જિનવરો તેને વાંદ્યા.

(૪) ચોથે અર્થે આઠને દશ અઢાર તેમાં ૨૦ નો ચોથો ભાગ ૫ નાંખીએ ત્યારે ૨૩ થાય તે નેમિ વિના ત્રેવીશ જિન શ્રી શત્રુંજયે સમોસર્યા છે, તેને વાંદ્યા.

(૫) પાંચમે અર્થે દશને આઠગુણા કરતાં ૮૦ તેને દ્વિગુણા કરતા ૧૬૦ થાય, તે પાંચ મહાવિદેહમાં ઉત્કૃષ્ટકાલે ૧૬૦ જિન થાય તેને વાંદ્યા.

(૬) છઠ્ઠે અર્થે આઠને દશ અઢાર તેને ચાર ગુણા કરતાં ૭૨ થાય, તે ત્રિકાલિક ત્રણ ચોવીશી ભરતાદિક દશક્ષેત્રને વિષે વાંદી.

(૭) સાતમે અર્થે ૪ ને આઠ યુક્ત કરીએ ત્યારે ૧૨ થાય તેને દશે ગુણતાં ૧૨૦ થાય, તેને બમણા કરતાં ૨૪૦ થાય; તે ભરતાદિક દશ ક્ષેત્રની દશ ચોવીશીને વાંદી.

(૮) આઠમે અર્થે–મૂળ ચાર છે અને આઠને આઠગુણા કરતાં ૬૪ થાય તથા દશને દશ ગુણા કરતા ૧૦૦ થાય, ત સર્વ મળી ૧૬૮ થાય; તેમાં છેલ્લા બે નાંખીએ ત્યારે ૧૭૦ થાય. તે ઉત્કૃષ્ટ કાળે વિચરતા જિનને વાંદ્યા.

(૯) અનુત્તર, ગ્રૈવેયક, વિમાનવાસી અને જ્યોતિષી એ ચાર સ્થાનક ઉર્ધ્વ લોકના છે. તથા આઠ વ્યંતરનિકાય, દશ ભવનપતિનિકાય, એ અધોલોકના તથા મનુષ્યલોકમાં બે–શાશ્વતી અને અશાસ્વતી પ્રતિમા; એમ એ ત્રણે લોકના ચૈત્યો વાંદ્યા.

એવી રીતે આ ગાથામાં તીર્થવંદના લક્ષણુ અર્થ બીજા પણ ઘણા છે તે શાસ્ત્રાંતર (વસુદેવહિંડ પ્રમુખ) થી જાણવા. ભવ્યજીવોએ આ ગાથા બોલતાં આ અર્થો ઉપર ધ્યાન આપવું.

(૨૩) ચાર પ્રકારનાં પાપકર્મ-(૧) સ્પૃષ્ટપાપકર્મ-સોયના ઢગલાને હાથ વિગેરે લાગવાથી વેરાઇ જાય છે તેમ નિંદા ગર્હાથી જે પાપ નાશ પામે તે. (૨) બદ્ધ પાપકર્મ-દોરાવડે બાંધેલી સોયો દોરો છોડીએ ત્યારે છુટી છુટી થઇ જાય છે, તેમ આલોચન પ્રતિક્રમણથી જે પાપ ક્ષય થાય તે. (૩) નિધત્ત પાપકર્મ-દોરે બાંધેલી સોયો કટાઇ ગઇ હોય તેને તેલ લગાડીને તાપ દેવાથી તથા અન્ય લોઢા સાથે ઘસવાથી મહા મહેનતે જુદી થાય, તેમ જે પાપ તીવ્ર ગર્હા તથા આકરા તપથી ક્ષય થાય છે તે. (૪) નિકાચિત પાપકર્મ-તેજ સોયના સમૂહને અગ્નિમાં મૂકીને ધમવાથી (ટીપી નાખવાથી) એકાકાર થઇ જાય છે. પછી તે જુદી પડેજ નહીં, તેમ જે પાપ અત્યંત આકરા તપવડે પણ ક્ષય થતું નથી પણ રસ-વિપાકવડે અવશ્ય વેદવું ભોગવવું અનુભવવું પડેજ છે તે. આ ચાર પ્રકારનાં પાપકર્મમાંથી પ્રતિક્રમણ કરતાં બે પ્રકારનાં પાપકર્મોનો ક્ષય થાય છે.

(૨૪) છીંક—પખ્ખિ, ચોમાસી અને સંવત્સરી પ્રતિક્રમણમાં અતિચારની પહેલાં છીક આવે તો ચૈત્યવંદનથી માંડીને પ્રતિક્રમણ ફરી કરવું અને અતિચાર પછીથી છીક આવે તો "ક્ષુદ્રોપદ્રવ"ના કાઉસ્સગ્ગ પહેલાં નીચે પ્રમાણે વિધિ કરવી--

પ્રથમ ઇરિયાવહિ પડિક્કમી ઇચ્છા૦ સ દિ૦ ભગવન્ ! ક્ષુદ્રોપદ્રવ ઓહડ્ડાવણત્થં કાઉસ્સગ્ગ કરૂં ? ઇચ્છં ક્ષુદ્રોપદ્રવ ઓહડાવણત્થં કરેમિ કાઉસ્સગ્ગં અન્નથ૦ કહી ચાર લોગસ્સનો સાગરવર ગંભીરા સુધી કાઉસ્સગ્ગ કરવો અને પારીને નીચેની

થોય કહેવી. પછી એક લોગસ્સ કહીને બાકીની વિધિ કરવી.

सर्वे यक्षाम्बिकाद्या ये, वैयावृत्यकराः सुराः ।
क्षुद्रोपद्रवसंघातं, ते द्रुतं द्रावयन्तु नः ॥ १ ॥

(૨૫) ચરણુ સિત્તરી—

वयसमणधम्मसंजम–वेयावच्चं च बंभगुत्तिउ ।
नाणाइतियं तव कोह–निग्गहाइं चरणमेयं ॥१॥

અહિંસાદિ પાંચ મહાવ્રત ૫, દશવિધ યતિધર્મ ૧૫, સત્તર ભેદે સંયમ ૩૨, દશ પ્રકારે વૈયાવચ્ચ ૪૨, નવ પ્રકારે બ્રહ્મચર્યની ગુપ્તિ ૫૧, જ્ઞાનાદિ ત્રણ ૫૪, બાર પ્રકારે તપ ૬૬, અને ક્રોધાદિ ચાર કષાયનો જય ૭૦, એ પ્રકારે સિત્તેર ભેદ જાણુવા.*

(૨૬) કરણુ સિત્તરી—

पिंडविसोही समिई,भावण पडिमा य इंदियनिरोहो ।
पडिलेहण गुत्तिउ, अभिग्गहं चेव करणं तु ॥ १ ॥

બહેંતાળીશ પ્રકારે પિંડ વિશુદ્ધિ (૪૨ દોષ વર્જી આહારાદિની ગવેષણા કરવી તે) ૪૨, પાંચ સમિતિ ૪૭, દ્વાદશ ભાવના ૫૯, મુનિની પડિમા ૬૦, પાંચ પ્રકારે ઇંદ્રિયનો નિરોધ ૬૫, પ્રતિ લેખન (પડિલેહણુ) ૬૬, ત્રણુ ગુપ્તિ ૬૯ અને અભિગ્રહ (પ્રતિજ્ઞા) ૭૦, એ પ્રકારે સિત્તેર ભેદ જાણુવા. અથવા બહેંતાળીશ દોષ રહિત આહારાદિ (આહાર, ઉપાશ્રય, વસ્ત્ર

* અહીં ચોથા વ્રતનુ નિરપવાદપણું દર્શાવવા માટે બ્રહ્મચર્ય વ્રત છતાં ગુપ્તિ જુદી કહી. વળી પ્રથમ ચરમ તીર્થંકરને પરિગ્રહથી ચોથુ વ્રત જુદું છે તે દેખાડવા માટે પાંચ મહાવ્રત લીધા વ્રત છતાં ચારિત્રને જુદું ગ્રહણુ કરવાનુ કારણુ એ કે વ્રતમાં સામાયિક ચારિત્ર એકજ આવે તેથી

અને પાત્ર) ની ગવેષણા ૪, પાંચ સમિતિ ૯, બાર ભાવના ૨૧, બાર પડિમા ૩૩, પાંચ ઇંદ્રિયનો નિરોધ ૩૮, પચ્ચીશ પ્રકારની પડિલેહણા ૬૩, ત્રણ ગુપ્તિ ૬૬ અને ચાર પ્રકારે (દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવથી) અભિગ્રહ ૭૦, એમ સિત્તેર ભેદ જાણવા.

(૨૬) અઢાર હજાર શીલાંગરથ—

करणाइ तिन्नि जोगा, मणमाईणी हवंति करणाइं।
आहाराइसन्ना, चउ सोयाइ इंदिया पंच ॥ १ ॥
भोमाई नव जीवा, अजीवकाउ य समणधम्मो अ।
खंताइ दस पयारो, एवं ठिई भावणा एसा ॥ २ ॥

ભાવાર્થ—ત્રણ કરણ (કરવું, કરાવવું, અનુમોદવું), ત્રણ યોગ (મન વચન કાય), ચાર સજ્ઞા (આહાર, ભય, મૈથુન અને નિદ્રા) અને શ્રોતાદિ પાંચ ઇંદ્રિયો. ૧

પૃથ્વીકાયાદિ નવ પ્રકારના જીવ અને અજીવકાય મળી દશ, ક્ષમાદિ દશ પ્રકારે યતિ ધર્મ, એની ભાવના આ પ્રમાણે જાણવી (જે સાથેના કોડામાં છે) ૨

બીજા ચારિત્રનું ગ્રહણ કરવા માટે લીધુ છે યતિધર્મમા સંયમ અને તપનુ અંતર્ગતપણુ છે પરંતુ તે બને મોક્ષના ખાસ પ્રધાન અંગ હોવાથી જુદા લીધા છે વૈયાવચ્ચનો તપમા અતર્ભાવ છે પણ તેની વિશેષ ઉપકાર થાય છે માટે તે જુદુ ગ્રહણ કરેલ છે યતિધર્મમા ક્રોધાદિ નિગ્રહ આવી જાય છે છતા જુદા ગ્રહણ કર્યા તેનુ કારણ એ કે—ઉદીર્ણ (ઉદયમા આવેલ) નો નિગ્રહ તે ક્રોધાદિ નિગ્રહ અને અનુદીર્ણ (ઉદયમાં નહિ આવેલ) નો નિરોધ તે ક્ષાન્ત્યાદિ (ક્ષમા—નમ્રતા—સરળતા—નિર્લોભતા), અથવા હેય (ત્યાગ કરવુ અને ઉપાદેય (આદરવુ) પણ જણાવવા માટે જુદું ગ્રહણ કરેલ છે

१८००० शीलांगना[1] भेद.

जेनोकरति ६०००	जेनोकराव ति ६०००	जेनाणु मोयाते. ६०००
मणसा २०००	वचसा २०००	तणुणा. २०००

निज्जिआ हारसन्ना ५००	निज्जिअ भयसन्ना ५००	निज्जिअप रिग्गहसन्ना ५००	निज्जिअमे हुणसन्ना. ५००

श्रोत्रेंद्रिय १००	चक्षुरिंद्रिय १००	घ्राणेंद्रिय १००	जीह्वाइं० १००	स्पर्शेनेंद्रिय १००

पुढवोकाया रभ १०	अप्काया रभ १०	तेउकाया रभ. १०	वायुकाया रभ. १०	वनस्पति-कायारभ १०	बेइंद्रिया रभ १०	तेइंद्रिया रंभ १०	चौरिंद्रिया रभ १०	पंचेंद्रिया रंभ. १०	अजीवा रभ १०
खतिजुआ तेमुणीवंदे १	समद्दवाते मुणीवदे २	सअज्जवाते मुणीवदे ३	मुत्तिजुआ तेमुणीवद ४	तवजुआते मुणीवदे [illegible]	ससंजमाते मुणीवदे ६	सच्चजुआ तेमुणीवदे ७	सोयजुआ तेमुणीवदे ८	अकिंचणा तेमुणीवदे ९	बंभजुआते मुणीवदे १०

ક્ષમાદિક દશ પ્રકારના યતિ ધર્મને ધારણ કરનારા નિગ્રંથ-મુનિજનો ઉપર કોઠામા જણા યા મુજબ પૃથ્વીકાયાદિક જીવોની દશ પ્રકારે વિરાધના કરે નહિ, તેમા પાચ સ્થાવરની અને ચાર પ્રકારના ત્રસની તેમજ અજીવ (નિર્જીવ) ને પણ જીવ બુદ્ધિથી વિરાધે નહિ, તેથી દશને દશગુણા કરતા ૧૦૦ ભેદ થયા જે ઇંદ્રિયને વશ બની ઉક્ત દશવિધ આરંભ સેવાય છે તે પાચે ઇન્દ્રિયોનો નિગ્રહ મુનિજનો અહોનિશ કર્યા કરે છે તેથી ૧૦૦ ને પાચગુણા કરતા ૫૦૦ ભેદ થયા આહારાદિક ચાર પ્રકારની સજ્ઞાને આધીન થવાથી ઉક્ત ઇન્દ્રિયોને વશ થઇ આરંભ સેવાય છે તે ચારે સજ્ઞાને જીતી લેવાથી ૫૦૦ ને ચારગુણા કરતા ૨૦૦૦ ભેદ થયા મન વચન અને કાયાના દંડથી (દુ પ્રણિધાનથી) આરંભ સેવાય છે તે ત્રણે દંડો નિવારી તેને કબજે કરવાથી ૨૦૦૦ ને ત્રણ ગુણા કરતા ૬૦૦૦ ભેદો થાય છે ઉક્ત રીતે મન, વચન અને કાયાથી મુનિજનો જાતે આરંભ સેવે નહિ, અન્ય પાસે સેવાવે નહિ તેમજ સેવનારને અનુમોદે નહિ, તેથી ૬૦૦૦ ને ત્રણગુણા કરતા ૧૮૦૦૦ ભેદ થાય છે.

[1] શીલ એટલે સદાચાર તેને પાળવાના પ્રકારો આ કોઠામાં વર્ણવ્યા છે.

દ્રવ્ય આવશ્યક.

આવશ્યકાદિક સૂત્રો સ્પષ્ટ અન્યૂનાધિક અક્ષર બોલવા બદલ તેમાં ન્યૂનાધિક અક્ષર બોલતાં, થતા અનર્થનું ભાન કરાવવા માટે થોડાંક શાસ્ત્ર પ્રસિદ્ધ દૃષ્ટાંતો.

લેખક—**સન્મિત્ર મુનિ કર્પૂરવિજયજી.**

(વિશેષાવશ્યક પૃ. ૪૦૯-૧૨.)

૧ પાટલીપુર નગરમાં મૌર્યવંશનો **અશોકશ્રી** નામે ભૂપાળ હતો. તેને એક રાણી થકી **કુણાલ** નામનો પુત્ર થયો. તેના ભોગવટા માટે રાજાએ **ઉજ્જયની** નગરી આપી. જ્યારે તે કંઇક અધિક આઠેક વર્ષનો થયો, ત્યારે લેખવાહકે (દૂતે) આવી અશોકશ્રી રાજાને નિવેદન કર્યું કે આપનો પુત્ર હવે આઠેક વર્ષનો થયો છે. એ વાત સાંભળીને અતેઉરમાં બેઠેલા રાજાએ સ્વહસ્તથી પુત્ર પ્રત્યે એક લેખ લખી જણાવ્યું કે ' ઈદાનીમધીયતાં કુમાર ' એટલે હવે યોગ્ય ઉમર થવાથી કુમારે અભ્યાસ કરવો. તે લેખને બીડયા વગર શરીરચિંતા ટાળવા માટે રાજા ગયો, ત્યારે એક રાણીએ તે લેખ લઇને વાંચી લીધો અને મનમાં ચિંતવ્યું કે મારે પણ પુત્ર છે પરંતુ તે હજુ કેવળ ન્હાનો છે ત્યારે કુણાલ મ્હોટો છે. જો કુણાલ રાજ્ય યોગ્ય થઇ જશે, તો મારા પુત્રને રાજ્યપ્રાપ્તિ થઇ શકશે નહિં. તેથી એમ કરૂં કે જેથી કુણાલ રાજ્યને અયોગ્ય થાય. વળી આ વખત પણ અનુકૂળ આવ્યો છે. એમ વિચારી હાથમાં રહેલી અંજનની સળીને થુંકવડે ભીની કરી, અકારની ઉપર બિંદુ કરી દીધું એટલે ' અંધીયતાં કુમારઃ ' એમ થયું. એવી રીતે કરીને ત લેખ રાણીએ જ્યાં હતો ત્યાં રાખી દીધો. રાજાએ પણ એ લેખ ફરીને વાંચ્યા વગરજ બીડી દીધો. એટલે એ લેખ કુમારપાસે આવ્યો. કોઇ એક અધિકારીએ તે લેખ વાંચી જોયો. અપ્રગટ અને વિરૂદ્ધ

જાણીને તે કુમારને વંચાવ્યો નહીં. કુમારના અતિ આગ્રહથી તે લેખ વંચાવવામાં આવ્યો. તે લેખમાંની હકીકતથી બરાબર વાકેફ થઇ કુમારે કહ્યુ કે 'મૌર્યવંશના રાજાઓની આજ્ઞા કયાંય કોઈ પણ ખંડન કરતા નથી, તો હું જાતેજ પિતાશ્રીની આજ્ઞાને કેમ ખંડિત કરૂં ? એમ બનેજ નહિં.' એમ કહીને તત્કાળ અગ્નિ-તપ્ત લોહશલાકા (લોઢાનો સળીઓ) લઇને હાહારવ કરતા સહુ જનોએ વાર્યા છતાં તેણે પોતાની બંને ચક્ષુઓને ડાંભી દીધી અને પોતે અંધ થયો.એ બધી હકીકત સાંભળીને રાજા બહુ ખેદ પામ્યો. પછી તો ઉજ્જયની નગરીને બદલે તેને અન્ય ગામનો માત્ર ગ્રાસ આપવામાં આવ્યો. હવે તે ગામમાં રહી કુણાલ સરસ ગીત કળા શિખ્યો. તેને અન્યદા એક પુત્ર થયો. તે પુત્રને રાજ્ય મેળવી આપવા માટે કુણાલ પોતે પાટલીપુરમાં આવ્યો. ગીત કળાવડે તેણે સહુ કોઇને વશ કરી લીધા. તેની ભારે પ્રસિદ્ધિ થઈ. પછી તેને રાજા પાસે લઇ જવામાં આવ્યો. ત્યાં તેણે યવનિકાના આંતરે (પડદા પાછળ) રહી એવું તો સરસ ગાયન કર્યું કે તેથી રાજાએ અત્યંત પ્રસન્ન થઇ તેને કહ્યું કે 'ભાઇ ! તારી ઇચ્છા હોય તે માગી લે, તને તે આપું.' ત્યારે અવસર પામીને તેણે સ્વવૃત્તાંત જણાવી રાજ્યની માગણી કરી. ત્યારે રાજાએ કહ્યું કે 'તું અંધ હોવાથી રાજ્યને શું કરીશ ?' ત્યારે કુણાલે કહ્યું કે 'રાજન્ ! મારે રાજ્ય લાયક પુત્ર પ્રાપ્ત થયો છે ' રાજાએ પૂછ્યું 'કયારે ?' ત્યારે તેણે જણાવ્યું કે ' સંપ્રતિ ' એટલે હમણાં તેથી તે પુત્રનું નામ 'સંપ્રતિ' જ રાખવામાં આવ્યું. અને રાજ્ય તેનેજ આપવામાં આવ્યું. એ સર્વ પ્રસંગવશાત્ કહ્યું. પરંતુ જેમ અકારની ઉપર એક બિંદુ માત્ર અધિક કરી દેવાથી કુમારનાં નેત્ર ગયાં, તેમ પ્રસ્તુત સૂત્રમાં પણ બિંદુ અક્ષર માત્રાદિક અધિક કરવાથી મૂળગો અર્થ ફરી જાય અને તેથી ઉલટો અ-

નર્થ પેદા થાય, એમ સુજ્ઞ જનોએ સમજી લેવું. ઉક્ત વાતના સમર્થનમાં એક બીજું પણ લૌકિક ઉદાહરણ છે.

૨. કોઇ એક અટવીમાં એક સરોવર હતું. તેને લોકો કામિક તીર્થ' કહે છે. તે સરોવરના તીરે એક વંજુલ નામે વૃક્ષ હતું. તેની શાખા ઉપર ચઢી કોઇ તિર્યંચ એ સરોવરના જળમાં પડે તો તે તીર્થના મહિમાથી માનવ થઇ જાય અને જો મનુષ્ય પડે તો તે દેવરૂપ થઇ જાય. પરંતુ જો અધિક લોભથી તેમાં કોઇ બીજીવાર પડે તો તે પોતાના મૂળગા રૂપને પાછું પામે એમ હતું. એકદા એક વાનર–વાનરીને જોતાં જોતાં એક મનુષ્ય અને મનુષ્યણી તે વૃક્ષની શાખા ઉપર ચઢી, ત્યાંથી તે સરોવરના જળમાં પડયાં અને તે દેદીપ્યમાન કાન્તિવાળા દેવ-દેવી થયાં. તે જોઇ, તે વાનર–વાનરી પણ તેવીજ રીતે તે જળમા પડયાં તો તે શ્રેષ્ઠ રૂપવાળા નર–નારી થયાં. પછી પેલા વાનરે કહ્યુ કે આપણે ફરી પડીને દેવરૂપ થઇએ. તે વખતે સ્ત્રી-એ તેને બહુ સમજાવ્યો છતાં તે તો પડયોજ અને પોતાના મૂળરૂપે વાનર થયો. હવે ત્યાં આવી ચઢેલા કોઇક રાજાએ તે શ્રેષ્ઠ રૂપવાળી નારીને પોતાની સાથે લઇ લીધી, તે તેની માનિતી રાણી થઇ. પેલા વાનરને કોઈ મદારી લોકોએ પકડી લીધો અને તેને નાચતાં શિખવ્યું. પછી તને અંતેઉર સહિત બેઠેલ રાજા પાસે લઇ જવામાં આવ્યો તે વાનરે રાણીને ઓળખી લીધી તેમજ રાણીએ પણ વાનરને ઓળખ્યો. વારંવાર વાર્યા છતાં પણ તે વાનરો રાણીની સન્મુખ તેને લેવા જાય છે ત્યારે રાણીએ તેને કહ્યુ કે 'હે વાનર ! જેવો અવસર તેવું ચાલવું જોઇએ. તારી જ ભૂલ તને નડી છે, તે તું યાદ કર !' જેમ અધિક લોભનો વિચાર વાનરને અનર્થને માટે થયો, તેમ અક્ષર માત્રાદિક અધિક ઉમેરીને બોલવાથી સૂત્ર પણ નુકશાન માટે થાય, એમ બુદ્ધિવંત જનોએ જાતે વિચારી લેવું જોઇએ.

હવે અક્ષર માત્રાદિક ન્યૂન સૂત્રપાઠ બોલતાં હાનિ થાય તે બતાવવા માટે ઉદાહરણ આપે છે.—

૩. રાજગૃહ નગરમાં ભગવાન્ મહાવીર સમવસર્યા. તેમની પાસે ધર્મ દેશના સાંભળી સભા વિસર્જન થયા બાદ સ્વગૃહ પ્રતિ જતાં શ્રેણિક રાજાએ પાંખ વગરના થઇ પડેલા પંખીની પેરે આકાશમાં ઉંચા ચઢતા અને નીચે પડતા એક વિદ્યાધરને દૂરથી જોયો. તેનું કારણ જાણવાની ઇચ્છાથી રાજા ત્યાંથી પાછા ફરી સમવસરણમાં આવી પ્રભુને તે વ્યતિકર પૂછવા લાગ્યા. ત્યારે પ્રભુએ કહ્યું કે 'એ વિદ્યાધર આકાશગામિની વિદ્યાનો એક અક્ષર ભૂલી ગયો છે તેથી તે વિદ્યા તેને બરાબર સ્ફુરતી નથી. અને એથીજ એ ચઢે પડે છે' એ વાત અભયકુમારે સાંભળી અને તે વિદ્યાધર પાસે આવી કહેવા લાગ્યો કે 'તમે એક અક્ષર ભૂલી ગયા છો, જો તમે મને એ વિદ્યા આપવા કબુલ કરો તો હું તમને તે અક્ષર બતાવું.' વિદ્યાધરે તેમ કરવા કબુલાત આપી એટલે અભયકુમારે **પદાનુસારિણી** લબ્ધિવડે તે અક્ષર તેને કહી બતાવ્યો, પછી વિદ્યાધરે તેને તે વિદ્યા આપી અને પોતે ક્ષેમ કુશળ ઇષ્ટસ્થાને જઇ પહોંચ્યો. ઉપર જણાવવામાં આવ્યું તેવી રીતે જેમ અક્ષર માત્રા હીન વિદ્યા સ્ફુરતી નથી અને વળી અનર્થ રૂપે થાય છે તેમ સૂત્ર પણ જો ન્યૂનાક્ષર ભણવા ભણાવવામાં આવે તો તે આશ્રયી પણ જાણવું. હવે હીન તેમજ અધિક અક્ષર ઉભય આશ્રયી ઉદાહરણ આપે છે.

૪–૫. **રોગી** માણસને તેના પિતા માતા કે વૈદ્ય પ્રમુખ જો તેની દયા ચિંતવીને તીખા, કડવા, કષાયલા ઔષધ ઓછા પ્રમાણમાં આપે, તો તે જલદી સાજો થઇ શકે નહિ અને જો સ્વેચ્છાથી તેને અધિક પ્રમાણમાં આપવા માંડે, તો તે મરી જાય. એટલે જેમ **રોગી** માણસને અન્યૂનાધિક ઔષધ સેવનવડે ફાયદો

થઈ શકે છે અને બાળકને પણ અન્યૂનાધિક આહારવડે સુખ શાન્તિ રહે છે તેમ સૂત્ર આશ્રયી પણ સમજવું. તેમાં હીનાધિક અક્ષર માત્રાદિક કરતાં તેવીજ રીતે દોષ સમજી લેવા. તે કયા કયા દોષ છે તે શાસ્ત્રકાર પોતેજ સમજાવે છે. " અક્ષર માત્રાદિક હીનાધિક કરતાં સૂત્રનો ભેદ થાય છે, સૂત્રના ભેદથી અર્થનો ભેદ (ફેરફાર) થાય છે, (અર્થમાં વિરોધ આવે છે.) અર્થ ભેદથી ક્રિયા રૂપ ચારિત્રનો ભેદ-વિપર્યય થાય છે, ચારિત્રનો ભેદ થવાથી મોક્ષનો અભાવ (ગેરલાભ) થાય છે અને મોક્ષનો અભાવ થવાથી દીક્ષાનુ નિષ્ફળપણુ સિદ્ધ થાય છે. " એ સર્વ આગમથી દ્રવ્યાવશ્યકના પ્રસગે કહ્યું. તે લક્ષમાં લઇ ભવ્ય જનોએ ગુરૂગમ્ય શુદ્ધ સૂત્રપાઠ કઠે કરવા અધિક પ્રયત્ન સેવવો ઉચિત છે.

ભાવ આવશ્યક.

લેખક—**સન્મિત્ર મુનિ કર્પૂરવિજયજી.**

(વિશેષાવશ્યક પૃષ્ટ ૪૧૪—૪૧૬)

દ્રવ્ય આવશ્યક કહ્યા પછી અનુક્રમે ભાવ આવશ્યકનો અધિકાર આવે છે. ૧ **આગમથી** અને ૨ **નોઆગમથી** એમ એ ભાવ આવશ્યક બે પ્રકારનું છે

આવશ્યક સંબંધી અર્થમાં ઉપયોગ એ આગમથી ભાવ આવશ્યક જાણવું. અને જ્ઞાન અને ક્રિયા ઉભય પરિણામ એ **નોઆગમથી** ભાવ આવશ્યક જાણવું. અહિં નો શબ્દનો અર્થ નકારવાચી નહિં પણ મિશ્રવાચી કરવાનો છે. ૧ લૌકિક, ૨ લોકોત્તર અને ૩ કુપ્રાવચનિક એમ ત્રણ પ્રકારે નોઆગમથી ભાવ આવશ્યક કહેલું છે. તેમાં મધ્યાહ્ન પહેલાં **ભારત** અને મધ્યાહ્ન પછી **રામાયણ** વાંચવું એ **લૌકિક**, મંત્રાદિક પાઠ-

પૂર્વક યજ્ઞ, હોમાદિક કરવાં તે **કુપ્રાવચનિક** અને ઉપયોગ સહિત મુખવસ્ત્રિકાની પડિલેહણા કરવી, અને આવર્ત સાચવવા પ્રમુખ ક્રિયામિશ્ર ઉભયકાળ સાધુ શ્રાવક યોગ્ય આવશ્યક સૂત્રને ઉચ્ચરવાં એ **લોકોત્તર** ભાવ આવશ્યક જાણવું. આ ત્રણે પ્રકારનાં **નોઆગમથી** ભાવ આવશ્યક મધ્યે કેવળ સાચા અનુપમ, શાશ્વત સુખ આપવા સમર્થ હોવાથી **લોકોત્તર** આવશ્યક જ શ્રેષ્ઠ છે અને તેનોજ આ શાસ્ત્રમાં અધિકાર દર્શાવવામાં આવે છે.

હવે આવશ્યકના પર્યાય (સમાન અર્થસૂચક ૧૦ નામ) જણાવે છે,-૧ આવશ્યક, ૨ અવશ્ય કરણીય, ૩ ધ્રુવ, ૪ નિગ્રહ, ૫ વિશોધિ, ૬ અધ્યયન ષટ્ક, ૭ વર્ગ, ૮ ન્યાય, ૯ આરાધના અને ૧૦ માર્ગ. એ તેના સમાન અર્થસૂચક દશ પર્યાય નામ છે. હવે તે દરેક નામની વ્યુત્પત્તિ વિગેરેથી સાર્થકતા બતાવે છે.—

૧ સાધુ જનોએ તેમજ શ્રાવક જનોએ અહોરાત્ર મધ્યે અવશ્ય કરવું જોઇએ તેથી તે આવસ્સય-**આવશ્યક** કહેવાય છે. અથવા આઙ્ મર્યાદા-અભિવિધિ વાચક હોવાથી આ-મર્યાદા—અભિવિધિવડે ગુણોનો અપાશ્રય એટલે આધાર એવો તેનો અર્થ થઈ શકે છે, તેથી તે આવસ્સય-**આપાશ્રય** એટલે ગુણાધાર કહેવાય છે અથવા જ્ઞાનાદિક ગુણો પ્રત્યે આ-સમન્તાત્ આત્માને **વશ્ય** કરે છે તેથી તે **આવસ્સય-આવશ્યક** કહેવાય છે. અથવા ગુણશૂન્ય (ગુણરહિત) આત્માને ગુણોવડે આ સમન્તાત્ વાસે છે-વાસિત કરે છે તેથી તે **આવસ્સય-આવાસક** કહેવાય છે. અથવા વાસ-ધૂપાદિક જેમ વસ્ત્રને સુવાસ આપે છે તેમ સદ્‌ગુણોવડે આત્માને વાસે-ભાવે-રંજે તેથી પણ **આવાસક** કહેવાય છે. તેમજ **વસ્**-આચ્છાદને એ અર્થથી જેમ વસ્ત્ર

વડે શરીરને આચ્છાદે છે તેમ અનેક સદ્ગુણોવડે આ-સમન્તાત્ આત્માને આચ્છાદે-વીંટી લે તેથી પણ આવસ્સય-**આવાસક** કહેવાય છે. એ બધી **આવસ્સય** રૂપ પર્યાય નામની વ્યાખ્યા કહી; એવી રીતે 'અવશ્ય કરણીય' વિગેરે બાકીનાં પર્યાય નામોની પણ સિદ્ધાન્ત—લક્ષણાનુસારે વિદ્વાન્ જનોએ વ્યાખ્યા કરી લેવી. તે એ રીતે કે મુમુક્ષુ જનોએ અવશ્ય કરવા યોગ્ય હોવાથી તે **અવશ્ય કરણીય** કહેવાય. તથા અર્થથી ધ્રુવ-શાશ્વત હોવાથી તે ધ્રુવ કહેવાય. એ વડે ઇન્દ્રિય કષાયાદિ ભાવ શત્રુઓનો નિગ્રહ કરી શકાય છે માટે તે **નિગ્રહ** કહેવાય. અન્ય આચાર્યો એમ કહે છે કે પ્રવાહથી-અનાદિકાળના હોવાથી કર્મને ધ્રુવ કહીએ તે ધ્રુવ કર્મનો આ વડે નિગ્રહ કરી શકાય છે માટે તે ધ્રુવ **નિગ્રહ** પણ કહેવાય. કર્મવડે મલીન થયેલા આત્માની વિશુદ્ધિ હેતુક હોવાથી તે **વિશોધિ** કહેવાય. સામાયકાદિક છ અધ્યયનરૂપ હોવાથી તે **અધ્યયનષટ્ક** કહેવાય રાગાદિક દોષો આ વડે દૂર વર્જી શકાય માટે તે **વર્ગ** કહેવાય. અન્ય આચાર્યો કહે છે કે છ અધ્યયનના સમૂહરૂપ હોવાથી તે **અધ્યયનષટ્કવર્ગ** પણ કહેવાય, અભીષ્ટ અર્થ સિદ્ધ કરવાનો સમ્યગ્ ઉપાય હોવાથી એ **ન્યાય** કહેવાય અથવા જીવ અને કર્મનો અનાદિ કાળનો આશ્રયાશ્રયીભાવ સંબંધ તોડવાનો નિવેડો લાવે છે માટે તે **ન્યાય** કહેવાય. મોક્ષમાર્ગની આરાધના કરવાના હેતુરૂપ હોવાથી તે **આરાધના** કહેવાય. અને મોક્ષનગરે પહોંચાડનાર હોવાથી તે માર્ગની પેરે **માર્ગ** કહેવાય. એ રીતે દશે પર્યાય નામની સાર્થકતા સમજી ભવ્યાત્માઓએ ભાવ આવશ્યક કરવા પૂરતો પ્રયત્ન સેવવો. ઇતિ શમ્.

[illegible]